# ઉચ્ચતર હિસાબી પદ્ધતિ-૧

## એફ. વાય. બી. કોમ.

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર
NAAC ACCREDITED GRADE 'A' WITH 3.25 CGPA
(23-01-2017 to 22-01-2022)

**First Edition** : **June 2019**

**Copies** : **1000**

**Price** : **Rs 110/-**

© **Sardar Patel University**
**Vallabh Vidyanagar - 388 120**

**ISBN** : **978-93-81386-74-3**

The book is strictly written according to the new syllabus available at the time of printing.

Every possible efforts have been made to avoid errors and omissions in this publication by the authors and the Publisher. Inspite of this efforts, some typographical errors might have crept in. Any mistake, error or discrepancy noted may be brought to our notice which shall be taken care of in the forthcoming edition. It is hereby notified that neither the Authors nor the Printer or seller will be liable for any damage or loss to anyone, in any manner there from. It is suggested that to avoid any doubt the reader should cross-check all the facts, law and contents of the publication with original Government publication or notifications wherever applicable. The text of this publication, or any part thereof, may not be reproduced or transmitted in any form or by any means, electronic or mechanical, including photocopying, recording, storage in an information retrieval system, or reproduced on any disc, tape, perforated media or other information storage device, etc., otherwise, without the prior written permission of the University. No key to this book can be prepared without the prior written permission of the publiser. Any violation will invite prosecution legal action under the Indian Copyright Act.

This book is sold subject to the condition that it shall not by way of trade or otherwise. However it can be lent, resold, hired out or circulated in the wider interest of student community.

For binding mistakes, misprints or for missing pages, etc., the printer liability is limited to replacement within one month of purchase by similar edition. All expenses in this connection are to be borne by the purchaser.

All disputes are subject to jurisdiction of Anand only.

**Published by :** Registrar, Sardar Patel University,
Vallabh Vidyanagar - 388 120

**Available at :** Store Section - Room No. 108,
Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120

**Printed by :** University Press, Sardar Patel University,
Vallabh Vidyanagar - 388 120

## પ્રસ્તાવના

લેખકોના લાંબા ગાળાના શૈક્ષણિક અનુભવને આધારે આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે. હિસાબી પધ્ધતિનો વિસ્તાર અને વિકાશએ ધંધાના સતત વિકાસ સાથે સંકળાયેલ છે. આ પુસ્તક તૈયાર કરવા પાછળનો ઉદેશ તેના ઉપયોગકર્તા-ખાસ કરીને વિધાર્થીઓ માતૃભાષામાં વિષયને સાદી અને સરળ ભાષામાં સમજી શકે અને તૈયાર થાય તે રહેલો છે.

હિસાબી પધ્ધતિને ધંધાની ભાષા કહેવામાં આવે છે. ભાષાનું મહત્વનું કાર્ય માહિતી સંચારનું છે. હિસાબી પધ્ધતિ પણ ધંધાની સાથે સંકળાયેલ હિતધારકોને ધંધાની માહિતી પહોચાડવાનું કાર્ય કરે છે.

ધંધો એટલે નફાના ઉદેશથી કરવામાં આવતી આર્થિક પ્રવૃતિ, ધંધાકીય સંસ્થા અને બિન-ધંધાકીય સંસ્થાઓના આર્થિક વ્યવહારોની નોંધણી અને રજૂઆત જે કાયદેસર માન્ય હિસાબી પધ્ધતિના આધારે કરવામાં આવે છે તેને નાણાકીય હિસાબી પધ્ધતિ તરીકે ઓળખાય છે.

આ પુસ્તકમાં ધંધાના વિશિષ્ટ પ્રકારના જુદા જુદા સ્વરૂપોને લગતા હિસાબો તૈયાર કરવાની પધ્ધતિની રજૂઆત કરવામાં આવેલ છે. આ પુસ્તક એફ.વાય.બી.કોમ. ના ઉચ્ચતર હિસાબી પધ્ધતિ-૧ સંબધિત વિષયના સૂચિત વૈકલ્પિક કોર્સના આઠ એકમ/પ્રકરણનો સમાવેશ થયેલ છે. આમ, આ પુસ્તકમાં ભાડે ખરીદ પધ્ધતિના હિસાબો, આડતમાલના હિસાબો, સંયુક્ત સાહસના હિસબો, એકનોંધી હિસાબી પધ્ધતિ, શાખાના હિસાબો, કૃષિના હિસાબો, વ્યવસાયી વ્યક્તિના હિસાબો અને બિન વેપારી સંસ્થાના હિસાબોનો સમાવેશ થાય છે. વિધાર્થીઓ અને અધ્યાપક મિત્રોની જરૂરીયાતને ધ્યાનામાં રાખીને ગુજરાતની અગ્રણી યુનિવર્સિટીઓમાં પૂછવામાં આવેલ ઉદાહરણોની ઉત્તર સહિત વિગતવાર રજૂઆત કરવામાં આવેલ છે અને સ્વાધ્યાયમાં પણ દાખલાઓ જવાબ સહિત સમાવેશ કરવામાં આવેલ છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના વિધાર્થીઓને ગુજરાતી ભાષામાં અધતન સાહિત્ય ઉપલબ્ધ થાય અને વિષયનું જ્ઞાન સરળ અને સમજાય તે રીતે મળી રહે તે માટે આપણી યુનિવર્સિટીના આદરણીય કુલપતિશ્રી પ્રોફેસર શિરીષ કુલકર્ણી સાહેબ ખાસ અંગત રસ લઈ જરૂરી માર્ગદર્શન અને સહાય પૂરી પાડેલ છે તે માટે અમે સૌ તેમના ખૂબ ખૂબ આભારી છીએ. ડૉ. પી. કે. રાઠોડ, ભૂતપૂર્વ વિભાગીય વડાશ્રી અને વિધાશાખાના અધ્યક્ષશ્રીએ સંયોજક અને પરામર્શક તરીકે કામગીરી બજાવેલ છે. યુનિવર્સિટીના વહીવટી વિભાગના કર્મચારી ભાઈઓ અને અધિકારીશ્રી જયંતભાઈ મેકવાન પણ ઉમદા કામગીરી બજાવેલ છે. આ પુસ્તક તૈયાર કરવામાં લેખકોએ બધાજ પ્રકારની ચોક્કસાઈ રાખેલ છે. તેમ છતાં અમૂક ક્ષતિઓ અને છાપકામની ભૂલો રહી ગયેલ હોય તે વાંચકમિત્રો અમારા ધ્યાન પર લાવશે તો અમે સહર્ષ સ્વીકારીશું અને આપના તરફથી સૂચનો અને માર્ગદર્શન પણ આવકાર્ય છે

અંતમાં, આ પુસ્તક તૈયાર કરવા અંગે અમારામાં વિશ્વાસ મુકયો તથા અમને સર્વ પ્રકારની સહાય અને પ્રોત્સાહન આપ્યું એવા અમારી યુનિવર્સિટીના આદરણીય કુલપતિશ્રી, માનનીય કુલસચિવશ્રી, પ્રેસ વિભાગના કર્મચારીશ્રીઓ વગેરેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

તા. જૂન, ૨૦૧૯ **- ડૉ. પી. કે. રાઠોડ**

વલ્લભ વિધાનગર

# ઉચ્ચતર હિસાબી પદ્ધતિ-૧

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્ર. ૧ | **ભાડે ખરીદ પદ્ધતિના હિસાબો**<br>- ડૉ. યજ્ઞેશ એમ. દલવાડી, પ્રોફેસર, અનુસ્નાતક બિઝનેશ સ્ટડીઝ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર. | ૧ |
| પ્ર. ૨ | **આડતમાલના હિસાબો**<br>- ડૉ. યજ્ઞેશ એમ. દલવાડી, પ્રોફેસર, અનુસ્નાતક બિઝનેશ સ્ટડીઝ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર. | ૩૩ |
| પ્ર. ૩ | **સંયુક્ત સાહસના હિસાબો**<br>- ડૉ. ભૌતિક પટેલ, ડેપ્યુટી એકાઉન્ટન્ટ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર. | ૧૧૩ |
| પ્ર. ૪ | **એકનોંધી હિસાબી પદ્ધતિ**<br>- ડૉ. કે. કે. દવે, આસીસ્ટન્ટ પ્રોફેસર, ભવન્સ કોલેજ ડાકોર, ડાકોર. | ૧૭૬ |
| પ્ર. ૫ | **શાખાના હિસાબો**<br>- ડૉ. કે. કે. દવે, આસીસ્ટન્ટ પ્રોફેસર, ભવન્સ કોલેજ ડાકોર, ડાકોર. | ૨૩૭ |
| પ્ર. ૬ | **કૃષિના હિસાબો**<br>- ડૉ. ખ્યાતિ. જે. પટેલ, આસીસ્ટન્ટ પ્રોફેસર, સેમકોમ કોલેજ, વલ્લભ વિદ્યાનગર. | ૨૯૯ |
| પ્ર. ૭ | **વ્યવસાયી વ્યક્તિઓના હિસાબો**<br>- ડૉ. ખ્યાતિ. જે. પટેલ, આસીસ્ટન્ટ પ્રોફેસર, સેમકોમ કોલેજ, વલ્લભ વિદ્યાનગર. | ૩૩૨ |
| પ્ર. ૮ | **બિન વેપારી સંસ્થાઓના હિસાબો**<br>- ડૉ. ભૌતિક પટેલ, ડેપ્યુટી એકાઉન્ટન્ટ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર. | ૩૫૬ |



**સંપાદક :** ડૉ. પી. કે. રાઠોડ
પ્રોફેસર એન્ડ હેડ (રીટાયર્ડ)
અનુસ્નાતક બિઝનેશ સ્ટડીઝ વિભાગ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

## પ્રકરણ ૧

# ભાડે ખરીદ પદ્ધતિના હિસાબો

૧.૧ પ્રાસ્તાવિક

૧.૨ ભાડે ખરીદ પદ્ધતિનો અર્થ

૧.૩ હપ્તા પદ્ધતિ અને ભાડે ખરીદ પદ્ધતિ વચ્ચેનો તફાવત

૧.૪ ભાડે ખરીદના કરારની વિગતો

૧.૫ હિસાબો અંગે ઉદભવતા મુદ્દાઓ

૧.૬ ખરીદનારના ચોપડે આમનોંધ

૧.૭ વેચનારના ચોપડામાં આમનોંધ

૧.૮ સ્વાધ્યાય

# પ્રકરણ ૧
# ભાડે ખરીદ પદ્ધતિના હિસાબો

## ૧.૧ પ્રાસ્તાવિક

પ્રવર્તમાન વિશ્વ એ હરીફાઇ યુક્ત વિશ્વ બની રહ્યુ છે જયાં ડગલે ને પગલે અનેક ચીજવસ્તુઓ અને પેદાશોનું ઉત્પાદન અને વેચાણ વધી રહયું છે. આવા વૈશ્વિક પરિવર્તનના સમયમાં માનવીની જરૂરિયાતોમાં પણ બદલાવ થયા કરે છે. અને માનવી વધુ ને વધુ સગવડતા પ્રાપ્ત કરવા માટે અને પોતાના જીવનને સુખી બનાવવા માટે આધુનિક ચીજવસ્તુઓનો પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉપયોગ કરવા પ્રેરાય છે. આધુનિક જરૂરિયાતની વસ્તુઓ જેવી કે વોશિંગ મશીન, રેફ્રિજરેટર, એરકન્ડિશનર, મોટરસાઇકલ, મોટરકાર વગેરે જેવી વસ્તુઓ ખરીદવા માટે મધ્યમ વર્ગના લોકો પાસે જરૂરી રોકડ રકમનો અભાવ હોય છે. ત્યાં આવી ચીજવસ્તુઓ બનાવનાર કંપની પોતાની આવી વસ્તુઓનું મહત્તમ વેચાણ થાય તે માટે અનેકવિધ નાણાકીય સુવિધાઓ પુરી પાડે છે. નાણાકીય અછતના સમયમાં પણ ગ્રાહક ગુણવતાયુક્ત વસ્તુ ખરીદી શકે તે માટે વેપારીઓ ત્યારે ભાડે ખરીદ પધ્ધતિની સગવડતા ગ્રાહકોને આપી વસ્તુઓનું વેચાણ કરે છે. આમ ભાડે ખરીદ પધ્ધતિમાં ગ્રાહકે વસ્તુની પુરેપુરી રકમ એકસાથે ચુકવવાને બદલે જુદા જુદા માસિક,ત્રિમાસિક કે વાર્ષિક હપતાઓમાં ચુકવવાના હોય છે. તેથી ગ્રાહક ઉપર નાણાકીય બોજ પડતો નથી અને ગ્રાહક શરૂઆતમાં ઓછા મૂડીરોકાણમાં પણ પોતાની જરૂરીયાતની ચીજવસ્તુઓ ખરીદી શકે છે.

## ૧.૨ ભાડે ખરીદ પદ્ધતિનો અર્થ

ભાડે ખરીદપદ્ધતિ અનુસાર વસ્તુઓનો ખરીદ-વેચાણ કરાર થાય ત્યારે વેચનાર વસ્તુનો કબજો અને ભોગવટા હક્ક ખરીદનારને આપે છે. પણ જ્યાં સુધી હપ્તાની પુરેપુરી રકમ ચુકવાય નહી ત્યાં સુધી ખરીદનારને માલિકી હક્ક મળતો નથી. હપ્તાની રકમ ભરપાઇ થાય ત્યારે જ ચીજવસ્તુ નું માલિકીપણું ખરીદનારને મળે છે. આથી ખરીદનાર હપ્તા ભરવામાં નિષ્ફળ જાય તો વેચનાર વસ્તુ પરત મેળવી શકે છે.

ભાડે ખરીદ પદ્ધતિ અનુસાર જો ચીજવસ્તુનું વેચાણ કરવામાં આવ્યું હોયતો હપતાને ભાડા તરીકે ગણવામાં આવે છે અને જયારે ખરીદનાર દ્વારા પુરે પુરી રકમ ભરપાઈ થઇ જાય ત્યારે વ્યવહાર ખરીદીમાં પરિણમે છે.

## ૧.૩ હપ્તા પદ્ધતિ અને ભાડે ખરીદ પદ્ધતિ વચ્ચેનો તફાવત

(૧) **માલિકી પણુંઃ** કરાર થતા જ હપ્તા પદ્ધતિ અનુસાર ચીજવસ્તુ ખરીદનાર ને કબજો અને માલિકી હક બન્ને મળે છે. જયારે ભાડે ખરીદ પદ્ધતિ દ્વારા કરાર થતાં જ ખરીદનાર ને મિલકતનો કબજો મળી જાય છે. પણ જયાં સુધી છેલ્લો હપ્તો ન ચુકવયા ત્યાં સુધી માલકી હક્ક મળતો નથી, માલિકી વેચનારની રહે છે. અને ખરીદનાર ફકત ભાડે રાખનાર જ ગણાય છે.

(૨) **વેચાણઃ** હપ્તા પદ્ધતિ દ્વારા વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ થાય છે, ફકત રકમ જ હપ્તાથી ચુકવવામાં આવે છે. જયારે ભાડે ખરીદ પદ્ધતિ અનુસાર હપ્તાને ભાડા તરીકે ગણવામાં આવે છે. અને પુરે પુરા હપ્તાની રકમ ભરપાઇ થઇ જાય ત્યારે જ તે વ્યવહાર વેચાણમાં પરિણામે છે.

(૩) **પુનઃ વેચાણઃ** હપ્તા પદ્ધતિ માલિકી હક્ક હોવાને કારણે ખરીદનાર મિલકત વેચી શકે છે. ગીરિ મુકે કે બક્ષીસ કરી શકે. પરંતુ ભાડે ખરીદ પદ્ધતિમાં માલિકી હક્ક ન હોવાને કારણે મિલકત વેચી શકે નહિં અને ગીરો કે બક્ષીસ આપી શકે નહિ.

(૪) **દાવોઃ** હપ્તા પદ્ધતિમાં જો ખરીદનાર દ્વારા હપ્તો ન ચુકવવામાં આવે તો તેના પર કાયદેસર રીતે કિંમત વસૂલ કરી શકે છે. પરંતુ તે મિલકત પાછી માગી શકે નહિ. જ્યારે ભાડે ખરીદ પદ્ધતિમાં ખરીદનાર હપ્તો ન ચુકવાય તો વેચનાર તે મિલકત કાયદેસર પાછી લઇ શકે છે અને તે અગાઉથી ચુકવાયેલી રકમ 'ભાડા' તરીકે ગણાય જાય છે.

(૫) **નુકસાનનો ભોગવટોઃ** ખરીદનાર પોતે જ હપ્તા પદ્ધતિમાં મિલકતનો માલિક હોવાને કારણે મિલકત ની કાળજી લે છે અને વીમો ઉતરાવે છે. કોઇ પણ કારણસર મિલકતને નુકસાન થાય તો ખરીદનાર જ નુકસાન ભોગવે છે. ભાડે ખરીદ પદ્ધતિમાં ખરીદનાર પોતાની માલિકીની મિલકત છે તેમ સમજી મિલકતની કાળજીપૂર્વક રક્ષણ કરવાની ફરજ ખરીદનારની બને છે, તો પણ જો કોઇ આકસ્મિક કારણે મિલકતને નુકસાન થાય તો તે નુકસાન વેચનાર ભોગવે છે. વીમો ઉતરાવવાની જવાબદારી વેચનારની છે.

### ૧.૪ ભાડે ખરીદના કરારની વિગતો

(૧) **વસ્તુની રોકડ કિંમતઃ** રોકડ કિંમત એટલે કે જો તે મિલકતનું વેચાણ રોકડેથી થયું હોય તો જે રકમ ચુકવવી પડે તે દર્શાવવામાં આવે છે. રોકડ કિંમત ખરીદનાર માટે મિલકતની મુળ કિંમત છે. સામાન્ય રીતે વસ્તુ કે મિલકતનું ખરીદ વેચાણ બજારમાં રોકડેથી થાય ત્યારે જે રકમ ચુકવાય તે કિંમત રોકડ કિંમત કે જેમાં નફાનો સમાવેશ થયેલ હોય છે પણ વ્યાજનો સમાવેશ થતો નથી તેને હાજર કિંમત કહેવાય છે.

(૨) **વ્યાજનો દરઃ** ભાડે ખરીદ પધ્ધતિમાં વસ્તુ કે મિલકતની રકમ એક સાથે બધી ચુકવવામાં આવતી નથી. પરંતુ હપ્તાથી ચુકવવામાં આવે છે. તેથી જેટલી રકમ રોકડ કિંમત પેટે ચુકવવાની બાકી હોય તેના પર નિયત કરેલ દરે વ્યાજ ચુકવવું પડે છે.

(૩) **કરાર વખતે ચુકવવાની રકમઃ** જ્યારે મિલકત કે વસ્તુનો કરાર કરવામાં આવે અને મિલકતનો કબજો ખરીદનારને આપવામાં આવે ત્યારે અમુક રકમ ખરીદનારે વેચનારને આપવાની હોય છે. તેને તાત્કાલિક ચુકવણીની રકમ કહે છે. ત્યાર પછી બાકી રકમ હપ્તેથી ચુકવવાની હોય છે.

(૪) **કરાર કિંમતઃ** સામાન્ય રીતે કરાર કિંમત એટલે રોકડ કિંમત+વ્યાજ. કરાર કિંમત એટલે કરાર હેઠળ જે કુલ રકમ ખરીદનારે ચુકવવવની હોય છે તેને કરાર કિંમત કહેવામાં આવે છે.

(૫) **હપ્તાની સંખ્યા અને રકમઃ** હપ્તાની સંખ્યા અને રકમમાં રકમ કેટલા હપ્તામાં ચુકવાશે અને દરેક હપ્તો કેટલો રકમનો હશે તેનો ઉલ્લેખ કરારમાં હોય છે.

(૬) **અન્ય શરતોઃ** અન્ય શરતોમાં ઉપરની સામાન્ય શરતો ઉપરાંત અન્ય શરતોનો ઉલ્લેખ પણ કરવામાં આવે છે. દા.ત સમયસર હપ્તો ન ચુકવાય ત્યારે વિલંબ જેટલા સમય માટે થયો હોય ત્યાં સુધીના સમય પર વ્યાજનો દર વગેરે.

### ૧.૫ હિસાબો અંગે ઉદભવતા મુદાઓ

#### મિલકત પર ઘસારો

ભાડે ખરીદ પદ્ધતિમાં જેટલી રકમ મિલકત પેટે ચુકવવામાં આવી હોય તેટલી રકમથી ખરીદનાર પોતાના ચોપડે મિલકત ખાતું ઉધારે છે. ભાડે ખરીદ પદ્ધતિ હોવાથી તે પોતે મિલકતનો ઉપયોગ પણ કરે છે. તેથી તેના પર ઘસારો ગણવો જોઇએ. મિલકત પર ઘસારો તેણે મિલકતની રોકડ કિંમત પર ગણવો જોઇએ.

કારણ કે મિલકતનો કબજો ભાડે ખરીદનારને કરાર વખતે જ મળે છે અને તે આખી મિલકતનો ઉપયોગ કરે છે.

સામાન્ય રીતે ઘસારો નીચેની બે માંથી ગમે તે એક રીતે ગણવામાં આવે છે.

(૧) સીધી લીટીની પદ્ધતિ (૨) ઘટતી જતી બાકીની પદ્ધતિ

**(૧) સીધી લીટીની પદ્ધતિ**

સીધી લીટીની પદ્ધતિમાં દર વર્ષે મિલકતની રોકડ કિંમત પર એક સરખા દરે ઘસારો ગણવામાં આવે છે. આમાં સામાન્ય રીતે એકસરખી રકમથી ઘસારા ખાતું ઉધારવામાં આવે છે અને મિલકત ખાતું જમા કરવામાં આવે છે.

દા.ત. જો મિલકતની રોકડ કિંમત ₹ ૬૬,૦૦૦ હોય અને દરકે વર્ષ ૧૦% લેખે ઘસારો કાપવાનો હોય તો અહીં દર વર્ષ ₹ ૬,૬૦૦ ઘસારાની રકમ થશે.

**(૨) ઘટતી જતી બાકીની પદ્ધતિ**

ઘટતી જતી બાકીની પદ્ધતિમાં દર વર્ષ મિલકતની રોકડ કિંમત પર ઘસારો બાદ કરતાં રહેલો બાકી પર ઘસારો શોધવામાં આવે છે. દા.ત. મિલકતની રોકડ કિંમત ₹ ૬૬,૦૦૦ હોય અને ૧૦% લેખે ઘસારો ગણવાનો હોય તો પહેલે વર્ષ ₹ ૬,૬૦૦ થશે, બીજા વર્ષ ₹ ૫,૯૪૦, ત્રીજા વર્ષ ₹ ૫,૩૪૬ થશે.

સામાન્ય રીતે ગણતરી નીચે મુજબ થશે.

| | ₹ |
|---|---|
| રોકડ કિંમત | ૬૬,૦૦૦ |
| પ્રથમ વર્ષ ઘસારો | ૬,૬૦૦ |
| | ૫૯,૪૦૦ |
| બીજા વર્ષ ઘસારો | ૫,૯૪૦ |
| | ૫૩,૪૬૦ |
| ત્રીજા વર્ષ ઘસારો | ૫,૩૪૬ |
| | ૪૮,૧૧૪ |

**આમનોંધઃ**

**૧.૬ ખરીદનારના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (૧) | જ્યારે ભાડે ખરીદનો કરાર કરવામાં આવે ત્યારેઃ<br>નોંધ થશે નહિ. | | -- | -- |
| (૨) | કરાર વખતે રોકડ ચુકવવામાં આવેલ હોય ત્યારેઃ<br>મિલકત ખાતે ઉ<br>તે બેંક ખાતે | | -- | -- |
| (૩) | જ્યારે હપ્તો ચુકવવાનો થાય ત્યારેઃ<br>વ્યાજ ખાતે ઉ<br>મિલકત ખાતે ઉ<br>તે વેચનાર ખાતે | | -- | -- |

| | | | | |
|---|---|---|---|---|
| (૪) | હપ્તો ચુકવવામાં આવે ત્યારેઃ<br>વેચનાર ખાતે ઉ<br>તે બેંક ખાતે | | -- | -- |
| (૫) | વર્ષને અંતે મિલકત પર ઘસારા માટેઃ<br>ઘસારા ખાતે ઉ<br>તે મિલકત ખાતે | | -- | -- |
| (૬) | વ્યાજ અને ઘસારાની રકમ નફા નુકસાન ખાતે લઈ જવામાં આવે ત્યારેઃ<br>નફા નુકસાન ખાત ઉ<br>તે વ્યાજ ખાતે<br>તે ઘસારા ખાતે | | -- | -- |

**૧.૭ વેચનારના ચોપડામાં આમનોંધ**

| તારીખ | વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|
| (૧) | જ્યારે ભાડે ખરીદનો કરાર કરવામાં આવે ત્યારેઃ<br>ખરીદનાર ખાતે ઉ<br>તે વેચાણ ખાતે | -- | -- |
| (૨) | કરાર વખતે ચુકવવામાં આવેલ રોકડ માટેઃ<br>બેંક ખાતે ઉ<br>તે ખરીદનાર ખાતે | -- | -- |
| (૩) | જ્યારે હપ્તો ચુકવવાનો થાય ત્યારેઃ<br>ખરીદનાર ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે | -- | -- |
| (૪) | હપ્તો ચુકવવામાં આવે ત્યારેઃ<br>બેંક ખાતે ઉ<br>તે ખરીદનાર ખાતે | -- | -- |
| (૫) | વર્ષને અંતે મિલકત પર ઘસારા માટે નોંધ થશે નહિ. | -- | -- |
| (૬) | વ્યાજની રકમ નફાનુકસાન ખાતે લઈ જવામાં આવે ત્યારેઃ<br>વ્યાજ ખાતે ઉ<br>તે નફાનુકસાન ખાતે | -- | -- |

**જ્યારે રોકડ કિંમત અને વ્યાજનો દર બન્ને આપેલ હોય.**

ઉદાહરણ ૧. આણંદના શાહ લીમીટેડે તા. ૧.૪.૨૦૧૫ ના રોજ પટેલ બ્રધર્સ પાસેથી ₹ ૯૫,૦૦૦ ની કિંમતે એક યંત્ર ભાડા ખરીદ પદ્ધતિથી ખરીદ્યુ. જેની વિગતો નીચે મુજબ છે.

તા. ૧.૪.૨૦૧૫ ના રોજ ₹ ૪૦,૦૦૦ ચૂકવ્યા

તા. ૩૧.૩.૨૦૧૬ ના રોજ પ્રથમ હપ્તા પેટે ₹ ૨૦,૦૦૦ ચૂકવ્યા

તા. ૩૧.૩.૨૦૧૭ ના રોજ બીજા હપ્તા પેટે ₹ ૨૦,૦૦૦ ચૂકવ્યા

તા.૩૧.૩.૨૦૧૮ ના રોજ ત્રીજા હપ્તા પેટે ₹ ૨૦,૬૨૦ ચૂકવ્યા

વર્ષના અંતે બાકી રો.કિ. પર ૫ % લેખે વ્યાજ ગણવામાં આવે છે.

ઉપરની વિગતો પરથી શાહ લીમીટેડ અને પટેલ બ્રધર્સના ચોપડે આમનોંધ લખો, બંન્નેના ચોપડે જરૂરી ખાતા બનાવો.

(ઘસારાનો દર સીધી લીટીની પધ્ધતિએ ૨૦% ગણાય છે ).

જવાબઃ

| તારીખ | શરૂની રો.કિ. (₹) | (૫%) વ્યાજ (₹) | હપ્તો (₹) | રો.કિ. પેટે જમા (₹) | આખર બાકી (₹) |
|---|---|---|---|---|---|
| ૧.૪.૨૦૧૫ | ૯૫,૦૦૦ | - | ૪૦,૦૦૦ | ૪૦,૦૦૦ | ૫૫,૦૦૦ |
| ૩૧.૩.૨૦૧૬ | ૫૫,૦૦૦ | ૨૭૫૦ | ૨૦,૦૦૦ | ૧૭,૨૫૦ | ૩૭,૭૫૦ |
| ૩૧.૩.૨૦૧૭ | ૩૭,૭૫૦ | ૧૮૮૮ | ૨૦,૦૦૦ | ૧૮,૧૧૨ | ૧૯,૬૩૮ |
| ૩૧.૩.૨૦૧૮ | ૧૯,૬૩૮ | ૯૮૨ | ૨૦,૬૨૦ | ૧૯,૬૩૮ | - |
| | | ૫,૬૨૦ | ૧,૦૦,૬૨૦ | ૯૫,૦૦૦ | |

ક્રાર કિંમત = કરાર વખતે ચૂકવેલ રકમ +હપ્તાની રકમ

= ૪૦,૦૦૦+૨૦,૦૦૦+૨૦,૦૦૦+૨૦,૬૨૦

= ૧,૦૦,૬૨૦

વ્યાજ કરારકિંમત - રોકડ કિંમત

= ૧,૦૦,૬૨૦ - ૯૫,૦૦૦

= ₹ ૫,૬૨૦

ઘસારો = ૯૫,૦૦૦×૨૦% = ₹ ૧૯,૦૦૦ વાર્ષિક

➢ **ખરીદનારના ચોપડે આમનોંધ**

**(શાહ લીમીટેડ)**

| | પ્રથમ વર્ષ માટે | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| ૧-૪-૨૦૧૫ | જ્યારે કરાર કરવામાં આવે (નોંધ થશે નહિ.) | | - | - |
| ૧-૪-૨૦૧૫ | કરાર વખતે ચૂકવવામાં આવેલ રોકડ માટે<br>યંત્ર ખાતે ઉ<br>તે બેંક ખાતે | | <br>૪૦,૦૦૦ | <br><br>૪૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૬ | જ્યારે હપ્તો ચૂકવવાનો થાય ત્યારે<br>વ્યાજ ખાતે ઉ<br>યંત્ર ખાતે ઉ<br>તે પટેલ બ્રધર્સ ખાતે | | <br>૨,૭૫૦<br>૧૭,૨૫૦ | <br><br><br>૨૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૬ | જ્યારે હપ્તો ચૂકવવામાં આવે ત્યારે<br>પટેલ બ્રધર્સ ખાતે ઉ<br>તે બેંક ખાતે | | <br>૨૦,૦૦૦ | <br><br>૨૦,૦૦૦ |
| ૧-૩-૨૦૧૬ | વર્ષના અંતે યંત્ર પર ઘસારા માટે<br>ઘસારા ખાતે ઉ<br>તે યંત્ર ખાતે | | <br>૧૯,૦૦૦ | <br><br>૧૯,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૩-૨૦૧૬ | વ્યાજ અને ઘસારાની રકમ નફા-નુકસાન ખાતે<br>લઈ જવામાં આવે<br>નફા-નુકસાન ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે<br>તે ઘસારા ખાતે | | <br>૨૧,૭૫૦ | <br><br>૨,૭૫૦<br>૧૯૦૦૦ |
| | બીજા વર્ષ માટે | | | |
| ૩૧-૩-૨૦૧૭ | વ્યાજ ખાતે ઉ<br>યંત્ર ખાતે ઉધાર<br>તે પટેલ બ્રધર્સ ખાતે | | ૧૮૮૮<br>૧૮૧૧૨ | <br><br>૨૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૭ | પટેલ બ્રધર્સ ખાતે ઉ<br>તે બેંક ખાતે | | ૨૦,૦૦૦ | <br>૨૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૭ | ઘસારા ખાતે ઉ<br>તે યંત્ર ખાતે | | ૧૯,૦૦૦ | <br>૧૯,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૭ | નફા-નુકસાન ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે<br>તે ઘસારા ખાતે | | ૨૦,૮૮૮ | <br>૧,૮૮૮<br>૧૯,૦૦૦ |
| | ત્રીજા વર્ષ માટે | | | |
| ૩૧-૩-૨૦૧૮ | વ્યાજ ખાતે ઉ<br>યંત્ર ખાતે ઉ<br>તે પટેલ બ્રધર્સ ખાતે | | ૯૮૨<br>૧૯,૬૩૮ | <br><br>૨૦,૬૨૦ |
| ૩૧-૩-૨૦૧૮ | પટેલ બ્રધર્સ ખાતે ઉ<br>તે બેંક ખાતે | | ૨૦,૬૨૦ | <br>૨૦,૬૨૦ |
| ૩૧-૩-૨૦૧૮ | ઘસારા ખાતે ઉ<br>તે યંત્ર ખાતે | | ૧૯,૦૦૦ | <br>૧૯,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૮ | નફા-નુકસાન ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે<br>તે ઘસારા ખાતે | | ૧૯,૯૮૨ | <br>૯૮૨<br>૧૯,૦૦૦ |

➢ **વેચનારના ચોપડે આમનોંધ**

**(પટેલ બ્રધર્સ)**

| તારીખ | પ્રથમ વર્ષ માટે | ખા.પા | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| ૧-૪-૨૦૧૫ | **જ્યારે ભાડે ખરીદનો કરાર કરવામાં આવે ત્યારે**<br>શાહ લિમીટેડ ખાતે ઉ<br>તે વેચાણ ખાતે | | <br>૯૫,૦૦૦ | <br><br>૯૫,૦૦૦ |
| ૧-૪-૨૦૧૫ | **કરાર વખતે ચૂકવવામાં આવેલ રોકડ માટે**<br>બેંક ખાતે ઉ<br>તે શાહ લિમીટેડ ખાતે | | <br>૪૦,૦૦૦ | <br><br>૪૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૬ | **જ્યારે હપ્તો ચૂકવવાનો થાય ત્યારે**<br>શાહ લિમીટેડ ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે | | <br>૨,૭૫૦ | <br><br>૨,૭૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૩-૨૦૧૬ | હપ્તો ચૂકવવામાં આવે ત્યારે<br>બેંક ખાતે ઉ<br>તે શાહ લિમિટેડ ખાતે | | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૬ | વર્ષના અંતે મિલકત પર ઘસારા માટે.<br>(નોંધ થશે નહિ). | | - | - |
| ૩૧-૩-૨૦૧૬ | વ્યાજની રકમ નફા-નુકસાન ખાતે લઈ જવામાં આવે ત્યારે<br>વ્યાજ ખાતે ઉ<br>તે નફા-નુકસાન ખાતે | | ૨,૭૫૦ | ૨,૭૫૦ |
| | બીજા વર્ષ માટે | | | |
| ૩૧-૩-૨૦૧૭ | શાહ લિમિટેડ ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે | | ૧,૮૮૮ | ૧,૮૮૮ |
| ૩૧-૩-૨૦૧૭ | બેંક ખાતે ઉ<br>તે શાહ લિમિટેડ ખાતે | | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૩૧-૩-૧૭ | વ્યાજ ખાતે ઉ<br>તે નફા-નુકસાન ખાતે | | ૧,૮૮૮ | ૧,૮૮૮ |
| | ત્રીજા વર્ષ માટે | | | |
| ૩૧-૩-૧૮ | શાહ લિમિટેડ ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે | | ૯૮૨ | ૯૮૨ |
| ૩૧-૩-૧૮ | બેંક ખાતે ઉ<br>તે શાહ લિમિટેડ ખાતે | | ૨૦,૬૨૦ | ૨૦,૬૨૦ |
| ૩૧-૩-૧૮ | વ્યાજ ખાતે ઉ<br>તે નફા-નુકસાન ખાતે | | ૯૮૨ | ૯૮૨ |

➢ **ખરીદનારના ચોપડે જરૂરી ખાતા. (શાહ લિમિટેડ)**

**યંત્ર ખાતું**

**ઉ.** **જ.**

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૧-૦૪-૧૫ | બેંકખાતે | ૪૦,૦૦૦ | ૩૧-૩-૧૬ | ઘસારા ખાતે | ૧૯,૦૦૦ |
| ૩૧-૩-૧૬ | પટેલ બ્રધર્સ ખાતે | ૧૭,૨૫૦ | ૩૧-૩-૧૬ | બાકી આગળ લઈ ગયા. | ૩૮,૨૫૦ |
| | | ૫૭,૨૫૦ | | | ૫૭,૨૫૦ |
| ૧-૪-૧૬ | બાકી આગળ લાવ્યા. | ૩૮,૨૫૦ | ૩૧-૩-૧૭ | ઘસારા ખાતે | ૧૯,૦૦૦ |
| ૩૧-૩-૧૭ | પટેલ બ્રધર્સ ખાતે | ૧૮,૧૧૨ | ૩૧-૩-૧૭ | બાકી આગળ લઈ ગયા. | ૩૭,૩૬૨ |
| | | ૫૬,૩૬૨ | | | ૫૬,૩૬૨ |
| ૧-૪-૧૭ | બાકી આગળ લાવ્યા. | ૩૭,૩૬૨ | ૩૧-૩-૧૮ | ઘસારા ખાતે | ૧૯,૦૦૦ |
| ૩૧-૩-૧૮ | પટેલ બ્રધર્સ ખાતે | ૧૯,૬૩૮ | ૩૧-૩-૧૮ | બાકી આગળ લઈ ગયા. | ૩૮,૦૦૦ |
| | | ૫૭,૦૦૦ | | | ૫૭,૦૦૦ |
| ૧-૪-૧૮ | બાકી આગળ લાવ્યા. | ૩૮,૦૦૦ | | | |

## પટેલ બ્રધર્સનું ખાતું

ઉ. જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૩૧-૩-૧૬ | બેંકખાતે | ૨૦,૦૦૦ | ૩૧-૩-૧૬ | યંત્ર ખાતે | ૧૭,૨૫૦ |
| | | | ૩૧-૩-૧૬ | વ્યાજ ખાતે | ૨,૭૫૦ |
| | | ૨૦,૦૦૦ | | | ૨૦,૦૦૦ |
| ૩૧-૩-૧૭ | બેંકખાતે | ૨૦,૦૦૦ | ૩૧-૩-૧૭ | યંત્ર ખાતે | ૧૮,૧૧૨ |
| | | | ૩૧-૩-૧૭ | વ્યાજ ખાતે | ૧,૮૮૮ |
| | | ૨૦,૦૦૦ | | | ૨૦,૦૦૦ |
| ૩૧-૩-૧૮ | બેંકખાતે | ૨૦,૬૨૦ | ૩૧-૩-૧૮ | યંત્ર ખાતે | ૧૯,૬૩૮ |
| | | | ૩૧-૩-૧૮ | વ્યાજ ખાતે | ૯૮૨ |
| | | **૨૦,૬૨૦** | | | **૨૦,૬૨૦** |

## વ્યાજ ખાતું

ઉ. જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૩૧-૩-૧૬ | પટેલ બ્રધર્સ ખાતે | ૨,૭૫૦ | ૩૧-૩-૧૬ | નફા નુકશાન ખાતે | ૨,૭૫૦ |
| | | ૨,૭૫૦ | | | ૨,૭૫૦ |
| ૩૧-૩-૧૭ | પટેલ બ્રધર્સ ખાતે | ૧,૮૮૮ | ૩૧-૩-૧૭ | નફા નુકશાન ખાતે | ૧,૮૮૮ |
| | | ૧,૮૮૮ | | | ૧,૮૮૮ |
| ૩૧-૩૧-૧૮ | પટેલ બ્રધર્સ ખાતે | ૯૮૨ | ૩૧-૩-૧૮ | નફા નુકશાન ખાતે | ૯૮૨ |
| | | ૯૮૨ | | | ૯૮૨ |

## ઘસારા ખાતું

ઉ. જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૩૧-૩-૧૬ | યંત્ર ખાતે | ૧૯,૦૦૦ | ૩૧-૩-૧૬ | નફા નુકશાન ખાતે | ૧૯,૦૦૦ |
| | | ૧૯,૦૦૦ | | | ૧૯,૦૦૦ |
| ૩૧-૩-૧૭ | યંત્ર ખાતે | ૧૯,૦૦૦ | ૩૧-૩-૧૭ | નફા નુકશાન ખાતે | ૧૯,૦૦૦ |
| | | ૧૯,૦૦૦ | | | ૧૯,૦૦૦ |
| ૩૧-૩-૧૮ | યંત્ર ખાતે | ૧૯,૦૦૦ | ૩૧-૩-૧૮ | નફા નુકશાન ખાતે | ૧૯,૦૦૦ |
| | | **૧૯,૦૦૦** | | | **૧૯,૦૦૦** |

## પટેલ બ્રધર્સના ચોપડે (વેચનાર)
## શાહ બ્રધર્સનું ખાતું

ઉ. જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૦૧-૦૪-૧૫ | વેચાણ ખાતે | ૯૫,૦૦૦ | ૦૧-૦૪-૧૫ | બેંક ખાતે | ૪૦,૦૦૦ |
| ૩૧-૦૩-૧૬ | વ્યાજ ખાતે | ૨,૭૫૦ | ૩૧-૦૩-૧૬ | બેંક ખાતે | ૨૦,૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ૩૧-૦૩-૧૬ | બાકી આ. લ. ગયા | ૩૭,૭૫૦ |
| | | ૯૭,૭૫૦ | | | ૯૭,૭૫૦ |
| ૦૧-૦૪-૧૬ | બાકી આ. લ. ગયા | ૩૭,૭૫૦ | | | |
| ૩૧-૦૩-૧૭ | વ્યાજ ખાતે | ૧,૮૮૮ | ૩૧-૦૩-૧૭ | બાકી આ. લ. ગયા | ૧૯,૬૩૮ |
| | | ૩૯,૬૩૮ | | | ૩૯,૬૩૮ |
| ૦૧-૦૪-૧૭ | બાકી આ. લ. ગયા | ૧૯,૬૩૮ | ૩૧-૦૩-૧૮ | બેંક ખાતે | ૨૦,૬૨૦ |
| ૩૧-૦૩-૧૮ | વ્યાજ ખાતે | ૯૮૨ | | | |
| | | ૨૦,૬૨૦ | | | ૨૦,૬૨૦ |

વ્યાજખાતું

ઉ. જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૩૧-૩-૧૬ | નફા નુકશાન ખાતે | ૨,૭૫૦ | ૩૧-૩-૧૬ | શાહ ખાતે | ૨,૭૫૦ |
| | | ૨,૭૫૦ | | | ૨,૭૫૦ |
| ૩૧-૩-૧૭ | નફા નુકશાન ખાતે | ૧,૮૮૮ | ૩૧-૩-૧૭ | શાહ ખાતે | ૧,૮૮૮ |
| | | ૧,૮૮૮ | | | ૧,૮૮૮ |
| ૩૧-૩૧-૧૮ | નફા નુકશાન ખાતે | ૯૮૨ | ૩૧-૩-૧૮ | શાહ ખાતે | ૯૮૨ |
| | | ૯૮૨ | | | ૯૮૨ |

**જ્યારે વ્યાજનો દર આપવામાં આવેલ હોય.**

**ઉદાહરણ ૨.** એક યંત્રની રોકડ કિંમત ₹ ૮૦,૦૦૦ છે. ભાડે ખરીદ પદ્ધતિથી ખરીદતા કરાર વખતે ₹ ૨૦,૦૦૦ ચૂકવ્યા અને બાકીની રકમ ૨૪,૦૦૦નો એક એવા ત્રણ વાર્ષિક સરખા હપ્તામાં ચૂકવવામાં આવી. વ્યાજની ગણતરી દર્શાવો.

કરાર કિંમત = કરાર વખતે ચૂકવેલ + હપ્તા
= ૨૦,૦૦૦ + (૨૪,૦૦૦ X ૩)
= ૨૦,૦૦૦ + ૭૨,૦૦૦ = ૯૨,૦૦૦

વ્યાજ = કરાર કિંમત - રોકડ કિંમત
= ૯૨,૦૦૦ - ૮૦,૦૦૦ = ₹ ૧૨,૦૦૦ ₹

| | |
|---|---|
| કરારકિમત ખરીદતી વખતે | ૯૨,૦૦૦ |
| - કરાર વખતે | ૨૦,૦૦૦ |
| | ૭૨,૦૦૦ |
| - પ્રથમ હપ્તા | ૨૪,૦૦૦ |
| | ૪૮,૦૦૦ |
| - બીજા હપ્તા | ૨૪,૦૦૦ |
| | ૨૪,૦૦૦ |
| - ત્રીજા હપ્તા | ૨૪,૦૦૦ |
| | ---- |

૭૨,૦૦૦ : ૪૮,૦૦૦ : ૨૪,૦૦૦

૩ : ૨ : ૧ = ૬

પ્રથમ હપ્તામાં વ્યાજ = ૧૨,૦૦૦×૩/૬ = ૬,૦૦૦

બીજા હપ્તામાં વ્યાજ = ૧૨,૦૦૦×૨/૬ = ૪,૦૦૦

ત્રીજા હપ્તામાં વ્યાજ = ૧૨,૦૦૦×૧/૬ = ૨,૦૦૦

**ઉદાહરણ ૩.** દશરથ બ્રધર્સ મહેશ લિમિટેડ પાસેથી તા. ૧-૧-૨૦૧૧ના રોજ એક યંત્ર ભાડે ખરીદ પધ્ધતિથી ખરીદે છે. યંત્રની રોકડ કિંમત ₹ ૨,૦૦,૦૦૦ છે. કુલ ચૂકવણી નીચે મુજબ કરવામાં આવેલ હતી.

તા. ૧-૧-૨૦૧૧ ના રોજ ₹ ૪૦,૦૦૦

તા. ૩૧-૧૨-૨૦૧૧ના રોજ ₹ ૫૦,૦૦૦

તા. ૩૧-૧૨-૨૦૧૨ ના રોજ ₹ ૫૦,૦૦૦

તા. ૩૧-૧૨-૨૦૧૩ ના રોજ ₹ ૫૦,૦૦૦

તા. ૩૧-૧૨-૨૦૧૪ ના રોજ ₹ ૫૦,૦૦૦

દશરથ બ્રધર્સ વાર્ષિક ૧૦%ની સીધી લીટીની પધ્ધતિથી ઘસારો ગણે છે. આપેલી માહિતી પરથી..

૧. વ્યાજ ફાળવણી ની ગણતરી દર્શાવો.

૨. હપ્તા ફાળવણી અને ઘસારાનો ચાર્ટ આપો.

૩. દશરથ બ્રધર્સના ચોપડે ચાર વર્ષ માટે જરૂરી ખાતા તૈયાર કરો.

૪. મહેશ લિમિટેડના ચોપડે આમનોંધ લખો.

**જવાબઃ**

કરારકિંમત = કરાર વખતે ચૂકવેલ + હપ્તા

= ૪૦,૦૦૦ + (૫૦,૦૦૦ ×૪)

= ૨,૪૦,૦૦૦

વ્યાજ = કરારકિંમત -રોકડ કિંમત

= ૨,૪૦,૦૦૦ - ૨,૦૦,૦૦૦

= ૪૦,૦૦૦

ઘસારો = ૨,૦૦,૦૦૦ ×૧૦% = ₹ ૨૦,૦૦૦

| | |
|---|---|
| તા. ૧.૧.૧૧ ના રોજ કરાર કિંમત | ૨,૪૦,૦૦૦ |
| - કરાર વખત | ૪૦,૦૦૦ |
| | ૨,૦૦,૦૦૦ |
| - પ્રથમ હપ્તો ૩૧.૧૨.૧૧ | ૫૦,૦૦૦ |
| | ૧,૫૦,૦૦૦ |
| - બીજો હપ્તો ૩૧.૧૨.૧૨ | ૫૦,૦૦૦ |

|  |  |
|---|---|
|  | ૧,૦૦,૦૦૦ |
| - ત્રીજો હપ્તો ૩૧.૧૨.૧૩ | ૫૦,૦૦૦ |
|  | ૫૦,૦૦૦ |
| - ચોથો હપ્તો ૩૧.૧૨.૧૪ | ૫૦,૦૦૦ |
|  | ----- |

૨,૦૦,૦૦૦ : ૧,૫૦,૦૦૦ : ૧,૦૦,૦૦૦ : ૫૦,૦૦૦

૪ : ૩ : ૨ : ૧ = ૧૦

પ્રથમ હપ્તામાં વ્યાજ = ૪૦,૦૦૦ ×૪/૧૦ = ૧૬,૦૦૦

બીજા હપ્તામાં વ્યાજ = ૪૦,૦૦૦ ×૩/૧૦ = ૧૨,૦૦૦

ત્રીજા હપ્તામાં વ્યાજ = ૪૦,૦૦૦ ×૨/૧૦ = ૮,૦૦૦

ચોથા હપ્તામાં વ્યાજ = ૪૦,૦૦૦ ×૧/૧૦ = ૪,૦૦૦

➢ **વ્યાજની ગણતરી દર્શાવતું પત્રક**

| તારીખ | શરૂની રોકડ કિ. (₹) | વ્યાજ | હપ્તો | રોકડ કિ. પેટે જમા (₹) | આખર બાકી (₹) |
|---|---|---|---|---|---|
| ૧-૧-૧૧ | ૨,૦૦,૦૦૦ | - | ૪૦,૦૦૦ | ૪૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૧ | ૧,૬૦,૦૦૦ | ૧૬,૦૦૦ | ૫૦,૦૦૦ | ૩૪,૦૦૦ | ૧,૨૬,૦૦૦ |
| ૩૧-૧૨-૧૨ | ૧,૨૬,૦૦૦ | ૧૨,૦૦૦ | ૫૦,૦૦૦ | ૩૮,૦૦૦ | ૮૮,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | ૮૮,૦૦૦ | ૮,૦૦૦ | ૫૦,૦૦૦ | ૪૨,૦૦૦ | ૪૬,૦૦૦ |
| ૩૧-૧૨-૧૪ | ૪૬,૦૦૦ | ૪,૦૦૦ | ૫૦,૦૦૦ | ૪,૬૦,૦૦૦ | - |

➢ **મહેશ લિમિટેડના ચોપડે આમનોંધ**

**(વેચનારના)**

| તારીખ | પ્રથમ વર્ષ માટે | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| ૧-૧-૧૧ | **જ્યારે ભાડે ખરીદનો કરાર કરવામાં આવે ત્યારેઃ**<br>દશરથ બ્રધર્સ ખાતે ઉ<br>તે વેચાણ ખાતે |  | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| ૧-૧-૧૧ | **કરાર વખતે ચૂકવવામાં આવેલ રોકડ માટેઃ**<br>બેંક ખાતે ઉ<br>તે દશરથ બ્રધર્સ ખાતે |  | ૪૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૧ | **જ્યારે હપ્તો ચૂકવવાનો થાય ત્યારેઃ**<br>દશરથ બ્રધર્સ ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે |  | ૧૬,૦૦૦ | ૧૬,૦૦૦ |
| ૩૧-૧૨-૧૧ | **હપ્તો ચૂકવવામાં આવે ત્યારેઃ**<br>બેંક ખાતે ઉ<br>તે દશરથ બ્રધર્સ ખાતે |  | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૧ | **વ્યાજની રકમ નફા-નુકસાન ખાતે લઈ જવામાં આવે** |  |  |  |

| | | | | |
|---|---|---|---|---|
| | ત્યારે<br>વ્યાજ ખાતે ઉ<br>તે નફા-નુકસાન ખાતે | | ૧૬,૦૦૦ | ૧૬,૦૦૦ |
| | **બીજા વર્ષ માટે** | | | |
| ૩૧-૧૨-૧૨ | દશરથ લિમિટેડ ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે | | ૧૨,૦૦૦ | ૧૨,૦૦૦ |
| ૩૧-૧૨-૧૨ | બેંક ખાતે ઉ<br>તે દશરથ બ્રધર્સ ખાતે | | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૨ | વ્યાજ ખાતે ઉ<br>તે દશરથ બ્રધર્સ ખાતે | | ૧૨,૦૦૦ | ૧૨,૦૦૦ |
| | **ત્રીજા વર્ષ માટે** | | | |
| ૩૧-૧૨-૧૩ | દશરથ બ્રધર્સ ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે | | ૮,૦૦૦ | ૮,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | બેંક ખાતે ઉ<br>તે દશરથ બ્રધર્સ ખાતે | | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | વ્યાજ ખાતે ઉ<br>તે નફા-નુકસાન ખાતે | | ૮,૦૦૦ | ૮,૦૦૦ |
| | **ચોથા વર્ષ માટે** | | | |
| ૩૧-૧૨-૧૪ | દશરથ બ્રધર્સ ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે | | ૪,૦૦૦ | ૪,૦૦૦ |
| ૩૧-૧૨-૧૪ | બેંક ખાતે ઉ<br>તે દશરથ બ્રધર્સ ખાતે | | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૪ | વ્યાજ ખાતે ઉ<br>તે નફા-નુકસાન ખાતે | | ૪,૦૦૦ | ૪,૦૦૦ |

## ખરીદનારના ચોપડે જરૂરી ખાતા
## (દશરથ બ્રધર્સ )
## યંત્ર ખાતું

ઉ. જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૧-૧-૨૦૧૧ | બેંક ખાતે | ૪૦,૦૦૦ | ૩૧-૧૨-૧૧ | ઘસારા ખાતે | ૨૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૧ | મહેશ લિ. ખાતે | ૩૪,૦૦૦ | ૩૧-૧૨-૧૧ | બાકી આગળ લઈ ગયા. | ૫૪,૦૦૦ |
| | | ૭૪,૦૦૦ | | | ૭૪,૦૦૦ |
| ૧-૧-૧૨ | બાકી આગળથી લાવ્યા. | ૫૪,૦૦૦ | ૩૧-૧૨-૧૨ | ઘસારા ખાતે | ૨૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૨ | મહેશ લિ. ખાતે | ૩૮,૦૦૦ | ૩૧-૧૨-૧૨ | બાકી આગળ લઈ ગયા. | ૭૨,૦૦૦ |
| | | ૯૨,૦૦૦ | | | ૯૨,૦૦૦ |
| ૧-૧-૧૩ | બાકી આગળથી લાવ્યા. | ૭૨,૦૦૦ | ૩૧-૧૨-૧૩ | ઘસારા ખાતે | ૨૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | મહેશ લિ. ખાતે | ૪૨,૦૦૦ | ૩૧-૧૨-૧૩ | બાકી આગળ લઈ ગયા | ૯૪,૦૦૦ |
| | | ૧,૧૪,૦૦૦ | | | ૧,૧૪,૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧-૧-૧૪ | બાકી આગળથી લાવ્યા. | ૯૪,૦૦૦ | ૩૧-૧૨-૧૪ | ઘસારા ખાતે | ૨૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | મહેશ લિ. ખાતે | ૪૬,૦૦૦ | ૩૧-૧૨-૧૪ | બાકી આગળ લઈ ગયા | ૧,૨૦,૦૦૦ |
| | | ૧,૪૦,૦૦૦ | | | ૧,૪૦,૦૦૦ |
| ૧-૧-૧૫ | બાકી આગળથી લાવ્યા. | ૧,૨૦,૦૦૦ | | | |

## મહેશ લિમિટેડ ખાતું

ઉ. જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૩૧-૧૨-૧૧ | બેંક ખાતે | ૫૦,૦૦૦ | ૩૧-૧૨-૧૧ | યંત્ર ખાતે | ૩૪,૦૦૦ |
| | | | ૩૧-૧૨-૧૧ | વ્યાજ ખાતે | ૧૬,૦૦૦ |
| | | ૫૦,૦૦૦ | | | ૫૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૨ | બેંક ખાતે | ૫૦,૦૦૦ | ૩૧-૧૨-૧૨ | યંત્ર ખાતે | ૩૮,૦૦૦ |
| | | | ૩૧-૧૨-૧૨ | વ્યાજ ખાતે | ૧૨,૦૦૦ |
| | | ૫૦,૦૦૦ | | | ૫૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | બેંક ખાતે | ૫૦,૦૦૦ | ૩૧-૧૨-૧૩ | યંત્ર ખાતે | ૪૨,૦૦૦ |
| | | | ૩૧-૧૨-૧૩ | વ્યાજ ખાતે | ૮,૦૦૦ |
| | | ૫૦,૦૦૦ | | | ૫૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૪ | બેંક ખાતે | ૫૦,૦૦૦ | ૩૧-૧૨-૧૪ | યંત્ર ખાતે | ૪૬,૦૦૦ |
| | | | ૩૧-૧૨-૧૪ | વ્યાજ ખાતે | ૪,૦૦૦ |
| | | ૫૦,૦૦૦ | | | ૫૦,૦૦૦ |

## વ્યાજખાતું

ઉ. જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૩૧-૧૨-૧૧ | મહેશ લિ. ખાતે | ૧૬,૦૦૦ | ૩૧-૧૨-૧૧ | ન.નુ. ખાતે | ૧૬,૦૦૦ |
| | | ૧૬,૦૦૦ | | | ૧૬,૦૦૦ |
| ૩૧-૧૨-૧૨ | મહેશ લિ. ખાતે | ૧૨,૦૦૦ | ૩૧-૧૨-૧૨ | ન.નુ. ખાતે | ૧૨,૦૦૦ |
| | | ૧૨,૦૦૦ | | | ૧૨,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | મહેશ લિ. ખાતે | ૮,૦૦૦ | ૩૧-૧૨-૧૩ | ન.નુ. ખાતે | ૮,૦૦૦ |
| | | ૮,૦૦૦ | | | ૮,૦૦૦ |
| ૩૧-૧૨-૧૪ | મહેશ લિ. ખાતે | ૪,૦૦૦ | ૩૧-૧૨-૧૪ | ન.નુ. ખાતે | ૪,૦૦૦ |
| | | ૪,૦૦૦ | | | ૪,૦૦૦ |

## ઘસારા ખાતું

ઉ. જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૩૧-૧૨-૧૧ | યંત્ર ખાતે | ૨૦,૦૦૦ | ૩૧-૧૨-૧૧ | નફા-નુકસાન ખાતે | ૨૦,૦૦૦ |
| | | ૨૦,૦૦૦ | | | ૨૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૨ | યંત્ર ખાતે | ૨૦,૦૦૦ | ૩૧-૧૨-૧૨ | નફા-નુકસાન ખાતે | ૨૦,૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦,૦૦૦ | | | ૨૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | યંત્ર ખાતે | ૨૦,૦૦૦ | ૩૧-૧૨-૧૩ | નફા-નુકસાન ખાતે | ૨૦,૦૦૦ |
| | | ૨૦,૦૦૦ | | | ૨૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૪ | યંત્ર ખાતે | ૨૦,૦૦૦ | ૩૧-૧૨-૧૪ | નફા-નુકસાન ખાતે | ૨૦,૦૦૦ |
| | | ૨૦,૦૦૦ | | | ૨૦,૦૦૦ |

**જ્યારે રોકડ કિંમત આપેલ ન હોય.**

**ઉદાહરણ ૪.** રાજેશે તા. ૧-૧-૨૦૧૩ના રોજ રાજેશે એક કાર ભાડે ખરીદ પધ્ધતિએ અમર કાર પાસેથી ખરીદી. કરાર અંગેના વ્યવહારો નીચે મુજબ હતા.

૧. કરાર પર સહી કરતી વખતે ૧-૧-૨૦૧૩ના રોજ ₹ ૨,૦૦,૦૦૦ ચૂકવ્યા.

૨. પ્રથમ વાર્ષિક હપ્તો તા. ૩૧-૧૨-૨૦૧૩ ના રોજ ₹ ૩,૦૦,૦૦૦ ચૂકવ્યા.

૩. બીજો વાર્ષિક હપ્તો તા. ૩૧-૧૨-૨૦૧૪ ના રોજ ₹ ૨,૩૬,૦૦૦ ચૂકવ્યા.

૪. ત્રીજો વાર્ષિક હપ્તો તા. ૩૧-૧૨-૨૦૧૫ ના રોજ ₹ ૧,૭૬,૦૦૦ ચૂકવ્યા.

૫. વ્યાજનો દર વાર્ષિક ૧૦% છે.

૬. ઘસારો વાર્ષિક ૨૦% ના દરે ઘટતી જતી પધ્ધતિથી ગણવામાં આવે છે.

૭. હિસાબી વર્ષ ૩૧મી ડિસેમ્બરે પુરું થાય છે.

ઉપરોક્ત વિગતો પરથી ખરીદનારના ચોપડે પ્રથમ બે વર્ષની આમનોંધ અને વેચનારના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો.

વ્યાજની ગણતરી:

$$\text{વ્યાજનો દર} = \frac{\text{વ્યાજનો દર}}{\text{૧૦૦ + વ્યાજનો દર}} = \frac{\text{૧૦}}{\text{૧૦૦ +૧૦}} = \frac{\text{૧}}{\text{૧૧}}$$

| | | | | |
|---|---|---|---|---|
| છેલ્લો હપ્તા | ૧,૭૬,૦૦૦× | ૧/૧૧ | = | ૧૬,૦૦૦ (વ્યાજ) ૧,૬૦,૦૦૦(રો.કિ.) |
| બીજો હપ્તો (૧,૬૦,૦૦૦ + ૨,૩૬,૦૦૦) | ૩,૯૬,૦૦૦× | ૧/૧૧ | = | ૩૬,૦૦૦ (વ્યાજ) ૩,૬૦,૦૦૦ (રો.કિ.) |
| પ્રથમ હપ્તા (૩,૬૦,૦૦૦ + ૩,૦૦,૦૦૦) | ૬,૬૦,૦૦૦× | ૧/૧૧ | = | ૬૦,૦૦૦ (વ્યાજ) ૬,૦૦,૦૦૦ (રો.કિ.) |
| | | | | + કરાર વખતે = ૨,૦૦,૦૦૦<br>રો.કિ = ૮,૦૦,૦૦૦ |

| તારીખ | શરૂની બાકી (₹) | વ્યાજ ૧૦% (₹) | હપ્તો (₹) | રો.કિ. (₹) | આખર બાકી (₹) |
|---|---|---|---|---|---|
| ૧-૧-૧૩ | ૮,૦૦,૦૦૦ | - | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | ૬,૦૦,૦૦૦ | ૬૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | ૩,૬૦,૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧-૧૨-૧૪ | ૩,૬૦,૦૦૦ | ૩૬,૦૦૦ | ૨,૩૬,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૫ | ૧,૬૦,૦૦૦ | ૧૬,૦૦૦ | ૧,૭૬,૦૦૦ | ૧,૬૦,૦૦૦ | - |

## રાજેશના ચોપડે આમનોંધ (ખરીદનાર)

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| ૧-૧-૧૩ | જ્યારે કરાર કરવામાં આવે. (નોંધ થશે નહિ). | | - | - |
| ૧-૧-૧૩ | કરાર વખતે ચૂકવવામાં આવેલ રોકડ માટે<br>કરાર ખાતે ઉ<br>તે બેંક ખાતે | | <br>૨,૦૦,૦૦૦ | <br><br>૨,૦૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | જ્યારે હપ્તો ચૂકવવાનો થાય ત્યારે<br>વ્યાજ ખાતે ઉ<br>કાર ખાતે ઉ<br>તે અમર કાર ખાતે | | <br>૬૦,૦૦૦<br>૨,૪૦,૦૦૦ | <br><br><br>૩,૦૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | જ્યારે હપ્તો ચૂકવવામાં આવે ત્યારે<br>અમર કાર ખાતે ઉ<br>તે બેંક ખાતે | | <br>૩,૦૦,૦૦૦ | <br><br>૩,૦૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | જ્યારે કાર પર ઘસારો ગણવાનો થાય ત્યારે<br>ઘસારા ખાતે ઉ<br>તે કાર ખાતે | | <br>૮૦,૦૦૦ | <br><br>૮૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | વ્યાજ અને ઘસારાની રકમ નફા-નુકસાન ખાતે લઈ જવામાં આવે ત્યારે<br>નફા-નુકસાન ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે<br>તે ઘસારા ખાતે | | <br>૧,૪૦,૦૦૦ | <br><br>૬૦,૦૦૦<br>૮૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૪ | વ્યાજ ખાતે ઉ<br>કાર ખાતે ઉ<br>તે અમર કાર ખાતે | | ૩૬,૦૦૦<br>૨,૦૦,૦૦૦ | <br><br>૨,૩૬,૦૦૦ |
| ૩૧-૧૨-૧૪ | અમર કાર ખાતે ઉ<br>તે બેંક ખાતે | | ૨૩૬૦૦૦ | <br>૨,૩૬,૦૦૦ |
| ૩૧-૧૨-૧૪ | ઘસારા ખાતે ઉ<br>તે કાર ખાતે | | ૭૨,૦૦૦ | <br>૭૨,૦૦૦ |
| ૩૧-૧૨-૧૪ | નફા-નુકસાન ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે<br>તે ઘસારા ખાતે | | ૧,૦૮,૦૦૦ | <br>૩૬,૦૦૦<br>૭૨,૦૦૦ |

**ઘસારાની ગણતરીઃ**

| | |
|---|---|
| ૧-૧-૨૦૧૩ ના રોજ કિંમત ₹ | ૮,૦૦,૦૦૦ |
| - ઘસારો ૧૦% | ૮૦,૦૦૦ |
| ૧-૧-૨૦૧૪ ના રોજ કિં. | ૭,૨૦,૦૦૦ |

- ઘસારો ૧૦% ૭૨,૦૦૦

૧-૧-૨૦૧૫ ના રોજ કિંમત ₹ ૬,૪૮,૦૦૦

- ઘસારો ૧૦% ૬૪,૮૦૦

૧-૧-૨૦૧૬ ના રોજ કિંમત ₹ ૫,૮૩,૨૦૦

➢ **વેચનારના ચોપડે જરૂરી ખાતાં**

**રાજેશનું ખાતું**

ઉ. જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૧-૧-૧૩ | વેચાણ ખાતે | ૮,૦૦,૦૦૦ | ૧-૧-૧૩ | બેંક ખાતે | ૨,૦૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૩ | વ્યાજ ખાતે | ૬૦,૦૦૦ | ૩૧-૧૨-૧૩ | બેંક ખાતે | ૩,૦૦,૦૦૦ |
| | | | ૩૧-૧૨-૧૩ | બાકી આગળ લઈ ગયા. | ૩,૬૦,૦૦૦ |
| | | ૮,૬૦,૦૦૦ | | | ૮,૬૦,૦૦૦ |
| ૧-૧-૧૪ | બાકી આગળથી લાવ્યા. | ૩,૬૦,૦૦૦ | ૩૧-૧૨-૧૪ | બેંક ખાતે | ૨,૩૬,૦૦૦ |
| ૩૧-૧૨-૧૪ | વ્યાજ ખાતે | ૩૬,૦૦૦ | ૩૧-૧૨-૧૪ | બાકી આગળ લઈ ગયા. | ૧,૬૦,૦૦૦ |
| | | ૩,૯૬,૦૦૦ | | | ૩,૯૬,૦૦૦ |
| ૧-૧-૧૫ | બાકી આગળથી લાવ્યા. | ૧,૬૦,૦૦૦ | ૩૧-૧૨-૧૫ | બેંક ખાતે | ૧,૭૬,૦૦૦ |
| ૩૧-૧૨-૧૫ | વ્યાજ ખાતે | ૧૬,૦૦૦ | | | |
| | | ૧,૭૬,૦૦૦ | | | ૧,૭૬,૦૦૦ |

**વ્યાજ ખાતું**

ઉ. જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૩૧-૧૨-૧૩ | નફા-નુકસાન ખાતે | ૬૦,૦૦૦ | ૩૧-૧૨-૧૩ | રાજેશ ખાતે | ૬૦,૦૦૦ |
| | | ૬૦,૦૦૦ | | | ૬૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૪ | નફા-નુકસાન ખાતે | ૩૬,૦૦૦ | ૩૧-૧૨-૧૪ | રાજેશ ખાતે | ૩૬,૦૦૦ |
| | | ૩૬,૦૦૦ | | | ૩૬,૦૦૦ |
| ૩૧-૧૨-૧૫ | નફા-નુકસાન ખાતે | ૧૬,૦૦૦ | ૩૧-૧૨-૧૫ | રાજેશ ખાતે | ૧૬,૦૦૦ |
| | | ૧૬,૦૦૦ | | | ૧૬,૦૦૦ |

**ઉદાહરણ ૫.** શ્રી નારાયણે તા. ૧ લી જાન્યુઆરી ૨૦૧૫ ના રોજ ભાડે ખરીદ પદ્ધતિ એક મશીન ખરીદ્યુ. તેની ડીલીવરી લેતી વખતે ₹ ૩,૦૦૦ ચૂકવ્યા અને બાકીની રકમ વર્ષના અંતે ૩૧ મી ડિસેમ્બરના રોજ રોકડ કિંમત પર ૧૦ ટકા પ્રમાણે વ્યાજ સહિતના નીચે દર્શાવેલ રકમના ચાર હપ્તામાં ચૂકવી.

₹ ૬,૪૦૦, ₹ ૪,૯૦૦, ₹ ૩,૫૦૦ અને ₹ ૨,૨૦૦ ઘટતી જતી રકમની પદ્ધતિ પ્રમાણે મશીન પર ૧૦ ટકા લેખે ઘસારો ગણો.

નારાયણના ચોપડામાં મશીન ખાતું બનાવો. જરૂરી ગણતરી દર્શાવો.

વ્યાજની ગણતરી વ્યાજનો દર $= \frac{૧૦}{૧૦૦+૧૦} = \frac{૧૦}{૧૧૦} = \frac{૧}{૧૧}$

| | | | | |
|---|---|---|---|---|
| છેલ્લો હપ્તો = | ૨,૨૦૦ × | ૧ / ૧૧ | વ્યાજ ૨૦૦ | રો.કિ. ૨,૦૦૦ |
| ત્રીજો હપ્તા = (૨,૦૦૦+૩,૫૦૦) | ૫,૫૦૦ × | ૧ / ૧૧ | = ૫૦૦ | ૫,૦૦૦ |
| બીજો હપ્તો = (૫,૦૦૦+૪,૯૦૦) | ૯,૯૦૦ × | ૧ / ૧૧ | = ૯૦૦ | ૯,૦૦૦ |
| પ્રથમ હપ્તા = (૯,૦૦૦+૬,૪૦૦) | ૧૫,૪૦૦ | ૧ / ૧૧ | = ૧૪૦૦ | ૧૪,૦૦૦ <br> + ૩,૦૦૦(કરાર વખતે) <br> ૧૭,૦૦૦ રો.કિ. |

| તારીખ | રો.કિ. શરૂની બાકી (₹) | વ્યાજ ૧૦% (₹) | હપ્તા (₹) | રો.કિ. જમા (₹) | રોકડ આગળ બાકિ. (₹) |
|---|---|---|---|---|---|
| ૧-૧-૨૦૧૫ | ૧૭,૦૦૦ | - | ૩,૦૦૦ | ૩,૦૦૦ | ૧૪,૦૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૫ | ૧૪,૦૦૦ | ૧,૪૦૦ | ૬,૪૦૦ | ૫,૦૦૦ | ૯,૦૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૬ | ૯,૦૦૦ | ૯૦૦ | ૪,૯૦૦ | ૪,૦૦૦ | ૫,૦૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૭ | ૫,૦૦૦ | ૫૦૦ | ૩,૫૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૮ | ૨,૦૦૦ | ૨૦૦ | ૨,૨૦૦ | ૨,૦૦૦ | - |
| | | ૩,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૭,૦૦૦ | |

ઘસારો (ઘટતી જતી બાકી) પદ્ધતિ

| | ₹ |
|---|---|
| ૧-૧-૨૦૧૫ | ૧૭,૦૦૦ |
| -ઘસારો ૧૦% | ૧,૭૦૦ |
| | ૧૫,૩૦૦ |
| -૧-૧-૨૦૧૬ ઘસારો | ૧,૫૩૦ |
| | ૧૩,૭૭૦ |
| -૧-૧-૨૦૧૭ ઘસારો | ૧,૩૭૭ |
| | ૧૨,૩૯૩ |
| -૧-૧-૨૦૧૮ ઘસારો | ૧,૨૪૦ |
| | ૧૧,૧૫૩ |

**નારાયણના ચોપડે મશીન ખાતું**

ઉ. જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૧-૧-૨૦૧૫ | બેંકખાતે | ૩,૦૦૦ | ૩૧-૧૨-૨૦૧૫ | ઘસારા ખાતે | ૧,૭૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૫ | બેંકખાતે | ૬,૪૦૦ | ૩૧-૧૨-૨૦૧૫ | બાકી આગળ લઈ ગયા | ૭,૭૦૦ |
| | | ૯,૪૦૦ | | | ૯,૪૦૦ |
| ૦૧-૦૧-૨૦૧૬ | બાકી આગળ લાવ્યા | ૭,૭૦૦ | ૩૧-૧૨-૨૦૧૬ | ઘસારા ખાતે | ૧,૫૩૦ |
| ૩૧-૧૨-૨૦૧૬ | બેંકખાતે | ૪,૯૦૦ | ૩૧-૧૨-૨૦૧૬ | બાકી આગળ લઈ ગયા | ૧૧,૦૭૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૧૨,૬૦૦ | | | ૧૨,૬૦૦ |
| ૦૧-૦૧-૨૦૧૭ | બાકી આગળ લાવ્યા | ૧૧,૦૭૦ | ૩૧-૧૨-૨૦૧૭ | ઘસારા ખાતે | ૧,૩૭૭ |
| ૩૧-૧૨-૨૦૧૭ | બેંકખાતે | ૩,૫૦૦ | ૩૧-૧૨-૨૦૧૭ | બાકી આગળ લઈ ગયા | ૧૩,૧૯૩ |
| | | ૧૪,૫૭૦ | | | ૧૪,૫૭૦ |
| ૦૧-૦૧-૨૦૧૮ | બાકી આગળ લાવ્યા | ૧૩,૧૯૩ | ૩૧-૧૨-૨૦૧૮ | ઘસારા ખાતે | ૧,૨૪૦ |
| ૦૧-૧૨-૨૦૧૮ | બેંકખાતે | ૨,૨૦૦ | ૩૧-૧૨-૨૦૧૮ | બાકી આગળ લઈ ગયા | ૧૪,૧૫૩ |
| | | ૧૫,૩૯૩ | | | ૧૫,૩૯૩ |

**જ્યારે વ્યાજનો દર અને રો.કિ. બંન્ને ન આપેલ હોય.**

**ઉદાહરણ ૬.** જેનીતે એક મશીન તા.૧-૧-૧૫ ના રોજ ભાડા ખરીદ પધ્ધતિથી કેવિત પાસેથી ખરીદ્યું. તેણે પ્રથમ હપ્તા પેટે ₹ ૨,૦૦,૦૦૦ ચુકવ્યા, હપ્તાઓ ₹ ૧,૮૦,૦૦૦, ૧,૫૦,૦૦૦, ૧,૨૦,૦૦૦ તા. ૩૧-૧૨-૧૫, ૩૧-૧૨-૧૬ અને ૩૧-૧૨-૧૭ના રોજ અનુક્રમે ચૂકવ્યા. સીધી લીટીની પધ્ધતિથી ઘસારો ૨૦% ગણાય છે.

ચાર વર્ષ માટે જેનિત અને કેવિતના ચોપડામાં ખાતાઓ તૈયાર કરો.

ધારો કે રોકડ કિંમત = x

વ્યાજ = y

x +3y = ૧,૮૦,૦૦૦

x +૨y = ૧,૫૦,૦૦૦

x +y = ૧,૨૦,૦૦૦

સમી (૨) માંથી (૩) બાદ કરતાં

x +૨y = ૧,૫૦,૦૦૦

x +y = ૧,૨૦,૦૦૦

y = 30,000

પ્રથમ

x +3 (30,000) = ૧,૮૦,૦૦૦

x + ૯૦,૦૦૦ = ૧,૮૦,૦૦૦

x = ૯૦,૦૦૦

રો.કિ. = ૯૦,૦૦૦ + ૯૦,૦૦૦ + ૯૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ = ૪,૭૦,૦૦૦

**ઘસારોઃ**

| | | |
|---|---|---|
| સીધી લીટી | = | ૪,૭૦,૦૦૦ X ૨૦% |
| | = | ₹ ૯૪,૦૦૦ |

| તારીખ | રો.કિ. શરૂની બાકી | વ્યાજ | હપ્તા | રો.કિ. જમા | રો.કિ. આગળ બાકિ. |
|---|---|---|---|---|---|
| ૧-૧-૧૫ | ૪,૭૦,૦૦૦ | - | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૭૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૫ | ૨,૭૦,૦૦૦ | ૯૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | ૯૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૬ | ૧,૮૦,૦૦૦ | ૬૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ૯૦,૦૦૦ | ૯૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૭ | ૯૦,૦૦૦ | 30,000 | ૧,૨૦,૦૦૦ | ૯૦,૦૦૦ | - |
| | | ૧,૮૦,૦૦૦ | ૬,૫૦,૦૦૦ | ૪,૭૦,૦૦૦ | |

❖ ખરીદનારના ચોપડે જરૂરી ખાતાં (જેનિતના)

ઉ. **મશીન ખાતું** જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૧-૧-૧૫ | બેંકખાતે | ૨,૦૦,૦૦૦ | ૩૧-૧૨-૧૫ | ઘસારા ખાતે | ૯૪,૦૦૦ |
| ૩૧-૧૨-૧૫ | કેવિત ખાતે | ૯૦,૦૦૦ | ૩૧-૧૨-૧૫ | બાકી આગળ લઈ ગયા | ૧,૯૬,૦૦૦ |
| | | ૨,૯૦,૦૦૦ | | | ૨,૯૦,૦૦૦ |
| ૧-૧-૧૬ | બાકી આગળ લાવ્યા | ૧,૯૬,૦૦૦ | ૩૧-૧૨-૧૬ | ઘસારા ખાતે | ૯૪,૦૦૦ |
| ૩૧-૧૨-૧૬ | કેવિત ખાતે | ૯૦,૦૦૦ | ૩૧-૧૨-૧૬ | બાકી આગળ લઈ ગયા | ૧,૯૨,૦૦૦ |
| | | ૨,૮૬,૦૦૦ | | | ૨,૮૬,૦૦૦ |
| ૧-૧-૧૭ | બાકી આગળ લાવ્યા | ૧,૯૨,૦૦૦ | ૩૧-૧૨-૧૭ | ઘસારા ખાતે | ૯૪,૦૦૦ |
| ૩૧-૧૨-૧૭ | કેવિત ખાતે | ૯૦,૦૦૦ | | બાકી આગળ લઈ ગયા | ૧,૮૮,૦૦૦ |
| | | ૨,૮૨,૦૦૦ | | | ૨,૮૨,૦૦૦ |
| ૧-૧-૧૮ | બાકી આગળ લાવ્યા | ૧,૮૮,૦૦૦ | | | |

ઉ. **કેવિતખાતું** જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૧-૧૨-૧૫ | બેંકખાતે | ૧,૮૦,૦૦૦ | ૩૧-૧૨-૧૫ | મશીન ખાતે | ૯૦,૦૦૦ |
| | | | ૩૧-૧૨-૧૫ | વ્યાજ ખાતે | ૯૦,૦૦૦ |
| | | ૧,૮૦,૦૦૦ | | | ૧,૮૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૬ | બેંકખાતે | ૧,૫૦,૦૦૦ | ૩૧-૧૨-૧૬ | મશીન ખાતે | ૯૦,૦૦૦ |
| | | | ૩૧-૧૨-૧૬ | વ્યાજ ખાતે | ૬૦,૦૦૦ |
| | | ૧,૫૦,૦૦૦ | | | ૧,૫૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૭ | બેંકખાતે | ૧,૨૦,૦૦૦ | ૩૧-૧૨-૧૭ | મશીન ખાતે | ૯૦,૦૦૦ |
| | | | ૩૧-૧૨-૧૭ | વ્યાજ ખાતે | ૩૦,૦૦૦ |
| | | ૧,૨૦,૦૦૦ | | | ૧,૨૦,૦૦૦ |

ઉ. **વ્યાજખાતું** જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૩૧-૧૨-૧૫ | કેવિત ખાતે | ૯૦,૦૦૦ | ૩૧-૧૨-૧૫ | નફા-નુકસાન ખાતે | ૯૦,૦૦૦ |
| | | ૯૦,૦૦૦ | | | ૯૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૬ | કેવિત ખાતે | ૬૦,૦૦૦ | ૩૧-૧૨-૧૬ | નફા-નુકસાન ખાતે | ૬૦,૦૦૦ |
| | | ૬૦,૦૦૦ | | | ૬૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૭ | કેવિત ખાતે | ૩૦,૦૦૦ | ૩૧-૧૨-૧૭ | નફા-નુકસાન ખાતે | ૩૦,૦૦૦ |
| | | ૩૦,૦૦૦ | | | ૩૦,૦૦૦ |

ઉ. **ઘસારા ખાતું** જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૩૧-૧૨-૧૫ | મશીનખાતે | ૯૪,૦૦૦ | ૩૧-૧૨-૧૫ | નફા-નુકસાન ખાતે | ૯૪,૦૦૦ |
| | | ૯૪,૦૦૦ | | | ૯૪,૦૦૦ |
| ૩૧-૧૨-૧૬ | મશીનખાતે | ૯૪,૦૦૦ | ૩૧-૧૨-૧૬ | નફા-નુકસાન ખાતે | ૯૪,૦૦૦ |
| | | ૯૪,૦૦૦ | | | ૯૪,૦૦૦ |
| ૩૧-૧૨-૧૭ | મશીનખાતે | ૯૪,૦૦૦ | ૩૧-૧૨-૧૭ | નફા-નુકસાન ખાતે | ૯૪,૦૦૦ |
| | | ૯૪,૦૦૦ | | | ૯૪,૦૦૦ |

## વેચનારના ચોપડે જરૂરી ખાતાં

ઉ. **જેનિતનું ખાતું** જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૧-૧-૧૫ | વેચાણ ખાતે | ૪,૭૦,૦૦૦ | ૧-૧-૧૫ | બેંકખાતે | ૨,૦૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૫ | વ્યાજ ખાતે | ૯૦,૦૦૦ | ૩૧-૧૨-૧૫ | બેંકખાતે | ૧,૮૦,૦૦૦ |
| | | | ૩૧-૧૨-૧૫ | બાકી આગળ લઈ ગયા | ૧,૮૦,૦૦૦ |
| | | ૫,૬૦,૦૦૦ | | | ૫,૬૦,૦૦૦ |
| ૧-૧૦-૧૫ | બાકી આગળ લાવ્યા | ૧,૮૦,૦૦૦ | ૩૧-૧૨-૧૬ | બેંકખાતે | ૧,૫૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૬ | વ્યાજ ખાતે | ૬૦,૦૦૦ | ૩૧-૧૨-૧૬ | બાકી આગળ લઈ ગયા | ૯૦,૦૦૦ |
| | | ૨,૪૦,૦૦૦ | | | ૨,૪૦,૦૦૦ |
| ૧-૧-૧૬ | બાકી આગળ લાવ્યા | ૯૦,૦૦૦ | ૩૧-૧૨-૧૭ | બેંકખાતે | ૧,૨૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૭ | વ્યાજ ખાતે | ૩૦,૦૦૦ | | | |
| | | **૧,૨૦,૦૦૦** | | | **૧,૨૦,૦૦૦** |

ઉ. **વ્યાજ ખાતું** જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૩૧-૧૨-૧૫ | નફા-નુકસાન ખાતે | ૯૦,૦૦૦ | ૩૧-03-૧૫ | જેનિત ખાતે | ૯૦,૦૦૦ |
| | | ૯૦,૦૦૦ | | | ૯૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૬ | નફા-નુકસાન ખાતે | ૬૦,૦૦૦ | ૩૧-૧૨-૧૬ | જેનિત ખાતે | ૬૦,૦૦૦ |
| | | ૬૦,૦૦૦ | | | ૬૦,૦૦૦ |
| ૩૧-૧૨-૧૭ | નફા-નુકસાન ખાતે | ૩૦,૦૦૦ | ૩૧-૧૨-૧૭ | જેનિત ખાતે | ૩૦,૦૦૦ |
| | | ૩૦,૦૦૦ | | | ૩૦,૦૦૦ |

**ઉદાહરણ ૭.** રજતે પાર્થ એન્ડ કંપનીમાંથી તા. ૧-૪-૨૦૧૪ ના રોજ એક યંત્ર ભાડે ખરીદ પદ્ધતિથી ખરીદ્યું. કરાર વખતે તેણે ₹ ૨,૦૦,૦૦૦ ચૂકવ્યાં અને બાકીની રકમ ચાર હપ્તાઓમાં ૧૦% વ્યાજ સહિત નીચે મુજબ ચૂકવવાની હતી :

| | |
|---|---|
| તા.૩૧-૩-૨૦૧૫ | ₹ ૨,૧૮,૦૦૦ |
| તા.૩૧-૩-૨૦૧૬ | ₹ ૧,૮૨,૦૦૦ |
| તા.૩૧-૩-૨૦૧૭ | ₹ ૧,૪૮,૦૦૦ |
| તા.૩૧-૩-૨૦૧૮ | ₹ ૧,૭૬,૦૦૦ |

યંત્રની રોકડ કિંમત શોધો.

**(ઉ. ગુ. યુનિ., એફ.વાય., માર્ચ, ૨૦૧૧ પર આધારીત)**

અહીં વ્યાજનો દર ૧૦% છે. તેથી દરેક હપ્તામાં વ્યાજ $\left(\frac{10}{100}\right)$ $\left(\frac{r}{100+r}\right)$ લેખે સમાયેલું છે.

૧. છેલ્લો હપ્તો = ૧,૭૬,૦૦૦

-વ્યાજ (૧,૭૬,૦૦૦× $\frac{૧૦}{૧૧૦}$ ) = ૧૬,૦૦૦

૧,૬૦,૦૦૦ ત્રીજા હપ્તામાં ઉમેરો (છેલ્લા હપ્તા વખતે રો.કિ.ના બાકી.)

૨. ત્રીજો હપ્તો = ૧૪૮૦૦૦

+ છેલ્લા હપ્તા વખતે રો.કિ.ના બાકી = $\frac{૧૬૦૦૦૦}{૩૦૮૦૦૦}$

-વ્યાજ (૩,૦૮,૦૦૦ × $\frac{૧૦}{૧૧૦}$ ) = ૨૮,૦૦૦

૨,૮૦,૦૦૦ બીજા હપ્તામાં ઉમેરો (ત્રીજા હપ્તા વખતે રો.કિ.ના બાકી.)

૩.બીજો હપ્તો = ૧,૮૨,૦૦૦

+ ત્રીજા હપ્તા વખતે રો.કિ.ના બાકી = ૨,૮૦,૦૦૦

૪,૬૨,૦૦૦

-વ્યાજ (૪,૬૨,૦૦૦ × $\frac{૧૦}{૧૧૦}$ ) = ૪૨,૦૦૦

૪,૨૦,૦૦૦ પહેલા હપ્તામાં ઉમેરો

૪.પહેલો હપ્તો = ૨,૧૮,૦૦૦

+ (બીજા હપ્તા વખતે રો.કિ.ના બાકી.) = ૪,૨૦,૦૦૦

૬,૩૮,૦૦૦

-વ્યાજ (૬,૩૮,૦૦૦ × $\frac{૧૦}{૧૧૦}$ ) = ૫૮,૦૦૦

પહેલા હપ્તા વખતે રો.કિ.ના બાકી. = ૫,૮૦,૦૦૦

હવે,

કુલ રોકડ કિંમત = પહેલા હપ્તા વખતે રો.કિ.ના બાકી + કરાર વખતે ચૂકવેલ રકમ

= ૫,૮૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦

= ₹ ૭,૮૦,૦૦૦

**ઉદાહરણ ૮.** ભાવેશ એન્ડ કંપનીએ તા. ૧ લી એપ્રિલ ૨૦૧૫ ના રોજ ભાડા ખરીદ પધ્ધતિથી એક મશીન ખરીદ્યું. શરતો નીચે મુજબ હતી.

(૧) મશીનની રોકડ કિંમત ₹ ૧૮,૦૦૦ હતી.

(૨) કરાર પર સહી કરીને તરત જ ₹ ૭,૨૦૦ આપવાના હતા.

(૩) બાકીની રકમ દર વર્ષે ₹ ૩,૬૦૦ વત્તા ચડતા વ્યાજની મળી કુલ રકમના વાર્ષિક હપ્તેથી ચૂકવવાની હતી.

(૪) બાકી રહેલી મુદ્દલ રકમ પર દર વર્ષે ૬% લેખે વ્યાજ આપવાનું હતું.

(૫) દર વર્ષે ૧૦% લેખે સીધી લીટીની રીતે ઘસારો માંડી વાળવાનો છે.

ઉપરોક્ત વિગતો પરથી ભાવેશ એન્ડ કંપનીના ચોપડા તૈયાર કરો.

(૧) મશીન ખાતું (૨) વેચનારનું ખાતું

(૩) વ્યાજ ખાતું (૪) ઘસારા ખાતું

**(ઉ. ગુ. યુનિ., એફ વાય., માર્ચ ૨૦૧૧ પર આધારીત)**

(૩) હપતા ફાળવણીનો કોઠો

| તારીખ | રોકડ કિંમત (₹) | વ્યાજ ૬% લેખ (₹) | હપ્તાની રકમ (₹) | રોકડ કિંમત પેટે ચૂકવેલ રકમ (₹) | રોકડ કિંમતની બાકી (₹) |
|---|---|---|---|---|---|
| ૧-૪-૧૫ | ૧૮૦૦૦ | - | ૭,૨૦૦ | ૭,૨૦૦ | ૧૦,૮૦૦ |
| ૩૧-૩-૧૬ | ૧૦,૮૦૦ | ૬૪૮ | ૪,૨૪૮ | ૩,૬૦૦ | ૭૨૦૦ |
| ૩૧-૩-૧૭ | ૭,૨૦૦ | ૪૩૨ | ૪,૦૩૨ | ૩,૬૦૦ | ૩,૬૦૦ |
| ૩૧-૩-૧૮ | ૩,૬૦૦ | ૨૧૬ | ૩,૮૧૬ | ૩,૬૦૦ | - |
| | | ૧,૨૯૬ | ૧૯,૨૯૬ | ૧૮,૦૦૦ | |

**ઘસારાઃ (સીધી લીટીની રીતે)**

દર વર્ષે માંડી વાળેલ ઘસારો = રોકડ કિંમત × ઘસારાનો દર

= ૧૮,૦૦૦ ×૧૦%

= ₹ ૧,૮૦૦

➢ **ભાવેશ એન્ડ કંપનીના ચોપડે : આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| ૧-૪-૧૫ | મશીનરી ખાતે ઉ<br>તે બેંક ખાતે | | ૭,૨૦૦ | <br>૭,૨૦૦ |
| ૩૧-૩-૧૬ | મશીનરી ખાતે ઉ<br>વ્યાજ ખાતે ઉ<br>તે વેચનાર ખાતે | | ૩,૬૦૦<br>૬૪૮ | <br><br>૪,૨૪૮ |
| ૩૧-૩-૧૬ | વેચનાર ખાતે ઉ<br>તે બેંક ખાતે | | ૪,૨૪૮ | <br>૪,૨૪૮ |
| ૩૧-૩-૧૬ | ઘસારા ખાતે ઉ<br>તે મશીનરી ખાતે | | ૧,૮૦૦ | <br>૧,૮૦૦ |
| ૩૧-૩-૧૬ | નફા-નુકશાન ખાતે ઉ<br>તે વ્યાજ ખાતે<br>તે ઘસારા ખાતે | | ૨,૪૪૮ | <br>૬૪૮<br>૧,૮૦૦ |

**ઉદાહરણ ૯.** પ્રદીપે કિશોર પાસેથી ૧-૧-૨૦૧૫ના રોજ એક મોટર ભાડે ખરીદ પદ્ધતિથી ખરીદી. કરાર અંગેની વિગતો નીચે મુજબ હતી.

(૧) કરાર પર સહી કરતી વખતે તા. ૧-૧-૨૦૧૫ના રોજ ₹ ૨૫,૦૦૦ ચુકવ્યા.

(૨) વાર્ષિક હપ્તાઓ નીચે પ્રમાણે ચુકવ્યા :

| | |
|---|---|
| ૩૧-૧૨-૨૦૧૫ના રોજ પ્રથમ હપ્તો | ૪૦,૦૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૬ના રોજ બીજો હપ્તો | (?) |
| ૩૧-૧૨-૨૦૧૭ના રોજ ત્રીજો હપ્તો | ૨૦,૦૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૮ના રોજ ચોથો હપ્તો | ૧૨,૦૦૦ |

(૩) રોકડ કિંમત પૈકી બાકી રકમ પર વાર્ષિક ૨૦% લેખે વ્યાજ ચુકવવાનું હતું.

(૪) મોટર પર વાર્ષિક ૧૦% લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ ઘસારો ગણવામાં આવેલો હતો.

(૫) બંને પક્ષકારોના હિસાબો દર વર્ષે ૩૧મી ડિસેમ્બરના રોજ પૂરા થાય છે.

તા. ૩૧-૧૨-૨૦૧૬ ના રોજ કિશોરના ચોપડામાં નીચે મુજબ આમનોંધ લખવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| વ્યાજ ખાતે | ઉ. | ૧૦,૦૦૦ |
| તે નફા-નુકશાન ખાતે | | ૧૦,૦૦૦ |

**તૈયાર કરો : પ્રદીપના ચોપડામાં**

(૧) મોટરનું ખાતું

(૨) કિશોરનું ખાતું

કિશોરના ચોપડામાં પ્રથમ વર્ષની આમનોંધ લખો.

**(દ.ગુ.યુનિ., એફ. વાય., માર્ચ, ૨૦૧૧ પર આધારીત)**

(૨) અહીં વ્યાજનો દર ૨૦% છે. તેથી દરેક હપ્તામાં વ્યાજ $\frac{૨૦}{૧૨૦}$ એટલે કે $(\frac{r}{100+r})$ લેખે સમાયેલું છે.

(૧) ચોથો હપ્તો = ૧૨૦૦૦

-વ્યાજ (૧૨૦૦૦ × $\frac{૨૦}{૧૨૦}$) = ૨૦૦૦

(ચોથા હપ્તા વખતે રો.કિ.ના બાકી) = ૧૦૦૦૦(ત્રીજા હપ્તામાં ઉમેરો)

(૨) ત્રીજો હપ્તો = ૨૦૦૦૦

\+ ચોથા હપ્તા વખતે રો.કિ.ના બાકી = ૧૦૦૦૦

૩૦૦૦૦

-વ્યાજ (૩૦૦૦૦× $\frac{૨૦}{૧૨૦}$) = ૫૦૦૦

(ત્રીજા હપ્તા વખતે રો.કિ.ના બાકી) = ૨૫૦૦૦(બીજા હપ્તામાં ઉમેરો)

(૩) બીજો હપ્તા = x - ૨૫,૦૦૦

\+ ત્રીજા હપ્તા વખતે રો.કિ.ના બાકી = ૨૫૦૦૦

રોકડ કિંમતના બાકી x

હવે, વ્યાજ( x× $\frac{૨૦}{૧૨૦}$ )

તો ૧૦૦૦૦ = x × $\frac{૨૦}{૧૦૦}$

$$\therefore\ x = 10000 \times \frac{12\ 0}{2\ 0} = 60000$$

તો, બીજો હપ્તો = x - ૨૫,000

= ૬0,000 - ૨૫,000 = ૩૫,000

= ૨૫,000

+ ત્રીજા હપ્તા વખતે રો.કિ.ના બાકી = ૬0,000

- વ્યાજ = ૧0,000

બીજા હપ્તા વખતે રો.કિ.ના બાકી = ૫0,000 (પહેલા હપ્તામાં ઉમેરો)

(૧) પહેલો હપ્તો = ૪0,000

+ બીજા હપ્તા વખતે રો.કિ.ના બાકી = ૫0,000

૯0,000

- વ્યાજ $\left(૧0,000 \times \frac{૨0}{૧૨0}\right)$ = ૧૫,000

પહેલા હપ્તા વખતે રો.કિ.ના બાકી = ૭૫,000

હવે, કુલ રોકડ કિંમત = કરાર વખતે ચુકવેલ રકમ + પહેલા હપ્તા વખતે રો.કિ.ના બાકી

= ૭૫,000 + ૨૫,000

= ₹ ૧,00,000

❖ **ઘસારાની ગણતરીનો કોઠો (ઘટતી જતી બાકીની પદ્ધતિએ)**

| વર્ષ | મોટરની શરૂઆતની બાકી (₹) | ઘસારો ૧0% લેખે | મોટરની આખરની બાકી (₹) |
|---|---|---|---|
| ૧-૧0-૧૫ | ૧,00,000 | --- | ૧,00,000 |
| ૩૧-૧૨-૧૫ | ૧,00,000 | ૧0,000 | ૯0,000 |
| ૩૧-૧૨-૧૬ | ૯0,000 | ૯,000 | ૮૧,000 |
| ૩૧-૧૨-૧૭ | ૮૧,000 | ૮,૧00 | ૭૨,૯00 |
| ૩૧-૧૨-૧૮ | ૭૨,૯00 | ૭૨૯0 | ૬૫,૬૧0 |

**ઉદાહરણ ૧૦.** અક્ષયે એક યંત્ર શિલ્પા પાસેથી ભાડા ખરીદ પદ્ધતિ અનુસાર તા. ૧લી એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખરીદ્યું. ₹ ૪,૦૦૦ રોકડ કરાર કરતી વખતે, જ્યારે બાકીની રકમ નીચેના ત્રણ વાર્ષિક હપ્તાઓમાં ચૂકવવાની હતી.

પહેલો હપ્તો ₹ ૫,૨૦૦, બીજો હપ્તો ₹ ૪,૮૦૦, ત્રીજો હપ્તો ₹ ૪,૪૦૦.

યંત્ર પર સીધી લીટીની પદ્ધતિએ વાર્ષિક ૧૦% લેખે ઘસારો કાપવામાં આવે છે. પેઢીનું હિસાબી વર્ષ ૩૧મી માર્ચના રોજ પૂરું થાય છે.

ઉપરની માહિતી પરથી રોકડ કિંમત શોધો.

**(ગુ.યુનિ., એફ. વાય., મે, ૨૦૧૨ પર આધારીત)**

**જવાબ:**

અહીં રોકડ કિંમત તેમજ વ્યાજનો દર આપવામાં આવ્યો નથી. દરેક હપ્તામાં રોકડ કિંમત ₹ x અને વ્યાજના ₹ y ચુકવવામાં આવે છે એમ ધારી લઈએ. દરેક હપ્તામાં રોકડ કિંમત ₹ x થશે. જ્યારે વ્યાજ પ્રમાણસર ઘટશે.

પહેલો હપ્તો = x + 3y = ૫૨૦૦
બીજો હપ્તો = x + ૨y = ૪,૮૦૦
ત્રીજો હપ્તો = x +y = ૪,૪૦૦
હવે,

= x + ૨y = ૪,૮૦૦
= x + y = ૪,૪૦૦
= - - -

y = ₹ ૪૦૦

હવે,

= x + y = ૪,૪૦૦
= x + ૪૦૦ = ૪,૪૦૦
= x = ૪,૪૦૦ - ૪૦૦ = ₹ ૪૦૦૦

| હપ્તા | હપ્તાની રકમ (₹) | રોકડ કિંમત પેટે ચૂકવેલ રકમ (₹) | વ્યાજ (₹) | |
|---|---|---|---|---|
| ૧. | ૫,૨૦૦ | ૪,૦૦૦ | 3 × ૪૦૦ | = ૧,૨૦૦ |
| ૨. | ૪,૮૦૦ | ૪,૦૦૦ | ૨ × ૪૦૦ | = ૮૦૦ |
| 3. | ૪,૪૦૦ | ૪,૦૦૦ | ૧ × ૪૦૦ | = ૪૦૦ |
| | | **૧૨,૦૦૦** | | **= ૨,૪૦૦** |

હવે,

કુલ રોકડ કિંમત = કુલ રોકડ કિંમત પેટે ચૂકવેલ રકમ + કરાર વખતે ચૂકવેલ રકમ

= ૧૨૦૦૦ + ૪૦૦૦ = ₹ ૧૬૦૦૦

➢ **ઘસારો (સીધી લીટીની રીતે)**

દર વર્ષે = ૧૬૦૦૦ × ૧૦% = ₹ ૧,૬૦૦

**૧.૮ સ્વાધ્યાય**

❖ **રોકડ કિંમત અને વ્યાજનો દર બંને આપેલ હોય**

૧. મહેશે જયેશ પાસેથી એક યંત્ર તા. ૧-૪-૨૦૧૪ના રોજ ખરીદ્યું. વિગતો નીચે પ્રમાણે હતી.

(૧) યંત્રની રોકડ કિંમત ₹ ૨૨,૦૦૦.

(૨) ખરીદી તારીખે ચૂકવેલ રકમ ₹ ૭,૦૦૦.

(3) હપ્તાઓ નીચે પ્રમાણે ચૂકવ્યા :

પ્રથમ હપ્તો ₹ ૬,૫૦૦ તા. ૩૧-3-૨૦૧૫ના રોજ

બીજો હપ્તો ₹ ૬૦૦૦ તા. ૩૧-3-૨૦૧૬ના રોજ

ત્રીજો અને છેલ્લો હપ્તો ₹ ૫,૫૦૦ તા. ૩૧-3-૨૦૧૭ના રોજ.

(૪) ચૂકવવાની બાકી રહેતી રોકડ કિંમત પર જયેશે વાર્ષિક ૧૦% લેખે વ્યાજ વસૂલ કર્યુ છે.

(૫) મહેશે ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક ૧૦% દરે ઘસારો ગણ્યો છે.

(૬) બંને પક્ષકારોનાં હિસાબી વર્ષ તા. ૩૧મી માર્ચના રોજ પૂરાં થાય છે. ઉપરની વિગતો પરથી તૈયાર કરોઃ

(અ) મહેશના ચોપડામાં ભાડે ખરીદ પદ્ધતિ મુજબ યંત્ર ખાતું અને વ્યાજનું ખાતું.

(બ) જયેશના ચોપડામાં ભાડે ખરીદ પદ્ધતિ મુજબ દરેક વર્ષની આમનોંધ લખો.

(ગુ.યુ. એફ. વાય. ડિસેમ્બર, ૧૯૮૫ પર આધારીત)

જવાબઃ

(વ્યાજ પ્રથમ હપ્તા વખતે ₹ ૧,૫૦૦, બીજા હપ્તા વખતે ₹ ૧,૦૦૦ અને ત્રીજા અને છેલ્લા હપ્તા વખતે ₹ ૫૦૦. ઘસારો પ્રથમ વર્ષે ₹ ૨,૨૦૦, બીજા વર્ષે ₹ ૧,૯૮૦ અને ત્રીજા વર્ષે ₹૧,૭૮૨. યંત્ર ખાતાની બાકી ત્રીજા વર્ષને અંતે ₹ ૧૬,૦૩૮.)

**૨.** તા. ૧-૪-૧૫ ના રોજ શૈવલે કેયૂર પાસેથી એક યંત્ર ભાડે ખરીદ પદ્ધતિથી ખરીદ્યું.

કરારની શરતો નીચે મુજબ હતી :

(૧) યંત્રની રોકડ કિંમત ₹ ૧,૦૦,૦૦૦ છે.

(૨) કરાર વખતે રોકડ કિંમતની ૨૦% રકમ ચૂકવવાની છે.

(૩) રોકડ કિંમતની બાકી રહેતી રકમ ₹ ૨૦,૦૦૦નો એક એવા ચાર અર્ધવાર્ષિક હપ્તામાં વ્યાજ સહિત દર વર્ષની ૩૦મી સપ્ટે. અને ૩૧મી માર્ચ ચૂકવવાની છે.

(૪) ચૂકવવાની બાકી રહેતી રોકડ કિંમત પર વાર્ષિક ૧૨% લેખે વ્યાજ વસૂલ કરવામાં આવે છે.યંત્ર પર વાર્ષિક ૧૦% લેખે ઘટતી જતી બાકીની રીતે ઘસારો ગણવાનો છે.

શૈવલ અને કેયૂર બંનેનું હિસાબી વર્ષ ૩૧મી માર્ચના રોજ પૂરું થાય છે.

**તૈયાર કરો :** (૧) શૈવલના ચોપડામાં યંત્ર ખાતું અને કેયૂરનું ખાતું.
(૨) કેયૂરના ચોપડામાં શૈવલનું ખાતું.

તમારે જરૂરી ગણતરીઓ જવાબના એક ભાગરૂપે દર્શાવવાની છે.

(ગુ.યુ., એફ. વાય., એપ્રિલ, ૧૯૯૨ પર આધારીત)

જવાબઃ

(વ્યાજ ₹ ૪,૮૦૦ ₹ ૩,૬૦૦, ₹ ૨,૪૦૦ અને ₹ ૧,૨૦૦, છ માસિક હપ્તા હોવાથી છ માસનું વ્યાજ ગણાશે. ઘસારો ₹ ૧૦,૦૦૦ અને ₹ ૯,૦૦૦ વ્યાજ અને ઘસારો હિસાબી વર્ષને અંતે નફા-નુકસાન ખાતે લઈ જવાશે.)

**જ્યારે વ્યાજનો દર આપ્યો ન હોય**

**૩.** તા. ૧-૧-૧૫ના રોજ ભાડા ખરીદ પદ્ધતિએ એક યંત્ર ખરીદ્યું. જેની રોકડ કિંમત ₹ ૨,૦૭,૦૦૦ હતી.

- કરાર પર સહી કરતી વખતે ₹ ૨૦,૦૦૦ ચૂકવ્યા અને બાકીની રકમ પર ₹૨૦,૦૦૦ નો એક એવા અગિયાર અર્ધવાર્ષિક હપ્તામાં વ્યાજ સહિત ચૂકવવાની હતી. પ્રથમ હપ્તો છ માસ પછી ચૂકવવાનો હતો.
- ઘટતી જતી બાકીની પદ્ધતિએ ૧૦% ઘસારો ગણવામાં આવે છે.

- ખરીદનારના ચોપડે દરેક હપ્તામાં સમાયેલ વ્યાજની ગણતરી દર્શાવવી:

(૧) યંત્ર ખાતું (૨) વેચનારનું ખાતું

(૨) વ્યાજ ખાતું ફક્ત બે વર્ષ માટે તૈયાર કરો.

**(દ. ગુ.યુ., એસ. વાય., એપ્રિલ, ૨૦૦૧ પર આધારીત)**

**જવાબ:**

(કુલ વ્યાજ ₹ ૩૩,૦૦૦, વ્યાજ અનુક્રમે ₹ ૫,૫૦૦. $(33000 \frac{૧૧}{૬૬})$અને ₹ ૫,૦૦૦, $(33000 \frac{૧૦}{૬૬})$
ઘસારો અનુક્રમે ₹ ૨૦,૭૦૦ અને ₹ ૧૮,૬૩૦.)

❖ **જ્યારે રોકડ કિંમત અને વ્યાજનો દર બંને આપવામાં ન આવે**

૪. રાજેશે એક સ્કુટર ગુજરાત મેન્યુ. કંપની લિ. પાસેથી ભાડે ખરીદ પદ્ધતિથી ૧-૪-૧૫ના રોજ ખરીદ્યું. ₹ ૬૦૦ કરાર વખતે ચૂકવ્યા, જ્યારે બાકીના ત્રણ વાર્ષિક હપ્તાઓ નીચે મુજબ ચૂકવવાના હતા.

પ્રથમ હપ્તો ₹ ૭૮૦, બીજો હપ્તો ₹ ૭૨૦ અને ત્રીજો હપ્તો ₹ ૬૬૦, હિસાબી વર્ષ તા.૩૧મી માર્ચના રોજ પૂરું થાય છે. સ્કુટર પર વાર્ષિક ૧૦% લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિ અનુસાર ઘસારો કાપવાનો છે.

ઉપરની માહિતી પરથી રાજેશના ચોપડામાં જરૂરી ખાતાંઓ તૈયાર કરો.

**જવાબ:**

(રોકડ કિંમત ₹ ૨,૪૦૦. પહેલા, બીજા અને ત્રીજા હપ્તાનું વ્યાજ અનુક્રમે ₹ ૧૮૦, ₹ ૧૨૦ અને ₹ ૬૦.ઘસારો ₹ ૨૪૦, ₹૨૧૬, ₹૧૯૪. જો રોકડ કિંમત ક્ષ હોય અને વ્યાજ ય હોય તો પહેલા, બીજા અને ત્રીજા હપ્તા નીચે મુજબ થશે : **ક્ષ + ૩ય, ક્ષ + ૨ય અને ક્ષ + ય**, સમીકરણ છોડતાં યની કિંમત ₹ ૬૦ થશે, જ્યારે ક્ષની કિંમત₹ ૬૦૦ થશે.)

**(ઉ. ગુ.યુ., એફ. વાય., એપ્રિલ, ૨૦૧૫ પર આધારીત)**

૫. વીડિયોકોન લિમિટેડે ભાડે ખરીદ પદ્ધતિએ એક ટી.વી.નું રાજશ્રીને વેચાણ કર્યુ. ડિલિવરી વખતે ₹ ૬,૦૦૦ તા. ૩૧-૩-૨૦૧૬ના રોજ₹ ૬,૨૪૦,તા. ૩૧-૩-૨૦૧૭ના રોજ ₹ ૫,૭૬૦ અને તા. ૩૧-૩-૨૦૧૮ના રોજ₹ ૫,૨૮૦ના વ્યાજ સહિતના હપ્તા ચૂકવ્યા હતા. ઘસારો વાર્ષિક ૧૦% લેખે ઘટતી જતી બાકીના દરે કાપવાનો છે.

રાજશ્રી તથા વીડિયોકોન લિમિટેડના ચોપડામાં માત્ર પ્રથમ વર્ષની જ આમનોંધ લખો. (બાબત. જે, જરૂરી ગણતરી દર્શાવો.) રાજશ્રીના ચોપડામાં ટી.વી. ખાતું પણ તૈયાર કરો.

**(દ. ગુ.યુ., એસ. વાય., એપ્રિલ, ૧૯૯૪ પર આધારીત)**

**જવાબ:**

(રોકડ કિંમત ₹ ૨૦,૪૦૦, વ્યાજ અનુક્રમે ₹ ૧,૪૪૦, ₹ ૯૬૦ અને ₹ ૪૮૦. ઘસારો અનુક્રમે ₹ ૨,૦૪૦, ₹૧,૮૩૬ અને ₹ ૧,૬૫૨.અહીં વ્યાજ અને રોકડ કિંમત બંને આપ્યાં નથી, તેથી ધારો કે છેલ્લા હપ્તામાં રોકડ કિંમત ₹ x છે અને વ્યાજ ₹ y છે. y = ₹ ૪૮૦ અને x = ₹૪,૮૦૦ આવશે.)

❖ **જ્યારે રોકડ કિંમત આપી ન હોય**

૬. કોમલે તા. ૧લી એપ્રિલ, ૨૦૧૪ના રોજ એક યંત્ર કમલ પાસેથી ભાડે ખરીદ પદ્ધતિથી ખરીદ કર્યું. ચૂકવણીની શરતો નીચે મુજબ હતી.

| | |
|---|---|
| તા. ૧-૪-૨૦૧૪ના રોજ | ₹ ૧૦,૦૦૦ |
| તા. ૩૧-૩-૨૦૧૫ના રોજ | ₹ ૯,૦૦૦ |
| તા. ૩૧-૩-૨૦૧૬ના રોજ | ₹ ૮,૦૦૦ |
| તા. ૩૧-૩-૨૦૧૭ના રોજ | ₹ ૭,૦૦૦ |
| તા. ૩૧-૩-૨૦૧૮ના રોજ | ₹ ૬,૦૦૦ |

દરેક વર્ષની શરૂઆતની બાકી ઉપર વાર્ષિક ૨૦% લેખે વ્યાજ ગણવાનું છે. વાર્ષિક ૧૦% લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ ઘસારો ગણવાનો છે.

કોમલના ચોપડામાં બધાં વર્ષ માટે આમનોંધ લખો.

જવાબઃ

(રોકડ કિંમત ₹ ૩૦,૦૦૦ અને વ્યાજ ₹ ૧૦,૦૦૦, કુલ ચૂકવણી ₹ ૪૦,૦૦૦, રોકડ કિંમત ગણવા છેલ્લા હપ્તાથી ગણતરી કરો. વ્યાજ ૨૦% હોવાથી હપ્તામાં વ્યાજનું પ્રમાણ ૨૦/૧૨૦ = ૧/૬ છે. તેથી છેલ્લા હપ્તામાં વ્યાજ ₹ ૧,૦૦૦, ત્રીજા હપ્તે વ્યાજ ₹ ૨,૦૦૦, બીજા હપ્તે વ્યાજ ₹ ૩,૦૦૦ અને પ્રથમ હપ્તે વ્યાજ ₹ ૪૦૦૦.)

૭. નિનાદે, ગૌરવ પાસેથી તા. ૧લી એપ્રિલ, ૨૦૧૪ના રોજ એક કમ્પ્યુટર ભાડે ખરીદ પદ્ધતિથી ખરીદ્યું. ચૂકવણીની શરતો નીચે મુજબ છે.

| **તારીખ** | **વ્યાજ સહિત રકમ ₹** |
|---|---|
| ૩૧-૩-૨૦૧૫ | ૯૬,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૬ | ૮૭,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૭ | ૭૮,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૮ | ૬૯,૦૦૦ |

(૧) દર વર્ષની શરૂઆતની બાકી પર વાર્ષિક ૧૫% લેખે વ્યાજ ગણવાનું છે.

(૨) ઘસારો ઘટતી જતી બાકીની પદ્ધતિએ વાર્ષિક ૧૦% લેખે ગણવાનો છે.

(૩) નિનાદના ચોપડે બધાં વર્ષોની આમનોંધ લખો.વ્યાજની ગણતરી દર્શાવો.

**(સૌ. યુનિ., એફ. વાય, એપ્રિલ, ૧૯૯૫; ગુજરાત યુનિ., એફ. વાય, એપ્રિલ, ૨૦૧૫ પર આધારીત)**

જવાબઃ

(રોકડ કિંમત ₹ ૨,૪૦,૦૦૦, વ્યાજ : પ્રથમ, બીજા, ત્રીજા અને ચોથા હપ્તામાં અનુક્રમે ₹ ૩૬,૦૦૦, ₹ ૨૭,૦૦૦, ₹ ૧૮,૦૦૦ અને ₹ ૯,૦૦૦. રોકડ કિંમત ગણવા છેલ્લા હપ્તાથી ગણતરી કરો. વ્યાજ ૧૫% હોવાથી હપ્તામાં વ્યાજનું પ્રમાણ $\frac{૧૧}{૧૧૫} = \frac{૩}{૨૩}$ થશે.

ઘસારો અનુક્રમે ₹ ૨૪,૦૦૦, ₹૨૧,૬૦૦, ₹૧૯,૪૪૦ અને ૧૭,૪૯૬.)

૮. ૧-૧-૨૦૧૫ ના રોજ મીરાએ ગીતા પાસેથી એક યંત્ર ભાડે ખરીદ પદ્ધતિએ ખરીદ્યું. અને નીચે મુજબ ચૂકવણી કરી.

| વિગત | ₹ |
|---|---|
| કરાર વખતે (૧-૧-૨૦૧૫) | ૪,૦૦૦ |
| તા. ૩૧-૧૨-૨૦૧૫ ના રોજ પ્રથમ હપ્તો | ૮,૦૦૦ |
| તા. ૩૧-૧૨-૨૦૧૬ ના રોજ બીજો હપ્તો | ૪,૦૦૦ |
| તા. ૩૧-૧૨-૨૦૧૭ ના રોજ ત્રીજો હપ્તો | ૪,૦૦૦ |

યંત્રની રોકડ કિંમત ₹ ૧૭,૨૦૦ છે. યંત્ર ઉપર ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક ૧૦% લેખે ઘસારો ગણવાનો છે.

તૈયાર કરો. (૧) મીરા અને ગીતા બંનેના ચોપડે પ્રથમ વર્ષની આમનોંધ લખો.
(૨) મીરાના ચોપડે યંત્ર ખાતું અને ગીતાનું ખાતું.

**(સૌ. યુનિ., એસ. વાય, એપ્રિલ, ૨૦૧૧,૨૦૧૫; ઉ.ગુજરાત યુનિ., એફ. વાય, એપ્રિલ, ૨૦૧૪ પર આધારીત)**

**જવાબઃ**

**(અહીં વ્યાજનો દર આપ્યો નથી. કુલ ચૂકવણી ₹ ૨૦,૦૦૦ છે.જ્યારે દરેક ચૂકવણી પછી બાકી રકમ અનુક્રમે ₹ ૧૬,૦૦૦, ₹ ૮,૦૦૦ અને ₹ ૪,૦૦૦ છે, તેથી તેનું પ્રમાણ ૪ : ૨ : ૧ છે. કુલ વ્યાજ ₹ ૨,૮૦૦ છે તે આ પ્રમાણમાં ફાળવાશે. વ્યાજ અનુક્રમે ₹ ૧,૬૦૦, ₹ ૮૦૦ અને ₹ ૪૦૦, ઘસારો અનુક્રમે ₹ ૧,૭૨૦,₹ ૧૫૪૮ અને ₹૧,૩૯૩.)**

૯. પ્રદીપે કિશોર પાસેથી ૧-૧-૨૦૧૫ના રોજ એક મોટર ભાડે ખરીદ પદ્ધતિથી ખરીદી. કરાર અંગેની વિગતો નીચે મુજબ હતી.

(૧) કરાર પર સહી કરતી વખતે તા. ૧-૧-૨૦૧૫ના રોજ ₹ ૨૫૦૦૦ ચૂકવ્યા.

(૨) વાર્ષિક હપ્તાઓ નીચે પ્રમાણે ચૂકવ્યાઃ

| | |
|---|---|
| ૩૧-૧૨-૨૦૧૫ના રોજ પ્રથમ હપ્તો | ૪૦,૦૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૬ના રોજ બીજો હપ્તો | ? |
| ૩૧-૧૨-૨૦૧૭ના રોજ ત્રીજો હપ્તો | ૨૦,૦૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૮ના રોજ ચોથો હપ્તો | ૧૨,૦૦૦ |

(૩) રોકડ કિંમત પૈકી બાકી રકમ પર વાર્ષિક ૨૦% લેખે વ્યાજ ચૂકવવાનું હતું.

(૪) મોટર પર વાર્ષિક ૧૦% લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ ઘસારો ગણવામાં આવેલો હતો.

(૫) બંને પક્ષકારોના હિસાબો દર વર્ષે ૩૧મી ડિસેમ્બરના રોજ પૂરા થાય છે.

તા. ૩૧-૧૨-૨૦૧૬ના રોજ કિશોરના ચોપડામાં નીચે મુજબ આમનોંધ લખવામાં આવી હતી.

| | | | |
|---|---|---|---|
| વ્યાજ ખાતે | ઉ. | ૧૦,૦૦૦ | |
| તે નફા-નુકસાન ખાતે | | | ૧૦,૦૦૦ |

જવાબઃ

(યંત્રની રોકડ કિંમત ₹ ૧,૦૦,૦૦૦, વ્યાજ અનુક્રમે ₹ ૧૫,૦૦૦, ₹ ૧૦,૦૦૦, ₹ ૫૦૦૦ અને ₹ ૨,૦૦૦, ઘસારો અનુક્રમે ₹ ૧૦,૦૦૦, ₹ ૯૦૦૦, ₹ ૮,૧૦૦ અને ₹ ૭,૨૯૦, બીજો હપ્તો ₹ ૩૫,૦૦૦, દરેક હપ્તામાં વ્યાજનું પ્રમાણ ૨૦/૧૨૦ છે. રોકડ કિંમત શોધવા છેલ્લા હપ્તાથી ગણતરી કરો.)

**૧૦.** તા. ૧-૧-૨૦૧૭ના રોજ ભારતીએ ભાડા ખરીદ પદ્ધતિથી ભગવતી પાસેથી એક યંત્ર ખરીદ્યું હતું. કરાર અંગેની વિગતો નીચે પ્રમાણે હતી .

(૧) ₹ ૫૦,૦૦૦ તા. ૧-૧-૨૦૧૭ના રોજ કરાર વખતે ચૂકવવા.

(૨) હપતા નીચે પ્રમાણે ચૂકવવાના હતા :

| | |
|---|---|
| પ્રથમ હપતો તા. ૩૦-૬-૨૦૧૭ના રોજ | ₹ ૬૨,૦૦૦ |
| બીજો હપતો તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ | ₹ ૫૯,૦૦૦ |
| ત્રીજો હપતો તા. ૩૦-૬-૨૦૧૮ના રોજ | ₹ ૫૬,૦૦૦ |
| ચોથો હપતો તા. ૩૧-૧૨-૨૦૧૮ના રોજ | ₹ ૫૩,૦૦૦ |

(૩) રોકડ કિંમતની બાકી રકમ પર વાર્ષિક ૧૨% લેખે વ્યાજ ગણવાનું છે.

(૪) યંત્ર પર ઘટતી જતી બાકીની પદ્ધતિથી વાર્ષિક ૧૦% ઘસારો ગણવાનો છે.

(૫) બંને પક્ષકારોના હિસાબો દર વર્ષે ૩૧ મી ડિસેમ્બરના રોજ પૂરા થાય છે.

**તૈયાર કરો :**

(૧) ભારતીના ચોપડે : યંત્ર ખાતું અને ભગવતીનું ખાતું.

(૨) ભગવતીના ચોપડે : ભારતીનું ખાતું .

**(ઉ . ગુ . યુનિ ., એફ . વાય ., એપ્રિલ , ૨૦૧૨ પર આધારીત)**

જવાબઃ

(યંત્રની રોકડ કિંમત ₹ ૨,૫૦,૦૦૦; વ્યાજ અનુક્રમે ₹ ૧૨,૦૦૦, ₹ ૯,૦૦૦, ₹ ૬,૦૦૦ અને ₹૩,૦૦૦; ૬ માસિક વ્યાજ ચૂકવવામાં આવશે. છ માસિક વ્યાજ ૬% થાય. રોકડ કિંમત શેધવા છેલ્લા હપતા ગણતરી કરો. દરેક હપતામાં વ્યાજનું પ્રમાણ ૬/૧૦૬ છે. ઘસારો ₹ ૨૫,૦૦૦ અને ₹ ૨૨,૫૦૦.)

**૧૧.** વિશાલે 'નવચેતના કમ્પ્યૂટર ગ્રાફિકસ ' સિદ્ધપુર પાસેથી તા. ૧-૪-૨૦૧૪ના રોજ એક સુપર કમ્પ્યૂટર ભાડા ખરીદ પદ્ધતિથી ખરીદ્યું. ચુકવણીની શરતો નીચે મુજબ હતી.

| તારીખ | વ્યાજ સહિત હપતો |
|---|---|
| ૩૧-૩-૨૦૧૮ | ₹ ૬,૯૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૭ | ₹ ૭,૮૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૬ | ₹ ૮,૭૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૫ | ₹ ૯,૬૦,૦૦૦ |

દર વર્ષની શરૂઆતની બાકી ઉપર વાર્ષિક ૧૫% લેખે વ્યાજ ગણવાનું છે.
ઘસારો ઘટતી જતી બાકીની પદ્ધતિથી વાર્ષિક ૧૦% લેખે ગણવાનો છે.
વિશલના ચોપડે રોકડ કિંમત તથા વ્યાજની ગણતરી દર્શાવો.

**( ઉ . ગુ . યુનિ ., એફ . વાય ., માર્ચ , ૨૦૦૯ પર આધારીત)**

જવાબઃ

(રોકડ કિંમત ₹ ૨૪,૦૦,૦૦૦, વ્યાજ અનુક્રમે ₹ ૩,૬૦,૦૦૦, ₹ ૨,૭૦,૦૦૦, ₹ ૧,૮૦,૦૦૦ અને ₹ ૯૦,૦૦૦, ઘસારો અનુક્રમે ₹ ૨,૪૦,૦૦૦, ₹ ૨,૧૬,૦૦૦, ₹ ૧,૯૪,૪૦૦, ₹ ૧,૭૪,૯૬૦. દરેક હપતામાં વ્યાજનું પ્રમાણ ૧૫/૧૧૫ છે.)

**૧૨.** તા. ૧-૧-૨૦૧૫ ના રોજ અમૃતે એક મોટર ડી . પી ઓટો લિમિટેડ પાસેથી ભાડા ખરીદપદ્ધતિથી ખરીદી. કરાર વખતે ₹ ૮,૦૦૦ ચૂકવ્યા અને બાકીની રકમ ચાર વાર્ષિક હપતાઓમાં નીચે પ્રમાણે ચૂકવવાની છે.

| તારીખ | હપતો ₹ |
|---|---|
| ૩૧-૧૨-૨૦૧૫ | ૧૬,૨૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૬ | ૧૪,૦૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૭ | ૧૧,૯૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૮ | ૯,૯૦૦ |

ડી . પી ઓટો લિમિટેડ બાકી રકમ પર ૧૦% વ્યાજ ગણે છે. મોટર પર ઘટતી જતી બાકીની પદ્ધતિએ ૧૦% ઘસારો ગણો. અમૃતનું હિસાબી વર્ષ ૩૧ મી ડિસેમ્બરના રોજ પૂરું થાય છે.

અમૃતના ચોપડામાં મોટર ખાતું અને ડી . પી ઓટો લિમિટેડનું ખાતું તેમ જ ડી . પી ઓટો લિમિટેડના ચોપડામાં અમૃતનું ખાતું તૈયાર કરો.

**(દ . ગુ . યુનિ ., એફ . વાય., માર્ચ, ૨૦૦૯, ઉ . ગુ . યુનિ ., એફ . વાય ., એપ્રિલ, ૨૦૧૪ પર આધારીત)**

જવાબઃ

(મોટરની રોકડ કિંમત ₹ ૫૦,૦૦૦, વ્યાજ અનુક્રમ ₹ ૪,૨૦૦, રૂ.3000, ₹ ૧,૯૦૦ અને ₹ ૯૦૦, ઘસારો અનુક્રમે ₹ ૫,૦૦૦, ₹ ૪,૫૦૦, ₹ ૪,૦૫૦ અને ₹ ૩,૬૪૫ દરેક હપતામાં વ્યાજ નું પ્રમાણ ૧૦/૧૧૦=૧/૧૧ થશે. રોકડ કિંમત ગણવા માટે છેલ્લા હપતાથી ગણતરી કરો.)

# પ્રકરણ ૨

# આડતમાલના હિસાબો


૨.૧ પ્રાસ્તાવિક

૨.૨ આડતમાલ નો અર્થ

૨.૩ આડતમાલ અને વેચાણ નો તફાવત

૨.૪ કાચું ભરતિયું

૨.૫ ભરતિયા કિંમતે નોઘ કરવાની પદ્ધતિ

૨.૬ આસામી આડત

૨.૭ આસામી આડત અંગે હિસાબી નોઘો

૨.૮ આડત પર મોકલેલ માલ અંગે સામાન્ય નુકસાન અને અસામાન્ય નુકસાન

૨.૯ સ્વાધ્યાય

# પ્રકરણ ૨
# આડતમાલના હિસાબો

## ૨.૧ પ્રાસ્તાવિક

આજના ૨૧ મી સદીના આધુનિક અને ગળાકાપ હરીફાઈના સમયમાં પ્રત્યેક વેપારીએ પોતાનું વેચાણ વધારવા ફક્ત સ્થાનિક બજારો પર જ નિર્ભર રહે તો પરવડી શકે નહી. આથી તેઓ દેશના અલગ અલગ વિસ્તારોમાં ઉપરાંત પરદેશમાં માલ-સામાન કે ચીજવસ્તુઓનું વેચાણ કરવા માટેનાં પ્રયત્નો કરે છે. પરંતુ ઘણીવાર એવી શક્યતાઓ રહેલી છે, પરદેશમાં કે દેશના અલગ અલગ વિસ્તાર કે શહેરમાં શાખાઓ ચાલુ કરવા માટે પૂરતા નાંણા અને જરૂરી સાધનો ના પણ હોય. આવી પરિસ્થિતિમાં વેપારીઓ જે વિસ્તાર કે શહેરમાં અથવા પરદેશમાં વેપાર કરવા માગતો હોય એટલે કે વેચાણ કરવા માંગતો હોય ત્યાંના કોઈ નામાંકિત વેપારીનો સંપર્ક કરી પોતાના માલ-સામાનના વેચાણ અંગે વ્યવસ્થા કરે છે. આવી વ્યવસ્થાને આડતમાલ (Consigment) કહે છે. આ પદ્ધતિમાં વેપારીએ અન્ય સ્થળે શાખા કે દુકાન શરૂ કરવા માટે નાંણા રોકાણ ની જરૂરિયાત રહેતી નથી. અહી પરદેશ કે દેશનાં અન્ય શહેરનાં પ્રતિષ્ઠિત વેપારીને આડતિયા કે એજન્ટ તરીકે નીમવામાં આવે છે. અહી માલધારી પોતાના જોખમે અને હિસાબે માલ-સામાનનું વેચાણ કરવા મોકલે છે. આડતિયા કે મારફતિયાને કમિશન આપવામાં આવે છે. તેઓ ત્યાંના સ્થાનિક બજાર અને પરિસ્થિતિથી વાકેફ હોવાથી વેચાણ વધારવા ખૂબ જ મહત્વના સાબિત થાય છે.

## ૨.૨ આડતમાલ નો અર્થ

સરળ શબ્દોમાં કહીએતો, દેશના અલગ અલગ વિસ્તારો કે શહેરોમાં કે પરદેશમાં પોતાના જોખમે અને હિસાબે આડતિયાને કમિશનથી માલ-સામાનનું વેચાણ કરવાની પદ્ધતિ એટલે આડતમાલ કહે છે. કાર્ટરના મતે ‘‘માલનો અમુક જથ્થો એક સ્થળેથી બીજે સ્થળે, સામાન્ય રીતે પરદેશમાં, કમિશનથી વેચાણ માટે એજન્ટને મોકલવો, તેને મોકલેલ આડતમાલ કહે છે.’’

- જે વ્યક્તિ વેચાણ માટે માલ-સામાન મોકલે છે તે વ્યક્તિને માલધણી કહે છે, અને જે વ્યક્તિને માલ-સામાનનું વેચણ કરવા માટે મોકલવામાં આવે છે તેને આડતિયો કહે છે.
- માલધણી માટે આવો માલ-સામાન મોકલેલ આડતમાલ અને આડતિયા માટે મળેલ આડતમાલ તરીકે ઓળખવામાં આવે છે.

## ૨.૩ આડતમાલ અને વેચાણનો તફાવત

| ક્રમ | મુદ્દાઓ | આડતમાલ | વેચાણ |
|---|---|---|---|
| ૧. | માલિકી | માલની મલિકી આડતિયાને મળતી નથી. તે માલધાણીની જ રહે છે. | માલની માલિકી વેચનાર મારફતે ખરીદનારની થાય છે. |
| ૨. | સંબંધ | માલધણી અને આડતિયાનો સંબંધ માલિક અને એજન્ટ તરીકેનો છે. | ખરીદનાર વેચનાર થવાથી માલની કિંમત માટે દેવાદાર અને માલ વેચનાર લેણદાર બને છે આમ, દેવાદાર અને લેણદાર તરીકેનો સંબંધ ઊભો થાય છે. |
| ૩. | માલપરત | આડતિયો માલ-સામાનનું વેચાણ ના થાય તો માલપરત કરી શકે છે. | માલ-સામાન વેચાણ થઈ ગયા પછી માલ વેચનાર માલ પરત લેવા બંધાયેલ નથી. |
| ૪. | નુકસાનનું | આડતમાલમાં નુકસાનનું જોખમ | માલિકી વેચનાર પાસેથી ખરીદનાર પાસે આવતી |

| | | | |
|---|---|---|---|
| | જોખમ | માલધણી ભોગવે છે. | હોવાથી માલનું નુકસાન માલ ખરીદનાર સહન કરે છે. |
| ૫. | વેચાણ પછીના ખર્ચાઓ | આડતમાલ અંગેના બધા ખર્ચાઓ માલધણી ચુકવે છે. | વેચાણ કરારમાં વેચાણ પછીના ખર્ચા માલ ખરીદનાર કે ગ્રાહકે ભોગવવાનાં હોય છે. |
| ૬. | મોકલેલ ભરતિયું | માલધણી માલ મોકલે તે સાથે ભરતિયું તૈયાર કરે છે જેને કાચા ભરતિયાં તરીકે ઓળખવાંમા આવે છે. | જ્યારે વેચાણ કરારમાં માલ વેચનાર ખરીદનારને ખરીદી બદલ બિલ કે યોગ્ય ભરતિયું આપે છે. |
| ૭. | લેખિત કે મૌખિક | આડતમાલનો કરાર લેખિત હોય છે. | વેચાણ કરાર લેખિત કે મૌખિક કોઈ પણ હોઈ શકે પરંતુ લેખિત હોવું વધુ હિતાવહ છે. |
| ૮. | ભાવ વધારાનો લાભ | માલિકી માલધણીની હોવાથી ભાવ વધારાનો લાભ માલધણી ને જ મળે છે. | માલિકી વેચનાર પાસેથી ખરિદનારને મળતો હોવાથી વેચાણ પછી થતો ભાવ વધારાનો લાભ ખરિદનારને મળે છે. |

## ૨.૪ કાચું ભરતિયું

આડતમાલની પધ્ધતિમાંમાં માલધણી માલ-સામાનનું વેચાણ કરવા માટે મોકલે છે તેની સાથે એક ભરતિયું પણ મોકલે છે, જેમા માલ-સામાનની બધીજ માહિતી જેવી કે માલ-સામાનની કિંમત, વજન, સંખ્યા, જથ્થો વગેરે હોય છે. આવા ભરતિયાંને કાચા ભરતિયાં તરીકે ઓળખવામાં આવે છે. આડતમાલની પધ્ધતિમાં માલધણી અને આડતિયા વચ્ચે માલિક-એજન્ટનો સંબંધ ઊભો થતો હોવાથી આડતિયાને માલની જરૂરી બધી માહિતી આપવાના હેતુથી કાચુ-ભરતિયું તૈયાર કરવામાં આવે છે.

❖ **કાચા ભરતિયા નો નમૂનો**

ફોન નં- ૬૩૫૯૮૭૬

ધી મારૂતિ ટ્રેડિંગ કોર્પોરેશન
સ્ટેશન રોડ, આંણદ

અમારા હિસાબ અને જોખમો તમોને મેસર્સ શુકલા બ્રધર્સ ને આડતથી વેચવા મોકલેલ માલનું ભરતિયું.

| નંગ | વિગત | ₹ | ₹ |
|---|---|---|---|
| ૫૦૦૦ જોડી | નાઈસ શર્ટસ 'પ્રિન્ટેડ' માર્કાવાળા સાઈઝ M | ૩૦૦ | ૧૫,૦૦,૦૦૦ |
| | ચૂકવેલ ખર્ચા | | |
| | મજૂરી ૨,૦૦૦ | | |
| | વીમો ૫,૦૦૦ | | |
| | રેલ્વેનૂર ૭,૦૦૦ | | |
| | પરચૂરણખર્ચ ૧,૫૦૦ | | ૧૫,૫૦૦ |
| | | | ૧૫,૧૫,૫૦૦ |

ભૂલચૂક લેવીદ્વી
આણંદ
એમ.બી.ટગરિયા
તા.૧૫-૧૦-૨૦૧૮ મેનેજર

➢ સામાન્ય રીતે કાચા ભરતિયાંમાં માલ-સામાનની મૂળકિંમત દર્શાવવામા આવતી હોય છે. પરંતુ ઘણીવાર માલધણી મૂળકિંમત ન જણાવતા મૂળકિંમત પર અમૂક ટકા નફો ચઢાવીને કિંમત લખે છે જેને ભરતિયાં કિંમત પણ કહે છે. જેનો ઉદ્દેશ આડતિયા કે એજન્ટને માલના વેચાણ પર કેટલો નફો મળે છે. તેની માહિતી અંગે ગુપ્તતા રાખવાનો હોય છે. જો ઘણીવખત આવી ગુપ્તતા ના રાખે તો આડતિયો જાતે જ પોતાના નામે વેચાણ કરવાનું શરૂ કરીને માલધણી સમક્ષ હરીફાઈ કરવા સામે ઊભો થાય તેવી શક્યતા રહેલી હોય છે.

**૨.૫ ભરતિયા કિંમતે નોધ કરવાની પધ્ધતિ**

**૧. મોકલેલ માલની હવાલા નોંધ**

આડત પર મોકલેલ માલ ખાતે ઉ

તે આડત માલ ખાતે

(બા.જે. આડત પર મોકલેલ માલની કિંમત પર ચઢાવેલ નફા નો હવાલો) ઉપર ની નોંધ મૂળકિંમત પર ચઢાવેલ નફા જેટલી રકમ અંગેની જ થશે.

**૨. આખર સ્ટોક અંગે**

આડ્તમાલ ખાતે ઉ

તે આડ્તમાલ સ્ટોક અનામત ખાતે

(બા.જે. આડતમાલના આખરસ્ટોકમાં ચઢાવેલ નફા અંગેનો હવાલો)

આખર સ્ટોકમાં સમાયેલ નફો 'આડત માલ સ્ટોક અનામત' કે 'આડત માલ સ્ટોક ઊપલક' ખાતે લઈ જવામા આવે છે.

**૨.૬ આસામી આડત**

આડતમાલની પધ્ધતિમાં ઉધાર વેચાણ અંગેના નાંણાની જવાબદારી માલધણીની હોય છે. આડતિયાને કોઈ જવાબદારી હોતી નથી તેને વેચાણ પર અમુક નિશ્ચિત ટકાના દરે આડત કે કમિશન આપવામા આવે છે. પંરતુ ઘણીવાર દેશના અલગ-અલગ વિસ્તારો કે પરદેશના ગ્રાહકોને માલધણી ઓળખતો ન હોવાથી ઉધાર વેચાણમાંથી ઊભી થતી ઘાલખાધની શક્યતા રહેલી છે. તેથી આ માટે આડતિયાને જવાબદારી આપવી વધુ હિતાવહ છે. એટલે આડતિયાને ઉધાર વેચાણ અંગેની જવાબદારી સ્વીકારવા બદલ વધારાની આડત આપવામાં આવે છે. જેને આસામી આડત કહેવામાં આવે છે. અહી ઉધાર વેચાણના નાંણા આડતિયા દ્વારા ચૂકવવાંમા આવે છે અને જો ઘાલખાધ ઉદભવે તો તે પોતે જ ભોગવે છે.

❖ **આસામી આડત ની ગણતરી માટેના પગલા**

૧. જયારે દાખલામાં ઉધાર વેચાણ અલગથી દર્શાવેલ હોય ત્યારે આસામી આડત ફક્ત ઉધાર વેચાણ પર જ ગણવી. આધુનિક વલણ મુજબ આસામી આડત કુલ વેચાણ પર ગણવામા આવે છે.

૨. માલધણી એ કરેલ ભલામણથી આડતિયો ઉધાર વેચાણ કરે તો આસામી આડત ગણવામાં આવશે નહી.

૩. જ્યારે દાખલામાં રોકડ અને ઉધાર વેચાણ અલગ ન આપેલ હોય ત્યારે કુલ વેચાણ પર આસામી આડત ની ગણતરી કરવી. પૂરેપૂરુ વેચાણ ધારીને ગણતરી કરવામાં આવશે.

૪. જ્યારે દાખલામાં આપેલ વાક્યરચના પરથી ઉધાર વેચાણ નક્કી થઇ શકતું હોય તો ઉધાર વેચાણ પર જ આસામી આડતની ગણતરી એટલે કે, દાખલા માં વાક્યરચના ખાસ ધ્યાન માં લેવી.

**૨.૭ આસામી આડત અંગે હિસાબી નોંધો**

**અ. માલધણીના ચોપડે**

૧. ઉધાર વેચાણ પર આસામી આડત આપવામાં આવે ત્યારેઃ તો તે આડતમાલ ખાતે ઉધારવામાં આવે છે અને આડતિયા ખાતે જમા કરવામાં આવશે. માલધણીના ચોપડે નોંધ થશે નહી કારણ કે ઉધાર વેચાણથી જો ઘાલખાધ ઉદ્દભવે તો તે આડતિયો ભોગવે છે.

૨. જ્યારે આસામી આડત આપવામાં ના આવતી હોય ત્યારેઃ અહી નુકસાન માલધણી એ પોતે જ ભોગવવાનું હોય છે. તેથી ઘાલખાધની કુલ રકમ આડતિયા ખાતે જમા કરવાંમા આવશે અને આડતમાલ ખાતે ઉધારવામાં આવશે.

૩. માલધણીની ભલામણથી ઉધાર વેચાણ કરવામાં આવે ત્યારેઃ અહી પણ નુકસાન માલધણી એ જ ભોગવવાનું હોય છે. તેથી આડતમાલ ખાતે ઉધારી આડતિયા ખાતે જમા કરવામાં આવશે.

**બ. આડતિયાનાં ચોપડે**

૧. આસામી આડત આડતિયાને આપવામાં આવે ત્યારે : અહી માલધણી પાસેથી રકમ લેવાની હોવાથી માલધણી ખાતે ઉધારવામાં આવશે અને આડતિયાને એટલી રકમ મળતી હોવાથી આવક તરીકે આડત ખાતે જમા કરવામાં આવશે.

આ સંજોગોમાં જ્યારે ઘાલખાધની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ઘાલખાધ જેટલી રકમ આડત ખાતે ઉધારવામાં આવશે અને આડતમાલના ગ્રાહક ખાતે જમા થશે. કારણ કે જો આસામી આડત આપવામાં આવે ત્યારે ઘાલખાધનું નુકસાન આડતિયાએ પોતે જ સહન કરવું પડે છે.

આમ ઉપરોક્ત સંજોગોમાં નીચે પ્રમાણે આમનોંધ થશે

૧. બેન્ક ખાતે ઉ
ઘાલખાધ ખાતા ઉ
તે આડતમાલના ગ્રાહક ખાતે

૨. મળેલ આડત ખાતે ઉ
તે ઘાલખાધ ખાતે

૨. આસામી આડત આડતિયાને મળતી ના હોય ત્યારેઃ
માલધણી ખાતે ઉ
તે આડતમાલ ગ્રાહક ખાતે
(બા.જે : ઘાલખાધ ની રકમ લેવાશે.)

૩. માલધણીની ભલામણથી કરેલ ઉધાર વેચાણ અંગેઃ
માલધણી ખાતે ઉ
તે આડતમાલ ગ્રાહક ખાતે

## ૨.૮ આડત પર મોકલેલ માલ અંગે સામાન્ય નુકસાન અને અસામાન્ય નુકસાન.

### ૧. સામાન્ય નુકસાન

જે નુકસાન અમુક માલ-સામાનના ગુણધર્મને કારણે થતો હોય અને અમુક ઘટ પડતી હોય એટલે તેને અટકાવી શકાતો ના હોય તેને 'સામાન્ય નુકસાન' કહેવાય છે. દા.ત. બાષ્પીભવનથી પેટ્રોલ ખુલ્લું રહેવાથી ઊડી જાય. વગેરે સામાન્ય નુકસાન અનિવાર્ય હોવાથી તેનું નુકસાન આડતમાલ ખાતાથી જ ભોગવવાંમા આવશે. આમ કરવાથી આડતમાલ ખાતાનો નફો ઓછો થશે.

ઉપરાંત સામાન્ય નુકસાન થવાથી આખરસ્ટોકની કિંમતમાં પ્રમાણસર વધારો થશે.

$$\text{આવક સ્ટોકની પ્રમાણસર કિંમત} = \frac{\text{આડતિયાને મળેલ માલની રકમ}}{\text{આડતિયાને મળેલ સામાન્ય જથ્થો} \times \text{આ.સ્ટોક (એકમમાં)}}$$

(સા.નુકસાન બાદ કર્યા પછી.)

દા.ત. ₹ ૧,૦૦૦ નો ૫૦ કિલો માલ ખરીદ્યો પણ માલ મોકલતાં ૧૦ કિલો ઘટ પડી, જે સામાન્ય છે. એટલે વેચવા લાયક ૫૦ કિલો માલની કિંમત ₹ ૧,૦૦૦ ગણાય. એટલે એક કિલોનો ભાવ ₹ ૨૫ ગણાય જ્યારે ખરીદ કિંમત ₹ ૨૦ થશે.

$$\text{આમ,} \quad ₹\ ૧,૦૦૦ \times \frac{\text{૫૦ કિલા}}{\text{૪૦ કિ.ગ્રા}}$$

$$= ₹\ ૧,૨૫૦$$

### ૨. અસામાન્ય નુકસાન

જે નુકસાન નહિ ધારેલ કે આકસ્મિક હોય અથવા અનિશ્ચિત હોય તેને અસામાન્ય નુકસાન કહે છે.

દા.ત. આગથી નાશ પામેલ માલ, ચોરાઈ ગયેલ માલ વગેરે.

આમનોંધ: અસામાન્ય નફા નુકસાન ખાતે ઉ
તે આડતમાલ ખાતે

જ્યારે માલ અંગે વીમો લેવામાં આવ્યો હોય ત્યારે
વીમા કંપની ખાતે ઉ
તે આડતમાલ ખાતે

જ્યારે પૂરેપૂરી રકમનો વીમોનાં હોય ત્યારે
વીમા કંપની ખાતે ઉ
સામાન્ય નફા નુકસાન ખાતે ઉ
તે આડતમાલ ખાતે

દા.ત. ₹ ૧૦,૦૦૦ ની મૂળ કિંમતનો માલ રસ્તામાં ચોરાઇ ગયો અને વીમા કંપનીએ ₹ ૬,૦૦૦ નો દાવો મંજૂર કર્યો. અહી ₹ ૪,૦૦૦ ની ખોટ થશે જે સામાન્ય નફા નુકસાન ખાતુ ઉધારાશે .

| | | | |
|---|---|---|---|
| વીમા કંપની ખાતે | ઉ | ૬,૦૦૦ | |
| અસામાન્ય નફા નુકસાન ખાતે | ઉ | ૪,૦૦૦ | |
| તે આડતમાલ ખાતે | | | ૧૦,૦૦૦ |

ઉપર્યુકત આમનોંધોને યાદ રાખી શકાય તેવા વ્યવસ્થિત કોઠાના સ્વરૂપમાં નીચે પ્રમાણે દર્શાવી શકાય.

| માલધણીના ચોપડે આમનોંધ | | |
|---|---|---|
| વ્યવહારની વિગત | ઉધાર થતું ખાતું | જમા થતું ખાતું |
| (૧) આડતિયાને વેચવા માટે માલ મોકલવામાં આવે ત્યારે | આડતમાલ ખાતે...ઉ | તે આડતથી વેચવા મોકલેલ માલ ખાતે |
| (૨) માલધણી ખર્ચા ચૂકવે ત્યારે | આડતમાલ ખાતે...ઉ | તે રોકડ/બેન્ક ખાતે |
| (૩)આડતિયા તરફથી એડવાન્સની ચૂકવણી કરવામાં આવે ત્યારે | રોકડ/બેંક/લેણી હૂંડી ખાતે.ઉ | તે આડતિયા ખાતે |
| (૪)માલધણી હૂંડી વટાવે ત્યારે | રોકડ ખાતે...ઉ<br>આડતમાલ(વટાવ) ખાતે...ઉ | તે આડતમાલ ખાતે |
| (૫) આડતિયા તરફથી વેચાણ આંકડો મળે ત્યારે | આડતિયા ખાતે..ઉ | તે આડતમાલ ખાતે |
| આડતિયાને આસામી આડત આપવામાં આવતી ન હોય અને ધાલખાધ થાય ત્યારે | આડતમાલ ખાતે...ઉ | તે આડતિયા ખાતે |
| (૬)આડતિયા દ્વારા ખર્ચ ચૂકવવામાં આવે ત્યારે | આડતમાલ ખાતે...ઉ | તે આડતિયા ખાતે |
| (૭) આડતિયાને ચૂકવવાપાત્ર આડત થાય ત્યારે | આડતમાલ ખાતે...ઉ | તે આડતિયા ખાતે |
| (૮)આડતિયા સાથે હિસાબી પતાવટ કરવામાં આવે ત્યારે | રોકડ/બેંક/લેણી હૂંડી ખાતે..ઉ | તે આડતિયા ખાતે |
| (૯)આડત માલનો આખર સ્ટોક ચોપડે લાવવામાં આવે ત્યારે | આડતમાલ સ્ટોક ખાતે...ઉ | તે આડતમાલ ખાતે |
| (૧૦)<br>(અ)આડતમાલનો નફો થાય ત્યારે<br>(બ)નુકશાન થાય ત્યારે | આડતમાલ ખાતે...ઉ | તે નફાનુકશાન ખાતે |
| (૧૧)આડતથી મોકલેલ માલ ખાતું બંધ કરવામાં આવે ત્યારે | આડતથી મોકલેલ માલ ખાતે...ઉ | તે વેપાર ખાતે |

| આડતિયાના ચોપડે આમનોંધ | | |
|---|---|---|
| (૧) માલધણીને એડવાન્સની ચૂકવણી કરવામાં આવે ત્યારે | માલધણી ખાતે...ઉ | તે રોકડ/બેંક/દેવી હૂંડી ખાતે |
| (૨)માલધણીને વેચાણ આંકડો મોકલવામાં આવે ત્યારે | રોકડ ખાતે.....ઉ<br>દેવાદારો(ઉ.વે)ખાતે...ઉ<br>ખરીદ ખાતે...ઉ | તે માલધણી ખાતે |

| | | |
|---|---|---|
| (૩)ઉધાર વેચાણના<br>(અ) નાણાં આડતિયો મેળવે ત્યારે<br>(બ) આસામી આડતના સંજોગોમાં ધાલખાધ પડે ત્યારે<br>(ક) સામાન્ય સંજોગોમાં ધાલખાધ પડે ત્યારે | રોકડ/બેંક ખાતે.....ઉ<br>ધાલ-ખાધ ખાતે...ઉ<br>માલધણી ખાતે...ઉ | તે દેવાદાર ખાતે<br>તે દેવાદાર ખાતે<br>તે દેવાદાર ખાતે |
| (૪)આડતિયા દ્વારા ખર્ચ ચૂકવવામાં આવે ત્યારે | માલધણી ખાતે ...ઉ | તે રોકડ ખાતે |
| (૫) (અ)મળવાપાત્ર આડત થાય ત્યારે<br>(બ) ધાલખાધનું નુકશાન આડત સામે માંડી વાળવામાં આવે ત્યારે | માલધણી ખાતે ...ઉ<br>આડત ખાતે...ઉ | તે આડત ખાતે<br>તે ધાલખાધ ખાતે |
| (૬)હિસાબ પેટે રકમ ચૂકવે ત્યારે | માલધણી ખાતે...ઉ | તે રોકડ/બેંક/હૂંડી ખાતે |

**માલધણીના ચોપડામાં ખાતાવહીઃ-**

ઉપરની આમનોંધોની ખતવણી કરવાથી માલધણીની ખાતાવહીમાં નીચે મુજબનાં ખાતા તૈયાર કરવામાં આવે છે.

(૧)આડતમાલનું ખાતુ (૨)આડતિયાનું ખાતું (૩) દેવાદારોનું ખાતું(જો આસામી આડત આપેલી ના હોય અને માલનું ઉધાર વેચાણ કરેલ હોય તો) (૪)આડતથી વેચવા મોકલેલ માલ ખાતું.

આ ચારેય ખાતાનાં નમૂના નીચે આપવામાં આવેલ છે.

ઉ. (૧)આડતમાલ ખાતું જ.

| તા. | વિગત | ₹ | તા. | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| | આડતથી મોકલેલ માલ ખાતે : (મોકલેલ માલની રકમ) | --- | | આડતિયા ખાતેઃ (વેચાણ) (દેવાદારો) | --- |
| | રોકડ ખાતે : (માલધણીના ખર્ચ) | --- | | વીમા કંપની ખાતેઃ (નુકશાની પામેલ માલ અંગે સ્વીકારેલ દાવો) | --- |
| | લેણીહૂડી ખાતે : (હૂંડી વટાવ) | --- | | ન.નુ. ખાતે : (નુકશાન પામેલ માલ પર થયેલ નુકશાન) | --- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | આડતિયા ખાતે :<br>(આડતિયાના ખર્ચ) | --- | | આડતથી વેચવા મોકલેલ માલ ખાતે :<br>(પરત આપેલો માલ) | --- |
| | આડતિયા ખાતે :<br>(આપવાની આડત) | --- | | આખર સ્ટોક ખાતે :<br>(મૂળ કિંમત વતા પ્રમાણસરના ખર્ચા) | --- |
| | ન.નુ. ખાતે :<br>(નુકશાની માલ અંગે થયેલ નફો ) | --- | | બાકી : સા.ન.નુ. ખાતે : (આડત-માલની ખોટ) | --- |
| | બાકીઃ સા.ન.નુ. ખાતે<br>(આડત માલનો નફો) | --- | | | |
| | | ---- | | | ---- |

ઉ. (૨) આર્ડતિયાનું ખાતું જ.

| તા. | વિગત | ₹ | તા. | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| | આડતમાલ ખાતે :<br>(વેચાણ) | --- | | રોકડ/બેંક/લેણી હૂંડી ખાતે :<br>(આડતિયા તરફથી મળેલ એડવાન્સ) | --- |
| | દેવાદારો ખાતે :<br>(ઉ. વેચાણની ઉઘરાણી) | --- | | આડતમાલ ખાતે :<br>(આડતિયાએ માલ મેળવતાં અને માલ વેચતાં ચૂકવેલ ખર્ચ) | --- |
| | | | | આડત માલ ખાતે :<br>(આડતની રકમ) | --- |
| | | | | રોકડ/બેંક/લેણી હૂંડી ખાતે :<br>(હિસાબ ચૂકતે કરતાં) | --- |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | ---- | | | ---- |

આ ખાતામાં છેલ્લે હિસાબ ચૂકતે થયો તેમ ધાર્યું છે. જો ચૂકતે ન થયો હોય તો ખાતામાં ઉ. બાકી આગળ ખેંચાય છે. ત્યાં લખાય કે બાકી આગળ લઇ ગયા.

(૩)જ્યારે આડતિયાને સામાન્ય આડત આપી હોય અને તેણે ઉધાર વેચાણ કરેલ હોય ત્યારે જ દેવાદારોનું ખાતું તૈયાર કરવું પડે છે.

ઉ. દેવાદારોનું ખાતું જ.

| તા. | વિગત | ₹ | તા. | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| | આડતમાલ ખાતે : (સા. આડત મેળવનાર આડતિયાએ માલધણીના જોખમે કરેલા ઉધાર વેચાણની રકમ) | --- | | આડતિયા ખાતે : (આડતિયો ઉઘરાણી મેળવે તો) | --- |
| | | | | રોકડ/બેંક ખાતે : (માલધણી બારોબાર રકમ ઉઘરાવે તેના) | --- |
| | | | | આડતમાલ ખાતે : (ઉઘરાણી પૈકી વસૂલ ના થઇ શકે તેવી રકમ) | --- |
| | | | | બાકી: આગળ લઇ ગયા | --- |
| | | ---- | | | ---- |

ઉ. આડતથી વેચવા મોકલેલ માલ ખાતું જ.

| તા. | વિગત | ₹ | તા. | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| | આડતમાલ ખાતે : (વર્ષ દરમિયાન આડતિયાએ પરત કરેલો માલ) | --- | | આડતામાલ ખાતે : (વર્ષ દરમિયાન મોકલેલા માલની રકમ) | --- |
| | બાકી : વેપાર ખાતે લઇ ગયા : (ખાતું બંધ કરવા માટે હવાલા નોંધ) | --- | | | |
| | | ---- | | | ---- |

માલધણીના ચોપડામાં સામાન્ય રીતે આડતમાલ ખાતું અને આડતિયાનું ખાતું બનાવાય છે. દેવાદારોનું ખાતું ઉપર દર્શાવેલ વિશિષ્ટ સંજોગોમાં પણ ઉધાર વેચાણના ગ્રાહકોનાં આતા માલધણીના ચોપડામાં દોરવા જોઇએ. પણ આડતિયાએ ઉઘરાણીની પૂરી રકમ વસૂલ કરી આપવાની ખાતરી આપેલી છે અને તે વેચાણ આંકડો મોકલતા પહેલા મોટાભાગની ઉઘરાણી વસૂલ કરી લેતો હોવાથી સરળતા ખાતર જ ઉધાર વેચાણની રકમ આડતિયા ખાતે ઉધારવાનો રીવાજ વધુ પ્રચલીત બનેલો છે.

**આડતિયાના ચોપડામાં ખાતાવહી :** આડતિયાની ખાતાવહીમાં ''માલ-ધણીનું ખાતું '' તૈયાર કરવામાં આવે છે તેમજ પોતાને 'મળેલ કમિશન' નું ખાતું પણ ક્યારેક તૈયાર કરવામાં આવે છે. આ ખાતાના નમૂના નીચે આપવામાં આવેલ છે.

ઉ. માલધણીનું ખાતું જ.

| તા. | વિગત | ₹ | તા. | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| | રોકડ/બેંક/દેવી હૂંડી ખાતે : (આડત માલ અંગે એડવાન્સ) | --- | | રોકડ ખાતે : (આડત માલના વેચાણના) | --- |
| | રોકડ/બેન્ક ખાતે : (ચૂકવેલ ખર્ચના) | --- | | દેવાદાર ખાતે : (ઉધાર વેચાણના) | --- |
| | આડત ખાતે : (લેણી થયેલ આડત) | --- | | ખરીદ ખાતે : (પોતાના ઉપયોગ માટે રાખેલ માલ) | --- |
| | રોકડ/બેંક/દેવી હૂંડી ખાતે : (હિસાબ ચૂકતે રકમ) અથવા બાકી આગળ લઈ ગયા. | --- | | | |
| | | | | | |
| | | ---- | | | ---- |

ઉ. આડત (કમિશન)નું ખાતું જ.

| તા. | વિગત | ₹ | તા. | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| | ધાલખાધ ખાતે : (જો આસામી આડત હોય તો ધાલખાધની રકમ આડત સામે માંડી વાળી) | --- | | માલધણી ખાતે : (આડત) | --- |
| | બાકી : ન.નુ ખાતે | --- | | | |
| | | ---- | | | ---- |

નોંધઃ નીચેની વિગતોની કોઇ અસર આડતિયાના ચોપડે થતી નથી.

૧. માલધણી મૂળ કિંમત ઉપર અમુક ટકા નફો ચઢાવીને કાચું ભરતિયું બનાવે.

૨. આડત પર મળેલ માલને નુકશાન થાય.

આ વ્યવહારો સાથે આડતિયાને કંઇ નિસ્બત નથી.

**ઉદાહરણ ૧.** અમદાવાદના (અ) એ ₹ ૫૦,૦૦૦ ની કિંમતનો માલ કોલકત્તાના (બ) પર આડતથી વેચવા મોકલ્યો. માલ મોકલતાં રેલ્વેનૂર અને મજૂરીના ₹ ૪,૦૦૦ ચૂકવ્યા. (બ) અને (અ) ની લખેલી ₹ ૨૦,૦૦૦ ની હૂંડી સ્વીકારી, જે (અ) એ રૂ.૬૦૦ વટાવ આપી વટાવી. (બ) એ માલ છોડાવતાં ₹ ૨,૦૦૦ ખર્ચ કર્યો. તેમણે બધો માલ ₹ ૭૦,૦૦૦ માં વેચી દીધો. તેમને વેચાણ પર ૫% આડત આપવાની છે. (બ)

એ બાકીની રકમનો બેન્ક ડ્રાફ્ટ (અ) ને મોકલી તેમણે હિસાબ ચૂકતે કર્યો. બંને પક્ષકારોના ચોપડામાં જરૂરી આમનોંધ આપો અને ખાતાં તૈયાર કરો.

જવાબ :

(અ) ના ચોપડામાં આમનોંધ

| તારીખ | વિગતો | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| ૧ | આડત માલ ખાતે ઉ | | ૫૦,૦૦૦ | - |
| | તે આડત પર મોકલેલ માલ ખાતે | | - | ૫૦,૦૦૦ |
| | (બા. જે. ₹ ૫૦૦૦૦ કિંમતનો માલ (અ) એ આડત પર વેચવા મોકલ્યો) | | | |
| ૨ | આડત માલ ખાતે ઉ | | ૪,૦૦૦ | - |
| | રોકડ ખાતે | | - | ૪,૦૦૦ |
| | (બા. જે. ₹ ૪૦૦૦ રેલ્વે નૂર અને મજૂરીના ચૂકવ્યા) | | | |
| ૩ | લાણી હૂંડી ખાતે ઉ | | ૨૦,૦૦૦ | - |
| | તે (બ) ખાતે | | - | ૨૦,૦૦૦ |
| | (બા. જે. આપણે લખેલી હૂંડ(બ) એ સ્વીકારી) | | | |
| ૪ | રોકડ ખાતે ઉ | | ૧૯,૪૦૦ | - |
| | આડત માલ ખાતે (વટાવ) | | ૬૦૦ | - |
| | તે લેણી હૂંડી ખાતે | | - | ૨૦,૦૦૦ |
| | (બા. જે. હૂંડી ₹ ૬૦૦ વટાવ આપી વટાવી) | | | |
| ૫ | આડત માલ ખાતે ઉ | | ૨,૦૦૦ | - |
| | તે (બ) ખાતે | | - | ૨,૦૦૦ |
| | (બા. જે. (બ) એ માલ છોડાવતાં ₹ ૨૦૦૦ ખર્ચ કર્યો.) | | | |
| ૬ | (બ) ખાતે ઉ | | ૭૦,૦૦૦ | - |
| | તે આડત માલ ખાતે | | - | ૭૦,૦૦૦ |
| | (બા. જે. (બ) એ બધા માલનો રૂ.૭૦૦૦૦ માં વેચાણ કર્યો.) | | | |
| ૭ | આડત માલ ખાતે ઉ | | ૩,૫૦૦ | - |
| | તે (બ) ખાતે | | - | ૩,૫૦૦ |
| | (બા. જે. વેચાણ પર ૫% લેખે કમિશનના ચૂકવવાના થયા.) | | | |
| ૮ | બેન્ક ખાતે ઉ | | ૪૪,૫૦૦ | - |
| | તે (બ) ખાતે | | - | ૪૪,૫૦૦ |
| | (બા. જે. આડત માલ અંગે બાકી રકમ આડતિયા તરફથી બેન્ક ડ્રાફ્ટ દ્વારા મળી) | | | |
| ૯ | આડત માલ ખાતે ઉ | | ૯,૯૦૦ | - |
| | તે સામાન્ય ન.નુ. ખાતે | | - | ૯,૯૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | (બા. જે. આડત માલનો નફો સામાન્ય નફો નુકશાન ખાતે લઈ ગયા) | | | |
| ૧૦ | આડત પર મોકલેલ માલ ખાતે ઉ | | ૫૦,૦૦૦ | - |
| | તે વેપાર ખાતે | | - | ૫૦,૦૦૦ |
| | (બા. જે. આડત પર મોકલેલ માલ ખાતાની બાકી વેપાર ખાતે લઈ ગયા) | | | |

(બ) ''ના ચોપડામાં આમનોંધઃ

| તારીખ | વિગતો | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| ૧ | (અ) ખાતે ઉ | | ૨૦,૦૦૦ | - |
| | તે દેવી હૂંડી ખાતે | | - | ૨૦,૦૦૦ |
| | (બા. જે. આડત માલ અંગે આપણે હૂંડી સ્વીકારી) | | | |
| ૨ | (અ) ખાતે ઉ | | ૨,૦૦૦ | - |
| | તે રોકડ ખાતે | | - | ૨,૦૦૦ |
| | (બા.જે. આડત માલ અંગે રૂ.૨૦૦૦ ખર્ચ કર્યો) | | | |
| ૩ | રોકડ ખાતે ઉ | | ૭૦,૦૦૦ | - |
| | તે (અ) ખાતે | | - | ૭૦,૦૦૦ |
| | (બા. જે. ₹ ૭૦૦૦ ના વેચાણ કર્યા) | | | |
| ૪ | (અ) ખાતે ઉ | | ૩,૫૦૦ | - |
| | તે કમિશન ખાતે | | - | ૩,૫૦૦ |
| | (બા.જે. રૂ.૭૦૦૦૦ ના વેચાણ પર ૫% લેખે કમિશનનાં લેણાં થયાં) | | | |
| ૫ | (અ) ખાતે ઉ | | ૪૪,૫૦૦ | - |
| | તે બેન્ક ખાતે | | - | ૪૪,૫૦૦ |
| | (બા.જે. આડત માલ અંગે બાકી રકમ બેન્ક ડ્રાફ્ટથી ચુક્તે કરી) | | | |
| ૬ | કમિશન ખાતે ઉ | | ૩,૫૦૦ | - |
| | તે ન.નુ. ખાતે | | - | ૩,૫૦૦ |
| | (બા.જે. કમિશન ખાતાની બાકી ન.નુ. ખાતે લઈ ગયા) | | | |

(અ) માલધણાના ચોપડામાં

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મોકલેલ માલખાતે | ૫૦,૦૦૦ | (બ) ખાતે (વેચાણ) | ૭૦,૦૦૦ |
| રોકડ ખાતે | | | |
| (રેલ્વે નૂર અને મજૂરી) | ૪૦,૦૦૦ | | |
| લેણી હૂંડી ખાતે (વટાવ) | ૬૦૦ | | |

| | | | |
|---|---|---|---|
| (બ) ખાતે (ખર્ચ) | ૨,૦૦૦ | | |
| (બ) ખાતે (કમિશન) | | | |
| (૭૦૦૦૦ × ૫%) | ૩,૫૦૦ | | |
| સામાન્ય નફો | ૯,૯૦૦ | | |
| નુકશાન ખાતે (નફો) ? | ૫૧,૨૫૦ | | |
| | ૭૦,૦૦૦ | | ૭૦,૦૦૦ |

ઉ. (બ) (આડતિયા)નુ ખર્ચ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે (વેચાણ) | ૭૦,૦૦૦ | લેણી હૂંડી ખાતે (એડવાન્સ) | ૨૦,૦૦૦ |
| | | આડત માલ ખાતે (ખર્ચ) | ૨,૦૦૦ |
| | | આડત માલ ખાતે (કમિશન) | ૩,૫૦૦ |
| | | બેન્ક ખાતે (ચૂકતે ડ્રાફ્ટ) | ૪૪,૫૦૦ |
| | ૭૦,૦૦૦ | | ૭૦,૦૦૦ |

ઉ. આડત પર મોકલેલ માલનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| વેપાર ખાતે (ટ્રાન્સફર) | ૫૦,૦૦૦ | આડત માલ ખાતે | ૫૦,૦૦૦ |
| | ૫૦,૦૦૦ | | ૫૦,૦૦૦ |

ઉ. (અ) (માલધણી)નું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| દેવી હૂંડી ખાતે (એડવાન્સ) | ૨૦,૦૦૦ | રોકડ ખાતે (વેચાણ) | ૭૦,૦૦૦ |
| રોકડ ખાતે (ખર્ચ) | ૨,૦૦૦ | | |
| કમિશન ખાતે (૭૦૦૦૦ × ૫% ) | ૩,૫૦૦ | | |
| બેન્ક ખાતે (ચૂકત ડ્રાફ્ટ ?) | ૪૪,૫૦૦ | | |
| | ૭૦,૦૦૦ | | ૭૦,૦૦૦ |

ઉ. કમિશનનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| ન.નુ. ખાતે (ટ્રાન્સફર ?) | ૩,૫૦૦ | (અ) ખાતે | ૩,૫૦૦ |
| | ૩૫૦૦ | | ૩૫૦૦ |

**ઉદાહરણ ૨.** ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ મુંબઈના વિજય એન્ડ કંપનીએ સુરતના સંજય બ્રધર્સને ₹ ૩૦૦નો એક એવા ૧,૦૦૦ ટેબલ ફેન આડતથી વેચવા મોકલ્યા. નૂર અને અન્ય ખર્ચના ₹ ૨૫,૦૦૦ ચૂકવ્યા. રસ્તામાં અકસ્માતને લીધે ૧૦૦ પંખા સંપૂર્ણ નાશ પામ્યા. આ અંગે વીમા કંપનીએ ₹ ૧૨,૦૦૦નો દાવો મંજૂર રાખ્યો. બાકીના પંખા આડતિયાએ ખર્ચના ₹ ૧૮,૦૦૦ ચૂકવીને છોડાવી લીધા.

સંજય બ્રધર્સે વિજય એન્ડ કંપનીની લખેલી ₹ ૧,૦૦,૦૦૦ ની હૂંડી સ્વીકારી, જે ₹ ૯૫,૦૦૦માં વટાવવામાં આવી. વેચાણઆંકડા મુજબ આડતિયાએ ૮૦૦ પંખાનું, દરેકના ₹ ૪૫૦ના ભાવે વેચાણ કર્યું હતું. આડતિયાએ વખારભાડું અને જાહેરાત ખર્ચના ₹ ૬,૦૦૦ ચૂકવ્યા હતા. આડતિયાને વેચાણ ઉપર ૫% લેખે કમિશન આપવાનું હતું. ઉપરની વિગતો પરથી વિજય એન્ડ કંપનીના ચોપડામાં આડતમાલ ખાતું બનાવો.

**(ઉ. ગુ. યુ., એફ. વાય. , માર્ચ, ૧૯૯૪ પર આધારીત)**

**જવાબ :**

મુંબઈના વિજય એન્ડ કંપની ના ચોપડે

આડ્ત માલ ખાતુ

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મોકલેલ માલ ખાતે (૧૦૦× રૂ 300) | 3,00,000 | વીમા કંપની ખાતે (દાવાની રકમ) | ૧૨,૦૦૦ |
| રોકડ ખાતેઃ નૂર અને અન્ય ખર્ચ | ૨૫,૦૦૦ | ન.નુ. ખાતે ખોટ | ૨૦,૫૦૦ |
| સંજય બ્રધર્સ ખાતે ખર્ચા | ૧૮,૦૦૦ | સંજય બ્રધર્સ ખાતે વેચાણ રોકડ (૮૦૦× રૂ ૪૫૦) | 3,60,000 |
| લેણી હુંડી ખાતે વટાવ | ૫,૦૦૦ | આડત માલ સ્ટોક ખાતે | |
| સંજય બ્રધર્સ ખાતે જાહેરાત વેચાણ ખર્ચ | ૬,૦૦૦ | આ. સ્ટોક 30,000<br>+ માલધણીના પ્ર.સર ખર્ચા + ૨૫,૦૦૦ | |
| સંજય બ્રધર્સ ખાતે આડત (3,60,000 × ૫% ) | ૧૮,૦૦૦ | +આડતિયાના પ્ર.સર ખર્ચા + ૨,૦૦૦ | ૩૪,૫૦૦ |
| સામાન્ય ન.નુ.ખાતે (ચો. નફો)(?) | ૫૫,૦૦૦ | | |
| | ૪,૨૭,૦૦૦ | | ૪,૨૭,૦૦૦ |

**ગણતરીઃ**

**નોંધ ૧.**

અસામાન્ય નુકશાનની ગણતરી

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૦ × રૂ 300 | | | | = ₹ 30,000 |
| + માલધણીના પ્ર.સર ખર્ચા | | | | |
| ૧૦૦૦ | ૨૫૦૦૦ | = | ૨૫,૦૦૦ × ૧૦૦ / ૧૦૦૦ | = + ₹ ૨,૫૦૦ |
| ૧૦૦ | (?) | | | ₹ ૩૨,૫૦૦ |
| વીમા કંપની ખાતે | | | | ₹ ૧૨,૦૦૦ |
| અસામાન્ય ખોટ | | | | ₹ ૨૦,૫૦૦ |

**નોંધ ૨.**

આખર સ્ટોક

| | |
|---|---|
| કુલ ટેબલ ફેન | ₹ ૧,૦૦૦ |
| - નાશ પામ્યા | - ₹ ૧૦૦ |

- વેચાણ - ₹ ૮૦૦
આ. સ્ટોક ₹ ૧૦૦

આ. સ્ટોક (૧૦૦× ₹ ૩૦૦ ) = ₹ ૩૦,૦૦૦

માલધણીના પ્ર.સર ખર્ચા

| | | | |
|---|---|---|---|
| ૧૦૦૦ | ૨૫૦૦૦ = | ૨૫,૦૦૦ × ૧૦૦ / ૧૦૦૦ | = + ₹ ૨,૫૦૦ |
| ૧૦૦ | (?) | | |

આડતિયાના પ્ર.સર ખર્ચા

(૧૦૦૦ - ૧૦૦ = ૯૦૦)

| | | | |
|---|---|---|---|
| ૯૦૦ | ૧૮૦૦૦ = | ૧૮,૦૦૦ × ૧૦૦ / ૯૦૦ | =+ ₹ ૨,૦૦૦ |
| ૧૦૦ | (?) | | ------- |
| | | | ₹ ૩૪,૫૦૦ |

**સામાન્ય અને અસામાન્ય નુકસાનના દાખલા**

**ઉદાહરણ ૨.** સોખડાના સોનપાલે ધોળકાના ધનપાલને તા. ૧-૪-૨૦૧૭ ના રોજ ૧૦,૦૦૦ લિટર ઓઈલ, લિટરદીઠ ૧૦ની પડતર કિંમતે આડતથી વેચવા મોકલ્યું. સોનપાલે માલ મોકલતાં નૂરના ₹ ૧,૫૦૦ અને વીમાના ₹ ૫૦૦ ચૂકવ્યા. સોનપાલે તા.૧-૪-૨૦૧૭ ના રોજ ધનપાલ પર ₹ ૫૦,૦૦૦ની ત્રણ માસની મુદતની હૂંડી લખી, જે ધનપાલે સ્વીકારી તરત જ પરત કરી. સોનપાલે આ હૂંડી એક માસ પછી વાર્ષિક ૧૮% ના દરે બેન્કમાં વટાવી. ધનપાલ કુલ વેચાણ પર ૫% લેખે સામાન્ય આડત અને ઉધાર વેચાણ પર ૨% લેખે આસામી આડત મેળવવા હક્કદાર છે.

ધનપાલે તા.૩૧-૩-૨૦૧૮ ના રોજ વેચાણ આંકડો અને તેની પાસેની લેણી રકમનો બેન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો. તેણે વેચાણ-આંકડામાં જણાવ્યું કે

(૧) ૫૦ લિટર ઓઈલની કુદરતી કારણોસર ઘટ પડી હતી.

(૨) રસ્તામાં ૧૦૦ લિટર ઓઈલનું ચોરીથી નુકસાન થયું હતું, જે અંગે વીમા કંપનીએ ₹ ૮૦૦ નો દાવો મંજૂર રાખ્યો હતો.

(૩) તેણે બાકીનો માલ છોડાવતી વખતે ખર્ચના ₹ ૧,૯૭૦ અને વેચાણ ખર્ચના ₹ ૧,૭૪૫ ચૂકવ્યા હતા.

(૪) તેણે ૫,૦૦૦ લિટર ઓઈલ, લિટરદીઠ ₹ ૧૭ના ભાવે ગરીબદાસને ઉધાર વેચ્યું હતું.

(૫) તેણે ૩,૮૩૦ લિટર ઓઈલ, લિટરદીઠ ₹ ૧૬ના ભાવે રોકડેથી વેચ્યું હતું.

(૬) તેણે ૨૫ લિટર ઓઈલ, લિટરદીઠ ₹ ૧૬ના ભાવે પોતાના અંગત ઉપયોગ માટે ખરીદ્યું હતું.

(૭) ગરીબદાસ પાસેની લેણી રકમ પૈકી ₹ ૮૦,૦૦૦ વસૂલ આવ્યા બાદ તે નાદાર જાહેર થયા. તેમની પાસે બાકી નીકળતી રકમ પેટે કંઈ જ મળી શકે તેમ ન હોવાથી તે રકમ ઘાલખાધ તરીકે માંડી વાળવામાં આવી.

ઉપરની વિગતો પરથી સોનપાલના ચોપડે આડતમાલ ખાતું અને ધનપાલનું ખાતું તૈયાર કરો.

(ગુ. યુનિ., એફ.વાય., માર્ચ, ૧૯૯૬ પર આધારીત)

**જવાબ :**

## સોનપાલના ચોપડે
## આડત માલ ખાતુ

ઉ.                                          જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મોકલેલ માલ ખાતે | ૧,૦૦,૦૦૦ | વીમા કંપની ખાતે (દવાની રકમ) | ૮૦૦ |
| (૧૦,૦૦૦ × ₹ ૧૦ ) | | ન.નુ. ખાતે ખોટ | ૨૨૦ |
| રોકડ ખાતે ખર્ચા | | ધનપાલ ખાતે વેચાણ | |
| નૂર ૧,૫૦૦ | | ઉધાર ૮૫,૦૦૦ | |
| વીમો ૫૦૦ | ૨,૦૦૦ | રોકડ + ૬૧,૨૮૦ | |
| લેણી હૂંડી ખાતે વટાવ | ૧,૫૦૦ | ખરીદી + ૪૦૦ | ૧,૪૬,૬૮૦ |
| ધનપાલ ખાતે ખર્ચા | | આડતમાલ સ્ટોક ખાતે | |
| માલ ખર્ચ ૧,૯૭૦ | | આ. સ્ટોક ૧૦,૦૦૦ | |
| વેચાણ ખર્ચ ૧,૭૪૫ | ૩,૭૧૫ | +માલધણીના પ્ર.સર ખર્ચ + ૨૦૦ | |
| | | +આડતિયાના પ્ર.સર ખર્ચ + ૧૯૯ | ૧૦,૩૯૯ |
| ધનપાલ ખાતે આડત | | | |
| સામાન્ય ૭,૩૩૪ | | | |
| આસામી ૧,૭૦૦ | ૯,૦૩૪ | | |
| સામાન્ય ન.નુ. ખાતે (ચો.નફો)(?) | ૪૧,૮૫૦ | | |
| | ૧,૫૮,૦૯૯ | | ૧,૫૮,૦૯૯ |

## ધનપાલનું ખાતુ

ઉ.                                          જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતમાલ ખાતે વેચાણ | | લેણીહૂંડી ખાતે | ૫૦,૦૦૦ |
| ઉધાર ૮૫,૦૦૦ | | આડતમાલ ખાતે ખર્ચા | |
| રોક્ડ + ૬૧,૨૮૦ | | માલ છોડા ખર્ચ ૧,૯૭૦ | |
| ખરીદી + ૪૦૦ | ૧,૪૬,૬૮૦ | વેચાણ ખર્ચ ૧,૭૪૫ | ૩,૭૧૫ |
| | | આડતમાલ ખાતે આડત | |
| | | સામાન્ય ૭,૩૩૪ | |
| | | આસામી + ૧,૭૦૦ | ૯,૦૩૪ |
| | | બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૮૩,૯૩૧ |
| | ૧,૪૬,૬૮૦ | | ૧,૪૬,૬૮૦ |

**ગણતરી:**

**નોંધ ૧.** લેણીહૂંડી પર વટાવ

૫૦,૦૦૦ × ૧૮% × ૨/૧૨ = ₹ ૧,૫૦૦

**નોંધ ૨.** અસામાન્ય નુકશાન

૧૦૦ × ૧૦ = ₹ ૧,૦૦૦

\+ માલધણીના પ્ર.સર ખર્ચા

| | | |
|---|---|---|
| ૧૦,૦૦૦ | ૨,૦૦૦ | |
| ૧૦૦ | (?) | = + ₹ ૨૦ |
| | | ₹ ૧,૦૨૦ |
| વીમા કંપની ખાતે | | - ₹ ૮૦૦ |
| નુકશાન | | ₹ ૨૨૦ |

નોંધ ૩. વેચાણ

| | | |
|---|---|---|
| ઉધાર | ૫,૦૦૦ × ૧૭ | ₹ ૮૫,૦૦૦ |
| રોકડ | ૩,૮૩૦ × ૧૬ | + ₹ ૬૧,૨૮૦ |
| અંગતઉ. ખરીદી | ૨૫ × ૧૬ | + ₹ ૪૦૦ |
| | | ₹ ૧,૪૬,૬૮૦ |

નોંધ ૪. આડત

| | | |
|---|---|---|
| સામાન્ય | ૧,૪૬,૬૮૦ × ૫% | = ₹ ૭,૩૩૪ |
| આસામી | ૮૫૦૦૦ × ૨% | = ₹ ૧,૭૦૦ |
| | | ₹ ૯,૦૩૪ |

નોંધ ૫. આખર સ્ટોક

| | | |
|---|---|---|
| કુલ ઓઈલ | | ૧૦,૦૦૦ લિટર |
| - સામાન્ય નુકસાન | - | ૫૦ લિટર |
| - ચોરીઈ ગયુ | - | ૧૦૦ લિટર |
| - વેચાણ | - | ૮,૮૫૫ લિટર |
| આ.સ્ટોક | | ૯૯૫ લિટર |

| | | | |
|---|---|---|---|
| ૧૦,૦૦૦ લિટર | ૧,૦૦,૦૦૦ | | |
| સા.નુ. - ૫૦ | - | | |
| ૯,૯૫૦ લિટર | ૧,૦૦,૦૦૦ | | |
| ૯,૯૫૦ લિટર | ૧,૦૦,૦૦૦ | | |
| ૯૯૫ લિટર | ? | = | ₹ ૧૦,૦૦૦ |
| + માલધણીના પ્ર. સર ખર્ચા | | | |
| ૯૯૫૦ લિટર | ૨૦૦૦ રૂ | | |
| ૯૯૫ | ? | = | + ₹ ૨૦૦ |
| + આડતીયાના પ્ર.સર ખર્ચા | | | |
| ૯૮૫૦ લિ. | ૧૯૭૦ | | |
| ૯૯૫ | ? | = | + ₹ ૧૯૯ |
| | | | ₹ ૧૦,૩૯૯ |

**ઉદાહરણ ૩.** તા. ૧-૪-૨૦૧૭ના રોજ તલોદના તુષારે, અમરેલીના અપૂર્વને ૫,૦૦૦ લિટર કેમિકલ્સ લિટરદીઠ ₹ ૧૦૦ની કિંમતે આડતથી વેચવા મોકલ્યું અને નૂરના રૂ.૧૦,૦૦૦ ચૂકવ્યા.

તા. ૧-૬-૨૦૧૭ના રોજ તુષારે અપૂર્વ દ્વારા સ્વીકારાયેલ હૂંડી બેન્કમાં વાર્ષિક ૧૮%ના દરે વટાવી છે.

કુદરતી કારણોસર ૫૦૦ લિટર કેમિકલ્સની ઘટ પડેલ છે. ચોરીને કારણે તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ ૫૦૦ લિટર કેમિકલ્સનું નુકસાન થયેલ છે જેનો વીમા કંપનીએ ₹ ૪૦,૦૦૦નો દાવો મંજૂર કરેલ છે. અપૂર્વે મોકલાવેલ વેચાણ આંકડો નીચે મુજબ હતો.

વેચાણ આંકડો

| વિગત | ₹ | ₹ |
|---|---|---|
| વેચાણ : | | |
| રોકડેથી ૨૦૦૦ લિટર ₹ ૧૩૧ ના ભાવે | ૨,૬૨,૦૦૦ | |
| ઉધાર ૧,૬૦૦ લિટર ₹ ૧૮૦ના ભાવે | ૨,૮૮,૦૦૦ | ૫,૫૦,૦૦૦ |
| બાદ : ૧-૪-૨૦૧૫ના રોજ સ્વીકારેલ | | |
| હૂંડી ૪ માસની મુદતની | ૧,૦૦,૦૦૦ | |
| વેચાણ ખર્ચા : | ૧૪,૫૦૦ | |
| સામાન્ય કમિશન | ૫૫,૦૦૦ | |
| આસામી આડત | ૧૪,૪૦૦ | ૧,૮૩,૯૦૦ |
| બાકીની રકમ માટે મોકલાવેલ ડિમાન્ડ ડ્રાફ્ટ | | ૩,૬૬,૧૦૦ |

એક ગ્રાહકે જેને ૧૦૦ લિટર કેમિકલ્સ ઉધાર વેચવામાં આવ્યું હતું જે નાદાર જાહેર થયેલ છે અને માત્ર ૫૦% રકમ જ વસૂલ થઈ શકેલ છે.

ઉપરની માહિતીના આધારે તુષારના ચોપડે આડતમાલનું તથા અપૂર્વનું ખાતું તૈયાર કરો.

(ગુ. યુનિ., એફ. વાય., એપ્રિલ, ૨૦૦૧ પર આધારીત)

જવાબ :

તલોદના તુષારના ચોપડે

ઉ. આડત માલ ખાતુ જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મોકલેલ માલ ખાતે (૫૦૦૦ × ૩ ૧૦૦) | ૫,૦૦,૦૦૦ | અપૂર્વ ખાતે | |
| | | રોકડ વેચાણ ૨,૬૨,૦૦૦ | |
| રોકડ ખાતે નૂર | ૧૦,૦૦૦ | ઉધાર વેચાણ ૨,૬૮,૦૦૦ | ૫,૫૦,૦૦૦ |
| લેણીહૂંડી ખાતે વટાવ | ૩૦૦૦ | વિમા કંપની ખાતે દાવો | ૪૦,૦૦૦ |
| અપૂર્વ ખાતે વેચાણ ખર્ચા | ૧૪,૫૦૦ | ન.નુ. ખાતે ખોટ | ૧૧,૦૦૦ |
| અપૂર્વ ખાતે આડત : | | આડત માલ સ્ટોક ખાતે | ૪૫,૯૦૦ |
| સામાન્ય ૫૫,૦૦૦ | | | |
| આસામી ૧૪,૪૦૦ | ૬૯,૪૦૦ | | |
| સામાન્ય ન.નુ. ખાતે (ચો. નફો) (?) | ૫૦,૦૦૦ | | |
| | ૬,૪૬,૯૦૦ | | ૬,૪૬,૯૦૦ |

અપૂર્વનુ ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે વેચાણઃ<br>રોકડ ૨,૬૨,૦૦૦<br>ઉધાર ૨,૬૮,૦૦૦ | ૫,૫૦,૦૦૦ | લેણીહૂંડી ખાતે<br>આડત માલ ખાતે વે.ખર્ચ<br>આડત માલ ખાતે આડતઃ<br>સામાન્ય ૫૫,૦૦૦<br>આસામી ૧૪,૪૦૦<br>બેન્ક ખાતે (ડ્રાફ્ટ) (?) | ૧,૦૦,૦૦૦<br>૧૪,૫૦૦<br><br><br>૬૯,૪૦૦<br>૩,૬૬,૧૦૦ |
| | ૫,૫૦,૦૦૦ | | ૫,૫૦,૦૦૦ |

ગણતરીઃ

**નોંધ ૧.**

હુંડી પર વટાવ
(૧ થી ૪ માસ)
૧,૦૦,૦૦૦ × ૧૮% × ૨/૧૨ = ₹ ૩,૦૦૦ વટાવ

**નોંધ ૨.**

અસામાન્ય નુકશાન
૫૦૦ લિ. × રૂ ૧૦૦ = ₹ ૫૦,૦૦૦
+ માલધણીના પ્ર. સર ખર્ચા
૫૦૦૦ લિ. ૧૦,૦૦૦
૫૦૦ ? = + ₹ ૧,૦૦૦
₹ ૫૧,૦૦૦
- વિમા કંપનીએ મંજૂર રાખેલ દાવો - ₹ ૪૦,૦૦૦
અ.સા. નુકશાન ₹ ૧૧,૦૦૦

**નોંધ ૩.**

આખર સ્ટોક
૫૦૦૦ લિટર પડતર ₹ ૫,૦૦,૦૦૦
+ - માલધણીના ખર્ચા + ₹ ૧૦,૦૦૦
૫૦૦૦ ₹ ૫,૧૦,૦૦૦
- ૫૦૦ અસામાન્ય નુકશાન - ₹ ૫૧,૦૦૦
૪૫૦૦ ₹ ૪,૫૯,૦૦૦
- ૫૦૦ લિટર ઘટ પડી -
૪૦૦૦ ₹ ૪,૫૯,૦૦૦
- ૩૬૦૦ વેચાણ
૪૦૦ આ. સ્ટોક

૪૦૦૦ લિ. ૪,૫૯,૦૦૦ Cost
૪૦૦ ? = ₹ ૪૫,૯૦૦ આ. સ્ટોક

## ભરતિયા કિંમતને લગતા દાખલા

ઉદાહરણ ૪. રાજકોટના રાજીવે સુરતના સંજીવને તા. ૧-૪-૨૦૧૭ના રોજ ૨૦ ટી.વી. સેટ દરેક ₹ ૧૦,૦૦૦ની ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલ્યા. પડતર કિંમત પર ૨૫% નફો ચઢાવીને ભરતિયા કિંમત નક્કી કરવામાં આવેલ છે. રાજીવે માલ મોકલતા નૂર અને વીમાના ₹ ૨,૦૦૦ ચૂકવ્યા હતા.

તા. ૧-૪-૨૦૧૭ ના રોજ રાજીવે સંજીવ પર ₹ ૧,૦૦,૦૦૦ની ૪ માસની મુદતની એક હુંડી લખી હતી, જે સંજીવે સ્વીકારી તરત જ પરત કરી હતી. રાજીવે આ હૂંડી તા. ૪-૭-૨૦૧૭ના રોજ બેન્કમાં વાર્ષિક ૧૨% ના દરે બેન્કમાં વટાવી હતી.

સંજીવ ૫% લેખે સામાન્ય આડત અને ૨% લેખે આસામી આડત મેળવવા હક્કદાર છે. તદુપરાંત, તેને ચોખ્ખા નફાના ૧૦%લેખે નફાભાગ પણ આપવાનો છે. તા. ૩૧-૩-૨૦૧૭ના રોજ સંજીવે વેચાણ-આંકડો અને તેમની પાસેથી લેણી રકમનો બેન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો. વેચાણ આંકડામાં જણાવવામાં આવ્યું કે

(૧) તેણે જકાતના ₹ ૮૦૦, વચગાળાના વીમા પ્રીમિયમના ₹ ૧,૨૦૦ અને જાહેરાતના ₹ ૩,૦૦૦ ચૂકવ્યા હતા.

(૨) ૧૦ ટી.વી. સેટ, દરેક ₹ ૧૧,૦૦૦ની કિંમતે રોકડેથી વેચ્યા હતા.

(૩) ૫ ટી.વી. સેટ, દરેક ₹ ૧૨,૦૦૦ની કિંમતે મફતલાલને ઉધાર વેચ્યા હતા.

(૪) મફતલાલ નાદાર જાહેર થયા અને તેમની પાસેથી રૂપિયે ૮૦ પૈસા લેખે આખરી ડિવિડન્ડ વસૂલ થઈ શક્યું.

(૫) વર્ષ દરમિયાન તેમના ગોડાઉનમાં આગ લાગવાથી એક ટી.વી. સેટ સંપૂર્ણપણે નાશ પામ્યો હતો અને તે પેટે વીમા કંપનીએ ₹ ૭,૫૦૦નો દાવો સ્વીકાર્યો હતો.

(૬) નહી વેચાયેલ ટી.વી. સેટ પૈકી બે ટી.વી. સેટને નુકસાન થયેલ હોઈ ₹ ૧,૩૦૦ સમારકામ ખર્ચ થવાનો અંદાજ છે.

ઉપરની વિગતો પરથી રાજીવના ચોપડે આડતમાલ ખાતું અને સંજીવનું ખાતું તૈયાર કરો.

(ગુ. યુનિ. એફ. વાય. એપ્રિલ, ૧૯૯૫ ; સૌ. યુનિ. એફ. વાય., એપ્રિલ, ૧૯૯૭ પર આધારીત)

જવાબ :

રાજકોટના રાજીવના ચોપડે

ઉ. આડત માલ ખાતુ જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મોકલેલ માલ ખાતે | ૨,૦૦,૦૦૦ | આડતથી મો.માલ ખાતે તફાવત | ૪૦,૦૦૦ |
| (ભ.કિં. રૂ ૧૦,૦૦૦ × ૨૦) | | (૨૦૦૦ × ૨૦) | |
| રોકડ ખાતે નૂર અને વિમો | ૨,૦૦૦ | સંજીવ ખાતે વેચાણ | |
| લેણીહૂંડી ખાતે વટાવ | ૩,૦૦૦ | રોકડ (૧૦×૧૧૦૦૦) = ૧,૧૦,૦૦૦ | |
| સંજીવ ખાતે ખર્ચા : | | ઉધાર(૫×૧૨૦૦૦) = ૬૦,૦૦૦ | ૧,૭૦,૦૦૦ |
| જકાત ૮૦૦ | | વિમા કંપની ખાતે દાવો | ૭,૫૦૦ |
| વિમા પ્રિમીયમ ૧,૨૦૦ | | ન.નુ.ખાતે ખોટ | ૭૦૦ |
| જાહેરાત ૩,૦૦૦ | ૫,૦૦૦ | | |

| | | | |
|---|---|---|---|
| સંજીવ ખાતે આડત :<br>સામાન્ય(૧૭૦૦૦૦×૫%)=૮,૫૦૦<br>આસામી(૬૦૦૦૦×૨%) =૧,૨૦૦ | ૯,૭૦૦ | આડત માલ સ્ટોક ખાતે<br>આ.સ્ટોક ૪૦,૦૦૦<br>માલધણીના પ્ર.સર ખર્ચા + ૪૦૦<br>આડતિયાના પ્ર.સર ખર્ચા + ૪૦૦<br>૪૦,૮૦૦ | |
| સ્ટોક અનામત ખાતે<br>(આ.સ્ટોક તફાવત ૪×૨૦૦૦) | ૮,૦૦૦ | | |
| સંજીવ ખાતે(નફો ૩૦૦૦૦×૧૦%) | ૩,૦૦૦ | -સમારકામ ખર્ચ - ૧,૩૦૦ | ૩૯,૫૦૦ |
| સા.ન.નુ.ખાતે (ચો.નફો)(?) | ૨૭,૦૦૦ | | |
| | ૨,૫૭,૭૦૦ | | ૨,૫૭,૭૦૦ |

ઉ. સંજીવ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે વેચાણ<br>રોકડા ૧,૧૦,૦૦૦<br>ઉધાર ૬૦,૦૦૦ | ૧,૭૦,૦૦૦ | લેણીહૂંડી ખાતે | ૧,૦૦,૦૦૦ |
| | | આડત માલ ખાતે ખર્ચા | ૫,૦૦૦ |
| | | આડત માલ ખાતે આડત<br>સામાન્ય ૮,૫૦૦<br>આસામી ૧,૨૦૦ | ૯,૭૦૦ |
| | | આડત માલ ખાતે ચો.નફો | ૩,૦૦૦ |
| | | બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૫૨,૩૦૦ |
| | ૧,૭૦,૦૦૦ | | ૧,૭૦,૦૦૦ |

**ગણતરીઃ**

ધારોકે પ.કિં. ૧૦૦
\+ નફો ૨૫% ૨૫
વે. કિં. ૧૨૫ ભ.કિં.

ભ.કિં. નફો
૧૨૫ ૨૫ = (૧૦,૦૦૦ × ૨૫) / ૧૨૫ = **૨૦૦૦** તફાવત
૧૦૦૦૦ (?)

**નોંધ ૧.**

હૂંડી પર વટાવ ૧,૦૦,૦૦૦ × ૧૨% × ૩/૧૨ = ₹ ૩૦૦૦

**નોંધ ૨.**

અસામાન્ય નુકશાનની ગણતરી ૧ × ૮,૦૦૦ રૂ પ. કિં. = ₹ ૮૦૦૦
\+ માલધણીના પ્ર. સર ખર્ચા

૨૦ ૨,૦૦૦ ખર્ચ
૧ ? = + ₹ ૧૦૦

\+ આડતીયાના પ્ર. સર ખર્ચા

| | | |
|---|---|---|
| ૨૦ | ૨,૦૦૦ ખર્ચ | |
| ૧ | ? | = + ₹ ૧૦૦ |
| | | ₹ ૮૨૦૦ |
| - વિમા કંપની ખાતે | | - ₹ ૭૫૦૦ |
| આસામાન્ય નુકશાન | | ₹ ૭૦૦ |

**નોંધ ૩.**

| | | | |
|---|---|---|---|
| આખર સ્ટોક (૨૦ -૧૫ - ૧ = ૪) | | | તફાવત |
| સ્ટોક ૪ × ૧૦૦૦૦ | = ૪૦,૦૦૦ | ૪ × ૨,૦૦૦ | = ૮,૦૦૦ |
| +માલધણીના ખર્ચા | | | |

| | | |
|---|---|---|
| ૨૦ - ૨,૦૦૦ | ૨,૦૦૦ × ૪ | = ₹ ૪૦,૦૦૦ |
| ૪ (?) | ૪૨૦ | |

| | | | |
|---|---|---|---|
| + આડતીયાના ખર્ચા | | | |
| | ૨૦ | ૨,૦૦૦ | + ₹ ૪૦૦ |
| | ૪ | (?) | |
| - સમારકામ | | | ₹ ૧,૮૦૦ |
| | | | ₹ ૩૯,૦૦૦ |

**ઉદાહરણ ૫.** વ્યારાના વામનજીએ ચીખલીના સુમનલાલને ₹ ૩૭,૫૦૦ની ભરતિયા કિંમતનો માલ આડતથી વેચવા મોકલ્યો. પડતર કિંમતમાં ૨૫% ઉમેરીને ભરતિયા કિંમત નક્કી કરવામાં આવે છે. વામનજી એ નૂરના ₹ ૨,૫૦૦ અને વીમાના ₹ ૨,૦૦૦ ચૂકવ્યા. વામનજીએ સુમનલાલ પર ₹ ૧૫,૦૦૦ની ત્રણ માસની મુદતની હૂંડી લખી જે વામનજીએ એક માસ બાદ વાર્ષિક ૮%ના દરે વટાવી. સુમનલાલને વેચાણ પર ૮% સામાન્ય આડત અને ૫% આસામી આડત આપવાની છે.

સુમનલાલે ૧/૨ માલ જોલીને ₹ ૨૨,૦૦૦માં વેચ્યો, જેણે ₹ ૨૦,૦૦૦ પછીથી રોકડા આપ્યા.૧/૪ માલ કાવસજીને વામનજીની ભલામણથી ₹ ૧૫,૦૦૦માં વેચ્યો. કાવસજી રૂ, ૫,૦૦૦ ચૂકવતા નથી. ૧/૬ માલ ₹ ૮,૦૦૦ માં રોકડેથી વેચ્યો.

સુમનલાલે વેચાણ ખર્ચના ₹ ૯૭૫ ચૂકવ્યા. જોલી અને કાવસજી નાદાર થતા દરેકે ૭૦% રકમ ચૂકવી, સુમનલાલે બાકી રકમ બેન્કડ્રાફ્ટથી મોકલી આપી.

- વામનજીના ચોપડે આડતમાલ ખાતું અને સુમનલાલના ચોપડે વામનજીનું ખાતું તૈયાર કરો.

**(દ. ગુ. યુનિ. એફ. વાય., એપ્રિલ, ૧૯૯૬ પર આધારીત)**

જવાબ :

વ્યારાના વામનજીના ચોપડે

ઉ. આડત માલ ખાતુ જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મોકલેલ માલ ખાતે (ભ.કિં.) | ૩૭,૫૦૦ | આડતથી મોકલેલ માલ ખાતે (તફાવત) | ૭,૫૦૦ |
| રોકડ ખાતે ખર્ચા :<br>નુર ૨,૫૦૦<br>વીમો ૨,૦૦૦ | ૪,૫૦૦ | સુમનલાલ ખાતે વેચાણ<br>ઉધાર ૨૨,૦૦૦<br>ભલામણનું ૧૫,૦૦૦<br>રોકડ ૮,૦૦૦ | ૪૫,૦૦૦ |
| લેણીહૂંડી ખાતે વટાવ | ૨૦૦ | આડત માલ સ્ટોક ખાતે :<br>આ.સ્ટોક(ભ. કિં.) ૩,૧૨૫<br>+માલધણીના ખર્ચા ૩૭૫ | ૩,૫૦૦ |
| સુમનલાલ ખાતે આડત :<br>સામાન્ય ૩,૬૦૦<br>આસામી ૧૦૦ | ૪,૭૦૦ | | |
| સુમનલાલ ખાતે વેચાણ ખર્ચ | ૯૭૫ | | |
| સુમનલાલ ખાતે (ભલામણના વેચાણની ઘાલખાધ) | ૧,૫૦૦ | | |
| સ્ટોક અનામત ખાતે (આ.સ્ટોક તફાવત) | ૬૨૫ | | |
| સા.ન.નુ.ખાતે(ચો.નફો) | ૬,૦૦૦ | | |
| | ૫૬,૦૦૦ | | ૫૬,૦૦૦ |

ઉ. સુમનલાલનુ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે વેચાણ<br>ઉધાર ૨૨,૦૦૦<br>ભલામણનું ૧૫,૦૦૦<br>રોકડ ૮,૦૦૦ | ૪૫,૦૦૦ | લેણીહૂંડી ખાતે | ૧૫,૦૦૦ |
| | | આડત માલ ખાતેઃ<br>સામાન્ય ૩,૬૦૦<br>આસામી ૧,૧૦૦ | ૪,૭૦૦ |
| | | આડત માલ ખાતે વેચાણ ખર્ચ | ૯૭૫ |
| | | આડત માલ ખાતે ઘાલખાધ | ૧,૫૦૦ |
| | | બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૨૨,૮૨૫ |
| | ૪૫,૦૦૦ | | ૪૫,૦૦૦ |

**ગણતરીઃ**

**નોંધ ૧.**

૧૦૦ + ૨૫ = ૧૨૫ ભ. કિં.

૧૨૫ ભ. કિં. ૨૫ નફો

૩૭૫૦૦ ? = ૭૫૦૦ તફાવત

**નોંધ ૨.**

| | | |
|---|---|---|
| હૂંડી પર વટાવ | ૧૫૦૦૦ × ૮% × ૨/૧૨ | = ₹ ૨૦૦૦ વટાવ |
| આડત | ૪૫૦૦૦ × ૮% | = ₹ ૩૬૦૦ |
| આસામી | ૨૨૦૦૦× ૫% | = ₹ ૧૧૦૦ |
| | | ₹ ૪૭૦૦ |

**નોંધ ૩.**

ઘાલખાધ

| | | |
|---|---|---|
| જોલી | ૨૦૦૦ × 30% | = ₹ ૬૦૦ આડતીયો ભોગવશે |
| કાવસજી | ૫૦૦૦ × 30% | = ₹ ૧૫૦૦ માલધણી ભોગવશે |

**નોંધ ૪.**

આખર સ્ટૉક

| | |
|---|---|
| કુલ માલ | ₹ ૩૭૫૦૦ |
| - વેચાણ (૩૭૫૦૦ ×૧/૨) | - ₹ ૧૮,૭૫૦ |
| ભલામણ (૩૭૫૦૦ ×૧/૪) | - ₹ ૯,૩૭૫ |
| રોકડ (૩૭૫૦૦ ×૧/૬) | - ₹ ૬,૨૫૦ |
| | ₹ ૩,૧૨૫ |

આખર સ્ટૉક

| | | |
|---|---|---|
| + માલધણીના ખર્ચ | (૪૫૦૦ ×૩૧૨૫/૩૭૫૦૦) | + ₹ ૩૭૫ |
| | | ₹ ૩,૫૦૦ |
| તફાવત | ૩૧૨૫ × ૨૫/૧૨૫ | = ૬૨૫ |

આડતીયાના ચોપડે

ઉ. માલધણી/વામનજીનું ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| દેવીહૂંડી ખાતે | | ૧૫,૦૦૦ | રોકડ ખાતે રોકડ વેચાણ | ૮,૦૦૦ |
| રોકડ ખાતે વેચાણ ખર્ચા | | ૯૭૫ | જોલી ખાતે ઉધાર વેચાણ | ૨૨,૦૦૦ |
| આડત ખાતેઃ | | | કાવસજી ખાતે ભલામણનું વેચાણ | ૧૫,૦૦૦ |
| સામાન્ય | ૩,૬૦૦ | | | |
| આસામી | ૧,૧૦૦ | ૪,૭૦૦ | | |
| કાવસજી ખાતે ઘાલખાધ | | ૧,૫૦૦ | | |
| બેન્ક ખાતે ડ્રાફ્ટ | | ૨૨,૮૨૫ | | |
| | | ૪૫,૦૦૦ | | ૪૫,૦૦૦ |

**ઉદાહરણ ૬.** તા. ૧-૧-૨૦૧૭ના રોજ પોરબંદરના શ્રી પ્રતિકે ૩૦૦ વીડિયો કેસેટ કે જેની ભરતિયા કિંમત ₹ ૧૫૦ પ્રત્યેક નંગદીઠ અને મૂળ કિંમત ₹ ૧૨૦ નંગદીઠ હતી, તે રાજકોટના શ્રી વૃતાંતને આડતથી વેચવા મોકલી. માલ મોકલતી વખતે પ્રતીકે ₹ ૩૦ વીમા પ્રીમિયમ, ₹ ૨૪૦ નૂર અને ₹ ૬૦ ગાડીભાડાના ચૂકવ્યા.

તા.૧-૧-૨૦૧૭ના રોજ શ્રી પ્રતીકે શ્રી વૃતાંત પર ₹ ૬,૦૦૦ની ત્રણ માસની મુદતની હૂંડી લખી. હૂંડી શ્રી વૃતાંત દ્વારા સ્વીકારવામાં આવેલી અને શ્રી પ્રતીકને પરત કરવામાં આવેલી શ્રી પ્રતીકે આ હૂંડી તા.

૪-૨-૨૦૧૫ના રોજ ૧૨% વટાવે બેન્કમાં વટાવેલી. શ્રી વૃતાંત ૫% સામાન્ય આડત અને ૨% આસામી આડત મેળવવા હકદાર છે.

તા. ૩૦મી જૂન, ૨૦૧૭ના રોજ શ્રી વૃતાંતે વેચાણ આંકડો અને તેનો હિસાબ ચૂકતે કરવા બેન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો. વેચાણ આંકડા અનુસાર :

(૧) શ્રી વૃતાંતે ₹ ૧૫૦ લારીભાડાના, ₹ ૪૫૦ જકાતના અને ₹ ૫૦૪ જાહેરાતના ચૂકવેલા.

(૨) વર્ષ દરમિયાન શ્રી વૃતાંતના ગોડાઉનમાં લાગેલ આગને પરિણામે ૬ કેસેટો ના પામેલ અને વીમા કંપનીએ ₹ ૬૦૦ વીમાના દાવાના ચૂકવેલા.

(૩) શ્રી વૃતાંતે ૬૦ કેસેટો દરેક ₹ ૧૫૦ લેખે રોક્ડેથી, ૧૮૦ કેસેટો દરેક ₹ ૧૮૦ શ્રી પાર્થને શાખ પર અને ૩૦ કેસેટો ₹ ૧૭૦ લેખે શ્રી પ્રિયંકને શ્રી પ્રતીકની ભલામણ અનુસાર અને શ્રી પ્રતીકના જોખમે વેચી હતી.

(૪) શ્રી પાર્થ ₹ ૬૦૦ ચૂકવવામાં નિષ્ફળ ગયા અને શ્રી પ્રિયંકે નાદારી જાહેર કરી. શ્રી પ્રિયંક પાસેથી રૂપિયે ૫૦ પૈસા પ્રમાણે ડિવિડન્ડ મળ્યુ.

શ્રી પ્રતીકના ચોપડામાં આડતમાલ ખાતું તૈયાર કરો અને શ્રી વૃત્તાંતના ચોપડામાં શ્રી પ્રતીકનું ખાતું તૈયાર કરો.

**(સૌ. યુનિ., એફ. વાય., એપ્રિલ, ૨૦૦૨; સૌ. યુનિ., એફ. વાય., જૂન પર આધારીત)**

જવાબ :

શ્રી પ્રતિકના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| આડતથી મો. માલ ખાતે (ભ.કીં. ૩૦૦ × રૂ ૧૫૦) | | ૪૫,૦૦૦ | આડતથી મો. માલ ખાતે (તફાવત ૩૦૦ × રૂ ૩૦) | | ૯,૦૦૦ |
| રોકડ ખાતે ખર્ચાઃ | | | વિમા કંપની ખાતે દાવો | | ૬૦૦ |
| વીમો | ૩૦ | | ન.નુ. ખાતે ખોટ | | ૧૩૯ |
| નૂર | ૨૪૦ | | વૃતાંત ખાતે વેચાણ | | |
| ગાડી ભાડું | ૬૦ | ૩૩૦ | રોકડ(૬૦ × ૧૫૦) | ૯૦૦૦ | |
| લેણીહૂંડી ખાતે વટાવ | | ૧૨૦ | ઉધાર (૧૮૦ ×૧૮૦) | ૩૨૪૦૦ | |
| વૃતાંત ખાતે ખર્ચા | | | ભલામણ(૩૦ ×૧૭૦) | ૫૧૦૦ | ૪૬,૫૦૦ |
| લારી ભાડું | ૧૫૦ | | આડતમાલ સ્ટોક ખાતેઃ | | |
| જકાત | ૪૫૦ | | આ.સ્ટોક | ૩,૬૦૦ | |
| જાહેરાત | ૫૦૪ | ૧,૧૦૪ | મા. ખર્ચા | ૨૬ | |
| સ્ટોક અનામત ખાતે | | ૭૨૦ | આ. ખર્ચા | ૪૮ | ૩,૬૭૪ |
| વૃતાંત ખાતે આડતઃ | | | | | |
| સામાન્ય | ૨,૩૨૫ | | | | |
| આસામી | ૬૪૮ | ૨,૯૭૩ | | | |
| વૃતાંત ખાતે ભલામણની વે. | | ૨,૫૫૦ | | | |
| ઘાલખાધ | | | | | |

| | | | |
|---|---|---|---|
| સા.ન.નુ.ખાતે ચો.નફો | ૭,૧૧૬ | | |
| | ૫૯,૯૧૩ | | ૫૯,૯૧૩ |

ઉ. વૃતાંતનુ ખાતુ જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતમાલ ખાતે વેચાણ<br>રોકડ ૯,૦૦૦<br>ઉધાર ૩૨,૪૦૦<br>ભલામણ ૫,૧૦૦ | ૪૬,૫૦૦ | લેણીહૂંડી ખાતે | ૬,૦૦૦ |
| | | આડતમાલ ખાતે ખર્ચાઃ<br>લારી ભાડું ૧૫૦<br>જકાત ૪૫૦<br>જાહેરાત ૫૦૪ | ૧,૧૦૪ |
| | | આડતમાલ ખાતે (આડત) | ૨,૯૭૩ |
| | | આડતમાલ ખાતે ઘાલખાધ | ૨,૫૫૦ |
| | | બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૩૩,૮૭૩ |
| | ૪૬,૫૦૦ | | ૪૬,૫૦૦ |

**ગણતરીઃ**

**નોંધ ૧.**

વટાવ ૬૦૦૦ × ૧૨% × ૨/૧૨ = ₹ ૧૨૦

અસામાન્ય નુકશાન

૬ × ૧૨૦ = ₹ ૭૨૦

+ માલધણીના ખર્ચા

(૩૩૦ × ૬/૩૦૦) = ₹ ૭

+ આડતીયાના ખર્ચા

(૬૦૦ × ૬/૩૦૦) = ₹ ૧૨

₹ ૭૩૯

- વીમા કંપની - ₹ ૬૦૦

નુકશાન ₹ ૧૩૯

**નોંધ ૨.**

આડત

સામાન્ય ૪૬૫૦૦ × ૫% = ₹ ૨૩૨૫

આસામી ૩૨૪૦૦ × ૨% = ₹ ૬૪૮

₹ ૨,૯૭૩

**નોંધ ૩.**

ઘાલખાધ ભલામણ ૫૧૦૦ × ૫૦ % = ₹ ૨૫૫૦ ઘાલખાધ

આખર સ્ટોક વેચાણ

(૩૦૦-૨૭૦-૬ = ૨૪×રૂ ૧૫૦) = ₹ ૩૬૦૦

+ માલધણીના પ્ર.સર ખર્ચા(૩૦૦ × ૨૪/૩૦૦) = + ₹ ૨૬.૪૦

+આડતીયાના પ્ર.સર ખર્ચા(૬૦૦ × ૨૪/૩૦૦) = + ₹ ૪૮.૦૦

₹ ૩૬૭૪.૪૦

તફાવત ૨૪ × 30 = ૭૨૦

ઉ. માલધણી/ પ્રતિકનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| દેવીહૂંડી ખાતે | ૬,૦૦૦ | રોકડ ખાતે વેચાણ | ૯,૦૦૦ |
| રોકડ ખાતે ખર્ચા: | | પાર્થ ખાતે ઉ.વેચાણ | ૩૨,૪૦૦ |
| લારી ભાડું ૧૫૦ | | પ્રિયંક ખાતે ભ.વેચાણ | ૫,૧૦૦ |
| જકાત ૪૫૦ | | | |
| જાહેરાત ૫૦૪ | ૧,૧૦૪ | | |
| આડત ખાતે | ૨,૯૭૩ | | |
| પ્રિયંક ખાતે ઘાલખાધ | ૨,૫૫૦ | | |
| બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૩૩,૮૭૩ | | |
| | ૪૬,૫૦૦ | | ૪૬,૫૦૦ |

**ઉદાહરણ ૭.** નીચે આપેલા બે પત્રકો અને અન્ય માહિતી પરથી માલધણીના ચોપડામાં આડતમાલ ખાતું તથા આડતિયાનું ખાતું તેમજ આડતિયાના ચોપડામાં માલધણીનું ખાતું તૈયાર કરો.

પત્રક - ૧

કાચું ભરતિયું નં. ૫

**રોયલ ફર્નિચર હાઉસ**

કલીકૂંડ રોડ, ધવલપુર

તમો એ-વન ફર્નિચર માર્ટ, ધરણીધર રોડ, વાસણા, અમદાવાદને અમારા વતી આડતથી વેચવા મોકલેલ માલનું કાચું ભરતિયું :

| વિગત | દર ₹ | કુલ રકમ ₹ |
|---|---|---|
| ૧૦૦ ખુરશીઓ | 300 | 30,000 |
| ઉમેરો : ખર્ચા : | | |
| નૂર | ૧,૦૦૦ | |
| વીમા પ્રીમિયમ | ૨૦૦ | |
| મજૂરી | 300 | ૧,૫૦૦ |
| | | ૩૧,૫૦૦ |

ભૂલચૂક લેવી દેવી

સહી

સ્થળ : ધવલપુર (વિજય મિસ્ત્રી)

તારીખ : ૧-૧-૨૦૧૬

મેનેજર

પત્રક - ૨

વેચાણ - આંકડો

**એ - વન ફર્નિચર માર્ટ**

ધરણીધર રોડ, વાસણા, અમદાવાદ - ૭.

તમો રોયલ ફર્નિચર હાઉસ, ધવલપુર તરફથી આડતથી વેચવા માટે મળેલ માલનો વેચાણ-આંકડો :

| વિગત | દર (₹) | કુલ રકમ (₹) |
|---|---|---|
| ૫૦ ખુરશીઓનું રોકડ વેચાણ | ૪૫૦ | ૨૨,૫૦૦ |
| ૩૦ ખુરશીઓનું ઉધાર વેચાણ | ૫૦૦ | ૧૫,૦૦૦ |
| | | ૩૭,૫૦૦ |
| બાદ : ખર્ચા અને કમિશન : | | |
| જકાત | ૧,૦૦૦ | |
| ગાડીભાડું | ૨,૨૫૦ | |
| મજૂરી | ૨૫૦ | |
| જાહેરાત ખર્ચ | ૨,૨૫૦ | |
| સામાન્ય આડત | ૩,૭૫૦ | |
| આસામી આડત | ૩૦૦ | ૯,૮૦૦ |
| | | ૨૭,૭૦૦ |
| બાદ : તા. ૧-૧-૨૦૧૬ના રોજ સ્વીકારેલ ૪ માસની મુદતની હૂંડી | | ૨૦,૦૦૦ |
| | | ૭,૭૦૦ |
| બાદ : આ સાથે બીડેલ બેન્ક ડ્રાફ્ટ નં. ૦૨૩૭૦ | | ૭,૭૦૦ |
| | | --- |

ભૂલચૂક લેવી દેવી

સ્થળ : અમદાવાદ

તારીખ : ૩૧-૩-૨૦૧૬

સહી

(ચંદ્રકાન્ત રાણા)

**વધારાની માહિતી :**

(૧) માલધણીએ, આડતિયાની સ્વીકારેલી હૂંડી એક માસ પછી વાર્ષિક ૯% ના દરે બેન્કમાં વટાવી હતી.

(૨) આડતિયાના ગોડાઉનમાંથી બે ખુરશીઓ ચોરાઈ ગઈ હતી, જે પેટે વીમા કંપનીએ ₹ ૬૦૦નો દાવો મંજૂર રાખ્યો હતો.

(૩) આડતિયાએ કરેલ ઉધાર વેચાણ પૈકી, એક ગ્રાહક નાદાર થવાથી ₹ ૨,૦૦૦ની ઘાલખાધ પડી હતી.

(ગુ. યુનિ. એફ. વાય. એપ્રિલ, ૨૦૦૩ પર આધારીત)

જવાબ :

રોયલ ફર્નિચર હાઉસના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| આડતથી મોકલેલ માલ ખાતે (૧૦૦ × રૂ 300) | | 30,000 | એવન ફાર્મ માર્ટ ખાતેઃ | | |
| | | | રોકડ | ૨૨,૫૦૦ | |
| લેણીહૂંડી ખાતે વટાવ | | ૪૫૦ | ઉધાર | ૧૫,૦૦૦ | ૩૭,૫૦૦ |
| રોકડ ખાતે ખર્ચાઃ | | | વિમા કંપની ખાતે દાવો | | ૬૦૦ |
| નૂર | ૧,૦૦૦ | | ન.નુ.ખાતે ખોટ | | ૧૦૦ |
| વીમો | ૨૦૦ | | આડતમાલ સ્ટોક ખાતેઃ | | |
| મજૂરી | 300 | ૧,૫૦૦ | આ.સ્ટોક | ૫,૪૦૦ | |
| એવન ફાર્મ માર્ટ ખાતે ખર્ચાઃ | | | મા. ખર્ચા | ૨૭૦ | |
| જકાત | ૧,૦૦૦ | | આ. ખર્ચા | ૬30 | ૬,300 |
| ગાડીભાડું | ૨,૨૫૦ | | | | |
| મજૂરી | ૨૫૦ | | | | |
| જાહેરાત ખર્ચ | ૨,૨૫૦ | ૫,૭૫૦ | | | |
| એવન ફાર્મ માર્ટ ખાતે આડતઃ | | | | | |
| સામાન્ય | ૩,૭૫૦ | | | | |
| આસામી | 300 | ૪,૦૫૦ | | | |
| સા.ન.નુ.ખાતે(ચો. નફો)(?) | | ૨,૭૫૦ | | | |
| | | ૪૪,૫૦૦ | | | ૪૪,૫૦૦ |

ઉ. એવન ફર્નિચર માર્ટ ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| આડત માલ ખાતે વેચાણઃ | | | લેણીહૂંડી ખાતે | | ૨૦,૦૦૦ |
| રોકડ | ૨૨,૫૦૦ | | આડત માલ ખાતે ખર્ચાઃ | | |
| ઉધાર | ૧૫,૦૦૦ | ૩૭,૫૦૦ | જકાત | ૧,૦૦૦ | |
| | | | ગાડીભાડુ | ૨,૨૫૦ | |
| | | | મજૂરી | ૨૫૦ | |
| | | | જાહેરાતખર્ચ | ૨,૨૫૦ | ૫,૭૫૦ |
| | | | આડત માલ ખાતે આડતઃ | | |
| | | | સામાન્ય | ૩,૭૫૦ | |
| | | | આસામી | 300 | ૪,૦૫૦ |
| | | | બેન્ક ખાતે ડ્રાફ્ટ | | ૭,૭૦૦ |
| | | ૩૭,૫૦૦ | | | ૩૭,૫૦૦ |

ગણતરીઃ

**નોંધ ૧.**

| | |
|---|---|
| વટાવ ૨૦૦૦૦ × ૯% × ૩/૧૨ | = ₹ ૪૫૦ |

**નોંધ ૨.**

| | |
|---|---|
| અસામાન્ય નુકશાન | |
| ૨ ખુરશી × ૩૦૦ | = ₹ ૬૦૦ |
| + માલધણીના પ્ર.સર ખર્ચા | |
| (૧૫૦૦ × ૨/૧૦૦) | = ₹ ૩૦ |
| + આડતીયાના પ્ર.સર ખર્ચા | |
| (૩૫૦૦ × ૨/૧૦૦) | = ₹ ૭૦ |
| | ₹ ૭૦૦ |
| વીમા કંપની | - ₹ ૬૦૦ |
| નુકશાન | ₹ ૧૦૦ |

**નોંધ ૩.**

| | |
|---|---|
| આખર સ્ટોક | |
| (૧૦૦-૮૦-૨ = ૧૮ × ૩૦૦) | = ₹ ૫૪૦૦ |
| + માલધણીના પ્ર.સર ખર્ચા | |
| (૧૫૦૦ × ૧૮/૧૦૦) | = + ₹ ૨૭૦ |
| +આડતીયાના પ્ર.સર ખર્ચ | |
| (૩૫૦૦ × ૧૮/૧૦૦) | = + ₹ ૬૩૦ |
| | ₹ ૬૩૦૦ |

**ઉદાહરણ ૮.** તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ ઈન્દુએ દરેક ₹ ૧૦૦ની પડતર કિંમતના ૧,૦૦૦ રેડિયો, દરેક ₹ ૧૨૦ની ભરતિયા કિંમતે કીર્તિને આડતથી વેચવા મોકલ્યા. ઈન્દુએ માલ મોકલતાં નીચે મુજબના ખર્ચ કર્યો,

નૂર ₹ ૧,૦૦૦ અને વીમો ₹ ૪,૦૦૦. કીર્તિ કુલ વેચાણ પર ૧૦% કમિશન અને ઉધાર વેચાણ પર ૫% આસામી આડત મેળવવા હકદાર છે. તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬ના રોજ કીર્તિએ વેચાણ આંકડો અને તેની પાસેથી લેણી રકમનો બેન્કડ્રાફ્ટ મોકલી આપ્યો. તેની પાસેથી મળેલ વેચાણ આંકડા મુજબ ૫૦૦ રેડિયો, દરેક ₹ ૧૪૦ની કિંમતે રોકડેથી વેચ્યા હતા અને ૨૦૦ રેડિયો, દરેક ₹ ૧૫૦ની કિંમતે ઉધાર વેચ્યા હતા. આડતિયાએ નીચે મુજબ ખર્ચ કર્યો.

માલ છોડાવવાનો ખર્ચ ₹ ૮૫૦, વખાર અને સંગ્રહ ખર્ચ ₹ ૧,૭૦૦ અને પેકિંગ અને વેચાણ ખર્ચ ₹ ૬૦૦. રસ્તામાં ૫૦ રેડિયોને સંપૂર્ણ નુકસાન થયું હતું અને વીમા કંપનીએ ₹ ૩,૬૦૦નો દાવો સ્વીકાર્યો. એમ જાણવા મળ્યું હતું કે ૧૦૦ રેડિયો હજી રસ્તામાં (In transit) હતા.

માલધણીના ચોપડે, આડતમાલ ખાતું અને આડતિયાનું ખાતું તથા આડતિયાના ચોપડે માલધણીનું ખાતું તૈયાર કરો.

**(ગુ. યુ. એફ. વાય., મે, ૧૯૮૬, ઉ.ગુ. યુનિ., એફ. વાય., માર્ચ, ૨૦૦૩ પર આધારીત)**

જવાબ : ઈન્દુના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મોકલેલ માલ ખાતે<br>(ભ.કિં.૧,૦૦૦ × ૧૨૦) | ૧,૨૦,૦૦૦ | આડતથી મોકલેલ માલ ખાતે<br>તફાવત (૧,૦૦૦ × ૨૦) | ૨૦,૦૦૦ |
| રોકડ ખાતે ખર્ચાઃ<br>નૂર ૧,૦૦૦<br>વીમો ૪,૦૦૦ | ૫,૦૦૦ | કીર્તિખાતે વેચાણ<br>રોકડ(૫૦૦×૧૪૦) ૭૦,૦૦૦<br>ઉધાર(૨૦૦×૧૫૦) ૩૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| કીર્તિખાતે ખર્ચાઃ<br>માલ છો.ખર્ચ ૮૫૦<br>વખાર સંગ્રહ ખર્ચ ૧,૭૦૦<br>વેચાણ ખર્ચ ૬૦૦ | ૩,૧૫૦ | વિમા કંપની ખાતે દાવો<br>ન.નુ. ખાતે ખોટ<br>માર્ગસ્થ માલ ખાતે ૧૦,૦૦૦<br>+માલધણીના ખર્ચા ૫૦૦ | ૩,૬૦૦<br>૧,૬૫૦<br><br>૧૦,૫૦૦ |
| કિર્તી ખાતે આડતઃ<br>સામાન્ય ૧૦,૦૦૦<br>આસામી ૧,૫૦૦ | ૧૧,૫૦૦ | આડતમાલ સ્ટોક ખાતે<br>આ.સ્ટોક ૧૮,૦૦૦<br>માલ ખર્ચા ૭૫૦<br>આડ. ખર્ચા ૧૫૦ | ૧૮,૯૦૦ |
| સ્ટોક અનામત<br>આ.સ્ટોક તફાવત<br>(૧૫૦ × ૩ ૨૦) | ૩,૦૦૦ | | |
| સા.ન.નુ.ખાતે(ચો.નફો)(?) | ૧૨,૦૦૦ | | |
| | ૧,૫૪,૬૫૦ | | ૧,૫૪,૬૫૦ |

ઉ. કિર્તીનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે વેચાણઃ<br>રોકડ ૭૦,૦૦૦<br>ઉધાર ૩૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | આડતમાલ ખાતે ખર્ચાઃ<br>માલ છોડા.ખર્ચ ૮૫૦<br>વખાર સંગ્રહ ખર્ચ ૧,૭૦૦<br>પેકિંગ વેચાણ ખર્ચ ૬૦૦ | ૩,૧૫૦ |
| | | આડતમાલ ખાતે આડતઃ<br>સામાન્ય ૧૦,૦૦૦<br>આસામી ૧,૫૦૦ | ૧૧,૫૦૦ |
| | | બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૮૫,૩૫૦ |
| | ૧,૦૦,૦૦૦ | | ૧,૦૦,૦૦૦ |

**ગણતરીઃ**

**નોંધ ૧.**

અસામાન્ય નુકશાન

૫૦ × ૧૦૦ ₹ ૫,૦૦૦

+માલધણીના ખર્ચા

| | |
|---|---|
| (૫૦૦૦ × ૫૦/૧૦૦૦) | + ₹ ૨૫૦ |
| | ₹ ૫,૨૫૦ |
| -વીમા કંપની | - ₹ ૩,૬૦૦ |
| નુકશાન | ₹ ૧,૬૫૦ |

**નોંધ ૨.**

| | |
|---|---|
| માર્ગસ્થ માલ | |
| ૧૦૦ × રૂ ૧૦૦ = | ₹ ૧૦,૦૦૦ |
| +માલધણીના ખર્ચા | |
| (૫૦૦૦ × ૧૦૦/૧૦૦૦) | + ₹ ૫૦૦ |
| | ₹ ૧૦,૫૦૦ |

**નોંધ ૩.**

| | |
|---|---|
| આડત | |
| સામાન્ય ૧૦૦૦૦૦ × ૧૦% | = ₹ ૧૦,૦૦૦ |
| આસામી ૩૦૦૦૦ × ૫% | = ₹ ૧,૫૦૦ |
| | ₹ ૧૧,૫૦૦ |

**નોંધ ૪.**

| | |
|---|---|
| આખર સ્ટોક | |
| (૧૦૦૦-૭૦૦-૫૦-૧૦૦ = ૧૫૦) | |
| ૧૫૦ રેડિયો × ૧૨૦ | = ₹ ૧૮૦૦૦ |
| +માલધણીના પ્ર.સર ખર્ચ | |
| (૫૦૦૦ × ૧૫૦/૧૦૦૦) | =+ ₹ ૭૫૦ |
| + આડતીયાના પ્ર.સર ખર્ચ | |
| (૮૫૦ × ૧૫૦/૮૫૦) | = + ₹ ૧૫૦ |
| | ₹ ૧૮,૯૦૦ |

તફાવત ૧૫૦ × ૨૦ = 3000

**ઉદાહરણ ૯.** તા. ૧-૭-૨૦૧૭ ના રોજ ભારત વિઝન કંપની લિમિટેડ, બરોડા, દરેક ₹ ૭,૫૦૦ની કિંમતવાળા ૩૦ પોર્ટેબલ ટી.વી. સેટ દરેક ₹ ૧૦,૦૦૦ની ભરતિયા કિંમતે રાજકોટના માધવને આડતથી વેચવા મોકલે છે. કંપનીએ માલ મોકલતાં વીમા ખર્ચના ₹ ૧,૦૦૦, નૂરના ₹ ૧,૫૦૦ અને પરચૂરણ ખર્ચના ₹ ૫૦૦ ચૂકવ્યા હતા.

તા. ૧-૭-૨૦૧૭ ના રોજ કંપનીએ લખેલી રૂ.૧,૫૦,૦૦૦ની ૩ માસની મુદતની હૂંડી લખી હતી જે માધવે સ્વીકારીને તુરત પરત કરી હતી. સદર હૂંડી કંપનીએ ૧૨ ટકાના વટાવે બેન્કમાં તા. ૪-૮-૨૦૧૭ના રોજ વટાવી હતી.

કરાર મુજબ માધવ વેચાણ પર ૫% સાદી આડત અને ઉધાર વેચાણ પર ૩% આસામી આડત મેળવવા હકદાર છે. ઉપરાંત તે ચોખ્ખા નફાના (નફા ભાગ બાદ કર્યા પછી) ૧૦% નફા ભાગ મેળવવા હકદાર છે.

તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ માધવે વેચાણ આંકડો તથા લેણી રકમનો બેન્કડ્રાફ્ટ મોકલી આપ્યો છે વેચાણ આંકડા નીચે મુજબ છેઃ

(૧) તેણે ₹ ૩૦૦ જકાત તથા ₹ ૧,૫૦૦ આવક માલ ગાડાના ચૂકવ્યા હતા.

(૨) ૧૫ ટી.વી. સેટ દરેક ₹ ૧૧,૫૦૦ની કિંમતે રોકડેથી વેચેલ હતા.

(૩) ૫ ટી.વી. સેટ દરેક ₹ ૧૨,૫૦૦ની કિંમતે નિખિલ

(૪) ૩ ટી.વી. સેટ દરેક ₹ ૧૦,૫૦૦ની કિંમતે મિહિરને કંપનીની ભલામણથી ઉધાર વેચેલ હતા.

(૫) મહિર અને નિખિલ બંને નાદાર જાહેર થતાં તેમની પાસેથી છેવટનું ડિવિડન્ડ અનુક્રમે ૮૫ પૈસા અને ૫૦ પૈસા લેખે મળેલ છે.

(૬) ૩૦-૯-૨૦૧૭ના રોજ માધવના ગોડાઉનમાં આગ લાગતાં ૨ ટી.વી. સેટ સંપૂર્ણ નાશ પામ્યા હતા. વીમા કંપનીએ ₹ ૧૨,૦૦૦નો દાવો સ્વીકારેલ હતો.

(૭) વેચાયા વગરના ટી.વી. સેટની દરેકની બજાર કિંમત ₹ ૮,૦૦૦ હતી.

ઉપરની માહિતી પરથી કંપનીના ચોપડે તૈયાર કરો :

(૧) આડતમાલ ખાતું, (૨) માધવનું ખાતું, (૩) જરૂરી ગણતરી દર્શાવો.

(સૌ. યુનિ. એફ. વાય., એપ્રિલ, ૨૦૦૪, ૨૦૧૦ પર આધારીત)

**જવાબ :**

ભારત વિઝન કંપનીના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| આડતથી મો.માલ ખાતે (ભ.કિં ૩૦ × ૧,૦૦૦) | | ૩,૦૦,૦૦૦ | આડતથી મો.માલ ખાતે (તફાવત ૩૦× ૨,૫૦૦) | | ૭૫,૦૦૦ |
| રોકડખાતે ખર્ચાઃ | | | માધવ ખાતે વેચાણઃ | | |
| વિમો | ૧,૦૦૦ | | રોકડ(૧૫ × ૧૧૫૦૦) = | ૧,૭૨,૫૦૦ | |
| નૂર | ૧,૫૦૦ | | ઉધાર(૫×૧૨૫૦૦) = | ૬૨,૫૦૦ | |
| પરચૂરણ | ૫૦૦ | ૩,૦૦૦ | ભલામણ(૩×૧૦૫૦૦) = | ૩૧,૫૦૦ | ૨,૬૬,૫૦૦ |
| લેણીહૂંડી ખાતે વટાવ | | ૩,૦૦૦ | વિમા કંપની ખાતે દાવો | | ૧૨,૦૦૦ |
| માધવ ખાતે ખર્ચાઃ | | | ન.નુ.ખાતે ખોટ | | ૩,૩૨૦ |
| જકાત | ૩૦૦ | | આડતમાલ સ્ટોક ખાતેઃ | | |
| ગાડાભાડું | ૧,૫૦૦ | ૧,૮૦૦ | આ.સ્ટોક | ૫૦,૦૦૦ | |
| માધવ ખાતે આડતઃ | | | માલ ખર્ચા | ૫૦૦ | |
| સામાન્ય | ૧૩,૩૨૫ | | આડ.ખર્ચા | ૩૦૦ | ૫૦,૮૦૦ |
| આસામી | ૧,૮૭૫ | ૧૫,૨૦૦ | | | |
| માધવ ખાતે(ભલામણના વે.પર ઘાલખાધ) | | ૪,૭૨૫ | | | |
| સ્ટોક અનામત ખાતે | | | | | |
| આ.સ્ટોક તફાવત ૫ × ૨,૫૦૦ | | ૧૨,૫૦૦ | | | |
| માધવ ખાતે (નફો) | | ૬,૧૨૭ | | | |

| | | | |
|---|---|---|---|
| ન.નુ.ખાતે(ચો. નફો)(?) | ૬૧,૨૬૮ | | |
| | ૪,૦૭,૬૨૦ | | ૪,૦૭,૬૨૦ |

ઉ. માધવનુ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતમાલ ખાતે વેચાણઃ | | લેણીહૂંડી ખાતે | ૧,૫૦,૦૦૦ |
| રોકડ ૧,૭૨,૫૦૦ | | આડતમાલ ખાતે ખર્ચા | |
| ઉધાર ૬૨,૫૦૦ | | જકાત ૩૦૦ | |
| ભલામણ ૩૧,૫૦૦ | ૨,૬૬,૫૦૦ | ગાડાભાડું ૧,૫૦૦ | ૧,૮૦૦ |
| | | આડતમાલ ખાતે આડત | ૧૫,૨૦૦ |
| | | આડતમાલ ખાતે ઘાલખાધ | ૪,૭૨૫ |
| | | આડતમાલ ખાતે (નફો) | ૬,૧૨૭ |
| | | બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૮૮,૬૪૮ |
| | ૨,૬૬,૫૦૦ | | ૨,૬૬,૫૦૦ |

ગણતરીઃ

**નોંધ ૧.**

વટાવ = ૧૫૦૦૦૦ × ૧૨% × ૨/૧૨ = ₹ ૩,૦૦૦ વટાવ

**નોંધ ૨.**

ઘાલખાધ

ભલામણના વેચાણ પર ૩૧૫૦૦ × ૧૫% = ₹ ૪,૭૨૫

**નોંધ ૩**

અસામાન્ય નુકશાન

૨ × ૭૫૦૦ = ₹ ૧૫,૦૦૦

+માલધણીના પ્ર.સર ખર્ચ

(૩૦૦૦ × ૨/૩૦) = + ₹ ૨૦૦

+ આડતીયાના પ્ર.સર ખર્ચ

(૧૮૦૦ × ૨/૩૦) = + ₹ ૧૨૦

₹ ૧૫,૩૨૦

-વીમા કંપની ખાતે - ₹ ૧૨,૦૦૦

ખોટ ₹ ૩૩૨૦

**નોંધ ૪**

આખર સ્ટોક (૩૦-૨૩-૨ = ૫ આ.સ્ટોક)

આ. સ્ટોક ૫ × ૧૦૦૦૦ ભ.કિં. = ₹ ૫૦,૦૦૦

+માલધણીના પ્ર.સર ખર્ચ

(૩૦૦૦ × ૫/૩૦) + ₹ ૫૦૦

+ આડતીયાના પ્ર.સર ખર્ચ

(૧૮૦૦ × ૫/30) + ₹ 300

₹ ૫૦,૮૦૦

**નોંધ ૫.**

આડતિયાના ભાગનો નફો

| | | | | |
|---|---|---|---|---|
| ધારોકે આ માલનો નફો (આડતિયાનો ભાગ બાદ કર્યા બાદનો) | | | | ૧૦૦ |
| + નફો ૧૦% | | | | + ૧૦ |
| કુલ આ માલનો નફો | | | | ૧૧૦ |
| કુલ નફો | આડતિયાનો | | | |
| ૧૧૦ | ૧૦ ભાગ | ૬૭૩૯૫ × ૧૦ | | |
| ૬૭૩૯૫ | (?) | ૧૧૦ | = | ₹ ૬,૧૨૬.૮૧૮ |
| | | | = | ₹ ૬,૧૨૭ |

આડતિયાનો ભાગ

₹ ૬૭,૩૯૫
-₹ ૬,૧૨૭
₹ ૬૧,૨૬૮

**ઉદાહરણ ૧૦.** પોરબંદરની શ્રી રામ એન્ડ કંપનીએ એક ગોંડલના પોતાના એજન્ટ શ્રી અમર સેલ્સને ₹ ૭,૬૦૦ની પડતર કિંમતનું એક એવા ૮૦૦ ટી.વી. સેટ આડતથી વેચવા મોકલ્યા. વેચાણ કિંમત ઉપર ૨૫% નફો મળે એ રીતે કાચું ભરતિયું તૈયાર કરવામાં આવ્યું.

એક માસ પછી શ્રી અમર સેલ્સ ગોંડલે વેચાણ આંકડો મોકલી જણાવ્યું કે તેણે ૬૦૦ ટી.વી. ₹ ૫,૨૮૦ના કિંમતે વેચ્યા હતા. તેણે જકાતના રૂ ૪,૮૦૦ અને વેચાણખર્ચના ₹ ૨,૮૦૦ ચુકવ્યા હતા.

માલ મોકલતી વખતે શ્રી રામ એન્ડ કંપનીએ ₹ ૮,૦૦૦ ખર્ચના ચુકવ્યા હતા.

શ્રી અમર સેલ્સ ગોંડલ વેચાણ પર ૧૦% આડત મેળવવા હકદાર છે. અને તે ઉપરાંત ચોખ્ખા નફાના ૨૫% નફાભાગ પણ મેળવવા હકદાર છે. (પોતાની આડત અને નફાભાગ બાદ કર્યા પછીના)

શ્રી રામ કંપનીના ચોપડામાં તૈયાર કરો.

(૧) આડતમાલ ખાતું (૨) શ્રી અમર સેલ્સ ગોંડલનું ખાતું (૩) જરૂરી ગણાતરી દર્શાવો.

(સૌ. યુનિ., એફ. વાય., એપ્રિલ ૨૦૦૫ પર આધારીત)

**જવાબ :** શ્રી રામ એન્ડ કંપનીના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મોકલેલ માલ ખાતે | ૩૮,૪૦,૦૦૦ | આડતથી મો.માલ ખાતે | |
| (ભ.કિં.૮૦૦ × ૪,૮૦૦) | | (તફાવત ૮૦૦ × ૧,૨૦૦) | ૯,૬૦,૦૦૦ |
| અમર સેલ્સ ખાતે ખર્ચાઃ | | અમર સેલ્સ ખાતે વેચાણઃ | ૩૧,૬૮,૦૦૦ |
| જકાત ૪,૮૦૦ | | (૬૦૦ × ૫,૨૮૦) | |
| વેચાણ ખર્ચ ૨,૮૦૦ | ૭,૬૦૦ | આડતમાલ સ્ટોક ખાતે | |

| | | | | |
|---|---|---|---|---|
| રોકડખાતે માલ મો.ખર્ચ | ૮,૦૦૦ | આ.સ્ટોક | ૯,૬૦,૦૦૦ | |
| અમર સેલ્સ ખાતે | | મા. ખર્ચા | ૨,૦૦૦ | |
| આડત ૧૦% | ૩,૧૬,૮૦૦ | આ. ખર્ચા | ૧,૨૦૦ | ૯,૬૩,૨૦૦ |
| સ્ટોક અનામત ખાતે | | | | |
| (આ.સ્ટોક તફાવત ૨૦૦× ૧,૨૦૦) | ૨,૪૦,૦૦૦ | | | |
| અમર સેલ્સ ખાતે (નફો) | ૧,૩૫,૭૬૦ | | | |
| સા.ન.નુ.ખાતે (ચો.નફો) | ૫,૪૩,૦૪૦ | | | |
| | ૫૦,૯૧,૨૦૦ | | | ૫૦,૯૧,૨૦૦ |

ઉ. અમર સેલ્સનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતમાલ ખાતે વેચાણ | ૩૧,૬૮,૦૦૦ | આડતમાલ ખાતે ખર્ચા | ૭,૬૦૦ |
| | | આડતમાલ ખાતે આડત | ૩,૧૬,૮૦૦ |
| | | આડતમાલ ખાતે નફો | ૧,૩૫,૭૬૦ |
| | | (બા. આ. લઈ ગયા) | ૨૭,૦૭,૮૪૦ |
| | ૩૧,૬૮,૦૦૦ | | ૩૧,૬૮,૦૦૦ |

ગણતરીઃ

**નોંધ ૧.**

| | | | | |
|---|---|---|---|---|
| ધારોકે વે.કિં. | ૧૦૦ | ૭૫ | ૧૦૦ | |
| -૨૫% નફો | -૨૫ | ૩૬૦૦ | ? | = ₹ ૪૮૦૦ |
| ભ.કિં. | | | | |
| પ.કિં. | ૭૫ | | | - ₹ ૩૬૦૦ |
| | | | | ₹ ૧૨૦૦ |

તફાવત

**નોંધ ૨.**

આખર સ્ટોક

ટીવી ૮૦૦

-વેચાણ ૬૦૦

૨૦૦ ટીવી

આ.સ્ટોક ૨૦૦ × ૪,૮૦૦ = ₹ ૯,૬૦,૦૦૦

+ માલધણીના પ્ર.સર ખર્ચ

(૨૦૦ × ૮,૦૦૦/૮૦૦) = + ₹ ૨,૦૦૦

+ આડતીયાના પ્ર.સર ખર્ચ

(૨૦૦ × ૪,૮૦૦/૮૦૦) = + ₹ ૧,૨૦૦

૯,૬૩,૨૦૦

તફાવત ૨૦૦ × ૧,૨૦૦ = ૨,૪૦,૦૦૦

**નોંધ ૩.**

આડતીયાના ભાગનો નફો

૧૨૫ ૨૫

૬,૭૮,૮૦૦ ? = $\frac{૬,૭૮,૮૦૦ \times ૨૫}{૧૨૫}$ = ૧,૩૫,૭૬૦ ચો.નફો

૬,૭૮,૮૦૦ - ૧,૩૫,૭૬૦ = ૫,૪૩,૦૪૦

**ઉદાહરણ ૧૧.** સુરતના સુરતીએ વડોદરાના વાડીલાલને ૧૦૦ સાઈકલ દરેક ₹ ૧,૫૦૦ની મૂળ કિંમતની રૂ. ૨,૦૦૦ની ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલી. સુરતીએ નૂરના ₹ ૧૦,૦૦૦ અને વીમાના ₹ ૧,૫૦૦ ચૂકવ્યા. રસ્તામાં ૧૦ સાઈકલ સંપૂર્ણ નાશ પામી. વીમા કંપનીએ ₹ ૧૪,૦૦૦નો દાવો મંજૂર કર્યો. વાડીલાલે બાકીની સાઈકલની ડિલિવરી લીધી. તેણે જકાતના ₹ ૧,૫૩૦ ચૂકવ્યા. વાડીલાલે સુરતીને ₹ ૫૦,૦૦૦નો બેન્કડ્રાફ્ટ એડવાન્સ તરીકે મોકલ્યો :

(૧) ૮૦ સાઈકલ દરેક ₹ ૨,૨૦૦ની કિંમતે વેચી. (૨) ગોડાઉન ભાડાના ₹ ૨,૦૦૦ ચૂકવ્યા.

વાડીલાલને ભરતિયા કિંમત પર ૫% કમિશન અને ભરતિયા કિંમત કરતા વધારાની વેચાણ કિંમત પર ૨૫ % કમિશન આપવાનું છે.

સુરતીના ચોપડામાં આડતમાલ ખાતું અને વાડીલાલનું ખાતું તૈયાર કરો.

**(દ.ગુ. યુનિ., એફ.વાય., એપ્રિલ, ૨૦૦૫ પર આધારીત)**

**જવાબઃ**

સુરતના સુરતીના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| આડતથી મોકલેલ માલ ખાતે (૧૦૦ × ૨,૦૦૦) ભ.કિં. | | ૨,૦૦,૦૦૦ | આડતથી મો.માલ ખાતે (તફાવત ૧૦૦ × ૫૦૦) | | ૫૦,૦૦૦ |
| રોકડ ખાતે ખર્ચાઃ | | | વિમા કંપની ખાતે દાવો | | ૧૪,૦૦૦ |
| નૂર | ૧૦,૦૦૦ | | ન.નુ.ખાતે ખોટ | | ૨,૧૫૦ |
| વીમો | ૧,૫૦૦ | ૧૧,૫૦૦ | વાડીલાલ ખાતે વેચાણ | | ૧,૭૬,૦૦૦ |
| વાડીલાલ ખાતે જકાત | | ૧,૫૩૦ | આડતમાલ સ્ટોક ખાતે | | |
| વાડીલાલ ખાતે ગોડાઉન ભાડું | | ૨,૦૦૦ | આ.સ્ટોક | ૨૦,૦૦૦ | |
| વાડીલાલ ખાતે કમીશનઃ | | | માલધણીના પ્ર.સર ખર્ચ | ૧,૧૫૦ | ૨૧,૩૨૦ |
| સામાન્ય | ૮૦૦૦ | | આ. પ્ર.સર ખર્ચ | ૧૭૦ | |
| આસામી | ૪૦૦૦ | ૧૨,૦૦૦ | | | |
| સ્ટોક અનામત ખાતે (આ.સ્ટોક તફાવત ૧૦ × ૫૦૦) | | ૫,૦૦૦ | | | |
| સા.ન.નુ. ખાતે (ચો.નફો)(?) | | ૩૧,૪૪૦ | | | |
| | | ૨,૬૩,૪૭૦ | | | ૨,૬૩,૪૭૦ |

| ઉ. | વાડીલાલનું ખાતું | | જ. |
|---|---|---|---|
| વિગત | ₹ | વિગત | ₹ |
| આડતમાલ ખાતે વેચાણ<br>(૮૦ × ૨,૨૦૦) | ૧,૭૬,૦૦૦ | આડતમાલ ખાતે જકાત<br>બેન્ક ખાતે એડવાન્સ<br>આડતમાલ ખાતે ગોડાઉન ભાડું<br>આડતમાલ ખાતે આડત<br>બા આ લઈ ગયા | ૧,૫૩૦<br>૫૦,૦૦૦<br>૨,૦૦૦<br>૧૨,૦૦૦<br>૧,૧૦,૪૭૦ |
| | ૧,૭૬,૦૦૦ | | ૧,૭૬,૦૦૦ |

**ગણતરીઃ**

**નોંધ ૧.**

અસામાન્ય નુકશાન

| | | | |
|---|---|---|---|
| | ૧૦ × ૧૫૦૦ મૂ.કિં. | = | ₹ ૧૫,૦૦૦ |
| + માલધણીના પ્ર.સર ખર્ચા | | | |
| ૧૦૦ | ૧૧,૫૦૦ | | |
| ૧૦ | ? | = | + ₹ ૧૧૫૦ |
| | | | ₹ ૧૬,૧૫૦ |
| - વિમા કંપની ખાતે | | | - ₹ ૧૪,૦૦૦ |
| નુકશાન | | | ₹ ૨,૧૫૦ |

**નોંધ ૨.**

કમિશન

| | | | | |
|---|---|---|---|---|
| ભ.કિં. | ૮૦ × ૨૦૦૦ | = ૧,૬૦,૦૦૦ × ૫% | = | ₹ ૮,૦૦૦ |
| વધારાના | ૮૦ × ૨૦૦ | = ૧૬,૦૦૦ × ૨૫% | = | + ₹ ૪,૦૦૦ |
| | | | | ₹ ૧૨,૦૦૦ |

**નોંધ ૩.**

આખર સ્ટોક

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૦-૧૦-૮૦ | = | ૧૦ × ૨,૦૦૦ | = | ₹ ૨૦,૦૦૦ |
| + માલધણીના પ્ર.સર ખર્ચા | | | | |
| (૧૧,૫૦૦ × ૧૦/૧૦૦) | | | = | + ₹ ૧,૧૫૦ |
| + આડતીયાના ખર્ચા(૧,૫૩૦ × ૧૦/૯૦) | | | = | + ₹ ૧૭૦ |
| | | | | ૨૧,૩૨૦ |

**ઉદાહરણ ૧૨.** વડોદરાની ઓઈલ મિલે ₹ ૮૦ના ભાવે ૪,૦૦૦ લિટર કેમિકલ સુરતના આડતિયા સુરેશને આડતથી વેચવા મોકલ્યું. તેમણે ખર્ચના ₹ ૮,૦૦૦ ચૂકવ્યા. આડતમાલ પેટે તેમણે લખેલી ₹ ૯૬,૦૦૦ની ત્રણ માસની હૂંડી સુરેશે સ્વીકારી જે તેમણે ₹ ૧,૬૦૦ વટાવ આપી વટાવી.

રસ્તામાં ૨૦૦ લિટર કેમિકલ ઢોળાઈ ગયો, જે અંગે વીમા કંપનીએ ફક્ત ₹ ૪,૮૦૦નો દાવો મંજૂર રાખ્યો.

સુરેશે ₹ ૯,૬૦૦ વેચાણ ખર્ચના ચૂકવ્યા. તેણે મોકલેલ વેચાણ આંકડા પરથી માલૂમ પડ્યું કે ૩,૨૦૦ લિટર કેમિકલ તેમણે ₹ ૧૦૦ના ભાવે વેચ્યું અને ૧૦૦ લિટરની કુદરતી કારણોસર ઘટ હતી. આડતિયાને શરત

મુજબ વેચાણ પર ૫% કમિશન અને ૨% આસામી આડત આપવાની છે. આડતિયાએ વેચાણ આંકડા સાથે બાકીની રકમનો બેન્ક ડ્રાફ્ટ મોકલી હિસાબ ચૂકતે કર્યો. આડતિયાએ વેચાણ માલ પૈકી એક ગ્રાહક નાદાર થતાં તેની પાસે લેણાં ₹ ૫,૦૦૦માંથી ફક્ત રૂપિયે પૈસા લેખે નાણાં વસૂલ થયાં.

વડોદરા ઓઈલ મિલના ચોપડે જરૂરી ખાતાં બનાવો.

(દ.ગુ. યુનિ. એફ. વાય., માર્ચ, ૨૦૦૬ પર આધારીત)

જવાબ : વડોદરાની ઓઈલ મિલના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મો. માલ ખાતે (૪,૦૦૦ × ૮૦) | ૩,૨૦,૦૦૦ | વિમા કંપની ખાતે દાવો | ૪,૮૦૦ |
| રોકડખાતે ખર્ચાઃ | ૮,૦૦૦ | ન.નુ.ખાતે ખોટ | ૧૧,૬૦૦ |
| લેણીહૂંડી ખાતે વટાવ | ૧,૬૦૦ | સુરેશ ખાતે વેચાણ (૩૨૦૦ × ૧૦૦) | ૩,૨૦,૦૦૦ |
| સુરેશ ખાતે વટાવ | ૯૬૦૦ | આડતમાલ સ્ટોક ખાતે (આખર સ્ટોક) | ૪૨,૧૦૮ |
| સુરેશ ખાતે આડતઃ સામાન્ય ૫% ૧૬,૦૦૦ આસામી ૨% ૬,૪૦૦ | ૨૨,૪૦૦ | | |
| સા.ન.નુ.ખાતે (ચો.નફો) | ૧૬,૯૦૮ | | |
| | ૩,૭૮,૫૦૮ | | ૩,૭૮,૫૦૮ |

ઉ. સુરેશનુ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે વેચાણ | ૩,૨૦,૦૦૦ | લેણીહૂંડી ખાતે | ૯૬,૦૦૦ |
| | | આડત માલ ખાતે વેચાણ ખર્ચ | ૯,૬૦૦ |
| | | આડત માલ ખાતે આડતઃ સામાન્ય ૧૬,૦૦૦ આસામી ૬,૪૦૦ | ૨૨,૪૦૦ |
| | | બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૧,૯૨,૦૦૦ |
| | ૩,૨૦,૦૦૦ | | ૩,૨૦,૦૦૦ |

ઉ. આડતથી મોકલેલ માલ ખાતું જ.

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| વેપાર ખાતે (?) | ૩,૨૦,૦૦૦ | આડત માલ ખાતે | ૩,૨૦,૦૦૦ |
| | ૩,૨૦,૦૦૦ | | ૩,૨૦,૦૦૦ |

**ગણતરીઃ**

**નોંધ ૧.**

અસામાન્ય નુકશાનની ગણતરી

૨૦૦ × ૩ ૮૦ = ₹ ૧૬૦૦૦

+ માલધણીના ખર્ચા (૮૦૦૦ × ૨૦૦/૪૦૦૦) = ₹ ૪૦૦

₹ ૧૬૪૦૦

-વિમા કંપની - ₹ ૪૮૦૦

ખોટ = ₹ ૧૧૬૦૦

**નોંધ ૨.**

આખર સ્ટોક

| | | | |
|---|---|---|---|
| કુલ | ૪૦૦૦ લિટર | પડતર | ₹ 3,૨૦,૦૦૦ |
| -અ.સા.નુક. | - ૨૦૦ | + માલધણીના ખર્ચા | ₹ ૮,૦૦૦ |
| | 3,૮૦૦ | | ₹ 3,૨૮,૦૦૦ |
| | | -અ.સા.નુ.પડતર | - ₹ ૧૬,૪૦૦ |
| | | | ₹ 3,૧૧,૬૦૦ |
| -સામા.નુકશાન | - ૧૦૦ | | - - |
| | 3,૭૦૦ | | ₹ 3,૧૧,૬૦૦ |
| -વેચાણ | - 3,૨૦૦ | | |
| આ.સ્ટોક | ૫૦૦ | ? | |

આ.સ્ટોક = 3૧૧૬૦૦ × ૫૦૦ / 3૭૦૦ = ₹ ૪૨,૧૦૮

+ આડતીયાના ખર્ચા -

₹ ૪૨,૧૦૮

**નોંધ 3.**

| | | | | |
|---|---|---|---|---|
| મૂ.કિં. | ૧૦૦ | ભ.કિં. | નફો | |
| + નફો | ૫૦ | ૧૫૦ | ૫૦ | |
| ભ.કિં. | ૧૫૦ | ૧૫૦ | ? | = ₹ ૫૦ નફો |

**નોંધ ૪.**

અસામાન્ય નુકશાન

૧૦ × ₹ ૧૦૦ = ₹ ૧,૦૦૦

+ માલધણીના પ્ર.સર. ખર્ચા (૧૦૦૦ × ૧૦/૧૦૦) = + ₹ ૧૦૦

+આડતીયાના ખર્ચા (૧3૦૦ × ૧૦/૧૦૦) = + ₹ ૧3૦

₹ ૧,૨3૦

- ઉપજ = - ₹ ૮૦૦

નુકશાન ૪3૦

**નોંધ ૫.**

આડત ૧૧,૫૦૦ + ૮૦૦ = ૧૨,3૦૦ × ૬% = ₹ ૭3૮

**નોંધ ૬.**

આડત માલ આ. સ્ટોક

(૧૦૦ - ૧૦ - ૭૦ વેચાણ = ૨૦ શર્ટ )

૨૦ × ૧૫૦ = ₹ 3,૦૦૦

+ માલધણીના પ્ર.સર. ખર્ચા

(૧૦૦૦ × ૨૦/૧૦૦) = + ₹ ૨૦૦

+ આડતીયાના ખર્ચા
(૧૩૦૦ × ૨૦/૧૦૦) = + ₹ ૨૬૦

₹ ૩,૪૬૦

**ઉદાહરણ ૧૩.** તા. ૧લી જુલાઈ, ૨૦૧૭ ના રોજ સુરતના શ્યામલે, અમદાવાદના અમલને ₹ ૧,૨૦૦ની પડતર કિંમતનું એક એવાં ૮૦૦ બાથ-ગીઝર આડતથી વેચવા મોકલ્યાં. ભરતિયા કિંમત પર ૨૫% નફો મળે તે રીતે વેચાણકિંમત (ભ. કિં.) નક્કી કરવામાં આવે છે.

શ્યામલે માલ મોકલતાં વીમાના ₹ ૧૨,૦૦૦, ગાડા ભાડાના ₹ ૨,૪૦૦ અને નૂરના ₹ ૯,૬૦૦ ચૂકવ્યા હતા. તા. ૧-૭-૨૦૧૭ ના રોજ શ્યામલે ₹ ૨,૪૦,૦૦૦ ની ત્રણ માસની મુદતની એક હૂંડી અમલને લખી જે તેણે સ્વીકારીને તુરત જ પરત કરી, જે શ્યામલે તા. ૪-૮-૨૦૧૭ ના રોજ વાર્ષિક ૧૮% ના દરે બેન્કમાં વટાવી.

અમલ વેચાણ પર ૪% લેખે સામાન્ય આડત અને ૨% લેખે આસામી આડત તેમ જ વધુમાં પોતાનું કમિશન અને નફાભાગ બાદ કર્યા પછીના નફા પૈકી ૨૦% નફાભાગ પણ મેળવવા અધિકૃત છે.

તા. ૩૧મી ડિસે. ૨૦૧૭ના રોજ અમલે વેચાણ આંકડો અને તેની પાસેની લેણી રકમનો બેન્કડ્રાફ્ટ મોકલ્યો, જેમાં તેણે નોંધ્યું હતું કે :

(૧) તેણે જકાતના ₹ ૬,૦૦૦, વીમાના ₹ ૧૮,૦૦૦ અને જાહેરાત ખર્ચના ₹ ૨૨,૩૬૦ ચૂકવ્યા હતાં.

(૨) તેણે ૧૬૦ બાથ - ગીઝર, દરેક ₹ ૧,૮૦૦ ની કિંમતે રોકડેથી વેચ્યાં હતાં.

(૩) તેણે ૪૮૦ બાથ - ગીઝર, દરેક ₹ ૨,૦૦૦ ની કિંમતે મોહનને ઉધારે વેચ્યાં હતાં.

(૪) તેણે ૮૦ બાથ - ગીઝર, દરેક ₹ ૧,૯૦૦ ની કિંમતે કેશવને શ્રી શ્યામલની ભલામણ ચિઠ્ઠીએ ઉધારે વેચ્યાં હતાં.

(૫) વર્ષ દરમિયાન તેમના ગોડાઉનમાં આગ લાગવાથી ૧૬ બાથ - ગીઝર નષ્ટ થયાં હતાં, જેનો વીમા કંપનીએ ₹ ૧૫,૧૬૦ નો દાવો મંજૂર રાખ્યો હતો.

(૬) નહીં વેચાયેલ બાથ - ગીઝર પૈકીનાં બે નંગને નુકસાન થયેલ હોઈ તેને વેચાણ યોગ્ય બનાવવા કુલ ₹ ૧,૮૦૦નો મરામત ખર્ચ થવાનો અંદાજ છે.

(૭) મોહન પાસેના લેણાં પૈકી ₹ ૬૦,૦૦૦ વસૂલ થઈ શક્યા નહી, જેને ઘાલખાધ તરીકે લખી વાળ્યા, જ્યારે કેશવ નાદાર જાહેર થવાથી તેની પાસેની લેણી રકમ પેટે આખરી ડિવિડન્ડ તરીકે રૂપિયે ૬૦ પૈસા વસૂલ થઈ શક્યા હતા.

ઉપરની વિગતો પરથી શ્યામલના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરો.

(ગુ. યુનિ., એફ. વાય., માર્ચ, ૨૦૦૭ પર આધારીત)

જવાબ :

સુરતના શ્યામલના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| આડતથી મોકલેલ માલ ખાતે | | | આડતથી મોકલેલ માલ ખાતે | | ૩,૨૦,૦૦૦ |
| (ભ.કિં. ૮૦૦ × ૱ ૧૬૦૦) | | ૧૨,૮૦,૦૦૦ | (તફાવત ૮૦૦ × ૱ ૪૦૦) | | |
| રોકડ ખાતે ખર્ચા: | | | અમલ ખાતે વેચાણ: | | ૧૪,૦૦,૦૦૦ |
| વિમો | ૧૨,૦૦૦ | | રોકડ (૧૬૦×૧૮૦૦)= ૨,૮૮,૦૦૦ | | |
| ગાડાભાડું | ૨.૪૦૦ | | ઉધાર (૪૮૦×૨૦૦૦) = ૯,૬૦,૦૦૦ | | |
| નૂર | ૯,૬૦૦ | ૨૪,૦૦૦ | ભલામણ (૮૦×૧૯૦૦)=૧,૫૨,૦૦૦ | | |
| લેણીહૂંડી ખાતે વટાવ | | ૭,૨૦૦ | વિમા કંપની ખાતે દાવો | | ૧૫,૧૬૦ |
| અમલ ખાતે ખર્ચા: | | | ન.નું. ખાતે ખોટ | | ૫,૦૦૦ |
| જકાત | ૬,૦૦૦ | | આ.માલ સ્ટોક ખાતે | | |
| વીમો | ૧૮,૦૦૦ | | આ.સ્ટોક | ૧,૦૨,૪૦૦ | |
| જાહેરાત | ૨૨,૩૬૦ | ૪૬,૩૬૦ | માલધણીના ખર્ચા | ૧,૯૨૦ | |
| અમલ ખાતે આડત: | | | આડતીયાના ખર્ચા | ૧,૯૨૦ | |
| સામાન્ય ૪% | ૫૬,૦૦૦ | | | ૧,૦૬,૨૪૦ | |
| આસામી ૨% | ૧૯,૨૦૦ | ૭૫,૨૦૦ | -સમારકામ - | ૧,૮૦૦ | ૧,૦૪,૪૪૦ |
| સ્ટોક અનામત ખાતે | | | | | |
| (આ.સ્ટોક તફાવત ૬૪×૪૦૦) | | ૨૫,૬૦૦ | | | |
| અમલ ખાતે ઘાલખાધ | | ૬૦,૮૦૦ | | | |
| અમલ ખાતે નફો | | ૫૪,૨૪૦ | | | |
| સા. ન.નું. ખાતે ચો. નફો | | ૨,૭૧,૨૦૦ | | | |
| | | ૧૮,૪૪,૬૦૦ | | | ૧૮,૪૪,૬૦૦ |

ઉ. અમલનું ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| આડતમાલ ખાતે વેચાણ: | | | લેણીહૂંડી ખાતે | ૨,૪૦,૦૦૦ |
| રોકડ | ૨,૮૮,૦૦૦ | | આડત માલ ખાતે ખર્ચ | ૪૬,૩૬૦ |
| ઉધાર | ૯,૬૦,૦૦૦ | | આડત માલ ખાતે આડત | ૭૫,૨૦૦ |
| ભલામણ | ૧,૫૨,૦૦૦ | ૧૪,૦૦,૦૦૦ | આડત માલ ખાતે ઘાલખાધ | ૬૦,૮૦૦ |
| | | | આડત માલ ખાતે નફો | ૫૪,૨૪૦ |
| | | | બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૯,૨૩,૪૦૦ |
| | | ૧૪,૦૦,૦૦૦ | | ૧૪,૦૦,૦૦૦ |

ઉ. આડતથી મોકલેલ માલ ખાતુ જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે (તફાવત)<br>વેપાર ખાતે (?) | ૩,૨૦,૦૦૦<br>૯,૬૦,૦૦૦ | આ.માલ ખાતે(ભ.કિ.) | ૧૨,૮૦,૦૦૦ |
| | ૧૨,૮૦,૦૦૦ | | ૧૨,૮૦,૦૦૦ |

**ગણતરીઃ**

**નોંધ ૧.**

₹ ૩,૨૫,૪૪૦ × ૨૦ / ૧૨૦ = ₹ ૫૪,૨૪૦ નફો આડતીયાનો ભાગ

ધારોકે ભ.કિં. ૧૦૦
- ૨૫ % નફો - ૨૫
મૂ.કિં. ૭૫

૭૫ ૧૦૦ ભ.કિં.
૧૨૦૦ ? = ₹ ૧,૬૦૦ ભ.કિં.
-₹ ૧,૨૦૦ ૫.કિં.
૪૦૦ તફાવત

**નોંધ ૨.**

વટાવ ₹ ૨,૪૦,૦૦૦ × ૧૮% ×૨/૧૨ = ₹ ૭,૨૦૦

**નોંધ ૩.**

અસામાન્ય નુકશાન
૧૬ × ૧૨૦૦ = ₹ ૧૯,૨૦૦
+ માલધણીનાપ્ર.સર ખર્ચા
(૨૪૦૦૦ × ૧૬ / ૮૦૦) = + ₹ ૪૮૦
+ આડતીયાના પ્ર.સર ખર્ચા
(૨૪૦૦૦ × ૧૬ / ૮૦૦) = + ₹ ૪૮૦
₹ ૨૦,૧૬૦
- વિમા કંપની - ₹ ૧૫,૧૬૦
ખોટ ₹ ૫,૦૦૦

**નોંધ ૫.**

આખર સ્ટોક
(૮૦૦-૭૨૦-૧૬ = ૬૪ આ.સ્ટોક)
આ.સ્ટોક ૬૪ × ૩ ૧૬૦૦ = ₹ ૧,૦૨,૪૦૦
+ માલધણીનાપ્ર.સર ખર્ચા
(₹ ૨૪,૦૦૦ × ૬૪/૮૦૦) = + ₹ ૧,૯૨૦
+ આડતીયાના પ્ર.સર ખર્ચા

| | | |
|---|---|---|
| (₹ ૨૪,૦૦૦ × ૬૪/૮૦૦) | = | + ₹ ૧,૯૨૦ |
| | | ₹ ૧,૦૬,૨૪૦ |
| - સમારકામ | | - ₹ ૧,૮૦૦ |
| | | ₹ ૧,૦૪,૪૪૦ |

**નોંધ ૬.**

ઘાલખાધ

ભલામણ ₹ ૧,૫૨,૦૦૦ × ૪૦% = ₹ ૬૦,૮૦૦

**ઉદાહરણ ૧૪. સુરતની મીનાએ વડનગરની નીરૂને ૩૦૦ મોબાઈલ ૧-૭-૨૦૧૭ ના રોજ આડતથી વેચવા મોકલ્યાં. દરેક મોબાઈલની પડતર કિંમત ₹ ૧,૫૦૦ હતી, પરંતુ કાચું ભરતિયું એવી રીતે બનાવ્યું કે ભરતિયા કિંમત પર ૨૫ ટકા નફો દર્શાવે.**

**તે જ દિવસે મીનાએ નીચેના ખર્ચ ચૂકવ્યા : લારીભાડું ૧,૦૦૦, વીમો ૬૦૦, મજૂરી ૨,૦૦૦. તે જ દિવસે નીરૂએ મીનાને ₹ ૧,૦૦,૦૦૦નો બેન્કડ્રાફ્ટ મોકલી આપ્યો.**

**૩૧મી ડિસેમ્બર ૨૦૧૭ ના રોજ નીરૂએ વેચાણ આંકડો અને લેણી નીકળતી રકમનો બેન્કડ્રાફ્ટ મોકલી આપ્યો. વેચાણ આંકડા પરથી જાણવા મળ્યું કે : નીરૂએ ૧૫૦ મોબાઈલ દરેક ₹ ૨,૨૦૦ની કિંમતે રોકડેથી, ૮૦ મોબાઈલ દરેક ₹ ૨,૪૦૦ની કિંમતે ગોકુલને શાખ પર અને ૪૦ મોબાઈલ મીનાની ભલામણ અને જવાબદારીથી ₹ ૨,૩૦૦ના ભાવે અનિલને ઉધાર વેચ્યા હતા. નીરૂએ નીચેના ખર્ચ ચૂકવ્યા હતા**

**ઓક્ટ્રોય ૫૦૦, લારીભાડું ૨૫૦ અને વેચાણખર્ચ ₹ ૪૦૦.**

**ગોકુલ અને અનિલ નાદાર થયા અને તેમની પાસેથી રૂપિયે ૬૦ પૈસા લેખે નાણાં વસૂલ થયાં.**

**નીરૂ તેણે કરેલ વેચાણ પર ૫% સાદી આડત અને ૨% આસામી આડત મેળવવા હક્કદાર છે**

**મીનાના ચોપડે તૈયાર કરો : (૧) વડનગર આડતમાલ ખાતું (૨) આડતિયા નીરૂનું ખાતું.**

**(ઉ. ગુ. યુનિ., એફ. વાય., માર્ચ, ૨૦૦૭ પર આધારીત)**

**જવાબઃ** સુરતની મીનાના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મો. માલ ખાતે<br>(ભ.કિં. ૩૦૦ × ₹ ૨,૦૦૦) | ૬,૦૦,૦૦૦ | આ.મો.માલ ખાતે વેચાણ<br>(૩૦૦ × ૫૦૦) | ૧,૫૦,૦૦૦ |
| રોકડ ખાતે ખર્ચા<br>લારી ભાડું ૧,૦૦૦<br>વીમો ૬૦૦<br>મજૂરી ૨,૦૦૦ | ૩,૬૦૦ | રોકડ(૧૫૦×૨૨૦૦) = ૩,૩૦,૦૦૦<br>ઉધાર (૮૦×૨૪૦૦) = ૧,૯૨,૦૦૦<br>ભલામણ(૪૦×૨૩૦૦) = ૯૨,૦૦૦ | ૬,૧૪,૦૦૦ |
| નીરૂ ખાતે ખર્ચા<br>ઓર્કટ્રાવ ૫૦૦<br>લારીભાડું ૨૫૦<br>વેચાણ ખર્ચ ૪૦૦ | ૧,૧૫૦ | આડતમાલ સ્ટોક ખાતે<br>આ.સ્ટોક ૬૦,૦૦૦<br>મા.ખર્ચા ૩૬૦<br>આ. ખર્ચા ૭૫ | ૬૦,૪૩૫ |
| નીરૂ ખાતે આડત | | | |

| | | | |
|---|---|---|---|
| આસામી 3,૮૪૦<br>સામાન્ય 30,૭00 | ૩૪,૫૪૦ | | |
| નીરૂ ખાતે ઘાલખાધ | ૩૬,૮૦૦ | | |
| સ્ટોક અનામત ખાતે (30×૫00) | ૧૫,000 | | |
| સા.ન.નું. ખાતે (?) | ૧,૩૩,૩૪૫ | | |
| | ૮,૨૪,૪૩૫ | | ૮,૨૪,૪૩૫ |

ઉ. નીરૂ નું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતમાલ ખાતે વેચાણ | ૬,૧૪,000 | બેન્ક ખાતે એડવાન્સ | ૧,00,000 |
| રોકડ 3,30,000 | | આડતમાલ ખાતે (ખર્ચા) | ૧,૧૫૦ |
| ઉધાર ૧,૯૨,000 | | આડતમાલ ખાતે આડત | ૩૪,૫૪૦ |
| ભલામણ ૯૨,000 | | આડતમાલ ખાતે ઘાલખાધ | ૩૬,૮૦૦ |
| | | બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૪,૪૧,૫૧૦ |
| | ૬,૧૪,000 | | ૬,૧૪,000 |

**ગણતરીઃ**

**નોંધ ૧.**

ધારોકે ભ.કિં. ૧00 ૭૫ ૧00
-નફો ૨૫% - ૨૫
૧૫00 ? = ૨,000 ભ.કિં.
૫.કિં. ૭૫ - ૧,૫00 મૂ.કિં.
૫00 તફાવત

**નોંધ ૨.**

ઘાલખાધ ૯૨,000 × ૪0% = ₹ ૩૬,૮૦૦

**નોંધ ૩.**

આખર સ્ટોક
(300-૨૭0 = 30 × ૨,000) = ₹ ૬0,000
+ માલધણીનાપ્ર.સર ખર્ચા
(૩૬00 × 30/300) = ૩૬0
+ આડતીયાના પ્ર.સર ખર્ચા
(૭૫0 × 30/300) = ૭૫
₹ ૬0,૪૩૫

**ઉદાહરણ ૧૫.** અમદાવાદની આયુષી એ મુંબઈના મિતેશને ₹ ૪00ના એક તેવાં ૫00 રમકડાં, ભરતિયા કિંમત પર ૨0% નફો મળે તે રીતે ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલ્યાં. તેણે વીમાના ₹ ૫,000, નૂરના ₹ ૮,000 ચૂકવ્યા. આયુષીએ મિતેશ પર ₹ ૧,00,000ની 3 માસની મુદતની હૂંડી લખી, જે મિતેશે સ્વીકારી પરત કરી.

આયુષીએ આ હૂંડી ૧ માસ બાદ ૧૨%ના દરે વટાવી, મિતેશને ૭% આડત અને ૨% આસામી આડત આપવાની છે.

મિતેશે ગાડાભાડું ₹ ૧,૦૦૦, વીમો ₹ ૨,૦૦૦ અને જાહેરાત ખર્ચ ₹ ૫૦૦ ચૂકવ્યા. મિતેશના ગોડાઉનમાં આગ લાગવાથી ૫૦ રમકડાં નાશ પામ્યાં. વીમા કંપનીએ ₹ ૧૫,૦૦૦નો દાવો મંજૂર કર્યો.

મિતેશે ૩૦૦ રમકડાં ₹ ૬૦૦ની કિંમતે રોકડેથી અને ૧૦૦ રમકડાં ₹ ૬૫૦ની કિંમતે રાજુને ઉધાર વેચ્યાં.

આયુષીના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરો. **(સૌ. યુનિ., એફ. વાય., એપ્રિલ, ૨૦૦૭ પર આધારીત)**

**જવાબ:**

આયુષીના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મોક.માલખાતે (ભ.કિ. ૫૦૦ x ૫૦૦) | ૨,૫૦,૦૦૦ | આડતથી મોક.માલખાતે (તફાવત ૫૦૦x ૧૦૦) | ૫૦,૦૦૦ |
| રોકડ ખાતે - ખર્ચા<br>વિમો ૫,૦૦૦<br>નૂર ૮,૦૦૦ | ૧૩,૦૦૦ | વિમા કંપની ખાતે દાવો | ૧૫,૦૦૦ |
| લેણી હૂંડી ખાતે વટાવ | ૨,૦૦૦ | ન.નુ. ખાતે ખોટ | ૬,૬૦૦ |
| નિતેશ ખાતે ખર્ચા<br>ગાડા ભાડુ ૧,૦૦૦<br>વીમો ૨,૦૦૦<br>જાહેરાત ખર્ચ ૫૦૦ | ૩,૫૦૦ | મિતેશ ખાતે વેચાણ<br>રોકડ (૩૦૦ x ૬૦૦) ૧,૮૦,૦૦૦<br>ઉધાર (૧૦૦ x ૬૫૦) ૬૫,૦૦૦ | ૨,૪૫,૦૦૦ |
| નિતેશ ખાતે આડત<br>સામાન્ય ૭% ૧૭,૧૫૦<br>આસામી ૨% + ૧,૩૦૦ | ૧૮,૪૫૦ | આડતમાલ સ્ટોક ખાતે<br>આ સ્ટોક (ભ.કિ.) ૨૫,૦૦૦<br>+ મા. પ્રસર ખર્ચા + ૧,૩૦૦<br>+ આ. પ્રસર ખર્ચા + ૩૦૦ | ૨૬,૬૦૦ |
| સ્ટોક અનામત ખાતે તફાવત (આ સ્ટોક) તફાવત ૫૦ X ૧૦૦ | ૫,૦૦૦ | | |
| સા.ન.નુ.ખાતે (ચો. નફો) ? | ૫૧,૨૫૦ | | |
| | ૩,૪૩,૨૦૦ | | ૩૪૩૨૦૦ |

ઉ. નિતેશનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી માલખાતે વેચાણ<br>રોકડ ૧,૮૦,૦૦૦<br>ઉધાર ૬૫,૦૦૦ | ૨,૪૫,૦૦૦ | લેણીહૂંડી ખાતે | ૧,૦૦,૦૦૦ |
| | | આડત માલ ખાતે ખર્ચા | ૩,૫૦૦ |
| | | આડત માલ ખાતે - આડત | ૧૮,૪૫૦ |
| | | બા આ લઈ ગયા | ૧,૨૩,૦૫૦ |
| | ૨,૪૫,૦૦૦ | | ૨,૪૫,૦૦૦ |

| ઉ. | આડતથી મોકલેલ માલ ખાતું | | જ. |
|---|---|---|---|
| વિગત | ₹ | વિગત | ₹ |
| આડતથી માલખાતે તફાવત<br>વેપાર ખાતે (?) | ૫૦,૦૦૦<br>૨,૦૦,૦૦૦ | આડત માલ ખાતે ભ.કિ. | ૨,૫૦,૦૦૦ |
| | ૨,૫૦,૦૦૦ | | ૨,૫૦,૦૦૦ |

**ગણતરી:**

ધારો કે ભ.કિ. ૧૦૦    ૮૦   ૧૦૦
- ૨૦% નફો - ૨૦    ૪૦૦   (?) = ₹ ૫૦૦ ભ.કિ.
મૂકી ૮૦

**નોંધ ૧.**

વટાવ - ૧,૦૦,૦૦૦ x ૧૨% x ૨/૧૨ = ₹ ૨,૦૦૦

**નોંધ ૨.**

અસામાન્ય નુકશાન

| | |
|---|---|
| ૫૦ x ૪૦૦ | = ₹ ૨૦,૦૦૦ |
| + માલધણીના પ્રસર ખર્ચા (૧૩,૦૦૦ x ૫૦/૫૦૦) | + ₹ ૧,૩૦૦ |
| + આડતિયાના પ્રસર ખર્ચા (૩,૦૦૦ x ૫૦/૫૦૦) | + ૩૦૦ |
| | ₹ ૨૧,૬૦૦ |
| - વિમા કંપની | - ₹ ૧૫,૦૦૦ |
| ખોટ | ₹ ૬,૬૦૦ |

**નોંધ ૩.**

આખર સ્ટોક વેચાણ

(૫૦૦ - ૪૦૦ - ૫૦ = ૫૦)

| | |
|---|---|
| ૫૦ x ૫૦૦ ભ.કિ. | = ₹ ૨૫,૦૦૦ |
| + માલધણીના પ્રસર ખર્ચા (૧૩,૦૦૦ x ૫૦/૫૦૦) | + ₹ ૧,૩૦૦ |
| + આડતિયાના પ્રસર ખર્ચા (૩,૦૦૦ x ૫૦/૫૦૦) | + ₹ ૩૦૦ |
| | ₹ ૨૬,૬૦૦ |

**ઉદાહરણ ૧૬.** મોરબીના મહાવીરે દરેક ₹ ૫૦૦ની પડતર કિંમતનો એક એવા ૧૦૦ રેડિયો સેટ આડતથી વેચવા માટે કેશોદના કુમારને દરેક ₹ ૬૦૦ની ભરતિયા કિંમતે મોકલ્યા. કુમારને વેચાણની ઊપજના ૭.૫% કમિશન વત્તા ૨.૫% આસામી આડત અને ભરતિયા કિંમતથી વધારાની ઉપજાવેલ કિંમત પર ૧૦% વધારાનું કમિશન આપવાનું છે. કુમારના ગોડાઉને માલ પહોચ્યા પછીના તમામ ખર્ચ તેણે ભોગવવાનો છે. માલ મોકલતાં મહાવીરે માલ મોકલવાના અને વીમાના ₹ ૧,૫૦૦ ચૂકવ્યા રસ્તામાં ૧૦ રેડિયો સેટસને નુકસાન થયું અને મહાવીરે વીમા કંપની પાસેથી નુકસાની દાવા પેટે ₹ ૪,૦૦૦ મેળવ્યા. કુમારે ભાડાના અને કાર્ટેજના ₹ ૪,૫૦૦ ચૂકવી બાકીનો માલ છોડાવ્યો. કુમારે ૭૦ રેડિયો સેટસ, સેટ દીઠ ₹ ૮૦૦ના ભાવે વેચ્યા.

આમાંના 30 રેડિયો સેટ્સ તેણે ઉધાર વેચેલા. ઉધાર વેચાણ પૈકી જેને ત્રણ રેડિયો સેટ્સ વેચેલા તે ગ્રાહક નાદાર થયો અને તેની પાસેથી કશું મળી શક્યું નથી. કુમારે વેચાણ ખર્ચના અને સંગ્રહ ખર્ચના ₹ ૫,૦૦૦ ચૂકવ્યા. કુમારે પોતાને દેવુ નીકળતી રકમનો બેન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો.

તૈયાર કરો : માલધણીના ચોપડે : (૧) આડતમાલ ખાતું, (૨) આડતિયાનું ખાતું.

આડતિયાના ચોપડે : (૧) માલધણીનું ખાતું.

**(સૌ. યુનિ. એફ. વાય., માર્ચ, ૨૦૦૮ પર આધારીત)**

**જવાબ :**

આડતિયાના ગોડાઉને માલ પહોંચ્યા પછીના ખર્ચા આડતિયાએ ભોગવવાના હોવાથી આડતિયાએ ચૂકવેલ વેચાણ ખર્ચના ₹ ૫,૦૦૦ની માલધણીના ચોપડામાં કોઈ નોંધ થશે નહી.

મોરબીના મહાવીરના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી માલખાતે<br>(ભ.કિ ૧૦૦ x ₹ ૬૦૦ ) | ૬૦,૦૦૦ | આડતથી મો. માલખાતે<br>(તફાવત ૧૦૦ × ૧૦૦) | ૧૦,૦૦૦ |
| રોકડ ખાતે ખર્ચા<br>માલ મોકલવા અને વીમો | ૧,૫૦૦ | વિમા કંપની ખાતે દાવો | ૪,૦૦૦ |
| કુમાર ખાતે ખર્ચા<br>(ભાડું અને ગાડાભાડું) | ૪,૫૦૦ | ન.નુ. ખાતે ખોટ | ૧,૧૫૦ |
| કુમાર ખાતે વેચાણ ખર્ચ | ૫,૦૦૦ | કુમાર ખાતે વેચાણ<br>રોકડ + ઉધાર<br>(૭૦ × ૮૦૦) = ૫૬૦૦૦ | ૫૬,૦૦૦ |
| કુમાર ખાતે આડત<br>સામાન્ય ૪,૨૦૦<br>આસામી ૬૦૦<br>વધારાની ૧,૪૦૦ | ૬,૨૦૦ | આડતમાલ સ્ટોક ખાતે<br>આ.સ્ટોક ભ.કિ. ૧૨,૦૦૦<br>માલ પ્રસર ખર્ચા 300<br>આડત પ્રસર ખર્ચા ૧,૦૦૦ | ૧૩,300 |
| સ્ટોક અનામત ખાતે<br>(આ.સ્ટોક તફાવત ૨૦ × ૧૦૦) | ૨,૦૦૦ | | |
| સામા.ન.નુ.ખાતે (ચો. નફો) ? | ૫,૨૫૦ | | |
| | ૮૪,૪૫૦ | | ૮૪,૪૫૦ |

ઉ. કુમારનું ખાતુ જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી માલખાતે કુલ વેચાણ | ૫૬,૦૦૦ | આડત માલ ખાતે ખર્ચા | ૪,૫૦૦ |
| | | વેચાણ ખર્ચ | ૫,૦૦૦ |
| | | આડત | ૬,૨૦૦ |
| | | બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૪૦,૩૦૦ |
| | ૫૬,૦૦૦ | | ૫૬,૦૦૦ |

નોંધ : અહીં આડતિયાએ કરેલ વેચાણખર્ચ અને સંગ્રહ ખર્ચ ₹ ૫૦૦૦ માલધણીના ચોપડે ધ્યાનમાં લીધેલ છે.

ગણતરીઃ

**નોંધ ૧.**

| | |
|---|---|
| સામાન્ય નુકશાન ૧૦ × ૫૦૦ | = ₹ ૫,૦૦૦ |
| + માલધણીના પ્રસર ખર્ચા | |
| (૧,૫૦૦ × ૧૦/૧૦૦) | + ₹ ૧,૫૦૦ |
| | ₹ ૫,૧૫૦ |
| - વિમા કંપની | - ₹ ૪,૦૦૦ |
| - ખોટ | ₹ ૧૫૦ |

**નોંધ ૨.**

આડત

| | |
|---|---|
| સામાન્ય ૫૬,૦૦૦ × ૭.૫% | = ₹ ૪,૨૦૦ |
| આસામી ૨૪,૦૦૦ × ૨.૫% (૩૦ × ૮૦૦ = ૨,૪૦૦) | = ₹ ૬૦૦ |
| વધારાની ૧૪,૦૦૦ × ૧૦% (૭૦ × ૨૦૦ = ૧૪,૦૦૦) | = ₹ ૧૪૦૦ |
| | ₹ ૬૨૦૦ |

**નોંધ ૩.**

આખર સ્ટોક

વેચાણ

(૧૦૦ - ૭૦ - ૧૦ = ૨૦ આ. સ્ટોક)

| | | |
|---|---|---|
| આ.સ્ટોક ૨૦ × ૬૦૦ | | = ₹ ૧૨,૦૦૦ |
| + માલધણીના પ્રસર ખર્ચા | | |
| (૧,૫૦૦ × ૨૦/૧૦૦) | | + ₹ ૩૦૦ |
| આ સ્ટોક | ૨,૦૦,૦૦૦ | |
| + આડતના પ્રસર ખર્ચા | | |
| (૧૦૦ - ૧૦ નુકશાન) (૪,૫૦૦ × ૨૦/૧૦) | | = + ₹ ૧,૦૦૦ |
| | | ₹ ૧૩,૩૦૦ |

**નોંધ :** આડતિયાના ગોડાઉનને માલ પહોંચ્યા પછીના ખર્ચા આડતિયાએ ભોગવવાના હોવાથી માલધણીના ચોપડે લીધેલ નથી પરંતુ રકમમાં આ બાબતનો ઉલ્લેખ ન દેખાતો હોવાથી માલધણીના ચોપડે આ ખર્ચની નોંધ કરેલ છે.

**ઉદાહરણ ૧૭.** L. G. Co. એ સુરત ટ્રેડિંગ કંપનીને તા. ૧-૧-૨૦૧૭ ના રોજ ૧૦૦ નંગ A. C. આડતથી વેચવા મોકલ્યા. દરેક A. C. ની ભરતિયા કિંમત ₹ ૨૦,૦૦૦ હતી, કાચું ભરતિયું, ભરતિયા કિંમત પર ૨૫% નફો દર્શાવે તે કિંમતે બનાવવામાં આવ્યું હતું.

L. G. Co. એ માલ મોકલતી વખતે ગાડીભાડાના ₹ ૨,૫૦૦, રેલવે નૂર ₹ ૫,૦૦૦ અને વીમાના ₹ ૭,૫૦૦ ચૂકવ્યા.

સુરત ટ્રેડિંગ કંપનીએ ₹ ૫,૦૦,૦૦૦ની ૫ માસની હૂંડી સ્વીકારી અને પરત કરી. L. G. Co. એ ૨ માસ બાદ ૧૨%ના દરે વટાવી.

સુરત ટ્રેડિંગ કંપની ૧૦% લેખે સામાન્ય આડત અને ૫% લેખે આસામી આડત મેળવવા હક્કદાર છે. તદુપરાંત તેને ચોખ્ખા નફાના ૧૦% લેખે નફાભાગ પણ આપવાનો છે.

૩૧-૧૨-૨૦૧૭ ના રોજ સુરત ટ્રેડિંગ કંપનીએ વેચાણ આંકડો અને તેમની પાસેથી લેણી નીકળતી રકમનો બેન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો. વેચાણ આંકડામાં જણાવવામાં આવ્યું કે :

(૧) તેણે ગાડીભાડાના ₹ ૧,૦૦૦, જકાતના ₹ ૪,૦૦૦ અને જાહેરાત ખર્ચના ₹ ૧,૩૬૦ ચૂકવ્યા.

(૨) તેણે ૩/૫ A. C. ૩૦ % નફાએ રોકડેથી વેચ્યાં.

(૩) તેણે ૧/૫ A. C. ૫૦% નફાએ રાજ બ્રધર્સને ઉધારે વેચ્યાં.

(૪) તેણે ૧/૨૦ A. C. ૪૦% નફાએ જોય બ્રધર્સને માલધણીની ભલામણ અને જવાબદારીથી વેચ્યાં.

(૫) તેણે ૧/૧૦૦ A. C. પોતાના અંગત ઉપયોગ માટે ભરતિયા કિંમતે ખરીધું.

(૬) ૧/૨૫ A. C. ાારકીપરની બેદરકારીને લીધે ગોડાઉનમાં નુકસાન પામ્યા. વીમા કંપનીએ ૩૦% ઓછા મંજૂર કર્યા આ નુકસાની A. C. ૫૦% ઓછા ભાવે રોકડેથી વેચ્યાં.

(૭) બંને ગ્રાહકો ૯૦% રકમ ચૂકવ્યા પછી નાદાર થયા. તેમની મિલકતમાંથી રૂપિયે ૯૦ પૈસા લેખે અંતિમ ડિવિડન્ડ મળ્યું.

(૮) બાકીના માલને વેચવાલાયક સ્થિતિમાં લાવવા ₹ ૨,૦૦૦નો સમારકામ ખર્ચ થાય તેવો અંદાજ છે.

ઉપરની માહિતી પરથી માલધણીના ચોપડામાં આડતમાલ ખાતું અને આડતિયાના ચોપડામાં માલધણીનું ખાતું તૈયાર કરો.

(દ. ગુ. યુનિ., એફ. વાય., માર્ચ, ૨૦૦૯ પર આધારીત)

**જવાબ :** L. G. Co. ના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| આડતથી વિમો માલખાતે | | | આડતથી મો.માલખાતે | | |
| (ભ.કિ ૧૦૦ × ૨૦,૦૦૦) | | ૨૦,૦૦,૦૦૦ | (તફાવત ૧૦૦× ૫,૦૦૦) | | ૫,૦૦,૦૦૦ |
| રોકડ ખાતે ખર્ચા | | | સુરત ટ્રેડીંગ કં. ખાતે વેચાણ | | |
| ગાડી ભાડું | ૨,૫૦૦ | | રોકડ | ૧૫,૬૦,૦૦૦ | |
| રેલ્વે નૂર | ૫,૦૦૦ | | ઉધાર | + ૬,૦૦,૦૦૦ | |
| વીમો | ૭,૫૦૦ | ૧૫,૦૦૦ | ભલામણ | + ૧,૪૦,૦૦૦ | |
| લેણી હૂંડી ખાતે વટાવ | | ૧૫,૦૦૦ | અંગત ખરીદી | + ૨૦,૦૦૦ | ૨૩,૨૦,૦૦૦ |
| સુરત ટ્રેડીંગ કં. ખાતે | | | સુરત ટ્રેડીંગ કં. ખાતે | | |
| ગાડી ભાડું | ૧,૦૦૦ | | (નુકશાની માલનુ વેચાણ) | | ૩૦,૪૦૦ |
| જકાત | ૪,૦૦૦ | | વિમા કંપની ખાતે દાવા | | ૪૨,૫૬૦ |
| જાહેરાત | ૧,૩૬૦ | ૬,૩૬૦ | આડતમાલ સ્ટોક ખાતે | | |

| | | | |
|---|---|---|---|
| ન.નુ. ખાતે અસામાન્ય નફો | ૧૨,૧૬૦ | આ.સ્ટોક ભ.કિ. ૨,૦૦,૦૦૦ | |
| સુરત ટ્રેડીંગ કં. ખાતે ખર્ચા | | + માલ પ્ર.સર ખર્ચા + ૧,૫૦૦ | |
| સામાન્ય ૨,૩૫,૦૪૦ | | + આડત પ્ર.સર ખર્ચા + ૫૦૦ | |
| આસામી ૩૦,૦૦૦ | ૨,૬૫,૦૪૦ | ૨,૦૨,૦૦૦ | |
| સુરત ટ્રેડીંગ કં. ખાતે ઘાલખાધ | ૧,૪૦૦ | - સમારકામ ખર્ચ - ૨,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| સ્ટોક અનામત ખાતે | | | |
| (આ.સ્ટોક તફાવત ૧૦× ૫૦૦૦) | ૫૦,૦૦૦ | | |
| સુરત ખાતે નફો | ૭૨,૮૦૦ | | |
| સા.ન.નુ. ખાતે (ચોખ્ખો નફો) | ૬,૫૫,૨૦૦ | | |
| | ૩૦,૯૨,૯૬૦ | | ૩૦,૯૨,૯૬૦ |

ઉ. **સુરત ટ્રેડીંગ કંપનીનું ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી માલખાતે વેચાણ | | લેણી હૂંડી ખાતે | ૫,૦૦,૦૦૦ |
| રોકડ ૧૫,૬૦,૦૦૦ | | આડત માલ ખાતે ખર્ચા | ૬,૩૬૦ |
| ઉધાર + ૬,૦૦,૦૦૦ | | આડત માલ ખાતે - આડત | ૨,૬૫,૦૪૦ |
| ભલામણ + ૧,૪૦,૦૦૦ | | આડત માલ ખાતે - ઘાલખાધ | ૧,૪૦૦ |
| અંગત નુકશાની + ૨૦,૦૦૦ | | આડત માલ ખાતે - નફો | ૭૨,૮૦૦ |
| માલ વેચાણ + ૩૦,૪૦૦ | ૨૩,૫૦,૪૦૦ | બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૧૫,૦૪,૮૦૦ |
| | ૨૩,૫૦,૪૦૦ | | ૨૩,૫૦,૪૦૦ |

ગણતરીઃ

**નોંધ ૧.** વટાવ - ૫૦૦૦૦૦ x ૧૨% x ૩/૧૨ = ₹ ૧૫,૦૦૦

**નોંધ ૨.**

વેચાણ

| | | | |
|---|---|---|---|
| રોકડ (૧૦૦ × ૩/૫) | ૬૦ × ૨૬૦૦૦ | = | ₹ ૧૫,૬૦,૦૦૦ |
| ઉધાર (૧૦૦ × ૧/૫) | ૨૦ × ૩૦૦૦૦ (૨૦૦૦૦ + ૫૦%) | = | ₹ ૬,૦૦,૦૦૦ |
| ભલામણ (૧૦૦ × ૧/૨૦) | ૫ × ૨૮૦૦૦ (૨૦૦૦૦ + ૪૦%) | = | ₹ ૧,૪૦,૦૦૦ |
| અંગત ખરીદી (૧૦૦ × ૧/૧૦૦) | ૧ × ૨૦૦૦૦ | = | ₹ ૨૦,૦૦૦ |
| | ૮૬ | | ₹ ૨૩,૨૦,૦૦૦ |
| નુકશાની માલનું વેચાણ | | | ₹ ૩૦,૪૦૦ |
| કુલ વેચાણ | | | ₹ ૨૩,૫૦,૪૦૦ |

**નોંધ ૩.**

અસામાન્ય નુકશાનની ગણતરી

(૧૦૦ × ૧/૨૫) = ૪ × ૧૫૦૦૦ પ.કિ. = ₹ ૬૦,૦૦૦

\+ માલધણીના પ્ર.સર ખર્ચા (૧૫૦૦૦ × ૪/૧૦૦) = + ₹ ૬૦૦

\+ આડતિયાના પ્રમાણસર ખર્ચા (૫૦૦૦ × ૪/૧૦૦) = + ₹ ૨૦૦

કુલ માલ ₹ ૬૦૮૦૦

| | | |
|---|---|---|
| વીમા કંપની દાવો (૬૦૮૦૦ × ૭૦%) | | - ₹ ૪૨,૫૬૦ |
| | | ₹ ૧૮,૨૪૦ |
| વેચાણ (૬૦૮૦૦ × ૫૦%) | | - ₹ 30૪00 |
| અસામાન્ય નફો | | ₹ ૧૨૧૬૦ |

**નોંધ ૪**

આડત

| | | |
|---|---|---|
| સામાન્ય ૨૩,૫૦,૪૦૦ × ૧૦% | = | ₹ ૨,૩૫,૦૪૦ |
| ભલામણ ૬૦,૦૦૦ × ૫% | = | ₹ 30,000 |
| | | ₹ ૨,૬૫,૦૪૦ |

આડતિયાના ભાગનો નફોની નોંધ આડતિયાના ચોપડે ક્યાં આપવી ? - જોઈ લેવી

**નોંધ ૫.**

| ઘાલખાધ | | ચૂ.બાકી | | ઘાલખાધ |
|---|---|---|---|---|
| ઉધાર | ૬,૦૦,૦૦૦ × ૧૦% | = ૬૦,૦૦૦ × ૧૦% | = | ₹ ૬,૦૦૦ |
| ભલામણ | ૧,૪૦,૦૦૦ × ૧૦% | = ૧૪,૦૦૦ × ૧૦% | = | ₹ ૧,૪૦૦ |

**નોંધ ૬.**

આખર સ્ટોક

| | | | |
|---|---|---|---|
| કુલ એ.સી. | ૧૦૦ | | |
| વેચાણ | - ૮૬ | | |
| નુકશાન | - ૪ | ભ.કિ. | |
| આખર સ્ટોક | ૧૦ × ૨૦,૦૦૦ | | = ₹ ૨,૦૦,૦૦૦ |
| + માલધણીના પ્ર.સર ખર્ચા (૧૫,૦૦૦ × ૧૦/૧૦૦) | | = | + ₹ ૧,૫૦૦ |
| + આડતિયાના પ્ર.સર ખર્ચા (૫,૦૦૦ × ૧૦/૧૦૦) | | = | + ₹ ૫૦૦ |
| | | | ₹ ૨,૦૨,૦૦૦ |
| - સમારકામ ખર્ચ | | | - ₹ ૨,૦૦૦ |
| | | | ₹ ૨,૦૦,૦૦૦ |

**નોંધ ૭.**

નફો ૭,૨૮,૦૦૦ × ૧૦% = ₹ ૭૨,૮૦૦

## સુરત ટ્રેડીંગ કંપનીના ચોપડે - માલધણીનું ખાતુ

ઉ. L. G. કંપનીનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| દેવી હૂંડી ખાતે | ૫,૦૦,૦૦૦ | રોકડ ખાતે રોકડ વેચાણ | ૧૫,૬૦,૦૦૦ |
| રોકડ ખાતે ખર્ચા | ૬,૩૬૦ | રાજ બ્રધર્સ ખાતે ઉધાર વેચાણ | ૬,૦૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| આડત - ખાતે | ૨,૬૫,૦૪૦ | જોય બ્રધર્સ ખાતે ભલામણનું વેચાણ | ૧,૪૦,૦૦૦ |
| જોય બ્રધર્સ ખાતે ઘાલખાધ | ૧,૪૦૦ | ખરીદી ખાતે | ૨૦,૦૦૦ |
| નફો | ૭૨૮૦૦ | રોકડ ખાતે નુકશાની માલનું વેચાણ | ૩૦,૪૦૦ |
| બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૧૫,૦૪,૮૦૦ | | |
| | ૨૩,૫૦,૪૦૦ | | ૨૩,૫૦,૪૦૦ |

**ઉદાહરણ ૧૮.** પૂનાના પટેલ ₹ ૨,૦૦,૦૦૦ ની ભરતિયા કિંમતનો માલ કે જે પડતર પર ૨૫% લેખે છે, તે આડતથી વેચવા માટે દિલ્હીના દવેને નીચેની શરતોએ મોકલે છે,

(i) આડતિયાને બધા વેચાણ પર ૫% લેખે કમિશન મળશે,

(ii) આડતિયો પોતે માલ ખરીદે અથવા આડતિયાની બેદરકારીના કારણે માલ નાશ પામે ,તો તેની કિંમત મૂળ પડતર વત્તા ૧૨.૫% લેખે ગણવી અને તેના પર કમિશન મળવાપાત્ર થશે નહીં.

માલધણીએ ચૂકવેલ ખર્ચાઃ ભાડું અને નૂર ₹ ૬,૭૦૦ અને વીમાના ₹ ૩,૪૬૦. માલધણી આડતમાલના એડવાન્સ પેટે ₹ ૫૦,૦૦૦ મેળવે છે.

માલધણી નીચેની વિગતો દર્શાવતો વેચાણ આંકડો બાકીની રકમના ડ્રાફ્ટ સાથે મેળવે છે :

₹ ૧,૬૦,૦૦૦ની ભરતિયા કિંમતનો માલ ₹ ૨,૪૮,૦૦૦માં વેચ્યો. ₹ ૧૦,૦૦૦ અને ₹ ૫,૦૦૦ની ભરતિયા કિંમતનો માલ અનુક્રમે દવેએ પોતાના માટે લીધો અને તેની બેદરકારીને કારણે નાશ પામ્યો. જાહેરાત ખર્ચના ₹ ૧,૭૨૦ અને વેચાણ ખર્ચના ₹ ૧,૦૮૦ દવેએ ચૂકવ્યા. માલધણીના ચોપડે આડતમાલ ખાતું અને આડતિયાનું ખાતું તૈયાર કરો.

**(ગુ. યુનિ., એફ. વાય., માર્ચ, ૨૦૧૦ પર આધારીત)**

**જવાબઃ**

પુનાના પટેલ ના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| આડતથી મો. માલખાતે | | ૨,૦૦,૦૦૦ | આડતથી મો. માલખાતે (તફાવત) | | ૪૦,૦૦૦ |
| રોકડ ખાતે ખર્ચા | | | | | |
| ભાડું - નૂર | ૬,૭૦૦ | | દવે ખાતે વેચાણ | | ૨,૪૮,૦૦૦ |
| વીમો | ૩,૪૬૦ | ૧૦,૧૬૦ | દવે ખાતે લીધેલ માલ | | ૧૩,૫૦૦ |
| દવે ખાતે આડત | | ૧૨,૪૦૦ | આડત માલ સ્ટોક ખાતે | | |
| દવે ખાતે ખર્ચા | | | આ. સ્ટોક | ૨,૫૦,૦૦૦ | |
| જાહેરાત | ૧,૭૨૦ | | +માલધણીના પ્ર.સર ખર્ચા+ | ૧,૨૭૦ | ૨૬,૨૭૦ |
| + વેચાણ ખર્ચ | ૧,૦૮૦ | ૨,૮૦૦ | | | |
| સ્ટોક અનામત ખાતે | | | | | |

| | | | |
|---|---|---|---|
| (આ સ્ટોક તફાવત<br>૨૫,૦૦૦ × ૨૫/૧૨૫)<br>સા.ન.નુ. ખાતે (ચો.નફો) ? | ૫,૦૦૦<br><br>૯૭,૪૧૦ | | |
| | ૩,૨૭,૭૭૦ | | ૩,૨૭,૭૭૦ |

ઉ. દવેનું ખાતુ જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી માલખાતે વેચાણ | ૨,૪૮,૦૦૦ | બેન્ક ખાતે એડવાન્સ | ૫૦,૦૦૦ |
| આડતથી માલખાતે લીધેલ માલ | ૧૩,૫૦૦ | આડત માલ ખાતે આડત | ૧૨,૪૦૦ |
| | | આડત માલ ખાતે ખર્ચા | ૨,૮૦૦ |
| | | બેન્ક ખાતે ડ્રાફ્ટ | ૧,૯૬,૩૦૦ |
| | ૨,૬૧,૫૦૦ | | ૨,૬૧,૫૦૦ |

**ગણતરીઃ**

| | મૂ.કિ. | ભ.કિ. | નફો | |
|---|---|---|---|---|
| ધારો કે પ.કિ. | ૧૦૦ | ૧૨૫ | ૨૫ | |
| + ૨૫% નફો | + ૨૫ | ૨,૦૦,૦૦૦ | (?) | ૪૦,૦૦૦ તફાવત |
| ભ.કિ. | ૧૨૫ | | | |

**નોંધ ૧.**

| વેચાણ ભ.કિ. | વેચાણ | | |
|---|---|---|---|
| રોકડ | ૧૬,૦૦૦૦ | ૨,૪૮,૦૦૦ | |
| અંગત ખરીદી | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ | |
| અંગત ખરીદી | ૫,૦૦૦ | ૫,૦૦૦ | નાશ પામ્યાં |

**નોંધ ૨.**

કમિશન ૨,૪૮,૦૦૦ × ૫% = ૧૨,૪૦૦

**નોંધ ૩.**

આડતિયાની બેદરકારીનું નુકશાન

| | |
|---|---|
| મૂ.કિ. (૧૫,૦૦૦ × ૧૦૦/૧૨૫) | = ૧૨,૦૦૦ |
| + ૧૨.૫ % | ૧,૫૦૦ |
| | ૧૩,૫૦૦ |

**નોંધ ૪.**

આખર સ્ટોક

| | | |
|---|---|---|
| (ભ.કિ.) | કુલ માલ | = ₹ ૨,૦૦,૦૦૦ |
| વેચાણ | | - ₹ ૧,૬૦,૦૦૦ |
| આડતિયાએ લીધેલ આ સ્ટોક | | - ₹ ૧૫,૦૦૦ |
| | | ₹ ૨૫,૦૦૦ |

| | | |
|---|---|---|
| + | માલધણીના પ્ર.સર ખર્ચા | + ₹ ૧,૨૭૦ |
| + | આડતિયાના પ્ર.સર ખર્ચા | -- - - - |
| | | ₹ ૨૬,૨૭૦ |

**ઉદાહરણ ૧૯.** ધવલ જેનું હિસાબી વર્ષ દર વર્ષે ૩૧મી માર્ચના રોજ પૂરું થાય છે. તા. ૧-૨-૨૦૧૬ના રોજ તે ૧૦૦ ટી.વી. દરેકની પડતર ₹ ૩,૦૦૦, તે બરોડાના હેમલને આડતથી વેચવા મોકલે છે. માલ મોકલતી વખતે ₹ ૫,૦૦૦ નૂર અને વીમા પ્રીમીયમના ચૂકવે છે. મુસાફરી દરમિયાન ૧૫ ટી.વી. ને નુકસાન થાય છે અને તા. ૩૦-૩-૨૦૧૬ના રોજ માલધણી ₹ ૧૦,૦૦૦ નુકસાન વળતર પેટે વીમા કંપની પાસેથી મેળવે છે. હેમલ માલની ડિલિવરી તા. ૧૦-૩-૨૦૧૬ના રોજ મેળવે છે અને તરત જ તેના પર લખાયેલ ₹ ૨,૫૦,૦૦૦ની ત્રણ માસની મુદતની હૂંડી સ્વીકારે છે. તા. ૩૦-૩-૨૦૧૬ના રોજ આડતિયો જણાવે છે કે

(૧) ટી. વી. દીઠ ₹ ૪,૫૦૦ લેખે ૭૫ ટી. વી. વેચ્યાં અને (૨) તેણે નીચે મુજબના ખર્ચા ચૂકવ્યા

ગોડાઉન ભાડું ₹ ૪,૦૦૦, માલ છોડાવવાનો ખર્ચ ₹ ૮,૫૦૦, જાવક માલ ગાડાભાડું ₹ ૩,૫૦૦. તેણે કરેલ વેચાણ પર ૧૦% લેખે કમિશન મેળવવા માટે તે હકદાર છે. હેમલે તેની બાકી નીકળતી રકમનો બેન્કડ્રાફ્ટ તા. ૩૧-૩-૨૦૧૬ના રોજ મોકલી આપ્યો તેવી ધારણા કરો.

ધવલના ચોપડે આડતમાલ ખાતું અને હેમલનું ખાતું તૈયાર કરો.

**(ગુ. યુનિ., એફ. વાય., માર્ચ, ૨૦૧૧ પર આધારીત)**

**જવાબઃ**

ધવલના ચોપડે

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| આડતથી મો. માલખાતે | | | વિમા કંપની ખાતે દાવો | | ૧૦,૦૦૦ |
| (૧૦૦ × ૩,૦૦૦) | | ૩,૦૦,૦૦૦ | ન.નુ. ખાતે ખોટ | | ૩૫,૭૫૦ |
| રોકડ ખાતે ખર્ચા | | | હેમલ ખાતે વેચાણ | | |
| નૂર અને વિમા પ્રિમિયમ | | ૫,૦૦૦ | (રોકડ ૭૫ × ૪૫૦૦) | | ૩,૩૭,૫૦૦ |
| હેમલ ખાતે ખર્ચા | | | આડત માલ સ્ટોક ખાતે | | |
| ગોડાઉન ભાડુ | ૪,૦૦૦ | | આ. સ્ટોક | ૩૦,૦૦૦ | |
| માલ છો. ખર્ચ | ૮,૫૦૦ | | + માલધણીના પ્ર.સર ખર્ચા | ૫૦૦ | |
| જા.મા.ગા.ભા. | ૩,૫૦૦ | ૧૬,૦૦૦ | +આડતિયાના પ્ર.સર ખર્ચા | ૧,૦૦૦ | ૩૧,૫૦૦ |
| હેમલ ખાતે કમિશન | | ૩૩,૭૫૦ | | | |
| સા.ન.નુ. ખાતે (ચો.નફો)? | | ૬૦,૦૦૦ | | | |
| | | ૪,૧૪,૭૫૦ | | | ૪,૧૪,૭૫૦ |

ઉ. હેમલનું ખાતુ જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી માલખાતે વેચાણ | ૩,૩૭,૫૦૦ | લેણી હૂંડી ખાતે | ૨,૫૦,૦૦૦ |
| | | આડત માલ ખાતે ખર્ચા | ૧૬,૦૦૦ |
| | | આડત માલ ખાતે કમિશન | ૩૩,૭૫૦ |
| | | બેન્ક ખાતે ડ્રાફ્ટ ? | ૩૭,૭૫૦ |
| | ૩,૩૭,૫૦૦ | | ૩,૩૭,૫૦૦ |

**ગણતરીઃ**

**નોંધ ૧.**

| | |
|---|---|
| અસામાન્ય નુકશાન | |
| ૧૫ ટી.વી. × ૩,૦૦૦ | = ₹ ૪૫,૦૦૦ |
| માલધણીના પ્ર.સર ખર્ચા | |
| (૫,૦૦૦ × ૧૫/૧૦૦) | = + ₹ ૭૫૦ |
| | ₹ ૪૫,૭૫૦ |
| વિમા કંપની - દાવો | - ₹ ૧૦,૦૦૦ |
| નુકશાન | ₹ ૩૫,૭૫૦ |

**નોંધ ૨.**

| | |
|---|---|
| આખર સ્ટોક | |
| નુકશાન વેચાણ | |
| ( ૧૦૦ - ૧૫ - ૭૫ = ૧૦) | |
| આ. સ્ટોક ૧૦ × ૩,૦૦૦ | = ₹ ૩૦,૦૦૦ |
| માલધણીના પ્ર.સર ખર્ચા | |
| (૫,૦૦૦ × ૧૦/૧૦૦) | = + ₹ ૫૦૦ |
| આડતિયાના પ્ર.સર ખર્ચા | |
| (૮,૫૦૦ × ૧૦/૮૫) | = + ₹ ૧,૦૦૦ |
| | ₹ ૩૧,૫૦૦ |

**ઉદાહરણ ૨૦.** અમદાવાદના અલ્પેશે, ગાંધીનગરના ગૌરાંગને તા. ૧-૪-૨૦૧૫ના રોજ ૧૦ લેપટોપ, દરેક ₹ ૫૦,૦૦૦ની ભરતિયા કિંમતે આડતથી વેચવા માટે મોકલ્યા.પડતર કિંમત પર ૨૫% નફો ચઢાવીને ભરતિયા કિંમત નક્કી કરવામાં આવે છે.

અલ્પેશે માલ મોકલતાં ભાડાના ₹ ૬,૦૦૦, નૂરના ₹ ૫,૦૦૦ અને વીમાના ₹ ૮,૦૦૦ ચૂકવ્યા હતા.

અલ્પેશે ગૌરાંગ ઉપર ₹ ૨,૫૦,૦૦૦ ની ચાર માસની મુદતની હૂંડી લખી, જે ગૌરાંગ તરત સ્વીકારીને પરત મોકલી આપી. અલ્પેશે બે માસ પછી આ હૂંડી વાર્ષિક ૧૨% ના દરે બેન્કમાં વટાવી.

ગૌરાંગ કુલ વેચાણ પર ૫% લેખે સામાન્ય આડત અને ઉધાર વેચાણ પર ૨% લેખે આસામી આડત મેળવવા હકદાર છે.

રસ્તામાં અકસ્માત થવાથી ૨ લેપટોપને ભારે નુકસાન થયું, જેનો વીમા કંપનીએ ₹ ૭૨,૫૦૦ નો દાવો સ્વીકાર્યો.

તા. ૩૧-૩-૨૦૧૬ના રોજ ગૌરાંગ વેચાણ આંકડો અને તેની પાસેની લેણી રકમનો બેન્કડ્રાફ્ટ મોકલી આપ્યો. તેણે વેચાણ આંકડામાં જણાવ્યું કે -

(૧) તેણે જકાત ₹ ૫,૭૦૦, વીમાના ₹ ૬,૩૦૦ અને જાહેરાતના ₹ ૪,૦૦૦ ચૂકવ્યા હતા.

(૨) તેણે ૫ લેપટોપ દરેક ₹ ૫૪,૦૦૦ની કિંમતે રોકડેથી વેચ્યા હતા.

(૩) તેણે ૨ લેપટોપ દરેક ₹ ૬૦,૦૦૦ની કિંમતે શૈલેષને ઉધાર વેચ્યા હતા.

(૪) શૈલેષ નાદાર જાહેર થતાં ફક્ત ૮૦% રકમ વસૂલ થઈ શકી.

ઉપરની વિગતો પરથી અલ્પેશના ચોપડે આડતમાલ ખાતું અને ગૌરાંગનું ખાતું તૈયાર કરો.

(ગુ. યુનિ., એફ. વાય., નવે., ૨૦૧૧ પર આધારીત)

**જવાબ:**

**અમદાવાદના અલ્પેશના ચોપડે**

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| આડતથી મો. માલખાતે | | | આડતથી મો. માલ ખાતે | | |
| (ભ.કિ. ૧૦ × ૫૦,૦૦૦) | | ૫,૦૦,૦૦૦ | (૧૦ × ૧૦,૦૦૦) | | ૧,૦૦,૦૦૦ |
| રોકડ ખાતે ખર્ચા | | | વિમા કંપની ખાતે દાવો | | ૭૨,૫૦૦ |
| ભાડું | ૬,૦૦૦ | | ન.નુ. ખાતે ખોટ | | ૧૧,૩૦૦ |
| નૂર | ૫,૦૦૦ | | ગૌરાંગ ખાતે વેચાણ | | |
| વિમો | ૮,૦૦૦ | ૧૯,૦૦૦ | રોકડ (૫ × ૫૪,૦૦૦) | ૨,૭૦,૦૦૦ | |
| લેણી હૂંડી ખાતે વટાવ | | ૫,૦૦૦ | ઉધાર (૨ × ૬૦,૦૦૦) | ૧,૨૦,૦૦૦ | ૩,૯૦,૦૦૦ |
| ગૌરાંગ ખાતે ખર્ચા | | | આડત માલ સ્ટોક ખાતે | | |
| જકાત | ૫,૭૦૦ | | આ. સ્ટોક ભ.કિ. | ૫૦,૦૦૦ | |
| વિમો | ૬,૩૦૦ | | +માલધણીના પ્ર.સર ખર્ચા | ૧,૯૦૦ | |
| જાહેરાત | ૪,૦૦૦ | ૧૬,૦૦૦ | + આડતિયાના પ્ર.સર ખર્ચા | ૧,૫૦૦ | ૫૩૪૦૦ |
| ગૌરાંગ ખાતે આડત | | | | | |
| સામાન્ય ૫% | ૧૯,૫૦૦ | | | | |
| આસામી ૨% | ૨,૪૦૦ | ૨૧,૯૦૦ | | | |
| સ્ટોક અનામત ખાતે | | | | | |
| (આ.સ્ટોક તફાવત ૧×૧૦,૦૦૦) | | ૧૦,૦૦૦ | | | |
| સા.ન.નુ. ખાતે (ચો. નફો) ? | | ૫૫,૩૦૦ | | | |
| | | ૬,૨૭,૨૦૦ | | | ૬,૨૭,૨૦૦ |

| ઉ. | ગૌરાંગનું ખાતુ | | જ. |
|---|---|---|---|
| વિગત | ₹ | વિગત | ₹ |
| આડતથી માલખાતે વેચાણ<br>રોકડ ૨,૭૦,૦૦૦<br>ઉધાર ૧,૨૦,૦૦૦ | ૩,૯૦,૦૦૦ | લેણી હૂંડી ખાતે<br>આડત માલ ખાતે ખર્ચા<br>આડત માલ ખાતે આડત<br>બેન્ક ખાતે ડ્રાફ્ટ ? | ૨,૫૦,૦૦૦<br>૧૬,૦૦૦<br>૨૧,૯૦૦<br>૧,૦૨,૧૦૦ |
| | ૩,૯૦,૦૦૦ | | ૩,૯૦,૦૦૦ |

**ગણતરીઃ**

| | | મૂ.કિ. | ભ.કિ. | |
|---|---|---|---|---|
| ધારો કે પ.કિ. | ૧૦૦ | ૧૨૫ | ૨૫ | |
| + ૨૫% નફો | + ૨૫ | ૫૦,૦૦૦ | (?) | = ₹ ૧૦,૦૦૦ તફાવત |

**નોંધ ૧.**

વટાવ - ૨,૫૦,૦૦૦ x ૧૨% x ૨/૧૨ = ₹ ૫૦૦૦

**નોંધ ૨.**

| | |
|---|---|
| અસામાન્ય નુકશાન<br>૨ × ૪૦,૦૦૦ | = ₹ ૮૦,૦૦૦ પ.કિ. |
| માલધણીના પ્ર.સર ખર્ચા<br>(૧૯,૦૦૦ × ૨/૧૦) | =+ ₹ ૩,૮૦૦ |
| | ₹ ૮૩,૮૦૦ |
| વિમા કંપની | ₹ ૭૨,૫૦૦ |
| નુકશાન | ₹ ૧૧,૩૦૦ |
| | ====== |

**નોંધ ૩**

| | |
|---|---|
| આખર સ્ટોક<br>વેચાણ નુકશાન<br>(૧૦ - ૭ - ૨ = ૧ ) | |
| આ. સ્ટોક ૧ × ૫૦,૦૦૦ | = ₹ ૫૦,૦૦૦ ભ.કિ. |
| + માલધણીના પ્ર.સર ખર્ચા<br>(૧૯,૦૦૦ × ૧/૧૦) | = + ₹ ૧,૯૦૦ |
| + આડતિયાના પ્ર.સર ખર્ચા<br>(૧૨,૦૦૦ × ૧/૮) | = + ₹ ૧,૫૦૦ |
| | ₹ ૫૩,૪૦૦ |
| | ==== |

**ઉદાહરણ ૨૨.** જ્યોતિ પ્રોવિઝન સ્ટોર્સ, અમદાવાદ ૧ લી એપ્રિલ ૨૦૧૮ ના રોજ ૨૦,૦૦૦ લિટર ઑઈલ સુરતના શૈલેન્દ્ર ટ્રેડીંગ કોર્પોરેશનને મોકલી આપે છે. પેકિંગ દસ લિટરના ડબ્બામાં છે. ઑઈલની પડતર લિટરના રૂ.૧ છે. માલધણી નૂર અને વિમાના ₹ ૪,૦૦૦ ચૂકવે છે. રસ્તામાં ૧૦૦ ડબ્બા ભાંગી જવાથી નાશ પામ્યા અને વિમા કંપની પાસેથી માલધણીને ₹ ૧,૦૦૦ દાવા પેટે મળ્યા.

શૈલેષ કોર્પોરેશન આડતમાલ અંગે જ્યોતિ સ્ટોર્સે લખેલી ₹ ૧૨,૦૦૦ ની ત્રણ માસની હૂંડી સ્વીકારે છે. ૩૦ મી જૂને આડતિયાએ વેચાણઆંકડો મોકલ્યો, જે મુજબ ૧૫,૦૦૦ લિટર ઑઈલ ₹ ૧.૫૦ ના ભાવે વેચાયું હતું. તેમણે ખર્ચ નીચે પ્રમાણે ચૂકવ્યો હતો : ગોડાઉન ભાડું ₹ ૪૦૦; જાહેરાત ખર્ચ ₹ ૧,૨૦૦; સેલ્સમેનનો પગાર ₹ ૨,૫૦૦; શૈલેષ કોર્પોરેશનને ૪ ટકા આડત અને ૧ ટકો આસામી આડત આપવાની છે. આડતિયાએ એવી માહિતી મોકલી છે કે ડબ્બા નુકસાની હોવાથી ૨૦૦ લિટર ઑઈલ ઢોળાઈ ગયું છે.

આડતિયાએ બાકીની રકમ બેન્કડ્રાફ્ટથી મોકલી આપી. બંને પક્ષકારોના ચોપડા તૈયાર કરો.

**જવાબ:**

### જ્યોતિ પ્રોવિઝન સ્ટોર્સ (માલધણી)ના ચોપડામાં

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ ખાતે<br>(૨૦,૦૦૦ × ૧ ) | ૨૦,૦૦૦ | વીમા કંપીની ખાતે (દાવો) | ૧,૦૦૦ |
| રોકડ ખાતે (ખર્ચ)<br>નૂર અને વીમા | ૪,૦૦૦ | સામાન્ય ન.નુ ખાતે નોંધ-૧<br>(અસામાન્ય નુ.) | ૨૦૦ |
| શૈલેન્દ્ર ટ્રેડીંગ કોર્પો. ખાતે (ખર્ચ)<br>ગોડાઉન ભાડું ૪,૦૦<br>જાહેરાત ખર્ચ ૧,૨૦૦<br>સેલ્સમેનનો પગાર ૨,૫૦૦ | ૪૧૦૦ | શૈલેન્દ્ર ટ્રેડીંગ કોર્પો. ખાતે (વેચાણ)<br>(૧૫,૦૦૦ × ૧.૫૦) નોંધ-૧ | ૨૨,૫૦૦ |
| શૈલેન્દ્ર ટ્રેડીંગ કોર્પો. ખાતે (આડત)<br>સામાન્ય (૨૨,૫૦૦ × ૪%) ૯૦૦<br>આસામી (૨૨,૫૦૦ × ૧) ૨૨૫ | ૧,૧૨૫ | આડત માલ સ્ટોક ખાતે નોંધ-૨ | ૪,૬૦૯ |
| | | સામાન્ય ન.નુ. ખાતે (નુકશાન) ? | ૯૧૬ |
| | ૨૯,૨૨૫ | | ૨૯,૨૨૫ |

ઉ. શૈલેન્દ્ર ટ્રેડીંગ કોર્પોરેશન (આડતિયા)નું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે (વેચાણ)<br>(૧૫,૦૦૦ × ૧.૫૦ ) | ૨૨,૫૦૦ | લેણી હૂંડી ખાતે (એડવાન્સ) | ૧૨,૦૦૦ |
| | | આડત માલ ખાતે (ખર્ચ)<br>ગોડાઉન ભાડું ૪૦૦<br>જાહેરાત ખર્ચ ૧,૨૦૦<br>સેલ્સમેનનો પગાર ૨,૫૦૦ | ૪,૧૦૦ |
| | | આડત માલ ખાતે (આડત)<br>સામાન્ય ૯૦૦<br>આસામી ૨૨૫ | ૧,૧૨૫ |
| | | બેન્ક ખાતે (ચૂકતે ડ્રાફ્ટ) ? | ૫,૨૭૫ |
| | ૨૨,૫૦૦ | | ૨૨,૫૦૦ |

ઉ. આડત પર મોકલેલ માલનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| વેપાર ખાતે (ટ્રાન્સફર) | ૨૦,૦૦૦ | આડત માલ ખાતે | ૨૦,૦૦૦ |
| | ૨૨,૫૦૦ | | ૨૨,૫૦૦ |

શૈલેન્દ્ર ટ્રેડીંગ કોર્પોરેશન (આડતિયા)ના ચોપડામાં

ઉ. જ્યોતિ પ્રોવિઝન સ્ટોર્સ (માલધણી) નું ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| દેવી હૂંડી ખાતે (એડવાન્સ) | | ૧૨,૦૦૦ | દેવાદારો ખાતે (વેચાણ) | ૨૨,૫૦૦ |
| રોકડ ખાતે (ખર્ચ) | | | (૧૫,૦૦૦ × ૧.૫૦) | |
| ગાડાઉન ભાડું | ૪૦૦ | | | |
| જાહેરાત ખર્ચ | ૧,૨૦૦ | | | |
| સેલ્સમેન પગાર | ૨,૫૦૦ | ૪,૧૦૦ | | |
| કમિશન ખાતે | | | | |
| સામાન્ય (૨૨,૫૦૦ × ૪%) | ૯૦૦ | | | |
| આસામી (૨૨,૫૦૦ × ૧%) | ૨૨૫ | ૧,૧૨૫ | | |
| બેન્ક ખાતે (ચૂકત ડ્રાફ્ટ) ? | | ૫,૨૭૫ | | |
| | | ૨૨,૫૦૦ | | ૨૨,૫૦૦ |

ઉ. કમિશનનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|
| ન.નું. ખાતે (ટ્રાન્સફર) | ૧,૧૨૫ | જ્યોત પ્રોવિઝન સ્ટોર્સ ખાતે | | |
| | | સામાન્ય | ૯૦૦ | |
| | | આસામી | ૨૨૫ | ૧,૧૨૫ |
| | ૧,૧૨૫ | | | ૧,૧૨૫ |

**ગણતરીઃ**

જ્યારે વેચાણ કયા પ્રકારના છે તેની દાખલામાં સ્પષ્ટતા ન હોય અને આસામી આડત આપવામાં આવતી હોય ત્યારે કુલ વેચાણને ઉધાર વેચાણ સમજીને દાખલા ગણવા.

**નોંધ ૧.**

(૧) અસામાન્ય નુકશાન ₹

૧૦૦ ડબ્બાની મૂળ કિંમત = ૧,૦૦૦

(૧૦૦ ડબ્બા × ૧૦ લિટર × ૧ રૂ.)

\+ માલધણીનો પ્રમાણસરનો ખર્ચ = ૨૦૦

| લિટર | ખર્ચ |
|---|---|
| ૨૦,૦૦૦ | ૪,૦૦૦ |
| ૧,૦૦૦ | ? |

કુલ પડતર = ૧,૨૦૦

વીમા કંપનીએ મંજૂર રાખેલ = ૧,૦૦૦

| | | |
|---|---|---|
| અસામાન્ય નુકશાન | = | <u>૨૦૦</u> |

વીમા કંપની ખાતે (દાવો) ઉ ૧,૦૦૦
સામાન્ય ન.નુ. ખાતે ઉ ૨૦૦
(અસામાન્ય નુકશાન)

તે આડતમાલ ખાતે ૧,૨૦૦

(૨) આખર સ્ટોકનું મૂલ્ય :

| વિગતો | લિટર | ₹ |
|---|---|---|
| માલધણીએ મોકલેલ માલની પડતર | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| + માલધણીના બધા ખર્ચા | - | ૪,૦૦૦ |
| મોકલેલ માલની કુલ પડતર | ૨૦,૦૦૦ | ૨૪,૦૦૦ |
| રસ્તામાં નાશ પામેલ માલ | ૧,૦૦૦ | ૧,૨૦૦ |
| (અસામાન્ય નુકશાન) | | |
| ૨,૦૦૦ - ૨૪,૦૦૦ = ૧,૨૦૦ | | |
| ૧,૦૦૦ - ? | | |
| | ૧૯,૦૦૦ | ૨૨,૮૦૦ |
| સામાન્ય નુકશાન | | |
| (ઢોળાઈ ગયેલ માલ) | ૨૦૦ | - |
| | ૧૮,૮૦૦ | ૨૨,૮૦૦ |
| + આડતિયાના બિનઆવર્તક ખર્ચા | - | - |
| વેચાણ લાયક માલની પડતર | ૧૮,૮૦૦ | ૨૨,૮૦૦ |

**નોંધ ૨.**

આખર સ્ટોકનું મૂલ્ય = સ્ટોકના એકમો × $\frac{\text{વેચાણ લાયક માલની પડત}}{\text{વેચાણ લાયક એકમો}}$ = ૩૮૦૦ × $\frac{૨૨,૮૦૦}{૧૮,૮૦૦}$

= ૪,૬૦૮.૦૫

= ₹ ૪,૬૦૯

**ઉદાહરણ ૨૩.** રોયલ રેડીયોએ પ્રભાત રેડિયો સર્વિસને તા. ૧-૩-૨૦૧૭ ના રોજ ૫૦૦ રેડિયો આડત પર વેચવા મોકલી આપ્યા. દરેક રેડિયોની મૂળ કિંમત ₹ ૬૦૦ હતી. પરંતુ કાચું ભરતિયું ભરતિયાકિંમત પર ૨૫ ટકા નફો દર્શાવે તે કિંમતે બનાવવામાં આવ્યું. રોયલ રેડિયાએ નીચે પ્રમાણે ખર્ચા ચૂકવ્યા

ગાડીભાડું ₹ ૧,૦૦૦; નૂર ₹ ૧૫,૦૦૦; વીમો ₹ ૧૨,૫૦૦

પ્રભાત રેડિયો સર્વિસે ₹ ૧,૨૨,૦૦૦ નો બેન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો.

તારીખ ૩૦-૧૦-૨૦૧૭ ના રોજ પ્રભાત રેડિયો સર્વિસે વેચાણ આંકડો અને દેવી રકમનો બેન્કડ્રાફ્ટ મોકલી આપ્યો. વેચાણઆંકડા પ્રમાણે તેણે ૩૦૦ રેડિયો દરેક ₹ ૮૨૦ની કિંમતે રોકડેથી વેચ્યા.

૫૦ રેડિયો દરેક ₹ ૮૫૦ ની કિંમતે નીતિનને શાખ પર વેચ્યા તથા ૨૦ રેડિયો દરેક ₹ ૮૪૦ની કિંમતે સનાતનને રોયલ રેડિયોની ભલામણ અને જવાબદારીથી વેચ્યા હતા. માલ છોડવતાં જકાતના ₹ ૩,૫૦૦ થયા. વેચાણખર્ચ રૂ.૫,૨૨૫ થયો. નીતિન અને સનાતન નાદાર થયા. તેમની મિલ્કતમાં ૮૦ ટકા રકમ વસૂલ કરી શક્યા.

પ્રભાત રેડિયો સર્વિસને વેચાણ પર ૫ ટકા આડત અને ઉધાર વેચાણ પર ૨ ટકા આસામી આડત આપવામાં આવે છે. પ્રભાત રેડિયો આડત, આસામી આડત અને નફાનો ભાગ બાદ કર્યા પછીના થયેલ ચોખ્ખા નફાનો ૧/૭ ભાગ લેવા હકદાર છે. માલધણીના ચોપડામાં જરૂરી ખાતાં તૈયાર કરો.

**(દ.ગુ., એફ.વાય. જુલાઈ, ૧૯૮૧, ૨૦૧૦, ગુ.યુ., એફ. વાય., અપ્રિલ, ૨૦૦૪ પર આધારીત)**

**જવાબઃ**

રોયલ રેડીયો (માલધણી) ના ચોપડામાં

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ ખાતે (ભ.કિ.) | ૪,૦૦,૦૦૦ | વીમા કંપીની ખાતે (દાવો) | ૧,૦૦૦ |
| રોકડ ખાતે (ખર્ચ) | | સામાન્ય ન.નુ ખાતે નોંધ-૧ (અસામાન્ય નુ.) | ૨૦૦ |
| ગાડી ભાડું ૧,૦૦૦ | | શૈલેન્દ્ર ટ્રેડીંગ કોર્પો. ખાતે (વેચાણ) | |
| નૂર ૧૫,૦૦૦ | | (૧૫,૦૦૦ × ૧.૫૦) નોંધ-૧ | ૨૨,૫૦૦ |
| વીમો ૧૨,૫૦૦ | ૨૮,૫૦૦ | આડત માલ સ્ટોક ખાતે નોંધ-૨ | ૪,૬૦૯ |
| પ્રભાત રેડિયો સર્વિસ ખાતે (ખર્ચ) | | સામાન્ય ન.નુ. ખાતે (નુકશાન) ? | ૯૧૬ |
| જકાત ૩,૫૦૦ | | | |
| વેચાણ ખર્ચ ૫,૨૨૫ | ૮,૭૨૫ | | |
| પ્રભાત રેડિયો સર્વિસ ખાતે (સનાતનને વેચેલ માલની ઘાલખાધ) | ૩,૩૬૦ | | |
| પ્રભાત રેડિયો સર્વિસ ખાતે (આડત) | | | |
| સામાન્ય (૩,૦૫,૩૦૦×૫%) ૧૫,૨૬૫ | | | |
| આસામી (૪૨,૫૦૦ × ૨%) ૮૫૦ | ૧૬,૧૧૫ | | |
| આડતમાલ સ્ટોક અનામત ખાતે નફો | ૨૬,૦૦૦ | | |
| પ્રભાત રેડિયો સર્વિસ ખાતે (ચોખ્ખા નફાનો ૧/૭ ભાગ) | ૪,૩૬૫ | | |
| સામાન્ય ન.નુ. ખાતે (નફો) ? | ૩૦,૫૫૫ | | |
| | ૫,૧૭,૬૨૦ | | ૫,૧૭,૬૨૦ |

ઉ. આડત પર મોકલેલ માલનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે નફો નોંધ-૧ (ભ.કિ.) નોંધ-૧ | ૧,૦૦,૦૦૦ | આડત માલ ખાતે (ભ.કિ.) નોંધ-૧ | ૪,૦૦,૦૦૦ |
| વેપાર ખાતે ટ્રાન્સફર ? | ૩,૦૦,૦૦૦ | | |
| | ૪,૦૦,૦૦૦ | | ૪,૦૦,૦૦૦ |

ઉ. આડત પર મોકલેલ માલનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે (વેચાણ) | | બેન્ક ખાતે (એડવાન્સ) | ૧,૨૨,૦૦૦ |
| રોકડ ૨,૪૬,૦૦૦ | | આડત માલ ખાતે (ખર્ચ) | |
| નીતિનને ૪૨,૫૦૦ | | જકાત ૩,૫૦૦ | |
| સનાતનને ૧૬,૮૦૦ | ૩,૦૫,૩૦૦ | વેચાણ ખર્ચ ૫,૨૨૫ | ૮,૭૨૫ |
| | | આડત માલ ખાતે (આડત) | ૧૬,૧૧૫ |
| | | આડત માલ ખાતે (ચોખ્ખા નફાનો ૧/૭ ભાગ) | ૪,૩૬૫ |
| | | આડત માલ ખાતે (સનાતનને વેચેલ માલની ઘાલખાધ) | ૩,૩૬૦ |
| | | બેન્ક ખાતે (ચૂકતે ડ્રાફ્ટ) ? | ૧,૫૦,૭૩૫ |
| | ૩,૦૫,૩૦૦ | | ૩,૦૫,૩૦૦ |

**ગણતરી:**

**નોંધ ૧.**

| | ₹ |
|---|---|
| ધારો કે ભરતિયા કિંમત | ૧૦૦ |
| નફો (૨૫%) | ૨૫ |
| મૂળ કિંમત | ૭૫ |

મૂ. કિ. ભ.કિ.

૭૫ ૧૦૦

૬૦૦ ? $\frac{600 \times 100}{75}$ = ₹ ૮૦૦ ભ.કિ.

| વિગતો | | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|
| ભ.કિ. - આડત માલ ખાતે (૮૦૦ × ૫૦૦) | ઉ | | ૪,૦૦,૦૦૦ | - |
| તે આ. પ. મો. મા. ખા. | | | - | ૪,૦૦,૦૦૦ |
| નફો - આ.પ.મો.મા.ખા. (૨૦૦ × ૫૦૦) | ઉ | | ૧,૦૦,૦૦૦ | - |
| તે આડત માલ ખાતે | | | - | ૧,૦૦,૦૦૦ |

(૨) ઘાલખાધ

નીતિન = ૪૨,૫૦૦ × ૨૦% = ₹ ૮,૫૦૦

આની નોંધ ફક્ત આડતિયો કરશે. નીચે પ્રમાણે

| વિગતો | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|
| કમિશન ખાતે ઉ | | ૮,૫૦૦ | - |
| તે દેવાદાર ખાતે | | - | ૮,૫૦૦ |
| સનાતન =૧૬,૮૦૦ × ૨૦% = ₹ ૩,૩૬૦ | | | |

માલધણીના ચોપડામાં આમનોંધ

| | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|
| આડતિયા ખાતે ઉ | | ૩,૩૬૦ | - |
| તે આડતિયા ખાતે | | - | ૩,૩૬૦ |
| આડતિયાના ચોપડામાં આમનોંધ | | | |
| માલધણી ખાતે ઉ | | ૩,૩૬૦ | - |
| તે દેવાદાર ખાતે | | - | ૩,૩૬૦ |

(૩) આખર સ્ટોકનું મૂલ્ય

| | | રેડિયો (₹) |
|---|---|---|
| આડતથી વેચવા મોકલેલ | | ૫૦૦ |
| વેચાણ : રોકડે થી | ૩૦૦ | |
| નીતિનને | ૫૦ | |
| સનાતનને | ૨૦ | ૩૭૦ |
| બાકી વધેલ | | ૧૩૦ |

૧૩૦ રેડિયો × ૮૦૦ ભ.કિ. = ૧,૦૪,૦૦૦

\+ માલધણીના પ્રમાણસરના ખર્ચા = ૭,૪૧૦

૫૦૦ ૨૮,૫૦૦

૧૩૦ ?

\+ આડતિયાના પ્રમાણસરના ખર્ચા = ૯૧૦ (બિન આવર્તક)

૫૦૦ ૩,૫૦૦

૧૩૦ ?

આખર સ્ટોકનું મૂલ્ય (ભ.કિ.) = ₹ ૧,૧૨,૩૨૦

========

આખર સ્ટોકમાં નફો = ૧૩૦ રેડિયો × ૨૦૦ નફો = ₹ ૨૬,૦૦૦

(૪) નફામાં ભાગ

આડતિયાને જે નફા ભાગ આપવાનો છે તે સામાન્ય આડત, આસામી આડત અને નફાનો ભાગ બાદ કર્યા પછીના ચોખ્ખા નફાના ૧/૭ ભાગ લેખે આપવાનો છે.

ધારો કે આડત માલનો નફો = ૧
(આડત અને નફાનો ભાગ
બાદ કર્યા પછીનો)
આડતિયાનો નફામાં ભાગ = ૧/૭
નફાનો ભાગ બાદ કર્યા = ૧ + ૧/૭ = ૮/૭
પહેલાંનો નફો

હવે, નફાનો ભાગ બાદ કર્યા જ - ઉ
પહેલાંનો નફો ૫,૧૭,૬૨૦ - ૪,૮૨,૭૦૦
= ₹ ૩૪,૯૨૦

નફાનો ભાગ બાદ કર્યા = આડતિયાનો નફામાં ભાગ
પહેલાંનો નફો
૮/૭ ૩૪,૯૨૦
૧/૭ (?)

$$= ૧/૭ \times \frac{૩૪,૯૨૦ \times ૭}{૮}$$

= ₹ ૪,૩૬૫

**ઉદાહરણ ૨૪.** ધવલ જેનું હિસાબી વર્ષ દર વર્ષે ૩૧ મી માર્ચના રોજ પૂરું થાય છે. તા. ૧-૨-૨૦૧૭ ના રોજ તે ૧૦૦ ટી. વી. દરેકના પડતર ₹ ૩,૦૦૦, તે બરોડાના હેમલને આડતથી વેચવા મોકલે છે. માલ મોકલતી વખતે ₹ ૫,૦૦૦ નૂર અને વીમા પ્રીમિયમના ચૂકવે છે. મુસાફરી દરમિયાન ૧૫ ટી.વી. ને નુકશાન થાય છે અને તા. ૩૦-૩-૨૦૧૭ ના રોજ માલધણી ₹ ૧૦,૦૦૦ નુકસાન વળતર પેટે વીમા કંપની પાસેથી મેળવે છે. હેમલ માલની ડિલિવરી તા. ૧૦-૩-૨૦૧૭ ના રોજ મેળવે છે. તેને તરત જ તેના પર લખાયેલ ₹ ૨,૫૦,૦૦૦ ની ત્રણ માલની મુદતની હૂંડી સ્વીકારે છે. તા. ૩૦-૩-૨૦૧૭ના રોજ આડતિયો જણાવે છે કે

(૧) ટી.વી. દીઠ ₹ ૪,૫૦૦ લેખે ૭૫ ટી.વી. વેચ્યાં અને (૨) તેણે નીચે મુજબના ખર્ચા ચૂકવ્યા

ગોડાઉન ભાડું ₹ ૪,૦૦૦, માલ છોડાવવાનો ખર્ચ ₹ ૮,૫૦૦ જાવક માલ ગાડાભાડું ₹ ૩,૫૦૦ તેણે કરેલ વેચાણ પર ૧૦% લેખે કમિશન મેળવવા માટે તે હકદાર છે. હેમલે તેની બાકી નીકળતી રકમનો બેન્ક ડ્રાફ્ટ તા. ૩૧-૩-૨૦૧૭ ના રોજ મોકલી આપ્યો તેવી ધારણા કરો.

ધવલના ચોપડે આડતમાલ ખાતું અને હેમલનું ખાતું તૈયાર કરો.

**(ગુ.યુનિ., એફ.વાય. માર્ચ, ૨૦૧૧ પર આધારીત)**

જવાબ:

ધવલના માલધણીના ચોપડામાં

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ ખાતે | | વીમા કંપીની ખાતે (દાવો) | ૧૦,૦૦૦ |
| (૬૧,૦૦૦ × ૩૦૦૦) | ૩,૦૦,૦૦૦ | સામાન્ય ન.નુ ખાતે નોંધ-૧ | ૩૫,૭૫૦ |

| | | | |
|---|---|---|---|
| રોકડ ખાતે (ખર્ચ)<br>(નૂર અને વીમા પ્રિમિયમના) | ૫,૦૦૦ | (અસામાન્ય નુ.)<br>હેમલ ખાતે (વેચાણ)<br>= ૭૫ × ૪,૫૦૦ | ૩,૩૭,૫૦૦ |
| હેમલ ખાતે (ખર્ચ)<br>ગોડાઉન ભાડું ૪,૦૦૦<br>માલ છોડાવવાનો ખર્ચ ૮,૫૦૦<br>જાવક માલ ગાડા ભાડું ૩,૫૦૦ | ૧૬,૦૦૦ | આડત માલ સ્ટોક ખાતે નોંધ-૨ | ૩૧,૫૦૦ |
| હેમલ ખાતે (આડત)<br>- ૩,૩૭,૫૦૦ × ૧૦% | ૩૩,૭૫૦ | | |
| સામાન્ય ન.નુ. ખાતે (નફો) ? | ૬૦,૦૦૦ | | |
| | ૪,૧૪,૭૫૦ | | ૪,૧૪,૭૫૦ |

ઉ. હેમલ (આડતિયા)નું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે (વેચાણ)<br>૭૫ × ૪,૫૦૦ | ૩,૩૭,૫૦૦ | લેણી હૂંડી ખાતે (એડવાન્સ) | ૨,૫૦,૦૦૦ |
| | | આડત માલ ખાતે (ખર્ચ) | ૧૬,૦૦૦ |
| | | આડત માલ ખાતે (આડત) | ૩૩,૭૫૦ |
| | | બેન્ક ખાતે (ચૂકતે ડ્રાફ્ટ) ? | ૩૭,૭૫૦ |
| | ૩,૩૭,૫૦૦ | | ૩,૩૭,૫૦૦ |

**ગણતરીઃ**

(૧) અસામાન્ય નુકશાન : ₹

| | | |
|---|---|---|
| ૧૫ ટી.વી.ની મૂળ કિંમત (૧૫ × ૩,૦૦૦) | = | ૪૫,૦૦૦ |
| + માલધણીનો પ્રમાણસરનો ખર્ચ | = | ૭૫૦ |
| ટી.વી. ખર્ચ | | |
| ૧૦૦ ૫,૦૦૦ | | |
| ૧૫ ? | | |
| કુલ પડતર | = | ૪૫,૭૫૦ |
| વીમા કંપની પાસેથી મળેલ | = | ૧૦,૦૦૦ |
| અસામાન્ય નુકશાન | = | ૩૫,૭૫૦ |

======

**આમનોંધઃ**

| વિગતો | | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|
| બેન્ક ખાતે | ઉ | | ૧૦,૦૦૦ | - |
| સામાન્ય ન.નુ. ખાતે | ઉ | | ૩,૫૭૦ | - |
| તે આડત માલ ખાતે | | | | ૪૫,૭૫૦ |

(૨) આખર સ્ટોકનું મૂલ્ય

| વિગત | ટી.વી. | ₹ |
| --- | --- | --- |
| માલધણીએ મોકલેલ ટી.વી.ની પડતર | ૧૦૦ | ૩,૦૦,૦૦૦ |
| + માલધણીના બધા ખર્ચા | - | ૫,૦૦૦ |
| મોકલેલ ટી.વી.ની કુલ પડતર | ૧૦૦ | ૩,૦૫,૦૦૦ |
| મુસાફરી દરમિયાન નાશ પામેલ | ૧૫ | ૪૫,૭૫૦ |
| (અસામાન્ય નુકશાન) | ૧૦૦ | ૩૦,૫૦૦ |
| ૧૫ ? | ૮૫ | ૨,૫૯,૨૫૦ |
| - સામાન્ય નુકશાન | - | - |
| | ૮૫ | ૨,૫૯,૨૫૦ |
| આડતિયાના બિન-આવર્તક ખર્ચા (માલ છોડાવવાનો ખર્ચ) | - | ૮,૫૦૦ |
| વેચાણ લાયક ટી.વી.ની પડતર | ૮૫ | ૨,૬૭,૭૫૦ |

આખર સ્ટોકનું મૂલ્ય =

$$\frac{\text{સ્ટોકના એકમો} \times \text{વેચાણ લાયક ટી.વી.ની પડતર}}{\text{વેચાણ લાયક ટી.વી.}}$$

$$= \frac{૧૦ \times ૨,૬૭,૭૫૦}{૮૫} = ₹\ ૩૧,૫૦૦$$

**ઉદાહરણ ૨૫.** વડોદરાના રવિએ ગોંડલના ગુલાબને ₹ ૪૦૦ ના એક એવા ૫૦૦ રેડિયો ભરતિયા કિંમત પર ૨૦% નફો મળે તે રીતે ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલ્યા. તેણે વીમો ₹ ૫,૦૦૦ અને નૂર ₹ ૮,૦૦૦ ચૂકવ્યા. રવિએ ગુલાબ પર ₹ ૧,૦૦,૦૦૦ ની ૩ માસની મુદતની હૂંડી લખી, જે ગુલાબે સ્વીકારી પરત કરી.

રવિએ આ હૂંડી ૧ માસ બાદ ૧૨% ના દરે વટાવી . ગુલાબને ૭% આડત અને ૨% આસામી આડત આપવાની છે. ગુલાબે ગાડા ભાડું ₹ ૧,૦૦૦, વીમો ₹ ૨,૦૦૦ અને જાહેરાત ખર્ચ ₹ ૫૦૦ ચૂકવ્યા. ગુલાબના ગોડાઉનમાંથી આગ લાગવાથી ૫૦ રેડિયો નાશ પામ્યા. વીમા કંપનીએ ₹ ૧૫,૦૦૦ નો દાવો મંજૂર કર્યો.

ગુલાબે ૩૦૦ રેડિયો દરેક ₹ ૬૦૦ ની કિંમતે રોકડેથી અને ૧૦૦ રેડિયો દરેક ₹ ૬૫૦ ની કિંમતે પ્રશાંતને ઉધાર વેચ્યા.

રવિના ચોપડામાં આડતમાલ ખાતું તથા ગુલાબનું ખાતું તૈયાર કરો.

**(સૌ. યુ.નિ., એફ.વાય., જૂન, ૨૦૧૧ પર આધારીત)**

**નોંધઃ**

(૧) ગાડા ભાડું અને વીમો = બિન-આવર્તક ખર્ચા

(૨) અસામાન્ય નુકશાનની ગણતરીમાં ફક્ત મૂળ કિંમત ધ્યાનમાં લેવી.

**જવાબઃ**

રવિ (માલધણી) ના ચોપડામાં

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ ખાતે (ભ.કિ.) | | આડત પર મોકલેલ | ૫0000 |
| (૫૦૦ × ૫૦૦) | ૨,૫૦,૦૦૦ | માલ ખાતે (નફો) (૫૦૦ × ૧૦૦) | |
| રોકડ ખાતે (ખર્ચ) વીમો ૫,૦૦૦ નૂર ૮,૦૦૦ | ૧૩,૦૦૦ | વીમા કંપની ખાતે (દાવો) | ૧૫,૦૦૦ |
| લેણી હૂંડી ખાતે (વટાવ) ૧,૦૦,૦૦૦ × ૧૨/૧૦૦ × ૨/૧૨ | ૨,૦૦૦ | સામાન્ય ન.નુ. ખાતે (અસામાન્ય નુકશાન) | ૬,૬૦૦ |
| ગુલાબ ખાતે (ખર્ચ) ગાડા ભાડું ૧,૦૦૦ વીમો ૨,૦૦૦ જાહેરાત ૫૦૦ | ૩,૫૦૦ | સામાન્ય ન.નુ. ખાતે(નુકશાન)? ગુલાબ ખાતે (વેચાણ) રોકડ ૧,૮૦,૦૦૦ (૩૦૦ × ૬૦૦) પ્રશાંત ૬૫,૦૦૦ (૧૦૦ × ૬૫૦) | ૨,૪૫,૦૦૦ |
| ગુલાબ ખાતે (આડત) સામા.(૨,૪૫,૦૦૦×૭%) ૧૭,૧૫૦ આસામી(૬૫,૦૦૦ × ૨%) ૧,૩૦૦ | ૧૮,૪૫૦ | આડત માલ સ્ટોક ખાતે (ભ.કિ.) | ૨૬,૬૦૦ |
| આડત માલ સ્ટોક-અનામત ખાતે ૫૦ × ૧૦૦ | ૫,૦૦૦ | | |
| સામાન્ય ન.નુ. ખાતે (નફો) ? | ૫૧,૨૫૦ | | |
| | ૩,૪૩,૨૦૦ | | ૩,૪૩,૨૦૦ |

ઉ. હેમલ (આડતિયા)નું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે (વેચાણ) | ૨,૪૫,૦૦૦ | લેણી હૂંડી ખાતે (એડવાન્સ) | ૧,૦૦,૦૦૦ |
| | | આડત માલ ખાતે (ખર્ચ) | ૩,૫૦૦ |
| | | આડત માલ ખાતે (આડત) | ૧૮,૪૫૦ |
| | | બેન્ક ખાતે (ચૂકતે ડ્રાફ્ટ) ? | ૧,૨૩,૦૫૦ |
| | ૨,૪૫,૦૦૦ | | ૨,૪૫,૦૦૦ |

આખર સ્ટોકની ગણતરી વખતે, જો આડતિયા દ્વારા અસામાન્ય નુકશાન કરવામાં આવે તો, તેમાં આડતિયાના બિન-આવર્તક ખર્ચા ઉમેરયા પછી જ બાદ કરવામાં આવશે.

**ગણતરીઃ**

**નોંધઃ** ₹

(૧) નફો = ભ.કિં. પર ૨૦%, મૂ. કિં. = ૪૦૦

ધારો કે ભ.કિં. = ૧૦૦

| | |
|---|---|
| નફો (૨૦%) | ૨૦ |
| મૂ.કિં. | ૮૦ |
| | === |

૮૦ ૧૦૦

૪૦૦ ? = ₹ ૫૦૦ (ભ.કિં.)

નફો = ૫૦૦ - ૪૦૦ = ₹ ૧૦૦

(૨) અસામાન્ય નુકશાન : (ગુલાબ દ્વારા)

| | |
|---|---|
| ૫૦ રેડિયોની મૂળ કિંમત (૫૦ × ૪૦૦) | = ૨૦,૦૦૦ |
| + માલધણીનો પ્રમાણસરનો ખર્ચ | = ૧,૩૦૦ |
| રેડિયો ખર્ચ<br>૫૦૦ ૧૩,૦૦૦<br>૫૦ ? | |
| + આડતિયાનો પ્રમાસરનો બિન-આવર્તક ખર્ચ | = ૩૦૦ |
| ૫૦૦ ૩,૦૦૦<br>૫૦ ? | |
| કુલ મૂળ કિંમત | = ૨૧,૬૦૦ |
| - વીમા કંપની એ મંજૂર રાખેલ | ૧૫,૦૦૦ |
| અસામાન્ય નુકશાન | ૬,૬૦૦ |
| | ======= |

(૩) અસામાન્ય નુકશાન = વીમા કંપની દાવો મંજૂર કરે

સામાન્ય નુકશાન = વીમા કંપની દાવો મંજૂર ન કરે.

(૪) આખર સ્ટોકનું મૂલ્ય : ભરતિયા કિંમત પર

| | રેડિયો |
|---|---|
| મોકલેલ | ૫૦૦ |
| - વેચાણ | ૪૦૦ |
| - આસામાન્ય નુકશાન | ૫૦ |
| | ૫૦ |

| | રેડિયો | ₹ |
|---|---|---|
| મોકલેલ માલ ની ભ.કિં. | ૫૦૦ | ૨,૫૦,૦૦૦ |
| + માલધણીના બધા ખર્ચા | -- | ૧૩,૦૦૦ |
| | ૫૦૦ | ૨૬,૩૦૦ |
| + આડતિયાના બિન-આવર્તક ખર્ચા (ગાડા ભાડું અને વીમો) | - | ૩,૦૦૦ |
| કુલ ભ.કિ. | ૫૦૦ | ૨,૬૬,૦૦૦ |
| અસામાન્ય નુકશાન | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૦૦ | ૨,૬૬,૦૦૦ | | ૫૦ | ૨૬,૬૦૦ |
| ૫૦ | ? | | | |
| વેચાણ લાયક માલની ભ.કિં. | | | ૪૫૦ | ૨,૩૯,૪૦૦ |

આખર સ્ટોકનું મૂલ્ય =

$$\text{સ્ટોકના એકમો} \times \frac{\text{વેચાણ લાયક માલની ભ.કિં.}}{\text{વેચાણ લાયક એકમો}}$$

= ૫૦ × ૨,૩૯,૪૦૦/૪૫૦

= ₹ ૨૬,૬૦૦

**ઉદાહરણ ૨૬.** તા.૧-૪-૨૦૧૭ ના રોજ માંડવીના સ્નેહે તેમના એજન્ટ કડકીયાના આશિષને ૮,૦૦૦ લિટર ઓઈલ ₹ ૬,૪૦,૦૦૦ ની પડતર કિંમતનું આડતથી વેચવા મોકલ્યું. પરંતુ કાચું ભરતિયું ભરતિયા કિંમત પર ૨૦% નફો દર્શાવે તે કિંમતે બનાવવામાં આવ્યું છે. સ્નેહે નીચે મુજબનો ખર્ચ ચૂકવ્યો

નૂર ₹ ૧૦,૦૦૦, વીમો ₹ ૩૦,૦૦૦.

તા. ૧-૪-૨૦૧૭ ના રોજ સ્નેહે ₹ ૫,૦૦,૦૦૦ ની ત્રણ માસની મુદતની એક હૂંડી આશિષ ઉપર લખી જે તેમણે સ્વીકારીને તરત જ પરત કરી. સ્નેહે આ હૂંડી તા. ૧-૫-૨૦૧૭ ના રોજ ૧૨% ના વાર્ષિક વટાવી.

તેમણે વેચાણ આંકડામાં જણાવ્યું કે :

(૧) તેમણે જકાતના ₹ ૧૦,૦૦૦, વીમાના ₹ ૧૦,૦૦૦ અને વેચાણ ખર્ચના ₹ ૧૫,૬૩૯ ચૂકવ્યા.

(૨) ૪૫% ઓઈલ ભરતિયા કિંમત પર ૨૫% નફો ચઢાવીને રોકડેથી વેચ્યું.

(૩) ૨૫% ઓઈલ ભરતિયા કિંમત પર ૫૦% નફો ચઢાવીને બ્રિજેશને વેચ્યું.

(૪) ૧૦% ઓઈલ ભરતિયા કિંમત પર ૨૫% નફો ચઢાવીને સ્નેહની ભલામણથી રાજેશને વેચ્યું.

(૫) ૫% ઓઈલ પોતાના અંગત વપરાશ માટે ભરતિયા કિંમતે ખરીદી લીધું.

(૬) ૫% ઓઈલ નાશ પામ્યું જેનો ૬૦% દાવો વીમા કંપનીએ ચૂકવ્યો.

(૭) લિકેજને કારણે ૫% ઓઈલને નુકશાન થયું. જે સામાન્ય નુકસાન ગણી શકાય.

(૮) બંને ગ્રાહકો ૭૫% રકમ ચૂકવ્યા પછી નાદાર જાહેર થયા. તેમની અંગત મિલકતમાંથી ૭૫% રકમ વસૂલ કરી શક્યા.

આશિષને ૫% સાદી આડત અને ૨% આસામી આડત આપવામાં આવે છે. વળી આશિષને આડત, આસામી આડત અને નફાનો ભાગ બાદ કર્યા પછીના થયેલા ચોખ્ખા નફાનો ૧/૮ ભાગ આપવાનો છે.

ઉપરની વિગતો પરથી સ્નેહના ચોપડામાં આડતમાલ ખાતું તૈયાર કરો.

**(દ.ગુ. યુનિ., એફ.વાય., એપ્રિલ, ૨૦૧૨ પર આધારીત)**

જવાબઃ

સ્નેહ માલધણીના ચોપડામાં

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ ખાતે (ભ.કિ.) (૮,૦૦૦ × ૧૦૦) | ૮,૦૦,૦૦૦ | આડત પર મોકલેલ માલ ખાતે (નફો) (૮,૦૦૦ × ૨૦) (અસામાન્ય નુ.) | ૧,૬૦,૦૦૦ |
| રોકડ ખાતે (ખર્ચ) નૂર ૧૦,૦૦૦ વીમો ૩૦,૦૦૦ | ૪૦,૦૦૦ | આશિષ ખાતે (વેચાણ) રોકડ ૪,૫૦,૦૦૦ | |
| લેણી હૂંડી ખાતે (વટાવ) (૫,૦૦,૦૦૦ × ૧૨/૧૦૦ × ૨/૧૨) | ૧૦,૦૦૦ | બ્રિજેશને ૩,૦૦,૦૦૦ રાજેશને ૧,૦૦,૦૦૦ | |
| આશિષ ખાતે (ખર્ચ) જકાત ૧૦,૦૦૦ વીમાના ૧૦,૦૦૦ વેચાણ ખર્ચ ૧૫,૬૩૯ | ૩૫,૬૩૯ | આડતિયો ૪૦,૦૦૦ | ૮,૯૦,૦૦૦ |
| | | બેન્ક ખાતે (દાવો) | ૨૧,૦૦૦ |
| | | સામાન્ય ન.નુ ખાતે (અ. નુકશાન) | ૧૪,૦૦૦ |
| | | આડતમાલ સ્ટોક ખાતે (ભ.કિ.) | ૪૫,૩૮૯ |
| આશિષ ખાતે (રાજેશને વેચેલ માલની ઘાલખાધ) | ૬,૨૫૦ | | |
| આડતમાલ સ્ટોક અનામત ખાતે (નફો) (૪૦૦ × ૨૦) | ૮,૦૦૦ | | |
| આશિષ ખાતે (આડત) સા. (૮૯,૦૦૦ × ૫%) ૪૪,૫૦૦ આ. (૩,૦૦,૦૦૦ × ૨%) ૬,૦૦૦ | ૫૦,૫૦૦ | | |
| આશિષ ખાતે (ચોખ્ખા નફાનો ૧/૮ ભાગ) | ૨૦,૦૦૦ | | |
| સામાન્ય ન.નુ. ખાતે (નફો) ? | ૧,૬૦,૦૦૦ | | |
| | ૧૧,૩૦,૩૮૯ | | ૧૧,૩૦,૩૮૯ |

**ગણતરીઃ**

**નોંધઃ** ₹

(૧) નફો = ભ.કિં. પર ૨૦% મૂળ કિંમત = ૬,૪૦,૦૦૦

ધારો કે ભ.કિ. = ૧૦૦

નફો = ૨૦

મૂ.કિં.= ૮૦

૮૦ ૧૦૦

૬,૪૦,૦૦૦ ? = ૮,૦૦,૦૦૦

નફો = ૮,૦૦,૦૦૦ - ૬,૪૦,૦૦૦ = ૧,૬૦,૦૦૦

લિટર દીઠ નફો = ૧,૬૦,૦૦૦/૮,૦૦૦ = ૨૦

લિટર દીઠ ભ.કિં. = ૮,૦૦,૦૦૦/૮,૦૦૦ = ૧૦૦

લિટર દીઠ મૂ.કિં. = ૬,૪૦,૦૦૦/૮,૦૦૦ = ૮૦

(૨) વેચાણ :

(અ) રોકડેથી :

જથ્થો વેચ્યો = ૮,૦૦૦ × ૪૫% = ૩,૬૦૦ લિ.

વેચાણ કિંમત = ભ.કિં. પર ૨૫% નફો

લિ. દીઠ = ૧૦૦ + ૨૫ = ૧૨૫ ₹

વેચાણ = ૩,૬૦૦ લિ. × ૧૨૫ = ૪,૫૦,૦૦૦

(બ) બ્રિજેશને (ઉધારથી)

જથ્થો વેચ્યો = ૮,૦૦૦ × ૨૫% = ૨,૦૦૦ લિ.

વેચાણ કિંમત = ભ.કિં. પર ૫૦% નફો

લિ. દીઠ = ૧૦૦ + ૫૦ = ૧૫૦

વેચાણ = ૨,૦૦૦ લિ. × ૧૫૦ = ૩,૦૦,૦૦૦

(ક) રાજેશને (ઉધાર વેચાણ ભલામણથી)

જથ્થો વેચ્યો = ૮,૦૦૦ × ૧૦% = ૮૦૦ લિ.

વેચાણ કિંમત = ભ.કિં. પર ૨૫% નફો

લિ. દીઠ = ૧૦૦ + ૨૫ = ૧૨૫

વેચાણ = ૮૦૦ લિ. × ૧૨૫ = ૧,૦૦,૦૦૦

(ડ) આડતિયાએ પોતે ખરીદી લીધું

જથ્થો = ૮૦૦૦ × ૫% = ૪૦૦ લિ.

ખરીદ કિંમત = ભ.કિં. = ૧૦૦

ખરીદી = ૪૦૦ લિ. × ૧૦૦ = ૪૦,૦૦૦

(૩) અસામાન્ય નુકશાન (આડતિયા ખર્ચ) :

₹

નાશ પામેલ ઓઈલની મૂ.કિં. = ૩૨,૦૦૦

(૪૦૦ × ૮૦)

૮,૦૦૦ × ૫%

\+ પ્રમાણસરનો માલધણીનો ખર્ચ = ૨,૦૦૦

૮,૦૦૦ લિ. = ૪૦,૦૦૦

૪૦૦ લિ. = ? ₹

\+ પ્રમાણસરનો આડતિયાનો બિન-આવર્તક ખર્ચ = ૧,૦૦૦

(જકાત અને વિમો)

૮,૦૦૦ લિ. = ૨૦,૦૦૦ ₹

૪૦૦ લિ. = ? ₹

કુલ મૂળ કિંમત = ૩૫,૦૦૦

\- વીમા કંપનીએ ચૂકવેલ દાવો (૬૦%) ૨૧,૦૦૦

અસામાન્ય નુકશાન ૧૪,૦૦૦

(૪) ઘાલખાધ :

(અ) બ્રિજેશના ઘાલખાધની નોંધ માલધણીના ચોપડામાં નહિ પરંતુ ફક્ત આડતિયાના ચોપડામાં થશે.

(બ) રાજેશ

| | | |
|---|---|---|
| દેવું | = | ૧,૦૦,૦૦૦ |
| ચૂકવ્યા | = | ૭૫,૦૦૦ (૭૫%) |
| બાકી | = | ૨૫,૦૦૦ |
| વસૂલ | = | ૧,૧૮,૭૫૦ (૭૫%) |
| ઘાલખાધ= | | ૬,૨૫૦ |

(૫) આખર સ્ટોકનું મૂલ્યાંકન :

| વિગત | લિ. | ₹ |
|---|---|---|
| મોકલેલ ઓઈલની ભ.કિં. | ૮,૦૦૦ | ૮,૦૦,૦૦૦ |
| + માલધણીના બધા ખર્ચા | - | ૪૦,૦૦૦ |
| | ૮,૦૦૦ | ૮,૪૦,૦૦૦ |
| + આડતિયાના બિન-આવર્તક ખર્ચા (જકાત અને વીમો) | - | ૨૦,૦૦૦ |
| - અસામાન્ય નુકશાન : | ૮,૦૦૦ | ૮,૬૦,૦૦૦ |
| ૮,૦૦૦ - ૮,૬૦,૦૦૦ | | |
| ૪૦૦ - ? | ૪૦૦ | ૪૩,૦૦૦ |
| | ૭,૨૦૦ | ૮,૧૭,૦૦૦ |
| સામાન્ય નુકશાન (લિકેજ) (૮,૦૦૦ × ૫%) | ૪૦૦ | - |
| વેચાણ લાયક માલની કુલ ભ.કિં | ૭,૨૦૦ | ૮,૧૭,૦૦૦ |

આખર સ્ટોકનું મૂલ્ય = સ્ટોકના એકમો × વેચાણ લાયક માલની કુલ ભ.કિં./વેચાણ લાયક એકમો

$$= \underset{(૭૨,૦૦૦ - ૬૮,૦૦૦)}{૪૦૦૦} \times \frac{૮,૧૭,૦૦૦}{૭,૨૦૦}$$

= ₹ ૪૫,૩૮૯

(૬) ધારો કે ,

આડત અને નફાનો ભાગ બાદ કર્યા પછીનો ચોખ્ખો નફો = ૧

+ આડતિયાનો નફામાં ભાગ = ૧/૮

આડતિયાનો નફાનો ભાગ બાદ કર્યા પહેલાંનો નફો

= ૧ + ૧/૮ = ૯/૮

હવે,

આડતિયાના નફાનો ભાગ બાદ કર્યા પહેલાંનો નફો

= ૧૧,૩૦,૩૮૯ - ૯,૫૦,૩૮૯ = ૧,૮૦,૦૦૦

હવે,

૯/૮ = ૧,૦૦,૦૦૦

૧/૮ = ?

૧/૮ × ૧,૮૦,૦૦૦ × ૮/૯

= ૨૦,૦૦૦

**ઉદાહરણ ૨૭.** રાજકોટની સાયકલ કંપનીએ મુંબઈની સાયકલ કંપનીને ૧૦૦ સાયકલો દરેક ₹ ૪,૦૦૦ ની આડતિયા કિંમતે મોકલી જેની દરેકની પડતર કિંમત ₹ ૩,૦૦૦ છે. માલધણીએ નીચેના ખર્ચ ચૂકવ્યા : નૂર ₹ ૨૦,૦૦૦ અને વીમા પ્રિમિયમ ₹ ૩,૦૦૦. રસ્તામાં ૧૦ સાયકલો અકસ્માતથી સંપૂર્ણ નાશ પામી. મુંબઈ સાયકલ કંપનીએ બાકીની સાયકલોની ડિલિવરી લઈ લીધી. તેણે તેના ઓક્ટ્રોય ખર્ચના ₹ ૩,૦૬૦ ચૂકવ્યા અને મુંબઈ સાયકલ કંપનીએ ₹ ૧,૦૦,૦૦૦ નો ડ્રાફ્ટ માલધણી રાજકોટ સાયકલને મોકલી આપ્યો.

ત્યારબાદ વેચાણ આંકડો મોકલ્યો. વેચાણ આંકડા મુજબ તેણે ૮૦ સાયકલો દરેક ₹ ૪,૪૦૦ ની કિંમતે વેચી હતી. ગોડાઉન ભાડાના ₹ ૪,૦૦૦ ચૂકવ્યા છે. વેચાણ પર ભરતિયા કિંમત સુધીની રકમ પર ૫% લેખે અને તેથી વધુ ઊપજેલ રકમ પર ૨૫% લેખે આડતિયો કમિશન માટે હકદાર છે. અકસ્માતથી થયેલ નુકશાન અંગે વીમા કંપનીએ ₹ ૨૮,૦૦૦ દાવા પેટે મંજૂર કરેલા છે.

માલધણીના ચોપડામાં નીચેના ખાતાં તૈયાર કરો : આડતમાલ ખાતુ, (૨) આડતિયાનું ખાતુ

**(સૌ. યુનિ., એફ.વાય., મે, ૨૦૧૨ પર આધારીત)**

જવાબ:

માલધણીના ચોપડામાં

ઉ. આડત માલ ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ ખાતે (ભ.કિ.) (૧૦૦ × ૪,૦૦૦) | ૪,૦૦,૦૦૦ | આડત પર મોકલેલ માલ ખાતે (નફો) (૧૦૦ × ૧,૦૦૦) | ૧,૦૦,૦૦૦ |
| રોકડ ખાતે (ખર્ચ) નૂર ૨૦,૦૦૦ વીમા પ્રિમિયમ ૩,૦૦૦ | ૨૩,૦૦૦ | વીમા કંપની ખાતે (દાવો) | ૨૮,૦૦૦ |
| આડતિયા ખાતે (ઓક્ટ્રોય) | ૩,૦૬૦ | સા.ન.નુ.ખાતે (અ.નુકશાન) | ૪,૩૦૦ |
| આડતિયા ખાતે (ગોડાઉન ભાડા) | ૪,૦૦૦ | આડતિયા ખાતે (વેચાણ) ૮૦ × ૪૪૦૦ | ૩,૫૨,૦૦૦ |
| આડતિયા ખાતે (આડત) | ૨૪,૦૦૦ | આડત માલ સ્ટોક ખાતે (ભ.કિં.) | ૪૨,૬૪૦ |
| આડતમાલ સ્ટોક અનામત ખાતે (નફો) ૧૦ × ૧,૦૦૦ | ૧૦,૦૦૦ | | |
| સામાન્ય ન.નુ. ખાતે (નફો) ? | ૬૨,૮૮૦ | | |
| | ૫,૨૬,૯૪૦ | | ૫,૨૬,૯૪૦ |

ઉ. આડતિયાનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત માલ ખાતે (વેચાણ) | ૩,૫૨,૦૦૦ | આડત માલ ખાતે (ઓક્ટ્રોય) | ૩,૦૬૦ |
| | | આડત માલ ખાતે (એડવાન્સ ડ્રાફ્ટ) | ૧,૦૦,૦૦૦ |
| | | આડત માલ ખાતે (ગોડાઉન ભાડા) | ૪,૦૦૦ |
| | | આડત માલ ખાતે (આડત) | ૨૪,૦૦૦ |
| | | બાકી આગળ લઈ ગયા (?) | ૨,૨૦,૯૪૦ |
| | ૩,૫૨,૦૦૦ | | ૩,૫૨,૦૦૦ |
| બાકી આગળ લાવ્યા | ૨,૨૦,૯૪૦ | | |

**ગણતરીઃ**

નોંધઃ

(૧) અસામાન્ય નુકશાન (માલધણી દ્વારા) : ₹

| | | |
|---|---|---|
| નાશ પામેલ સાઈકલોની મૂ.કિં.(૧૦ × ૩,૦૦૦) | = | ૩૦,૦૦૦ |
| + પ્રમાણસરનો માલધણીનો ખર્ચ | = | ૨,૩૦૦ |
| ૧૦૦ - ૨૩,૦૦૦ | | |
| ૧૦ - ? | | |
| કુલ મૂળ કિંમત | = | ૩૨,૩૦૦ |
| - વીમા કંપનીએ ચૂકવેલ દાવો | | ૨૮,૦૦૦ |
| અસામાન્ય નુકશાન | | ૪,૩૦૦ |

(૨) આડત :

| | વેચાણ કિંમત | | આડતનો દર | | આડતની રકમ |
|---|---|---|---|---|---|
| (અ) ભ.કિં સુધી | ૩,૨૦,૦૦૦ (૮૦ × ૪,૦૦૦) | × | ૫% | = | ૧૬,૦૦૦ |
| (બ) વધુ ઉપજેલ | ૩,૨૦,૦૦૦ (૮૦ × ૪૦૦) | × | ૨૫% | = | ૮,૦૦૦ |
| | | | કુલ આડત | = | ૨૪,૦૦૦ |

(૩) આખર સ્ટોકનું મૂલ્યાંકન :

| વિગત | સાયકલ | ₹ |
|---|---|---|
| મોકલેલ માલની ભ.કિં. | ૧૦૦ | ૪,૦૦,૦૦૦ |
| + માલધણીના બધા ખર્ચા | - | ૨૩,૦૦૦ |
| | ૧૦૦ | ૪,૨૩,૦૦૦ |
| - અસામાન્ય નુકશાન : | ૮,૦૦૦ | ૮,૬૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| | ૧૦૦ - ૪,૨૩,૦૦૦ | | |
| | ૧૦ - ? | ૧૦ | ૪૨,૩૦૦ |
| | | ૯૦ | ૩,૮૦,૭૦૦ |
| + | આડતિયાનાં બિન-આવર્તક ખર્ચા (ઓક્ટ્રોય) | - | ૩,૦૬૦ |
| | વેચાણ લાયક માલની કુલ ભ.કિં | ૯૦ | ૩,૮૩,૭૬૦ |

આખર સ્ટોકનું મૂલ્ય = સ્ટોકના એકમો × વેચાણ લાયક માલની કુલ ભ.કિં./વેચાણ લાયક એકમો

$$= \underset{(૯૦ - ૮૦)}{૧૦} \times \frac{૩,૮૩,૭૬૦}{૯૦} = ₹\ ૪૨,૬૪૦$$

**૨.૯ સ્વાધ્યાય**

**૧.** ૧-૧-'૧૬ના રોજ મુંબઈની અરિહંત ઓઈલ કંપનીએ ભદ્રનગરની વર્ધમાન ઓઈલ કંપનીને ૧,૦૦૦ બેરલ ઓઈલ દરેક ₹ ૮૦૦ના ભાવથી આડતથી વેચવા મોકલ્યું. માલ મોકલતાં નૂર અને વીમાના ₹ ૫૦,૦૦૦ ચૂકવ્યા. રસ્તામાં ૨૫ બેરલ નાશ પામ્યાં, જેનો ₹ ૧૫,૦૦૦ નો દાવો વીમા કંપનીએ મંજૂર રાખ્યો.

વર્ધમાન ઓઈલ કંપનીએ ₹ ૫,૦૦,૦૦૦ની ૩ માસની મુદતની હૂંડી સ્વીકારી. તેણે જણાવ્યું કે

(૧) માલ છોડાવવા ₹ ૧૧,૨૫૦, ગોડાઉન ભાડું ₹ ૧૦,૦૦૦, પગાર ₹ ૩૦,૦૦૦ અને જાહેરાત ખર્ચ ₹ ૨૦,૦૦૦ થયો છે.

(૨) ૭૫૦ બેરલ, બેરલદીઠ ₹ ૧,૨૦૦ના ભાવથી વેચ્યા છે.

(૩) લીકેજને કારણે ૨૫ બેરલને નુકસાન થયું છે, જે સામાન્ય નુકસાન ગણી શકાય. આડતિયાને વેચાણ પર ૫% આડત આપવાની છે. વર્ધમાન ઓઈલ કં. એ બાકી રકમનો ડ્રાફ્ટ મોકલી ખાતું ચૂકતે કર્યું.

ઉપરની વિગતો પરથી અરિહંત ઓઈલ કં. ના ચોપડામાં જરૂરી ખાતાં બનાવો.

**(સૌ. યુનિ., એફ. વાય., માર્ચ, ૧૯૯૯; ઉ. ગુ. યુનિ., એફ. વાય., નવે., ૨૦૧૧; દ.ગુ. યુનિ., એપ્રિલ, ૨૦૧૨ પર આધારીત)**

**જવાબ:**

આડતમાલ ખાતાનો નફો ₹ ૧,૩૧,૮૪૨, આડતિયાએ છેવટે મોકલેલ રકમ ₹ ૨,૮૩,૭૫૦, કુલ વેચાણ ₹ ૯,૦૦,૦૦૦, કુલ અસામાન્ય નુકસાન ₹ ૬૨૫૦, આખર સ્ટોક ₹ ૧,૭૬,૮૪૨.

**૨.** અમદાવાદના અમિત ટ્રેડર્સે મુંબઈના મિતેષ બ્રધર્સને તા. ૧-૪-૨૦૧૭ના રોજ ૨૦ એરકન્ડિશનર સેટ, દરેક ₹ ૨૫,૦૦૦ની ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલ્યા. પડતર કિંમત પર ૨૫% નફો ચઢાવીને ભરતિયા કિંમત નક્કી કરવામાં આવે છે. અમીત ટ્રેડર્સે માલ મોકલતાં નૂર અને વીમાના ₹ ૩,૦૦૦ ચૂકવ્યા હતા.

તા. ૧-૪-૨૦૧૭ના રોજ અમિત ટ્રેડર્સે ₹ ૩,૦૦,૦૦૦ની ત્રણ માસની મુદતની એક હૂંડી મિતેષ બ્રધર્સ ઉપર લખી, જે તેણે સ્વીકારીને તરત જ અમિત ટ્રેડર્સને પરત કરી. અમિત ટ્રેડર્સે આ હૂંડી તા. ૪-૫-૨૦૧૭ના રોજ બેન્કમાં વાર્ષિક ૧૨% ના દરે વટાવી હતી.

મિતેષ બ્રધર્સ ૫% લેખે સામાન્ય આડત અને ૨% લેખે આસામી આડત મેળવવા હક્કદાર છે.

તા.૩૧-૩-૨૦૧૮ના રોજ મિતેષ બ્રધર્સે વેચાણ-આંકડો અને તેમની પાસેની લેણી રકમનો બેન્ક-ડ્રાફ્ટ મોકલી આપ્યો. તેણે વેચાણ-આંકડામાં જણાવ્યું હતું કે

(૧) તેણે જકાતના રૂ. ૨,૦૦૦, વચગાળાના વીમાના ₹ ૩,૦૦૦ અને જાહેરાતના ₹ ૮,૭૫૦ ચૂકવ્યા હતા.

(૨) તેણે ૧૦ એરકન્ડિશનર સેટ, દરેક ₹ ૨૬,૦૦૦ની કિંમતે રોકડેથી વેચ્યા હતા.

(૩) તેણે ૪ એરકન્ડિશનર સેટ, દરેક ₹ ૩૦,૦૦૦ની કિંમતે ગરીબદાસને ઉધારે વેચ્યા હતા.

(૪) તેણે એક એરકન્ડિશનર સેટ, પોતાના અંગત ઉપયોગ માટે, ભરતિયા કિંમતે ખરીદેલ હતો.

(૫) ગરીબદાસ નાદાર જાહેર થયા હતા અને તેમની પાસેથી રૂપિયે ૮૦ પૈસા લેખે આખરી ડિવિડન્ડ વસૂલ થઈ શક્યું હતું.

(૬) વર્ષ દરમિયાન તેમના ગોડાઉનમાં આગ લાગવાથી એક એરકન્ડિશનર સેટ સંપૂર્ણપણે નાશ પામ્યો હતો અને તે પેટે વીમા કંપનીએ ₹ ૧૮,૦૦૦નો દાવો સ્વીકાર્યો હતો.

(૭) નહીં વેચાયેલ એરકન્ડિશનર સેટ પૈકી બે સેટને નુકસાન થયેલ હોઈ તેને વેચાણયોગ્ય બનાવવા માટે કુલ ₹ ૧,૬૦૦ સમારકામ ખર્ચ થવાનો અંદાજ છે.

ઉપરની વિગતો પરથી અમિત ટ્રેડર્સના ચોપડે આડતમાલ ખાતું અને મિતેષ બ્રધર્સનું ખાતું તૈયાર કરો.

(ગુ. યુનિ. એફ. વાય., એપ્રિલ, ૨૦૦૨ પર આધારીત)

**જવાબઃ**

આડતમાલ ખાતાનો નફો ₹ ૬૦,૦૦૦, આડતિયાએ છેવટે મોકલેલ રકમ ₹ ૬૮,૬૦૦, લેણીહૂંડી પર વટાવ ₹ ૬,૦૦૦, કુલ આડત - ૨૨,૬૫૦, અસામાન્ય નુકસાન ₹ ૨,૪૦૦, કલુ વેચાણ ₹ ૪,૦૫,૦૦૦, આખર સ્ટૉક ૧,૦૦,૦૦૦.

૩. રાજકોટના શ્રી અર્પિતે, પોરબંદરની રૂચિન એન્ડ કંપનીને ૧૦૦ શર્ટ આડતમાલથી વેચવા મોકલ્યાં. માલની ભરતિયા કિંમત એકના ₹ ૧૫૦ લેખે જે મૂ. કિ. પર ૫૦% નફો ઉપજાવે તેમ દર્શાવી. શ્રી અર્પિતે ખરાજાત અને વીમાના ₹ ૧,૦૦૦ ચૂકવ્યા.

રૂચિન એન્ડ કંપનીએ ખરાજતના ₹ ૫૦૦ અને ભાડાના ₹ ૮૦૦ ચૂકવ્યા. તેઓએ ₹ ૧૬૦ના એક લેખે ૫૦ શર્ટ વેચ્યાં અને ₹ ૧૭૫ના એક લેખે ૨૦ શર્ટ ઉધાર વેચ્યાં. કમિશન ૫% વત્તા આસામી આડત બાદ કરી બાકીની રકમ મોકલી આપી.

રૂચિન એન્ડ કંપનીએ ધ્યાન પર લાવ્યું કે ૧૦ શર્ટ ખરાબ પેકિંગને કારણે ડાઘવાળાં હતા. માલધણીની સંમતિથી નુકસાનીવાળાં શર્ટના ₹ ૮૦૦ ઉપજાવ્યા.

બીજું એક ગ્રાહક શ્રી ધ્રુવ ₹ ૧,૦૦૦ કે જેમને રૂચિન એન્ડ કંપનીએ શર્ટ વેચેલ તે નાદાર થયો અને રૂપિયે પચાસ પૈસા લેખે વસૂલાત થઈ શકી. આસામી આડત કુલ વેચાણ પર ગણવી.

શ્રી અર્પિત, રાજકોટની ખાતાવહીમાં આડતમાલ ખાતું તથા આડતિયાનું ખાતું તૈયાર કરો. તેમજ આડતિયાના ચોપડે શ્રી અર્પિત, રાજકોટનું ખાતું તૈયાર કરો.

**(સૌ. યુનિ., એફ. વાય., માર્ચ, ૨૦૦૬ પર આધારીત)**

**જવાબઃ**

આડતમાલ ખાતાનો નફો ૨,૧૫૦, આડતિયાએ છેવટે મોકલેલ રકમ ₹ ૧૦,૨૬૨, કુલ વેચાણ ₹ ૧૧,૫૦૦, આખર સ્ટોક ₹ ૩,૪૬૦.

૪. અમદાવાદના અતુલે વડોદરાના વિમલને ₹ ૫,૦૦,૦૦૦ની મૂળ કિંમતનો માલ, પડતર વત્તા ૨૦% ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલ્યો. માલ મોકલતી વખતે અતુલને નૂરના ₹ ૨૦,૦૦૦ અને વિમા પ્રીમિયમના ₹ ૩૦,૦૦૦ ચૂકવ્યા. તે જ દિવસે અતુલ, વિમલ પર ત્રણ માસની મુદતની ₹ ૨,૦૦,૦૦૦ની એક હૂંડી લખી, વિમલે તે સ્વીકારીને અતુલને પરત કરી. અતુલે તે વાર્ષિક ૧૦% ના દરે વટાવી. એવું નક્કી થયું હતું કે વિમલને તેણે કરેલ વેચાણની ભરતિયા કિંમત પર ૫% કમિશન આપવામાં આવશે અને ભરતિયા કિંમતથી વધુ ઉપજાવેલ રકમ પર ૧૦% વધારાનું કમિશન આપવામાં આવશે. તે ૨% લેખે આસામી આડત મેળવવા માટે પણ હકદાર છે. વિમલે મોકલેલ વેચાણ આંકડા મુજબ ₹ ૨,૪૦,૦૦૦ની ભરતિયા કિંમતનો માલ ₹ ૩,૨૦,૦૦૦માં રોકડેથી વેચ્યો હતો. ₹ ૧,૨૦,૦૦૦ની ભરતિયા કિંમતનો માલ ₹ ૧,૮૦,૦૦૦માં ઉધાર વેચ્યો હતો અને ₹ ૪૦,૦૦૦ની ભરતિયા કિંમતનો માલ વિમલે પોતાના અંગત ઉપયોગ માટે રાખ્યો હતો. વિમલે ₹ ૧૫,૦૦૦ સંગ્રહ ખર્ચ અને ₹ ૨૨,૫૦૦ પેકિંગ તથા વેચાણ માટે ખર્ચ કર્યો હતો.ઉધાર વેચાણમાંથી ₹ ૧૦,૦૦૦ ઘાલખાધ થઈ હતી. વિમલે તેની પાસેથી બાકી રકમનો બેન્કડ્રાફ્ટ મોકલી આપ્યો.

માલધણીના ચોપડામાં આડતમાલ ખાતું અને આડતિયાનું ખાતું તૈયાર કરો.

**(ગુ. યુનિ. એફ. વાય., માર્ચ, ૨૦૦૮ પર આધારીત)**

**જવાબઃ**

આડતમાલ ખાતાનો નફો ₹ ૯૮,૨૩૪, આડતિયાએ છેવટે મોકલેલ રકમ ₹ ૨,૬૪,૯૦૦, લેણીહૂંડી પર વટાવ ₹ ૫,૦૦૦, કુલ વેચાણ ₹ ૫,૪૦,૦૦૦, કુલ આડત ₹ ૩૭,૬૦૦, આખર સ્ટોક ₹ ૨,૨૧,૬૬૭.

૫. મુંબઈના શાહીદે દિલ્હીના સૈફને તા. ૧-૪-૨૦૧૭ના રોજ ₹ ૨,૭૦,૦૦૦ની ભરતિયા કિંમતનો માલ આડતથી વેચવા મોકલ્યો. જેમાં નૂર અને વીમાના ₹ ૨૦,૦૦૦ નો સમાવેશ થાય છે. પડતર કિંમત પર ૨૫% નફો ચઢાવીને ભરતિયા કિંમત નક્કી કરવામાં આવે છે.

તા. ૧-૪-૨૦૧૭ના રોજ શાહીદે ₹ ૧,૦૦,૦૦૦ની ૫ માસની મુદ્દતની એક હૂંડી સૈફ ઉપર લખી. જે તેમણે સ્વીકારીને તરત જ પરત કરી. શાહીદે આ હૂંડી તા. ૧-૬-૨૦૧૫ના રોજ ૧૨ %ના વાર્ષિક દરે વટાવી.

સૈફને ૧૦% સામાન્ય આડત, ૫% આસામી આડત આપવા ઉપરાંત ચોખ્ખા નફાના ૧૦% લેખે નફાભાગ પણ આપવામાં આવે છે. સૈફને વાર્ષિક ₹ ૧૨,૦૦૦ લેખે સ્થાપના ખર્ચ ચૂકવવામાં આવે છે.

તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ સૈફે વેચાણ આંકડો અને તેમની પાસેથી નીકળતી લેણી રકમનો બેન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો.

**તેમણે વેચાણ આંકડામાં જણાવ્યું હતું કે;**

(૧) તેણે જકાતના ₹ ૧૦,૦૦૦ અને વેચાણ ખર્ચના ₹ ૫,૬૦૦ ચૂકવ્યા.

(૨) તેણે ૫% વેચાય નહીં તેવો માલ પરત કર્યો અને ₹ ૧,૦૦૦ પરત હેતુ માટે ચૂકવ્યા.

(૩) ૫૦% માલ ભરતિયા કિંમત પર ૨૫% નફો ચઢાવીને અક્ષયને વેચ્યો.

(૪) ૨૦% માલ ભરતિયા કિંમત પર ૩૦% નફો ચઢાવીને અક્ષયને વેચ્યો.

(૫) ૧૦% માલ ભરતિયા કિંમત પર ૪૦% નફો ચઢાવીને શાહીદની ભલામણીથી આમીરને વેચ્યો.

(૬) ૫% માલ પોતાના અંગત ઉપયોગ માટે ભરતિયા કિંમતે ખરીદી લીધો.

(૭) ૫% માલને ધરતીકંપના કારણે ગોડાઉનમાં નુકસાન થયું. જેની સામે વીમા કંપનીએ ૭૦%નો દાવો સ્વીકાર્યો. આ નુકસાની માલ પડતરના ૫૦% વટાવે સલમાનને રોકડેથી વેચ્યો.

(૮) બંને ગ્રાહકો ૮૦% રકમ ચૂકવ્યા પછી નાદાર જાહેર થયા. તેમની મિલકતમાંથી ૮૦% રકમ વસૂલ કરી શક્યા.

(૯) બાકીના વધેલા માલને વેચાણ યોગ્ય સ્થિતિમાં લાવવા ₹ ૧,૦૫૦નો સમારકામ ખર્ચ થવાનો અંદાજ છે.

ઉપરની વિગતો પરથી શાહીદના ચોપડામાં આડતમાલ ખાતું અને સૈફનું ખાતું તૈયાર કરો.

**(દ. ગુ. યુનિ. એફ. વાય. માર્ચ, ૨૦૦૮)**

**જવાબ:**

**આડતમાલ ખાતાનો નફો ₹ ૧૮૦૦૦, આડતિયાએ છેવટે મોકલેલ રકમ ₹ ૧,૧૪,૮૦૦, લેણીહુંડી પર વટાવ ₹ ૩,૦૦૦, કુલ વેચાણ ₹ ૨,૭૪,૫૦૦ (નુકસાની માલનું વેચાણ સમાવેલ), કુલ આડત ₹ ૩૦,૭૦૦, આખર સ્ટોક ₹ ૧૨,૯૫૦.**

# પ્રકરણ ૩
# સંયુક્ત સાહસના હિસાબો


૩.૧ પ્રાસ્તાવિક

૩.૨ સંયુક્ત સાહસનો અર્થ

૩.૩ સંયુક્ત સાહસના લક્ષણો

૩.૪ સંયુક્ત સાહસ અને ભાગીદારી પેઢી વચ્ચેનો તફાવત

૩.૫ સંયુક્ત સાહસ અને આડતમાલના હિસાબો વચ્ચનો તફાવત

૩.૬ સંયુક્ત સાહસના હિસાબો રાખવાની પધ્ધતિ

૩.૭ બંને સાહસિકો જ્યારે સંયુક્ત સાહસ ખાતું અને અન્ય સાહસિકોનું ખાતું પોતાના ચોપડે હિસાબમાં રાખે ત્યારે

૩.૮ સ્વાધ્યાય

## પ્રકરણ ૩
## સંયુક્ત સાહસના હિસાબો

### ૩.૧ પ્રાસ્તાવિક

આધુનિક સમયમાં ધંધામાં રોજબરોજ ઘણા બધા પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે જેવા કે મોટા પ્રમાણમાં મૂડીની જરૂરિયાત, યાંત્રિક કૌશલ્યની જરૂરિયાત વગેરે સામે એક વ્યક્તિનું ધંધાકીય સ્પર્ધાત્મક વાતાવરણમાં ટક્વું મુશ્કેલ છે. મોટી પરીયોજના જેવી કે વિવિધ ઉપયોગોવાળુ મકાન વગેરે પૂરા પાડવા માટે એક્લા વ્યક્તિ માટે અઘરૂ છે. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે વિકલ્પ છે તે બીજી વ્યક્તિઓ સાથે ભેગા થઇને કામ કરવું. બે કે તેથી વધુ વ્યક્તિ ભેગા થવાથી ઘણા બધા ફાયદા થશે જેવા કે જોખમ બંને વચ્ચે વહેચાશે, બંનેની આવડત અને કૌશલ્યનો લાભ મળશે અને મૂડીની જરૂરિયાત પૂરી કરી શકાશે વગેરે.

એટલા માટે કહેવાય છે કે , ''ઝાઝા હાથ રઢિયામણા''.

સંયુકત સાહસ એટલે બે કે તેથી વધુ વ્યકિતઓ કોઈ પરિયોજના માટે ભેગા મળીને અગાઉથી નક્કી કરેલ શરતો મુજબ ધંધાનો નફો-નુકશાન, જોખમ, યાંત્રિક, તથા મૂડી વહેંચણી કરે.

ભારતીય હિસાબી ધોરણ મુજબ, ''બે કે તેથી વધુ વ્યકિતઓ કરાર આધારિત સંયુક્ત નિયંત્રણમાં આર્થિક પ્રવૃતિ હાથ ધરે''.

તદ્‌ઉપરાંત સંયુક્ત નિયંત્રણ એટલે કરાર આધારિત આર્થિક પ્રવૃતિ પરનો અંકુશ.

### ૩.૨ સંયુક્ત સાહસનો અર્થ

બે કે તેથી વધુ વ્યક્તિઓ કોઈ ચોક્કસ સાહસ માટે અગાઉથી સંમત થયા મુજબ મૂડી લાવે છે અને નફા નુકશાનની વહેચણી કરે છે, સાહસ પૂર્ણ થયા બાદ તેઓ સંયુકત સાહસનું વિસર્જન કરે છે.

આમ બીજા શબ્દોમાં કહીએ તો સંયુકત સાહસ એ એક કામચલાઉ ભાગીદારી છે. સામાન્ય રીતે સંયુકત સાહસ મકાન, બ્રિજ, આડતમાલના વેચાણ માટે, શેર બાંહેધરી વગેરે માટે ઉપયોગી છે.

સંયુકત સાહસમાં દાખલ થયેલ વ્યક્તિઓ ને સહ-સાહસિકો કહેવાય છે. તેઓ સંયુકત સાહસમાં મૂડી લાવે છે. તથા કોઇક વાર માલ પણ મૂડી તરીકે આપે છે. સહ-સાહસિકો તેમનો અલગ ધંધો આ સંયુકત સાહસની સાથે પણ ચલાવી શકે છે. સંયુકત સાહસના હિસાબોને રાશના હિસાબો પણ કહેવામાં આવે છે.

અહી ધંધાના સાતત્યનો સિધ્ધાંત લાગુ પડતો નથી કેમ કે ધંધો ફક્ત ચોક્કસ સમય માટે જ હોય છે.

### ૩.૩ સંયુકત સાહસના લક્ષણો

(૧) સંયુકત સાહસ એ અસ્થાયી ધંધાનું સ્વરૂપ છે.
(૨) સંયુકત સાહસના હિસાબો ભાગીદારી જેવા જ છે.
(૩) ટૂંકાગાળાના હેતુંને સિધ્ધ કરવા માટે બે કે તેથી વધુ વ્યક્તિઓ સાથે મળે છે.
(૪) તેની કોઇ પણ કાયદા હેઠળ અથવા તો અલગ નામથી નોંધણી થતી નથી.
(૫) સંયુકત સાહસ જે શરૂ કરે છે તે જોખમ અને વળતર ની વહેંચણી કરે છે અને તેઓ સહ-સાહસિકો કહેવાય છે.
(૬) સંયુકત સાહસ બંધ કરવાના સમયે તેનો નફો અને નુકશાનની ગણતરી કરવામાં આવે છે.
(૭) સંયુકત સાહસમાં સહ સાહસિક ની જવાબદારી ચોક્કસ આર્થિક પ્રવૃતિ પૂરતી રહે છે.
(૮) સંયુકત સાહસ કોઇ પણ નામ વિનાની પેઢી છે.
(૯) સંયુકત સાહસના હિસાબોમાં નામાનો ખ્યાલ ધંધાના સાતત્યના સિધ્ધાંત નું પાલન થતું નથી.
(૧૦) સંયુકત સાહસ એ કામ ચલાઉ ધંધાનું સ્વરૂપ છે.

(૧૧) જો સંયુકત સાહસના કરારમાં નફા નુકશાન વહેચણી અંગે સ્પષ્ટતા ન હોય તો સહ સાહસીકો સરખા પ્રમાણમાં નફા-નુકશાનની વહેચણી કરશે.

### ૩.૪ સંયુકત સાહસ અને ભાગીદારી પેઢી વચ્ચેનો તફાવત

ભાગીદારી અને સંયુકત સાહસ બન્નેમાં ધંધાની પ્રવૃત્તિઓ નફો/નુકશાન બે અથવા વધુ વ્યક્તિઓ સંમતિથી વહેંચે છે. કાયદામાં સંયુકત સાહસને ભાગીદારી તરીકે ગણવામાં આવે છે, તેમ છતાં બન્ને વચ્ચે તફાવત છે. અને અમુક બાબતમાં સમાનતા પણ છે. એટલે જ કેટલીકવાર સંયુકત સાહસને 'અસ્થાયી ભાગીદારી' અથવા 'વિશિષ્ટ સાહસ માટે ભાગીદારી' અને 'કોઈને લગતી ભાગીદારી'તરીકે પણ ગણવામાં આવે છે. સંયુકત સાહસ એ અસ્થાયી ભાગીદારી છે જ્યારે ભાગીદારી એ સ્થાયી સંયુકત સાહસ છે. બંને પ્રકારનાં ધંધામાં બે કે તેથી વધુ વ્યક્તિ ભેગા મળીને ધંધાની શરૂઆત કરે છે અને નફા-નુકશાનની વહેંચણી કરે છે. પરંતું બંને વચ્ચે નીચે મુજબ તફાવત છે.

| ક્રમ | તફાવત નો મુદ્દો | સંયુક્ત સાહસ | ભાગીદારી |
|---|---|---|---|
| ૧ | પેઢી/સાહસ નું નામ | સંયુકત સાહસનો ધંધો કરવા માટે નામ હોતું નથી. | ભાગાદારી પેઢી ને પોતાનું અલગ નામ હોય છે |
| ૨ | સભ્યોનું સ્વરૂપ | સંયુક્ત સાહસમાં સભ્યો સહ-સાહસિકો હોય છે. | ભાગીદારી પેઢી માં સભ્યો ભાગીદારો હોય છે. |
| ૩ | હેતુ | સંયુક્ત સાહસમાં ધંધાનો હેતુ કામ ચલાઉ અસ્થાયી હોય છે. | ભાગીદારી પેઢી નો હેતુ લાંબાગાળાની ભાગીદારી નો હોય છે. |
| ૪ | પેઢીની નોંધણી | સંયુક્ત સાહસની નોંધણી કોઇ પણ કાયદા મુજબ થતી નથી. | ભાગીદારી પેઢી નોંધણી ફરજિયાત નથી પરંતુ ભારતીય ભાગીદારી ધારા ૧૯૩૨ મુજબ નોંધણી કરવી જોઈએ કારણ કે ભાગીદાર કરારને આ ધારો લાગુ પડે છે. |
| ૫ | હિસાબી ચોપડા | કોઈ પણ પ્રકારના અલગ હિસાબી ચોપડા સંયુકત સાહસના ચોપડામાં રાખવામાં આવતા નથી. | ભાગીદારી પેઢી ના હિસાબી ચોપડામાં અલગથી હિસાબી ચોપડા રાખવામાં આવે છે. |
| ૬ | અલગ ધંધો કરવાની સ્વતંત્રતા | સહ-સાહસિકો સંયુક્ત સાહસ સાથે પોતાનો અલગ ધંધો કરવા માટે સ્વતંત્ર છે. | ભાગીદારી પેઢીમાં ભાગીદારો ભાગીદારી ને સમાન ધંધો કરવા માટે સ્વતંત્ર નથી. |
| ૭ | વિસર્જન | ચોક્કસ હેતુ અથવા તો પરિયોજના પૂર્ણ થતા સંયુકત સાહસનું વિસર્જન થાય છે. | ભાગીદારી પેઢી નું વિસર્જન ભાગીદારોની સંમતિથી થાય છે. |
| ૮ | જવાબદારી | સંયુકત સાહસમાં સહ-સાહસિકોની જવાબદારી ચોક્ક્સ આર્થિક સાહસ પૂરતી જ છે. | ભાગીદારી પઢીમાં ભાગીદારોની જવાબદારી અમર્યાદિત છે. |

### ૩.૫ સંયુક્ત સાહસ અને આડતમાલના હિસાબો વચ્ચનો તફાવત

સંયુક્ત સાહસ અને આડતમાના હિસાબો સૈધાંતિક રીતે જુદા છે. તેમના વચ્ચેનો તફાવત નીચે મુજબ છે.

| ક્રમ | તફાવત નો મુદ્દો | સંયુક્ત સાહસ | આડતમાલ હિસાબો |
|---|---|---|---|
| ૧ | હેતુ | સામાન્ય રીતે સંયુક્ત સાહસનો હેતુ મકાન, બ્રીજ બાંધવો, શેર માં બાંહેધરી દલાલ તરીકે રોકાણ કરવું વગેરે હોય છે. | જ્યારે આડતમાલ નો હેતુ ફક્ત માલસામાન આડતિયા દ્વારા વેચવાનો હોય છે. |
| ૨ | જોડાયેલ વ્યકિતઓ | સંયુકત સાહસમાં જે વ્યકિતઓ જોડાયેલ હોઇ છે તેને સહ- સાહસિકો કહેવાય છે. | આડતમાલના કરાર માં જોડાયેલ વ્યક્તિઓ ને માલધણી અને આડતીયો કહેવાય છે |
| ૩ | સમયગાળો | ચોક્કસ હેતુ પૂર્ણ થતાં સંયુક્ત સાહસ નો અંત આવે છે. | આડતમાલ નો કરાર લાંબા સમય સુધી ચાલી શકે છે. |
| ૪ | મૂડી | સંયુક્ત સાહસોમાં દરેક સહ સાહસિક મૂડી જુદા જુદા સ્વરૂપમાં પૂરી પાડે છે. | આડતમાલ ના હિસાબોમાં ફક્ત માલધણી જ મૂડી પૂરી પાડે છે અને આડતિયો તેના એજન્ટ તરીકે કામ કરે છે. |
| ૫ | હક્કો | સંયુક્ત સાહસમાં દરેક સહ સાહસિકને માલ ખરીદવાનો અને વેચવાનો તથા દેવાદારો પાસેથી નાણાં મેળવવાનો હક છે. | આડતીયો એ માલધણીના એજન્ટ તરીકે કામ કરે છે માટે તેની પાસે ખૂબ જ ઓછા હકો છે. |
| ૬ | નફા નુકશાનની વહેંચણી | સહ સાહસિક પોતાનો નફો અને નુકશાન વહેચવા નો હક છે. | આડતિયો અને માલધણી ક્યારે પણ નફો નુકશાનની વહેંચણી કરતા નથી. |
| ૭ | વ્યક્તિઓની સંખ્યા | એ કરતાં વધારે વ્યક્તિઓ સંયુક્ત સાહસમાં હોઇ શકે છે. | ફક્ત એક જ માલધણી અને બે થી વધારે આડતિયા હોઇ શકે છે. |
| ૮ | જોખમ | સંયુક્ત સાહસમાં સહ સાહસિકો જોખમ ખેડે છે. | આડતમાલના હિસાબો માં આડતિયો માલધણી ના જોખમ ના આધારે માલનું વેચાણ કરે છે. |
| ૯ | માલિકી | સંયુક્ત સાહસમાં દરેક સહ સાહસિક માલિકો છે. | માલધણી જ ફક્ત માલનો માલિક છે. |

### ૩.૬ સંયુક્ત સાહસના હિસાબો રાખવાની પધ્ધતિ

સંયુક્ત સાહસના હિસાબો રાખવાની પધ્ધતિ સહ-સાહસિકોના કરાર અને ધંધાની પરિસ્થિતી પર આધાર રાખે છે. સામાન્ય રીતે હિસાબો નીચે મુજબ રાખવામાં આવે છે.

(૧) જ્યારે સંયુકત સાહસના અલગ થી હિસાબો રાખવામાં આવે,

(૨) જયારે સંયુક્ત સાહસના હિસાબો અલગ ન રાખવામાં આવે.

(અ) કોઇ એક સહ-સાહસિક હિસાબો રાખે. (બ) દરેક સહ-સાહસિક હિસાબો રાખે.

**(૧) જ્યારે સંયુક્ત સાહસના અલગ થી હિસાબો રાખવામાં આવે ત્યારેઃ**

સામાન્ય રીતે જયારે ધંધાનું (સંયુક્ત સાહસનું) કદ મોટુ હોય ત્યારે સહ સાહસિકો સંયુક્ત સાહસના અલગથી પોતાની હિસાબી ચોપડામાં સંયુક્ત સાહસના હિસાબો લખે છે. હિસાબ લખવાના હેતું માટે સંયુક્ત સાહસને અલગ અસ્તીત્વ તરીકે ગણવામાં આવે છે. આ પ્રકારની પધ્ધતિ ભાગીદારી કરાર માં જેવી રીતે ભાગીદાર પ્રવેશ કરે છે તેવી જ છે. નીચે દર્શાવ્યા મુજબ (ખાતા) હિસાબો રાખવામાં આવે છે.

(i) સંયુક્ત સાહસનું ખાતું (ii) સંયુક્ત બેંક ખાતું (iii) સહ-સાહસિક્ના ખાતાં

**(i) સંયુક્ત સાહસનું ખાતું**

સંયુકત સાહસ ખાતનું સ્વરૂપ વેપાર અને નફા-નુકશાન ખાતા જેવું છે. આ ખાતું બનવાનો મુખ્ય ઉદ્દેશ સંયુક્ત સાહસનો નફો નુકશાન જાણવાનો છે. ખરીદી, તથા સંયુક્ત સાહસને લગતા ખર્ચ સંયુક્ત સાહસ ખાતાની ઉધાર બાજુ દર્શાવામાં આવે છે. અને વેચાણ અને આવકો જમા બાજુ દર્શાવામાં આવે છે. જો સંયુક્ત સાહસના જમા બાજુ નો સરવાળો ઉધાર બાજુ ના સરવાળા કરતા વધુ હોય તો તફાવતની રકમ ને સંયુક્ત સાહસનો નફો કહેવામાં આવે છે. અને સંયુક્ત સાહસના ઉધાર બાજુ નો સરવળો તેના જમા બાજુ ના સરવાળા કરતા વધુ હોય તો તફાવત રકમ ને સંયુક્ત સાહસનું નુકશાન કહેવાય છે. સંયુક્ત સાહસ ખાતાનું પરિણામ એટલે કે નફો કે નુકશાન સહ સાહસિકો ના ખાતે નક્કી કરેલા નફા નુકશાન ના પ્રમાણે લઇ જવામાં આવે છે.

**(ii) સંયુક્ત બેંક ખાતું**

સંયુક્ત સાહસના વ્યવહાર નોંધવા માટે સહ સાહસિકો દ્વારા સંયુક્ત બેંક ખાતું બનાવવામાં આવે છે જેના તેમના દ્વારા લાવવામાં આવેલી મૂડી દર્શાવામાં આવે છે. સંયુક્ત સાહસના ખર્ચ સંયુક્ત બેંક ખાતા માંથી ચૂકવવામાં આવે છે અને વેચાણ અને અન્ય આવકો પણ સંયુક્ત બેંક ખાતે નોંધવામાં આવે છે. જ્યારે સહ સાહસિકો ખર્ચ ની ચૂકવણી પોતાના અંગત મૂડી ખાતા માંથી કરે છે ત્યારે સંયુક્ત બેંક ખાતમાં તે વ્યવહારો નોંધતા નથી. જ્યારે સંયુક્ત સાહસ નો હેતુ પૂર્ણ થાય છે ત્યારે તેના વિસર્જન સમયે સંયુક્ત બેંક ખાતું સહ-સાહસિકોના ખાતે લઇ જવામાં આવે છે.

**(iii) સાહસિકોના ખાતાં**

સાહસિકોના અંગત વ્યવહારો જેવા કે રોકડ લાવવી, માલ લાવવો, સંયુક્ત સાહસના ખર્ચા ચૂકવવા અને સંયુક્ત સાહસની આવકો મેળવવી વગેરે માટે સાહસિકોના ખાતા રાખવામાં આવે છે. સંયુક્ત સાહસ ખાતાનો નફો કે નુકશાન આ ખાતે નોધવામાં આવે છે અને સંયુક્ત બેંક ખાતું સાહસિકોના ખાતે લાવી બંને ખાતા બંધ કરવામાં આવે છે.

સંયુકત સાહસના ચોપડામાં નીચે મુજબની આમનોંધ લખવામાં આવે છે

| તારીખ | વિગત | ખા.પા. નં. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| (૧) | સાહસિક દ્વારા શરૂઆતમાં મૂડી લાવવામાં આવે ત્યારેઃ<br>સંયુક્ત બેંક ખાતે ઉ<br>તે સાહસિકો ના ખાતે | | XXXX | XXXX |
| (૨) | રોકડથી ખરીદી કરવામાં આવે અથવા તો ખર્ચ ચુકવવામાં આવે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે સંયુક્ત બેંક ખાતે | | XXXX | XXXX |

| | | | | |
|---|---|---|---|---|
| (૩) | ઉધારે ખરીદી કરવામાં આવે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે લેણદાર ખાતે | | XXXX | XXXX |
| (૪) | ખરીદીનાં નાણાં અને ખર્ચા સાહસિક અંગત રીતે ચૂકવે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે સાહસિક ખાતે | | XXXX | XXXX |
| (૫) | રાકડેથી વેચાણ કરવામાં આવે ત્યારેઃ<br>સંયુક્ત બેંક ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | | XXXX | XXXX |
| (૬) | ઉધારે વેચાણ કરવામાં આવે ત્યારેઃ<br>દેવાદાર ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | | XXXX | XXXX |
| (૭) | સંયુક્ત સાહસ માં વધેલ માલ કે મિલકત સાહસિક લઇ જાય ત્યારેઃ<br>સાહસિક ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | | XXXX | XXXX |
| (૮) | વેચાણના નાણાં અથવા અન્ય આવકો અંગત રીતે સાહસિક મેળવે ત્યારેઃ<br>સાહસિક ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | | XXXX | XXXX |
| (૯) | લેણદારો ને નાણાં ચૂકવે ત્યારેઃ<br>લેણદારા ખાતે ઉ<br>તે સંયુક્ત બેંક ખાતે | | XXXX | XXXX |
| (૧૦) | દેવાદારો પાસેથી નાણાં મળે ત્યારેઃ<br>સંયુક્ત બેંક ખાતે ઉ<br>તે દેવાદાર ખાતે | | XXXX | XXXX |
| (૧૧) | સંયુક્ત સાહસનો નફો હોય ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે સાહસિકો ખાતે | | XXXX | XXXX |
| (૧૨) | સંયુક્ત સાહસની ખોટ હોય (નુકશાન હોય) ત્યારેઃ<br>સહ સાહસિકો ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | | XXXX | XXXX |
| (૧૩) | સંયુક્ત બેંક ખાતું બંધ કરવામાં આવે ત્યારેઃ<br>સાહસિકો ખાતે ઉ<br>તે સંયુક્ત બેંક ખાતે | | XXXX | XXXX |

ઉ. **સંયુક્ત સાહસ ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુક્ત બેંક ખાતે (માલ ખરીદ્યો) | ... | સંયુક્ત બેંક ખાતે (માલ વેચ્યો) | ... |
| લેણદાર ખાતે (ઉધારે ખરીદી) | ... | દેવાદાર ખાતે (ઉધારે વેચાણ) | ... |

| | | | |
|---|---|---|---|
| સાહસિક ખાતે (ખર્ચ ચૂક્વ્યો) | ... | સાહસિક ખાતે (મિલકત ધંધામાંથી લીધેલ હોય તો) | ... |
| સંયુકત બેંક ખાતે ( ખર્ચ) | ... | | |
| નફો લઈ ગયાઃ સાહસિક ખાતે | .... | | |
| | ...... | | ...... |

ઉ. **સંયુકત બેંક ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સાહસિકના ખાતે | ... | સંયુકત સાહસ ખાતે (ખરીદી) | ... |
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ... | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | ... |
| | ..... | | ..... |

ઉ. **સહાસીકોના ખાતાં** જ.

| વિગત | X(₹) | Y(₹) | વિગત | X(₹) | Y(₹) |
|---|---|---|---|---|---|
| સંયુકત સાહસ ખાતે (સંયુકત સાહસ માંથી મિલકત લીધેલ) | .... | .... | સંયુકત બેંક ખાતે (મૂડી) | ... | ... |
| સંયુકત બેંક ખાતે | .... | .... | સંયુકત સાહસ ખાતે (ખરીદી અને ખર્ચ ચૂકવેલ) | ... | .... |
| | | | સંયુકત સાહસ ખાતે(નફો) | .... | .... |
| | ...... | ...... | | ..... | ..... |

**ઉદાહરણ ૧.** મિલીન અને શ્રદધા સરખા પ્રમાણમાં નફો-નુકશાન વહેંચવાની શરતે તાઃ ૦૧-૦૪-૨૦૧૭ ના રોજ સંયુકત સાહસમાં જોડાયા. તેમણે દરેક ₹ ૨,૪૦,૦૦૦ કાઢી સંયુકત બેંક ખાતામાં જમાં કરાવ્યા. તાઃ ૩૧-૦૩-૨૦૧૮ સુધીના સંયુકત સાહસના વ્યવહારો નીચે મુજબ હતા.

૧. મિલીને એલ્યુમીનિયમનો ભંગાર દર ટનના ₹ ૧૮૦૦૦ ભાવે ૧૬ ટન ખરીધો, તેના ખર્ચના ₹ ૪૮૦૦ થયા.

૨. શ્રદ્ધાએ ગ્લાસ (કાચ) દર ટનના ₹ ૧૨૦૦ ભાવે ૧૦૦ ટન ખરીધો, તેના ખર્ચના ₹ ૩૦૦૦ થયા.

૩. મિલીને એલ્યુમીનિયમ ભંગાર ૧૨ ટન દર ટનના ₹ ૨૪૦૦૦ ભાવે વેચ્યો અને વેચાણખર્ચ ₹ ૨૫૫૦ થયો.

૪. શ્રદધાએ ગ્લાસ પૈકી ૮૦ ટન દર ટનના ₹ ૧૫૦૦ ના ભાવે વેચ્યો તેના વેચાણખર્ચ ₹ ૧૮૦૦ થયો.

૫. ખરીદ વેચાણની રકમ માટે સંયુકત બેંક ખાતા નો ઉપયોગ કરવાનો છે. જયારે ખર્ચ જે તે સાહસિકે ચૂકવવાનો છે.

૬. દરેક સાહસિકને તેમણે કરેલા વેચાણ પર ૫ % કમિશન.

તૈયાર કરોઃ (૧) સંયુકત સાહસ ખાતું (૩) સાહસિકોના ખાતાં

(૨) સંયુકત બેંકખાતું (૪) તાઃ ૩૧-૦૩-૧૮ ના રોજનું પાકુ સરવૈયું
(સ.પ.યુ., એફ.વાય બી.કોમ -૨૦૦૯, સુધારેલ)

જવાબઃ

ઉ. **સંયુકત બેંક ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| મીલીન ખાતે | ૨,૪૦,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (ખરીદી) | ૨,૮૮,૦૦૦ |
| શ્રદ્ધા ખાતે | ૨,૪૦,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (ખરીદી) | ૧,૨૦,૦૦૦ |
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૨,૮૮,૦૦૦ | બા.આ.લઈ ગયા | ૪,૮૦,૦૦૦ |
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૧,૨૦,૦૦૦ | | |
| | ૮,૮૮,૦૦૦ | | ૮,૮૮,૦૦૦ |

ઉ. **સંયુકત સાહસ ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુકત બેંક ખાતે (ખરીદી) | ૨,૮૮,૦૦૦ | સંયુકત બેંક ખાતે (વેચાણ) | ૨,૮૮,૦૦૦ |
| મીલીન ખાતે (ખર્ચા) | ૪,૮૦૦ | સંયુકત બેંક ખાતે (વેચાણ) | ૧,૨૦,૦૦૦ |
| સંયુકત બેંક ખાતે (ખરીદી) | ૧,૨૦,૦૦૦ | રાશનો છેવટનો સ્ટોકઃ | |
| શ્રદધા ખાતે (ખર્ચા) | ૩,૦૦૦ | એલ્યુમિનીયમ (૪×૧૮૦૦૦)= ૭૨૦૦૦<br>પ્રમણસર ખર્ચ = ૧૨૦૦ | ૭૩,૨૦૦ |
| મીલીન ખાતે (ખર્ચા) | ૨,૫૫૦ | ગ્લાસ (૨૦×૧૨૦૦) = ૨૪૦૦૦<br>પ્રમણસર ખર્ચ = ૬૦૦ | ૨૪,૬૦૦ |
| શ્રદધા ખાતે (ખર્ચા) | ૧,૮૦૦ | | |
| મીલીન ખાતે- (કમિશન) | ૧૪,૪૦૦ | | |
| શ્રદધા ખાતે- (કમિશન) | ૬,૦૦૦ | | |
| નફો લઈ ગયાઃ<br>મીલીન ખાતે- ૩૨,૬૨૫<br>શ્રદધા ખાતે- ૩૨,૬૨૫ | ૬૫,૨૫૦ | | |
| | ૫,૦૫,૮૦૦ | | ૫,૦૫,૮૦૦ |

ઉ. **સાહસિકોના ખાતાં** જ.

| વિગત | મીલીન (₹) | શ્રદ્ધા (₹) | વિગત | મીલીન (₹) | શ્રદ્ધા (₹) |
|---|---|---|---|---|---|
| બા.આ.લઈ ગયા. | ૨,૯૪,૩૭૫ | ૨,૮૩,૪૨૫ | સંયુકત બેંક ખાતે | ૨,૪૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ |
| | | | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | ૪,૮૦૦ | ૩,૦૦૦ |
| | | | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | ૨,૫૫૦ | ૧,૮૦૦ |
| | | | સંયુકત સાહસ ખાતે (કમિશન) | ૧૪,૪૦૦ | ૬,૦૦૦ |
| | | | સંયુકત સાહસ ખાતે (નફો) | ૩૨,૬૨૫ | ૩૨,૬૨૫ |
| | ૨,૯૪,૩૭૫ | ૨,૮૩,૪૨૫ | | ૨,૯૪,૩૭૫ | ૨,૮૩,૪૨૫ |

### તા. ૩૧-૩-૨૦૧૮ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| મીલીન- ૨,૯૪,૩૭૫<br>શ્રદ્ધા- ૨,૮૩,૪૨૫ | ૫,૭૭,૮૦૦ | સંયુકત બેંક ખાતું<br>છેવટ નો સ્ટોક | ૪,૮૦,૦૦૦<br>૯૭,૮૦૦ |
| | | એલ્યુમિનીયમ - ૭૩,૨૦૦<br>ગ્લાસ- ૨૪,૬૦૦ | |
| | **૫,૭૭,૮૦૦** | | **૫,૭૭,૮૦૦** |

નોધ ૧: એલ્યુમિનીયમ સ્ટોક (૧૬ ટન-૧૨ ટન=૪ ટન × ₹ ૧૮૦૦૦ ટન દીઠ) = ૭૨,૦૦૦
+ પ્રમણસર ખર્ચ ૧૬ ટન ૪૮૦૦
૪ ટન ? = ૧,૨૦૦
૭૩,૨૦૦

નોધ ૨: ગ્લાસ નો સ્ટોક (૧૦૦ ટન-૮૦ ટન= ૨૦ ટન × ૧૨૦૦) = ૨૪,૦૦૦
+ પ્રમાણસર ખર્ચ (૧૦૦ ટન ખર્ચ -૩૦૦૦)
(૨૦ ટન - ?) = ૬૦૦
૨૪,૬૦૦

**ઉદાહરણ ૨.** શીવ અને શક્તિ ૨:૨ ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચવાની શરતે તા. ૦૧-૦૪-૨૦૧૭ ના રોજ સંયુકત સાહસમાં જોડાયા તેમણે દરેકે ₹ ૮૦,૦૦૦ કાઢી સંયુકત બેંક ખાતામાં જમા કરાવ્યા.તા. ૩૧-૦૩-૨૦૧૮ ના સુધીના સંયુકત સાહસના વ્યવહારો નીચે મુજબ હતા.

૧. શીવે લોખંડનો ભંગાર દર ટનના ₹ ૬૦૦૦ ભાવે ૧૬ ટન ખરીદ્યો તેના ખર્ચના ₹ ૧૬૦૦ થયા.
૨. શક્તિએ રદ્દી કાગળની પસ્તી દર ટનના ₹ ૪૦૦ ના ભાવે ૧૦૦ ટન ખરીદી તેના ખર્ચના ₹ ૧૦૦૦ થયા.
૩. શીવે લોખંડનો ભંગાર ૧૨ ટન દર ટનના ₹ ૮૦૦૦ ના ભાવે વેચ્યો અને વેચાણ ખર્ચ ૮૫૦ થયા.
૪. શક્તિએ રદ્દી કાગળની પસ્તી પૈકી ૮૦ ટન દર ટનના ₹ ૫૦૦ ના ભાવે વેચી તેનો વેચણખર્ચ ૬૦૦ ₹ થયો.
૫. ખરીદ વેચાણની રકમ માટે સંયુકત બેંક ખાતાનો ઉપયોગ કરવાનો છે, જયારે જે તે સાહસિક ચૂકવવાનો છે.
૬. સાહસિકોને તેમણે કરેલા વેચાણ ઉપર ૫ % કમીશન આપવાનું છે.

તૈયાર કરો: ૧. સંયુકત સાહસ ખાતું ૩. સાહસિકોના ખાતાં
૨. સંયુકત બેંક ખાતું ૪. તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજનું પાકું સરવૈયું

**(સ.પ.યુ., એફ.વાય બીબીએ-૨૦૦૮, સુધારેલ)**

**જવાબ:**

ઉ. **સંયુકત બેંક ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શીવ ખાતે | ૮૦,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (ખરીદી) | ૯૬,૦૦૦ |
| શક્તિ ખાતે | ૮૦,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (ખરીદી) | ૪૦,૦૦૦ |
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૯૬,૦૦૦ | | |
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૪૦,૦૦૦ | બા.અ.લઈ.ગયા. | ૧,૬૦,૦૦૦ |
| | **૨,૯૬,૦૦૦** | | **૨,૯૬,૦૦૦** |

ઉ. **સંયુકત સાહસ ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુકત બેંક ખાતે (ખરીદી) (૧૬ટન × ૬૦૦૦) | ૯૬,૦૦૦ | સંયુકત બેંક ખાતે(વેચાણ)(૧૨×૮૦૦૦) | ૯૬,૦૦૦ |
| શીવ ખાતે (ખર્ચ પેટે) | ૧,૬૦૦ | સંયુકત બેંક ખાતે (૮૦ ×૫૦૦) | ૪૦,૦૦૦ |
| સંયુકત બેંક ખાતે (ખરીદી) (૪૦૦ ×૧૦૦) | ૪૦,૦૦૦ | સંયુકત સાહસ નો છેવટનો સ્ટોકઃ લોખંડ- ૪ × ૬૦૦૦ = ૨૪,૦૦૦ + પ્રમણસર ખર્ચ ૪૦૦ | ૨૪,૪૦૦ |
| શક્તિ ખાતે (ખર્ચા) | ૧,૦૦૦ | કાગળ- ૨૦×૪૦૦ = ૮૦૦૦ + પ્રમણસર ખર્ચ ૨૦૦ | ૮,૨૦૦ |
| શીવ ખાતે (વેચાણ ખર્ચા) | ૮૫૦ | | |
| શકિત ખાતે (ખર્ચા) | ૬૦૦ | | |
| શીવ ખાતે (કમિશન) | ૪,૮૦૦ | | |
| શક્તિ ખાતે (કમિશન) | ૨,૦૦૦ | | |
| નફો લઈ ગયાઃ શીવ ખાતે- ૧૦૮૭૫ શક્તિ ખાતે- ૧૦૮૭૫ | ૨૧,૭૫૦ | | |
| | ૧,૬૮,૬૦૦ | | ૧,૬૮,૬૦૦ |

ઉ. **સાહસિકોના ખાતાં** જ.

| વિગત | શીવ (₹) | શક્તિ (₹) | વિગત | શીવ (₹) | શક્તિ (₹) |
|---|---|---|---|---|---|
| બા.આ.લઈ ગયા. | ૯૮,૧૨૫ | ૯૪,૪૭૫ | સંયુકત બેંક ખાતે | ૮૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| | | | સંયુકત સાહસ ખાતે | ૧,૬૦૦ | ૧,૦૦૦ |
| | | | સંયુકત સાહસ ખાતે | ૮૫૦ | ૬૦૦ |
| | | | સંયુકત સાહસ ખાતે (કમિશન) | ૪,૮૦૦ | ૨,૦૦૦ |
| | | | સંયુકત સાહસ ખાતે (નફો) | ૧૦,૮૭૫ | ૧૦,૮૭૫ |
| | ૯૮,૧૨૫ | ૯૪,૪૭૫ | | ૯૮,૧૨૫ | ૯૪,૪૭૫ |

**તા. ૩૧-૩-૨૦૧૮ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| શીવ- ૯૮,૧૨૫ શક્તિ- ૯૪,૪૭૫ | ૧,૯૨,૬૦૦ | સંયુકત બેંક ખાતે | ૧,૬૦,૦૦૦ |
| | | છેવટનો સ્ટોકઃ | |
| | | લોખંડ | ૨૪,૪૦૦ |
| | | કાગળ | ૮,૨૦૦ |
| | ૧,૯૨,૬૦૦ | | ૧,૯૨,૬૦૦ |

નોધ ૧: લોખંડ નો આખર સ્ટોક:

કુલ સ્ટોક (૧૬ ટન -૧૨ ટન= ૪ ટન × ₹ ૬૦૦૦ ટન દીઠ) = ૨૪૦૦૦

+ પ્રમાણસર ખર્ચ ૧૬ ટન ₹ ૬૦૦

૪ ટન ? ૪૦૦

૨૪૪૦૦

નોધ ૨: કાગળ નો આખર સ્ટોક:

કુલ સ્ટોક (૧૦૦ ટન -૮૦ ટન= ૨૦ ટન × ₹ ૪૦૦ ભાવે) = ૮૦૦૦

+ પ્રમાણસર ખર્ચ ૧૦૦ ટન ૧૦૦૦

૨૦ ટન ? ૨૦૦

૮૨૦૦

**ઉદાહરણ ૩.** 'અ' અને 'બ'જમીન પ્લોટ ખરીદીને ઔદ્યોગિક વસાહત વિકસાવવાના હેતુથી સંયુકત સાહસમાં જોડાયા. તેઓએ સંયુકત બેંક ખાતું ખોલાવ્યું જેમાં અ અને બ એ અનુક્રમે ₹ ૮,૦૦,૦૦૦ અને ₹ ૪,૦૦,૦૦૦ જમા કરાવ્યાં. તેઓએ એક ચોરસ મીટર જમીનના પ્લોટના ₹ ૪૦૦ લેખે, ૨૦,૦૦૦ ચોરસ મીટર જમીન ખરીદી અને રકમ સંયુકત બેંક ખાતામાંથી ચૂકવી.

સંયુકત બેંક ખાતામાંથી નીચેની ચૂકવણી કરવામાં આવી હતી.

અ) જમીન સમતલ કરવાનો ખર્ચ ₹ ૨,૦૦,૦૦૦

બ) ઝુપડાં હટાવવાના માટે ચૂકવેલ વળતર ₹ ૧,૬૦,૦૦૦

ક) મ્યુનિસિપાલિટીના વેરા ₹ ૧,૦૦,૦૦૦

ડ) પરચુરણ ખર્ચા ₹ ૪૮,૦૦૦

'બ' એ કમ્પાઉન્ડની દિવલ ફરતે વાડ કરવાના ખર્ચના ₹ ૧,૨૦,૦૦૦ અને સ્ટેમ્પ ડયુટી તેમજ કાનુની ફી ના ₹ ૩,૨૦,૦૦૦ ચૂકવ્યા.

'અ' એ આર્કિટેકની ફીના ₹ ૮૦૦૦૦ ચૂકવ્યાં. ઈમારતી લાકડાના વેચાણની આવક ₹ ૧,૪૦,૦૦૦ થઈ હતી.

જમીનનો ૧/૫ ભાગ જાહેર રસ્તાઓ માટે અનામત રાખ્યો. જમીનને દરેક ૪૦૦ ચોરસ મીટરના એક એવા પ્લોટમાં વિભાજિત કરી વેચાણ કરવાનું નક્કી કર્યું.

જમીનના દલાલ મારફતે ૩૦ પ્લોટનું દરેક ચોરસ મીટર ₹ ૮૦૦ લેખે વેચાણ કર્યું. દલાલ ૨% લેખે ચૂકવવામાં આવી.

'અ' એ ₹ ૫,૦૦,૦૦૦ ની કુલ કિંમતે ૨ પ્લોટ રાખ્યા. બાકીના પ્લોટ દરેકના ₹ ૩,૦૦,૦૦૦ લેખે વેચી દીધા.

'અ' અને 'બ' એ સંયુકત બેંક ખાતામાં તેમણે જમા કરાવેલ રકમના પ્રમાણમાં નફો અને નુકશાન વહેંચવાનું નક્કી કર્યું.

બધા જ હિસાબો ચૂકતે થઈ ગયા છે, તેમ માનીને 'સંયુકત સાહસ ખાતું', 'સંયુકત બેંક ખાતું' અને 'સાહસિકોના ખાતાં' તૈયાર કરો.

**(સ.પ.યુ ., એફ.વાય બી.કોમ -૨૦૦૭)**

**જવાબ :**

ઉ. **સંયુકત બેંક ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| 'અ' ખાતે | ૮૦,૦૦,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (ખરીદી) (૨૦૦૦૦×૪૦૦) | ૮૦,૦૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| 'બ' ખાતે | ૪૦,૦૦,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (ખર્ચા) | ૫,૦૮,૦૦૦ |
| સંયુકત સાહસ ખાતે | ૧,૪૦,૦૦૦ | અ ખાતે- ૯૮,૬૦,૦૦૦<br>બ ખાતે- ૫૫,૮૦,૦૦૦ | ૧,૫૪,૪૦,૦૦૦ |
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૯૪,૦૮,૦૦૦ | | |
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) (૩૦૦૦૦૦×૮) | ૨૪,૦૦,૦૦૦ | | |

ઉ. **સંયુકત સાહસ ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુકત બેંક ખાતે (૨૦૦૦૦×૪૦૦) | ૮૦,૦૦,૦૦૦ | સંયુકત બેંક ખાતે (લાકડાનું વેચાણ) | ૧૪૦૦૦૦ |
| સંયુકત બેંક ખાતે (ખર્ચ) :<br>જમીન સમતલ- ૨,૦૦,૦૦૦<br>ઝુપડાં હટાવા- ૧,૬૦,૦૦૦<br>મ્યુનિસિપાલટી વેરા- ૧,૦૦,૦૦૦<br>પરચુરણ ખર્ચ- ૪૮,૦૦૦ | ૫,૦૮,૦૦૦ | સંયુકત બેંક ખાતે (વેચાણ)<br>૮૦૦૦×૩૦×૪૦૦=૯૬,૦૦,૦૦૦<br>- દલાલી (૨%)=૧૯૨૦૦૦ | ૯૪,૦૮,૦૦૦ |
| 'બ' ખાતે :<br>વાડ કરવાનો ખર્ચ- ૧૨૦૦૦૦<br>સ્ટેમ્પ ડયુટી- ૩૨૦૦૦૦ | ૪,૪૦,૦૦૦ | અ ખાતે (વેચાણ) | ૫,૦૦,૦૦૦ |
| 'અ' ખાતે : ઓડીટ ફી- ૮૦૦૦૦ | ૮૦,૦૦૦ | બ ખાતે (વેચાણ) (૮ પ્લોટ × ૩૦૦૦૦૦) | ૨૪,૦૦,૦૦૦ |
| નફો લઈ ગયા:<br>અઃ ૨૨૮૦૦૦૦<br>બઃ ૧૧૪૦૦૦૦ | ૩૪,૨૦,૦૦૦ | | |
| | ૧,૨૪,૪૮,૦૦૦ | | ૧,૨૪,૪૮,૦૦૦ |

ઉ. **સાહસિકોના ખાતાં** જ.

| વિગત | અ (₹) | બ(₹) | વિગત | અ (₹) | બ (₹) |
|---|---|---|---|---|---|
| સંયુકત સાહસ ખાતે | ૫,૦૦,૦૦૦ | | સંયુકત બેંક ખાતે | ૮૦,૦૦,૦૦૦ | ૪૦,૦૦,૦૦૦ |
| સંયુકત બેંક ખાતે | ૯૮,૬૦,૦૦૦ | ૫૫,૮૦,૦૦૦ | સંયુકત સાહસ ખાતે | - | ૪,૪૦,૦૦૦ |
| | | | સંયુકત સાહસ ખાતે | ૮૦,૦૦૦ | |
| | | | સંયુકત સાહસ ખાતે | ૨૨,૮૦,૦૦૦ | ૧૧,૪૦,૦૦૦ |
| | ૧,૦૩,૬૦,૦૦૦ | ૫૫,૮૦,૦૦૦ | | ૧,૦૩,૬૦,૦૦૦ | ૫૫,૮૦,૦૦૦ |

નોધ ૧: પ્લોટની ગણતરી

કુલ ક્ષેત્રફળ = ૨૦,૦૦૦

રોડ માટે અનામત = ૪,૦૦૦

બાકી વધેલી જગ્યા = ૧૬,૦૦૦

કુલ પ્લોટ = બાકી વધેલી જગ્યા / દરેક પલોટનું ક્ષેત્તફળ = ૧૬૦૦ / ૪૦૦ = ૪૦ પ્લોટ

ઉદાહરણ ૪. રામ અને શ્યામ ૩:૨ ના પ્રમાણે નફો નુકશાન વહેંચવાની શરતે તારીખઃ ૦૧-૦૪-૨૦૧૭ ના રોજ સંયુક્ત સાહસમાં જોડાયા બંને સહ સાહસિકોએ અનુક્રમે ₹ ૧૦,૦૦૦ અને ₹ ૧૫,૦૦૦ સંયુક્ત બેંક ખાતામાં જમા કરાવ્યા. તા. ૩૧-૦૩-૨૦૧૮ સુધીના વ્યવહારો.

૧. રામે ૧૦ ટન કાગળની પસ્તી ₹ ૮૦૦ ના ભાવે ખરીદી ખર્ચના ₹ ૧૦૦૦ થયા.

૨. શ્યામે લોખંડનો ભંગાર ૨૦ ટન ₹ ૫૦૦ ના ભાવે ખરીદ કરી ₹ ૮૦૦ ખર્ચના ચૂકવ્યા.

૩. રામે ૮ ટન કાગળની પસ્તી ₹ ૧૪૦૦ ના ભાવે વેચી ઉપજ બેંકમાં ભરી.

૪. ભાગીદારોએ તેમણે કરેલા વેચાણ ઉપર ૫ % કમિશન આપવાનું છે.

૫. શ્યામે ૧૫ ટન ભંગાર ₹ ૮૦૦ ના ભાવે વેચી ઉપજ બેંકમાં ભરી.

૬. ખરીદ-વેચાણની રકમ માટે બેંક ખાતાનો ઉપયોગ કરવાનો છે. જ્યારે ખર્ચા જે તે સાહસિકે ચૂકવવાના છે.

૭. તા. ૩૧-૦૩-૨૦૧૮ ના રોજ હિસાબો ચૂકવવાના બાકી છે તૈયાર કરો.

૧) સંયુક્ત સાહસ ખાતું.

૨) સંયુક્ત બેંક ખાતું.

૩) સાહસિકોના ખાતાં

૪) ૩૧-૦૩-૨૦૧૮ નું પાકું સરવૈયુ.

(સ.પ.યુ .,એફ.વાય બી.કોમ -૨૦૦૧, સુધારેલ)

જવાબઃ

ઉ. **સંયુક્ત બેંક ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| રામ ખાતે | ૧૦,૦૦૦ | સંયુક્ત સાહસ ખાતે (ખરીદી) | ૮,૦૦૦ |
| શ્યામ ખાતે (વેચાણ) | ૧૫,૦૦૦ | સંયુક્ત સાહસ ખાતે (ખરીદી) | ૧૦,૦૦૦ |
| સંયુક્ત સાહસ ખાતે | ૧૫,૨૦૦ | બા.આ.લઈ ગયા | ૩૦,૨૦૦ |
| સંયુક્ત સાહસ ખાતે | ૧૨,૦૦૦ | | |
| | ૪૮,૨૦૦ | | ૪૮,૨૦૦ |

ઉ. **સંયુક્ત સાહસ ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુક્ત બેંક ખાતે (ખરીદી)<br>(૧૦ ટન × ૮૦૦) | ૮,૦૦૦ | સંયુક્ત બેંક ખાતે (વેચાણ) | ૧૫,૨૦૦ |
| સંયુક્ત બેંક ખાતે (ખરીદી)<br>(૨૦ ટન × ૫૦૦) | ૧૦,૦૦૦ | સંયુક્ત બેંક ખાતે (વેચાણ) | ૧૨,૦૦૦ |
| રામ ખાતે (ખર્ચ)<br>શ્યામ ખાતે (ખર્ચ)<br>રામ ખાતે<br>શ્યામ ખાતે | ૧,૦૦૦<br>૮૦૦<br>૫૬૦<br>૬૦૦ | સંયુક્ત સાહસના સ્ટોક ખાતેઃ<br>પસ્તી- ૧૬૦૦<br>+પ. ખર્ચ- ૨૦૦ ૧૮૦૦<br>ભંગાર- ૨૫૦૦<br>+પ. ખર્ચ- ૨૦૦ ૨૭૦૦ | ૪,૫૦૦ |

| | | | |
|---|---|---|---|
| નફો લઈ ગયાઃ<br>રામ- ૪૦૪૪<br>શ્યામ- ૨૬૯૬ | ૬,૭૪૦ | | |
| | ૨૭,૭૦૦ | | ૨૭,૭૦૦ |

૭. **સાહસિકોના ખાતાં** જ.

| વિગત | રામ (₹) | શ્યામ (₹) | વિગત | રામ (₹) | શ્યામ (₹) |
|---|---|---|---|---|---|
| બા.આ.લઈ ગયા | ૧૫,૬૦૪ | ૧૯,૦૯૬ | સંયુકત બેંક ખાતે | ૧૦,૦૦૦ | ૧૫,૦૦૦ |
| | | | સંયુકત સાહસ ખાતે | ૧,૦૦૦ | ૮૦૦ |
| | | | સંયુકત સાહસ ખાતે | ૫૬૦ | ૬૦૦ |
| | | | સંયુકત સાહસ ખાતે (નફો) | ૪,૦૪૪ | ૨,૬૯૬ |
| | ૧૫,૬૦૪ | ૧૯,૦૯૬ | | ૧૫,૬૦૪ | ૧૯,૦૯૬ |

**તા. ૩૧-૩-૨૦૧૮ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | રકમ ₹ |
|---|---|---|---|
| રામ- ૧૫૬૦૪<br>શ્યામ- ૧૯૦૯૬ | ૩૪,૭૦૦ | સંયુકત સાહસ સ્ટોક | ૪,૫૦૦ |
| | | સંયુકત બેંક ખાતે | ૩૦,૨૦૦ |
| | ૩૪,૭૦૦ | | ૩૪,૭૦૦ |

**બાંધકામ અંગેનું ઉદાહરણ**

**ઉદાહરણ ૫.** વીર અને વીરુ એક કોમ્યુનિટી હોલ બાંધવાના સંયુકત સાહસમાં જોડાયા. તેઓ નફો કે નુકસાન અનુક્રમે ૫ઃ૩ ના પ્રમાણમાં વહેંચશે. તેઓએ સંયુકત સાહસ માટે સંયુકત બેન્ક ખાતું ખોલાવ્યું, જેમાં વીરે ₹ ૪,૦૦,૦૦૦ અને વીરુ એ ₹ ૩,૦૦,૦૦૦ જમા કરાવ્યા. કરાર કિંમત ₹ ૧૮,૦૦,૦૦૦ નક્કી થઈ જેમાંથી ૭૦ ટકા રકમ રોકડમાં ચૂકવવામાં આવશે અને બાકીની ૩૦ ટકા રકમ કરાર આપનારના ડિબેન્ચર્સમાં ચૂકવવામાં આવશે.

સંયુકત બેન્ક ખાતામાંથી નીચેના ખર્ચા ચૂકવવામા આવ્યા :

આર્કિટેકટ ફી ₹ ૧,૦૦,૦૦૦

માલસામાન ₹ ૭,૫૦,૦૦૦

મજૂરી ₹ ૨,૩૦,૦૦૦

વીરે ₹ ૧,૩૦,૦૦૦ ની કિંમતનો માલસામન પોતાના સ્ટોકમાંથી આપ્યો અને ₹ ૧,૨૦૦ ગાડીભાડાના ચૂકવ્યા. વીરુએ સુપરવાઇઝર તરીકે કાર્ય કરેલ છે. તેને વળતર તરીકે ₹ ૩૬,૦૦૦ ચૂકવવાના છે. કરાર પૂરો થતાં નક્કી થયા પ્રમાણે કરાર કિંમત મળી. કરાર આપનારના ડિબેન્ચર્સમાંથી ₹ ૩,૦૦,૦૦૦ ના ડિબેન્ચર્સ ૨૦ ટકાના વટાવે વેચવામાં આવ્યા અને બાકીના ડિબેન્ચર્સ વીરે અડધી કિંમતે ખરીદી લીધા.

સાહસિકોના ખાતાં સંયુકત બેન્ક ખાતામાંથી રકમ ચૂકવી બંધ કર્યાં. ઉપરોકત વિગત પરથી તૈયાર કરો.

૧. સંયુકત સાહસ ખાતું ૨. સંયુકત બેન્ક ખાતું ૩. સાહસિકોના ખાતાં

(દ.ગુ.યુનિ. એફ. વાય. માર્ચ, ૨૦૧૦)

જવાબઃ

ઉ. **સંયુક્ત સાહસ ખાતું** જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| સયુક્ત બેંક ખાતેઃ | | | સયુંકત બેંક ખાતે | ૧૨,૬૦,૦૦૦ |
| આર્કિટેક્ટ ની ફી | ૧,૦૦,૦૦૦ | | ડિબેન્ચર્સ ખાતે | ૫,૪૦,૦૦૦ |
| માલસામાન | ૭,૫૦,૦૦૦ | | | |
| મજૂરી | ૨,૩૦,૦૦૦ | ૧૦,૮૦,૦૦૦ | | |
| વીર ખાતે (માલસામાન) | | ૧,૩૦,૦૦૦ | | |
| વીર ખાતે (ખર્ચ) | | ૧,૨૦૦ | | |
| વીર ખાતે (વળતર) | | ૩૬,૦૦૦ | | |
| ડિબેન્ચર્સ ખાતે (નુકશાન) | | ૬૦,૦૦૦ | | |
| ડિબેન્ચર્સ ખાતે (નુકશાન) | | ૧,૨૦,૦૦૦ | | |
| નફો લઈ ગયાઃ | | | | |
| વીર | ૨,૩૩,૦૦૦ | | | |
| વીરુ | ૧,૩૯,૮૦૦ | ૩,૭૨,૮૦૦ | | |
| | | ૧૮,૦૦,૦૦૦ | | ૧૮,૦૦,૦૦૦ |

ઉ. **સંયુક્તબેંક ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| વીર ખાતે | ૪,૦૦,૦૦૦ | સંયુકત સાહસ ખાતે(ખર્ચ) | ૧૦,૮૦,૦૦૦ |
| વીરુ ખાતે | ૩,૦૦,૦૦૦ | વીર ખાતે | ૬,૮૦,૨૦૦ |
| સંયુકત સહાસ ખાતે(વેચાણ) | ૧૨,૬૦,૦૦૦ | વીરુ ખાતે | ૪,૩૯,૮૦૦ |
| ડિબેન્ચર્સ ખાતે | ૨,૪૦,૦૦૦ | | |
| | ૨૨,૦૦૦,૦૦ | | ૨૨,૦૦,૦૦૦ |

ઉ. **સાહસિકોના ખાતાં** જ.

| વિગત | વીર (₹) | વીરુ (₹) | વિગત | વીર (₹) | વીરુ (₹) |
|---|---|---|---|---|---|
| સંયુક્ત સાહસ ખાતે | ૧,૨૦,૦૦૦ | - | સંયુક્ત બેંક ખાતે | ૪,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| સંયુક્ત બેંક ખાતે (ચૂકતે) | ૬,૮૦,૨૦૦ | ૪,૩૯,૮૦૦ | સંયુક્ત સાહસ ખાતે (માલ) | ૧,૩૦,૦૦૦ | - |
| | | | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | ૧,૨૦૦ | - |
| | | | સંયુક્ત સાહસ ખાતે (વળતર) | ૩૬,૦૦૦ | - |
| | | | સંયુકત સાહસ ખાતે (નફો) | ૨,૩૩,૦૦૦ | ૧,૩૯,૮૦૦ |
| | ૮,૦૦,૨૦૦ | ૪,૩૯,૮૦૦ | | ૮,૦૦,૨૦૦ | ૪,૩૯,૮૦૦ |

(૨) **જ્યારે સંયુક્ત સાહસ ના હિસાબો અલગથી ન રાખવામાં આવે ત્યારેઃ**

- જ્યારે સંયુક્ત સાહસ ના હિસાબો રાખવા માટે અલગ ચોપડા નથી હોતા ત્યારે દરેક સાહસિકો પોતાના અલગ હિસાબી ચોપડામાં સંયુક્ત સાહસના હિસાબોની નોંધ કરે છે.
- સામાન્ય રીતે સાહસિકો નો પોતાનો ધંધો હોય તેના હિસાબી ચોપડા હોય જ છે. તદ્ઉપરાંત સંયુક્ત સાહસના હિસાબો લખવા માટે અલગ હિસાબી ચોપડા તૈયાર કરવામાં આવે છે.
- આદર્શ હિસાબી પધ્ધતિ પ્રમાણે સાહસિક પોતાના દરેક વ્યવહારની નોંધ અને અન્ય સાહસિકના તમામ સંયુક્ત સાહસના વ્યવહારો નોંધવા જોઈએ.
- ઘણી વખત દરેક સાહસિકો ફક્ત પોતાનાજ સંયુક્ત સાહસના સાથેના વ્યવહારો નોંધે છે. આ પધ્ધતિમાં સંયુક્ત સાહસ ખાતું (કાચું સંયુક્ત સાહસ ખાતું) બનાવવામાં આવે છે.
- કેટલીક વખત એક સાહસિકો વ્યક્તિ દ્વારા હૂંડી લખવામાં આવે છે. અને બિજા સાહસિક દ્વારા હૂંડી સ્વીકારીને વટાવવામાં આવે ત્યારે વટાવ સંયુક્ત સાહસ ખાતે ઉધારવામાં આવે છે.
  (અ) જ્યારે કોઈ એક સાહસિક હિસાબો રાખે ત્યારે.
  (બ) જ્યારે દરેક સાહસિક હિસાબો રાખે ત્યારે.

**(અ) જ્યારે કોઈ એક સહ સાહસિક હિસાબો રાખે ત્યારેઃ**

જ્યારે સંયુક્ત સાહસ મુજબ ટૂંકા સમય માટે નું હોય છે ત્યારે બંને સહ સાહસિકો દ્વારા હિસાબો રાખવામાં આવતા નથી પરંતુ તે બંને વતી એક સાહસિક સંયુક્ત સાહસના હિસાબો રાખે છે. જ્યારે કોઈ એક સાહસિક હિસાબો રાખે ત્યારે નીચે મુજબનાં ખાતાં બનાવવામાં આવે છે.

(અ) સંયુકત સાહસનું ખાતું
(બ) સાહસિકનું ખાતું

સંયુક્ત સાહસનું ખાતાનું સ્વરૂપ વેપાર ખાતા અને નફા નુકશાન ખાતા જેવું છે.

❖ નીચે મુજબ ની આમનોંધ આ પધ્ધતિ મુજબ લખવામાં આવે છે.

| તારીખ | વિગત | ખા.પા. નં. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| (૧) | અન્ય સહ સાહસિક જ્યારે ધંધામાં મૂડી લાવે ત્યારેઃ<br>રોકડ ખાતે ઉ<br>તે આપનાર સાહસિક ખાતે | | XXX<br>-- | --<br>XXXX |
| (૨) | જ્યારે સંયુક્ત સાહસ માટે માલ ખરીદવામાં આવે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ /બેંક ખાતે | | XXXX<br>-- | --<br>XXXX |
| (૩) | જ્યારે સાહસિક પોતાના ધંધામાંથી માલ પૂરો પાડે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે વેચાણ ખાતે | | XXXX<br>-- | --<br>XXXX |
| (૪) | જ્યારે સંયુક્ત સાહસના ખર્ચ ચુકવવામાં આવે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે બેંક ખાતે | | XXXX<br>-- | --<br>XXXX |
| (૫) | જ્યારે સંયુક્ત સાહસના ખર્ચ સહ સાહસિક દ્વારા ચુકવામાં આવે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે સાહસિક ખાતે | | XXXX<br>-- | --<br>XXXX |

| | | | |
|---|---|---|---|
| (૬) | જયારે સંયુક્ત સાહસ માટે વેચાણ કરવામાં આવે ત્યારેઃ<br>રોકડ /બેંક ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | XXXX<br>-- | --<br>XXXX |
| (૭) | અન્ય સાહસિક દ્વારા સંયુંકતે સાહસના માલનું વેચાણ આવે ત્યારેઃ<br>અન્ય સાહસિક ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | XXXX<br>-- | --<br>XXXX |
| (૮) | ઉધારે વેચાણ કરવામાં આવે ત્યારેઃ<br>દેવાદાર ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | XXXX<br>-- | --<br>XXXX |
| (૯) | ઉધાર વેચાણનાં નાણાં વસુલવામાં આવે ત્યારેઃ<br>રોકડ /બેંક ખાતે ઉ<br>તે દેવાદાર ખાતે | XXXX<br>-- | --<br>XXXX |
| (૧૦) | જો અન્ય સાહસિક દ્વારા નાણા વસુલવામાં આવે ત્યારેઃ<br>સાહસિક ખાતે ઉ<br>તે દેવાદાર ખાતે | XXXX<br>-- | --<br>XXXX |
| (૧૧) | જયારે સક્રિય સાહસિકને કમિશન ચૂકવવામાં આવે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે કમિશન ખાતે | XXXX<br>-- | --<br>XXXX |
| (૧૨) | આખર નો સ્ટોક લઇ જવામાં આવે ત્યારેઃ<br>ખરીદ ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | XXXX<br>-- | --<br>XXXX |
| (૧૩) | આખર નો સ્ટોક અન્ય સાહસિક દ્વારા લઇ જાય ત્યારેઃ<br>સાહસિક ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | XXXX<br>-- | --<br>XXXX |
| (૧૪) | જો સંયુકત સાહસનો આખર માલ નો સ્ટોક આગળ લઇ જવામાં આવે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ સ્ટોક ખાતે ઉ<br>તે સંયુકત સાહસ ખાતે | XXXX<br>-- | --<br>XXXX |
| (૧૫) | સંયુક્ત સાહસના નફાની વહેંચણી કરવામાં આવે ત્યારેઃ<br>સંયુકત સાહસ ખાતે ઉ<br>તે ન-નુ ખાતે<br>તે અન્ય સાહસિક ખાતે | XXXX<br>--<br>-- | --<br>XXXX |
| (૧૬) | સંયુક્ત સાહસના નુકશાન (ખોટ) ની વહેંચણી કરવામાં આવે ત્યારેઃ<br>ન-નુ ખાતે ઉ<br>અન્ય સાહસિક ખાતે ઉ | XXXX<br>XXXX | --<br>-- |

| | | | | |
|---|---|---|---|---|
| | તે સંયુક્ત સાહસ ખાતે | | -- | XXXX |
| (૧૭) | સાહસિકો વચ્ચે હિસાબોની પતાવટ કરવામાં આવે ત્યારેઃ<br>નોંધઃ- હિસાબોનાં પતાવટ વખતે સાહસિકોનાં ખાતાની જમા બાકી હોય તો, તેને રોકડ ચુકવવામાં આવે છે. | | | |
| | સાહસિક ખાતે ઉ | | XXXX | -- |
| | તે રોકડ /બેંક ખાતે | | -- | XXXX |
| | નોંધઃ-જો સાહસિકના ખાતાની ઉધાર બાકી હોય તો તેની પાસેથી રોકડની વસૂલાત કરવામાં આવે છે. | | | |
| | રોકડ /બેંક ખાતે ઉ | | XXXX | -- |
| | તે સાહસિક ખાતે | | -- | XXXX |

ઉ. **સંયુક્ત સાહસ ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| રોકડ /બેંક ખાતે (ખરીદી) | XXXX | રોકડ /બેંક ખાતે (વેચાણ) | XXXX |
| રોકડ /બેંક ખાતે (ખર્ચા) | XXXX | ખરીદ ખાતે (માલ ખરીદ્યો) | XXXX |
| અન્ય સાહસિક ખાતે | XXXX | અન્ય સાહસિક ખાતે (વેચાણ) | XXXX |
| અન્ય સાહસિક ખાતે (ખર્ચ) | XXXX | અન્ય સાહસિક ખાતે | XXXX |
| કમિશન ખાતે (વેચાણ) | XXXX | સંયુક્ત સાહસના માલ ખાતે | XXXX |
| અન્ય સાહસિક ખાતે (કમિશન) | XXXX | | |
| નફો લઈ ગયાઃ | | | |
| ન.નુ ખાતે XXXX | | | |
| અન્ય સાહસિક ખાતે XXXX | XXXX | | |
| | **XXXX** | | **XXXX** |

ઉ. **સાહસિકોના ખાતાં** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુક્ત સાહસ ખાતે (વેચાણ) | XXXX | રોકડ ખાતે | XXXX |
| રોકડ /બેંક ખાતે (ચૂકતે) | XXXX | સંયુક્ત સાહસ ખાતે (માલ) | XXXX |
| સંયુક્ત સાહસ (સ્ટોક ખરીદ્યો) | XXXX | સંયુક્ત સાહસ ખાતે (ખર્ચા) | XXXX |
| બાકી આગળ લઈ ગયા | XXXX | સંયુક્ત સાહસ ખાતે (કમિશન) | XXXX |
| | | સંયુક્ત સાહસ ખાતે (નફો) | XXXX |
| | **XXXX** | | **XXXX** |

**ઉદાહરણ ૬.** છગન અને મગન સંયુક્ત સાહસમાં જોડાયા. છગન પોતાના સ્ટોકમાંથી ₹ ૧૭,૫૦૦ માલ આપે છે. મગન ₹ ૧૦,૦૦૦ રોકડા ધંધામાં મૂડી તરીકે આપે છે. છગન ₹ ૭૫,૦૦૦ નો માલ ૫% વેપારી વટાવે ખરીદે છે અને તે અંગે નો ખર્ચ ₹ ૩૫૦૦ તે ચૂકવે છે. ₹ ૧૫,૦૦૦ નું ઉધાર વેચાણ કરે છે અને ₹ ૬૦,૦૦૦ નું રોકડેથી વેચાણ કરે છે. ઉધાર વેચાણની રકમ છગન ને ₹ ૧૪,૦૦૦ ચૂકતે હિસાબે મળી. સંયુક્ત સાહસ ધંધાનું

સંચાલન છગન કરે છે. છગને પોતાનું ₹ ૧૦૦૦ નું કમિશન કાપી બીજા સાહસિકોની રકમ ચૂકવી ધંધો બંધ કર્યો. છગનના ચાપડે જરૂરી આમનોંધ લખી અને સંયુકત સાહસનું ખાતું તથા મગનનું ખાતું તૈયાર કરો.

જવાબઃ

છગનનાં ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | ખા.પા | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| ૧ | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે વેચાણ ખાતે<br>(બા.જે. : પોતાના સ્ટોક માંથી સંયુક્ત સાહસના ધંધામાં માલ આપ્યો તેના) | | ૧૭,૫૦૦<br>- | -<br>૧૭,૫૦૦ |
| ૨ | રોકડ ખાતે ઉ<br>તે મગન ખાતે<br>(બા.જે. : સંયુકત સાહસના ધંધામાં મગન તરફથી રોકડા નાણાં મળ્યા તેના) | | ૧૦,૦૦૦<br>- | <br>૧૦,૦૦૦ |
| ૩ | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>(બા.જે. : રાશની ધંધા માં ₹ ૩૭૫૦૦ નો માલ ૫% વેપારી વટાવે ખરીધો તેના) | | ૩૫,૬૨૫<br>- | <br>૩૫,૬૨૫ |
| ૪ | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>(બા.જે. : સંયુક્ત સાહસ અંગે ના ખર્ચ ના ચૂકવ્યા) | | ૩,૫૦૦<br>- | <br>૩,૫૦૦ |
| ૫ | દેવાદાર ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે<br>(બા.જે. : ધંધામાં ઉધાર વેચાણ કર્યું તેના) | | ૧૫,૦૦૦<br>- | <br>૧૫,૦૦૦ |
| ૬ | રોકડ ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે<br>(બા.જે. : સંયુક્ત સાહસ ના ધંધામાં રોકડ વેચાણ કર્યું) | | ૬૦,૦૦૦<br>- | <br>૬૦,૦૦૦ |
| ૭ | રોકડ ખાતે ઉ<br>સંયુક્ત સાહસ ખાતે (વટાવ) (કસર) ઉ<br>તે દેવાદાર ખાતે<br>(બા.જે. : ઉધાર વેચાણની ચૂકવણી પેટે દેવાદાર પાસેથી ₹૧૦૦૦ વટાવ કાપી મળ્યા તેના) | | ૧૪,૦૦૦<br>૧,૦૦૦<br>- | <br><br>૧૫,૦૦૦ |
| ૮ | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે કમિશન ખાતે<br>(બા.જે. : કમિશનનાં નાણાં લેણાં થયા) | | ૧,૦૦૦<br>- | <br>૧,૦૦૦ |
| ૯ | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે મગન ખાતે<br>તે નફા- નુકશાન ખાતે | | ૧૬,૩૭૫<br>-<br>- | <br>૮,૧૮૭.૫<br>૮,૧૮૭.૫ |

| | | | | |
|---|---|---|---|---|
| | (બા.જે. : નફો સરખા હિસ્સે વહેંચ્યોં તેના) | | | |
| ૧૦ | મગન ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>(બા.જે. : મગનને બાકી રકમ મોકલી આપી અને હિસાબ ચૂકતે કર્યો તેના) | | ૧૮,૧૮૭.૫ | ૧૮,૧૮૭.૫ |

ઉ. **સંયુક્ત સાહસ ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| વેચાણ ખાતે (સ્ટોક) | ૧૭,૫૦૦ | રોકડ ખાતે | ૬૦,૦૦૦ |
| રોકડ ખાતે (ખરીદી) | ૩૫,૬૨૫ | દેવાદાર ખાતે (ઉધાર વેચાણ) | ૧૫,૦૦૦ |
| રોકડ ખાતે (ખર્ચા) | ૩,૫૦૦ | | |
| દેવાદાર ખાતે (વટાવ) | ૧,૦૦૦ | | |
| કમિશન ખાતે | ૧,૦૦૦ | | |
| નફો લઈ ગયા: | | | |
| ન.નુ ખાતે ૮૧૮૭.૫ | | | |
| મગન ખાતે ૮૧૮૭.૫ | ૧૬,૩૭૫ | | |
| | ૭૫,૦૦૦ | | ૭૫,૦૦૦ |

ઉ. **મગનનું ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| રોકડ ખાતે (ચૂકતે) | ૧૮,૧૮૭.૫ | રોકડ ખાતે (મૂડી) | ૧૦,૦૦૦ |
| | | સંયુક્ત સાહસ ખાતે | ૮,૧૮૭.૫ |
| | ૧૮,૧૮૭.૫ | | ૧૮,૧૮૭.૫ |

નોંધ : (૧) છગન સક્રિય સાહસિક હોય તેને નફો તથા કમિશન બંને મળશે.
(૨) સાહસિકોના નફા-નુકશાનનું પ્રમાણ આપેલ નથી માટે સરખે હિસ્સે વહેંચાશે.

**ઉદાહરણ ૭.** P, Q અને R સંયુક્ત સાહસમાં જોડાયા. P પોતાના સ્ટોકમાંથી ₹ ૧૫૦૦૦નો માલ આપે છે. Q અને R અનુક્રમે ₹ ૧૮,૦૦૦ અને ₹ ૨૪,૦૦૦ રોકડા મૂડી તરીકે આપે છે. P ₹ ૩૦,૦૦૦ નો માલ ૫% ના વેપારી વટાવે ખરીદે છે. આ અંગે તે ખર્ચના ₹ ૩૦૦૦ ચૂકવે છે. ₹ ૧૫,૦૦૦નું ઉધાર વેચાણ કરે છે. અને ₹ ૬,૦૦૦ નું રોકડ વેચાણ કરે છે. ઉધાર વેચાણની ઉઘરાણી P ને ચૂકતે હિસાબે ₹ ૧૪,૪૦૦ મળી છે. સંયુકત સાહસના ધંધાનું સંચાલન P કરે છે. P એ કમિશનના ₹ ૯૦૦ કાપી બીજા સાહસિકોની બાકી રકમ ચૂકવી ધંધો બંધ કર્યો. P ના ચોપડે જરૂરી ખાતા બનાવો.

**જવાબઃ**

**P ના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| ૧ | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે વેચાણ ખાતે<br>(બા.જે. P એ પોતાના સ્ટોકમાંથી માલ આપ્યો તેના) | | ૧૫,૦૦૦<br>- | -<br>૧૫,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨. | બેંક ખાતે ઉ<br>તે Q ખાતે<br>તે R ખાતે<br>(બા.જે.સંયુક્ત સાહસના ધંધામાં Q અને R તરફથી અનુક્રમે રોકડા ₹ ૧૮૦૦૦ અને ₹ ૨૪૦૦૦ મળ્યા તેના) | | ૪૨,૦૦૦<br>- | -<br>૧૮,૦૦૦<br>૨૪,૦૦૦ |
| ૩. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>(બા.જે. ₹ ૩૦૦૦૦ નો માલ ૫% વેપારી વટાવે વેચ્યો તેના) | | ૨૮,૫૦૦ | -<br>૨૮,૫૦૦ |
| ૪. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>(બા.જે. સંયુક્ત સાહસના ખર્ચ P એ ચુકવ્યા તેના) | | ૩,૦૦૦<br>- | -<br>૩,૦૦૦ |
| ૫. | દેવાદાર ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે<br>(બા.જે. P એ ઉધાર વેચાણ કર્યા તેના) | | ૧૫,૦૦૦<br>- | -<br>૧૫,૦૦૦ |
| ૬. | બેંક ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે<br>(બા.જે. રોકડ વેચાણ કર્યું તેના) | | ૬૦,૦૦૦ | -<br>૬૦,૦૦૦ |
| ૭. | બેંક ખાતે ઉ<br>સંયુક્ત સાહસ ખાતે (વટાવ) ઉ<br>તે દેવાદાર ખાતે<br>(બા.જે. ઉધાર વેચાણના ૬૦૦ વટાવ કાપી દેવાદાર એ હિસાબ ચુકતે કર્યા તેના) | | ૧૪,૪૦૦<br>૬૦૦ | -<br>-<br>૧૫,૦૦૦ |
| ૮. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે કમિશન ખાતે<br>(બા.જે. P ને કમિશનના ચુકવ્યા તેના) | | ૯૦૦<br>- | -<br>૯૦૦ |
| ૯. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે નફાનુકશાન ખાતે<br>તે Q ખાતે<br>તે R ખાતે<br>(બા.જે. સંયુક્ત સાહસનો નફો સરખો હિસ્સે વહેંચ્યો તેના) | | ૨૭,૦૦૦<br>-<br>-<br>- | -<br>૯,૦૦૦<br>૯,૦૦૦<br>૯,૦૦૦ |
| ૧૦. | Q ખાતે ઉ<br>R ખાતે ઉ<br>તે બેંક ખાતે<br>(બા.જે. રોકડ ચૂકવી હિસાબ ચૂકતે કર્યા તેના) | | ૨૭,૦૦૦<br>૩૩,૦૦૦ | -<br>-<br>૬૦,૦૦૦ |

**ઉ. સંયુક્ત સાહસ ખાતું જ.**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| **વેચાણ ખાતે (સ્ટોકમાંથી માલ લાવ્યા)** | **૧૫,૦૦૦** | **દેવાદાર ખાતે (ઉધાર વેચાણ)** | **૧૫,૦૦૦** |
| રોકડ ખાતે ખરીદી | ૨૮,૫૦૦ | બેંક ખાતે (રોકડ વેચાણ) | ૬૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| રોકડ ખાતે ખર્ચા | ૩,૦૦૦ | | |
| દેવાદાર ખાતે (વટાવ) | ૬૦૦ | | |
| કમિશન ખાતે | ૯૦૦ | | |
| નફો લઈ ગયાઃ | | | |
| ન.નુ. ખાતે (૧/૩) ૯,૦૦૦ | | | |
| Q ખાતે (૧/૩) ૯,૦૦૦ | | | |
| R ખાતે (૧/૩) ૯,૦૦૦ | ૨૭,૦૦૦ | | |
| | ૭૫,૦૦૦ | | ૭૫,૦૦૦ |

ઉ. **સાહસિકોનાં ખાતા** જ.

| વિગત | Q ₹ | R ₹ | વિગત | Q ₹ | R ₹ |
|---|---|---|---|---|---|
| બેંક ખાતે (હિસાબ ચુકતે) | ૨૭,૦૦૦ | ૩૩,૦૦૦ | બેંક ખાતે | ૧૮,૦૦૦ | ૨૪,૦૦૦ |
| | | | સંયુક્ત સાહસ ખાતે (નફો) | ૯,૦૦૦ | ૯,૦૦૦ |
| | ૨૭,૦૦૦ | ૩૩,૦૦૦ | | ૨૭,૦૦૦ | ૩૩,૦૦૦ |

**(બ) જ્યારે બધાજ સાહસિકો પોતાના ચોપડે હિસાબ રાખે ત્યારેઃ**

જ્યારે સંયુકત સાહસના ધંધામાં બધા જ સાહસિકો ખરીદ-વેચાણમાં ભાગ લે ત્યારે સંયુકત સાહસ હિસાબો નોંધવા માટે પોતાના સ્વતંત્ર ધંધાના ચોપડામાં જ સંયુકત સાહસના વ્યવહારો નોંધે છે. અને સંયુકત સાહસના ધંધા માટે સ્વતંત્ર ચોપડા રાખવામાં આવતા નથી.

દરેક સાહસિક સંયુકત સાહસના ધંધાના વ્યવહારો પોતાના ચોપડે કરે છે. અને તદ્‌ઉપરાંત અન્ય સાહસિક ની સંયુકત સાહસના ધંધા અંગેના લેવડ-દેવડના વ્યવહારોની પણ નોંધ કરે છે. આમ, સાહસકો ના ચોપડે મુખ્ય ખાતાંઓ (૧) સંયુકત સાહસ ખાતું (૨) અન્ય સાહસિકના ખાતા.

**આ પધ્ધતિ મુજબ હિસાબી આમનોંધ નીચે મુજબ થશેઃ**

ધારો કે A અને B બંને સંયુકત સાહસના સાહસિકો છે.

| A ના ચોપડે આમનોંધ | B ના ચોપડે આમનોંધ |
|---|---|
| ૧) જ્યારે A માલ ખરીદે ત્યારેઃ<br>સંયુકત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે | સંયુકત સાહસ ખાતે ઉ<br>તે A ખાતે |
| ૨) જ્યારે A પોતાના માલ સ્ટોકમાંથી સ્ટોક લાવે ત્યારેઃ<br>સંયુકત સાહસ ખાતે ઉ<br>તે વેચાણ ખાતે | સંયુકત સાહસ ખાતે ઉ<br>તે A ખાતે |
| ૩) જ્યારે A ખર્ચ ચુકવે ત્યારેઃ<br>સંયુકત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે | સંયુકત સાહસ ખાતે ઉ<br>તે A ખાતે |

| | |
|---|---|
| ૪) જ્યારે A વેચાણ કરે ત્યારેઃ<br>રોકડ ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | A ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે |
| ૫) જ્યારે B માલ ખરીદે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે B ખાતે | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે |
| ૬) જ્યારે B પોતાના સ્ટોકમાંથી માલ આપે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે B ખાતે | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે વેચાણ ખાતે |
| ૭) જ્યારે B ખર્ચ ચુકવે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે B ખાતે | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે |
| ૮) જ્યારે B વેચાણ કરે ત્યારેઃ<br>B ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | રોકડ/ બેંક ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે |
| ૯) જ્યારે B દ્વારા રોકડ વેચાણ અથવા ચેક આપવામાં આવે ત્યારેઃ<br>રોકડ/ બેંક ખાતે ઉ<br>તે B ખાતે | A ખાતે ઉ<br>તે રોકડ/ બેંક ખાતે |
| ૧૦) જ્યારે B ને રોકડ/ચેક આપવામાં આવે ત્યારેઃ<br>B ખાતે ઉ<br>તે રોકડ/ બેંક ખાતે | રોકડ/ બેંક ખાતે ઉ<br>તે A ખાતે |
| ૧૧) જ્યારે લેણી હુંડી B દ્વારા સ્વીકારવામાં આવે આપવામાં આવે ત્યારેઃ<br>લેણી હુંડી ખાતે ઉ<br>તે B ખાતે | A ખાતે ઉ<br>તે દેવી હુંડી ખાતે |
| ૧૨) જ્યારે હુંડીઓ A દ્વારા સ્વીકારવામાં આવે ત્યારેઃ<br>B ખાતે ઉ<br>તે દેવી હુંડી ખાતે | લેણી હુંડી ખાતે ઉ<br>તે A ખાતે |
| ૧૩) સંયુક્ત સાહસના ધંધાના નફાની વહેંચણી કરવામાં આવે ત્યારેઃ<br>સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે ન.નુ. ખાતે (પોતાનો ભાગ)<br>તે B ખાતે (અન્ય સાહસિકનો ભાગ) | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે ન.નુ. ખાતે (પોતાનો ભાગ)<br>તે A ખાતે (અન્ય સાહસિકનોભાગ) |

| | |
|---|---|
| ૧૪) જ્યારે A રોકડ મેળવે અને બાકીની રકમ ઘાલખાધ તરીકે માંડી વાળવામાં આવે ત્યારેઃ<br>રોકડ ખાતે ઉ<br>સંયુક્ત સાહસ ખાતે (ઘાલખાધ) ઉ<br>તે દેવાદાર ખાતે | A ખાતે ઉ<br>સંયુક્ત સાહસ ખાતે (ઘાલખાધ) ઉ<br>તે દેવાદાર ખાતે |
| ૧૫) જ્યારે B રોકડ મેળવે અને બાકીની રકમ ઘાલખાધ તરીકે માંડી વાળવામાં આવે ત્યારેઃ<br>B ખાતે ઉ<br>સંયુક્ત સાહસ ખાતે (ઘાલખાધ) ઉ<br>તે દેવાદાર ખાતે | રોકડ ખાતે ઉ<br>સંયુક્ત સાહસ ખાતે (ઘાલખાધ) ઉ<br>તે દેવાદાર ખાતે |
| ૧૬) જ્યારે સંયુક્ત સાહસ નાં ધંધાનો આખર સ્ટોક આગળ લઈ જવામાં આવે ત્યારેઃ<br>સંયુક્ત સાહસના સ્ટોક ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે | સંયુક્ત સાહસના સ્ટોક ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે |

નોંધ : ધ્યાનમાં રાખવાના મુદ્દા

- અગાઉ જણાવવામાં આવ્યું છે તે પ્રમાણે સંયુક્ત સાહસ ખાતું એ નફા નુકશાન ખાતા અને વેપાર ખાતા જેવું છે. એટલે જ્યારે માલ ખરીદવામાં આવે ત્યારે સંયુક્ત સાહસ ખાતું ઉધાર થાય તથા જ્યારે ખર્ચ કરવામાં આવે ત્યારે પણ સંયુક્ત સાહસ ખાતું ઉધાર થશે.
- સાહસિકો વચ્ચે થયેલી રોકડ કે હુંડીના વ્યવહારો સંયુક્ત સાહસ ખાતે નોંધવામાં આવશે નહિ પરંતુ હુંડી જો વટાવવામાં આવે તો વટાવ સંયુક્ત સાહસ ખાતામાં નોંધવામાં આવે છે. અને દરેક સાહસિકેના ચોપડામાં સંયુક્ત સાહસ ખાતામાં સરખી જ રકમ નોંધવામાં આવશે. એટલે દરેક સાહસિકનો સંયુક્ત સાહસ ખાતાનો સરવાળો, ઉધાર બાકી અથવા જમા બાકી સરખી જ આવશે.
- એક સાહસિકના ચોપડે બીજા સાહસિકનું ખાતું ખોલવામાં આવતું હોવાથી સાહસિકના ખાતાની સરખી બાકી હશે નહિ. કારણ કે સાહસિકના વ્યવહારો સરખા હશે નહિ.

**૩.૭ બંને સાહસિકો જ્યારે સંયુક્ત સાહસ ખાતું અને અન્ય સાહસિકોનું ખાતું પોતાના ચોપડે હિસાબમાં રાખે ત્યારેઃ**

**ઉદાહરણ ૮.** કૃણાલ ₹ ૧,૨૫,૦૦૦ માલ ખરીદ્યો અને તેના પર નૂર અને અન્ય ખર્ચા પેટે ₹ ૫,૦૦૦ ચૂકવ્યા, કમલેશે ₹ ૪૦,૦૦૦નો માલ પોતાના અંગત સ્ટોકમાંથી આપ્યો અને લારી ભાડું ₹ ૧,૦૦૦ ચુકવ્યું. કમલેશે કુલ ૧,૩૦,૦૦૦ના માલનું વેચાણ કર્યુ અને કમિશન પેટે ₹ ૩,૦૦૦ ચુકવ્યા. કૃણાલે ગોડાઉન (વખાર) ભાડું અને અન્ય પરચૂરણના ₹ ૨,૦૦૦ ચૂકવ્યા. કૃણાલે બાકીનો માલ ₹ ૬૫,૦૦૦માં વેચ્યો અને ગાડીભાડાનાં ₹ ૫,૦૦૦ રોકડા આપ્યા. ઉપરોક્ત વ્યવહારો નોંધવા બંને સાહસિકોના ચોપડામાં આમનોંધ લખો અને ખાતાં બનાવો.

જવાબઃ

**કૃણાલનાં ચોપડામાં આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે (બેંક ખાતે )<br>(બા.જે. સંયુક્ત સાહસના ધંધાનો માલ ખરીદ્યો તેના) | | ૧,૨૫,૦૦૦<br>- | -<br>૧,૨૫,૦૦૦ |
| ૨. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>(બા.જે. માલ ખરીદ્યો તેની પાછળ નૂર અને અન્ય ખર્ચના ચૂકવ્યા તેના) | | ૫,૦૦૦<br>- | -<br>૫,૦૦૦ |
| ૩. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે કમલેશ ખાતે<br>(બા.જે. સંયુક્ત સાહસના ધંધામાં કમલેશે પોતાના અંગત સ્ટોકમાંથી માલ આપ્યો તેના) | | ૪૦,૦૦૦<br>- | -<br>૪૦,૦૦૦ |
| ૪. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે કમલેશ ખાતે<br>(બા.જે. લારી ભાડાના કમલેશે ચૂકવ્યા તેના) | | ૧,૦૦૦<br>- | -<br>૧,૦૦૦ |
| ૫. | કમલેશ ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે<br>(બા.જે. કમલેશે કેટલોક માલ વેચ્યો તેના) | | ૧,૩૦,૦૦૦<br>- | -<br>૧,૩૦,૦૦૦ |
| ૬. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે કમલેશ ખાતે<br>(બા.જે. સંયુક્ત સાહસના ધંધામાં વેચાણ માટે કમિશનના કમલેશે ચૂકવ્યા તેના) | | ૩,૦૦૦<br>- | -<br>૩,૦૦૦ |
| ૭. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>(બા.જે. સંયુક્ત સાહસના ધંધાનું (વખાર) ભાડું અને અન્ય પરચુરણ ખર્ચના ચૂકવ્યાતેના) | | ૨,૦૦૦<br>- | -<br>૨,૦૦૦ |
| ૮. | બેંક ખાતે (રોકડ ખાતે) ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે ઉ<br>(બા.જે. વધેલા માલનું વેચાણ કર્યું તેના) | | ૬૫,૦૦૦<br>- | -<br>૬૫,૦૦૦ |
| ૯. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>(બા.જે. માલ વેચાણ માટે ગાડી ભાડાના રોકડા ચુકવ્યા તેના) | | ૫,૦૦૦<br>- | -<br>૫,૦૦૦ |
| ૧૦. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે નફા-નુકશાન ખાતે<br>તે કમલેશ ખાતે<br>(બા.જે. સંયુક્ત સાહસના ધંધાના નફાની સરખે હિસ્સે ફાળવણી કરી તેના) | | ૧૫,૦૦૦<br>-<br>- | -<br>૭,૫૦૦<br>૭,૫૦૦ |

## કૃણાલના ચોપડા (ખાતાવહી)માં

ઉ. **સંયુક્ત સાહસ ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| રોકડ ખાતે/બેંક ખાતે (માલની ખરીદી) | ૧,૨૫,૦૦૦ | કમલેશ ખાતે | ૧,૩૦,૦૦૦ |
| રોકડ ખાતે (ખર્ચ) | ૫,૦૦૦ | રોકડ/બેંક ખાતે (માલનું વેચાણ) | ૬૫,૦૦૦ |
| કમલેશ ખાતે (માલ મોકલ્યો) | ૪૦,૦૦૦ | | |
| કમલેશ ખાતે (ખર્ચ પેટે) | ૧,૦૦૦ | | |
| કમલેશ ખાતે (કમિશન) | ૩,૦૦૦ | | |
| રોકડ ખાતે (ખર્ચ પેટે) | ૨,૦૦૦ | | |
| રોકડ ખાતે (ખર્ચ પેટે) | ૪,૦૦૦ | | |
| નફો લઈ ગયા | | | |
| નફા નુકશાન ખાતે ૭,૫૦૦ | | | |
| કમલેશ ખાતે <u>૭,૫૦૦</u> | ૧૫,૦૦૦ | | |
| | ૧,૯૫,૦૦૦ | | ૧,૯૫,૦૦૦ |

ઉ. **કમલેશ ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુક્ત સાહસ ખાતે (વેચેલમાલ) | ૧,૩૦,૦૦૦ | સંયુક્ત સાહસ ખાતે - માલ આપેલ | ૪૦,૦૦૦ |
| | | સંયુક્ત સાહસ ખાતે - (ખર્ચ પેટે) | ૧,૦૦૦ |
| | | સંયુક્ત સાહસ ખાતે - (કમિશન પેટે) | ૩,૦૦૦ |
| | | સંયુક્ત સાહસ ખાતે - (નફો) | ૭,૫૦૦ |
| | | બાકી આગળ લઈ ગયા | ૭૮,૫૦૦ |
| | ૧,૩૦,૦૦૦ | | ૧,૩૦,૦૦૦ |

## કમલેશના ચોપડામાં આમનોંધ

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે કૃણાલ ખાતે<br>(બા.જે. કૃણાલે સંયુક્ત સાહસના ધંધામાટે ₹૧૨૫૦૦૦નો માલ ખરીદ્યો તેના) | | ૧,૨૫,૦૦૦<br>- | -<br>૧,૨૫,૦૦૦ |
| ૨. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે કૃણાલ ખાતે<br>(બા.જે.કૃણાલ માલખરીદી કરતા નૂર અને અન્ય ખર્ચ ચૂકવ્યા તેના) | | ૫,૦૦૦<br>- | -<br>૫,૦૦૦ |
| ૩. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે વેચાણ ખાતે<br>(બા.જે.અંગત સ્ટોકમાંથી સંયુક્ત સાહસના ધંધામાટે માલ આપ્યો તેના) | | ૪૦,૦૦૦<br>- | -<br>૪૦,૦૦૦ |
| ૪. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>(બા.જે.લારી ભાડું રોકડેથી ચુકવ્યું તેના) | | ૧૦,૦૦૦<br>- | -<br>૧૦,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫. | બેંક/રોકડ ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે<br>(બા.જે.સંયુક્ત સાહસના ધંધાના માલનું વેચાણ કર્યુ તેના) | | ૧,૩૦,૦૦૦<br>- | -<br>૧,૩૦,૦૦૦ |
| ૬. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>(બા.જે.વેચાણ કરવા પાછળ કમિશન રોકડેથી ચુકવ્યું તેના) | | ૩,૦૦૦<br>- | -<br>૩,૦૦૦ |
| ૭. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે કૃણાલ ખાતે<br>(બા.જે.ગોડાઉન ભાડું અને અન્ય પરચુંરણ ખર્ચ કૃણાલે રોકડેથી ચુકવ્યો તેના) | | ૨૦,૦૦૦<br>- | -<br>૨૦,૦૦૦ |
| ૮. | કૃણાલ ખાતે ઉ<br>તે સંયુક્ત સાહસ ખાતે<br>(બા.જે. કૃણાલે વધેલા માલનું વેચાણ કર્યુ તેના) | | ૬૫,૦૦૦<br>- | -<br>૬૫,૦૦૦ |
| ૯. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે કૃણાલ ખાતે<br>(બા.જે. માલ વેચાણમાટે ગાડા ભાડામા ₹ ૫૦૦૦ કૃણાલે ચુકવ્યા તેના) | | ૫,૦૦૦<br>- | -<br>૫,૦૦૦ |
| ૧૦. | સંયુક્ત સાહસ ખાતે ઉ<br>તે નફા નુકશાન ખાતે<br>તે કૃણાલ ખાતે<br>(બા.જે. સંયુક્ત સાહસના ધંધાની સરખે હિસ્સે ફાળવણી કરી તેના) | | ૧૫,૦૦૦<br>-<br>- | -<br>૭,૫૦૦<br>૭,૫૦૦ |

## કમલેશના ચોપડા (ખાતાવહી)માં

ઉ. **સંયુક્ત સાહસ ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| કૃણાલ ખાતે (માલ માલ મોકલેલ) | ૧,૨૫,૦૦૦ | બેંક રોકડ ખાતે (માલનું વેચાણ) | ૧,૩૦,૦૦૦ |
| કૃણાલ ખાતે (ખર્ચ પેટે) | ૫,૦૦૦ | કૃણાલ ખાતે (વેચાણ) | ૬૫,૦૦૦ |
| વેચાણ ખાતે (અંગત સ્ટોક્માંથી માલ આપ્યો) | ૪૦,૦૦૦ | | |
| રોકડ ખાતે (ખર્ચ પેટે) | ૧,૦૦૦ | | |
| રોકડ ખાતે (કમિશન પેટે) | ૩,૦૦૦ | | |
| કૃણાલ ખાતે (ખર્ચ પેટે) | ૨,૦૦૦ | | |
| કૃણાલ ખાતે (ખર્ચ પેટે) | ૪,૦૦૦ | | |
| નફો લઈ ગયાઃ | | | |
| ન.નુ. ખાતે ૭૫૦૦ | | | |
| કૃણાલ ખાતે ૭૫૦૦ | ૧૫,૦૦૦ | | |
| | ૧,૯૫,૦૦૦ | | ૧,૯૫,૦૦૦ |

ઉ. **કૃણાલ નું ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૬૫,૦૦૦ | સંયુકત સાહસ ખાતે - માલ મોકલ્યો | ૧૨,૫૦૦ |
| બા.આ.લઇ ગયા. | ૭૮,૫૦૦ | સંયુકત સાહસ ખાતે - (ખર્ચ પેટે) | ૫,૦૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે - (ખર્ચ પેટે) | ૨,૦૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે - (ખર્ચ પેટે) | ૪,૦૦૦ |
| | | ન - નું ખાતે | ૭,૫૦૦ |
| | **૧,૪૩,૫૦૦** | | **૧,૪૩,૫૦૦** |

ખાસનોંધ:
સયુંકત સાહસનો ધંધો બંધ કર્યા ત્યારે રૂ.૭૮,૫૦૦ કમલેશ એ કૃણાલ ને ચૂકવવાના બાકી હતા. જે “ બાકી આગળ લઇ ગયા ” તરીકે દર્શાવેલ છે.

**આખરમાલ સ્ટોક સાહસિક લઇ જાય ત્યારે:**

**ઉદાહરણ ૯.** ક્ષ અને ય ૩:૨ પ્રમાણે નફો-ખોટ વહેંચવા સંયુક્ત સાહસમા જોડાયા ક્ષ એ ₹ ૧૦,૦૦૦ ની કિંમતનો માલ સાહસમાં આપ્યો અને ખર્ચ ₹ ૧,૦૦૦ થયો. ય એ પણ ₹ ૮,૦૦૦ નો માલ આપ્યો તથા ₹ ૫૦૦ ખર્ચ ચુકવ્યો.

ક્ષ અને ય સાહસ વતી અનુક્રમે ₹ ૧૬,૦૦૦ અને ₹ ૧૨,૦૦૦ નો માલ વેચ્યો.

તેમણે કરેલા વેચાણ પર ૧૦ ટકા લેખે તેઓ કમિશન લેવા હક્કદાર છે.

₹ ૧,૦૦૦ ની કિંમતનો નહી વેચાયેલો માલ તે બન્નેએ નફા-ખોટના પ્રમાણમાં લઇ લીધો.

ક્ષ ના ચોપડે સંયુકત સાહસ ખાતું અને ય નું ખાતું તથા ય ના ચોપડે સંયુકત સાહસ ખાતું અને ક્ષ નું ખાતું દર્શાવો.

**(સ.પ.યુ., એફ.વાય બી.કોમ એપ્રિલ-૨૦૦૫)**

જવાબ:

**ક્ષ ની ખાતાવહી**

ઉ. **સંયુકત સાહસ ખાતું** જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| વેચાણ ખાતે (માલ મોકલ્યો) | | ૧૦,૦૦૦ | બેંક ખાતે /રોકડ ખાતે (વેચાણ) | ૧૬,૦૦૦ |
| બેંક ખાતે / રોકડ ખાતે | | ૧,૦૦૦ | ય ખાતે (વેચાણ) | ૧૨,૦૦૦ |
| ય ખાતે (માલ માકલ્યો) | | ૮,૦૦૦ | ખરીદ ખાતે (સ્ટોક) | ૬૦૦ |
| ય ખાતે (ખર્ચ પેટે) | | ૫૦૦ | ય ખાતે (સ્ટોક) | ૪૦૦ |
| (કમિશન ખાતે) રોકડ ખાતે | | ૧,૦૦૦ | | |
| ય ખાતે (કમિશન) | | ૧,૨૦૦ | | |
| નફો લઇ ગયા | | | | |
| નફા નુકશાન ખાતે | ૪,૦૨૦ | | | |
| ય ખાતે | ૨,૬૮૦ | ૬,૭૦૦ | | |
| | | **૨૯,૦૦૦** | | **૨૯,૦૦૦** |

ઉ. **ય નું ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૧૨,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (માલ) | ૮,૦૦૦ |
| સંયુકત સાહસ ખાતે (સ્ટોક) | ૪૦૦ | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | ૫૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે (કમિશન) | ૧,૨૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે (નફો) | ૨,૬૮૦ |
| | | બેંક ખાતે | ૨૦ |
| | **૧૨,૪૦૦** | | **૧૨,૪૦૦** |

**ય ની ખાતાવહીમાં**

ઉ. **સંયુકત સાહસ ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| ક્ષ ખાતે (માલ માકલવો) | ૧૦,૦૦૦ | ક્ષ ખાતે (વેચાણ) | ૧૬,૦૦૦ |
| ક્ષ ખાતે (ખર્ચ) | ૧,૦૦૦ | રોકડ ખાતે / બેંક ખાતે (વેચાણ) | ૧૨,૦૦૦ |
| વેચાણ ખાતે (માલ માકલવો) | ૮,૦૦૦ | ક્ષ ખાતે (સ્ટોક) | ૬૦૦ |
| રાકડ ખાતે | ૫૦૦ | ખરીદ ખાતે (સ્ટોક) | ૪૦૦ |
| ક્ષ ખાતે (કમિશન) | ૧,૬૦૦ | | |
| રોકડ ખાતે (કમિશન) | ૧,૨૦૦ | | |
| નફો લઈ ગયા | | | |
| ન - નું ખાતે ૨૬૮૦ | | | |
| ક્ષ ખાતે <u>૪૦૨૦</u> | ૬૭૦૦ | | |
| | **૨૯,૦૦૦** | | **૨૯,૦૦૦** |

ઉ. **ક્ષ નું ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૧૬,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (માલ આપ્યો) | ૧૦,૦૦૦ |
| સંયુકત સાહસ ખાતે (માલ સ્ટોક) | ૬૦૦ | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | ૧૦૦૦ |
| બેંક ખાત (રોકડ ખાતે) (ચુકતે) | ૨૦ | સંયુકત સાહસ ખાતે (કમિશન) | ૧૬૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે (નફો) | ૪૦૨૦ |
| | **૧૬,૬૨૦** | | **૧૬,૬૨૦** |

**નોંધઃ કમિશન ગણતરીઃ**

ક્ષ નું કમિશન = ૧૬,૦૦૦ નું વેચાણ × ૧૦ % = ૧૬૦૦

ય નું કમિશન = ૧૨,૦૦૦ નું વેચાણ × ૧૦ % = ૧૨૦૦

**નોંધઃ આખરસ્ટોક ની ગણતરીઃ**

આખરસ્ટોક કુલ ૧૦૦૦ રૂ નો (૩ :૨ માં વહેચાશે)

(૩) ક્ષ     ય (૨)

રૂ.૬૦૦     ₹૪૦૦

ઉદાહરણ ૧૦. 'અ' અને 'બ' જૂનો માલ સામાન વેચવાના સંયુક્ત સાહસમાં જોડાયા તેઓ નફો નુકશાન સરખા હિસ્સે વહેંચશે ₹ ૬,૦૦૦ નો માલસામન ખરીદ્યો જેની ચૂકવણી 'અ' એ કરી. તેણે 'બ' પર બે માસ ની મુદતની ₹ ૪૦,૦૦૦ ની હૂંડી લખી, હૂંડી ₹ ૩૨૦ ના વટાવે વટાવી.

સંયુક્ત સાહસને લગતા વ્યવહારોની વિગતો :

(૧) 'અ' એ ભાડૂ ₹ ૪૦૦, વેચાણ કમીશન ₹ ૧૨૦૦ અને મુસાફરી ખર્ચ ₹ ૨૦૦ ચૂકવ્યા.

(૨) 'બ' એ મુસાફરી ખર્ચ ₹ ૧૬૦, પરચૂરણ ખર્ચ ₹ ૨૪૦ ચૂકવ્યા.

(૩) 'અ' એ ₹ ૪૨,૮૦૦ની કિમતે માલનું વેચાણ કર્યું, પરંતુ નુકશાનીવાળા માલ અંગે ₹ ૮૦૦ વળતર આપ્યું.

(૪) 'બ' એ ₹ ૩૦,૦૦૦ ની કિમતે માલનું વેચાણ કયું.

બાકી નો માલ ₹ ૨,૪૦૦ અને ₹ ૩,૬૦૦ ની કિમતે અનુક્રમે 'અ' અને 'બ' એ લઇ લીધો આ માલ મૂળકિંમત વત્તા કુલ વેચાણ પરે કાચાનફાના દર સહિત આંકેલ છે.

તમારે સંયુકત સાહસ ખાતું અને બન્ને પક્ષકારોના ચોપડે સાહસિકોના ખાતાં તૈયાર કરવાના છે.

(સ.પ.યુ., એફ વાય બી.કોમ -૨૦૦૪)

જવાબઃ

અ ના ચોપડામાં (અ ની ખાતાવહીમાં)

ઉ. સંયુકત સાહસ ખાતું જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| રોકડ ખાતે (ખરીદી) | | ૬૦,૦૦૦ | રોકડ ખાતે/બેંક ખાતે (વેચાણ) | ૪૨૮૦૦ | |
| લેણી હૂંડી (વટાવ) ખાતે | | ૩૨૦ | - વળતર | ૮૦૦ | ૪૨,૦૦૦ |
| રોકડ ખાતે | | | બ ખાતે (વેચાણ) | | ૩૦,૦૦૦ |
| ગાડા ભાડું | ૪૦૦ | | ખરીદ ખાતે | | ૩,૨૦૦ |
| કમિશન | ૧૨૦૦ | | બ ખાતે | | ૪,૮૦૦ |
| મુસાફરી ખર્ચ | ૨૦૦ | ૧,૮૦૦ | | | |
| બ ખાતે | | | | | |
| મુસાફરી ખર્ચ | ૧૬૦ | | | | |
| પરચૂર્ણ ખર્ચ | ૨૪૦ | ૪૦૦ | | | |
| નફો લઈ ગયા | | | | | |
| ન.નુ ખાતે | ૮૭૪૦ | | | | |
| બ ખાતે | ૮૭૪૦ | ૧૭,૪૮૦ | | | |
| | | ૮૦,૦૦૦ | | | ૮૦,૦૦૦ |

ઉ. બ નું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૩૦,૦૦૦ | લેણી હૂંડી ખાતે | ૪૦,૦૦૦ |
| સંયુકત સાહસ ખાતે (સ્ટોક) | ૪,૮૦૦ | સંયુકત સાહસ ખાતે (મુસાફરી ખર્ચ) | ૧૬૦ |
| | | સંયુકત સાહસ ખાતે (પરચૂર્ણ ખર્ચ) | ૨૪૦ |
| બાકી આગળ લઇ ગયા | ૧૪,૩૪૦ | સંયુકત સાહસ ખાતે (નફો) | ૮,૭૪૦ |
| | ૪૯,૧૪૦ | | ૪૯,૧૪૦ |

## બ ની ખાતાવહી માં (બ ના ચોપડા માં)

ઉ. **સંયુકત સાહસ ખાતું** જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| અ ખાતે (ખરીદી) | | ૬૦,૦૦૦ | અ ખાતે (વેચાણ) | ૪૨,૦૦૦ |
| અ ખાતે (વટાવ) | | ૩૨૦ | રોકડ ખાતે (વેચાણ) | ૩૦,૦૦૦ |
| અ ખાતેઃ | | | અ ખાતે (માલસ્ટોક) | ૩,૨૦૦ |
| ગાડા ભાડું | ૪૦૦ | | ખરીદ ખાતે (માલસ્ટોક) | ૪,૮૦૦ |
| કમિશન | ૧,૨૦૦ | | | |
| મુસાફરી ખર્ચ | ૨૦૦ | ૧,૮૦૦ | | |
| રોકડ ખાતેઃ | | | | |
| મુસાફરી ખર્ચ | ૧૬૦ | | | |
| પરચૂર્ણ ખર્ચ | ૨૪૦ | ૪૦૦ | | |
| નફો લઈ ગયાઃ | | | | |
| ન.નુ ખાતે | ૮,૭૪૦ | | | |
| અ ખાતે | ૮,૭૪૦ | ૧૭,૪૮૦ | | |
| | | ૮૦,૦૦૦ | | ૮૦,૦૦૦ |

ઉ. **અ નું ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|
| દેવીહૂંડી ખાતે | ૪૦,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (ખરીદી) | | ૬૦,૦૦૦ |
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૪૨,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (વટાવ) | | ૩૨૦ |
| સંયુકત સાહસ ખાતે (આખર સ્ટોક) | ૩,૨૦૦ | સંયુકત સાહસ ખાતેઃ | | |
| | | ગાડા ભાડું | ૪૦૦ | |
| | | કમિશન | ૧,૨૦૦ | |
| | | મુસાફરી ખર્ચ | ૨૦૦ | ૧,૮૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે (નફો) | | ૮,૭૪૦ |
| | | બા.આ.લઇ ગયા | | ૧૪,૩૪૦ |
| | ૮૫,૨૦૦ | | | ૮૫,૨૦૦ |

નોંધઃ અ અને બ એ લીધેલ આખરસ્ટોક ની કિંમત. (પડતર + વેચાણ પર નફો)

Step :- ૧ . વેચેલ માલની પડતરઃ

| | | |
|---|---|---|
| કુલ ખરીદી | | ૬૦,૦૦૦ |
| - નહી વહેચાયલ માલ | | |
| અ | ૨,૪૦૦ | |
| બ | ૩,૬૦૦ | ૬,૦૦૦ |
| વેચેલ માલની પડતર | | ૫૪,૦૦૦ |

Step :- ૨ . કાચો નફોઃ

| | |
|---|---|
| વેચાણ (૪૨,૦૦૦ અ દ્વારા +૩૦,૦૦૦ બ દ્વારા ) | = ૭૨,૦૦૦ |
| - વેચેલ માલની પડતર (Step :- ૧) | = ૫૪,૦૦૦ |
| કાચો નફો | ૧૮,૦૦૦ |

Step:- ૩. માલની કિંમતઃ

અ ની

| | | | |
|---|---|---|---|
| પડતર | ⟶ | નફો | |
| ૫૪,૦૦૦ | ⟶ | ૧૮,૦૦૦ | |
| ૨,૪૦૦ | ⟶ | ? | = ૮૦૦ |

પડતર + નફો = માલની પડતર

૨,૪૦૦ + ૮૦૦ = ૩૨૦૦ માલની પડતર

બ ની

| | | | |
|---|---|---|---|
| પડતર | ⟶ | નફો | |
| ૫૪,૦૦૦ | ⟶ | ૧૮,૦૦૦ | |
| ૩,૬૦૦ | ⟶ | ? | = ૧,૨૦૦ |

પડતર + નફો = માલની પડતર

૩,૬૦૦ + ૧,૨૦૦ = ૪,૮૦૦

**ઉદાહરણ ૧૧.** સંજય અને વિરલ એક કંપનીનાં ₹૧૦ નાં એક એવા ૫૧,૦૦૦ શેર સરભર કિંમતે ભરવાની ગેરંટી આપવા સંયુકત સાહસમાં જોડાયા. તેમણે ૫ : ૪ ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચી લેવાનું ઠરાવ્યું. વહેંચણી સુધીના બધા ખર્ચ પણ તેમને ભોગવવાનું સ્વીકાર્યુ. જેના બદલામાં કંપની એ ₹ ૧૦ નો એક એવા બીજા ૬૯૦૦ શેર પૂરેપૂરા ભરપાઇ થયેલા તરીકે આપવાનું સ્વીકાયું.

સંજયે નીચેના ખર્ચા અંગે રોકડા નાણાં આપ્યાઃ

| | |
|---|---|
| નોંધણી ફી | ₹ ૩૬,૦૦૦ |
| જાહેરાત ખર્ચ | ₹ ૬,૦૦૦ |
| છપામણી અને સ્ટેશનરી | ₹ ૧,૮૦૦ |

વિરલે નીચેના અન્ય ખર્ચા માટે રોકડ પૂરી પાડી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઓફિસભાડું | ₹ | ૨,૭૦૦ | પોસ્ટેજ | ₹ | ૩૦૦ |
| સ્ટાફનો પગાર | ₹ | ૧,૫૦૦ | પરચૂરણ ખર્ચ | ₹ | ૧૮૬ |
| | | | સોલિસિટરની ફી | ₹ | ૧,૨૦૦ |

૫૧,૦૦૦ શેર ની અરજીઓમાં ૨,૧૦૦ શેરની અરજી ઓછી મળી. વિરલે સંયુકત સાહસ પેટે આ શેર ખરીદી લેવા જરૂરી રોકડ પૂરી પાડી. વળી, કંપની એ નક્કી કર્યા મુજબ મહેનતાણા પેટે ૬,૯૦૦ શેર તેમને આપ્યા. સંજય અને વિરલ બધા શેર, શેરદીઠ ₹ ૯ ની કિંમતે વેચ્યા. ૬,૦૦૦ શેર ની ઉપજ સંજયને મળી અને બાકીના શેરની ઉપજ વિરલને મળી.

તૈયાર કરો :

(અ) સંજયનાં ચોપડે — (૧) સંયુક્ત સાહસ ખાતું
(૨) વિરલનું ખાતું

(બ) વિરલના ચોપડે — (૧) સંયુક્ત સાહસ ખાતું
(૨) સંજયનું ખાતું

**(સ.પ.યુ., એફ.વાય બી.કોમ -૨૦૦૩)**

જવાબ :

## સંજયનાં ચોપડા (ખાતાવહી)માં

ઉ. **સંયુક્ત સાહસ ખાતું** જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| રોકડ ખાતે (ખર્ચા): | | | રોકડ ખાતે (વેચાણ)<br>(૬,૦૦૦ શેર × ₹ ૯ લેખે) | ૫૪,૦૦૦ |
| નોંધણી ફી | ૩,૬૦૦ | | વિરલ ખાતે (વેચાણ)<br>(૩,૦૦૦ શેર × ₹ ૯ લેખે) | ૨૭,૦૦૦ |
| જાહેરાત ખર્ચ | ૬,૦૦૦ | | | |
| છપામણી અને સ્ટેશનરી | ૧,૮૦૦ | ૧૧,૪૦૦ | | |
| વિરલ ખાતે (ખર્ચા): | | | | |
| ઓફિસભાડું | ૨,૭૦૦ | | | |
| સ્ટાફનો પગાર | ૧૫,૦૦ | | | |
| પોસ્ટેજ | ૩૦૦ | | | |
| પરચૂરણ ખર્ચ | ૧૮૬ | | | |
| સોલિસિટરની ફી | ૧,૨૦૦ | ૫,૮૮૬ | | |
| વિરલ ખાતે (ખરીદી) ૨,૧૦૦ × ૧૦ | | ૨૧,૦૦૦ | | |
| નફો લઈ ગયાઃ | | | | |
| ન.નુ ખાતે (૫/૯) | = ૨૩,૭૩૦ | | | |
| વિરલ ખાતે (૪/૯) | = ૧૮,૯૮૪ | ૪૨,૭૧૪ | | |
| | | ૮૧,૦૦૦ | | ૮૧,૦૦૦ |

ઉ. **વિરલનું ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૨૭,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (ખર્ચા) | | |
| રોકડ ખાતે (?) | ૧૮,૮૭૦ | ઓફિસભાડું | ૨૭૦૦ | |
| | | સ્ટાફનો પગાર | ૧૫૦૦ | |
| | | પોસ્ટેજ | ૩૦૦ | |
| | | પરચૂરણ ખર્ચ | ૧૮૬ | |
| | | સોલિસિટરની ફી | ૧૨૦૦ | ૫,૮૮૬ |
| | | સંયુકત સાહસ ખાતે (ખરીદી) | | ૨૧,૦૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે (નફો) | | ૧૮,૯૮૪ |
| | ૪૫,૮૭૦ | | | ૪૫,૮૭૦ |

## વિરલની ખાતાવહીમાં (વિરલના ચોપડે)

ઉ. **સંયુક્ત સાહસ ખાતું** જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| સંજય ખાતે (ખર્ચા): | | | સંજય ખાતે (વેચાણ) | ૫૪,૦૦૦ |
| નોંધણી ફી | ૩,૬૦૦ | | રોકડ ખાતે /બેંક ખાતે (વેચાણ) | ૨૭,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| જાહેરાત ખર્ચ | ૬,૦૦૦ | | | |
| છપામણી અને સ્ટેશનરી | ૧,૮૦૦ | ૧૧,૪૦૦ | | |
| રોકડ ખાતે ખર્ચ | | | | |
| ઓફિસભાડું | ૨,૭૦૦ | | | |
| સ્ટાફનો પગાર | ૧,૫૦૦ | | | |
| પોસ્ટેજ | ૩૦૦ | | | |
| પરચૂરણ ખર્ચ | ૧૮૬ | | | |
| સોલિસિટરની ફી | ૧,૨૦૦ | ૫,૮૮૬ | | |
| રોકડ ખાતે (ખરીદી) | | ૨૧,૦૦૦ | | |
| નફો લઈ ગયા: | | | | |
| સંજય ખાતે (૫/૯) | = ૨૩,૭૩૦ | | | |
| ન.નુ ખાતે (૪/૯) | = ૧૮,૯૮૪ | ૪૨,૭૧૪ | | |
| | | ૮૧,૦૦૦ | | ૮૧,૦૦૦ |

**ઉ.** **સંજય નું ખાતું** **જ.**

| વિગત | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૫૪,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | | |
| | | નોંધણી ફી | ૩,૬૦૦ | |
| | | જાહેરાત ખર્ચ | ૬,૦૦૦ | |
| | | છપામણી અને સ્ટેશનરી | ૧,૮૦૦ | ૧૧,૪૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે (નફો) | | ૨૩,૭૩૦ |
| | | બેંક ખાતે / રોકડ ખાતે (ચુકતે) | | ૧૮,૮૭૦ |
| | ૫૪,૦૦૦ | | | ૫૪૦૦૦ |

**ઉદાહરણ ૧૨.** આનંદ અને પ્રકાશ સંયુકત સાહસ વેપારમાં ૨:૧ નાં પ્રમાણમાં નફો-નુકશાન વહેચવાની શરતે જોડાયા. આનંદે ₹ ૬૦,૦૦૦ ની કિંમતનો માલ પ્રકાશને મોકલ્યો. માલ મોકલતા નૂર તથા વીમાનાં ₹ ૨,૦૦૦ ચૂકવ્યા. રસ્તામાં ₹ ૫,૦૦૦ની કિંમતના માલને નુકશાન થયું. અને વીમા કંપની તરફથી ₹ ૩,૦૦૦ મળ્યા. પ્રકાશે જણાવ્યું કે બાકીના માલ પૈકી ૯૦% માલ મૂળકિંમત ઉપર ૩૦% નફો મળે તે રીતે વેચ્યો. ઉપરાંત સંયુકત સાહસ વેપારનાં અંતે બાકીનો વધેલો માલ જે પ્રકાશનાં ગોદામમાં હતો તે આગ લાગતા નુકશાન પામ્યો. જેનો વીમો ઉતરાવેલ ન હતો. આ અંગે પ્રકાશ સંમત થયા કે તેઓ નુકશાન પામેલ માલની મૂળકિંમતનાં ૮૦% તથા પ્રમાણસર ખર્ચ રોકડમાં ચૂકવશે.

પ્રકાશ નફામાં ભાગ ઉપરાંત સંયુકત સાહસ વેપારનો નફો ગણ્યા પહેલાના નફા પર ૫% કમીશન લેવા હક્કદાર છે.

પ્રકાશ કુલ વેચાણખર્ચ ₹ ૧,૦૦૦ કર્યો તેમજ ₹ ૧૦,૦૦૦ અગાઉથી ચૂકવ્યા હતા.

પ્રકાશે લેણી રકમ બેંક દ્વારા આનંદ ને ચૂકવી આપી. તમારે આનંદનાં ચોપડામાં સંયુકત સાહસ ખાતું, તથા પ્રકાશનું ખાતું બનાવવાનું છે.

**(સ.પ.યુ., એફ.વાય બી.કોમ -૨૦૦૨)**

જવાબઃ

### આનંદના ચોપડામાં

### સંયુકત સાહસ ખાતું

ઉ. | જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| રોકડ ખાતે (ખરીદી) | ૬૦,૦૦૦ | રોકડ ખાતે / બેંક ખાતે (વીમા મળ્યા) | ૩,૦૦૦ |
| રોકડ ખાતે (ખર્ચ પેટે) | ૨,૦૦૦ | પ્રકાશ ખાતે (વેચાણ) | ૬૪,૩૫૦ |
| પ્રકાશ ખાતે (ખર્ચ) | ૧,૦૦૦ | પ્રકાશ ખાતે (વળતર નુકશાનીના માલનું) | ૪,૫૪૬ |
| પ્રકાશ ખાતે (કમિશન) | ૪૨૪ | | |
| નફો લઈ ગયાઃ | | | |
| ન.ન ખાતે (૨/૩) = ૫,૬૪૮ | | | |
| પ્રકીશ ખાતે (૧/૫) = ૨,૮૨૪ | ૮,૪૭૨ | | |
| | ૭૧,૮૯૬ | | ૭૧,૮૯૬ |

### પ્રકાશ નું ખાતું

ઉ. | જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૬૪,૩૫૦ | બેંક ખાતે / રોકડ ખાતે (ઓડવાન્સ) | ૧૦,૦૦૦ |
| સંયુકત સાહસ ખાતે (વળતર) | ૪,૫૪૬ | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | ૧,૦૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે (કમિશન) | ૪૨૪ |
| | | સંયુકત સાહસ ખાત (નફો) | ૨,૮૨૪ |
| | | બેંક ખાતે / રોકડ ખાતે (ચૂકતે) | ૫૪,૬૪૮ |
| | ૬૮,૮૯૬ | | ૬૮,૮૯૬ |

**સમજૂતીઃ**

(૧) અહીં કુલ કિંમતના માલનું નુકશાન થયું જેમાંથી વીમા કંપની એ કુલ ₹ ૩,૦૦૦ની ચૂકવણી આનંદને કરી. વીમા કંપની પાસેથી મળેલ રકમ ₹ ૩,૦૦૦ બંને સહ સાહસિકો પોતાના સંયુકત સાહસ ખાતામાં જમા કરશે. બાકીનું ₹ ૨,૦૦૦ નુકશાન (૫,૦૦૦-૩,૦૦૦) ગણાશે. જેની કોઇ નોંધ થશે નહી. માટે આપોઆપ સંયુકત સાહસ ખાતાનો નફો ઘટી જશે.

(૨) કુલ ખરીદેલ માલ ૬૦,૦૦૦
- માલને નુકશાન ૫,૦૦૦
૫૫,૦૦૦

તેમાંથી ૯૦% માલનું વેચાણ (૫૫૦૦૦× ૯૦%) ૪૯,૫૦૦
+ ૩૦% નફો (મૂળ કિંમત પર) (૪૯૫૦૦×૩૦%) ૧૪,૮૫૦
કુલ વેચાણ ૬૪,૩૫૦

(૩) પ્રકાશ વળતર ચૂકવશે તેની ગણતરીઃ ₹
આખર સ્ટોક (૫૫,૦૦૦ × ૧૦%) અથવા (૫૫,૦૦૦-૪૯,૦૦૦) = ૫,૫૦૦
+ આનંદના પ્રમાણસર ખર્ચ (૨,૦૦૦×૫,૫૦૦/૬૦,૦૦૦) = ૧૮૩
૫,૬૮૩

વળતર રકમ = ₹ ૫,૬૮૩ ×૮૦% = ₹ ૪,૫૪૬

આ રકમની પ્રકાશે માલનું વેચાણ કર્યું તેમ નોંધાશે. એટલે કે પ્રકાશ ખાતે-ઉધાર અને સંયુકત સાહસ ખાતે-જમા

(૪) પ્રકાશ નું કમિશન

| | | |
|---|---|---|
| સંયુક્ત સાહસ ખાતાનો જમા બાજુ નો સરવાળો | | ₹ ૭૧,૮૯૬ |
| - ઉધાર બાજુનો સરવાળો (૬૦,૦૦૦+૨,૦૦૦+૧,૦૦૦) | = | ₹ ૬૩,૦૦૦ |
| કમિશન પહેલા નો નફો | | ₹ ૮,૮૯૬ |

પ્રકાશ નું કમિશન = ૮,૮૯૬ ×૫ /૧૦૫ = ₹ ૪૨૪ કમિશન

## કાચું સંયુકત સાહસ ખાતું

જ્યારે કોઈ સાહસિક પોતાના વ્યવહારો એટલે કે પોતે ચુકવેલ ખર્ચ, પોતે કરેલ ખરીદી અન્ય સાહસિક ના ખાતે ઉધારે અને પોતે કરેલ વેચાણ અન્ય સાહસિક ખાતે જમા કરે. તેવા સંજોગોમાં કાચું સંયુકત સાહસ ખાતું સંયુક્ત સાહસનાં ધંધાનો નફો કે ખોટ જાણવા બનાવવામાં આવે છે. આ ખાતું સંયુકત સાહસ ખાતા ની જેમ હિસાબોના ભાગ રૂપ ગણાતું નથી. અને આ ખાતું ફકત ધંધાનો નફો-નુકશાન જાણવા બનાવવામાં આવે છે.
નોંધ :- દરેક સાહસિકો પોતાના ચોપડે અન્ય સાહસિક નું ખાતું ખોલાશે.

**ઉદાહરણ ૧૩.** જામનગરના જમનાદાસ અને જોઇતાભાઇ વેપાર કરવા માટે સંયુક્ત સાહસમાં જોડાયા. જમનાદાસે ₹ ૭૦,૦૦૦નો માલ ખરીદીને મોકલે છે અને નૂર અને અન્ય ખર્ચ ₹ ૨,૫૦૦ તથા પરચૂર્ણખર્ચ પેટે ₹ ૨,૦૦૦ ચૂકવ્યા. જોઇતાભાઇએ ₹ ૬૫,૦૦૦નો માલ ખરીદી મોકલે છે. તેમને નૂર તેમજ વીમાના ₹ ૧,૯૦૦, ડોક ચાર્જિસના ₹ ૮૦૦, જકાતના ₹ ૬૦૦ અને પરચૂરણ ખર્ચ ₹ ૭૦૦ ચૂકવ્યા. જોઇતાભાઇને વેચાણ આંકડો મળે છે અને બધા જ માલની વેચાણ કિંમત પેટે ₹ ૧,૬૦,૦૦૦ મળે છે. બંને પક્ષકારના ચોપડે ખાતા તૈયાર કરો.

**જવાબ**

**જમનાદાસના ચોપડામાં**

ઉ. **સંયુક્ત સાહસ અંગે જોઇતાભાઇનું ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બેંક ખાતે / રોકડ ખાતે (માલ મોકલ્યો) | ૭૦,૦૦૦ | બેંક /રોકડ ખાતે (ચૂકતે) | ૮૨,૭૫૦ |
| રોકડ ખાતે (ખર્ચ પેટે): | | | |
| નૂર અને અન્ય ખર્ચ ૨,૫૦૦ | | | |
| પરચૂર્ણખર્ચ ૨,૦૦૦ | ૪,૫૦૦ | | |
| ન-નુ ખાતે | ૮,૨૫૦ | | |
| | **૮૨,૭૫૦** | | **૮૨,૭૫૦** |

**જોઇતાભાઇના ચોપડામાં**

ઉ. **સંયુક્ત સાહસ અંગે જમનાદાસનું ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બેંક / રોકડ ખાતે (ખરીદી) | ૬૫,૦૦૦ | બેંક/ રોકડ ખાતે (વેચાણ) | ૧,૬૦,૦૦૦ |
| રોકડ ખાતે (ખર્ચ પેટે): | | | |
| નૂર અને વીમો ૧,૯૦૦ | | | |
| ડોક ચાર્જિસ ૮૦૦ | | | |

| | | | |
|---|---|---|---|
| જકાત ૬૦૦ | | | |
| પરચૂરણ ખર્ચ ૭૦૦ | ૪,૦૦૦ | | |
| ન-નુ ખાતે | ૮,૨૫૦ | | |
| બેંક / રોકડ ખાતે (ચૂકતે) | ૮૨,૭૫૦ | | |
| | ૧,૬૦,૦૦૦ | | ૧,૬૦,૦૦૦ |

ઉ. **કાચું સંયુક્ત સાહસ ખાતું** જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| ખરીદીઃ | | | વેચાણ (જોઇતાભાઇ) | ૧,૬૦,૦૦૦ |
| જમનાદાસ | ૭૦,૦૦૦ | | | |
| જોઇતાભાઇ | ૬૫,૦૦૦ | ૧૩,૫૦૦૦ | | |
| ચુકવેલ ખર્ચઃ | | | | |
| જમનાદાસ | ૪,૫૦૦ | | | |
| જોઇતાભાઇ | ૪,૦૦૦ | ૮, ૫૦૦ | | |
| નફો લઈ ગયાઃ | | | | |
| જમનાદાસ | ૮,૨૫૦ | | | |
| જોઇતાભાઇ | ૮,૨૫૦ | ૧૬,૫૦૦ | | |
| | | ૧,૬૦,૦૦૦ | | ૧,૬૦,૦૦૦ |

આડત પર માલ મોકલવા અંગેનો સહિયારો ધંધો

- કેટલીકવાર સાહસિકો આડત પર માલ વેચવા માટે પણ સંયુક્ત સાહસમાં જોડાય છે અને ધંધો કરે છે.
- આ પ્રકારના ધંધામાં બંને સાહસિકો આડત અંગે ખર્ચ કરે છે અને બંને સાહસિકો પોતાના ચોપડામાં સંયુક્ત સાહસ ખાતું અને અન્ય સાહસિકોનું ખાતું અને આડતિયાનું ખાતું ખોલે છે.
- ઘણીવાર એવું બને છે કે માલધણી આડતિયાને જ પોતાનો સહ-સાહસિક બનાવે અને તેને વેચાણ પર કમિશન મળે છે. તેમ જ નફામાં ભાગ પણ મળે છે.

**ખાસ નોંધ**

આડત પર માલ મોક્લવાના ધંધામાં આડતમાલ ખાતું ખોલવામાં આવતું નથી પરંતુ આડત ખાતાને લગતા તમામ વ્યવહારો સંયુક્ત સાહસ ખાતે નોંધવામાં આવે છે.

**આડત પર માલ મોકલવા અંગે નું ઉદાહરણ :**

**ઉદાહરણ ૧૪.** આણંદના અલ્પેશ અને અંકુર એ વડોદરાના વિષ્ણુને આડત પર માલ મોકલવવા એક સંયુક્ત સાહસમાં જોડાયા. અલ્પેશ ₹ ૫૦,૦૦૦ નો માલ પોતાના અંગત સ્ટોકમાંથી અને ₹ ૪૦,૦૦૦ નો માલ ૫૦% વેપારી વટાવે ખરીદી વિષ્ણુને વેચવા મોકલ્યો. માલ વેચવા મોકલતા ₹ ૩,૦૦૦ નૂર અને જકાત પેટે ચૂકવ્યા. અંકુરે ₹ ૫૯,૦૦૦ નો માલ પરિમલ પાસેથી ઉધાર ખરીદીને વિષ્ણુને વેચવા મોકલ્યો અને નૂરનાં ₹ ૨,૦૦૦ ચૂકવ્યા.

વિષ્ણુએ એક મહિના પછી નીચે મુજબ માહિતી આપી.

(૧) બધો જ માલ ₹ ૨,૦૦,૦૦૦ માં વેચી દીધો અને ₹ ૪,૦૦૦ ખર્ચ કર્યો.

(૨) તેણે ₹ ૧,૧૦,૦૦૦ ની એક હૂંડી સ્વીકારી અલ્પેશને મોકલી આપી જે અલ્પેશે ₹ ૨,૦૦૦ વટાવ આપી વટાવી. હુંડી વટાવ નો ખર્ચ સંયુક્ત સાહસનો ખર્ચ ગણવાનો છે.
(૩) તેણે કરેલ વેચાણ પર કુલ ૫% લેખે કમિશન ગણી બાકીની રકમનાં નાણાં ચૂકતેના હિસાબ બેંક ડ્રાફ્ટ અંકુરને મોકલી આપ્યો.
અલ્પેશ અને અંકુર પણ સંયુક્ત સાહસનો ધંધો બંધ કરી પરસ્પર હિસાબો ચૂકતે કરી દીધા.
ઉપરોક્ત માહિતી પરથી અલ્પેશના ચોપડે (૧) સંયુકત સાહસ ખાતું (૨) અંકુરનું ખાતું (૩) વિષ્ણુંનું ખાતું તૈયાર કરો.

**જવાબ**

**અલ્પેશનાં ચોપડામાં**

**ઉ.　　　　સંયુકત સાહસ ખાતું　　　　જ.**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| વેચાણ ખાતે (માલ આપેલ) | ૫૦,૦૦૦ | વિષ્ણુ ખાતે (વેચાણ) | ૨,૦૦,૦૦૦ |
| રોકડ ખાતે (ખરીદી) (૪૦,૦૦૦-૫%) | ૩૮,૦૦૦ | | |
| રોકડ ખાતે (ખર્ચા પેટે) | ૩,૦૦૦ | | |
| અંકુર ખાતે (ખરીદી) | ૫૯,૦૦૦ | | |
| અંકુર (ખર્ચા પેટે) | ૨,૦૦૦ | | |
| વિષ્ણુ ખાતે (ખર્ચ) | ૪,૦૦૦ | | |
| લેણીહુંડી ખાતે (વટાવ) | ૨,૦૦૦ | | |
| વિષ્ણુ ખાતે (કમિશન) (૨૦૦,૦૦૦×૫%) | ૧૦,૦૦૦ | | |
| નફો લઈ ગયાઃ | | | |
| ન.નુ ખાતે　૧૬,૦૦૦ | | | |
| અંકુર ખાતે　૧૬,૦૦૦ | ૩૨,૦૦૦ | | |
| | **૨,૦૦,૦૦૦** | | **૨,૦૦,૦૦૦** |

**ઉ.　　　　અંકુરનું ખાતું (સહ-સાહસિક)　　　　જ.**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| વિષ્ણુ ખાતે - બેંક ડ્રાફ્ટ | ૭૬,૦૦૦ | સંયુકત સાહસ ખાતે (માલ મોકલ્યો) | ૫૯,૦૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | ૧,૦૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે (નફો) | ૧૬,૦૦૦ |
| | **૭૬,૦૦૦** | | **૭૬,૦૦૦** |

**ઉ.　　　　વિષ્ણુનું ખાતું (આડતિયો)　　　　જ.**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૨,૦૦,૦૦૦ | લેણીહુંડી ખાતે | ૧,૧૦,૦૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે - ખર્ચ | ૪,૦૦૦ |
| | | સંયુકત સાહસ ખાતે (કમિશન) | ૧૦,૦૦૦ |
| | | અંકુર ખાતે (બેંક ડ્રાફ્ટ) | ૭૬,૦૦૦ |
| | **૨,૦૦,૦૦૦** | | **૨,૦૦,૦૦૦** |

જ્યારે એક સાહસિક આડતિયો હોય ત્યારેઃ

સંયુકત સાહસ ના ધંધાના બધા જ વ્યવહારો અગાઉ મુજબ થશે. પરતું જ્યારે આડતિયાને આડત મળશે ત્યારેઃ નીચે મુજબ આમનોંધ થશેઃ

(૧) અન્ય સાહસિક ના ચોપડે આમનોંધઃ

સંયુકત સાહસ ખાતે ઉ

તે સાહસિક ખાતે (આડતિયા ખાતે)

(૨) આડત મળવાની છે તે સાહસિક ના ચોપડે

સંયુકત સાહસ ખાતે ઉ

તે આડત ખાતે

અહિં આડત ખાતું ખોલવામાં આવતું નથી બધા જ વ્યવહારો સંયુકત સાહસ ખાતે નોંધવામાં આવે છે.

**ઉદાહરણ ૧૫.** ૧ એપ્રિલ ૨૦૧૮ ના રોજ ચિરાગ એક કિંમતી સોના ઘરેણા ₹ ૪૮,૦૦૦ માં ખરીદ્યા. આ માલ તેણે નવનીત ને વેચવા માટે મોકલ્યો અને નવનીતને સંયુકત સાહસમાં ધંધામાં સરખા હિસ્સે નફો નુકશાન વહેચવાનું કબુલ્યું. માલ મોકલતા નૂર અને ગાડીભાડૂં ચિરાગે ₹ ૧,૦૦૦ ચૂકવ્યું. આ સાહસ અંગે ₹ ૧૫,૦૦૦ ની ત્રણ માસ ની હુંડી નવનીત પર લખી અને ૪ એપ્રિલ થી ૧૪,૫૦૦ માં વટાવી. (વટાવ બન્ને પક્ષકાર સરખે હિસ્સે વહેંચી લીધો)
નવનીત ૫ માર્ચ ના રોજ પાર્સલ મળતા વીમાના ₹ ૨૦૦ ચૂકવ્યા. અને ૩૦ મી એપ્રિલ ઘરેણાની પોલિસી નો ખર્ચ ₹ ૮૦૦ ચૂકવ્યા. ૩૧ મી ઓગષ્ટ ૨૦૧૮ ના રોજ ઘરેણા નવનીતે ₹ ૭૦,૦૦૦ માં વેચી દીધા. તે અંગે કુલ ૧,૦૦૦ ખર્ચ થયો. ૩૧ મી ઓગષ્ટ ૨૦૧૮ ના નવનીતે ચિરાગ ને ૨% કમિશન કાપી બાકીની રકમ નો ડ્રાફ્ટ મોકલી આપ્યો.
બંન્ને પક્ષકારો ના ચોપડે ખાતા તૈયાર કરો.

**જવાબઃ**

**ચિરાગ ના ચોપડામાં**

**ઉ. સંયુકત સાહસ ખાતું જ.**

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૧-૪-૧૮ | રોક્ડ ખાતે (ખરીદી) | ૪૮,૦૦૦ | ૩૧-૮-૨૦૧૮ | નવનીત ખાતે (વેચાણ) | ૭૦,૦૦૦ |
| ૧-૪-૧૮ | રોક્ડ ખાતે (ખર્ચ પેટે) | ૧,૦૦૦ | | | |
| ૪-૪-૧૮ | લેણીહુંડી ખાતે (વટાવ) | ૫૦૦ | | | |
| ૫-૪-૧૮ | નવનીત ખાતે (ખર્ચ પેટે) | ૨,૦૦૦ | | | |
| ૩૦-૪-૧૮ | નવનીત ખાતે (ખર્ચ પેટે) | ૮૦૦ | | | |
| ૩૧-૮-૧૮ | નવનીત ખાતે (ખર્ચ પેટે) | ૧,૦૦૦ | | | |
| ૩૧-૮-૧૮ | નવનીત ખાતે (કમિશન) | ૧,૬૦૦ | | | |
| ૩૧-૮-૧૮ | ન-નુ ખાતે (૧/૨) ૮૪૫૦ | | | | |
| | નવનીત ખાતે (૧/૨)૮૪૫૦ | ૧૬,૯૦૦ | | | |
| | | **૭૦,૦૦૦** | | | **૭૦,૦૦૦** |

ઉ. નવનીત નું ખાતું જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૩૧-૮-૧૮ | સંયુકત સાહસ ખાતે (વેચાણ) | ૭૦,૦૦૦ | ૧-૪-૧૮ | લેણીહૂંડી - એડવાન્સ | ૧૫,૦૦૦ |
| | | | ૩-૪-૧૮ | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | ૨૦૦ |
| | | | ૩૦-૪-૧૮ | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | ૮૦૦ |
| | | | ૩૧-૮-૧૮ | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | ૧,૦૦૦ |
| | | | ૩૧-૮-૧૮ | સંયુકત સાહસ ખાતે (કમિશન) | ૧,૬૦૦ |
| | | | ૩૧-૮-૧૮ | સંયુકત સાહસ ખાતે (નફો) | ૮,૪૫૦ |
| | | | ૩૧-૮-૧૮ | બેંક ખાતે (ચૂકતે) | ૪૨,૯૫૦ |
| | | ૭૦,૦૦૦ | | | ૭૦,૦૦૦ |

**નવનીતના ચોપડામાં**

ઉ. **સંયુકત સાહસ ખાતું** જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૧-૪-૧૮ | ચિરાગ ખાતે (ખરીદી) | ૪૮૦૦૦ | ૩૧-૮-૧૮ | બેંક ખાતે (વેચાણ) | ૭૦,૦૦૦ |
| ૧-૪-૧૮ | ચિરાગ ખાતે (ખર્ચ પેટે) | ૧,૦૦૦ | | | |
| ૪-૪-૧૮ | ચિરાગ ખાતે (વટાવ) | ૫૦૦ | | | |
| ૫-૪-૧૮ | રોકડ ખાતે (ખર્ચ) | ૨૦૦ | | | |
| ૩૦-૪-૧૮ | રોકડ ખાતે (ખર્ચ) | ૮૦૦ | | | |
| ૩૧-૮-૧૮ | રોકડ ખાતે (ખર્ચ) | ૧,૦૦૦ | | | |
| ૩૧-૮-૧૮ | કમિશન ખાતે | ૧,૬૦૦ | | | |
| ૩૧-૮-૧૮ | ન-નુ ખાતે - ૮,૪૫૦ | | | | |
| | ચિરાગ ખાતે - ૮,૪૫૦ | ૧૬,૯૦૦ | | | |
| | | **૭૦,૦૦૦** | | | **૭૦,૦૦૦** |

ઉ. **ચિરાગનું ખાતું** જ.

| તારીખ | વિગત | ₹ | તારીખ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| ૧-૪-૧૮ | દેવીહુંડી ખાતે - એડવાન્સ | ૧૫,૦૦૦ | ૧-૪-૧૮ | સંયુકત સાહસ ખાતે -ખરીદી | ૪૮,૦૦૦ |
| ૩૧-૮-૧૮ | બેંક ખાતે (ચૂકતે) | ૪૨,૯૫૦ | ૧-૪-૧૮ | સંયુકત સાહસ ખાતે (ખર્ચ) | ૧,૦૦૦ |
| | | | ૪-૪-૧૮ | સંયુકત સાહસ ખાતે(વટાવ) | ૫૦૦ |
| | | | ૩૧-૮-૧૮ | સંયુકત સાહસ ખાતે (નફો) | ૮,૪૫૦ |
| | | **૫૭,૯૫૦** | | | **૫૭,૯૫૦** |

## ૩.૮ સ્વાધ્યાય

૧. શ્રીમાન ‘અ’ અને ‘બ’ ૩:૨ ના ભાગે સંયુકત સાહસના ધંધામાં તા. ૧-૧૦-૧૭ ના રોજ જોડાયા. તેમણે તેમના સંયુકત બેંક ખાતા માં અનુક્રમે ₹ ૫,૦૦,૦૦૦ અને ₹ ૩,૦૦,૦૦૦ જમા કરાવ્યા, અને ઠરાવ્યું કે સંયુકત બેંક ખાતાનો ઉપયોગ ખરીદ અને વેચાણ માટે કરવો. જયારે સંયુકત સાહસના ખર્ચા દરેક સાહસિક પોતાની અંગત રોકડમાંથી ચૂકવવાના છે. ‘અ’ ને સામાન્ય વહિવટ માટે મહિને ₹ ૨,૦૦૦ લેખે પગાર આપવાનો છે. અને ‘બ’ ને તેણે કરેલા વેચાણ પર ૫% કમિશન આપવાનું છે. ‘અ’ એ ₹ ૬,૫૦,૦૦૦ ની કિંમતનો માલ ખરીદ્યો અને ખર્ચના ₹ ૫૦,૦૦૦ ચૂકવ્યા. ‘બ’ એ કેટલોક

માલ ₹ ૬,૦૦,૦૦૦ માં વેચ્યો અને વેચાણ ખર્ચના ₹ ૫,૦૦૦ ચૂકવ્યા ₹ ૨,૦૦,૦૦૦ ની કિંમતનો નહીં વેચાયેલ માલ 'અ'એ રાખી લીધો. તા. ૩૧મી માર્ચ ૨૦૧૮ ના રોજ હિસાબોની પતાવટ કરવામાં આવી.
સંયુકત સહાસ ખાતું, સંયુકત બેંકખાતું અને સાહસિકોના ખાતા તૈયાર કરો.

**(સ.પ.યુ., એફ.વાય બી.કોમ-૨૦૧૫, સુધારેલ)**

૨. રાગ અને રાગીણી સરખા પ્રમાણમાં નફો-નુકશાન વહેંચવાની શરતે સંયુકત સાહસમાં જોડાયા. રાગે ₹ ૭૬૦૦૦ નો માલ ખરીધો અને નૂર અને અન્ય ખર્ચના ₹ ૪,૦૦૦ ચૂકવ્યા. રાગીણીએ ₹ ૨૫૦૦૦ નો માલ તેના અંગત સ્ટોકમાંથી પુરો પાડ્યો અને ₹ ૫૦૦ વહનખર્ચના ચૂકવ્યા. રાગીણીએ કેટલોક માલ ₹ ૮૦,૦૦૦ ની કિંમતે વેચ્યો. અને ₹ ૨,૦૦૦ વેચાણ પર કમીશન ચૂકવ્યું. રાગે ₹ ૧,૦૦૦ સ્ટોર અને અન્ય ખર્ચના ચૂકવ્યા. રાગે બાકીનો માલ ₹ ૪૬,૫૦૦માં વેચ્યો અને ₹ ૪,૦૦૦ કમીશન અને વહનખર્ચના ચૂકવ્યા.
બંનેના ચોપડે સંયુકત સાહસ ખાતું અને સાહસિકોના ખાતા તૈયાર કરો.

**(સ.પ.યુ., એફ.વાય બી.કોમ-૨૦૧૫)**

3. તા. ૦૧-૦૪-૨૦૧૭ ના રોજ જય અને વિજય સરખે હિસ્સે નફો-નુકશાન વહેચી લેવાની શરતે સંયુકત સાહસમાં જોડાયાં. એવું નક્કી કરવામાં આવ્યું કે. જયને તેણે કરેલાં વેચાણ પર ૧૦% કમિશન આપવું અને વિજયને માસિક ₹ 3,૦૦૦ પગાર આપવો.

૧. તા. ૩૦-૯-૨૦૧૭ નાં રોજ પૂરા થતાં સમયના સંયુકત સાહસના વ્યવહારો નીચે મુજબ હતા.
૨. જયે ₹ ૧,૨૦,૦૦૦ નો માલ પોતાના સ્ટોકમાંથી આપ્યો અને ₹ ૧૦,૦૦૦ નૂર અને વીમાના ચૂકવ્યાં.
3. વિજય ₹ ૧,૦૦,૦૦૦ નો માલ ૧૦% વેપારી વટાવે ખરીદી સંયુકત સાહસને આપ્યો. તેણે નૂર અને ભાડાના ₹ ૫,૦૦૦ ચૂકવ્યાં.
૪. જયે કેટલોક માલ ₹ ૨,૭૦,૦૦૦ માં વેચ્યો અને ₹ ૫,૦૦૦ વેચાણ ખર્ચના ચૂકવ્યાં.
૫. જયે નહીં વેચાયેલો બાકીનો ₹ ૪૨,૦૦૦ નો માલ પડતર કિંમત પર ૨૫ % નફો ચઢાવીને વેચ્યો અને ₹ ૨,૮૦૦ જાવક માલ ગાડાભાડાના ચૂકવ્યાં.
૬. મેહુલ સ્ટેશનરી માર્ટમાંથી સંયુકત સાહસ માટે ખરીદેલ સ્ટેશનરીના ₹ ૨,૦૦૦ વિજયે ચૂકવવાનું સ્વીકાર્યું.
૭. તા. ૩૦-૯-૨૦૧૭ નાં રોજ સંયુકત સાહસનો ધંધો બંધ કરી બંને સાહસિકો એ પોતાના હિસાબો ચૂકતે કર્યા.

**(સ.પ.યુ ., એફ.વાય બી.કોમ-૨૦૧૬, સુધારેલ)**

૪. સૃજલ અને સ્નેહલ ₹ ૧૨,૫૦,૦૦૦ ની કિંમતે એક મકાન બાંધવાનો કરાર સંયુકત રીતે સ્વીકારે છે. તેમણે તેમના સંયુકત નામે સંયુકત બેંક ખાતું ખોલાવ્યું. જેમાં સૃજલે ₹ ૪,૦૦,૦૦૦ અને સ્નેહલે ₹ 3,૦૦,૦૦૦ ભર્યા. નફો નુકશાન ૨:૧ ના પ્રમાણમાં વહેચવાનો છે. વ્યવહારોની વિગતો જ નીચે પ્રમાણે છે

| વિગત | ₹ |
|---|---|
| માલસામાનની ખરીદી | ૫,૫૦,૦૦૦ |
| મજૂરી | 3,૪૦,૦૦૦ |
| સૃજલે પૂરો પાડેલ માલસામાન | ૫૦,૦૦૦ |

| | |
|---|---|
| સ્નેહલે ચૂકવેલ આર્કિટેકટ ફી | ૨૦,૦૦૦ |
| સૃજલે ચૂકવેલ પરચુરણ ખર્ચ | ૫,૦૦૦ |
| સ્નેહલે પુરું પાડેલ મિકસર મશીન | ૩૦,૦૦૦ |

કરાર પૂરો થતાં કરાર કિંમત વસુલ થઈ, મિક્સર મશીન ₹ ૨૦,૦૦૦ માં સ્નેહલ લઈ ગયો. નહી વપરાયેલ માલ સામાનનો સ્ટોક જેની કિંમત ₹ ૨૫,૦૦૦ આંકવામાં આવી હતી તે સ્ટોક સૃજલ લઇ ગયો.

સંયુકત સાહસ ખાતું, સંયુક્ત બેંક ખાતું અને સહ સાહસિકોના ખાતા તૈયાર કરો.

**(સ.પ.યુ., એફ.વાય બી.કોમ-૨૦૧૬)**

૫. સંજય અને સારીકા તા. ૧ લી એપ્રિલ ૨૦૧૭ ના રોજ ૩:૨ ભાગે સંયુકત સાહસના ધંધામા જોડાયા. તેમણે તેમના સંયુકત બેંક ખાતામાં અનુક્રમે ₹ ૧,૫૦,૦૦૦ અને ₹ ૯૦,૦૦૦ જમા કરાવ્યા. અને ઠરાવ્યું કે સંયુકત બેંક ખાતાનો ઉપયોગ ખરીદ અને વેચાણ માટે કરવો. જયારે સંયુકત સાહસના ખર્ચા દરેક સાહસિકે પોતાની અંગત રોકડમાંથી ચૂકવવાના છે. સંજયને સામાન્ય વહીવટ માટે મહિને ₹ ૬૦૦ લેખે પગાર આપવાનો છે. અને સારિકાને તેણે કરેલા વેચાણ પર ૫ % કમિશન આપવાનું છે. સંજયે ₹ ૧૯૫૦૦૦ ની કિંમતનો માલ ખરીદ્યો અને ખર્ચના ₹ ૧૫,૦૦૦ ચૂકવ્યા. સારિકાએ કેટલોક માલ ₹ ૧,૮૦,૦૦૦માં વેચ્યો અને વેચાણ ખર્ચના ₹ ૧,૫૦૦ ચૂકવ્યા. ₹ ૬૦,૦૦૦ની કિંમતનો નહીં વેચાયેલો માલ સંજયે રાખી લીધો. ૩૦ મી સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ હિસાબોની પતાવટ કરવામાં આવી.

ઉપરના વ્યવહારો નોંધવા માટે જરૂરી ખાતા તૈયાર કરો.

**(સ.પ.યુ., એફ.વાય બી.કોમ -૨૦૧૭ , સુધારેલ)**

૬. હિરેન અને બ્રિજેશ આનંદ લી.ના ₹ ૧૦ નો એક એવા ૨૦,૦૦૦ ઈકવીટી શેરથી બહાર પાડેલી મૂડીના વેચાણની બાંહેધરી આપવા સંયુકત સાહસમાં જોડાયા. મંજુરી સુધીના બધા ખર્ચ તેમણે ચૂકવવાના હતા. તેમણે નફો-નુકસાન ૩:૨ પ્રમાણમાં વહેંચવાનું નક્કી કર્યું. બાંહેધરીના મહેનતાણા તરીકે કંપનીએ તેમને ₹ ૧૦નો એક એવા ૨,૪૦૦ ઈકવીટી શેર પૂરેપૂરા ભરપાઈ થયેલ તરીકે આપવાનું સ્વીકાર્યું.

હિરેને નોંધણી ફી ₹ ૪,૨૦૦, જાહેરાત ખર્ચ ₹ ૨,૨૦૦ છપામણીના ₹ ૧,૫૦૦ તથા અન્ય ખર્ચના ₹ ૪૦૦ ચૂકવ્યા.

બ્રિજેશે ઓફિસ ભાડું ₹ ૬૦૦, કારકુની ખચ ₹ ૧,૮૦૦, કાનૂની ખર્ચ ₹ ૨,૭૫૦ તથા પરચૂરણ ખર્ચના ₹ ૩૫૦ ચૂકવ્યા.

ભરણાની યાદી બંધ કરવામાં આવી ત્યારે માલૂમ પડયું કે ફકત ૧૭,૦૦૦ શેર માટે અરજીઓ આવી હતી. હિરેને સંયુકત ધંધા માટે બાકીના શેર ખરીદી તેનાં પૂરા નાણાં ચૂકવી આપ્યા. તેમને બાંહેધરી કમિશન પેટે પૂરેપૂરા ભરપાઇ થયેલા ૨૪૦૦ ઈકવીટી શેર મળી ગયા. તેમણે તે શેર દરેક ₹ ૧૨=૫૦ બાદ દલાલી ૦૦=૫૦ પૈસા લેખે વેચી નાખ્યા. હિરેનને ૩,૦૦૦ શેરની ઉપજ મળી. બ્રિજેશને ૨,૪૦૦ શેરની ઉપજ મળી. સાહસિકોએ હિસાબ ચૂકતે કયા બેંક ખાતે.

હિરેનના ચોપડામાં સંયુકત સાહસ ખાતું અને બ્રિજેશનું ખાતું તૈયાર કરો.

**(સ.પ.યુ.,એફ.વાય બી.કોમ -૨૦૧૪)**

૭. ગંગા અને જમના ૨:૨ ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચવાની શરતે તા. ૦૧.૦૪.૧૭ ના રોજ સંયુકત સાહસમાં જોડાયા. તેમણે દરેકે ₹ ૮૦,૦૦૦ કાઢી સંયુકત બેંક ખાતા માં જમા કરાવ્યા.

તા. ૩૧.૦૩.૨૦૧૮ ના સુધીના સંયુકત સાહસના વ્યવહારો નીચે મુજબ હતા.

૧) ગંગાએ લોખંડનો ભંગાર દર ટનના ₹ ૬,૦૦૦ ના ભાવે ૧૬ ટન ખરીદ્યો, તેના ખર્ચના ₹ ૧,૬૦૦ થયા.

૨) જમનાએ પ્લાસ્ટિક ભંગાર દર ટનના ₹ ૪૦૦ ના ભાવે ૧૦૦ ટન ખરીદ્યો, તેના ખર્ચના ₹ ૧,૦૦૦ થયા.

૩) ગંગાએ લોખંડનો ભંગાર ૧૨ ટન દર ટનના ₹ ૮,૦૦૦ ના ભાવે વેચ્યો અને વેચાણ ખર્ચ ₹ ૮૫૦ થયો.

૪) જમનાએ પ્લાસ્ટિક ભંગાર પૈકી ૮૦ ટન દર ટનના ₹ ૫૦૦ના ભાવે વેચ્યો, તેનો વેચાણ ખર્ચ ₹ ૬૦૦ થયો.

૫) ખરીદ વેચાણની રકમ માટે સંયુક્ત બેંક ખાતાનો ઉપયોગ કરવાનો છે. જયારે ખર્ચ જે તે ભાગીદારે ચુકવવાનો છે.

૬) સાહસિકો એ તેમણે કરેલા વેચાણ ઉપર ૫ ટકા કમિશન આપવાનું છે.

ઉપરની માહિતી પરથી નીચે મુજબના ખાતાં તૈયાર કરો.

૧. સંયુક્ત સાહસખાતું
૨. સંયુક્ત બેંક ખાતું
૩. સાહસિકોના મૂડી ખાતા
૪. તા. ૩૧.૦૩.૨૦૧૮ ના રોજનું પાકું સરવૈયું .

**(સ.પ.યુ., એફ.વાય બી.કોમ.-૨૦૧૪, સધારેલ)**

૮. સુનીલ અને અનીલ માલ ખરીદવા અને વેચવા સંયુક્ત સાહસ શરૂ કર્યું. તેઓ નફો અને નુકશાન સરખા ભાગે વહેંચે છે. સુનીલે ₹ ૨૦,૦૦૦નો માલ પૂરો પાડયો અને અનીલે ₹ ૧૫,૦૦૦ નો પૂરો પાડયો. સુનીલે ભાડા માટે ₹ ૧,૦૦૦ ચૂકવ્યા જયારે અનીલે જાહેરાત માટે ₹ ૫૦૦ ચૂકવ્યા. સુનીલે થોડો માલ ₹ ૨૩,૦૦૦માં વેચ્યો અને અનીલે ₹ ૨૨,૦૦૦માં વેચ્યો. સાહસ બંધ કરતી વખતે, નહી વેચાયેલ માલ ₹ ૧,૫૦૦ માં સુનીલ લઈ ગયો.
સુનીલના ચોપડામાં આમનોંધ લખો અને સંયુક્ત સાહસ ખાતું તૈયાર કરો અને અનીલના ચોપડામાં સુનીલનું ખાતું તૈયાર કરો.

**(સ.પ.યુ., એફ.વાય બી.કોમ.-૨૦૧૨)**

૯. આનંદ અને બીમલે એક કંપની માટે નવી મશીનરી ગોઠવવા માટે કરાર કર્યો. કરાર કિંમત ₹ ૬૭,૦૦૦ હતી. કંપનીએ ₹ ૪૨,૦૦૦ ચેકથી ચૂકવ્યા અને બાકીની રકમ નવી કંપનીના સંપૂર્ણ ભરપાઇ થયેલ શેરમાં ચૂકવી. સંયુક્ત બેન્ક ખાતું ખોલાવ્યું જેમાં આનંદે ₹ ૨૨,૦૦૦ ભર્યા અને બીમલે ₹ ૧૦,૦૦૦ તેઓનું નફા-નુકશાન વહેંચણીનું પ્રમાણ ૩/૫ અને ૨/૫ અનુક્રમે હતું. તેઓના વ્યવહારો નીચે મુજબ હતા.

| | ₹ | | ₹ |
|---|---|---|---|
| માલ-સામાન પૂરો પાડવા માટે વેચનારને આપેલ એડવાન્સ | ૨૬,૦૦૦ | વેચનારો પૂરો પાડેલ માલ | ૪૪,૫૦૦ |
| | | ચૂકવેલ મજૂરી | ૧૮,૦૦૦ |
| વેચનારને સંપૂર્ણ રીતે ચૂકવવાની બાકી રકમની ચૂકવણી | ૧૭,૭૫૦ | આનંદ પૂરો પાડેલ માલ | ૪,૬૨૫ |
| રોકડેથી ખરીદેલ માલ | ૧,૨૫૦ | આગથી બળી ગયેલ માલ | ૧,૭૫૦ |
| એન્જિનીયરની ફી | ૧,૬૨૫ | | |

આનંદે ₹ ૨૩,૫૦૦ ની કિંમતે બધા શેર લીધા અને બિમલે બાકી વધેલ ₹ ૧,૭૫૦ ની કિંમતનો માલ ₹ ૧,૩૭૫ ની કિંમતે લઇ લીધો.

સંયુકત સાહસ ખાતું, સંયુકત બેન્ક ખાતું અને સહ-સાહસ ખાતું તૈયાર કરો.

**(સ.પ.યુ એફ.વાય બી.કોમ-૨૦૧૨)**

**૧૦.** તા. ૧લી એપ્રિલ ૨૦૧૭ ના રોજ સોહન અને મોહન ૩:૨ ભાગે સંયુકત સાહસના ધંધામાં જોડાયા. તેમણે તેમના સંયુકત બેન્ક ખાતામાં અનુક્રમે ₹ ૫,૦૦,૦૦૦ અને ₹ ૩,૦૦,૦૦૦ જમા કરાવ્યા અને ઠરાવ્યું કે સંયુકત બેન્ક ખાતાનો ઉપયોગ ખરીદ અને વેચાણ માટે કરવો જ્યારે સંયુકત સાહસના ખર્ચા દરેક ભાગીદારે પોતાની અંગત રોકડમાંથી ચૂકવવાના છે. સોહનને સામાન્ય વહીવટ માટે મહિને ₹ ૨,૦૦૦ લેખે પગાર આપવાનો છે. અને મોહનને તેણે કરેલા વેચાણ પર ૫ % કમિશન આપવાનું છે. સોહને ₹ ૬,૫૦,૦૦૦ ની કિંમતનો માલ ખરીદ્યો અને ખર્ચના ₹ ૫૦,૦૦૦ ચૂકવ્યા. મોહને કેટલોક માલ ₹ ૬,૦૦,૦૦૦ માં વેચ્યો અને વેચાણ ખર્ચના ₹ ૫,૦૦૦ ચૂકવ્યા. ₹ ૨,૦૦,૦૦૦ ની કિંમતનો નહિ વેચાયેલ માલ સોહને રાખી લીધો. તા ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ હિસાબોની પતાવટ કરવામાં આવી.

સંયુકત સાહસ ખાતું, સંયુકત બેંન્ક ખાતું, સાહસિકોના ખાતા તૈયાર કરો.

**(સ.પ.યુ., એફ.વાય બી.કોમ-૨૦૧૧, સુધારેલ)**

**૧૧.** શાહ અને દેસાઇ એક કંપનીના ₹ ૧૦ નો એક એવા ૧,૦૨,૦૦૦ શેર સરભર કિંમતે ભરવાની ગેંરટી આપવા સંયુકત સાહસમાં જોડાયા. તેમણે ૫:૪ ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચી લેવાનું ઠરાવ્યું. વહેંચણી સુધીના બધા ખર્ચા પણ તેમણે ભોગવવાનું સ્વીકાર્યું. જેના બદલામાં કંપનીએ ₹ ૧૦ નો એક એવા બીજા ૧૩,૮૦૦ શેર પૂરેપૂરા ભરપાઇ થયેલા તરીકે આપવાનું સ્વીકાર્યું.

શાહે નીચેના ખર્ચા અંગે રોકડા નાણા આપ્યા.

| | ₹ |
|---|---|
| નોંધણી ફી | ૭,૨૦૦ |
| જાહેરાત ખર્ચા | ૧૨,૦૦૦ |
| છપામણી અને સ્ટેશનરી | ૩,૬૦૦ |

દેસાઇએ નીચેના અન્ય ખર્ચા માટે રોક્ડ આપી.

| | ₹ |
|---|---|
| ઓફિસ ભાડુ - | ૫,૪૦૦ |
| પોસ્ટેજ- | ૬૦૦ |
| સ્ટાફનો પગાર- | ૩,૦૦૦ |
| પરચૂરણ ખર્ચા- | ૩૭૨ |
| સોલીસીટર ફી- | ૨,૪૦૦ |

૧,૦૨,૦૦૦ શેરની અરજીઓમાં ૪૨૦૦ શેરની અરજી ઓછી મળી. દેસાઇએ સંયુકત સાહસ પેંટે આ શેર ખરીદી લેવા જરૂરી રોકડ પૂરી પાડી. વળી કંપનીએ નક્કી કર્યા મુજબ મહેનતાણા પેંટે ૧૩,૮૦૦ શેર તેમણે આપ્યા. શાહ અને દેસાઇએ બધા શેર, શેરદીઠ ₹ ૯ ની કિંમતે વેચ્યા. ૧૨,૦૦૦ શેરની ઉપજ શાહને મળી અને બાકીનાં શેરની ઉપજ દેસાઇને મળી.

ઉપરોકત વિગતો પરથી તૈયાર કરો.

| | | | |
|---|---|---|---|
| અ.) | શાહના ચોપડે | ૧) સંયુકત સાહસનું ખાતું | ૨) દેસાઇનું ખાતું |
| બ.) | દેસાઇના ચોપડે | ૧) સંયુકત સાહસનું ખાતું | ૨) શાહનું ખાતું |

**(સ.પ.યુ.,એફ.વાય બી.કોમ-૨૦૧૧)**

**૧૨.** રાહુલ ૩:૨ ના નફા- નુકશાન પ્રમાણમાં મેહુલ સાથે સંયુકત સાહસમાં જોડાય છે. રાહુલ ₹ ૫૦,૦૦૦ નો માલ લાવે છે જ્યારે મેહુલ ₹ ૪૦,૦૦૦ રોકડા લાવે છે. તે ₹ ૩,૦૦૦ લારી ભાડુ અને ₹ ૨,૦૦૦ ભાડા પેટે ચૂકવી આપે છે. જ્યારે ₹ ૩૦,૦૦૦ નો માલ રાહુલ બજારમાંથી સંયુકત સાહસ માટે ખરીદે છે. ₹ ૬૦,૦૦૦ નું રોકડ વેચાણ રાહુલ દ્રારા, જ્યારે ₹ ૩૦,૦૦૦ નું ઉધાર વેચાણ મેહુલ દ્રારા સુમનને કરવામાં આવે છે. પાછળથી સુમન નાદર જાહેર થાયે છે તેની મિલ્કતોમાંથી માત્ત ૭૫% રકમ જ મળી શકે છે. છેલ્લે ધંધામાં રહેલ તમામ માલ ₹ ૫,૦૦૦ ની કિંમતે રાહુલ ઉપાડી લે છે. અને તે મેહુલ સાથે પોતાનો હિસાબ ચૂકતે કરે છે.

રાહુલના ચોપડામાં જરૂરી ખાતા તૈયાર કરો.

**(સ.પ.યુ., એફ.વાય બી.કોમ-૨૦૦૬)**

**૧૩.** શીવ અને શકિત એક સંયુકત સાહસમાં જોડાયા તેઓએ અનુક્રમે ₹ ૩૦,૦૦૦ અને ₹ ૫૦,૦૦૦ સંયુકત બેંક ખાતામા ભર્યા અને નફોનુકશાન અનુક્રમે ૪:૧ ના પ્રમાણમાં વહેંચવાનું નક્કી કર્યુ સંયુકત બેંક ખાતા નો ઉપયોગ ફકત ખરીદ વેચાણના વ્યવહારો પૂરતો કર્યો જ્યારે સંયુકત સાહસ અંગેના ખર્ચા દરેક ભાગીદારે અંગત ફંડમાંથી ચૂકવ્યા. દરેક ભાગીદારને તેણે કરેલા વેચાણ ઉપર ૫% કમીશન મળવાનું છે. તા. ૩૧-૦૩-૧૮ ના રોજ પૂરા થતા વર્ષના વ્યવહારો નીચે પ્રમાણે છે.

૧. શીવ ૮૦૦ ટન લોખંડ ₹ ૬૦ ના ટનના ભાવે ખરીદ્યુ અને ₹ ૧,૦૦૦ ખર્ચના ચૂકવ્યા.

૨. શક્તિએ ૬૦૦ ટન લોખંડ ₹ ૭૫ ના ટનના ભાવે વેચ્યુ અને ખર્ચના ₹ ૨,૦૦૦ ચૂકવ્યા.

૩. શક્તિએ ૧૦૦ ટન સિમેન્ટ ₹ ૨૧૦ના ટનના ભાવે ખરીદ્યો અને ખર્ચના ₹ ૧,૦૦૦ ચૂકવ્યા.

૪. શીવ એ ૮૦ ટન સિમેન્ટ ₹ ૨૩૭.૫૦ ભાવે વેચ્યો અને ખર્ચના ₹ ૧,૫૦૦ ચૂકવ્યા.

૫. આખરસ્ટોક મૂળકિંમતે વેચ્યો હતો.

સંયુકત સાહસ ખાતું, સંયુકત બેંક ખાતું અને સાહસિકોના ખાતા તૈયાર કરો.

**(સ.પ.યુ., એફ.વાય બી.કોમ-૨૦૦૦, સુધારેલ)**

**૧૪.** જામનગરથી પંકજ ઊની માલ ખરીદીને સંયુકત સાહસમાં વેચાણ કરવા દિનેશને મોકલે છે. નફા-નુકસાનમાં સરખો હિસ્સો છે. તા. ૦૧-૦૪-૨૦૧૭ ના રોજ પંકજ ₹ ૧૦,૦૦૦ નો માલ ખરીદી દિલ્હી મોકલે છે. તેના પર નૂર અને અન્ય ખર્ચ ₹ ૧,૦૦૦ કરે છે. તેદિનેશ પર ૬ માસે પાક ₹ ૮,૦૦૦ ની હૂંડી લખે છે. દિનેશ તેનો સ્વીકાર કરે છે. પંકજ તેને ₹ ૭,૮૦૦ માં વટાવે છે.

તા. ૩૦-૦૯-૨૦૧૭ ના રોજ દિનેશ પંકજને જાણ કરે છે કે તેણે ₹ ૧,૨૦૦ નો ખર્ચ કર્યો અને બધો જ માલ ₹ ૧૮,૦૦૦ માં વેચ્યો છે. દિનેશ પંકજને બાકી રકમ ચૂકવી આપે છે.

દરેકના ચોપડામાં સંયુકત સાહસ ખાતું તથા અન્ય સાહસિકોના ખાતું બનાવો.

**(સૌ. યુનિ., એફ. વાય., એપ્રિલ,૨૦૦૦, સુધારેલ)**

**૧૫.** તા. ૨-૫-'૧૫ ના રોજ ધનબાદના શ્રી સૂરી અને દિલ્હીના શ્રી બશીર સંયુકત સાહસમાં ઢીંગલીઓના ખરીદી વેચાણ માટે ૩:૨ નાપ્રમાણમાં નફોનુકસાન વહેંચવાની શરતે જોડાયા. તા. ૭-૬-'૧૫ ના રોજ બશીરે ૬૦૦ નંગ ઢીંગલીઓના ખરીદી વેચાણ માટે ૩:૨ના પ્રમાણમાં નફોનુકસાન વહેંચવાની શરતે જોડાયા. તા. ૭-૬-'૧૫ ના રોજ બશીરે ૬૦૦ નંગ ઢીંગલીઓ ₹ ૫૨ ના ભાવથી ખરીદી અને તેમાંથી ૨૪૦ ઢીંગલીઓ સૂરીને મોકલી આપી. તેણે નૂર અને વીમાના ₹ ૩,૭૦૦ ચૂકવ્યા. રસ્તામાં ૨૫ ઢીંગલીઓને નુકસાન થયું જેના વીમા કંપનીએ ₹ ૨૫૦ ચૂકવ્યા. તા. ૧૫-૭-'૧૫ ના રોજ સૂરીએ ₹ ૭,૦૫૦ બશીરને મોકલી આપ્યા.

તા. ૨૬-૭-'૧૫ ના રોજ સૂરીએ ૩૦૦ નંગ ઢીંગલી દરેકના ₹ ૫૫ ના ભાવથી ખરીદી અને તેમાંથી ૧૦૦ ઢીંગલીઓ બશીરને મોકલી આપી. માલના નૂર અને વીમાના તેણે ₹ ૧,૫૦૦ ચૂકવ્યા.

તા.૧૪-૮-'૧૫ ના રોજ નુકસાની ઢીંગલીઓમાંથી ૧૮ ઢીંગલીઓ સુરીએ અંગત હેતુ માટે ઢીંગલી દીઠ ₹ ૨૫ ના ભાવથી લીધી. જ્યારે બાકીની નુકસાની ઢીંગલીઓ ગ્રાહકોને મફત વહેંચી આપી.

તા. ૧૧-૧૧-'૧૫ ના રોજ સૂરી અને બશીર બંનેએ પોતાની પાસેની તમામ ઢીંગલીઓ ₹ ૬૦ ના ભાવથી વેચી દીધી.

તા. ૩૦-૧૧-'૧૫ ના રોજ સંયુકત સાહસ પૂરું થયું અને બેન્ક ડ્રાફ્ટ મારફતે હિસાબ ચૂકતે કરવામાં આવ્યો.

ઉપરની માહિતી પરથી તમારે સૂરી અને બશીરના ચોપડામાં

૧. સંયુકત સાહસનાં ખાતા અને

૨. સહ સાહસિકનાં ખાતા બનાવવાનાં છે.

**(સૌ. યુનિ. એફ.વાય.,માર્ચ ૧૯૯૯)**

**(જવાબઃ સંયુકત સહાસનો નફો ₹ ૩૦૦ (૧૮૦ અને ૧૨૦), બશીરે સૂરીને ચૂકવ્યા ₹ ૧૨૦.)**

(નોંધઃ રસ્તામાં ૨૫ ઢીંગલીઓને અકસ્માતથી થયેલ નુકસાન એ અસામાન્ય નુકસાન ગણાય, જે આડતમાલના હિસાબોમાં સામાન્ય ન. નુ. ખાતે ઉધારીને આડતમાલ ખાતે જમા કરવામાં આવે છે. પરંતુ સંયુકત સાહસના ધંધામાં સંયુકત સાહસ ખાતું એ પોતે જ સંયુકત સાહસના ધંધાનું ન.નુ.(ખાતું હોવાથી આવા કોઈ નુકસાનની અલગ નોંધ કરવાની થતી નથી; જોકે વીમા કંપની પાસેથી મળેલ દાવાની રકમ ₹ ૨૫૦ સંયુકત સાહસ ખાતે જમા થશે. યાદ રાખો કે સંયુકત સાહસના ધંધામાં અસામાન્ય નુકસાનની કોઈ અલગ નોંધ થતી નથી.)

**૧૬.** શેફાલી અને હિતેન અનુક્રમે ૨/૩ અને ૧/૩ના પ્રમાણમાં નફોનુકસાન વહેંચી લેવાની શરતે સંયુકત સાહસમાં જોડાયા.

શેફાલીએ ₹ ૬૦,૦૦૦ અને હિતેને ₹ ૩૦,૦૦૦ ભરીને એક સંયુક્ત બેન્ક ખાતું ખોલાવ્યું. તેમની વચ્ચે કરાર કરવામાં આવ્યો કે સંયુક્ત બેન્ક ખાતાનો ઉપયોગ ખરીદ અને વેચાણ માટે કરવો.જ્યારે સંયુકત સાહસને લગતો તેમનો ખર્ચ બંનેએ વ્યક્તિગત રીતે તેમના અંગત નાણાંમાંથી ચૂકવવો. દરેક સાહસિક કરેલ વેચાણ ઉપર ૫ ટકા લેખે ક્મિશન મેળવવું. તેઓના વ્યવહારો નીચે મુજબ હતા.

૧. શેફાલીએ ₹ ૫૦,૦૦૦ ના બટાટા ખરીદ્યા.
હિતેન ₹ ૨૫,૦૦૦ની દ્રાક્ષ ખરીદી

૨. શેફાલીએ નીચેના ખર્ચ ચૂકવ્યા.

| | |
|---|---|
| જાહેરાત | ૨,૦૦૦ |
| સેલ્સમેનનો પગાર | ૩,૦૦૦ |
| વહીવટી ખર્ચ | ૧,૦૦૦ |

3. હિતેને નીચેના ખર્ચ ચૂકવ્યા.

| | |
|---|---|
| મજૂરી | ૬૦૦ |
| વીમો | ૩૦૦ |
| ભાડું | ૨૦૦ |
| જકાત ખર્ચ | ૪૦૦ |

૪. શેફાલીએ ૪/૫ ભાગના બટાટાનું ₹ ૬૦,૦૦૦માં વેચાણ કર્યું. જ્યારે હિતેને ૪/૫ ભાગની દ્રાક્ષ ₹ ૩૦,૦૦૦માં વેચાણ કરી.

૫. ₹ ૧૦,૦૦૦(બટાટા) અને ₹ ૫૦૦૦(દ્રાક્ષ) ની પડતર કિંમતનો માલ અનુક્રમે શેફાલી અને હિતેન લઇ ગયા.

ઉપરની માહિતી પરથી તૈયાર કરો :

(૧) સંયુકત સાહસ ખાતું (૨) સંયુક્ત બેન્ક ખાતું (૩) સાહસિકો નાં વ્યક્તિગત ખાતા.

**(ગુ.યુનિ., એફ.વાય. માર્ચ,૧૯૯૮)**

**( જવાબો :** સંયુકત સાહસ ખાતાનો નફો ₹ ૧૮,૦૦૦, સંયુક્ત બેન્ક ખાતા માંથી શેફાલીને ₹ ૭૧,૦૦૦ અને હિતેનને ₹ ૩૪,૦૦૦ ચૂકવાશે.)

**૧૭.** દિપાલી અને દેવાંશી રમકડાં ખરીદી અને વેચવાના સહિયારા સાહસમાં જોડાયા. તેઓ નફો-નુકશાન ૩:૧ ના પ્રમાણમાં વહેંચતા હતા. તેઓએ ₹ ૭૫૦૦૦ ની કિંમતના રમકડા ખરીદ્યા. જે રકમ દિપાલીએ ચૂકવેલી. દિપાલીએ દેવાંશી પર ₹ ૫૦,૦૦૦ ની ૩ માસની હૂંડી લખી. આ હૂંડી દિપાલીએ ૧૦% વટાવે વટાવેલી. સહિયારા સાહસના વ્યવહારો નીચે મુજબ હતા.

(૧) દિપાલીએ ₹ ૫૦૦ ગાડીભાડું, ₹ ૧,૫૦૦ વેચાણ પર કમિશન અને ₹ ૨૫૦ મુસાફરી ખર્ચના ચૂકવ્યા.

(૨) દેવાંશીએ ₹ ૨૦૦ મુસાફરી ખર્ચના અને ₹ ૩૦૦ પરચૂરણ ખર્ચના ચૂકવ્યા.

(૩) દિપાલીએ ₹ ૫૩,૫૦૦માં રમકડાનું વેચાણ કર્યું. પરંતુ ૧,૦૦૦ નુકશાની માલનું વળતર આપેલ.

(૪) દેવાંશીએ ₹ ૩૭,૫૦૦માં રમકડાનું વેચાણ કર્યું.

₹ ૩,૦૦૦ અને ₹ ૪,૫૦૦ની કિમંતના નહિ વચાયેલ રમકડાં અનુક્રમે દિપાલી અને દેવાંશીએ મૂળકિંમત વત્તા કુલ વેચાણ પર કાચા નફાની ટકાવારી પ્રમાણે જે કિમંત આવે તે કિમંતે રાખી લીધા. દિપાલીને ગોદામ ભાડાં તેમજ વીમા પ્રીમિયમ અંગે ખર્ચના ₹ ૭૫૦ જમા આપવાના છે. હૂંડીના સંબંધમાં ખર્ચ સહિયારા સાહસનો ખર્ચ ગણવાનો છે.

તમારે દિપાલીના ચોપડામાં સંયુક્ત સાહસનું ખાતુંઅને દેવાંશીનું ખાતું તથા દેવાંશીના ચોપડામાં દિપાલીનું ખાતું તૈયાર કરવાનું છે.

**(સૌ. યુનિ. એફ.વાય.,એપ્રિલ-૨૦૦૧)**

**જવાબ :** (સંયુક્ત સાહસનો નફો ₹ ૨૦,૨૫૦ પડતર પર કાચા નફાનું પ્રમાણ ૧/૩ (માલની કુલ પડતર ₹ ૭૫૦૦૦- આખર સ્ટોકની પડતર ₹ ૭,૫૦૦ વેચેલ માલની પડતર ₹ ૬૭,૫૦૦ જે ₹ ૯૦,૦૦૦માં વેચેલ છે તેથી કાચો નફો ₹ ૨૨,૫૦૦) તેથી ૬૭,૫૦૦ = ૧/૩, દિપાલીએ લીધેલ માલની કિંમત ₹ ૪,૦૦૦ (પડતર ₹ ૩,૦૦૦ +૧/૩ લેખે નફો ૧,૦૦૦).

**૧૮.** તા. ૦૧-૦૪-૨૦૧૭ ના રોજ હિતેષ અને શૈલષે સરખે હિસ્સે નફોનુકસાન વહેંચી લેવાની શરતે એક સંયુક્ત સાહસમાં જોડાયા. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે હિતેષને તેણે કરેલા વેચાણ પર ૫% લેખે કમિશન આપવું અને શૈલેષને માસિક ₹ ૧૦૦૦ પગાર આપવો.

તા. ૩૧-૦૩-૨૦૧૮ ના રોજ પૂરા થતા સમયના સંયુક્ત સાહસના વ્યવહારો નીચે મુજબ હતા.

(૧) હિતેષે ₹ ૪૪,૦૦૦નો માલ પોતાના સ્ટોક્માંથી આપ્યો અને ₹ ૨,૫૦૦ નૂર તથા વીમાના ચૂકવ્યા.

(૨) શૈલેષે ₹ ૪૦,૦૦૦ નો માલ ૧૦% વેપારી વટાવે ખરીદી સંયુકત સાહસમાં આપ્યો અને ₹ ૧,૫૦૦ નૂર તથા ગાડીભાડાના ચૂકવ્યા.

(૩) હિતેષે કેટલોક માલ ₹ ૧,૦૦,૦૦૦ ની કિંમતે વેચ્યો અને વેચાણખર્ચના ₹ ૨,૦૦૦ ચૂકવ્યા.

(૪) હિતેષે નહીં વેચોયેલો બાકીનો ₹ ૨૦,૦૦૦નો માલ પડતર કિંમત ઉપર ૨૦% નફો ચઢાવીને વેચ્યો અને ₹ ૧,૧૮૦ જાવક માલ ગાડીભાડાના ચૂકવ્યા.

(૫) શિલ્પા સ્ટેશનરી માર્ટમાંથી સંયુક્ત સાહસ માટે ઉધાર ખરીદેલ સ્ટેશનરીના ₹ ૫૦૦ શૈલેષે ચૂકવવાનું કબૂલ્યું.

(૬) તા. ૩૧-૦૩-૨૦૧૮ ના રોજ સંયુક્ત સાહસનો ધંધો બંધ કરી બંને ભાગીદારોએ પોતાના હિસાબો ચૂકતે કર્યા.

ઉપરની વિગતો પરથી તૈયાર કરો.

(અ) હિતેષના ચોપડે : (૧) સંયુક્ત સાહસ ખાતું અને (૨) શૈલેષનું ખાતું.

(બ) શૈલેષના ચોપડે : (૧) સંયુક્ત સાહસ ખાતું અને (૨) હિતેષનું ખાતું.

**(ગુ. યુનિ. એફ.વાય.,એપ્રિલ- ૨૦૦૨, સુધારેલ)**

**જવાબ :** (સંયુકત સાહસ ખાતા નો નફો ₹ ૧૬,૦૦૦, હિતેષને કમિશન ₹ ૧૨,૫૨૦, શૈલેષને પગાર ₹ ૯,૦૦૦, હિતેષે બાકી રહેલ માલ ₹ ૨૫,૨૦૦માં વેચ્યો. (₹ ૨૦,૦૦૦નો માલ + પ્રમાણસર ખર્ચા ₹ ૧,૦૦૦ (૪,૦૦૦ × ૨૦,૦૦૦/૮૦,૦૦૦) = ૨૧,૦૦૦ + ૨૦% નફો ₹ ૪,૨૦૦ = સંયુકત સાહસના ધંધા માટે અલગ ચોપડા રાખવામાં આવે ત્યારે :)

૧૯. આદમ અને ઇવ એક મકાન બાંધવાના સંયુકત-સાહસમાં જોડાયા. તેઓ નફો-નુકસાન ૩:૨ ના પ્રમાણમાં વહેચશે. સંયુકત સાહસના ધંધા માટે દરેકે ₹ ૮,૦૦,૦૦૦ ભરી બેન્કમાં સંયુક્ત બેન્ક ખાતું ખોલાવ્યું.

કરાર કિંમત ₹ ૩૦,૦૦,૦૦૦ નક્કી થઇ, જેમાંથી ૮૦% રોકડમાં અને બાકીના ૨૦% કરાર આપનાર ડિબેન્ચર્સમાં ચૂકવવાની હતી.

સંયુક્ત બેન્ક ખાતા માંથી નીચે પ્રમાણે ખર્ચ ચૂકવ્યા છે.

| | |
|---|---|
| ડિઝાઇન અને આર્કિટેક્ટ ફી | ૧,૦૦,૦૦૦ |
| માલ સામાન ખર્ચ | ૧૦,૦૦,૦૦૦ |
| મજૂરી ખર્ચ | ૪,૦૦,૦૦૦ |

આ ઉપરાંત, ₹ ૨,૦૦,૦૦૦ની કિંમતનો માલ આદમ પોતાના ગોડાઉનમાંથી પૂરો પાડે છે. ઇવે સુપરવાઇઝર તરીકે સેવા આપી છે, જે કરાર કિંમતના ૨% લેખે મહેનતાણું મેળવવા માટે તેઓ હકદાર છે.

કરાર પૂરો થતાં નક્કી થયા મુજબ કરાર કિંમત મળી. મળેલા ડિબેન્ચર્સ પૈકી ₹ ૪,૦૦,૦૦૦ નાં ડિબેન્ચર્સ ૨૦%ના વટાવથી વેચવામાં આવે છે અને બાકીના ડિબેન્ચર્સ આદમ અડધી કિંમતે ખરીદી લે છે. સંયુક્ત બેન્ક ખાતા માંથી સાહસિકોને તેમની રકમ ચૂકવી આપવામાં આવે છે.

ઉપરની વિગતો પરથી તૈયાર કરો.

(૧) સંયુક્ત સાહસ ખાતું (૨) સાહસિકોના ખાતા

(૩) સંયુક્ત બેંન્ક ખાતું (૪) કરાર આપનારાના ડિબેન્ચર્સનું ખાતું

**(ગુ. યુનિ. એફ. વાય., માર્ચ, ૧૯૯૭, ઉ.ગુ. યુનિ., એફ. વાય., એપ્રિલ, ૨૦૧૫)**

**જવાબ:** (સંયુકત સાહસ નો નફો ₹ ૧૦,૬૦,૦૦૦ (૬,૩૬,૦૦૦ + ૪,૨૪,૦૦૦) છેવટે આદમને ₹ ૧૫,૩૬,૦૦૦ અને ઇવને ₹ ૧૨,૮૪,૦૦૦ ચૂકવવા પડશે. ડિબેન્ચર ₹ ૪,૦૦,૦૦૦ના ૨૦% વટાવે વેચતાં ₹ ૮૦,૦૦૦ સંયુકત સાહસ ખાતે ઉધારાશે. જ્યારે આદમે ₹ ૨,૦૦,૦૦૦ની કિંમતના ડિબેન્ચર ₹ ૧,૦૦,૦૦૦ની ક્મિંતે ખરીદતાં ₹ ૧,૦૦,૦૦૦નું નુકશાન સંયુકત સાહસ ખાતે ઉધારાશે.)

૨૦. કામચોર અને પ્રમાદીલાલ જમીનના ધંધાના સચુંક્ત સાહસમાં જોડાયા. તેઓ ૪:૩ પ્રમાણમાં નફો-નુકશાન વહેંચી લેવા સંમત થયા. તેઓએ અનુક્રમે ₹ ૨,૫૦,૦૦૦ અને ₹ ૩,૫૦,૦૦૦ સંયુકત બેન્ક ખાતા માં જમા કરાવ્યા.

તેઓએ ૫,૦૦૦ ચો.મીટર જમીનનો એક પ્લોટ ચો.મીટરના ₹ ૧૦૫ના ભાવે ખરીદ્યો. તેઓએ નીચે મુજબના ખર્ચ સંયુક્ત બેન્ક ખાતા માંથી ચૂકવ્યા હતા.

| | | |
|---|---|---|
| રજિસ્ટ્રેશન ચાર્જ | ₹ | ૨૨,૦૦૦ |
| સ્ટેમ્પ ડ્યૂટી | ₹ | ૧૫,૦૦૦ |
| કાનૂની સલાહકારની ફી | ₹ | ૨,૫૦૦ |
| પરચૂરણ ખર્ચા | ₹ | ૪,૨૫૦ |
| દલાલી | ₹ | ૧૨,૦૦૦ |

જમીનના પ્લોટ વેચવા તેઓએ એક પ્લાન બનાવ્યો. આ પ્લાન મુજબ કુલ જગ્યાનો ૨૦% ભાગ જાહેર રસ્તાઓ માટે અને ૧૦% ભાગ જાહેર બગીચાઓ માટે ફાજલ રાખવામાં આવ્યા. બાકીની જમીનના એકસરખા માપના ૨૫ પ્લોટ પાડવામાં આવ્યા.

કામચોરે ચો. મીટરના ₹ ૩૦૦ના ભાવે ૧૫ પ્લોટ વેચી દીધા. બાકીના પ્લોટ પ્રમાદીલાલે ચો. મીટરના ₹ ૩૨૫ના ભાવે વેચી દીધા હતાં. વેચાણના ૫% કમિશન મેળવવા બંને હકદાર છે.

તૈયાર કરોઃ (૧) સંયુક્ત સાહસ ખાતું (૨) સંયુક્ત બેન્ક ખાતું (૩) સાહસિક મૂડી ખાતા

**(સૌ. યુનિ. એફ. વાય., માર્ચ, ૨૦૦૦, ૨૦૧૫)**

**જવાબ :** સંયુક્ત સાહસનો નફો ₹ ૪,૫૦,૦૦૦ કામચોરને ₹ ૬,૪૧,૫૦૦ અને પ્રમાદીલાલને ₹ ૪,૬૨,૭૫૦ ચૂકવાશે. કુલ વેચાણ ₹ ૧૦,૮૫,૦૦૦ (કામચોર ૧૫ પ્લોટ × ૧૪૦ ચો. મીટર = ૨,૧૦૦ × ૩૦૦ = ૬,૩૦,૦૦૦ + પ્રમાદીલાલ ૧૦ પ્લોટ × ૧૪૦ ચો. મીટર = ૧૪૦૦× ૩૨૫ =૪,૫૫,૦૦૦ = ૧૦,૮૫,૦૦૦), કમિશન ₹ ૫૪,૨૫૦ (કામચોરને ૬,૩૦,૦૦૦ પર ૫% લેખે ₹ ૩૧૫૦૦ +પ્રમાદીલાલને ₹ ૪,૫૫,૦૦૦ પર ૫% લેખે ૨૨,૭૫૦ = ૫૪,૨૫૦) સંયુક્ત સાહસ ખાતા નો સરવાળો ₹ ૧૦,૮૫,૦૦૦ સંયુક્ત બેન્ક ખાતા નો સરવાળો ₹ ૧૬,૮૫,૦૦૦ દરેક પ્લોટનુ ક્ષેત્રફળ ૧૪૦ ચો. મીટર (કુલ જમીન ૫,૦૦૦ - રસ્તાઓ ૧,૦૦૦-બગીચા ૫૦૦ = ૩,૫૦૦/૨૫ પ્લોટ = ૧૪૦ ચો. મીટર.

**૨૧.** મનોજ, અશોક અને ચેતન સંયુક્ત રીતે એક રામ મંદિર જનતા માટે બાંધવાનો ₹ ૭,૫૦,૦૦૦નો કરાર લે છે. જેના નાણાં કામ પૂરું થયે ₹ ૬,૦૦,૦૦૦ રોકડા અને ₹ ૧,૫૦,૦૦૦ના ૬%ના ડિબેન્ચરમાં ચૂકવવાના હતા. તેઓએ અનુક્રમે ₹ ૧,૧૨,૫૦૦, ₹ ૬૦,૦૦૦ અને ₹ ૯૦,૦૦૦ રોકડા લાવી સંયુક્ત ખાતામાં જમા કરાવ્યા. મનોજે આર્કિટેક્ટ ફીના ₹ ૧૦,૫૦૦ ચૂકવ્યા, અશોક ₹ ૩૭,૫૦૦નું કૉંક્રિટ મિક્ષ્ચર લાવ્યા. ચેતન ₹ ૩૦,૦૦૦ની એક મોટર લાવ્યો. સંયુક્ત બેન્ક ખાતામાંથી મજૂરી ₹ ૨,૯૨,૫૦૦ માલસામાનના ₹ ૩,૬૦,૦૦૦ અને પ્લાન્ટના ₹ ૩૬,૦૦૦ ચૂકવવામાં આવ્યા. કામ પૂરું થતાં મનોજે વધેલો માલ ₹ ૨૧,૦૦૦માં અશોકે કૉંક્રિટ મિકસર મશીન ₹ ૧૮,૦૦૦માં પાછું લઇ લીધું. ચેતને ₹ ૧૨,૦૦૦માં મોટર લઇ લીધી. પ્લાન્ટ ભંગાર તરીકે ₹ ૯,૦૦૦માં વેચી નાખવામાં આવ્યો. રોકડ અને ડિબેન્ચર્સ મળી ગયા. મનોજ ₹ ૧,૨૦,૦૦૦ની નક્કી કરેલી કિંમતે ડિબેન્ચર લઇ લીધા. જરૂરી ખાતાઓ તૈયાર કરો.

**(સૌ. યુનિ. એફ. વાય., એપ્રિલ, ૨૦૦૪)**

જવાબ : (સંયુક્ત સાહસનો નફો ₹૧૩,૫૦૦ છેવટે મનોજે ₹૧૩,૫૦૦ લાવવા પડશે અને અશોકને ₹ ૮૪,૦૦૦ તેમજ ચેતનને ₹૧,૧૨,૫૦૦ ચૂકવવા પડશે. ડિબેન્ચરનું નુકશાન ₹ ૩૦,૦૦૦ સંયુક્ત સાહસ ખાતે ઉધારાશે.)

૨૨. ગોપાલ અને ગોવિંદ એક નવી સ્થપાયેલ કંપનીના દરેક ₹ ૧૦ના એવા ૫૦,૦૦૦ શેર ૩:૨ના પ્રીમિયમથી વેચાણની બાંયધરી આપવાના સંયુક્ત સાહસમાં જોડાયા. આર્ટિકલ્સ મુજબ ૪% લેખે બાંયધરી કમિશન આપવાનું હતું.

જાહેર જનતા તરફથી ૩૮,૦૦૦ શેરોની અરજીઓ મળી. બાકીના શેર નક્કી થયા મુજબ બાંયધરી આપનારે લઇ લીધા. ગોપાલ અને ગોવિંદ દરેકે ₹ ૮૦,૦૦૦ કાઢી સંયુક્ત બેન્ક ખાતામાં જમા કરાવ્યા. પરચૂરણ ખર્ચના ₹ ૫,૦૦૦ થયા. જે બેન્ક ખાતામાંથી ચૂકવ્યા. બાંયધરી કમિશનનો ચેક સાહસના અંતે તેઓએ ૧૦,૦૦૦ શેર બજારમાં દરેક ₹ ૧૪ના ભાવે વેચ્યા અને બાકીના શેર બંને સાહસિકો એ સરખે ભાગે પડતર કિંમતે રાખી લીધા. નફો સરખે હિસ્સે વહેંચવાનો હતો.

ઉપરની માહિતી પરથી જરૂરી ખાતા તૈયાર કરોઃ

**(ગુ. યુનિ., એફ. વાય., એપ્રિલ, ૨૦૦૪)**

**જવાબ :** (સંયુક્ત સાહસ ખાતાનો નફો ₹ ૩૯,૦૦૦ છેવટે સંયુક્ત બેન્ક ખાતામાંથી ગોપાલ ₹ ૮૭,૫૦૦ અને ગોવિંદને ₹ ૮૭,૫૦૦ મળશે. કમિશનને ₹ ૨૪,૦૦૦, સંયુક્ત બેન્ક ખાતા સરવાળો ₹ ૩,૨૪,૦૦૦, સંયુકત સાહસ ખાતાનો સરવાળો ₹ ૧, ૮૮,૦૦૦)

૨૩. રામ અને શ્યામે સંયુક્ત રીતે એસ. જી. હાઇવે અમદાવાદ ખાતે ભાવેશ શાહ એન્ડ કંપની માટે મલ્ટીપ્લેક્સ થિયેટર બાંધવાનો કરાર કર્યો.

કુલ કરાર કિંમત ₹ ૨૫,૦૦,૦૦૦ નક્કી થયેલ છે. જે પૈકી ૮૦% રોકડા તથા ૨૦% કંપનીના ઇક્વિટી શેરોમાં ચૂકવાશે.

તેઓએ સંયુક્ત બેન્ક ખાતું ખોલાવીને તેમાં દરેક ભાગીદારે ₹ ૮,૦૦,૦૦૦ ભર્યા.

બાંધકામના પડતરની વિગતો નીચે મુજબ હતી.

| | | | |
|---|---|---|---|
| માલસામાન | ૭,૫૦,૦૦૦ | એન્જિનિયર તથા આર્કિટેક્ટની ફી | ૨૫,૦૦૦ |
| મજૂરી | ૬,૦૦,૦૦૦ | પરચૂરણ ખર્ચા | ૧,૨૦,૦૦૦ |
| મશીનનું ભાડું | ૫૦,૦૦૦ | | |

સંયુક્ત સાહસ પૂર્ણ થતાં રામે ₹ ૨૦,૦૦૦ની કિંમતે માલસામાનનો સ્ટોક તથા શ્યામે કંપનીના ઇક્વિટી શેર ₹ ૪,૭૫,૦૦૦માં લઇ લીધા.

અલગ ચોપડામાં સંયુકત સાહસ માટે જરૂરી ખાતાઓ બનાવો.

**(ગુ. યુનિ. એફ. વાય., માર્ચ, ૨૦૦૬, સૌ. યુનિ. એફ. વાય., એપ્રિલ, ૨૦૧૫)**

**જવાબ :** (સંયુકત સાહસનો નફો ₹ ૯,૫૦,૦૦૦ ઇ. શેરનું નુકશાન ₹ ૨૫,૦૦૦ સંયુકત સાહસ ખાતે ઉધારાશે. છેવટે સંયુક્ત બેન્ક ખાતા માંથી રામને ₹ ૧૨,૫૫,૦૦૦ અને શ્યામને ₹ ૮,૦૦,૦૦૦ મળશે. સંયુક્ત સાહસનો સરવાળો ₹ ૨૫,૨૦,૦૦૦ અને સંયુકત બેંક ખાતા નો સરવાળો ₹ ૩૬,૦૦,૦૦૦)

૨૪. કિરીટ, નિલેશ અને રાજેશ એક કંપનીના મકાન બાંધકામ માટે સંમત થયા. તેઓએ નફો-નુકશાન અનુક્રમે ૩:૨:૧ ના પ્રમાણમાં વહેંચવાનું નક્કી કર્યું. તેઓએ તેમના સંયુકત બેંક ખાતામાં ₹ ૫,૪૦,૦૦૦ તેમના ન.નુ. ના પ્રમાણમાં જમા કરાવ્યા.

સંયુક્ત બેન્ક ખાતામાંથી ખર્ચા નીચે પ્રમાણે ચૂકવેલ હતા.

મજૂરી ₹ ૩,૯૦,૦૦૦ માલસામાન ₹ ૬,૧૦,૦૦૦, પ્લાન્ટ ₹ ૪૦,૦૦૦.

આર્કિટેક્ટ ફીના ₹ ૩૦,૦૦૦ કિરીટે ચૂકવેલ છે. ₹ ૫૫,૦૦૦ની કિંમતનું મિક્ષ્ચર મશીન નિલેશ લાવેલ છે. જ્યારે રાજેશ ₹ ૪૦,૦૦૦નું વાહન લાવેલ છે.

પૂરા થયેલ કામને અંતે બાકી વધેલ માલનો સ્ટોક કિરીટ ₹ ૨૫,૦૦૦ની કિંમતે લઇ ગયો. મિક્ષ્ચર મશીન ₹ ૨૦,૦૦૦ની કિંમતે નિલેષ લઇ ગયો અને વાહન રાજેશ ₹ ૩૦,૦૦૦ની કિંમતે લઇ ગયો. પ્લાન્ટ ના ₹૧૦,૦૦૦ ઉપજ્યા.

₹ ૯૦,૦૦૦ (કરાર કિંમતના ૭૫% મુજબ) બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે અને બાકીના ૧૨%ના ડિબેન્ચરના સ્વરૂપમાં મળ્યા હતા. ડિબેન્ચર્સ ૨૦% ઓછી કિંમતે કિરીટ ખરીદી લે છે.

સાહસિકો વચ્ચે હિસાબની પતાવટ થઇ ગયેલ છે તેમ ધારી સંયુક્ત સાહસ ખાતું, સંયુક્ત બેન્ક ખાતું, અનેસાહસિકોનાં મૂડી ખાતા પેઢીના ચોપડે તૈયાર કરો.

**(સૌ. યુનિ. એફ. વાય., માર્ચ, ૨૦૦૨, ૨૦૦૬, ૨૦૦૯; દ.ગુ. યુનિ., ૨૦૦૭, ૨૦૧૧)**

**જવાબ :** (સંયુક્ત સાહસ ખાતાનો નફો ₹ ૬૦,૦૦૦ છેવટે સંયુક્ત બેન્ક ખાતામાંથી કિરીટને ૬૫,૦૦૦, નિલેશને ₹ ૨,૩૫,૦૦૦ અને રાજેશને ₹૧,૧૦,૦૦૦ મળશે. સંયુક્ત સાહસ ખાતાનો સરવાળો ₹૧૨,૮૫,૦૦૦, સંયુક્ત બેંક ખાતા નો સરવાળો ₹ ૧૪ ,૫૦,૦૦૦)

**૨૫.** અ, બ અને ક ૫:૩:૨ ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચી સંયુક્ત સાહસમાં જોડાયા. તેઓએ ₹ ૯,૦૦,૦૦૦ સંયુક્ત બેંક ખાતામાં નફાનુકસાન વહેંચણી પ્રમાણમાં જમા કરાવ્યા.

સંયુક્ત બેંક ખાતમાંથી ચૂકવેલ ખર્ચા.

માલસામાન ₹ ૩,૦૦,૦૦૦, મજૂરી ₹ ૫૦,૦૦૦ યંત્રો ₹ ૨૦,૦૦૦, ભાડું ₹ ૨૫,૦૦૦, જાહેરાત ₹ ૧૫,૦૦૦, કમ્પ્યૂટર (અ લાવેલ) ₹ ૪૦,૦૦૦ વાહન (બ લાવેલ) ₹ ૮૦,૦૦૦, વીમા ખર્ચ (ક એ ચૂકવેલ) ૧૦,૦૦૦.

₹ ૮,૦૦,૦૦૦ (કરાર કિંમતના ૮૦% મુજબ) રોકડા અને બાકીના ડિબેન્ચર્સ મળ્યા. આ ડિબેન્ચર્સ બ એ ૧૦% ઓછી કિંમતે ખરીદી લીધા.

કરાર પૂર્ણ થતાં વધેલો માલ અ ₹ ૨૦,૦૦૦ માં લઇ ગયા. કમ્પ્યુટર બ ₹ ૩૦,૦૦૦માં લઇ ગયા, વાહન ક ₹ ૪૦,૦૦૦ માં લઇ ગયા. સાહસિકો વચ્ચે હિસાબની પતાવટ થઇ.

સંયુકત સાહસ ખાતું, સંયુકત બેન્ક ખાતું અને સાહસિકોના ખાતા તૈયાર કરો.

**(સૌ. યુનિ. એફ. વાય., એપ્રિલ, ૨૦૦૭)**

**જવાબઃ** (સંયુક્ત સાહસનો નફો ₹ ૫,૩૦,૦૦૦ છેવટે સંયુક્ત બેન્ક ખાતામાંથી 'અ' ને ₹ ૭,૩૫,૦૦૦, 'બ' ને ₹ ૨,૯૯,૦૦૦ અને 'ક' ને ₹ ૨,૫૬,૦૦૦ મળશે. બેંક ખાતાનો સરવાળો ₹ ૧૦,૯૦,૦૦૦, સંયુક્ત બેંક ખાતાનો સરવાળો ₹ ૧૭,૦૦,૦૦૦)

**૨૬.** અમદાવાદના આમ અને બરોડાના બામ ટીવી વેચાણ અંગે અને નફો-નુકસાન ૧:૨ ના પ્રમાણમાં વહેચવા સંયુક્ત સાહસમાં જોડાયા છે. આમ ₹ ૨,૦૦,૦૦૦ અને બામ ₹ ૪,૦૦,૦૦૦ સંયુક્ત સાહસ પેટે કાઢીને સંયુક્ત બેંક ખાતું ખોલાવે છે. આમ ₹ ૭,૦૦૦ નું એક એવા ૩૦ ટીવી ખરીદે છે અને તેનાં નાણાં બેંકમાંથી ચૂકવે છે. જકાતના અને વીમા પ્રીમિયમના ₹ ૮૦૦ અને ₹ ૨,૨૦૦ આમ પોતાની ખાનગી રોકડમાંથી આપે છે. બામ ₹ ૬,૦૦૦નું એક એવા ૨૦ ટીવી ખરીદે છે. અને તેનાં નાણાં સંયુક્ત બેંકમાંથી ચૂકવે છે. રસ્તામાં ૫ ટીવીને નુકસાન થયું હતું. તે સિવાય બધા ટીવી દરેક ₹ ૮,૦૦૦ની કિંમતે વેચાઇ ગયા. બામે નુકસાન પામેલ ૫ ટીવી પર દરેક નંગદીઠ ₹ ૫૦૦ સમારકામ અંગે ખર્ચ્યા અને તેનાં નાણાં પોતાની અંગત રોકડમાંથી ચૂકવ્યા. બામે નુકસાનીવાળા ટીવી દરેક ₹ ૮,૦૦૦ ની કિંમતે વેચી દીધા.

સંયુકત સાહસ ખાતું, સંયુકત બેન્ક ખાતું અને સાહસિકોના ખાતા તૈયાર બનાવો.

(ગુ. યુનિ. એફ. વાય., માર્ચ, ૨૦૦૮)

જવાબઃ (સંયુક્ત સાહસ નો નફો ₹ ૬૪,૫૦૦ છેવટે સંયુક્ત બેન્ક ખાતા માંથી આમ ને ₹ ૨,૨૪,૫૦૦, બામ ને ₹ ૪,૪૫,૦૦૦ મળશે. સંયુકત સાહસ ખાતા નો સરવાળો ₹ ૪,૦૦,૦૦૦ અને સંયુક્ત બેંક ખાતા નો સરવાળો ₹ ૧૦,૦૦,૦૦૦)

૨૭. દીપક અને કૃણાલ નવા વર્ષની ભેટની વસ્તુની ખરીદ-વેચાણ માટે સંયુક્ત સાહસમાં જોડાયા. તેઓ નફો નુકસાન સરખા ભાગે વહેંચી લેશે. દીપકે ₹ ૯૦,૦૦૦નો માલ ખરીદ્યો અને કૃણાલ પર ₹ ૬૦,૦૦૦ની ૩ માસની હૂંડી લીધી. આ હૂંડી બેંકમા વાર્ષિક ૧૦%ના દરે વટાવી.

સંયુક્ત સાહસના અન્ય વ્યવહારો નીચે મુજબ છે :

(૧) દીપકે ₹ ૬૦૦ ભાડાના, ₹ ૧,૮૦૦ વેચાણ કમિશનના અને ₹ ૧,૨૦૦ જાહેરાત ખર્ચના ચૂકવ્યા.

(૨) કૃણાલે ₹ ૬૦૦ મુસાફરી ખર્ચના ચૂકવ્યા.

(૩) દીપકે થોડો માલ ₹ ૬૩,૯૬૦ માં વેચ્યો અને આમાંનો થોડો માલ ખરાબ હોવાથી એક ગ્રાહકને ₹ ૧,૦૦૦ વળતર આપ્યું.

(૪) કૃણાલે ₹ ૪૫,૦૪૦માં માલ વેચ્યો.

બન્ને પાસેથી નહિ વેચાયેલ માલ ₹ ૩,૬૦૦ અને ₹ ૫,૪૦૦ હતો. આ માલ અનુક્રમે દિપકે અને કૃણાલે મૂળ કિંમત પર કાચા નફાનો દર જે મળ્યો હોય તે ચઢાવીને જે કિંમત નક્કી થાય તે કિંમતે લઈ લીધો. હૂંડીનો વટાવ સંયુક્ત સાહસનો ખર્ચ ગણવાનો છે.

તૈયાર કરો :

(૧) દિપકના ચોપડે - સંયુક્ત સાહસ ખાતું અને કૃણાલનું ખાતું.

(૨) કૃણાલના ચોપડે - સંયુક્ત સાહસ ખાતું અને દિપકનું ખાતું.

(સૌ. યુનિ. એફ. વાય., માર્ચ, ૨૦૦૮, ગુ. યુનિ., એફ. વાય., એપ્રિલ, ૨૦૧૪)

જવાબ : (સંયુક્ત સાહસનો નફો ₹ ૨૪,૩૦૦ કુલ ખરીદી ₹ ૯૦,૦૦૦ બાદ સ્ટોક ₹ ૯,૦૦૦ = ૮૧,૦૦૦ની પડતરનો માલ ₹ ૧,૦૮,૦૦૦ (૬૨,૯૬૦+ ૪૫,૦૪૦) માં વેચ્યો, તેથી નફો ₹ ૨૭,૦૦૦, જે પડતરના ૩૩.૩૩% જેટલો થાય છે. તેથી દિપકે ₹ ૪,૮૦૦ (₹ ૩,૬૦૦ + ૩૧,૨૦૦) અને કૃણાલે ₹ ૭,૨૦૦(₹ ૫,૪૦૦ + ૩૧,૮૦૦)માં સ્ટોક લીધો. દીપકે કૃણાલને ₹ ૨૦,૫૧૦ ચૂકવવાના રહેશે)

૨૮. રાધા અને મીરા જમીનનો એક ટુકડો ખરીદી કૃષ્ણનગી હાઉસીંગ સોસાયટી બાંધવા માટેના સંયુક્ત સાહસમાં જોડાયા.

તેમણે નફો-નુકસાન અનુક્રમે ૩:૨ના પ્રમાણમાં વહેંચવાનું નક્કી કર્યું.

તેઓએ ૩૦,૦૦૦ ચો. મીટર જમીન એક ચો. મી. ના ₹ ૭૫ ના ભાવે ખરીદી. જેનાં નાણાં સંયુક્ત બેંક ખાતા માંથી ચૂકવ્યા.

આ માટે તેઓએ નીચે પ્રમાણેના ખર્ચા ચૂકવ્યા :

| વિગત | ₹ |
|---|---|
| જમીન સમતલ કરવાનો ખર્ચ | ૭૫,૦૦૦ |
| મ્યુનિસિપલ કરવેરા | ૧૫,૦૦૦ |
| દસ્તાવેજ વકીલ, સ્ટેમ્પ ડ્યૂટી ખર્ચ | ૩૦,૦૦૦ |
| રાધાએ કમ્પાઉન્ડ વૉલના ચૂકવ્યા | ૩૬,૦૦૦ |
| મીરાએ આર્કિટેક્ટ ફીના ચૂકવ્યા | ૨૪,૦૦૦ |
| વૃક્ષોના વેચાણની આવક | ૩૦,૦૦૦ |

જમીનના ૫૦૦ ચો.મી. ના પ્લોટ પાડી વેચવાનું નક્કી કર્યુ. જમીનનો ૧/૬ ભાગ જાહેર રસ્તાઓ માટે છોડવામાં આવ્યો. રૂકમણીએ ૮૦% પ્લોટ પડતર પર ૫૦% નફો ચઢાવી વેચ્યો.
રૂકમણીને વેચાણ પર ૫% કમિશન આપવામાં આવે છે. મીરાએ ૧૬% પ્લોટ પર પડતર પર ૨૫% નફો ચઢાવીને કેટલીક ગોપીઓને વેચ્યા.
રાધા અને મીરાએ બાકીના પ્લોટ સરખે હિસ્સે પડતર ભાવે વહેંચી લીધા. ખરીદ, વેચાણ અને ખર્ચાઓ સંબંધિત વ્યવહારો સંયુક્ત
બેન્ક દ્વારા થાય છે. સાહસિકો વચ્ચે હિસાબની પતાવટ થઇ ગયેલ છે. એમ ધારી સંયુક્ત સાહસ ખાતું., સંયુક્ત બેંક ખાતું અને સાહસિકોનાં ખાતા પેઢીના ચોપડે તૈયાર કરો.

**(દ.ગુ. યુનિ. એફ. વાય., માર્ચ, ૨૦૦૮)**

**જવાબ :** સંયુક્ત સાહસનો નફો ₹ ૯,૧૨,૦૦૦, રાધાને ₹ ૨૩,૩૫,૨૦૦ અને મીરાને ₹ ૧૫,૪૦,૮૦૦ ચૂકવાશે.

**સમજૂતીઃ** (૧) કુલ ૩૦,૦૦૦ ચો. મીટર જમીન પૈકી ૧/૬ = ૫,૦૦૦ ના મીટર રસ્તાઓ માટે છોડતાં બાકીની ૨૫,૦૦૦ ચો. મીટર જમીનના ૫૦૦ ચો. મીટરનો એક એવા ૫૦ પ્લોટ બનશે. જમીનની ખ.કિં. ₹ ૨૨,૫૦,૦૦૦ + ખર્ચા ૧,૮૦,૦૦૦ - વૃક્ષોના વેચાણની આવક. ₹ ૩૦,૦૦૦ = (₹ **૩,૨૪,૦૦,૦૦૦**) કુલ પડતર થશે. તેથી દરેક પ્લોટની પડતર ₹ ૨૪,૦૦,૦૦૦/૫૦ પ્લોટ = ₹ ૪૮,૦૦૦ થશે. (૨) રૂકમણીએ ૫૦ પ્લોટના ૮૦% = ૪૦ પ્લોટ વેચ્યા છે, જે દરેકની પડતર ₹ ૪૮,૦૦૦ + ૫૦% નફો ₹ ૨૪,૦૦૦ = ₹ ૭૨,૦૦૦ વે.કિ. લેખે કુલ વેચાણ ₹ ૨૮,૮૦,૦૦૦ થશે. (૩) મીરાએ ૫૦ પ્લોટના ૧૬% = ૮ પ્લોટ વેચ્યા છે, જે જે દરેકની પડતર ₹ ૪૮,૦૦૦ + ૨૫% નફો = ₹ ૧૨,૦૦૦ = ₹ ૬૦,૦૦૦ વે.કિ. લેખે કુલ વેચાણ ₹ ૪,૮૦,૦૦૦ થશે. બાકી વધેલ ૨ પ્લોટ (૫૦ પ્લોટના ૪%) બંને સાહસિકોએ સરખે હિસ્સે એટલે કે દરેક સાહસિકે ૧ પ્લોટ પડતર કિંમત ₹ ૪૮,૦૦૦ લેખે લીધેલ ગણાશે.

**૨૯.** તા. ૦૧-૧૦-૨૦૧૭ ના રોજ જય અને વિજય ૨:૧ ભાગ સંયુકત સાહસના ધંધામાં જોડાયા. તેમણે તેમના સંયુક્ત બેંક ખાતામાં અનુક્રમે ₹ ૧,૦૦,૦૦૦ અને ₹ ૫૦,૦૦૦ જમા કરાવ્યા અને ઠરાવ્યું કે સંયુક્ત બેંક ખાતા નો ખરીદ અને વેચાણ માટે કરવો, જ્યારે સંયુક્ત સાહસના ખર્ચા દરેક ભાગીદારે પોતાની અંગત રોકડમાંથી ચૂકવવાના છે. જયને સામાન્ય વહીવટ માટે વાર્ષિક ₹ ૧૦,૦૦૦ લેખે પગાર આપવાનો છે. અને વિજયને તેણે કરેલા વેચાણ પર ૧૦% કમિશન આપવાનું છે. જયે ₹ ૧,૦૦,૦૦૦નો માલ ખરીધો અને ખર્ચના ₹ ૫,૦૦૦ ચૂકવ્યા.વિજયે કેટલોક માલ ₹ ૧,૦૦,૦૦૦ માં વેચ્યો અને વેચાણ ખર્ચના ૨,૦૦૦ ₹ ચૂકવ્યાં. ₹ ૩૪,૦૦૦ની કિંમતનો નહિ વેચાયેલો માલ જે રાખી લીધો. તા. ૩૧-૩-૨૦૧૮ના રોજ હિસાબોની પતાવટ કરવામાં આવી.
સંયુકત સાહસ ખાતું, સંયુક્ત બેન્ક ખાતું અને સાહસિકોનાં ખાતા તૈયાર કરો.

**(ઉ.ગુ. યુનિ. એફ. વાય., માર્ચ, ૨૦૦૮, સુધારેલ)**

**જવાબ :** (સંયુકત સાહસ ખાતાનો નફો ₹ ૧૨,૦૦૦ છેવટે સંયુકત બેન્ક ખાતામાંથી જયને ₹ ૮૪,૦૦૦ અને વિજયને ₹ ૬૬,૦૦૦ મળશે. સંયુક્ત બેંક ખાતાનો સરવાળો ₹ ૨,૫૦,૦૦૦ સંયુકત સાહસ ખાતાનો સરવાળો ₹ ૧,૩૪,૦૦૦)

**૩૦.** તા.૦૧-૦૭-૨૦૧૭ ના રોજ અમદાવાદના જય અને પ્રકાશ, ધવડાના દિનેશને આડત માલ મોકલવા એક સંયુકત સાહસમાં જોડાયા. તેઓએ અનુક્રમે ૩:૨ ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચવાનું નક્કી કર્યું હતું.

જયે ₹ ૮૦,૦૦૦નો માલ પોતાના સ્ટોકમાંથી તથા ₹ ૪૦,૦૦૦નો માલ ૧૦%ના વેપારી વટાવે બજારમાંથી ખરીદીને દિનેશને વેચવા મોકલ્યો તેમજ માલ મોકલતી વખતે નૂર તથા અન્ય ખર્ચના ₹ ૪,૦૦૦ ચૂકવ્યા.

પ્રકાશે ₹ ૬૦,૦૦૦નો માલ ૧૦% વેપારી વટાવે સોહન પાસેથી શાખ પર ખરીદીને દિનેશને વેચવા મોકલ્યો. તેમજ માલ મોકલતી વખતે નૂર તથા અન્ય ખર્ચના ₹ ૨,૦૦૦ ચૂકવ્યા.

તા. ૩૧-૦૩-૨૦૧૮ ના રોજ દિનેશ પાસેથી મળેલ વેચાણ આંકડા પરથી નીચેની માહિતી પ્રાપ્ત થઇ.

(૧) તેણે બધો જ માલ ₹ ૨,૪૦,૦૦૦ માં વેચી દીધો હતો.

(૨) તેણે ખર્ચના ₹ ૨,૦૦૦ ચૂકવ્યા હતા.

(૩) તેણે ₹ ૧,૪૦,૦૦૦ ની એક હૂંડી સ્વીકારીને જયને મોકલી આપી હતી.

(૪) તેણે કરેલ ખર્ચની તથા વેચાણ પર ૫% લેખે તેના કમિશનની રકમ કાપીને બાકીના નાણાં ચૂકતેના હિસાબે પ્રકાશને
બેંક ડ્રાફ્ટથી મોકલી આપ્યા હતા.

તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ જય અને પ્રકાશે સંયુક્ત સાહસનો વેપાર બંધ કર્યો અને તેઓએ સંયુક્ત સાહસ અંગેના પરસ્પરના હિસાબો ચૂકતે કરી દીધા હતા.

ઉપરની માહિતી પરથી જયના ચોપડે તૈયાર કરો.

(૧)સંયુક્ત સાહસ ખાતું

(૨) પ્રકાશનું ખાતું.

(૩)દિનેશનું ખાતું.

**(ગુ. યુનિ. એફ. વાય., માર્ચ, ૨૦૦૯, સુધારેલ)**

**જવાબ : (સંયુકત સાહસ ખાતા નો નફો ₹ ૫૦,૦૦૦ (૩૦,૦૦૦ અને ૨૦,૦૦૦), પ્રકાશ પાસેથી મળેલ રકમ ₹ ૧૦,૦૦૦, દિનેશ પાસેથી મળેલ ડ્રાફ્ટ ₹ ૮૬,૦૦૦)**

**૩૧.** અમર અને અકબર U.K. Co. Ltd. ના ₹ ૧૦ નો એક એવા ૨,૦૦,૦૦૦ ઇક્વિટી શેર ભરપાઇ થવા સુધી અને વહેંચણી સુધીના તમામ ખર્ચા ચૂકવવાની બાંયધરી આપી સંયુક્ત સાહસમાં જોડાયા. કંપની બાંયધરી કમિશન પેટે ઇક્વિટી શેરના ૫% બીજા વધારાના ઇક્વિટી શેર દરેક ₹ ૧૦નો પૂરેપૂરા ભરપાઇ થયેલા આપવા સહમત થઇ.

તેઓએ ₹ ૨,૦૦,૦૦૦ તેમના સંયુક્ત બેંક ખાતા માં ૩:૨ ના નફો-નુકસાન વહેંચવાના પ્રમાણમાં ભર્યા.

તેઓએ ઇ. શેર મૂડીના ૧% ખર્ચ સંયુક્ત બેંક ખાતામાંથી ચૂકવ્યા.

ભરણાના અંતે ખબર પડી કે જાહેર જનતા પાસેથી ૫% ઇ. શેરની અરજીઓ ઓછી મળી. આ શેર ખરીદવા ૮૦% રકા રકમ સંયુક્ત બેંક ખાતામાંથી ચૂકવી. જ્યારે બાકીની રકમના ૬૦% અમરે ચૂકવી અને ત્યારબાદ બાકી રહેતી રકમ અકબરે ચૂકવી.

સંયુક્ત બેંક ખાતા માંથી અને ખર્ચ પેટે ચૂકવેલ રકમના ૧૨% અમરે અને ૬% અકબરે અન્ય ખર્ચ પેટે ચૂકવ્યા.

કંપનીએ બાંયધરી કમિશન પેટે ઇક્વિટી શેર આપ્યા. અમરે ૬૦% શેર મૂળ કિંમત પર ૨૦% નફો ચઢાવી વેચ્યા. જ્યારે બાકીના શેર અકબરે મૂ.કિં. પર ૨૫% નફો ચઢાવી વેચ્યા. જે રકમ સંયુક્ત બેંક ખાતામાં ભરી. બંને ભાગીદારોને તેમણે વેચાણ પર ૫% કમિશન લેવા હકદાર છે.

સંયુકત સાહસ ખાતું, સંયુક્ત બેન્ક ખાતું અને સાહસિકો ના મૂડી ખાતા તૈયાર કરો.

**(દ. ગુ. યુનિ. એફ. વાય., માર્ચ, ૨૦૦૯)**

**જવાબ :** (સંયુક્ત સાહસ ખાતાનો નફો ₹ ૯૩,૮૦૦ છેવટે સંયુક્ત બેન્ક ખાતામાંથી અમરને ₹ ૨,૦૭,૪૮૦ અને અકબરને ₹ ૧,૩૬,૫૨૦ મળશે. સંયુક્ત બેન્ક ખાતા સરવાળો ₹ ૪,૪૪,૦૦૦, સંયુક્ત સાહસ ખાતાનો સરવાળો ₹ ૨,૪૪,૦૦૦)

**૩૨.** તા. ૦૧-૦૭-૨૦૧૭ ના રોજ ધ્રુવ અને જય સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચી લેવાની શરતે એક સંયુક્ત સાહસમાં જોડાયા. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ધ્રુવને તેણે કરેલ વેચાણ પર ૫% લેખે કમિશન આપવું અને જયને માસિક ₹ ૫૦૦ પગાર આપવો.

તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ પૂરા થતા સમયના સંયુક્ત સાહસના વ્યવહારો નીચે મુજબ હતા.

(૧) ધ્રુવે ₹ ૪૦,૦૦૦નો માલ પોતાના સ્ટોકમાંથી આપ્યો અને ₹ ૨,૫૦૦ નૂર તથા વીમાના ચૂકવ્યા.

(૨) જયે ₹ ૪૦,૦૦૦નો માલ ૧૦% વેપારી વટાવે ખરીદી સંયુક્ત સાહસમાં આપ્યો અને ₹ ૧,૫૦૦ નૂરના તથા ભાડાના ચૂકવ્યા.

(૩) ધ્રુવે કેટલોક માલ ₹ ૧,૦૦,૦૦૦ની કિંમતે વેચ્યો અને વેચાણ ખર્ચના ₹ ૨,૦૦૦ ચૂકવ્યા.

(૪) નહિ વેચાયેલો બાકીનો ₹ ૧૯,૦૦૦નો માલ પડતર કિંમત ઉપર ૨૦% નફો ચઢાવીને ધ્રુવે વેચ્યો અને ₹ ૧,૧૫૦ જાવકમાલ ગાડાભાડાના ચૂકવ્યા.

(૫) ખોડિયાર સ્ટેશનરી સ્ટોર્સમાંથી ઉધાર ખરીદેલ સ્ટેશનરીના ₹૧,૦૦૦ જયે ચૂકવવાનું કબૂલ કર્યું.

(૬) તા. ૩૧-૦૩-૨૦૧૮ ના રોજ સંયુક્ત સાહસનો ધંધો બંધ કરી બંને સાહસિકોએ પોતાના હિસાબો ચૂકતે કર્યા.

ઉપરની વિગતો પરથી તૈયાર કરો : ધ્રુવના ચોપડે - (૧) સંયુક્ત સાહસ ખાતું (૨) જયનું ખાતું.

**જવાબ :** (સંયુક્ત સાહસ ખાતાનો નફો ₹ ૨૯,૧૫૦ બાકી રહેલ ₹ ૨૪,૦૦૦માં વેચ્યો. (₹ ૧૯,૦૦૦નો માલ + પ્રમાણસર ખર્ચા ₹ ૧,૦૦૦ = ૨૦,૦૦૦ +૨૦% નફો ₹ ૪,૦૦૦ = ૨૪,૦૦૦), જયને ચૂકવેલ રકમ ₹ ૫૭,૫૭૫.)

**૩૩.** દિશા અને નિશા જમીનના ધંધાના સંયુક્ત સાહસમાં જોડાયા. તેઓ ૩:૨ ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેવા સંમત થયા. તેઓએ ₹ ૨,૦૦,૦૦૦ અને ₹ ૩,૦૦,૦૦૦ સંયુક્ત બેંક ખાતામાં જમા કરાવ્યા.

તેઓએ ૩,૦૦૦ ચોરસ મીટર જમીનનો એક પ્લોટ, ચોરસ મીટરના ₹ ૧૫૦ના ભાવે ખરીદ્યો. તેઓએ નીચે મુજબના ખર્ચ સંયુકત બેંક ખાતામાંથી ચૂકવ્યા હતા.

| | |
|---|---|
| રજિસ્ટ્રેશન ચાર્જ | ૨૦,૦૦૦ |
| સ્ટેમ્પ ડ્યૂટી | ૧૨,૦૦૦ |
| કાનૂની સલાહકારની ફી | ૨,૦૦૦ |
| પરચૂરણ ખર્ચ | ૬,૨૫૦ |

જમીનના પ્લોટ વેચવા તેઓએ એક પ્લાન બનાવ્યો. આ પ્લાન મુજબ કુલ જગ્યાનો ૨૦% ભાગ જાહેર રસ્તાઓ માટે અને ૧૦% ભાગ જાહેર બગીચા માટે ફાજલ રાખવામાં આવ્યા અને બાકીની જમીનના એકસરખા માપના ૧૫ પ્લોટ પાડવામાં આવ્યા.

દિશાએ ચોરસ મીટરના ₹ ૨૭૫ ના ભાવે ૧૦ પ્લોટ વેચી દીધા. બાકીના પ્લોટ નિશાએ ચોરસમીટરના ₹ ૩૦૦ના ભાવે વેચી દીધા. બંને સાહસિકો ને વેચાણ પર ૫% કમિશન મેળવવા હક્કદાર છે.

તૈયાર કરો : (૧) સંયુકત સાહસ ખાતું, (૨) સંયુક્ત બેન્ક ખાતું (૩) સાહસિકોના ખાતા.

**(સૌ. યુનિ. એફ. વાય., જૂન, ૨૦૧૧; ઉ. ગુ. યુનિ. એફ. વાય., એપ્રિલ, ૨૦૧૪)**

**જવાબ :** (સંયુકત સાહસ ખાતાનો નફો ₹ ૭૫,૦૦૦, દિશાને ₹ ૨,૬૪,૨૫૦ અને નિશાને ૩,૪૦,૫૦૦ ચૂકવાશે. કુલ વેચાણ ₹ ૫,૯૫,૦૦૦ (દિશા ૧૦ પ્લોટ × ૧૪૦ ચો. મીટર ૨૭૫ = ૩,૮૫,૦૦૦ + નિશા ૫ પ્લોટ × ૧૪૦ ચો. મીટર × ₹ ૩૦૦ = ૨,૧૦,૦૦૦ =૫,૯૫,૦૦૦), કમિશન : દિશા ₹ ૧૯,૨૫૦ અને નિશા ₹ ૧૦,૫૦૦, સંયુકત સાહસ ખાતાનો સરવાળો ₹ ૫,૯૫,૦૦૦, સંયુક્ત બેન્ક ખાતાનો સરવાળો ₹ ૧૦,૯૫,૦૦૦, દરેક પ્લોટનુ ક્ષેત્રફળ ૧૪૦ ચો. મીટર (કુલ જમીન ૩,૦૦૦ - રસ્તાઓ ૬૦૦-બગીચા ૩૦૦ = ૨,૧૦૦/૧૫ પ્લોટ = ૧૪૦ ચો. મીટર.)

**૩૪.** અનુ અને દીપુ જયભારત લિ. ના ₹ ૧૦નો એક એવા ૧૦,૦૦૦ ઇક્વિટી શેર બહાર પાડેલી મૂડીના વેચાણની બાંયધરી આપવા અને શેર મંજૂરી સુધીના બધા ખર્ચ ચૂકવવા સંયુક્ત સાહસમાં જોડાયા. તેમણે ૩:૨ના પ્રમાણમાં નફો વહેંચવાનું નકકી કર્યું. બાંયધરીના મહેનતાણા તરીકે કંપનીએ તેમને ₹ ૧૦નો એક એવા ૧,૨૦૦ ઇક્વિટી શેર પૂરેપૂરા ભરાયેલ તરીકે આપવાનું સ્વીકાર્યું. અનુએ નોંધણી ફી ₹ ૧,૨૦૦, જાહેરાત ખર્ચ ₹ ૧,૧૦૦ અને છપામણી - સ્ટેશનરી પેટે ₹ ૯૦૦ આપ્યા. દીપુએ ઓફિસ ભાડું ₹ ૪,૦૦ કાનૂની ખર્ચ ₹ ૧,૬૦૦ અને સ્ટાફ પગાર પેટે ₹ ૧,૨૦૦ ચૂકવ્યા. વિજ્ઞાપનપત્ર બહાર પાડવામાં આવ્યું હતું અને પૂરા ભરણા માટે ૧,૫૦૦ શેર માટેની ઓછી અરજીઓ આવી હતી. અનુએ સંયુક્ત ધંધા માટે આ શેર ખરીદી લીધા અને તેના પૂરેપૂરા ચૂકવી દીધા. બાંયધરી કમિશન પેટે પૂરેપૂરા ભરપાઇ થયેલા ૧,૨૦૦ ઇક્વિટી શેર મળી ગયા. તેમણે બધા જ ૧૨ શેરદીઠ લેખે વેચી દીધા. અનુને ૧,૫૦૦ શેરની ઊપજ મળી અને દીપુને ૧,૨૦૦ શેરની મળી.
અનુને ચોપડે સંયુક્ત સાહસ ખાતું અને દીપુનું ખાતું તૈયાર કરો.

**(ગુ. યુનિ., એફ. વાય., એપ્રિલ, ૨૦૧૧)**

**જવાબ :** (સંયુકત સાહસ ખાતાનો નફો ₹ ૧૧,૦૦૦, દીપુ પાસેથી મળ્યા ₹ ૬,૮૦૦.)

**૩૫.** રાજ અને દેવ જમીનનો એક ટુકડો ખરીદી રાજધાની સોસાયટી બાંધવા માટે સાહસમાં જોડાયા. તેમણે નફો-નુકસાન અનુક્રમે ૨ : ૧ ના પ્રમાણમાં વહેંચવાનું નક્કી કર્યું.સંયુકત બેન્ક ખાતામાં ₹ ૩૦,૦૦,૦૦૦ તેમના ન.નુ.ના પ્રમાણમાં જમા કરાવ્યા.
તેઓએ ૨૦,૦૦૦ ચો. મીટર જમીન, એક ચો.મીટરના ₹ ૧૧૦ના ભાવે ખરીદી, નાણાં સંયુક્ત બેન્ક ખાતા માંથી ચૂકવ્યાં. આ માટે તેઓએ નીચે પ્રમાણે ખર્ચા ચૂકવ્યા.

| | ₹ |
|---|---|
| જમીન સમતલ કરવાનો ખર્ચ | ૧,૦૦,૦૦૦ |
| મ્યુનિસિપલ ટેક્ષ | ૫૦,૦૦૦ |
| દસ્તાવેજ, વકીલ, સ્ટેમ્પ ડ્યૂટી ખર્ચ | ૧૦,૦૦૦ |
| રાજે કમ્પાઉન્ડ વોલના ચૂકવ્યા | ૨,૫૦,૦૦૦ |
| દેવે આર્કિટેક્ટ ફીના ચૂકવ્યા | ૧૦,૦૦૦ |
| વૃક્ષોના વેચાણની આવક | ૫૦,૦૦૦ |
| રાજે જાહેરાત ખર્ચના ચૂકવ્યા | ૨૦,૦૦૦ |
| દેવે વૃક્ષો કાપવાના ખર્ચના ચૂકવ્યા | ૧૦,૦૦૦ |

જમીનના ૨૫૦ ચો.મી.ના પ્લોટ પાડી વેચવાનું નક્કી કર્યું. જમીનનો ૧/૪ ભાગ જાહેર રસ્તા માટે છોડવામાં આવ્યો અને ૧/૧૦ ભાગ કોમન પ્લોટ માટે છોડવામાં આવ્યો. રાજે ૨૨ પ્લોટ, પડતર પર ૫૦ % નફો ચડાવીને રોકડેથી વેચ્યા. રાજને વેચાણ કિંમત પર ૧૦ % કમિશન આપવામાં આવે છે. દેવે ૫૦% પ્લોટ પડતર કિંમત પર ૨૫ % નફો ચડાવીને રોકડેથી વેચ્યા.

રાજ અને દેવે બાકીના પ્લોટ સરખે હિસ્સે પડતર પર ૫ % નફો ચડાવીને લઈ લીધા. ખરીદ-વેચાણ અને ખર્ચાઓ સંબંધિત વ્યવહારો સંયુક્ત બેન્ક દ્વારા થાય છે. સાહસિકો વચ્ચે હિસાબોના પતાવટ થઈ ગયેલ છે એમ ધારી સંયુક્ત સાહસ ખાતું, સંયુક્ત બેન્ક ખાતું અને સાહસિકોના ખાતા તૈયાર કરો.

**(ઉ.ગુ. યુનિ., એફ. વાય., મે, ૨૦૧૨)**

(**જવાબ :** સંયુક્ત સાહસનો નફો ₹ ૭,૨૦,૦૦૦ (૪,૮૦,૦૦૦ અને ૨,૪૦,૦૦૦) રાજને ₹ ૨૮,૧૦,૦૦૦ અને દેવને ₹ ૧૧,૫૫,૦૦૦ ચૂકવાશે. સંયુક્ત સાહસ ખાતાનો સરવાળો ₹ ૩૫,૩૫,૦૦૦ અને સંયુક્ત બેન્ક ખાતા નો સરવાળો ₹ ૬૩,૨૫,૦૦૦.

**સમજૂતીઃ** (૧) કુલ ૨૦,૦૦૦ ચો. મીટર જમીન પૈકી ૧/૪ ભાગ = ૫,૦૦૦ ચો.મીટર રસ્તાઓ માટે છોડતાં બાકીની ૧૫,૦૦૦ ચો.મીટર જમીનમાંથી ૧/૧૦ ભાગ ૨,૦૦૦ ચો.મીટર કોમન પ્લોટ માટે રાખવામાં આવશે. તેથી ૧૩,૦૦૦ ચો.મીટર જમીનના ૨૫૦ ચો.મીટરનો એક એવા ૫૨ પ્લોટ બનશે. જમીનની ખરીદ કિંમત ₹ ૨૨,૦૦,૦૦૦ + ખર્ચા ૪,૫૦,૦૦૦ = ૨૬,૫૦,૦૦૦ બાદ : વૃક્ષોના વેચાણની આવક ૫૦,૦૦૦ = ₹ ૨૬,૦૦,૦૦૦ કુલ પડતર થશે.

- **હિસાબો**

(૨) રાજે પ્લોટ વેચ્યા છે, જેની વેચાણ કિંમત ₹ ૧૬,૫૦,૦૦૦ (૨૨ પ્લોટ × ₹ ૭૫૦૦૦) (૩) દેવે પ્લોટ વેચ્યા છે, જેની વેચાણ કિંમત ₹ ૧૬,૨૫,૦૦૦ (૨૬ પ્લોટ × ₹ ૬૨,૫૦૦) (૪) રાજને કમિશન ₹ ૧,૬૫,૦૦૦ (૧૬,૫૦,૦૦૦ના ૧૦ %) મળશે. (૫) બાકી વધેલ ૪ પ્લોટ બંને સાહસિકો ને સરખે હિસ્સે એટલે કે દરેક સાહસિક ૨ પ્લોટ ₹ ૫૨,૫૦૦ (૫૦,૦૦૦ પડતર + ૫ % = ૨૫૦૦) લેખે લીધેલ ગણાશે.)

**૩૬.** પ્રેરક અને ભાર્ગવ બંને એક ડેમ બાંધવાના સંયુક્ત સાહસ માં જોડાય છે. માટે તેઓએ એક સંયુક્ત બેન્ક ખાતું ખોલાવ્યું છે, જેમાં પ્રેરક ₹ ૨,૫૦,૦૦૦ અને ભાર્ગવ ₹ ૩,૦૦,૦૦૦ ભરે છે. કરારની કિંમત ₹ ૧૦,૦૦,૦૦૦ છે, જે પૈકી ૭૫% રકમ રોકડમાં મળશે અને બાકીની રકમ ડિબેન્ચર સ્વરૂપે મળશે. નીચેના ખર્ચા બેન્ક મારફત ચૂકવાય છે.

| | ₹ |
|---|---|
| માલસામાન | ૩,૫૦,૦૦૦ |
| વેતન | ૧,૫૦,૦૦૦ |
| મેપ ડિઝાઈન | ૫૦,૦૦૦ |
| લીગલ ફી | ૨૫,૦૦૦ |

પ્રેરકે ₹ ૭૫,૦૦૦ નો માલ અંગત રીતે પૂરો પાડેલ છે. ભાર્ગવ સુપરવાઈઝર તરીકે પણ કામ કરે છે, તેને કરાર કિંમતના ૩ % વેતન ચૂકવવાનું છે. કામ પૂરું થતાં બાકીનો માલસામાન પ્રેરક ₹ ૨૫,૦૦૦ની કિંમતે સ્વીકારે છે.

કરાર મુજબ રકમ ચૂકવાઈ ગઈ છે. ₹ ૨,૫૦,૦૦૦ના શેર ડિબેન્ચર બજારમાં વેચતાં ૩,૦૦,૦૦૦ ઊપજ્યા છે.

ઉપરોક્ત માહિતી પરથી તમારે

(૧) સંયુક્ત સાહસ ખાતું

(૨) સાહસિકોનાં ખાતા

(૩) સંયુક્ત બેન્ક ખાતું તૈયાર કરવાના છે.

**(સૌ. યુનિ., એફ. વાય., એપ્રિલ, ૨૦૧૨ )**

(જવાબઃ   સંયુક્ત સાહસ ખાતાનો નફો ₹ ૩,૯૫,૦૦૦, છેવટે સંયુક્ત બેન્ક ખાતામાંથી પ્રેરકને ₹ ૪,૯૭,૫૦૦ અને ભાર્ગવને ₹ ૫,૨૭,૫૦૦ મળશે. સંયુક્ત સાહસ ખાતા નો સરવાળો ₹ ૧૦,૭૫,૦૦૦, સંયુક્ત બેન્ક ખાતા નો સરવાળો ₹ ૧૬,૦૦,૦૦૦)

૩૭. કાજોલ અને અજય એક કોમ્યુનિટી હોલ બાંધવાના સંયુક્ત સાહસમાં જોડાયાં. તેઓ નફો- નુકસાન અનુક્રમે ૧૦ : ૬ ના પ્રમાણમાં વહેંચશે.તેઓએ સંયુક્ત સાહસ માટે સંયુક્ત બેન્ક ખાતું ખોલાવ્યું, જેમાં કાજોલે ₹ ૮,૦૦,૦૦૦ અને અજયે ₹ ૬,૦૦,૦૦૦ જમા કરાવ્યા.

કરાર કિંમત ₹ ૩૬,૦૦,૦૦૦ નક્કી થઈ. જેમાંથી ૭૦ % રકમ રોકડમાં ચૂકવવામાં આવશે ને બાકીની ૩૦ % રકમ કરાર આપનારના ડિબેન્ચરમાં ચૂકવવામાં આવશે. સંયુક્ત બેન્ક ખાતામાંથી નીચેના ખર્ચા ચૂકવવામાં આવ્યા.

| | ₹ |
|---|---|
| આર્કિટેક્ટ ફી | ૨,૦૦,૦૦૦ |
| માલસામાન | ૧૫,૦૦,૦૦૦ |
| મજૂરી | ૪,૬૦,૦૦૦ |

કાજોલે ₹ ૨,૬૦,૦૦૦ની કિંમતનો માલસામાન પોતાના સ્ટોકમાંથી આપ્યો અને ₹ ૨,૪૦૦ ગાડી ભાડાના ચૂકવ્યા. અજયે સુપરવાઈઝર તરીકે કાર્ય કરેલ છે તેને વળતર તરીકે ₹ ૭૨,૦૦૦ ચૂકવવાના છે.

કરાર પૂરો થતાં નક્કી થયા પ્રમાણે કરાર કિંમત મળી. કરાર આપનારના ડિબેન્ચર માંથી ₹ ૬૦૦૦૦૦ ના ડિબેન્ચર ૨૦% વટાવે વેચવામાં આવ્યા અને બાકીના ડિબેન્ચર કાજોલે અડધી કિંમતે ખરીદી લીધાં.

સાહસિકોનાં ખાતા સંયુક્ત બેન્કમાંથી રકમ ચૂકવી બંધ કર્યા.

ઉપરોક્ત વિગતો પરથી તૈયાર કરો.

(૧) સંયુક્ત સાહસ ખાતું
(૨) સંયુક્ત બેન્ક ખાતું
(૩) સાહસિકોનાં ખાતા

(દ.ગુ. યુનિ., એફ. વાય., એપ્રિલ, ૨૦૧૨ )

(જવાબઃ સંયુક્ત સાહસ નો નફો ₹ ૭,૪૫,૬૦૦ (૪,૬૬,૦૦૦ +૨,૭૯,૬૦૦), છેવટે કાજોલ ₹ ૧૨,૮૮,૪૦૦ અને અજયને ₹ ૯,૫૧,૬૦૦ ચૂકવાશે. ડિબેન્ચર ₹ ૬,૦૦,૦૦૦ના ૨૦ % વટાવે વેચતાં ₹ ૧,૨૦,૦૦૦ સંયુક્ત સાહસ ખાતે ઉધારાશે. જ્યારે કાજોલે ₹ ૪,૮૦,૦૦૦ની કિંમતના ડિબેન્ચર ₹ ૨,૪૦,૦૦૦ની કિંમતે ખરીદતાં ₹ ૨,૪૦,૦૦૦નું નુકસાન સંયુક્ત સાહસ ખાતે ઉધારાશે. સંયુક્ત સાહસ ખાતાનો સરવાળો ₹ ૩૬,૦૦,૦૦૦ અને સંયુક્ત બેન્ક ખાતાનો સરવાળો ₹ ૪૪,૦૦,૦૦૦.)

૩૮. ગુપ્તા અને પરીખ ૩/૪ અને ૧/૪ ના પ્રમાણ માં નફો-નુકશાન વહેંચવાની શરતે સંયુકત સાહસના ખાતામાં જોડાયા.

સંયુક્ત બેંક ખાતું ખોલાવવામાં આવ્યું. જેમાં ગુપ્તાએ ₹ ૭૫,૦૦૦ અને પરીખે ₹ ૨૫,૦૦૦ જમા કરાવ્યા. બંને વચ્ચે નક્કિ કરવામાં આવ્યું કે ખરીદ અને વેચાણ માટે સંયુક્ત બેંક ખાતા નો ઉપયોગ કરવો અને સંયુક્ત સાહસના ખર્ચાઓ દરેક ભાગીદારે પોતાના અંગત ભંડોળમાંથી ચૂકવવા. દરેક ભાગીદાર પોતે કરેલ વેચાણના ૫% કમિશન મેળવશે. તેમના વ્યવહારો નીચે મુજબ હતા.

ગુપ્તાએ ₹ ૬૦,૦૦૦ ની કેરીઓ ખરીદી.

પરીખે ₹ ૨૦,૦૦૦ ના સફરજન ખરીધા.

(૧) ગુપ્તાએ નીચના ખર્ચાઓ ચૂકવ્યા :

| | |
|---|---|
| ઓફિસ ખર્ચા | ₹ ૨૦૦૦ |
| વીમો | ₹ ૮૦૦ |
| નૂર -જકાત | ₹ ૩૦૦૦ |

(૨) પરીખે નીચેના ખર્ચા ચૂકવ્યા :
જાહેરાત ₹ ૪૦૦ , ભાડું ₹ ૩૦૦, મજૂરી ₹ ૩૦૦

(૩) ગુપ્તાએ ૩/૪ ભાગની કેરીઓ ₹ ૭૪,૦૦૦ માં વેચી. જ્યારે પરીખે ૩/૪ ભાગનાં સફરજન ₹ ૩૦૦૦૦ માં વેચ્યાં. ₹ ૧૫૦૦૦ ની કિંમત નો માલ (કેરીઓ) અને ₹ ૫૦૦૦ ની કિંમતનો માલ (સફરજન) અનુક્રમે ગુપ્તા અને પરીખે લઇ લીધો.

ઉપરની માહિતી પરથી તૈયાર કરો.

(૧) સંયુક્ત સાહસ ખાતું (૨) સંયુક્ત બેંક ખાતું (૩) સાહસિકો નાં ખાતા

**(ઉ . ગુ . યુનિ . , એફ .વાય ., એપ્રિલ ૨૦૧૩)**

**જવાબ :** સંયુક્ત સાહસ ખાતા નો નફો ₹ ૩૨,૦૦૦, સંયુક્ત બેંક ખાતામાંથી ગુપ્તાને ₹ ૯૩૫૦૦ અને પરીખને ₹ ૩૦,૫૦૦ ચૂકવાશે. સંયુક્ત સાહસ ખાતાનો સરવાળો ₹ ૧,૨૪,૦૦૦ અને સંયુક્ત બેંક ખાતાનો સરવાળો ₹ ૨,૦૪,૦૦૦

૩૯. મયુર અને પલક ગિફ્ટ આર્ટિકલ્સ ખરીદવા અને વેચવા સંયુક્ત સાહસથી જોડાયાય. ૩:૨ ના પ્રમાણમાં નફો અને નુકશાન વહેંચવાનું નક્કિ કર્યું. મયુરે ₹ ૨,૦૦,૦૦૦ ગિફ્ટ આર્ટિકલ્સ ખરીદવા ચૂકવ્યાં. મયુરે ₹ ૧,૨૫,૦૦૦ ની કિંમતની લેણી હૂંડી ત્રણ માસ ની મુદતની પલકને મોકલી.આ હૂંડી મયુરે ૮%ના વટાવે વટાવી હતી,

નીચેના વ્યવહારો સંયુક્ત સાહસના સંદર્ભે નોંધાયા હતા.

(૧) મયુરે ₹૬,૦૦૦ મુસાફરી ખર્ચના, ₹૧,૦૦૦ ગાડાભાડું, ₹ ૪,૦૦૦ વેચાણ કમિશન અને ₹ ૧,૦૦૦ અન્ય ખર્ચ ના ચૂકવ્યા હતા.

(૨) પલકે ₹ ૮૦૦ જાહેરાત ખર્ચના, ₹ ૫૦૦ મુસાફરી ખર્ચના અને ₹ ૨૦૦ અન્ય ખર્ચા ચૂકવ્યા હતા.

(૩) મયુરે ₹ ૧,૩૫,૦૦૦ ગિફ્ટ આર્ટિકલ્સ વેચ્યાં હતા પરંતુ તેમાંથી નુકશાન પામેલ ₹ ૨,૦૦૦ વળતર આપ્યું હતું.

(૪) પલકે ₹ ૯૦,૦૦૦ ની કિંમતના ગિફ્ટ આર્ટિકલ્સ વેચ્યા હતા.

(૫) ₹ ૫,૦૦૦ અને ₹ ૮,૦૦૦ના ગિફ્ટ આર્ટિકલ્સ વેચાયા વિનાના હતા જે મયુરને અનુક્રમે વેચાણ પર કાચા નફાની ટકાવારી ઉમર્યા બાદની કિંમતે ખરીદવા સંમત થયા.

(૬) હૂંડી પરનો વટાવ ખર્ચ સંયુક્ત સાહસનો ખર્ચ ગણવો.

(૭) મયુરે ₹ ૧૦૦૦ વીમા પ્રીમિયમના ચૂકવ્યા હતા.
મયુરના ચોપડામાં તૈયાર કરોઃ (૧) સંયુક્ત સાહસ ખાતું (૨) પલક ખાતું

**(સૌ. યુનિ. , એફ . વાય . ,એપ્રિલ ૨૦૧૩)**

**જવાબ :** સંયુક્ત સાહસ નો નફો ₹ ૨૧,૫૦૩ (૧૨,૯૦૨ અને ૮,૬૦૧), પડતર પર કાચો નફાની ટકાવારી ૧૯.૨૫% (માલની કુલ પડતર ₹ ૨,૦૦,૦૦૦ - આખરસ્ટોકની પડતર ₹ ૧૩,૦૦૦ = વેચેલ માલની પડતર ₹ ૧,૮૭,૦૦૦ જે ₹ ૨,૨૩,૦૦૦ (૧,૩૩,૦૦૦ + ૯૦૦૦૦) માં વેચેલ છે, તેથી નફો ₹ ૩૬,૦૦૦ . તેથી નફાની ટકાવારી (૩૬,૦૦૦ ×૧૦૦/ ૧,૮૭,૦૦૦) = ૧૯.૨૫%, મયુરે લીધેલ માલની કિંમત ₹ ૫,૯૬૩ (૫,૦૦૦+૧૯.૨૫% લેખે નફો ₹ ૯૬૩), પલકે લીધેલ

માલની કિંમત ₹ ૯,૫૪૦ (૮,૦૦૦ + ૧૯.૨૫% લેખે નફો ₹ ૧,૫૪૦ ), મયુરે પલકને ચૂકવવાના ₹ ૩૫,૫૬૧.

૪૦. અમદાવાદના 'અ' અને બોમ્બેના 'બ' સંયુક્ત સાહસમાં જોડાયા અને ફોરચ્યુન લિ. ના ₹ ૧૦ નો એક એવા ૫,૦૦૦ ઈક્વિટી શેર ૩૦% પ્રીમિયમથી બહાર પડાયેલ જાહેર ભરણા અંગે બાંયધરી આપી. શેર મંજૂરી સુધીના તમામ ખર્ચાઓ બાંયધરી દલાલો ચૂકવશે. તેઓ નફો નીચે મુજબ વહેંચશે

(૧) ₹ ૨,૦૦૦ સુધીનો નફો ૩:૨ ના પ્રમાણમા

(૨) બાકિનો નફો સરખા હિસ્સે

ફોરચ્યુન લિ. બદલામાં બાંયધરી દલાલોને ૫૦૦ ઈક્વિટી શેર આપશે.

'અ' એ સ્ટેમ્પ અને રજિસ્ટ્રેશન , જાહેરાત, પ્રિન્ટિગ અને સ્ટેશનરી ખર્ચના ₹ ૧,૫૦૦ ચૂકવ્યા. જ્યારે 'બ' એ કાનૂની અને અન્ય વહિવટી ખર્ચ ના ₹ ૨,૦૦૦ ચૂકવ્યા.

'બ' એ ₹ ૫,૦૦૦ ની હૂંડી સ્વીકારી 'અ' ને મોકલી આપી , જે 'અ' એ ₹ ૪,૯૦૦ માં બેંન્કમાં વટાવી. વટાવ સંયુક્ત સાહસનો ખર્ચ ગણવાનો છે.

કંપની ને ૩,૮૦૦ શેર માટે અરજીઓ મળી. 'અ' એ બાકી શેર કંપનીમાંથી ખરીદીને રકમ ચૂકવી આપી. કમિશન પેટે જરૂરી શેર કંપની તરફથી મળી ગયા. તે તમામ શેર ₹ ૧૫ ની કિંમતે વેચી દીધા. દલાલી વેચાણ કિંમતના ૨% ચૂકવી. ૭૦૦ શેર નાં નાણાં 'અ' ને મળ્યા અને બાકીના શેરના નાણાં 'બ' ને મળ્યા. બાકી રહેતી રકમ પેટે 'બ' એ 'અ' ને ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલી આપ્યો.

'બ' ના ચોપડે સંયુકત સાહસ ખાતું અને 'અ' નું ખાતું બનાવો. તેમજ 'અ' ના ચોપડે 'બ' નું ખાતું પણ તૈયાર કરો.

**( ગુ. યુનિ., એફ. વાય.,એપ્રિલ,૨૦૧૩ )**

**(જવાબઃ** સંયુકત સાહસ ખાતાનો નફો ₹ ૫૭૯૦ (૩૦૯૫ અને ૨,૬૯૫), 'અ' ને મોકલેલ ડિમાન્ડ ડ્રાફ્ટ ₹ ૫,૦૦૫.)

૪૧. વિજુ અને બિજુ અનુક્રમે ૩:૪ ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચી લેવાની શરતે સંયુકત સાહસમાં જોડાયા. તેઓએ ₹ ૧,૮૬,૦૦૦ અને ₹ ૯૭,૦૦૦ ભરીને બેન્કમાં એક સંયુક્ત ખાતે ખોલાવ્યુ.

તેમની વચ્ચે કરાર કરવામાં આવ્યા કે સંયુક્ત બેન્ક ખાતા નો ઉપયોગ ખરીદ-વેચાણ માટે કરવો. જ્યારે સંયુક્ત સાહસને લગતા ખર્ચ બંને એ વ્યક્તિગત રીતે તેમના અંગત નાણાં માંથી ચૂકવવો.

બિજુ સંયુક્ત સાહસના કુલ વેચાણ પર ૩% લેખે કમિશન મેળવવા હક્કદાર છે.

તેઓના વ્યવહારો નાચે મુજબ હતા.

(૧) વિજુએ ₹ ૧,૭૨,૮૦૦ ની સ્ટ્રોબેરી ખરીદી.
બિજુએ ₹ ૯૭,૨૦૦ નાં એલચી કેળાં ખરીદ્યા.

(૨) વિજુએ નીચેના ખર્ચા ચૂકવ્યા.

| | |
|---|---|
| ગાડીભાડાના | ₹ ૫,૯૦૦ |
| જકાતના | ₹ ૮,૧૦૦ |
| વહીવટી ખર્ચ | ₹ ૫,૪૦૦ |

(૩) બિજુએ નીચેના ખર્ચા ચૂકવ્યા.

| | |
|---|---|
| મજૂરીના | ₹ ૯,૯૦૦ |
| વીમો | ₹ ૧,૧૦૦ |
| સેલ્સમેનનો પગાર | ₹ ૮,૯૦૦ |

(૪) વિજુએ ૧૦% સિવાયની સ્ટ્રોબેરી પર ₹ ૪૪,૩૮૦ નો નફો ઉમેરી વેચાણ કર્યું , જ્યારે બાકીની સ્ટ્રોબેરી ખરાબ થઇ જવાથી ફેંકી દેવી પડી.

(૫) બિજુએ ૯૦% એલચી કેળા ૩૫% નફો ઉમેરી વેચી દીધા, જ્યારે બાકીના એલચી કેળાં પડતર કિંમતે બિજુએ લઇ લીધા. સંયુકત સાહસ ના હિસાબો

ઉપરની માહિતી પરથી તૈયાર કરો :

(૧) સંયુકત સાહસ ખાતું (૨)સાહસિકો નાં ખાતા (૩) સંયુકત બેંન્ક ખાતું.

**(દ.ગુ.યુનિ. , એફ.વાય. ,એપ્રિલ,૨૦૧૪)**

**જવાબ :** સંયુકત સાહસ ખાતાનો નફો ₹ ૮,૮૭૮, છેવટે સંયુકત બેંન્ક ખાતામાંથી વિજુને ₹ ૨,૦૯,૨૦૫ અને બિજુને ₹ ૧,૨૧,૭૯૩ મળશે. સંયુકત સાહસ ખાતા નો સરવાળો ₹ ૩,૨૭,૭૧૮ અને સંયુકત બેંન્ક ખાતા નો સરવાળો ₹ ૬,૦૦,૯૯૮, સ્ટ્રોબેરીનું વેચાણ ₹ ૧,૯૯,૯૦૦ (૧,૭૨,૮૦૦×૯૦%= ૧૫૫,૫૨૦+ ૪૪૩૮૦ = ૧,૯૯,૯૦૦), બાકીની સ્ટ્રોબરી ફેંકી દેવી પડી તે અંગે કોઇ નોંધ થશે નહી, કેળા નું વેચાણ ₹ ૧,૧૮,૦૯૮ (૯૭,૨૦૦×૯૦%= ૮૭,૪૮૦ + ૩૫% નફો ૩૦,૬૧૮, ૧,૧૮,૦૯૮, બિજુને કમિશન ₹ ૯,૫૪૦(કુલ વેચાણ ₹ ૩,૧૭,૯૯૮ ×૩%)

**૪૨.** તા.૦૧-૧૦-૨૦૧૭ ના રોજ આજ અને કાલ અનુક્રમે ૬૦% અને ૪૦% નફો વહેંચણીની શરતે સંયુક્ત સાહસમાં જોડાયા. તેઓએ અનુક્રમે ₹ ૩૦,૦૦૦ અને ₹ ૨૦,૦૦૦ સંયુક્ત બેન્કમાં કરાવ્યા.તેઓએ સંયુક્ત બેન્કનો ઉપયોગ ખરીદી અને વેચાણ માટે જ કરાવો અને ખર્ચાઓ જે તે સાહસિકે તેમના અંગત ખાતામાંથી ચૂકવવા તેવું નક્કી કર્યુ.

આજને દર મહિને ₹ ૧,૦૦૦નો પગાર અને કાલને તેણે વેચેલ માલની કિંમત પર ૮% લેખે કમિશન આપવાનું છે. સંયુક્ત સાહસના વ્યવહારો નીચે મુજબ છેઃ

(૧)આજે ₹ ૨૫,૦૦૦નો માલ ૧૦% વટાવે ખરીદી ₹ ૨૫૦ના ખર્ચા ચૂક્વ્યા.

(૨)કાલે ₹ ૨૦,૦૦૦નો માલ ૫% વટાવે ખરીદી ₹ ૨૦૦ના ખર્ચા ચૂક્વ્યા.

(૩)કાલે અમુક માલ ₹ ૫૦,૦૦૦માં વેચ્યો અને ખર્ચના ₹ ૧૦૦ ચૂક્વ્યા.

(૪)બાકીનો માલ આજે ₹ ૧૫,૦૦૦માં પોતાના અંગત ઉપયોગ માટે ખરીદ્યો.

(૫) સંયુક્ત સાહસ માટે ઉધારે ખરીદેલ સ્ટેશનરી માટે આજે ₹ ૫૦૦ ચૂકવવાનું સ્વીકાર્યુ.

(૬)તા.૩૧-૩-૧૮ ના રોજ સંયુક્ત સાહસ બંધ થયું અને હિસાબો ચૂકતે કર્યા.

ઉપરની માહિતી પરથી, સંયુક્ત બેન્ક ખાતું, સંયુક્ત સાહસ ખાતું અને સાહસિકો નાં ખાતા તૈયાર કરો.

**(ગુ. યુનિ,એફ.વાય.,એપ્રિલ, ૨૦૧૪, સુધારેલ)**

**(જવાબઃ** સંયુક્ત સાહસ નો નફો ₹૧૨,૪૫૦ (૭,૪૭૦ અને ૪,૯૮૦), છેવટે સંયુક્ત બેન્ક ખાતામાંથી આજને મળશે ₹ ૨૯,૨૨૦ અને કાલને મળશે ₹ ૨૯,૨૮૦, સંયુકત સાહસ ખાતાનો સરવાળો ₹ ૬૫,૦૦૦, સંયુક્ત બેન્ક ખાતાનો સરવાળો ₹ ૧,૦૦,૦૦૦.)

**૪૩.** શ્રીનંદ અને શ્રીચંદ જમીન ખરીદી અને તેને ડેવલપ કરવાના સંયુકત સાહસમાં જોડાયા. આ માટે સંયુકત બેન્ક ખાતું ખોલવામાં આવ્યું અને તે માટે શ્રીનંદે ₹ ૪,૦૦,૦૦૦ અને શ્રીચંદે ₹ ૨,૦૦,૦૦૦ સંયુક્ત બેન્ક ખાતા માં જમા કરાવ્યા.

ધંધા માટે તેઓએ ૨૦,૦૦૦ ચો. મીટર જમીન ₹ ૨૦ પ્રતિ ચો.મીટર લેખે ખરીદી. સંયુકત સાહસ માટે તેઓએ નીચે પ્રમાણે ખર્ચા કર્યા.

| ખર્ચા | ₹ |
|---|---|
| જમીન સરખી કરવાનો ખર્ચ | ૧૦,૦૦૦ |

| | |
|---|---|
| રોડા કઢાવવાનો ખર્ચ | ૮,૦૦૦ |
| મ્યુનિસિપલ ટેક્ષ | ૫,૦૦૦ |
| તારની વાડ કરાવવાનો ખર્ચ (શ્રીચંદે ચૂકવ્યો) | ૬,૦૦૦ |
| આર્કિટેક્ટની ફી (શ્રીનંદે ચૂકવી) | ૪,૦૦૦ |
| સ્ટેમ્પ ડ્યૂટીનો ખર્ચ (શ્રીચંદે ચૂકવ્યો) | ૧૬,૦૦૦ |
| અન્ય પરચૂરણ ખર્ચા | ૨,૪૦૦ |

લાકડાના વેચાણમાંથી થયેલ ઉપજ ₹ ૭,૦૦૦. જમીનના ૪૦૦ ચો. મીટરના પ્લોટ પાડી અને વેચવા તેવું નક્કી કરવામાં આવ્યું ૧/૫ જમીનનો ભાગ સોસાયટીના રસ્તા માટે રાખવો તેવું નક્કી કરવામાં આવ્યું. જમીનના ૩૦ પ્લોટ ₹ ૪૦ પ્રતિ ચોરસ મીટર લેખે જમીન દલાલો દ્વારા વેચવામાં આવ્યા અને દલાલી પેટે વેચાણ કિંમતના ૨% લેખે આપવાનું નક્કી કરવામાં આવ્યું.

શ્રીનંદે બે પ્લોટ ₹ ૨૫,૦૦૦ની નિર્ધારિત કિંમતે પોતાના અંગત વપસંયુક્ત સાહસ માટે રાખ્યા અને બાકીના પ્લોટ ₹ ૧,૨૦,૦૦૦ની કિંમતે બારોબાર વેચી દેવામાં આવ્યા.

શ્રીનંદ અને શ્રીચંદનો નફો-નુકસાન વહેંચવાનું પ્રમાણ તેમણે સંયુક્ત બેન્ક ખાતામાં જમા કરેલા રકમના પ્રમાણમાં રાખવું.

ઉપરોક્ત માહિતી પરથી સંયુક્ત સાહસ ખાતું , સંયુક્ત બેન્ક ખાતું, શ્રીનંદનું ખાતું અને શ્રીચંદનું ખાતું તૈયાર કરો.

**(ગુ. યુનિય,એફ.વાય.,એપ્રિલ, ૨૦૧૫)**

**(જવાબઃ** સંયુક્ત સાહસ ખાતાનો નફો ₹ ૧,૭૧,૦૦૦ (શ્રીનંદને ₹ ૧,૧૪,૦૦૦, શ્રીચંદને ₹ ૫૭,૦૦૦), સંયુક્ત બેન્ક ખાતામાંથી શ્રીનંદને ₹ ૪,૯૩,૦૦૦ અને શ્રીચંદને ₹ ૨,૭૯,૦૦૦ ચૂકવાશે, સંયુક્ત સાહસ ખાતાનો સરવાળો ₹ ૬,૩૨,૦૦૦, સંયુક્ત બેન્ક ખાતાનો સરવાળો ₹ ૧૨,૦૭,૦૦૦, દલાલોએ વેચેલ પ્લોટનાં ઊપજ્યા ₹ ૪,૮૦,૦૦૦ (૩૦ પ્લોટ ×૪૦૦ ચો.મી.દપ્રતિ ચો.મી. ₹ ૪૦), જે પેટે દલાલી ₹ ૯,૬૦૦ ચૂકવાશે.)

૪૪. રામ અને શ્યામ ઈક્વિટી શેરની બાંયધરી આપવા માટેના સંયુક્ત સાહસમાં જોડાયા. તેઓએ ૧,૪૦,૦૦૦ ઈક્વિટી શેર ₹ ૧૦નો એક એવા માટે બાંયધરી આપી.આ માટે તેઓને વધારાના ૧૦,૦૦૦ ઈક્વિટી શેર ₹ ૧૦નો એક એવા પૂર્ણ ભરપાઈ શેર બાંયધરી પેટે આપવા માટે સંમત થઈ. શેરની ફાળવણી સુધીના ખર્ચા ચૂકવવ્યા બાદ રામ અને શ્યામ નફો -નુકસાન સરખા પ્રમાણમાં વહેંચવા સંમત થયા.

દરેક સાહસિકો ચૂકવેલ ખર્ચા નીચે મુજબ છે.

| રામે ચૂકવેલ ખર્ચ | ₹ | શ્યામે ચૂકવેલ ખર્ચ | ₹ |
|---|---|---|---|
| મુસાફરી ખર્ચ | ૧૬,૦૦૦ | સ્ટાફનો પગાર | ૩૨,૦૦૦ |
| નોંધણી ફી | ૧૨,૦૦૦ | જાહેરાત ખર્ચ | ૩,૦૦૦ |
| પ્રિન્ટિંગ ખર્ચ | ૧૦,૨૦૦ | ઓફિસ ભાડું | ૩,૦૦૦ |
| અન્ય ખર્ચા | ૧,૮૦૦ | કાનૂની ખર્ચ | ૨,૦૦૦ |

ભરણું પૂર્ણ થયા બાદ ૧,૨૦,૦૦૦ શેર માટેની અરજી મળી. રામે બાકીના શેર ખરીદવા જરૂરી રકમ પૂરી પાડી. કંપનીએ બાંયધરી કમિશન પેટેના શેર આપ્યા. બધા શેર પૈકી રામે ૨૦,૦૦૦ શેર અને બાકીના શેર શ્યામે વેચ્યા. બંને સાહસિકો એ દરેક શેર, શેર દીઠ ₹ ૧૫ના ભાવે શેર દીઠ ₹ દલાલી બાદ કર્યા પછી વેચ્યા હતા.

રામના ચોપડે - (અ) સંયુક્ત સાહસ ખાતું, (બ) શ્યામનું ખાતું તૈયાર કરો.

**(ગુ.યુનિ.,એફ.વાય.,એપ્રિલ, ૨૦૧૫)**

(**જવાબ :** રામના ચોપડે : સંયુકત સાહસ ખાતાનો નફો ₹ ૧,૫૫,૦૦૦ (દરેકને ₹ ૭૭,૫૦૦). રામને શ્યામ પાસેથી મળેલ રકમ ₹ ૨૭,૫૦૦, બાંયધરી પેટે ખરીદેલ શેર ૨૦,૦૦૦(૧,૪૦,૦૦૦ - ૧,૨૦,૦૦૦), બંને ભાગીદારે વેચેલ શેર ૩૦,૦૦૦ (ખરીદેલ શેર૨૦,૦૦૦ ₹ ૧૪.૫૦) અને શ્યામે વેચેલ ૧૦,૦૦૦ શેરની ઉપજ ₹ ૧,૪૫, ૦૦૦ (૧૦,૦૦૦ શેર ₹ ૧૪.૫૦), સંયુકત સાહસ ખાતાનો સરવાળો ₹ ૪,૩૫,૦૦૦)

૪૫. હિયા અને આજ્ઞા અનુક્રમે ૪ : ૫ ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેવાની શરતે સંયુકત સાહસમાં જોડાયા. તેઓએ ₹ ૬,૦૩,૦૦૦ નફા -નુકસાનના પ્રમાણમાં સંયુકત બેન્ક ખાતામાં ભરી ખાતું ખોલાવ્યું. તેમની વચ્ચે કરાર કરવામાં આવ્યો કે સંયુકત બેન્ક ખાતાનો ઉપયોગ ખરીદ-વેચાણ માટે કરવો, જ્યારે સંયુકત સાહસને લગતો તેમનો ખર્ચ બંનેએ વ્યક્તિગત રીતે તેમનાં અંગત નાણાંમાંથી ચૂકવવો. દરેક સાહસિકે કરેલ વેચાણ પર ૯% લેખે કમિશન મેળવ્યું. જેમાં હિયાને કમિશનના ₹ ૪૦,૯૦૫ મળ્યા હતા.

(૧) હિયાએ ₹ ૩,૩૧,૬૫૦ના સફરજનની ખરીદી કરી હતી. આજ્ઞાએ ₹ ૨,૧૭,૦૮૦ના પાઈનેપલની ખરીદી કરી હતી.

(૨) હિયાએ નીચેના ખર્ચા ચૂકવ્યાઃ

| | ₹ |
|---|---|
| ગાડી ભાડું | ૮,૧૦૦ |
| જકાત | ૧૦,૮૦૦ |
| વહીવટી ખર્ચા | ૧૧,૦૦૦ |

(૩) આજ્ઞાએ નીચેના ખર્ચા ચૂકવ્યાઃ

| | ₹ |
|---|---|
| મજૂરી | ૬,૩૦૦ |
| વીમો | ૩,૬૦૦ |
| સેલ્સમેનનો પગાર | ૧૦,૦૯૦ |

(૪)હિયાએ ૯૧% સફરજન રોકડેથી વેચ્યા તેમજ બાકીનાં ૯% સફરજન ધ્વજને ઉધાર વેચ્યાં.

(૫) આજ્ઞાએ ૯૨% પાઈનેપલ ₹ ૨,૭૨,૭૨૦માં વેચી દીધા. જ્યારે બાકીનાં પાઈનેપલ ૫૦% ઓછી કિંમતે વેચી દીધાં.

(૬) ધ્વજે ચૂકતે નાણાં મોકલી આપ્યાં.

ઉપરની માહિતી પરથી સંયુકત બેન્ક ખાતું, સંયુકત સાહસ ખાતું અને સાહસિકોનાં મૂડી ખાતા તૈયાર કરો. તેમજ ધ્વજને લગતી આમનોંધ લખો.

**(દ.ગુ. યુનિ,એફ.વાય.,એપ્રિલ, ૨૦૧૫)**

(**જવાબઃ** વેચાણ પર ૯% લેખે હિયાને મળેલ કુલ કમિશન ₹ ૪૦,૯૦૫, જેના આધારે હિયાએ કરેલ કુલ વેચાણ ₹ ૪,૫૪,૫૦૦ (૪૦,૯૦૫ × ૧૦૦/૯), જે પૈકી રોકડ વેચાણ ₹ ૪,૧૩,૫૯૫ (૪,૫૪,૫૦૦ × ૯૧%) અને ધ્વજને ઉધાર વેચાણ ₹ ૪૦,૯૦૫, આજ્ઞાએ ૯૨% પાઈનેપલ ₹ ૨,૭૨,૭૨૦માં વેચ્યા તેથી બાકીના ૮% પાઈનેપલ ૨,૧૭,૦૮૦ × ૮=૧૭૩૬૬નીપ૦% લેખે ઉપજ ₹ ૮,૬૮૩, આજ્ઞાને કમિશન તેણે કરેલ વેચાણ ₹ ૨,૮૧,૪૦૩ ના ૯% લેખે ₹ ૨૫,૩૨૬, સંયુકત સાહસ નો નફો ₹ ૭૧,૦૫૨ (હિયાને ₹ ૩૧,૫૭૯ અને આજ્ઞાને ₹ ૩૯,૪૭૩), સંયુકત બેન્ક ખાતામાંથી હિયાને ₹ ૩,૭૦,૩૮૪ અને આજ્ઞાને ૪,૧૯,૭૮૯ મળશે, સંયુકત સાહસ ખાતાનો સરવાળો ₹ ૭,૩૫,૯૦૩ અને સંયુકત બેન્ક ખાતાનો સરવાળો ₹ ૩,૩૮,૯૦૩.

**ધ્વજને લગતી આમનોંધ**

(૧) ધ્વજ ખાતે ઉ. તે સંયુકત સાહસ ખાતે ₹ ૪૦,૯૦૫

(૨) સંયુકત બેન્ક ખાતે તે ધ્વજ ખાતે ₹ ૪૦,૯૦૫).

# પ્રકરણ ૪
# એકનોંધી હિસાબી પધ્ધતિ

૪.૧ પ્રાસ્તાવિક
૪.૨ એકનોંધી પધ્ધતિની વ્યાખ્યા
૪.૩ એકનોંધી હિસાબી પધ્ધતિનાં લક્ષણો
૪.૪ એકનોંધી પધ્ધતિ અને દ્વિનોંધી પધ્ધતિ વચ્ચેનો તફાવત
૪.૫ એકનોંધી હિસાબી પધ્ધતિની મર્યાદાઓ
૪.૬ એકનોંધી હિસાબી પધ્ધતિથી નફો શોધવાની રીતો
૪.૭ વેચાણ માલની મૂળકિંમતની ગણતરી
૪.૮ દાખલો ગણવાની રીત
૪.૯ એકનોંધીનું દ્વિનોંધીમાં રૂપાંતર કરવા અંગેના ઉદાહરણો
૪.૧૦ સ્વાધ્યાય

## પ્રકરણ ૪
# એકનોંધી હિસાબી પધ્ધતિ

### ૪.૧ પ્રાસ્તાવિક

આ પધ્ધતિના નામ પરથી એમ માનવાનું મન થાય કે આ પધ્ધતિમા દરેક વ્યવહાર અંગે એક જ નોંધ થતી હશે વાસ્તવમાં એમ નથી એકનોંધી નામાપધ્ધતિ એ હિસાબો રાખવાની એવી રીત છે જેમાં દરેક વ્યવહારની બાબતમાં બે અસરો નોંધાતી નથી, પરંતુ કેટલાક વ્યવહારોની બાબતમાં બંન્ને અસરો સંપૂર્ણપણે નોંધાય છે. કેટલાક વ્યવહારોની બાબતમાં એક જ અસર નોંધાય છે, જ્યારે કેટલીક બાબતોમાં કશી જ નોંધ થતી નથી. આથી એમ કહી શકાય કે, હિસાબો રાખવાની એવી પધ્ધતિ જે સંપૂર્ણપણે દ્વિનોંધી નામા પધ્ધતિ નથી તેને એકનોંધી નામા પધ્ધતિ કહી શકાય.

### ૪.૨ એકનોંધી પધ્ધતિની વ્યાખ્યા

૧. શ્રી કાર્ટર ના મતે 'એકનોંધી પધ્ધતિ એ એવી પધ્ધતિ છે કે જે વ્યવહારોની નોંધ કરવા વપરાય છે. પરંતુ તેમાંથી વેપારીની સ્થિતિ જાણવા તે જરૂરી માહિતી પ્રાપ્ત થઇ શકતી નથી'.

૨. શ્રી કાહેલકર ના મતે 'એકનોંધી હિસાબી પધ્ધતિમાં ફક્ત એક જ નિયમ તરીકે રોકડ અને વ્યક્તિગત ખાતાનાં વ્યવહારો નોંધાય છે તે હંમેશાં અધૂરી નોંધી પધ્ધતિ છે, તે સંજોગો મુજબ બદલાતી રહે છે'.

### ૪.૩ એકનોંધી હિસાબી પધ્ધતિનાં લક્ષણો

૧. આ પધ્ધતિમાં જરૂરિયાત મુજબ જ ખાતાંઓ રાખવામાં આવે છે ખાસ કરીને રોકડ અને વ્યક્તિના ખાતાંઓ રાખવામાં આવે છે.

૨. આ પધ્ધતિમાં ખાતાં ઉધાર-જમા કરવાની બાબતમાં દ્વિનોંધી નામા પધ્ધતિના જ સિધ્ધાંતોનો ઉપયોગ થાય છે.

૩. વ્યવહારોની અસરો નોંધવાની બાબતમાં તે સંપૂર્ણપણે દ્વિનોંધીને અનુસરતી નથી, એકનોંધી પધ્ધતિમાં કેટલાક વ્યવહારોની બંને અસરો નોંધાય છે.

૪. આ પધ્ધતિમાં હિસાબો અંગેનું કાચુ સરવૈયું બનાવી શકાતું નથી, તેમજ વાર્ષિક હિસાબો બનાવી શકાતા નથી.

૫. સામાન્ય રીતે નાના વેપારીઓજ આ પધ્ધતિ મુજબ હિસાબો રાખે છે.

૬. સંપૂર્ણપણે ચોપડા રાખવામાં ન આવતા હોવાથી બધા વ્યવહારો સંપૂર્ણપણે નોંધાતા ન હોવાથી આ પધ્ધતિ વેપારીની પ્રગતિની જાણ અને અસરકારક અંકુશ માટે જરૂરી એવી માહિતી પૂરી પાડતી નથી તેથી તેને અધૂરા હિસાબોની પધ્ધતિ કહે છે.

### ૪.૪ એકનોંધી પધ્ધતિ અને દ્વિનોંધી પધ્ધતિ વચ્ચેનો તફાવત

| ક્રમ | તફાવતનાં મુદ્દા | દ્વિનોંધી નામા પધ્ધતિ | એકનોંધી નામા પધ્ધતિ |
|---|---|---|---|
| ૧. | નોંધની અસર | દરેક વ્યવહારની બે બાજુ નોંધની અસર થાય છે. | દરેક વ્યવહારની બે બાજુ નોંધ થતી નથી. |
| ૨. | ખાતાવહી | આ પધ્ધતિ મુજબ ખાતાવહીમાં વ્યક્તિગત ખાતા, માલ મિલકત તેમજ ઊપજ ખર્ચ ખાતાં ખોલવામાં આવે છે. | આ નામા પધ્ધતિમાં માલ મિલકત, ઊપજ ખર્ચ સિવાય ફક્ત વ્યક્તિગત ખાતાં જ ખોલવામાં આવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૩. | કાચું સરવૈયું | વર્ષનાં અંતે કાચુ સરવૈયું તૈયાર કરી શકાય છે. | વર્ષનાં અંતે કાચુ સરવૈયું તૈયાર કરી શકાતું નથી. |
| ૪. | નફા નુકશાન ખાતું | પદ્ધતિસર અને યોગ્ય નફો કે નુકશાન દર્શાવતુ નફા નુકશાન ખાતું તૈયાર કરી શકાય છે. | યોગ્ય ન.નું ખાતુ તૈયાર કરી શકાતું નથી આથી તેનાં મૂડીની સરખામણીની રીતે નફો નુકશાન શોધવામાં આવે છે. |
| ૫. | પાકું સરવૈયું | પાકુ સરવૈયું સાચી અને વાજબી પરિસ્થિતિ દર્શાવે છે જેથી ધંધાની સાચી આર્થિક પરિસ્થિતિ જાણી શકાય છે. | પાકુ સરવૈયું યોગ્ય રીતે તૈયાર કરી શકાતું નથી જેથી ધંધાની સાચી આર્થિક પરિસ્થિતિ જાણી શકાતી નથી. |
| ૬. | કોણ રાખે? | સામાન્ય રીતે મોટા એકમો આ પ્રકારની હિસાબી પદ્ધતિથી પોતાના હિસાબો રાખે છે. | સામાન્ય રીતે નાના વેપારીઓ આ પ્રકારની હિસાબી પદ્ધતિથી પોતાના હિસાબો રાખે છે. |
| ૭. | ભૂલો અને ગોટાળા | આ પદ્ધતિ મુજબ હિસાબો વૈજ્ઞાનિક ધોરણે પદ્ધતિસર રાખેલ હોવાથી હિસાબોમાં થયેલ ભૂલો ગોટાળા કે છેતરપિંડી શોધી શકાય છે ? | અધૂરા હિસાબો હોવાથી હિસાબોમાં થયેલ ભૂલો ગોટાળા કે છેતરપિંડી સરળતાથી શોધી શકાતા નથી. |
| ૮. | નિર્ણય ઘડતર માટે | આ પદ્ધતિ દ્વારા ધંધા માટેનાં યોગ્ય નિર્ણયો લઇ શકાય છે. | આ પદ્ધતિ દ્વારા ધંધા માટે ના યોગ્ય નિર્ણયો લઇ શકાતા નથી કારણ કે માહિતી અધૂરી હોય છે. |
| ૯. | વિશ્વાસનીયતા | આ પદ્ધતિ વિશ્વસયનીય હોવાથી લોન લેવા માટે વીમો લેવા માટે તથા કરવેરા માટે આ પદ્ધતિને જવાબદાર અધિકારી માન્ય રાખે છે. | આ પદ્ધતિ વિશ્વસનીય ન હોવાથી લોન લેવા માટે વીમો લેવા માટે તથા કરવેરા માટે આ પદ્ધતિને જવાબદાર અધિકારી માન્ય ગણતા નથી. |
| ૧૦. | અંકુશ | આ પદ્ધતિ અનુસાર રાખેલ હિસાબો પર યોગ્ય અને અસરકારક અંકુશ રાખી શકાય છે. | આ પદ્ધતિ અનુસાર રાખેલ હિસાબો પર અસરકારક રીતે અંકુશ રાખી શકાતો નથી. |

**૪.૫ એકનોંધી હિસાબી પદ્ધતિની મર્યાદાઓ**

એકનોંધી હિસાબી પદ્ધતિના અર્થ મુજબ તે અપૂર્ણ અને ખામીપૂર્ણ રીતે હિસાબો રાખવાની પદ્ધતિ છે. આ પદ્ધતિની મુજબ મર્યાદાઓ નીચે મુજબ છે.

૧. બધા વ્યવહારોની બંને અસરો નોંધાતી ન હોવાથી કાચુ સરવૈયું તૈયાર કરી શકાતું નથી આથી લખાયેલા હિસાબોની ગાણિતીક ચોકસાઇ થઇ શકતી નથી.

૨. જો શુધ્ધ એકનોંધી પ્રમાણે હિસાબો લખાતા હોય તો ખરીદી, વેચાણ, માલ પરત, વિવિધ ખર્ચાઓ વગેરે અંગેની કશી માહિતી જાણી શકાતી નથી આથી વેપારખાતું કે ન.નું. ખાતું તૈયાર કરીને ચોક્કસ રીતે નફા નુકશાન ખાતું જાણી શકાતું નથી.

૩. રખાયેલ પત્રકમાંથી મળતી માહિતી એટલી અધૂરી હોય છે કે ચોક્કસ રીતે પાકું સરવૈયું પણ તૈયાર થઇ શકતું નથી.

૪. મિલકતોની કિંમત આશરે ધારીને મૂકવામાં આવે છે. દેવા અંગે પણ વ્યવસ્થિત માહિતી મળતી નથી. આથી પેઢીની મિલકત-દેવાં અંગે આધારભૂત માહિતી મળતી નથી.

૫. ધંધા પર કોઇપણ જાતનો અંકુશ રાખી શકાતો નથી. કારણ કે અંકુશ માટે જોઇતી માહિતી આ પધ્ધતિ રાખતી નથી.

૬. કોઇ મિલકતને નુકશાન થયું હોય કે કશી ગોલમાલ કરવામાં આવી હોય તો તે પણ જાણી શકાતું નથી.

૭. વ્યવસ્થિત વેપાર કે નફા નુકશાન ખાતું બનાવી શકાતું નથી તેથી ગુણોત્તર જેવી આધુનિક ટેકનિકને આધારે પણ પ્રગતિનો ખ્યાલ મેળવી શકાતો નથી.

**૪.૬ એકનોંધી હિસાબી પધ્ધતિથી નફો શોધવાની રીતો**

એકનોંધી હિસાબી પધ્ધતિએ અધૂરા હિસાબોની પધ્ધતિ છે. તેથી વર્ષ આખરે કાચુ સરવૈયું બનાવી શકાતું નથી તેથી વેપાર કે નફા નુકશાન ખાતું ખોલીને નફો શોધી શકાતો નથી. પરંતુ આડકતરી રીતે નફો શોધવામાં આવે છે. આ માટે બે પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

(૧) મૂડી સરખામણીની પધ્ધતિ

(૨) એકનોંધીનું દ્વિનોંધીમાં રૂપાંતર કરવાની પધ્ધતિ.

**એકનોંધીનું દ્વિનોંધીમાં રૂપાંતર કરવાની પધ્ધતિ**

બે સંજોગોમાં આવું રૂપાંતર જરૂરી બને છે.

(૧) જો વેપારી ચોક્કસ રીતે નફો/ખોટ જાણવા માંગતો હોય તો તેને નફાનુકશાન પત્રકની પધ્ધતિને બદલે આવું રૂપાંતર કરવું પડે છે.

(૨) જો કોઇ વેપારી એકનોંધી મુજબ હિસાબો રાખવા ન માંગતો હોય અને ભવિષ્યમાં દ્વિનોંધી મુજબ હિસાબો રાખવા માંગતો હોય તેણે પણ આવું રૂપાંતર કરવું પડે છે.

એકનોંધી પરથી દ્વિનોંધી મુજબના વાર્ષિક હિસાબો તૈયાર કરવાની સમગ્ર કાર્યવાહીને નીચે મુજબ બે તબક્કાઓમાં વહેચી શકાય.

(અ) ખૂટતી વિગતો શોધવી

(બ) દ્વિનોંધી મુજબના વાર્ષિક હિસાબો તૈયાર કરવા.

(અ) ખૂટતી વિગતો શોધવી

એકનોંધી પ્રમાણે રખાતા હિસાબોમાંથી મળતી માહિતી અધૂરી હોય છે. અને તેથી દ્વિનોંધી મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરવા માટે કેટલીક માહિતી ખૂટે છે. આમ સૌ પ્રથમ તો ખૂટતી વિગતો શોધવી પડે છે. આ પછી જ વેપાર ખાતુ, નફા નુકશાન ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરી શકાય.

એકનોંધી મુજબમા હિસાબોમાં કઇ કઇ વિગતો ખૂટતી હોય છે તે નીચેના ખાતાંઓમાં બનાવીને શોધી શકાય છે.

(૧) લેણી હૂંડીનું ખાતું

**લેણી હૂંડીનું ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બા. આ. લાવ્યા (શરૂઆતની બાકી) | --------- | રોકડ ખાતે (મળેલ લેણી હૂંડી) | -------- |
| દેવાદારો ખાતે (મળેલ લેણી હૂંડી) | (?) | બેન્ક ખાતે (વટાવેલ લેણી હૂંડીનો વટાવ) | --------- |
| | | દેવાદારો ખાતે | |

| | | | |
|---|---|---|---|
| | | (નકરાયેલ લે. હૂંડી)<br>લેણદારો ખાતે<br>(વેચાણ શેરો કરી આપેલ લે.હૂંડી)<br>બા. આ. લઇ ગયા<br>(આખરની બાકી) | ---------<br><br>-------<br><br><br>(?) |
| | XXXX | | XXXX |

સામાન્ય રીતે લેણી હૂંડી ખાતામાં શરૂની બાકી દેવાદારો પાસેથી મળેલ લેણી હૂંડીઓ અથવા લેણી હૂંડીની મળેલ રકમની બાકી ખૂટતી હોય છે.

નોંધ :- લેણી હૂંડી અનામતની ગણતરી કરવાની હોય તો તે આખરની બાકી પર ગણતરી કરવી.

(૨) દેવાદારો (ગ્રાહકો)નું ખાતું

દેવાદારનાં ખાતા દ્વારા ઉધાર વેચાણ મળેલ રોકડ શરૂની કે આખરની બાકી આપેલ ન હોય ત્યારે તેનું ખાતું બનાવી શોધી શકાય.

**દેવાદારનું ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બા. આ. લાવ્યા<br>(શરૂઆતની બાકી) | <br>------ | રોકડ/બેન્ક ખાતે (ઉઘરાણી) | ------ |
| ઉધાર વેચાણ | ------ | વટાવ ખાતે (આપેલ વટાવ) | ------ |
| બેન્ક ખાતે (નકારાયેલ ચેક) | ------- | લેણી હૂંડી ખાતે<br>(દેવાદાર પાસેથી મળેલ) | <br>------ |
| લેણી હૂંડી ખાતે (નફા લે.હૂંડી) | ------- | વેચાણ માલ પરત ખાતે | ------ |
| લેણદારો ખાતે<br>(વે. શેરો કરેલ હૂંડી નકરાય) | <br>------ | કસર ખાતે | ----- |
| રોકડ ખાતે<br>(દેવાદારોની ચૂકવી રકમ) | <br>------ | ઘાલખાધ ખાતે | ------ |
| નામંજૂર કરેલ વટાવ | ------ | બા. આ. લ. ગયા | XXX |
| | XXX | | XXX |

**આમનોંધઃ**

* લેણદારો ને લેણી હૂંડી વેચાણ શેરો કરી આપવામાં આવે ત્યારેઃ

લેણદાર ખાતે ---------ઉ XXX

તે લેણી હૂંડી ખાતે---------- XXX

(બા. જે મળેલ લેણી હૂંડી લેણદારોને વે. શેરો કરી આપી)

* લેણદારને વેચાણશેરો કરી આપેલ લેણી હૂંડી નકરાય ત્યારેઃ

દેવાદારો ખાતે --------ઉ
તે લેણદારો ખાતે---------
(બા. જે લેણદારો વે. શેરો કરી આપેલ હૂંડી નકરાઇ)

(૩) દેવી હૂંડીઓનું ખાતું

**દેવી હૂંડીનું ખાતું**

**ઉ.** **જ.**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| રોકડ / બેન્ક ખાતે (દેવી હૂંડી ના ચૂકવ્યા) | ------- | બા. આ. લાવ્યા | ------ |
| લેણદારો ખાતું (નકરાયેલ દેવી હૂંડી) | ------- | લેણદારો ખાતે (સ્વીકારેલ દેવી હૂંડી) | ------ |
| બા. આ. લ. ગયા | ------- | | |
| | XXX | | XXX |

**આ ખાતા દ્વારા વર્ષ દરમ્યાન લેણદારોની સ્વીકારેલી હૂંડીની રકમ શોધવાની હોય છે અથવા તેની શરૂ અને આખરની બાકી શોધવાની હોય છે.**

(૪) લેણદારોનું ખાતું (વેપારી)

**લેણદારો(વેપારી)નું ખાતું**

**ઉ.** **જ.**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| રોકડ / બેન્ક ખાતે (ચૂકવેલ રોકડ) | ------ | બા. આ. લાવ્યા | ------ |
| વટાવ ખાતે (મળેલ વટાવ) | ------ | ઉધાર ખરીદી | ------ |
| | | દેવી હૂંડી ખાતે (નકરાયેલ દે. હૂંડી) | ------ |
| દેવી હૂંડી ખાતે (લેણદારોને આપેલ હૂંડીઓ) | ------- | વ્યાજ ખાતે (ચક્ર. વ્યાજ) | ------ |
| ખરીદપરત ખાતે | ------- | દેવાદાર ખાતે (વે.શેરો કરી આપેલ લે. હૂંડી નકારાઇ) | ------- |
| લેણી હૂંડી ખાતે (વે. શેરો કરી આપેલ લે. હૂંડી) | ------- | નામંજૂર વટાવ | ------ |
| બા. આ. લ. ગયા | ------- | | |
| | XXXX | | XXXX |

**સામાન્ય રીતે આ ખાતા દ્વારા ઉધાર ખરીદી ચૂકવેલ રોકડ લેણદારની શરૂની અને આખરની બાકી આપેલ ન હોય ત્યારે આ ખાતું બનાવી શોધી શકાય.**

નોંધઃ આપણે સ્વીકારેલ દેવી હૂંડી નકારાયાની આમનોંધ

દેવી હૂંડી ખાતે ------- ઉ      XXX
તે લેણદાર ખાતે      XXX

(૫) શરૂઆતનું સ્થિતિદર્શક પત્રક
જેના દ્વારા મિલકત અને દેવાની શરૂની બાકી મળશે અને તેના દ્વારા ધંધાની શરૂઆતની મૂડી શોધી શકાશે.
(૬) રોકડ /બેન્ક સિલક
કેટલીકવાર દાખલામાં શરૂઆતની રોકડ કે આખરની રોકડ સિલક આપવામાં આવતી નથી. પરંતું વર્ષ દરમિયાનના થયેલ રોકડ વ્યવહારો આપવામાં આવેલ છે. આ સંજોગોમાં રોકડ/બેન્ક ખાતું તૈયાર કરીને શરૂની કે આખરની રોકડ/બેન્ક સિલક શોધી શકાય છે.
(૭) સ્ટોક ખાતું
જો દાખલામાં આખરનો સ્ટોક આપવામાં ન આવ્યો હોય ત્યારે સ્ટોક ખાતું તૈયાર કરવામાં આવે છે. સ્ટોક ખાતામાં માલની આવક જાવક નોંધવામાં આવે છે.

જયારે સ્ટોક શોધવાનો હોય ત્યારે દાખલામાં આડકતરી રીતે કાચા નફા અંગે માહિતી આપવામાં આવી હોય છે. વેચાણપર કાચા નફાનાં દરના આધારે કાચો નફો નક્કી કરીને સ્ટોક શોધવામાં આવે છે.
જો દાખલામાં શરૂના સ્ટોક આપેલ ન હોય તો શરૂઆતનું સ્થિતિદર્શક પત્રક બનાવતા શરૂનાં સ્ટેકની જરૂર પડતી હોય છે તો આ સંજોગોમાં સૌ પ્રથમ સ્ટોક ખાતું તૈયાર કરીને શરૂના સ્ટોક શોધાય ત્યારબાદ શરૂઆતનું સ્થિતિદર્શક પત્રક તૈયાર કરીને શરૂની મૂડી શોધવી.

**સ્ટોક ખાતું**

ઉ.                                        જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતના સ્ટોક | XXX | વેચાણઃ રોકડ XXX | |
| | | ઉધાર <u>XXX</u> | |
| ખરીદીઃ રોકડ XXX | | XXX | |
| ઉધાર <u>XXX</u> | | બાદઃ વેચાણ પરત <u>XXX</u> | XXX |
| XXX | | | |
| બાદઃ ખરીદ પરત <u>XXX</u> | XXX | આખરનો સ્ટોક | (?) |
| કાચો નફો | | | |
| (વેચાણ પર અમુક ટકા) | XXX | | |
| | XXXX | | XXXX |

### ૪.૭ વેચાણ માલની મૂળકિંમતની ગણતરી
સ્ટોક ખાતામાં કે સ્ટોક પત્રકમાં દર્શાવવામાં આવતી બધી જ રકમો મૂળકિંમતે જ દર્શાવવી જોઇએ. આથી જ વેચેલા માલની વેચાણ કિંમત નહિ પરંતું તેની મૂળકિંમત સ્ટોક ખાતામાં દર્શાવવી પડે છે. આ માટે નીચે મુજબ કાર્યવાહી કરવી પડે.

(૧) સૌ પ્રથમ ધંધાનું કુલ ચોખ્ખું વેચાણ જાણવું પડે
કુલ ચોખ્ખું વેચાણ એટલે રોકડ વેચાણ અને ઉધાર વેચાણ બાદ વેચાણ માલ પરતનો સરવાળો.

રોકડ વેચાણ રોકડ મેળમાંથી મળે અને ઉધાર વેચાણ જો ન આપ્યું હોય તો દેવાદારોનું ખાતું તૈયાર કરી શોધી શકાય.

(૨) કુલ ચોખ્ખા વેચાણમાંથી નફો બાદ કરીએ તો વેચેલ માલ મૂળકિંમત મળી શકે.

વેપારી કેટલો નફો વેચાણ પર ચઢાવીને વેચે છે તે રીતે શોધી નફો વેચાણમાંથી બાદ કરવો પડે.

નફાનો દર બે પ્રકારનો હોઇ શકે

(૧) મૂળકિંમત પર અમુક ટકા ચઢાવીને વેચવામાં આવતો હોયઃ

| | | |
|---|---|---|
| | મૂળ કિંમત | ₹ ૧૦૦ |
| + | નફો | ₹ ૨૦ (૨૦%) |
| | વેચાણ કિંમત | ₹·૧૨૦ |

અહીં ₹ ૧૨૦ વે.કિ પર ------------ ₹ ૨૦ નફો

આપેલ વેચાણ પર (?) નફો મળે તે રીતે શોધાય.

(૨) વેચાણ કિંમત પર અમુક ટકા નફો મળે તે રીતે વેચાણ થતું હોય

ધારો કે .........

| | | |
|---|---|---|
| | વેચાણ કિંમત | ₹ ૧૦૦ |
| - | નફો | ₹ ૨૦(૨૦%) |
| | મૂળ કિંમત | ₹ ૮૦ |

અહીં ₹ ૧૦૦ વે.કિ પર ------------₹ ૨૦ નફો

આપેલ વેચાણ પર (?) નફો મળે તે રીતે શોધાય.

| મૂળ કિંમત પર નફાના ટકા | વેચાણ કિંમત પર નફાના ટકા |
|---|---|
| ૨૦% | $16\frac{2}{3}$ |
| ૨૫ % | $\frac{૧૦૦ \times ૨૫}{૧૨૫}$ = ૨૦ % |
| $33\frac{1}{3}$ | ૨૫ % |
| ૫૦ % | $33\frac{1}{3}$ |
| ૧૦૦ % | ૫૦ % |

### ૪.૮ દાખલો ગણવાની રીત

૧. ખૂટતી વિગતોમાં ખાતાં બનાવો.

(લેણી હૂંડી, દેવાદારો, દેવી હૂંડી, લેણદારો ખાતું)

૨. શરૂનું સ્થિતિદર્શક પત્રક બનાવો.

(મિલકતો-દેવાની શરૂની બાકીઓ દર્શાવી તેને આધારે શરૂની મૂડી શોધો અને દરેક શરૂની બાકીઓ જરૂરી ખાતાંઓમાં દર્શાવો.)

૩.ખૂટતી વિગતોના ખાતાં બંધ કરો.

(પ્રથમ લેણી હૂંડી પછી દેવાદારોનું ખાતું બીજું લેણી હૂંડી પછી લેણદારોનું ખાતું બંધ કરી ખૂટતી વિગતો શોધો.)

## ૪.૯ એકનોંધીનું દ્વિનોંધીમાં રૂપાંતર કરવા અંગેના ઉદાહરણો

**ઉદાહરણ ૧.** સચિને પોતાના ચોપડા એકનોંધી પદ્ધતિથી રાખ્યા છે. નીચેની વિગતો પરથી તેમનું તા. ૩૧-૦૩-૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર ખાતુ, નફા નુકશાન ખાતું તથા પાકુ સરવૈયું તૈયાર કરો.

**રોકડ મેળ**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| રોકડ સિલક (૧-૪-૧૭) | ૮૦૦ | બેન્ક ઓવરડ્રાફ્ટ (૧-૪-૧૭) | ૪,૨૦૦ |
| રોકડ વેચાણ | ૯,૪૦૦ | રોકડ ખરીદી | ૬,૩૦૦ |
| પરચૂરણ દેવાદારો | ૫૬,૮૦૦ | પરચૂરણ લેણદારો | ૨૯,૨૦૦ |
| લેણી હૂંડી ખાતે | ૧૨,૩૦૦ | દેવી હૂંડી ખાતે | ૪,૭૦૦ |
| પરચૂરણ આવક | ૨૦૦ | મજૂરી | ૧૬,૫૦૦ |
| | | ગાડી ભાડું | ૭૦૦ |
| | | પગાર | ૧,૨૦૦ |
| | | સામાન્ય ખર્ચ | ૪,૩૦૦ |
| | | ઉપાડ | ૩,૦૦૦ |
| | | હાથ પર સિલક (૩૧-૦૩-૧૮) | ૬૦૦ |
| | | બેન્ક સિલક (૩૧-૩-૧૮) | ૮,૮૦૦ |
| | ૭૯,૫૦૦ | | ૭૯,૫૦૦ |

અન્ય મિલકતો અને દેવાંની માહિતી નીચે મુજબ છે

| વિગત | ૧-૪-૨૦૧૭<br>₹ | ૩૧-૩-૨૦૧૮<br>₹ |
|---|---|---|
| પરચૂરણ દેવાદારો | ૨૬,૮૦૦ | ૩૧,૪૦૦ |
| પરચૂરણ લેણદારો | ૧૨,૫૦૦ | ૧૬,૬૦૦ |
| લેણી હૂંડી | ૧૦,૬૦૦ | ૮,૪૦૦ |
| દેવી હૂંડી | ૨,૩૦૦ | ૧,૭૦૦ |
| સ્ટોક | ૧૬,૨૦૦ | ૧૭,૧૦૦ |
| ફિક્ચર્સ અને ફિટિંગ્સ | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ |

મૂડી પર ૫ ટકા લેખે વ્યાજ ગણો અને ફિક્ચર્સ અને ફિટિંગ્સ પર ૭.૫ % લેખે ઘસારો કાપો. દેવાદારો ઉપર ૫ % લેખે શકમંદ લેણા અનામતની જોગવાઇ કરો.

જવાબ

ઉ. દેવાદારોનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બા. આ. લાવ્યા | ૨૬,૮૦૦ | મળેલ રોકડ | ૫૬,૮૦૦ |
| ઉધાર વેચાણ (?) | ૭૧,૫૦૦ | લેણી હૂંડી ખાતે (વર્ષ દરમ્યાન મળેલ) | ૧૦,૧૦૦ |
| | | બા. આ. લઇ ગયા | ૩૧,૪૦૦ |
| | ૯૮,૩૦૦ | | ૯૮,૩૦૦ |

ઉ. લેણી હૂંડીનું ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બા. આ. લાવ્યા | ૧૦,૬૦૦ | મળેલ રોકડ | ૧૨,૩૦૦ |
| દેવાદારો | ૨,૬૦,૦૦૦ | ૨,૧૦,૦૦૦ |
| લેણદારો | ૨,૧૫,૦૦૦ | ૧,૩૦,૦૦૦ |
| રોકડ સિલક | ૧૫,૬૦૦ | (?) |
| દેવી હૂંડીઓ | ૧૨,૩૦૦ | ૮,૭૦૦ |
| બાકી પગાર | ૩,૭૦૦ | ૪,૫૦૦ |
| લેણી હૂંડીઓ | ૧૫,૪૦૦ | ૮,૦૦૦ |

**(૨) ૨૦૧૭-૧૮ ના વર્ષના રોકડ વ્યવહારો**

| | ₹ |
|---|---|
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | ૪,૬૦,૦૦૦ |
| રોકડ વેચાણ | ૧,૨૦,૦૦૦ |
| પગાર ચૂકવ્યો | ૩૬,૦૦૦ |
| ભાડું ચૂકવ્યું | ૧૨,૦૦૦ |
| સામાન્ય ખર્ચા | ૨૧,૬૦૦ |
| રોકડ ઉપાડ | ૧૨,૦૦૦ |
| ફર્નિચર ખરીદ્યું (તા. ૧-૧૦-૨૦૧૭ ના રોજ) | ૨૦,૦૦૦ |
| લેણદારોને ચૂકવણી | ૨,૪૦,૦૦૦ |
| રોકડ ખરીદી | ૭૨,૦૦૦ |
| લેણી હૂંડીના મળ્યા | ૩૬,૦૦૦ |
| દેવી હૂંડીના ચૂકવ્યા | ૨૭,૦૦૦ |
| બેન્કમાંથી લીધેલી ૧૪% ની લોન (તા. ૧-૧-૨૦૧૮) | ૮૦,૦૦૦ |

**(૩) અન્ય વ્યવહારોઃ**

| | |
|---|---|
| દેવાદારોને આપેલ વટાવ | ૧૨,૦૦૦ |
| લેણદારો પાસેથી મળેલ વટાવ | ૮,૦૦૦ |
| વેચાણ માલ પરત | ૬,૫૦૦ |
| ખરીદમાલ પરત | ૪,૨૦૦ |

**(૪) વધારાની માહિતીઃ**

(૧) યંત્રો પર વાર્ષિક ૧૦ % લેખે ઘસારો ગણો.
(૨) ફર્નિચર પર વાર્ષિક ૬ % લેખે ઘસારો ગણો.
(૩) દેવાદારો પર ૫ % લેખે ઘાલખાધ અનામતની જોગવાઇ કરો.

**(ગુ. યુનિ. એફ. વાય.... માર્ચ, ૨૦૦૯ પર આધારીત)**

**જવાબઃ**

કાચો નફો ₹ ૨,૯૨,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૧,૬૭,૧૦૦, પા. સ. નો સરવાળો ₹ ૯,૦૧,૧૦૦, શરૂઆતની મૂડી ₹ ૫,૨૦,૦૦૦, ઉધાર ખરીદી ₹ ૧,૯૦,૬૦૦, ઉધાર વેચાણ ₹ ૪,૫૭,૧૦૦, દેવાદારો પાસેથી મળેલ લેણી હૂંડીઓ ₹ ૨૮,૬૦૦, લેણદારોએ સ્વીકારેલ દેવી હૂંડીઓ ₹ ૨૩,૪૦૦, છેવટની રોકડ સિલક ₹ ૨,૭૧,૦૦૦.

૧૧. સ્વાતી ધંધાના હિસાબો દ્વિનોંધી પધ્ધતિથી રાખતી નથી પણ તમને નીચેની વિગતો પૂરી પાડે છે.

| વિગત | ૩૧મી માર્ચ,૨૦૧૭ના રોજ ₹ | ૩૧મી માર્ચ,૨૦૧૮ ના રોજ ₹ |
|---|---|---|
| મશીનરી | ૧,૫૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| પરચૂરણ લેણદારો | (?) | ૮૬,૦૦૦ |
| પરચૂરણ દેવાદારો | ૯૩,૦૦૦ | (?) |
| ધંધાનો સ્ટોક | ૫૦,૦૦૦ | ૭૦,૦૦૦ |

| | | |
|---|---|---|
| હાથ પર રોકડ | ૧,૫૦૦ | ૨,૬૦૦ |
| ફર્નિચર | ૩૦,૦૦૦ | ૨૭,૦૦૦ |
| બેન્કમાં સિલક | ૧૮,૭૦૦ | ૧૫,૬૦૦ |

૩૧મી માર્ચ, ૨૦૧૮ ના રોજ પૂરા થતાં વર્ષ માટે તેમના રોકડ વ્યવહારોમાં નીચેનાનો સમાવેશ થાય છે. (અન્ય વિગતો ઉપરાંત)

| | ₹ |
|---|---|
| લેણદારોને ચૂકવ્યા | ૪,૧૦,૦૦૦ |
| રોકડ વેચાણ (કુલ વેચાણના ૨૫ %) | ૧,૭૦,૦૦૦ |
| ધંધાના ખર્ચા | ૮૨,૦૦૦ |
| રોકડ ખરીદી | ૧,૩૦,૦૦૦ |
| દેવાદારો પાસેથી વસૂલાત | ૫,૨૭,૦૦૦ |
| ઘરખર્ચ માટે ઉપાડ | ૩૦,૦૦૦ |

તે વેચાણ પર ૨૫ % લેખે કાચા નફાનો દર એકસરખી રીતે જાળવી રાખે છે. તા. ૩૧મી માર્ચ,૨૦૧૮ ના રોજ ધંધાના ખર્ચના ચૂકવવાની બાકી રકમ ₹ ૫,૩૫૦. તા. ૧ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ મશીનરીમાં વધારો કર્યો હતો. અમુક જૂનું ફર્નિચર (ચોપડે કિંમત ₹ ૬,૦૦૦) તે વર્ષ દરમિયાન વેચ્યું હતું અને તે રકમ હજુ સુધી ફર્નિચર ખાતે જમા કરેલ છે.

મશીનરી પર વાર્ષિક ૧૫ % લેખે અને ફર્નિચર પર વાર્ષિક ૧૦ % લેખે ઘસારાની જોગવાઇ કરો. (વેચેલ ફર્નિચર સિવાય).

૩૧મી માર્ચ,૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષ માટે વેપાર ખાતું અને નફા નુકસાન ખાતું અને તે જ તારીખનું પાકું સરવૈયું તૈયાર કરો.

**(ગુ. યુનિ. એફ. વાય.... માર્ચ, ૨૦૧૦ પર આધારીત)**

**જવાબઃ**

કાચો નફો ₹ ૧,૭૦,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૫૧,૦૦૦, પા. સ. નો સરવાળો ₹ ૩,૫૯,૫૫૦, લેણદારોની શરૂઆતની બાકી ₹ ૯૬,૦૦૦, શરૂઆતની મૂડી ₹ ૨,૪૭,૨૦૦, દેવાદારોની આખરની બાકી ₹ ૭૬,૦૦૦, ફર્નિચર વેચાણની ખોટ ₹ ૩,૦૦૦, ફર્નિચર પર ઘસારો ₹ ૨,૪૦૦, મશીનરી પર ઘસારો ₹ ૨૬,૨૫૦ (૨૨,૫૦૦+૩,૭૫૦), ઉધાર વેચાણ ₹ ૫,૧૦,૦૦૦ (૧,૭૦,૦૦૦X૨૫/૭૫), કુલ વેચાણ ₹ ૬,૮૦,૦૦૦.

**૧૨.** શ્રી રમેશ તેમના હિસાબી ચોપડા યોગ્ય રીતે રાખતા નથી. નીચેની વિગતો પરથી તા. ૩૧-૩-૨૦૧૯ ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું અને નફા-નુકસાન ખાતું તેમજ તે તારીખના રોજનું પાકું સરવૈયું તૈયાર કરો.

| મિલકતો અને જવાબદારીઓ | તા. ૧-૪-૨૦૧૮ ₹ | તા. ૩૧-૩-૨૦૧૯ ₹ |
|---|---|---|
| દેવાદારો | ૧૮,૦૦૦ | ૨૫,૦૦૦ |
| સ્ટોક | ૧૦,૦૦૦ | ૧૩,૪૦૦ |
| ફર્નિચર | ૧,૦૦૦ | ૧,૫૦૦ |
| લેણદારો | ૬,૦૦૦ | ૪,૫૦૦ |
| ફર્નિચરના લેણદારો | -- | ૫૦૦ |
| રોકડ | ૫,૦૦૦ | ૨,૧૦૦ |

**અન્ય વ્યવહારોની વિગતો**

| | |
|---|---|
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | ૬૦,૮૦૦ |
| લેણદારોને ચૂકવેલ રોકડ | ૪૪,૦૦૦ |
| પગાર | ૧૨,૦૦૦ |
| ભાડું | ૧,૨૦૦ |
| ઓફિસ ખર્ચ | ૨,૦૦૦ |
| ઉપાડ | ૩,૦૦૦ |
| વધારાની મૂડી લાવ્યા | ૨,૦૦૦ |
| રોકડ વેચાણ | ૧,૫૦૦ |
| રોકડ ખરીદી | ૫,૦૦૦ |
| મળેલ વટાવ | ૭૦૦ |
| વેચાણ માલ પરત | ૧,૦૦૦ |
| ખરીદ માલ પરત | ૮૦૦ |
| ઘાલખાધ | ૫૦૦ |

**(ગુ. યુનિ. એફ. વાય.... માર્ચ, ૨૦૧૧ પર આધારીત)**

**જવાબ:**

કાચો નફો ₹ ૨૫,૨૫૦, ચોખ્ખો નફો ₹ ૧૦,૦૦૦, પા. સ. નો સરવાળો ₹ ૪૨,૦૦૦, શરૂઆતની મૂડી ₹ ૨૮,૦૦૦, ઉધાર વેચાણ ₹ ૬૯,૩૦૦, ઉધાર ખરીદી ₹ ૪૪,૦૦૦.

**૧૩.** શ્રી સંજય તેમના હિસાબી ચોપડા યોગ્ય રીતે રાખતા નથી. નીચેની વિગતો પરથી તેમનું તા. ૩૧-૩-૨૦૧૯ ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું, નફો-નુકસાન ખાતું તથા તે જ તારીખના રોજનું પાકું સરવૈયું બનાવો.

| મિલકતો અને જવાબદારીઓ | તા. ૧-૪-૨૦૧૮ ₹ | તા. ૩૧-૩-૨૦૧૯ ₹ |
|---|---|---|
| સ્ટોક | ૧૫,૦૦૦ | ૨૦,૦૦૦ |
| દેવાદારો | ૨૦,૦૦૦ | ૩૦,૦૦૦ |
| ફર્નિચર | ૧૫,૦૦૦ | (?) |
| લેણદારો | ૭,૫૦૦ | ૧૦,૦૦૦ |
| રોકડ સિલક | ૨,૫૦૦ | ૨૦,૦૦૦ |

**(૨) વર્ષ દરમિયાનના વ્યવહારો (૨૦૧૮-૧૯)**

| | |
|---|---|
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | ૮૦,૫૦૦ |
| લેણદારોને ચૂકવેલ રોકડ | ૫૮,૦૦૦ |
| ઓફિસ ખર્ચા ચૂકવ્યા | ૨૪,૦૦૦ |
| ઉપાડ (રોકડ) | ૫,૦૦૦ |
| વધારાની મૂડી લાવ્યા (તા. ૧-૪-૨૦૧૮) | ૧૦,૦૦૦ |
| રોકડ વેચાણ | ૩૦,૦૦૦ |
| રોકડ ખરીદી | ૨૧,૦૦૦ |
| લેણદારો પાસેથી મળેલ વટાવ | ૧,૨૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | ૧,૫૦૦ |

| | |
|---|---|
| ખરીદ માલ પરત | ૧,૫૦૦ |
| વેચાણ માલ પરત | ૨,૫૦૦ |
| ઘાલખાધ | ૨,૦૦૦ |
| વર્ષ દરમિયાન મળેલ લેણીહૂંડીઓ | ૧૫,૦૦૦ |
| વર્ષ દરમિયાન આપેલ દેવીહૂંડીઓ | ૧૦,૦૦૦ |

**(ગુ. યુનિ. એફ. વાય.... નવે., ૨૦૧૧ પર આધારીત)**

**જવાબઃ**

કાચો નફો ₹ ૫૧,૩૦૦, ચોખ્ખો નફો ₹ ૨૩,૫૦૦, પા. સ. નો સરવાળો ₹ ૮૩,૫૦૦, શરૂઆતની મૂડી ₹ ૪૫,૦૦૦, ઉધાર વેચાણ ₹ ૧,૧૧,૫૦૦, ઉધાર ખરીદી ₹ ૭૩,૨૦૦, લેણીહૂંડીના રોકડા મળ્યા ₹ ૧૫,૦૦૦, દેવી હૂંડીના રોકડા ચૂકવ્યા ₹૧૦,૦૦૦.

**૧૪.** શ્રી મિતેષ પોતાના હિસાબો વ્યવસ્થિતે રાખતા નથી. નીચેની માહિતી પરથી તા. ૩૧-૩-૨૦૧૯ ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું, નફૈ-નુકસાન ખાતું તથા તે જ તારીખના રોજનું પાકું સરવૈયું તૈયાર કરો.

**(૧) મિલકતો અને જવાબદારીઓ**

| | તા. ૧-૪-૧૮ ₹ | તા. ૩૧-૩-૧૯ ₹ |
|---|---|---|
| મશીનરી | ૧,૦૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ |
| મકાન | ૭૦,૦૦૦ | ૭૦,૦૦૦ |
| દેવાદારો | ૨,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| લેણદારો | ૧,૫૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ |
| રોકડ સિલક હાથ પર | ૪૦,૦૦૦ | (?) |
| સ્ટોક | ૧,૬૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ |
| લેણી હૂંડીઓ | ૨૫,૦૦૦ | ૪૦,૦૦૦ |
| દેવી હૂંડીઓ | ૧૫,૦૦૦ | ૨૦,૦૦૦ |

**(૨) રોકડ વ્યવહારો**

| | | | |
|---|---|---|---|
| રોકડ વેચાણ | ૨,૮૦,૦૦૦ | ચૂકવેલ ભાડું | ૨૪,૦૦૦ |
| રોકડ ખરીદી | ૧,૭૦,૦૦૦ | પરચૂરણ ખર્ચા | ૮,૪૦૦ |
| મશીનરીની ખરીદી (તા. ૧-૧૦-૨૦૧૮) | ૫૦,૦૦૦ | ૧૦ % ના રોકાણો ખરીધા (તા. ૧-૧૦-૨૦૧૮) | ૪૦,૦૦૦ |
| દેવાદારો પાસેથી વસૂલાત | ૪,૭૦,૦૦૦ | લેણદારોને ચૂકવ્યા | ૧,૮૦,૦૦૦ |
| મજૂરી | ૧૪,૦૦૦ | લેણીહૂંડીના મળ્યા | ૮૦,૦૦૦ |
| પગાર | ૪૮,૦૦૦ | દેવી હૂંડીના ચૂકવ્યા | ૪૨,૦૦૦ |
| ટેલિફોન ખર્ચ | ૯,૬૦૦ | ઉપાડ | ૪૨,૦૦૦ |

**વધારાની માહિતીઃ**

(૧) મળેલ વટાવ ₹ ૨,૪૦૦ અને આપેલ વટાવ ₹ ૩,૬૦૦.

(૨) મશીનરી પર વાર્ષિક ૧૦ % અને મકાન પર વાર્ષિક ૫% લેખે ઘસારો ગણો.

(૩) દેવાદારો પર ૫ % લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(ગુ. યુનિ. એફ. વાય.... ડિસે., ૨૦૧૨ પર આધારીત)

**જવાબઃ**

કાચો નફા ₹ ૫,૮૫,૨૦૦, ચોખ્ખો નફો ₹ ૪,૬૫,૦૦૦, પા. સ. નો સરવાળો ₹ ૯,૯૩,૦૦૦, શરૂઆતની મૂડી ₹ ૪,૩૦,૦૦૦, છેવટની રોકડ સિલક ₹ ૨,૪૨,૦૦૦, દેવાદારો પાસેથી મળેલ લેણીહૂંડી ₹ ૯૫,૦૦૦, ઉધાર વેચાણ ₹ ૬,૬૮,૬૦૦, વર્ષ દરમિયાન સ્વીકારેલ દેવી હૂંડી ₹ ૪૭,૦૦૦, ઉધાર ખરીદી ₹ ૧,૯૯,૪૦૦, રોકણો પર વ્યાજ મળવાનું બાકી ₹ ૨,૦૦૦, ઘસારો : મશીનરી ₹ ૧૨,૫૦૦ અને મકાન ₹ ૩,૫૦૦, ઘા. અનામત ₹ ૧૫,૦૦૦.

**૧૫.** શ્રી રાકેશ મિશ્રા ચોપડામાંથી નીચેની વિગતો મળેલ છે. જેના આધારે તા. ૩૧-૩-૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો

**(૧) મિલકતો અને જવાબદારીઓ**

| | તા. ૧-૪-૧૮ | તા. ૩૧-૩-૧૯ |
|---|---|---|
| | ₹ | ₹ |
| સ્ટૉક | ૨૫,૦૦૦ | ૩૫,૦૦૦ |
| દેવાદારો | ૪૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ફર્નિચર | ૪૦,૦૦૦ | (?) |
| લેણદારો | ૧૫,૦૦૦ | ૨૦,૦૦૦ |
| રોકડ સિલક | ૫,૦૦૦ | ૩૦,૦૦૦ |

**(૨) વર્ષ દરમિયાનના વ્યવહારો**

| | ₹ |
|---|---|
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | ૧,૬૧,૦૦૦ |
| લેણદારોને ચૂકવેલ રોકડ | ૧,૧૬,૦૦૦ |
| ઓફિસના ખર્ચા | ૪૮,૦૦૦ |
| ઉપાડ રોકડમા | ૧૦,૦૦૦ |
| વધારાની મૂડી લાવ્યા | ૨૦,૦૦૦ |
| રોકડ વેચાણ | ૬૦,૦૦૦ |
| રોકડ ખરીદી | ૪૨,૦૦૦ |
| લેણદારો પાસેથી મળેલ વટાવ | ૨,૪૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | ૩,૦૦૦ |
| ખરીદ માલ પરત | ૩,૦૦૦ |
| વેચાણ માલ પરત | ૫,૦૦૦ |
| ઘાલખાધ | ૪,૦૦૦ |
| ફર્નિચર પર ઘસારો | ૧૨% |

(ગુ. યુનિ., એફ. વાય.... ડિસે., ૨૦૧૩ પર આધારીત)

**જવાબઃ**

કાચો નફો ₹ ૮૨,૬૦૦, ચોખ્ખો નફો ₹ ૨૫,૨૦૦, પા. સ. નો સરવાળો ₹ ૧,૫૦,૦૦૦, શરૂઆતની મૂડી ₹ ૯૫,૦૦૦, ઉધાર વેચાણ ₹ ૧,૮૩,૦૦૦, ઉધાર ખરીદી ₹ ૧,૨૬,૪૦૦.

૧૬. જય તેના હિસાબો એકનોંધી હિસાબી પધ્ધતિએ રાખે છે. નીચેની માહિતી પરથી તેમના વાર્ષિક હિસાબો તૈયાર કરો. તેઓ કોઇક વખતે દેવાદારો પાસેથી એડવાન્સ નાણાં લે છે

**તા. ૦૧-૦૪-૨૦૧૮ ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| મૂડી | ૪,૩૮,૮૭૦ | જમીન-મકાન | ૨,૯૨,૮૭૦ |
| લેણદારો | ૩૪,૦૦૦ | દેવાદારો | ૯૫,૦૦૦ |
| દેવી હૂંડી | ૭,૦૦૦ | લેણી હૂંડી | ૧૪,૦૦૦ |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | ૩,૦૦૦ | રોકડ સિલક | ૫૩,૦૦૦ |
| | | સ્ટોક | ૪૮,૦૦૦ |
| | ૪,૮૨,૮૭૦ | | ૪,૮૨,૮૭૦ |

**તા. ૩૧-૩-૨૦૧૯ ના રોજ પૂરા થતાં વર્ષનું રોકડ-બેન્ક ખાતુંઉધ**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | ૫૩,૦૦૦ | શરૂની બાકી | ૩,૦૦૦ |
| દેવાદારો ખાતે | ૮૮,૦૦૦ | લેણદારો ખાતે | ૭૧,૦૦૦ |
| લેણી હૂંડી ખાતે | ૧૩,૦૦૦ | દેવી હૂંડી ખાતે | ૮,૦૦૦ |
| વેચાણ | ૩૪,૦૦૦ | ઉપાડ | ૧૨,૦૦૦ |
| | | ખર્ચા | ૪૯,૧૦૦ |
| | | ૯% ના રોકાણો (તા. ૧-૧૦-૧૮ ના રોજ ખરીદ્યા. | ૨૦,૦૦૦ |
| | | છેવટની બાકી | ૨૪,૯૦૦ |
| | ૧,૮૮,૦૦૦ | | ૧,૮૮,૦૦૦ |

**અન્ય માહિતીઃ**

| | |
|---|---|
| કુલ વેચાણ | ૨,૨૪,૦૦૦ |
| કુલ ખરીદી | ૨,૧૩,૦૦૦ |
| મળેલ વટાવ | ૧,૧૦૦ |
| આપેલ વટાવ | ૧,૬૦૦ |
| લેણી હૂંડી મળી | ૨૭,૦૦૦ |
| લેણી હૂંડી નકારાઇ | ૮,૦૦૦ |
| લેણી હૂંડી વેચાણ શેરો કરી આપી | ૧૬,૦૦૦ |
| દેવી હૂંડી સ્વીકારી | ૨૫,૦૦૦ |
| વેચાણશેરો કરેલી લેણી હૂંડી નકારાઇ | ૫,૦૦૦ |
| દેવાદારોની છેવટની બાકી | ૧,૮૩,૪૦૦ |
| છેવટનો સ્ટોક | ૧,૭૬,૦૦૦ |

**વધારાની માહિતીઃ**

(૧) તેમણે દર મહિનાની ૧૬મી તારીખે ₹ ૧૦૦૦ લેખે રોકડ ઉપાડ કર્યો હતો, તેના પર ૧૦ % લેખે વ્યાજ ગણો.

(૨) મેનેજરને ચોખ્ખા વ્યાપારી નફા ના ૯% કમિશન આપવું.

**(દ. ગુ. યુનિ. એસ. વાય.... ડિસે., ૨૦૧૪ પર આધારીત)**

જવાબઃ
કાચો નફો ₹ ૧,૩૯,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૮૨,૮૦૦, ચોખ્ખો વ્યાપારી નફો ₹ ૯૦,૦૦૦ (રોકાણના વ્યાજ સિવાય), મેનેજરને કમિશન ₹ ૮,૧૦૦ (૯૦,૦૦૦ના ૯% લેખે) પા. સ. નો સરવાળો ₹ ૭,૦૨,૦૭૦, છેવટની લેણી હૂંડી ₹ ૪,૦૦૦, દેવાદારો પાસેથી મળેલ એડવાન્સ ₹ ૨૨,૦૦૦, છેવટની દેવી હૂંડી ₹ ૨૪,૦૦૦, છેવટના લેણદારો ₹ ૧,૩૮,૯૦૦, ઉપાડ પરનું વ્યાજ ₹ ૬૦૦ (૧,૦૦૦ X ૧૦% X ૭૨/૧૨), રોકાણોનું ચઢેલું વ્યાજ ₹ ૯૦૦ (૨૦,૦૦૦ X ૯% X ૬/૧૨)

**૧૭.** પીકેશકુમાર તેના હિસાબો એકનોંધી પદ્ધતિ મુજબ રાખે છે. તેના અધૂરા હિસાબોમાંથી નીચેની માહિતી મેળવવામાં આવી હતી.

**(૧) તા. ૧-૪-૨૦૧૮ ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | | ₹ |
|---|---|---|---|---|
| મૂડી | ૩૫,૦૦૦ | ફર્નિચર | | ૧૫,૦૦૦ |
| લેણદારો | ૧૦,૦૦૦ | સ્ટોક | | ૧૨,૦૦૦ |
| દેવી હૂંડી | ૨,૦૦૦ | દેવાદારો | ૧૭,૦૦૦ | |
| ચૂકવવાનો બાકી પગાર | ૬૦૦ | - ઘા. અનામત | ૧,૦૦૦ | ૧૬,૦૦૦ |
| | | રોકડ | | ૧,૫૦૦ |
| | | લેણી હૂંડી | | ૩,૦૦૦ |
| | | અગાઉથી ચૂકવેલ વીમો | | ૧૦૦ |
| | ૪૭,૬૦૦ | | | ૪૭,૬૦૦ |

**(૨) વર્ષ ૨૦૧૮-૧૯ નું રોકડ ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | ૧,૫૦૦ | લેણદારો ખાતે | ૮૦,૦૦૦ |
| દેવાદારો ખાતે | ૭૫,૦૦૦ | દેવીહૂંડી ખાતે | ૫,૦૦૦ |
| લેણીહૂંડી ખાતે | ૩,૫૦૦ | ખરીદ ખાતે | ૧૮,૦૦૦ |
| વેચાણ ખાતે | ૫૦,૦૦૦ | પગાર ખાતે | ૬,૦૦૦ |
| ઘાલખાધ વસૂલાત | ૧,૦૦૦ | વીમા ખાતે | ૧,૨૦૦ |
| | | ઓફિસ ખર્ચ ખાતે | ૬,૮૦૦ |
| | | ઉપાડ ખાતે | ૯,૦૦૦ |
| | | બાકી આગળ લઇ ગયા | ૫,૦૦૦ |
| | ૧,૩૧,૦૦૦ | | ૧,૩૧,૦૦૦ |

**(૩) અન્ય માહિતીઃ**

| | |
|---|---|
| કુલ વેચાણ | ૧,૫૦,૦૦૦ |
| આપેલ વટાવ | ૩,૦૦૦ |
| લેણદારોને વેચાણ શેરો કરી આપેલ લેણી હૂંડી | ૫,૦૦૦ |
| લેણદારોને વેચાણ શેરો કરી આપેલ લેણી હૂંડી નકારાઇ | ૩,૦૦૦ |

(૪) તા. ૩૧-૩-૨૦૧૯ ના રોજ બાકીઓ

| | |
|---|---|
| લેણદારો | ૧૨,૦૦૦ |
| દેવી હૂંડી | ૫,૦૦૦ |
| લેણી હૂંડી | ૮,૦૦૦ |
| સ્ટોક | ૧૫,૦૦૦ |
| અગાઉથી ચૂકવેલ વીમો | ૨૦૦ |

(૫) હવાલાઃ

૧. ફર્નિચર પર વાર્ષિક ૧૦% લેખે ઘસારો ગણો.

૨. દેવાદારોમાંથી ₹ ૫૦૦ માંડી વાળો.

૩. દેવાદારો પર ૫% લેખે ઘાલખાધ અનામત રાખો.

તા. ૩૧-૩-૧૯ ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર ખાતું, નફા-નુકશાન ખાતું તથા તે જ દિવસનું પાકું સરવૈયું તૈયાર કરો.

(સરદાર પટેલ યુનિ. નવે., ૨૦૧૦ પર આધારીત)

જવાબઃ

કાચો નફો ₹ ૪૩,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૨૫,૩૦૦, મૂડી ખાતાની બાકી ₹ ૫૧,૩૦૦, પા.સ. નો સરવાળો ₹ ૬૮,૩૦૦, લેણીહૂંડીનું ખાતું બનાવતાં વર્ષ દરમિયાન લખેલી લેણીહૂંડીઓ ₹ ૧૩,૫૦૦ મળશે, દેવાદારોના ખાતામાંથી આખરના દેવાદારો ₹ ૨૮,૫૦૦ મળશે, દેવીહૂંડીના ખાતામાંથી વર્ષ દરમિયાન સ્વીકારેલી દેવીહૂંડીઓ ₹ ૮,૦૦૦ મળશે, લેણદારોના ખાતામાંથી ઉધાર ખરીદી ₹ ૯૨,૦૦૦ મળશે, ફર્નિચર પર ઘસારો ₹ ૧,૫૦૦, દેવાદારો પર ઘાલખાધ અનામત ₹ ૧,૪૦૦

૧૮. વિનોદકુમાર પોતાના હિસાબો એકનોંધી પધ્ધતિ મુજબ રાખે છે, જે નીચેની માહિતી આપે છે.

(૧) મિલકતો અને જવાબદારીઓની વિગતો

| વિગત | ૩૧-૩-૧૮ ₹ | ૩૧-૦૩-૧૯ ₹ |
|---|---|---|
| ફર્નિચર | ૧૩,૦૦૦ | ૧૭,૦૦૦ |
| સ્ટોક | ૧૫,૦૦૦ | ૨૧,૦૦૦ |
| દેવાદારો | ૧૦,૦૦૦ | ૧૭,૦૦૦ |
| લેણદારો | ૮,૨૦૦ | ૭,૭૦૦ |
| હોથ પર રોકડ | ૫૦૦ | ૪૦૦ |
| બેન્ક સિલક (પાસબુક મુજબ) | ૩,૮૦૦ | ૫,૫૦૦ |
| અગાઉથી ચૂકવેલ વીમો | -- | ૨૫૦ |
| નહિ ચૂકવેલ પગાર | ૭૫૦ | -- |

(૨) તેઓ તા. ૧-૧૨-૧૮ ના રોજ ₹ ૪૦૦૦ નું અંગત ફર્નિચર પેઢીમાં લાવેલ છે.

(૩) એક ગ્રાહક પાસેથી ₹ ૧,૫૦૦ ની મળેલી લેણી હૂંડી ₹ ૧,૪૧૦ મા વટાવેલી હતી. તેની રોકડમેળમાં નોંધ કરેલ છે, પણ ગ્રાહક ખાતે નોંધ બાકી છે.

(૪) તા. ૨૭-૩-૧૮ રોજ ₹ ૧,૨૦૦નો બેન્કમાં ભરેલ ચેક તા. ૩-૪-૧૮ ના રોજ બેન્કમાં જમા થયેલ છે. તા.૨૮-૩-૧૯ના રોજ ₹ ૧,૮૦૦ નો એક લેણદારને આપેલ ચેક તા. ૩૧-૩-૧૯ સુધી બેન્કમાં રજૂ થયો ન હતો.

(૫) તેમના ધંધા તેમજ રહેઠાણ તરીકે વપરાતા મકાનનું માસિક ભાડું ₹ ૩૦૦ છે. મકાનનો ૧/૩ ભાગ ધંધા માટે અને બાકીનો ભાગ રહેઠાણ તરીકે વપરાય છે. સમગ્ર ભાડુ ધંધા માંથી ચૂકવાય છે.

(૬) અક્ષયકુમાર તેમના અંગત વપરાશ માટે ₹ ૧,૦૦૦ નો માલ લઇ ગયા હતા અને ₹ ૫૦૦ નો માલ અનાથ આશ્રમમાં ધર્માદા તરીકે આપ્યો હતો, તેમનો રોકડ ઉપાડ ₹ ૭,૫૦૦ હતો.

(૭) ફર્નિચર ઉપર વાર્ષિક ૧૨% લેખે ઘસારો કાપો. દેવાદારો પર ૫% લેખે ઘાલખાધ અનામતની જોગવાઇ કરો. મૂડી પર વાર્ષિક ૧૨% લેખે વ્યાજ ગણો.

(૮) તા. ૩૧-૩-૧૯ ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન દર્શાવતું પત્રક તથા તે જ તારીખનું પાકું સરવૈયું તૈયાર કરો.

**(સ. પ. યુનિ., નવે., ૨૦૧૦ પર આધારીત)**

**જવાબ:**

શરૂની મૂડી ₹ ૩૪,૫૫૦, આખરની મૂડી ₹ ૫૦,૧૫૦, કાચો નફો ₹ ૨૨,૫૦૦, ચોખ્ખો નફો ₹ ૧૫,૬૯૯, પા. સ. નો સરવાળો ₹ ૫૭,૩૫૫, રોકડ મેળ પ્રમાણે શરૂની બેન્કસિલક ₹ ૫,૦૦૦ અને આખરની બેન્ક સિલક ₹ ૩,૭૦૦, મૂડી પર વ્યાજ ₹ ૪,૩૦૬, ફર્નિચર પર ઘસારો ₹ ૧,૭૨૦, દેવાદારો પર ઘાલખાધ અનામત ₹ ૭૭૫.

**૧૯.** વિપિન તેના હિસાબો એકનોંધી પદ્ધતિ મુજબ રાખે છે, નીચે આપેલી માહિતી પરથી તા. ૩૧ -૦૩ - ૨૦૧૯ ના રોજ પૂરા થતાં વર્ષનાં હિસાબો તૈયાર કરો.

| (૧) વિગત | તા. ૦૧-૦૪-૧૮ ના રોજ (₹) | તા. ૩૧-૦૩-૧૯ ના રોજ (₹) |
|---|---|---|
| લેણી હૂંડી | ૨,૦૦૦ | ૪,૨૦૦ |
| દેવી હૂંડી | ૩,૦૦૦ | ૩,૬૦૦ |
| સ્ટોક | ૭,૦૦૦ | (?) |
| લેણદારો | ૬,૦૦૦ | ૧૦,૭૦૦ |
| હાથ પર રોકડ | ૧,૦૦૦ | ૪૦૦ |
| દેવાદારો | ૫,૦૦૦ | ૧૧,૩૦૦ |
| ફર્નિચર | (?) | ૩,૦૦૦ |
| મશીનરી | ૧૨,૦૦૦ | (?) |

(૨) તા. ૩૧-૦૩-૨૦૧૯ ના રોજ પૂરા થતાં વર્ષના રોકડ વ્યવહારોનો ટૂંકસાર

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | | ખરીદ ખાતે | ૩,૦૦૦ |
| (તા. ૦૧-૦૪-૨૦૧૮ ના રોજ) | ૧,૦૦૦ | ભાડા ખાતે | ૧,૦૦૦ |
| લેણી હૂંડી ખાતે | ૧,૦૦૦ | પગાર ખાતે | ૧,૮૦૦ |
| વેચાણ ખાતે | ૧૧,૦૦૦ | લેણદારોને ચૂકવ્યા | ૭,૦૦૦ |
| દેવાદારો પાસેથી મળ્યા | ૮,૦૦૦ | ઉપાડ ખાતે | ૨,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| મશીનરીનું વેચાણ (૦૧-૧૨-૨૦૧૮) (તા.૦૧-૦૪-૧૮ ના રોજ ચો. કિ. ₹ ૧,૨૦૦) | ૮૦૦ | મયૂરને ૯%ની લોન ખાતે (૦૧-૧૦-૨૦૧૮) | ૫,૦૦૦ |
| | | ફર્નિચરની ખરીદી (૦૧-૦૧-૧૯) | ૧,૦૦૦ |
| | | પરચૂરણ ખર્ચ ખાતે | ૬૦૦ |
| | | બાકી આગળ લઈ ગયા (તા. ૩૧-૦૩-૧૯ ના રોજ) | ૪૦૦ |
| | ૨૧,૮૦૦ | | ૨૧,૮૦૦ |

**(૩) અન્ય વ્યવહારોઃ**

આપેલ વટાવ ₹ ૩૦૦, વટાવ મળ્યો ₹ ૨૦૦, ઘાલખાધ માંડી વાળી ₹ ૧,૨૦૦, નકારાયેલ લેણી હૂંડી ₹ ૮૦૦, નકારાયેલ દેવી હૂંડી ₹ ૪૦૦, ખરીદ પરત રૂ.૫૦૦, વેચાણ પરત ₹ ૧,૦૦૦.

**(૪) હવાલાઃ**

૧. વેચાણ પર કાચા નફાનો દર ૩૦% છે.

૨. મશીનરી પર ૫% અને ફર્નિચર પર ૧૦ % ઘસાપો ગણો.

**(સ.પ.યુનિ., નવે.., ૨૦૧૧ પર આધારીત)**

**જવાબઃ**

શરૂની મૂડી ₹ ૨૦,૦૦૦, કાચો નફો ₹ ૯,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૩,૩૬૦, પા. સ. નો સરવાળો ₹ ૩૫,૬૬૦, સ્ટોક શોધવા વેપાર ખાતામાં સૌપ્રથમ વેચાણ ₹ ૩૦,૦૦૦ ના ૩૦% લેખે કાચો નફો ₹ ૯,૦૦૦ દર્શાવી વેપાર ખાતું બંધ કરવું જેથી આખરનો સ્ટોક ₹ ૧,૫૦૦ મળશેઃ ઉધાર વેચાણ ₹ ૨૦,૦૦૦, ઉધાર ખરીદી ₹ ૧૩,૦૦૦, ફર્નિચર પર ઘસારો ₹ ૨૨૫, વેચેલ યંત્રનો ઘસારો ₹ ૪૦ અને વેચેલ યંત્રની ખોટ ₹ ૩૬૦, શરૂઆતનું ફર્નિચર લોનનું વ્યાજ ₹ ૨૨૫.

**૨૦. નીચે આપેલી માહિતી પરથી વર્ષ ૨૦૧૮-૧૯ માટે ધંધાનું ચોખ્ખું કુલ વેચાણ શોધો.**

| | |
|---|---|
| શરૂઆતના દેવાદારો | ૨,૫૦,૦૦૦ |
| આખરનાં દેવાદારો | ૪,૦૦,૦૦૦ |
| લેણી હૂંડીની શરૂની બાકી | -- |
| લેણી હૂંડીની આખર બાકી | ૫૦,૦૦૦ |
| આપેલ વટાવ | ૪૦,૦૦૦ |
| ઘાલખાધ | ૨૦,૦૦૦ |
| દેવાદારો વતી ચૂકવેલા ખર્ચા | ૮,૦૦૦ |

વર્ષ દરમિયાન ઉધાર વેચેલ માલ પૈકી ૧૦% પરત આવ્યો છે. ચોખ્ખું ઉધાર વેચાણ અને રોકડ વેચાણનો ગુણોત્તર ૩ઃ૨ છે. વર્ષ દરમિયાન દેવાદારો પાસેથી ₹ ૭,૨૦,૦૦૦ રોકડા મળ્યા હતાં.

**(સ. પ. યુનિ... નવે..., ૨૦૧૧ પર આધારીત)**

**જવાબઃ**

ચોખ્ખું કુલ વેચાણ ₹ ૧૨,૯૬,૦૦૦, દેવાદારોનું ખાતું બંધ કરતાં ઉધાર બાજુ ખૂટતી રકમ ₹ ૯,૭૨,૦૦૦ મળશે જે ચોખ્ખું ઉધાર વેચાણ ગણાશે, ઉધાર વેચાણનાં ૧૦% માલ પરત આવ્યો છે, તેથી ૯૦% ચોખ્ખું ઉધાર વેચાણ ગણાય. આમ, વેચાણ પરત ₹ ૧,૦૮,૦૦૦ ( $9,72,000 \times \frac{10}{90}$) ને કુલ ઉધાર વેચાણ ₹

૧૦,૮૦,૦૦૦ $(9{,}72{,}000 \times \frac{100}{90})$ રોકડ વેચાણ ₹ ૩,૨૪,૦૦૦ $(૯{,}૭૨{,}૦૦૦ \times \frac{1}{3})$ કુલ ચોખ્ખું વેચાણ = ૯,૭૨,૦૦૦+૩,૨૪,૦૦૦ = ₹ ૧૨,૯૬,૦૦૦.

**૨૧.** પ્રદિપ તેમના હિસાબો એકનોંધી પધ્ધતિથી રાખે છે. નીચેની માહિતી પરથી આખર સ્ટોકની કિંમત શોધો.

રોકડ ખરીદી ₹ ૫૬,૦૦૦ (કુલ ખરીદીના ૩૫%)

રોકડ વેચાણ ₹ ૨,૧૦,૦૦૦ (કુલ વેચાણના ૭૦%)

વેચાણ પર કાચા નફાનો દર ૩૦%

શરૂઆતનો સ્ટોક કાચા નફાના ૨૦૦%

**(સ.પ.યુનિ.,, નવે..., ૨૦૧૧ પર આધારીત)**

**જવાબ**

આખર સ્ટોકની કિંમત ₹ ૧,૩૦,૦૦૦, કુલ ખરીદી ₹ ૧,૬૦,૦૦૦ $\left(36{,}000 \times \frac{100}{35}\right)$, કુલ વેચાણ $3{,}00{,}000$ $\left(21{,}000 \times \frac{100}{70}\right)$ કાચો નફો ₹ ₹ $90{,}000$ $\left(3{,}00{,}000 \times \frac{30}{100}\right)$ શરૂનો સ્ટોક ₹ $1{,}80{,}000\left(90{,}000 \times \frac{200}{100}\right)$
હવે વેપાર ખાતું તૈયાર કરતાં આખર સ્ટોકની કિંમત ₹ ૧,૩૦,૦૦૦ મળશે.

**૨૨.** શ્રી કિર્તન નીચેની માહિતી આપે છે.

| વિગત | ૦૧-૦૪-૨૦૧૮ ₹ | ૩૧-૦૩-૨૦૧૯ ₹ |
|---|---|---|
| દેવાદારો | ૬૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| લેણદારો | ૩૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| દેવી હૂંડી | ૫,૦૦૦ | ૧૩,૦૦૦ |
| લેણી હૂંડી | ૪,૦૦૦ | ૯,૦૦૦ |
| પ્લાન્ટ | ૧૦,૦૦૦ | ૮,૦૦૦ |
| ફર્નિચર | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| સ્ટોક | ૬૦,૦૦૦ | ૮૦,૦૦૦ |

| **વર્ષ દરમિયાનના વ્યવહારો:** | |
|---|---|
| દેવાદારોને આપેલ વટાવ | ૨,૦૦૦ |
| લેણદારો પાસેથી મળેલ વટાવ | ૩,૦૦૦ |
| વેચાણ પરત | ૩,૦૦૦ |
| ખરીદ પરત | ૨,૦૦૦ |

| **વર્ષ દરમિયાનના રોકડ વ્યવહારો** | |
|---|---|
| બાકી (૦૧-૦૪-૨૦૧૮) | ૩૦,૦૦૦ |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | ૯૦,૦૦૦ |
| લેણદારોને ચૂકવેલ રોકડ | ૪૦,૦૦૦ |
| લેણી હૂંડીના રોકડા મળ્યા | ૧૦,૦૦૦ |
| દેવી હૂંડીના રોકડા ચૂકવ્યા | ૬,૦૦૦ |
| પરચૂરણ આવક | ૪,૦૦૦ |

| | |
|---|---|
| પરચૂરણ ખર્ચા | ૨,૦૦૦ |
| રોકડ વેચાણ | ૩૦,૦૦૦ |
| રોકડ ખરીદ | ૧૦,૦૦૦ |
| ઉપાડ | ૬,૦૦૦ |

**અન્ય માહિતીઃ**

૧. મૂડી અને ઉપાડ પર ૧૦% લેખે વ્યાજ ગણો.
૨. પ્લાન્ટ અને ફર્નિચર પર ૧૦ % ઘસારો ગણો.
૩. દેવાદારો પર રૂ.૫,૦૦૦ ઘાલખાધ અનામત રાખો.
૪. વર્ષના અંતે ₹ ૨,૦૦૦ પગાર ચૂકવવાનો બાકી છે.
વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**(સ. પ. યુનિ.., નવે...., ૨૦૧૩ પર આધારીત)**

**જવાબઃ**

શરૂઆતની મૂડી ₹ ૧,૪૯,૦૦૦, કાચો નફો ₹ ૧,૨૦,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૯૮,૯૦૦, પા. સ. નો સરવાળો ₹ ૨,૯૧,૨૦૦, ઉધાર વેચાણ ₹ ૧,૩૦,૦૦૦, ઉધાર ખરીદી ₹ ૪૯,૦૦૦, પ્લાન્ટનું વેચાણ ₹ ૨,૦૦૦ જે રોકડ ખાતાની ઉધાર બાજુ દર્શાવાશે, પ્લાન્ટ પર ઘસારો ₹ ૮૦૦, ફર્નિચર પર ઘસારો ₹ ૨,૦૦૦, મૂડી પર વ્યાજ ₹ ૧૪,૯૦૦, ઉપાડ પર વ્યાજ ₹ ૬૦૦, આખરની રોકડ સિલક ₹ ૧,૦૨,૦૦૦

**૨૩.** નીચેની માહિતી દર્શન દ્વારા પૂરી પાડવામાં આવી છે

| (૧) મિલકતો અને જવાબદારીઓ | ૩૧-૦૩-૧૮ ₹ | ૩૧-૦૩-૧૯ ₹ |
|---|---|---|
| રોકડ | (?) | ૭,૮૦૦ |
| સ્ટોક | ૨૦,૦૦૦ | ૨૨,૦૦૦ |
| દેવાદારો | (?) | ૩૦,૦૦૦ |
| લેણદારો | ૨૨,૦૦૦ | (?) |
| ફર્નિચર | ૬,૦૦૦ | -- |

(૨)વર્ષ દરમિયાન આવકો અને ચૂકવણીઓ

| | |
|---|---|
| ગ્રાહકો પાસેથી મળ્યાં | ૧,૩૦,૦૦૦ |
| ગ્રાહકોને આપેલ વટાવ | ૧,૦૦૦ |
| વધારાની મૂડી લાવ્યા (૧-૧૦-૨૦૧૮) | ૫,૦૦૦ |
| સામાન્ય ખર્ચા | ૩,૦૦૦ |
| ઉપાડ | ૬,૦૦૦ |
| લેણદારોને ચૂકવ્યા | ૧,૧૦,૦૦૦ |
| પગાર (તા. ૨૯-૦૨-૨૦૧૯ સુધી) | ૧૧,૦૦૦ |
| ભાડું (તા. ૨૯-૦૨-૨૦૧૯ સુધી) | ૨,૨૦૦ |

(૩) ખરીદ અને વેચાણ ઉધાર થાય છે. વર્ષ દરમિયાન ખરીદીની રકમ ₹ ૧,૦૭,૦૦૦.

(૪) વેચાણ અંગે કોઈ આંકડાકીય માહિતી નથી, પરંતુ મિતેષે વેચાણ પર ૨૫% લેખે કાચા નફાનો દરજાળવી રાખ્યો છે.
(૫) ફર્નિચર પર ૧૦% ઘસારો ગણવાનો છે.
(૬) મૂડી પર વાર્ષિક ૫% લેખે વ્યાજ ગણવાનું છે.
જરૂરી ખાતાં તૈયાર કરો.

(સ. પ. યુનિ..., નવે..., ૨૦૧૩ પર આધારીત)

જવાબઃ
વેચેલ માલની પડતર ૭૫% ગણાય, તેથી કાચો નફો રૂ.૩૫,૦૦૦ અને વેચાણ (ઉધાર) ₹ ૧,૪૦,૦૦૦, દેવાદારોનું ખાતું બંધ કરતાં શરૂના દેવાદારો ₹ ૨૧,૦૦૦ મળશે, લેણદારોના ખાતામાંથી આખરના લેણદારો ₹ ૧૯,૦૦૦ મળશે, રોકડ ખાતું બંધ કરતાં શરૂની રોકડ સિલક ₹ ૫,૦૦૦ મળશે. હવે, શરૂઆતનું સ્થિતિદર્શક પત્રક બનાવતાં શરૂની મૂડી ₹ ૩૦,૦૦૦ મળશે, ચોખ્ખો નફો ₹ ૧૪,૩૭૫, પા. સ. નો સરવાળો ₹ ૬૫,૨૦૦, મૂડી પર વ્યાજ ₹ ૧,૬૨૫, ફર્નિચર પર ઘસારો ₹ ૬૦૦, ચૂકવવાનો બાકી પગાર (૧ માસનો) ₹ ૧,૦૦૦, ચૂકવવાનું બાકી ભાડું ₹ ૨૦૦

**૨૪.** નવિનચૂ તેના હિસાબો એકનોંધી પધ્ધતિથીરાખે છે. નીચે આપેલી માહિતીપરથી તા. ૩૧મી માર્ચ,૨૦૧૯ ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું અને નફા-નુકશાન ખાતું તૈયાર કરો તથા તે જ તારીખનું પાકું સરવૈયું તૈયાર કરો.

**(૧) વર્ષ ૨૦૧૮-૧૯ નું રોકડ ખાતું**

ઉ. જ.

| આવક | ₹ | ખર્ચા | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | ૧,૫૦૦ | લેણદારો ખાતે | ૯૦,૦૦૦ |
| દેવાદારો ખાતે | ૮૦,૦૦૦ | દેવી હૂંડી ખાતે | ૬,૦૦૦ |
| લેણી હૂંડી ખાતે | ૭,૦૦૦ | ખરીદ ખાતે | ૨૦,૦૦૦ |
| વેચાણ ખાતે | ૫૦,૦૦૦ | પગાર ખાતે | ૬,૦૦૦ |
| ઘાલખાધ પરત ખાતે | ૫૦૦ | વીમા ખાતે | ૩૬૦ |
| જૂના ફર્નિચરની વેચાણ |  | ૧૦% રોકાણો ખાતે |  |
| ખાતે (૦૧-૧૦-૧૮) | ૩,૦૦૦ | (૦૧-૧૦-૧૮ નારોજ ખરીદ્યા) | ૫,૦૦૦ |
|  |  | આફિસ ખર્ચ ખાતે | ૭,૬૪૦ |
|  |  | ઉપાડ ખાતે | ૬,૦૦૦ |
|  |  | આખર બાકી | ૧,૦૦૦ |
|  | ૧,૪૨,૦૦૦ |  | ૧,૪૨,૦૦૦ |

**(૨) મિલકતો અને જવાબદારીઓની લગતી વિગતો**

| વિગત | ૦૧-૦૪-૨૦૧૮ ₹ | ૩૧-૦૩-૨૦૧૯ ₹ |
|---|---|---|
| દેવાદારો | ૧૬,૦૦૦ | ૨૦,૦૦૦ |
| લેણદારો | ૧૦,૦૦૦ | ૧૨,૦૦૦ |
| લેણી હૂંડી | ૩,૦૦૦ | ૫,૦૦૦ |
| દેવી હૂંડી | ૨,૦૦૦ | ૪,૦૦૦ |

| | | |
|---|---|---|
| વેપારનો સ્ટોક | ૧૧,૦૦૦ | ૧૪,૦૦૦ |
| ફર્નિચર | ૧૫,૦૦૦ | -- |
| નહિ ચૂકવેલ પગાર | ૪૦૦ | ૬૦૦ |
| અગાઉથી ચૂકવેલ વીમો | ૬૦ | ૯૦ |

(૩) અન્ય માહિતીઃ

૧. વર્ષ દરમિયાન આપેલ વટાવ ₹ ૨,૦૦૦.

૨. વર્ષ દરમિયાન કમાયેલ વટાવ ₹ ૩,૦૦૦.

૩. ઘાલખાધ માંડી વાળી ₹ ૨,૦૦૦.

૪. લેણદારને વેચાણશેરો કરી આપેલી લેણીહૂંડી ₹ ૧,૦૦૦.

૫. ધંધાના માલિક મૌલિકકુમાર તેના અંગત વપરાશ માટે ₹ ૧,૦૦૦ નો માલ લઈ ગયા હતા.

૬. ફર્નિચર પર વાર્ષિક ૨૦% ઘસારો ગણો. તા. ૦૧-૦૪-૧૮ ના રોજ વેચેલ ફર્નિચર ઘસારા બાદ કિંમત ₹ ૫,૦૦૦ હતી.

૭. દેવાદારો પર ૫% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(સ.પ.યુનિ..., નવે...., ૨૦૧૪ પર આધારીત)

જવાબઃ

શરૂની મૂડી ₹ ૩૪,૧૬૦, કાચો નફો ₹ ૨૮,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૮,૫૮૦, પા. સ. નો સરવાળો ₹ ૫૨,૩૪૦, ઉધાર વેચાણ ₹ ૯૮,૦૦૦, ઉધાર ખરીદી ₹ ૧,૦૪,૦૦૦, ફર્નિચર વેચાણની ખોટ ₹ ૧,૫૦૦, વેચેલ ફર્નિચરનો ઘસારો ₹ ૫૦૦, બાકીના ફર્નિચરનો ઘસારો ₹ ૨,૦૦૦, રોકાણો પર મળવાનું બાકી વ્યાજ (૬ માસનું) રૂ.૨૫૦, દેવાદારો પર ઘાલખાધ અનામત ₹ ૧,૦૦૦.

**૨૫.** નીચેની માહિતી એક વેપારીના ચોપડામાંથી મેળવવામાં આવી છે. જે તેમના હિસાબો એકનોંધી પદ્ધતિથી રાખે છે.

| | |
|---|---|
| શરૂઆતના દેવાદારો | ૪૦,૦૦૦ |
| કુલ વેચાણ | ૯૦,૦૦૦ |
| રોકડ વેચાણ | ૨૦,૦૦૦ |
| ગ્રાહકો પાસેથી મળેલ રોકડ | ૪૦,૦૦૦ |
| ઘાલખાધ | ૧,૦૦૦ |
| વેચાણ પરત | ૧,૫૦૦ |
| ગ્રાહકો પાસેથી મળેલી લેણી હૂંડી | ૧૧,૦૦૦ |
| નકારાયેલ લેણી હૂંડી | ૪,૦૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | ૫૦૦ |

દેવાદારોની આખર બાકી શોધો.

(સ. પ. યુનિ.., નવે...,૨૦૧૪ પર આધારીત)

જવાબઃ

દેવાદારોની આખર બાકી ₹ ૬૦,૦૦૦, કુલ વેચાણમાંથી રોકડ વેચાણ બાદ કરતાં ઉધાર વેચાણ ₹ ૭૦,૦૦૦ મળશે, જે દેવાદારોના ખાતાની ઉધાર બાજુ દર્શાવો. મળેલી લેણી હૂંડી જમા બાજુ તથા નકારાયેલ લેણી હૂંડી ઉધાર બાજુ દર્શાવાશે.)

૨૬.અનિલ પંડ્યા પૂરતા હિસાબી ચોપડા રાખતાં નથી. તેમના હિસાબી ચોપડામાંથી તા. ૦૧-૦૪-૧૮ ના રોજ નીચેની માહિતી પ્રાપ્ત થઇ છે.

| | ₹ |
|---|---|
| લેણદારો | ૧,૫૦,૦૦૦ |
| બેન્ક સિલક | ૩૫,૦૦૦ |
| સ્ટોક | ૧,૦૫,૦૦૦ |
| રોકડ સિલક | ૧,૫૦૦ |
| દેવાદારો | ૧,૨૩,૦૦૦ |
| ફર્નિચર | ૭,૫૦૦ |

૨૦૧૮-૧૯ ના વર્ષ દરમિયાન તેમનો ઉપાડ ₹ ૩૬,૦૦૦ હતો. તેઓ વધારાની મૂડી ₹ ૫૦,૦૦૦ વર્ષ દરમિયાન લાવ્યા હતા.

તા. ૩૧મી માર્ચ,૨૦૧૯ ના રોજ કેટલીક બાકીઓ નીચે મુજબની હતી.

| | ₹ |
|---|---|
| દેવી હુંડી | ૨૪,૦૦૦ |
| રોકડ સિલક | ૩,૦૦૦ |
| લેણી હુંડી | ૧૫,૦૦૦ |
| સ્ટોક | ૧,૨૭,૦૦૦ |
| લેણદારો | ૧,૩૫,૦૦૦ |
| બેન્ક સિલક | ૨૭,૦૦૦ |
| દેવાદારો | ૧,૪૪,૫૦૦ |
| ફર્નિચર | ૬,૫૦૦ |

ઉપરની માહિતી પરથી ધંધાની શરૂઆતની મૂડી અને આખરની મૂડી શોધો.

**(સ.પ. યુનિ..., ઓક્ટો..., ૨૦૧૫ પર આધારીત)**

**જવાબઃ**

શરૂઆતની બાકીઓ પરથી શરૂઆતનું સ્થિતિદર્શક પત્રક તૈયાર કરતાં શરૂઆતની મૂડી ₹ ૧,૨૨,૦૦૦ મળશે, જ્યારે આખરનું સ્થિતિદર્શક પત્રક પરથી આખરની મૂડી ₹ ૧,૬૪,૦૦૦ મળશે.

**૨૭.** હાર્દિક તેના ચોપડા એકનોંધી પધ્ધતિ મુજબ રાખે છે. તમારે તા.૩૧મી માર્ચ ૨૦૧૯ ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું અને નફા-નુકશાન ખાતું તૈયાર કરો તથા તે જ તારીખનું પાકું સરવૈયું તૈયાર કરો.

**મિલકતો અને જવાબદારીઓની લગતી વિગતોઃ**

| વિગત | ૧-૪-૨૦૧૮<br>₹ | ૩૧-૦૩-૨૦૧૯<br>₹ |
|---|---|---|
| મકાન | ૩૬,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ફર્નિચર | ૯,૦૦૦ | ૬,૦૦૦ |
| મશીનરી | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| દેવાદારો | ૬૪,૦૦૦ | ૫૬,૦૦૦ |
| લેણદારો | ૨૬,૦૦૦ | ૪૨,૦૦૦ |
| સ્ટોક | ૪૧,૦૦૦ | ૫૩,૦૦૦ |

**રોકડમેળનો ટૂંકસારઃ**

| | ₹ |
|---|---|
| રોકડસિલક (૧-૪-૧૮) | ૯,૬૦૦ |
| દેવાદારો પાસેથી મળ્યા | ૨,૨૦,૦૦ |
| રોકડ વેચાણ | ૧૮,૦૦૦ |
| પરચૂરણ આવકો | ૨,૭૦૦ |
| લેણદારોને ચૂકવ્યા | ૧,૩૬,૦૦૦ |
| રોકડ ખરીદી | ૧૫,૦૦૦ |
| પગાર | ૨૭,૦૦૦ |
| મજૂરી | ૧૨,૫૦૦ |
| સામાન્ય ખર્ચા | ૭,૬૦૦ |
| ઉપાડ | ૧૦,૦૦૦ |

૧. વર્ષ દરમિયાન આપેલ વટાવ ₹ ૩,૨૦૦, મળેલો વટાવ ₹ ૧,૮૦૦, વેચાણ પરત ₹ ૮૦૦ અનેખરીદ પરત ₹ ૨,૦૦૦.

૨. મકાન અને ફર્નિચર પર અનુક્રમે ₹ ૩,૦૦૦ અને ₹ ૬૦૦ ઘસારો ગણો.

૩. દેવાદારો પર ૫ % લેખે ઘાલખાધ અનામત રાખો.

૪. મૂડી પર ૫% વ્યાજ ગણવાનું છે.

**(સ.પ. યુનિ..., ઓક્ટો..., ૨૦૧૫ પર આધારીત)**

**જવાબઃ**

શરૂઆતની મૂડી ₹ ૧,૮૩,૬૦૦, કાચો નફો ₹ ૬૩,૯૦૦, ચોખ્ખો નફો ₹ ૧૫,૦૨૦, પા. સ. નો સરવાળો ₹ ૨,૩૯,૮૦૦, ઉધાર વેચાણ ₹ ૨,૧૬,૦૦૦, ઉધાર ખરીદી ₹ ૧,૫૫,૮૦૦, આખરની રોકડ સિલક ₹ ૩૧,૨૦૦, મકાનની ખરીદી ₹ ૧૪,૦૦૦ અને ફર્નિચરનુ વેચાણ ₹ ૩,૦૦૦, રોકડ ખાતામાં દર્શાવો. મૂડી પર વ્યાજ ₹ ૯,૧૮૦, દેવાદારો પર ઘાલખાધ અનામત ₹ ૨,૮૦૦.

# પ્રકરણ ૫
# શાખાના હિસાબો

૫.૧ પ્રાસ્તાવિક
૫.૨ શાખાવાર હિસાબો રાખવાના ફાયદા
૫.૩ શાખાઓના પ્રકારો
૫.૪ પરતંત્ર શાખા
૫.૫ પરતંત્ર શાખાના હિસાબો લખવાની રીતો
૫.૬ મુખ્ય ઓફિસેથી મૂળકિંમતે માલ મેળવી ફક્ત રોકડેથી વેચાણ કરતી શાખા
૫.૭ મુખ્ય ઓફિસેથી મૂળકિંમતે માલ મેળવી રોકડ તેમજ ઉધાર વેચાણ કરતી શાખા
૫.૮ મુખ્ય ઓફિસનાં ચોપડે જરૂરી ખાતાંઓ
૫.૯ પરતંત્ર શાખાના ઉદાહરણો ગણતી વખતે ધ્યાનમાં રાખવાના મહત્ત્વના મુદ્દાઓ
૫.૧૦ ભરતિયા કિંમતે માલ મેળવી રોકડેથી તેમજ ઉધાર વેચાણ કરતી શાખા
૫.૧૧ માર્ગસ્થ માલ અને માર્ગસ્થ રોકડ
૫.૧૨ સ્વાધ્યાય

# પ્રકરણ ૫
# શાખાના હિસાબો

### ૫.૧ પ્રાસ્તાવિક

જ્યારે કોઇ વેપારીને પોતાની પ્રવૃતિઓ વિકસાવવામાં સ્થળની મર્યાદા નડતી હોય તો તે પોતાના ધંધાના મૂળસ્થાન ઉપરાંત એ જ શહેરમાં અન્ય સ્થળોએ અથવા અન્ય શહેરોમાં પોતાની પ્રવૃતિઓ વિકસાવે છે. ધંધાના મૂળ સ્થળ સિવાયનાં અન્ય સ્થળો કે જ્યાં એ જ પ્રકારની અથવા મહદ્અંશે એ જ પ્રકારની પ્રવૃતિઓ ચલાવવામાં આવતી હોય તે સ્થળોને શાખા કહેવામાં આવે છે. એક જ વસ્તુનું એક જ માલિકી અને સંચાલન હેઠળ જુદાં જુદાં સ્થળે વેચાણ કરવાની વ્યવસ્થાને શાખા દ્વારા વેચાણ કહેવામાં આવે છે. એક જ માલિકી નીચે અનેક શાખાઓ કામ કરતી હોવાથી મુખ્ય ઓફિસ દરેક શાખાનું પરિણામ જાણવા આતુર હોય છે, તેથી શાખાવાર હિસાબો તૈયાર કરવામાં આવે છે.

### ૫.૨ શાખાવાર હિસાબો રાખવાના ફાયદા

(૧) દરેક શાખાનો નફો કે નુકશાન જાણી શકાય છે.

(૨) શાખાના ખર્ચ પર નિયંત્રણ મૂકી ખર્ચ ઘટાડી શકાય છે અને બિનનફાકારક શાખા જરૂર પડે બંધ કરી નફાકારકતા વધારી શકાય છે.

(૩) શાખાના પરિણામોની સરખામણી થઇ શકે છે અને ભાવિ નીતિ ઘડતર માટે યોગ્ય માહિતી મળી રહે છે.

(૪) શાખાને રોકડ અને માલ સમયસર મળતો રહે, તે માટે મુખ્ય ઓફિસ યોગ્ય આયોજન કરી શકે છે.

### ૫.૩ શાખાઓના પ્રકારો

શાખાના વેપારનું કદ, શાખાનાં કાર્યો અને મુખ્ય ઓફિસ દ્વારા આપવામાં આવેલ સ્વાયતત્તાના પ્રમાણમાં જુદા જુદા પ્રકારની શાખાઓ હોય છે. હિસાબી દ્રષ્ટિએ શાખાના મુખ્યત્વે બે પ્રકારો ગણાય.

(૧) પરતંત્ર શાખાઓઃ આવી શાખા પોતે હિસાબો રાખતી નથી. મુખ્ય ઓફિસ તેના સંપૂર્ણ હિસાબો રાખે છે.

(૨) સ્વતંત્ર શાખાઓઃ આ શાખા પોતે પોતાના સંપૂર્ણ હિસાબી ચોપડા રાખે છે.

### ૫.૪ પરતંત્ર શાખા

પરતંત્ર શાખા એટલે એવી શાખા કે જેના સંચાલન અંગે મુખ્ય ઓફિસનો અંકુશ વધુ હોય. આ પ્રકારની શાખા પોતાના વ્યવહારો નોંધવા હિસાબો રાખતી નથી. આવી શાખાના હિસાબો મુખ્ય ઓફિસે જ રાખવામાં આવે છે. માત્ર માહિતી માટે શાખા સ્ટોક રજિસ્ટર રાખે છે. જો આવી શાખા રોકડેથી તેમ જ શાખ પર વેચાણ કરતી હોય તો દેવાદારોની યાદી પણ રાખે છે. પરતંત્ર શાખાના લક્ષણો નીચે પ્રમાણે છેઃ

(૧) મુખ્ય ઓફિસ શાખાને મૂળ કિંમતે કે ભરતિયા કિંમતે માલ પૂરો પાડે છે.

(૨) શાખા માત્ર મુખ્ય ઓફિસેથી મળેલા માલનું જ વેચાણ કરે છે.

(૩) શાખા ફક્ત રોકડેથી અથવા રોકડ તેમ જ ઉધાર વેચાણ કરી શકે છે.

(૪) શાખાના રોજિંદા ખર્ચા મુખ્ય ઓફિસ ચૂકવે છે.

(૫) પરચૂરણ ખર્ચા ચૂકવવા મુખ્ય ઓફિસ શાખાના મેનેજરને પેટારોકડ આપે છે.

(૬) શાખાએ વેચાણમાંથી ઉપજેલી રોકડ કે દેવાદારો પાસેથી વસૂલ થયેલ રોકડ રોજે રોજ મુખ્ય ઓફિસને મોકલી આપવાની હોય છે.

(૭) હિસાબો માટે દ્વિનોંધી પધ્ધતિ અનુસાર જરૂરી તમામ ચોપડા રાખતી નથી. રોકડ મેળ, પેટા રોકડ મેળ, સ્ટોક રજિસ્ટર તથા ઉધાર વેચાણની સત્તા હોય તો વેચાણનોંધ અને દેવાદારોની ખાતાવહી જેવા રેકોર્ડ રાખે છે.

**૫.૫ પરતંત્ર શાખાના હિસાબો લખવાની રીતો**

મુખ્ય ઓફિસે શાખાની આપેલ સત્તા અને તેના પરના અંકુશની દ્રષ્ટિએ પરતંત્ર શાખાને ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

(૧) મુખ્ય ઓફિસથી મૂળ કિંમતે માલ મેળવી ફક્ત રોકડેથી વેચાણ કરતી શાખા.

(૨) મુખ્ય ઓફિસથી મૂળ કિંમતે માલ મેળવી રોકડેથી તેમજ ઉધાર વેચાણ કરતી શાખા.

(૩) મુખ્ય ઓફિસથી ભરતિયા કિંમતે માલ મેળવી ફક્ત રોકડેથી તેમજ ઉધાર વેચાણ કરતી શાખા.

સામાન્ય રીતે શાખાના ચોપડામાં

(૧) શાખાનો રોકડમેળ

(૨) શાખાના દેવાદારોનું ખાતું

(૩) શાખાની પેટારોકડનું ખાતું

(૪) શાખાના સ્ટોકનું ખાતું તૈયાર કરાય છે.

(૫) દેવાદારોની ખાતાવહી

(૧) શાખાનો રોકડમેળ

| આવકો | ₹ | જાવકો | ₹ |
|---|---|---|---|
| શરૂની રોકડ સિલક | xxx | વર્ષ દરમિયાન મુ. ઓ.ને મોકલેલ રોકડ | xxx |
| રોકડ વેચાણ | xxx | વર્ષ દરમ્યાન શાખાએ ચૂકવેલ ખર્ચા | xxx |
| ઉઘરાણીની વસૂલાત | xxx | આખરની રોકડ સિલક | xxx |
| મુ. ઓ. તરફથી ખર્ચ ચૂકવવા માટે મળેલ રોકડ | xxx | | |
| | xxx | | xxx |

(૨) શાખાના દેવાદારોનું ખાતું

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | xxx | વેચાણ માલ પરત | xxx |
| વર્ષ દરમ્યાન ઉધાર વેચાણ | xxx | આપેલ વટાવ | xxx |
| | | કસર | xxx |
| | | ઘાલખાધ | xxx |
| | | મળેલ રોકડ/ ચેક | xxx |
| | | આખરની બાકી | xxx |
| | xxx | | xxx |

(૩) શાખાની પેટારોકડનું ખાતું

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | ××× | ચૂકવેલ પરચૂરણ ખર્ચા | ××× |
| વર્ષ દરમ્યાન મુ. ઓફિસ તરફથી મળેલ પેટારોકડ | ××× | આખરની પેટારોકડ સિલક | ××× |
| | ××× | | ××× |

(૪) શાખાના સ્ટોકનું ખાતું

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂનો સ્ટોક | ××× | વર્ષ દરમ્યાન વેચેલ માલની પડતર | ××× |
| વર્ષ દરમ્યાન મુખ્ય ઓફિસેથી મળેલ માલ | ××× | વર્ષ દરમ્યાન મુ. ઓફિસને પરત કરેલ માલ | ××× |
| | | આખરનો સ્ટોક | ××× |
| | ××× | | ××× |

જ્યાં, વેચેલ માલની પડતર = વેચાણ કિંમત – ચઢાવેલ નફો

મુખ્ય ઓફિસના ચોપડામાં કરવામાં આવતી નોંધ

શાખાનું કદ વ્યવહારોના પ્રકાર અને મુખ્ય ઓફિસના અંકુશના પ્રમાણને આધારે મુખ્ય ઓફિસ પરતંત્ર શાખાને લગતા હિસાબો નીચે દર્શાવેલ બે પૈકી કોઇપણ એક પધ્ધતિએ રાખે છે.

(૧) દેવાદારોની પધ્ધતિ

જ્યારે મુખ્ય ઓફિસ સાથે શાખાના વ્યવહારોનું પ્રમાણ ઓછું હોય ત્યારે મુખ્ય ઓફિસના ચોપડે શાખાદીઠ એક શાખા ખાતું ખોલવામાં આવે છે. જેમાં મુખ્ય ઓફિસ દરેક શાખાને દેવાદાર ગણે છે. જેમાં વ્યક્તિ ખાતાના નિયમ મુજબ, શાખા અવેજ લેનાર હોય તો શાખા ખાતું ઉધારાય છે અને આપનાર હોય તો જમા થાય છે. હિસાબો રાખવાની આ રીતને 'દેવાદારોની પધ્ધતિ' કહે છે.

(૨) સ્ટોક અને દેવાદારોની પધ્ધતિ

જ્યારે શાખા સાથેના વ્યવહારો વધુ હોય ત્યારે એક શાખા ખાતામાં બધા વ્યવહારો દર્શાવવાને બદલે તેનું વિભાજન અનેક ખાતામાં કરવામાં આવે છે, જેવાં કે શાખા માલ ખાતું, શાખા ખર્ચ ખાતું, શાખાનો પેટા રોકડ મેળ,શાખાના દેવાદારોનું ખાતું અને શાખાનું ન.નું ખાતું. અહીં શાખા ખાતાનો નફો/નુકશાન અને ન.નું. ખાતા મુજબનો ન.નું. સરખો મળે છે.

**૫.૬ મુખ્ય ઓફિસથી મૂળ કિંમત માલ મેળવી ફક્ત રોકડેથી વેચાણ કરતી શાખા**

આ શાખા મુખ્ય ઓફિસેથી મળેલ માલનું ફક્ત રોકડેથી વેચાણ કરે છે. હલકી ગુણવત્તાનો માલ મુખ્ય ઓફિસને પરત કરે છે. વેચાણની પૂરેપૂરી ઊપજ મુખ્ય ઓફિસને રોજે રોજ મોકલે છે. મુખ્ય ઓફિસ શાખાને કાયમી ખર્ચ ચૂકવવા માટે રોકડ કે ચેક મોકલે છે અથવા તેના ખર્ચા ચૂકવે છે. પરચૂરણ ખર્ચ ચૂકવવા માટે પેટારોકડ મોકલે છે.

મુખ્ય ઓફિસના ચોપડે શાખાને લગતા વ્યવહારોની નોંધ નીચે પ્રમાણે થાય છેઃ

| | | | |
|---|---|---|---|
| (૧) શાખાની શરૂઆતની મિલકતોની નોંધ માટેઃ | | | |
| શાખા ખાતે ........... | ઉ | ××× | |
| તે શરૂ સ્ટોક ખાતે | | | ××× |
| તે શરૂ રોકડ ખાતે | | | ××× |
| તે શરૂની પેટા રોકડ ખાતે | | | ××× |
| તે શરૂના ફર્નિચર ખાતે | | | ××× |
| તે અ. ચૂ. ખર્ચ ખાતે | | | ××× |
| (૨) શાખાના શરૂનાં દેવાં માટેની નોંધઃ | | | |
| શાખાનાં દેવાં (લેણદારો, ચૂ. બાકી ખર્ચા)....... | ઉ | ××× | |
| તે શાખા ખાતે | | | ××× |
| (૩) મુખ્ય ઓફિસ શાખાને માલ મોકલે ત્યારેઃ | | | |
| શાખા ખાતે......... | ઉ | ××× | |
| તે શાખાને મોકલેલ માલ ખાતે | | | ××× |
| (૪) શાખા મુખ્ય ઓફિસને માલ પરત કરે ત્યારેઃ | | | |
| શાખાએ પરત કરેલ માલ ખાતે........ | ઉ | ××× | |
| તે શાખા ખાતે | | | ××× |
| (૫) મુખ્ય ઓફિસ શાખાવતી ખર્ચ ચૂકવે કે પેટારોકડ મોકલે ત્યારેઃ | | | |
| શાખા ખાતે.......... | ઉ | ××× | |
| તે રોકડ / બેન્ક ખાતે | | | ××× |
| (૬) શાખા પાસેથી રોકડ વેચાણની રકમ મળે ત્યારેઃ | | | |
| રોકડ / બેન્ક ખાતે......... | ઉ | ××× | |
| તે શાખા ખાતે | | | ××× |
| (૭) શાખાની છેવટની મિલકતો માટેની નોંધઃ | | | |
| શાખાના આ. સ્ટોક ખાતે..... | ઉ | ××× | |
| શાખાની આખરની રોકડ ખાતે ..... | ઉ | ××× | |
| શાખાની આખરની પેટારોકડ ખાતે.... | ઉ. | ××× | |
| શાખાની આખરના ફર્નિચર ખાતે.... | ઉ | ××× | |
| અ. ચૂકવેલ ખર્ચના લેણાં ખાતે.... | ઉ | ××× | |
| તે શાખા ખાતે | | | ××× |
| (૮) શાખાના છેવટનાં દેવા માટેની નોંધઃ | | | |
| શાખા ખાતે..... | ઉ | ××× | |
| તે શાખાના દેવા ખાતે... | | | ××× |
| (૯) શાખાની બાકીઃ | | | |
| (અ) જો શાખાનો નફો હોય તો | | ××× | |
| શાખા ખાતે..... | ઉ | | ××× |
| તે સામાન્ય ન. નું. ખાતે | | | |
| (બ) જો શાખાની ખોટ હોય તોઃ | | | |
| સામાન્ય ન. નું. ખાતે.... | ઉ | ××× | |
| તે શાખા ખાતે | | | ××× |

## ૫. ૭ મુખ્ય ઓફિસથી મૂળ કિંમતે માલ મેળવી રોકડેથી તેમજ ઉધાર વેચાણ કરતી શાખા

આ શાખાને રોકડેથી તેમજ ઉધારે માલ વેચવાની સત્તા હોવાથી આ શાખા તેની હિસાબી નોંધ માટે સ્ટોક પત્રક પેટા રોકડ મેળ ઉપરાંત ઉધાર વેચાણના વ્યવહારો માટે વેચાણ નોંધ અને દેવાદારોની ખાતાવહી એમ બે વધાર ચોપડા રાખે છે. ઉધાર વેચાણના વ્યવહારો દેવાદારના ખાતામાં નોંધાય છે.
દેવાદારોને લગતી વધારાની નોંધો નીચે મુજબ થશે.

(૧) શરૂઆતના દેવાદારો માટેઃ

| | | | |
|---|---|---|---|
| શાખા ખાતે........... | ઉ | ××× | |
| તે શરૂઆતના દેવાદારો ખાતે | | | ××× |

(૨) દેવાદારો પાસેથી ઉઘરાણીની રકમ શાખા પાસેથી મળે ત્યારેઃ

| | | | |
|---|---|---|---|
| રોકડ / બેન્ક ખાતે....... | ઉ | ××× | |
| તે શાખા ખાતે | | | ××× |

(૩) છેવટના દેવાદારો માટેઃ

| | | | |
|---|---|---|---|
| આખરના દેવાદારો ખાતે......... | ઉ | ××× | |
| તે શાખા ખાતે | | | ××× |

## ૫.૮ મુખ્ય ઓફિસના ચોપડે જરૂરી ખાતાંઓ

મુખ્ય ઓફિસના ચોપડે

શાખા ખાતું

ઉ.          જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| શરૂની બાકીઓઃ | | | શરૂની બાકીઓઃ | | |
| શરૂનો સ્ટોક | ---- | | શરૂના દેવા | | ××× |
| શરૂના દેવાદારો | ---- | | વર્ષ દરમિયાન શાખાએ પરત કરેલ માલ | | ××× |
| શરૂની પેટારોકડ | ---- | | શાખાએ મોકલેલ રોકડઃ | | |
| શરૂની રોકડ | ---- | | રોકડ વેચાણ | ---- | |
| શરૂની મિલકતો | ---- | | દવાદારો પાસેથી ઉઘરાણી | ---- | ××× |
| શરૂના અ. ચૂ. ખર્ચા | ---- | ××× | ઘાલખાધ પરત | | ××× |
| વર્ષ દરમ્યાન શાખાને મોકલેલ માલ | | ××× | આખરની બાકીઓઃ | | |
| વર્ષ દરમ્યાન શાખાને મોકલેલ મિલકત | | ××× | સ્ટોક | ---- | |
| વર્ષ દરમ્યાન શાખાને મોકલેલ રોકડઃ | | | દેવાદારો | ---- | |
| પગાર-મજૂરી | ---- | | પેટા રોકડ | ---- | |
| જાહેરાત ખર્ચ | ---- | | મિલકત | ---- | |
| ગાડા ભાડું | ---- | | રોકડ | ---- | |
| સ્ટેશનરી છપામણી | ---- | ××× | ખર્ચા | ---- | ××× |
| શાખાને મોકલેલ પેટારોકડ | | ××× | ખોટઃ સામાન્ય ન.નું. ખાતે | | ××× |
| આખરની બાકીઃ | | | | | |
| આખરના દેવા | | ××× | | | |
| નફોઃ સામાન્ય ન.નું ખાતે | | ××× | | | |
| | | ××× | | | ××× |

નોંધ : શરૂનો સ્ટોક, ફર્નિચર, દેવાદારો અને પેટા રોકડ શાખા ખાતાની ઉધાર બાજુ અને આખરની બાકીઓ જમા બાજુ લખાય, જો કોઈ વિગત ખૂટતી હોય તો તે શોધવી પડે.

આખર સ્ટોક આપેલો ના હોય તો સ્ટોક ખાતુ બનાવીને શોધવો પડે. દેવાદારોનું ખાતું બનાવી આખરના, શરૂના દેવાદારો ઉ. વેચાણ કે મળેલ રોકડ શોધી શકાય.
ખૂટતી વિગતો શોધવા નીચેના ખાતાં તૈયાર કરવામાં આવે છે.

પેટા રોકડ ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | xxx | ચૂકવેલ પરચૂરણ ખર્ચા | xxx |
| મુખ્ય ઓફિસ પાસેથી મળેલ પેટા રોકડ | xxx | આખરની બાકી | xxx |
| | xxx | | xxx |

**દેવાદારોનું ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી | xxx | મળેલ રોકડ | xxx |
| ઉધાર વેચાણ | xxx | આપેલ વટાવ | xxx |
| | | માંડી વાળેલ ઘાલખાધ | xxx |
| | | વેચાણ પરત | xxx |
| | | આખરની બાકી | xxx |
| | xxx | | xxx |

શાખાનો શરૂનો કે આખર સ્ટોક આપેલો ના હોય પરંતુ વેચાણમાં કેટલા ટકા નફો સમાયેલો છે, તે માહિતી આપેલ હોય તો ખૂટતી વિગત સ્ટોક ખાતું બનાવી નીચે મુજબ શોધી શકાય.

**સ્ટોક ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | xxx | વેચાણ : | |
| મુખ્ય ઓફિસથી મળેલ માલ | xxx | રોકડ xxx | |
| કાચો નફો (વેચાણના ટકા) | xxx | ઉધાર xxx | |
| | | કુલ વેચાણ xxx | |
| | | બાદ:વેચાણ પરત xxx | xxx |
| | | મુખ્ય ઓફિસને પરત કરેલ માલ | xxx |
| | | અન્ય રીતે ગયેલ માલ | xxx |
| | | આખરનો સ્ટોક | xxx |
| | xxx | | xxx |

જો મુખ્ય ઓફિસ શાખાના હિસાબો વાર્ષિક હિસાબોના ધોરણે રાખતી હોય તો તે શાખા ખાતું બનાવવા ઉપરાંત "શાખાનું વેપાર ખાતું" અને "શાખાનું ન.નુ. ખાતું" પણ બનાવે છે.

--------શાખાનું તા. -------- ના રોજ પૂરા થતા વર્ષનું
વેપાર ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | xxx | વેચાણ : | |
| મુખ્ય ઓફિસથી મળેલ માલ xxx | | રોકડ xxx | |
| (–) શાખાએ પરત કરેલ માલ xxx | xxx | ઉધાર xxx | |
| ખર્ચાઓ : | | કુલ વેચાણ xxx | |
| મજૂરી xxx | | – વેચાણ પરત xxx | xxx |
| નૂર-જકાત xxx | | આખરનો સ્ટોક | xxx |
| આ.ગાડા ભાડું xxx | | કાચી ખોટ : ન.નુ. ખાતે | xxx |
| કાચો નફો -ન.નુ. ખાતે | xxx | | |
| | xxx | | xxx |

--------શાખાનું તા. -------- ના રોજ પૂરા થતા વર્ષનું
નફા-નુકશાન ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| કાચી ખોટ-વેપાર ખાતેથી | xxx | કાચો નફો - વેપાર ખાતે થી | xxx |
| ખર્ચાઓ: | | પરચૂરણ આવક | xxx |
| પગાર | xxx | ઘાલખાધ પરત | xxx |
| જાહેરાત ખર્ચા | xxx | ચોખ્ખી ખોટ : સામાન્ય ન.નુ. ખાતે | xxx |
| વીમો | xxx | | |
| પરચુરણ ખર્ચા | xxx | | |
| મિલકતનો ઘસારો | xxx | | |
| ચોખ્ખો નફો : સામાન્ય - ન.નુ. ખાતે | xxx | | |
| | xxx | | xxx |

**૫.૯ પરતંત્ર શાખાના ઉદાહરણો ગણતી વખતે ધ્યાનમાં રાખવાના મહત્ત્વના મુદ્દાઓ**

(અ) મુખ્ય ઓફિસના ચોપડે શાખા ખાતું હોય છે જેમાં મુખ્ય ઓફિસ અને શાખા વચ્ચેના જ વ્યવહારો લખાય છે. શાખા અને ત્રીજા પક્ષ વચ્ચેના વ્યવહારો શાખા ખાતામાં લખાય નહિં.

(બ) મિલ્કતની શરૂની બાકીમાં વર્ષ દરમ્યાનનો વધારો ઉમેરી તેમાંથી ઘસારો બાદ કરતાં આ બાકી મળે છે. (ઘસારાને શાખાના ન.નુ. ખાતે દર્શાવાય શાખા ખાતામાં ઘસારો દર્શાવવો નહિં, કારણ કે મિલ્કતની શરૂની બાકી અને આખર બાકી દર્શાવાય છે.)

(ક) પેટા રોકડમાં મુખ્ય ચાર રકમો આવે તેમાંથી જે ખૂટતી હોય તે શોધી શકાય.

(ડ) શાખા એ વ્યક્તિ તરીકે ગણાય છે તેથી "લાભ લેનાર ખાતે ઉધાર અને લાભ આપનાર ખાતે જમા" નો નિયમ લાગુ પડશે.

(ઈ) શાખાના ન.નુ. ખાતાની બાકી અને શાખા ખાતાની બાકી હંમેશા એક સરખી જ હોય છે.

**શાખા ફક્ત રોકડ વેચાણ જ કરતી હોય**

**ઉદાહરણ ૧.** અમદાવાદની મુખ્ય ઓફિસને મુંબઈમાં એક શાખા છે. શાખાને વેચવા માટેનો બધો જ માલ મુખ્ય ઓફિસેથી મોકલવામાં આવે છે. શાખાનો બધો ખર્ચ મુખ્ય ઓફિસ ચેક દ્વારા ચૂકવે છે અને શાખાને ફક્ત રોકડ વેચાણ કરવાની છૂટ આપવામાં આવેલી છે. પરચૂરણ ખર્ચ માટે અનામત પેટા રોકડની પદ્ધતિથી દર મહિનાને અંતે ચેક આપવામાં આવે છે. નીચેના વ્યવહારો પરથી મુખ્ય ઓફિસના ચોપડે ૨૦૧૭-૧૮ ના વર્ષનું શાખા ખાતું અને શાખાનું વેપાર અને ન.નુ.ખાતું તૈયાર કરવાનું છે.

| | | | ₹ |
|---|---|---|---|
| તારીખ ૧-૪-૧૮ ની બાકીઓ | | | |
| | મુંબઈ શાખાનો સ્ટોક | | ૧૦,૦૦૦ |
| | શાખાની પેટા રોકડ | | ૧,૦૦૦ |
| | શાખાનું ફર્નિચર | | ૩૦,૦૦૦ |
| ૨૦૧૭-૧૮ ના વ્યાવહારો | | | |
| | શાખાને મોકલેલ માલ | | ૨,૦૦,૦૦૦ |
| | શાખાએ પરત કરેલ માલ | | ૫,૦૦૦ |
| | શાખાએ કરેલ રોકડ વેચાણ | | ૨,૮૦,૦૦૦ |
| શાખાના ખર્ચા ચૂકવવા માટે મુખ્ય ઓફિસે મોકલેલ ચેક | | | |
| | પગાર | ૧૨,૦૦૦ | |
| | ભાડું | ૧૨,૦૦૦ | |
| | જાહેરાત અને સ્ટેશનરી | ૪,૦૦૦ | |
| | વીજળી ખર્ચ | ૪,૦૦૦ | |
| | પેટા રોકડ | ૬,૦૦૦ | ૩૮,૦૦૦ |
| ૩૧-૩-૧૮ ની બાકીઓ | | | |
| | શાખાનો સ્ટોક | | ૮,૦૦૦ |

શાખાના ફર્નિચર પર વાર્ષિક ૧૦% લેખે ઘસારો ગણો.

**જવાબઃ**

મુખ્ય ઓફિસ અમદાવાદના ચોપડે

**૩૧-૩-૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું મુંબઈ શાખાનું ખાતું**

ઉ. જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| શરૂની બાકીઓ : | | | શાખાએ પરત કરેલ માલ ખાતે | | ૫,૦૦૦ |
| સ્ટોક | ૧૦,૦૦૦ | | શાખાએ મોકલેલ રોકડ : | | |
| પેટા રોકડ | ૧,૦૦૦ | | - રોકડ વેચાણ | | ૨,૮૦,૦૦૦ |
| ફર્નિચર | ૩૦,૦૦૦ | ૪૧,૦૦૦ | આખરની બાકીઓ : | | |
| શાખાએ મોકલેલ માલ ખાતે | | ૨,૦૦,૦૦૦ | સ્ટોક | ૮,૦૦૦ | |
| શાખાએ મોકલેલ રોકડ : | | | પેટા રોકડ | ૧,૦૦૦ | |
| પગાર | ૧૨,૦૦૦ | | ફર્નિચર | ૨૭,૦૦૦ | ૩૬,૦૦૦ |
| ભાડું | ૧૨,૦૦૦ | | (ઘસારા બાદ) | | |
| જાહેરાત-સ્ટેશનરી | ૪,૦૦૦ | | | | |
| વીજળી ખર્ચ | ૪,૦૦૦ | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| પેટા રોકડ | ૬,૦૦૦ | ૩૮,૦૦૦ | | | |
| નફો - સામાન્ય ન.નુ. ખાતે | | ૪૨,૦૦૦ | | | |
| | | ૩,૨૧,૦૦૦ | | | ૩,૨૧,૦૦૦ |

### પેટા રોકડ ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | ૧,૦૦૦ | ચૂકવેલ પરચૂરણ ખર્ચા | ૬,૦૦૦ |
| મુખ્ય ઓફિસ પાસેથી મળેલ પેટા રોકડ | ૬,૦૦૦ | આખરની બાકી | ૧,૦૦૦ |
| | **૭,૦૦૦** | | **૭,૦૦૦** |

### ૩૧-૩-૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર ખાતું

ઉ. જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| શરૂનો સ્ટોક | | ૧૦,૦૦૦ | વેચાણ ખાતે : | |
| મુખ્ય ઓફિસથી મળેલ માલ | | | રોકડ વેચાણ | ૨,૮૦,૦૦૦ |
| | ૨,૦૦,૦૦૦ | | આખરનો સ્ટોક | ૮,૦૦૦ |
| બાદ : મુખ્ય ઓફિસને | | | | |
| પરત કરેલ માલ | ૫,૦૦૦ | ૧,૯૫,૦૦૦ | | |
| ખર્ચાઓ : | | | | |
| કાચો નફો -ન.નુ. ખાતે | | ૮૩,૦૦૦ | | |
| | | **૨,૮૮,૦૦૦** | | **૨,૮૮,૦૦૦** |

### ૩૧-૩-૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| પગાર | ૧૨,૦૦૦ | કાચો નફો - વેપાર ખાતે | ૮૩,૦૦૦ |
| ભાડું | ૧૨,૦૦૦ | | |
| જાહેરાત સ્ટેશનરી | ૪,૦૦૦ | | |
| વીજળી ખર્ચ | ૪,૦૦૦ | | |
| પરચૂરણ ખર્ચ | ૬,૦૦૦ | | |
| ફર્નિચરનો ઘસારો | ૩,૦૦૦ | | |
| ચોખ્ખો નફો | ૪૨,૦૦૦ | | |
| | **૮૩,૦૦૦** | | **૮૩,૦૦૦** |

**ઉદાહરણ ૨.** સુરતના સુરતીની એક શાખા આણંદમાં છે કે જે ફક્ત રોકડેથી જ માલનું વેચાણ કરે છે, મુખ્ય ઓફિસ તરફથી માલ મૂળ કિંમતે મોકલવામાં આવે છે તથા શાખાનું ખર્ચ મુખ્ય ઓફિસ ચૂકવે છે અને પરચૂરણ ખર્ચ માટે પેટા રોકડ આપે છે. આણંદ શાખાના વર્ષ દરમ્યાનના વ્યવહારો નીચે મુજબ છે.

| | ₹ |
|---|---|
| સ્ટોક (૧-૪-૧૭) | ૪,૫૦૦ |
| સ્ટોક (૩૧-૩-૧૮) | ૬,૦૦૦ |
| શાખાને મોકલેલ માલ | ૧,૦૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | ૩,૦૦૦ |
| પેટા રોકડ (૧-૪-૧૭) | ૫૦૦ |
| મોકલેલ પેટા રોકડ | ૧,૨૦૦ |
| મોકલેલ ફર્નિચર (૧-૧૦-૧૭) | ૫,૦૦૦ |
| ચૂકવેલ ખર્ચા | |
| પગાર | ૬,૦૦૦ |
| ભાડું | ૨,૦૦૦ |
| રેલ્વે નૂર | ૧,૦૦૦ |
| રોકડ વેચાણ | ૧,૨૧,૦૦૦ |
| પરચૂરણ ખર્ચ | ૧,૦૦૦ |

ફર્નિચર પર ૧૦% લેખે ઘસારો ગણો, મુખ્ય ઓફિસના ચોપડામાં શાખા ખાતું તેમજ શાખાનું વેપાર અને ન.નુ. ખાતું તૈયાર કરો.

**જવાબઃ**

મુખ્ય ઓફિસ સુરતના ચોપડામાં ૩૧-૩-૧૮ ના રોજ પુરા થતા વર્ષનું આણંદ શાખા ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકીઓ : | | શાખાએ મોકલેલ માલ ખાતે | |
| સ્ટોક ૪,૫૦૦ | | (માલ પરત) | ૩,૦૦૦ |
| પેટા રોકડ ૫૦૦ | ૫,૦૦૦ | રોકડ/બેન્ક ખાતે - | |
| શાખાને મોકલેલ માલ | ૧,૦૦,૦૦૦ | રોકડ વેચાણ | ૧,૨૧,૦૦૦ |
| શાખાને મોકલેલ ફર્નિચર | ૫,૦૦૦ | આખરની બાકીઓ : | |
| રોકડ/બેન્ક ખાતે : | | સ્ટોક ૬,૦૦૦ | |
| પગાર ૬,૦૦૦ | | પેટા રોકડ ૭૦૦ | |
| ભાડું ૨,૦૦૦ | | ફર્નિચર(ઘસારા બાદ) ૪,૭૫૦ | ૧૧,૪૫૦ |
| રેલ્વે નૂર ૧,૦૦૦ | ૯,૦૦૦ | | |
| મોકલેલ પેટા-રોકડ | ૧,૨૦૦ | | |
| ચોખ્ખો નફો ન.નુ.ખાતે | ૧૫,૨૫૦ | | |
| | **૧,૩૫,૪૫૦** | | **૧,૩૫,૪૫૦** |

### ૩૧-૩-૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું
### વેપાર ખાતું

ઉ. જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| શરૂનો સ્ટોક | | ૪,૫૦૦ | વેચાણ | ૧,૨૧,૦૦૦ |
| શાખાને મોકલેલ માલ | ૧,૦૦,૦૦૦ | | આખરનો સ્ટોક | ૬,૦૦૦ |
| બાદ : માલ પરત | ૩,૦૦૦ | ૯૭,૦૦૦ | | |
| રેલ્વે નૂર | | ૧,૦૦૦ | | |
| કાચો નફો - ન.નુ.ખાતે | | ૨૪,૫૦૦ | | |
| | | ૧,૨૭,૦૦૦ | | ૧,૨૭,૦૦૦ |

### ૩૧-૩-૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું
### નફા-નુકશાન ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| પગાર | ૬,૦૦૦ | કાચો નફો | |
| ભાડું | ૨,૦૦૦ | (વેપાર ખાતેથી લાવ્યા) | ૨૪,૫૦૦ |
| ફર્નિચર પર ઘસારો | ૨૫૦ | | |
| ચોખ્ખો નફો (સા.ન.નુ. ખાતે) | ૧૫,૨૫૦ | | |
| | ૨૪,૫૦૦ | | ૨૪,૫૦૦ |

### પેટા રોકડ ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | ૫૦૦ | પરચૂરણ ખર્ચા | ૧,૦૦૦ |
| મુ.ઓફિસ પાસેથી મળેલ પેટા રોકડ | ૧,૨૦૦ | આખરની બાકી | ૭૦૦ |
| | ૧,૭૦૦ | | ૧,૭૦૦ |

### રોકડેથી તેમજ ઉધાર વેચાણ કરતી શાખા

**ઉદાહરણ ૩.** વડોદરાની મુખ્ય ઓફિસને રાજકોટમાં એક શાખા છે. શાખાને વેચાણ માટેનો બધો માલ મુખ્ય ઓફિસ તરફથી મોકલવામાં આવે છે. શાખાના બધા ખર્ચા મુખ્ય ઓફિસ ચેક દ્વારા ચૂકવે છે. પરચૂરણ ખર્ચ માટે શાખાને અનામત ધોરણે પેટા રોકડ આપવામાં આવે છે, શાખાને રોકડ તેમજ ઉધાર વેચાણ કરવાની સત્તા આપવામાં આવેલી છે શાખાએ મેળવેલી રોકડ વેચાણ અને ઉઘરાણીની વસૂલાતની રકમ તરત જ મુખ્ય ઓફિસના બેન્ક ખાતામાં ભરી દેવાની છે. વર્ષ દરમ્યાન શાખાના વ્યવહારોની નીચેની વિગતો પરથી રાજકોટ શાખાનું ખાતું, વેપાર ખાતું અને ન.નુ. ખાતું તૈયાર કરો.

| ૧-૪-૨૦૧૭ ની બાકીઓ : | ₹ |
|---|---|
| સ્ટોક | ૨૦,૦૦૦ |
| દેવાદારો | ૧૨,૦૦૦ |
| ફર્નિચર (મૂ.કિં. ₹ ૫૦,૦૦૦) | ૪૦,૦૦૦ |

| ૨૦૧૭-૧૮ ના વર્ષના વ્યવહારો : | ₹ | |
|---|---|---|
| શાખાને મોકલેલ માલ | ૩,૦૦,૦૦૦ | |
| રોકડ વેચાણ | ૧,૦૦,૦૦૦ | |
| ઉધાર વેચાણ | ૩,૦૦,૦૦૦ | |
| શાખાએ પરત કરેલ માલ | ૮,૦૦૦ | |
| શાખાને પરત કરેલ માલ | ૧૦,૦૦૦ | |
| શાખાએ વસૂલ કરેલ ઉઘરાણી | ૨,૬૦,૦૦૦ | |
| ગ્રાહકોને આપેલ વટાવ | ૨,૬૦૦ | |
| આપેલ કસર | ૪૦૦ | |
| માંડી વાળેલ ઘાલખાધ | ૬,૦૦૦ | |
| શાખાએ ચૂકવેલ પરચૂરણ ખર્ચ | ૯,૦૦૦ | |
| મુખ્ય ઓફિસે શાખાને ખર્ચ ચૂકવવા મોકલેલ ચેક : | | |
| પગાર | ૧૬,૦૦૦ | |
| ભાડું-વેરો | ૧૦,૦૦૦ | |
| મજૂરી | ૪,૦૦૦ | |
| વીજળી | ૬,૦૦૦ | |
| સ્ટેશનરી-છપામણી | ૬,૦૦૦ | |
| પેટા-રોકડ | ૮,૦૦૦ | ૫૦,૦૦૦ |
| આખરની બાકીઓ (૩૧-૩-૨૦૧૮) | | |
| સ્ટોક | ૭,૦૦૦ | |
| પેટા રોકડ સિલક | ૧,૦૦૦ | |

ફર્નિચર પર વાર્ષિક ૧૦% લેખે સીધી લીટીની રીતે ઘસારો ગણવાનો છે.

**જવાબઃ**

વડોદરા મુખ્ય ઓફિસના ચોપડામાં

**રાજકોટ શાખા ખાતું**

ઉ. | જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકીઓ : | | શાખાએ પરત કરેલ માલ | ૮,૦૦૦ |
| સ્ટોક ૨૦,૦૦૦ | | બેન્ક/રોકડ ખાતે | |
| દેવાદારો ૧૨,૦૦૦ | | રોકડ વેચાણ ૧,૦૦,૦૦૦ | |
| ફર્નિચર ૪૦,૦૦૦ | | દેવાદારો પાસેથી | |
| | | ઉઘરાણી ૨,૬૦,૦૦૦ | ૩,૬૦,૦૦૦ |
| પેટા રોકડ ૨,૦૦૦ | ૭૪,૦૦૦ | આખરની બાકીઓ | |
| શાખાને મોકલેલ માલ ખાતે | ૩,૦૦,૦૦૦ | સ્ટોક ૭,૦૦૦ | |
| બેન્ક ખાતે (મોકલેલ): | | પેટા રોકડ ૧,૦૦૦ | |
| પગાર ૧૬,૦૦૦ | | દેવાદારો ૩૩,૦૦૦ | |
| ભાડું-વેરો ૧૦,૦૦૦ | | ફર્નિચર ૩૫,૦૦૦ | ૭૬,૦૦૦ |
| મજૂરી ૪,૦૦૦ | | | |

| | | | |
|---|---|---|---|
| વીજળી ૬,૦૦૦ | | | |
| સ્ટેશનરી-છપામણી ૬,૦૦૦ | | | |
| પેટા રોકડ ૮,૦૦૦ | ૫૦,૦૦૦ | | |
| નફો - સામાન્ય ન.નુ. ખાતે | ૨૦,૦૦૦ | | |
| | ૪,૪૪,૦૦૦ | | ૪,૪૪,૦૦૦ |

## શાખાના દેવાદારોનું ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | ૧૨,૦૦૦ | વેચાણ પરત | ૧૦,૦૦૦ |
| ઉધાર વેચાણ | ૩,૦૦,૦૦૦ | રોકડ ખાતે - મળેલ રોકડ | ૨,૬૦,૦૦૦ |
| | | વટાવ ખાતે | ૨,૬૦૦ |
| | | કસર ખાતે | ૪૦૦ |
| | | ઘાલખાધ ખાતે | ૬,૦૦૦ |
| | | આખરની બાકી | ૩૩,૦૦૦ |
| | ૩,૧૨,૦૦૦ | | ૩,૧૨,૦૦૦ |

## પેટા રોકડ ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | ૨,૦૦૦ | પરચૂરણ ખર્ચ ખાતે | ૯,૦૦૦ |
| મુ.ઓફિસ પાસેથી મળેલ પેટા રોકડ | ૮,૦૦૦ | આખરની બાકી | ૧,૦૦૦ |
| | ૧૦,૦૦૦ | | ૧૦,૦૦૦ |

## ૩૧-૩-૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂનો સ્ટોક | ૨૦,૦૦૦ | વેચાણ | |
| મુખ્ય ઓફિસથી | | રોકડ વેચાણ ૧,૦૦,૦૦૦ | |
| મળેલ માલ ૩,૦૦,૦૦૦ | | ઉધાર વેચાણ ૩,૦૦,૦૦૦ | |
| બાદ મુખ્ય ઓફિસને | | ૪,૦૦,૦૦૦ | |
| પરત કરેલ માલ ૮,૦૦૦ | ૨,૯૨,૦૦૦ | બાદ : વેચાણ પરત ૧૦,૦૦૦ | ૩,૯૦,૦૦૦ |
| મજૂરી | ૪,૦૦૦ | આખર સ્ટોક | ૭,૦૦૦ |
| કાચો નફો -ન.નુ. ખાતે | ૮૧,૦૦૦ | | |
| | ૩,૯૭,૦૦૦ | | ૩,૯૭,૦૦૦ |

### ૩૧-૩-૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું
### નફા-નુકશાન ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| પગાર | ૧૬,૦૦૦ | કાચો નફો -વેપાર ખાતેથી લાવ્યા | ૮૧,૦૦૦ |
| ભાડું-વેરો | ૧૦,૦૦૦ | | |
| વિજળી | ૬,૦૦૦ | | |
| સ્ટેશનરી-છપામણી | ૬,૦૦૦ | | |
| પરચૂરણ ખર્ચ | ૯,૦૦૦ | | |
| આપેલ વટાવ | ૨,૬૦૦ | | |
| કસર | ૪૦૦ | | |
| ઘાલખાધ | ૬,૦૦૦ | | |
| ફર્નિચરનો ઘસારો | ૫,૦૦૦ | | |
| ચોખ્ખો નફો | ૨૦,૦૦૦ | | |
| | ૮૧,૦૦૦ | | ૮૧,૦૦૦ |

**ઉદાહરણ ૪.** ધોળકા શાખાની નીચેની વિગતો પરથી શાખા ખાતું તૈયાર કરો, તેમજ શાખાનું વેપારખાતું અને નફા-નુકશાન ખાતું પણ તૈયાર કરો.

| | ₹ |
|---|---|
| શરૂનો સ્ટોક (૧-૪-૧૭) | ૭,૫૦૦ |
| શાખાના દેવાદારો (૧-૪-૧૭) | ૧૩,૧૦૦ |
| શાખાને મોકલેલ માલ | ૨૫,૪૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | ૪૦૦ |
| શાખાનું કુલ વેચાણ | ૪૬,૭૨૦ |
| શાખાના દેવાદારો પાસેથી મળેલ રોકડ | ૨૪,૬૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | ૧,૩૭૦ |
| માંડીવાળેલ દેવાદારો | ૩૦૦ |
| ભાડું અને કરવેરા ચૂકવ્યા | ૯૦૦ |
| ગ્રાહકોએ પરત કરેલ માલ | ૨૦૦ |
| પગાર અને મજૂરી | ૨,૮૦૦ |
| શાખાના પરચૂરણ ખર્ચના ચૂકવ્યા | ૬૦૦ |
| આખર સ્ટોક (૩૧-૩-૧૮) | ૭,૦૦૦ |
| શાખાના દેવાદારો (૩૧-૩-૧૮) | ૧૬,૫૦૦ |

**જવાબઃ**

### મુખ્ય ઓફિસના ચોપડે
### ધોળકા શાખા ખાતું

ઉ. જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| શરૂઆતની બાકીઓ : | | | રોકડ ખાતે : | | |
| સ્ટોક | ૭,૫૦૦ | | રોકડ વેચાણ | ૧૭,૩૫૦ | |

| | | | | |
|---|---|---|---|---|
| દેવાદારો 13,100 (underlined: ૧૩,૧૦૦) | ૨૦,૬૦૦ | દેવાદારો પાસેથી મળ્યા ૨૪,૬૦૦ | ૪૧,૯૫૦ |
| શાખાને મોકલેલ માલ ખાતે | ૨૫,૪૦૦ | શાખાને મોકલેલ માલ ખાતે(પરત) | ૪૦૦ |
| રોકડ/બેન્ક ખાતે : | ૭૪,૦૦૦ | આખરની બાકી : | |
| ભાડું-વેરો ૯,૦૦ | | સ્ટોક ૭,૦૦૦ | |
| પગાર-મજૂરી ૨,૮૦૦ | | દેવાદારો ૧૬,૦૦૦ | ૨૩,૦૦૦ |
| પરચૂરણ ખર્ચા ૬૦૦ | ૪,૩૦૦ | | |
| નફો - સામાન્ય ન.નુ. ખાતે | ૧૫,૦૫૦ | | |
| | ૬૫,૩૫૦ | | ૬૫,૩૫૦ |

## શાખાના દેવાદારોનું ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | ૧૩,૧૦૦ | રોકડ ખાતે | ૨૪,૬૦૦ |
| ઉધાર વેચાણ | ૨૯,૩૭૦ | આપેલ વટાવ | ૧,૩૭૦ |
| | | ઘાલખાધ | ૩૦૦ |
| | | વેચાણ માલ પરત | ૨૦૦ |
| | | આખરની બાકી | ૧૬,૦૦૦ |
| | ૪૨,૪૭૦ | | ૪૨,૪૭૦ |

## ધોળકા શાખાનું વેપાર ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | ૭,૫૦૦ | વેચાણ : | |
| મુખ્ય ઓફિસથી | | રોકડ વેચાણ ૧૭,૩૫૦ | |
| મળેલ માલ ૨૫,૪૦૦ | | ઉધાર વેચાણ ૨૯,૩૭૦ | |
| બાદ : મુખ્ય ઓફિસને | | ૪૬,૭૨૦ | |
| પરત કરેલ માલ ૪૦૦ | ૨૫,૦૦૦ | બાદ - વેચાણ માલ પરત ૨૦૦ | ૪૬,૫૨૦ |
| કાચો નફો -ન.નુ. ખાતે | ૨૧,૦૨૦ | આખર સ્ટોક | ૭,૦૦૦ |
| | ૫૩,૫૨૦ | | ૫૩,૫૨૦ |

## ૩૧-૩-૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું
## નફા-નુકશાન ખાતું

ઉ જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| ભાડું - કરવેરા | ૯૦૦ | કાચો નફો -વેપાર ખાતેથી લાવ્યા | ૨૧,૦૨૦ |
| પગાર-મજૂરી | ૨,૮૦૦ | | |
| પરચૂરણ ખર્ચ ખાતે | ૬૦૦ | | |
| વટાવ ખાતે | ૧,૩૭૦ | | |
| ઘાલખાધ ખાતે | ૩૦૦ | | |
| ચોખ્ખો નફો (સામાન્ય ન.નુ. ખાતે) | ૧૫,૦૫૦ | | |
| | ૨૧,૦૨૦ | | ૨૧,૦૨૦ |

**ઉદાહરણ ૫.** ગુજરાત કંપનીએ અમદાવાદથી તેની સુરત ખાતેની શાખા સાથે કરેલા વ્યવહારોની વિગતો નીચે મુજબ છે, તે પરથી તેમના ચોપડે શાખાનું ખાતું, શાખાનું વેપાર ખાતું અને શાખાનું ન.નુ.ખાતું તૈયાર કરો.

| | |
|---|---|
| તા.૧-૪-૧૮ ના રોજની બાકીઓ | ₹ |
| સ્ટોક | ૧૨,૦૦૦ |
| દેવાદારો | ૯,૦૦૦ |
| પેટા રોકડ | ૨૦૦ |
| ફર્નિચર | ૧,૨૦૦ |
| શાખાને માલ મોકલ્યો | ૬૪,૦૦૦ |
| મુખ્ય ઓફિસે શાખાના ખર્ચા ચૂકવ્યા | |
| પગાર | ૨,૪૦૦ |
| ભાડું | ૧,૨૦૦ |
| સ્ટેશનરી | ૩૦૦ |
| મુખ્ય ઓફિસને શાખા પાસેથી રોકડ મળી | ૨,૮૦૦ |
| રોકડ વેચાણના | ૫૦,૦૦૦ |
| દેવાદારો પાસેથી મળ્યા | ૩૦,૦૦૦ |
| શાખાએ કુલ વેચાણ ૯૦,૦૦૦ કર્યું હતું. | |

| | |
|---|---|
| | ₹ |
| શાખાએ મુખ્ય ઓફિસને પરત કરેલ માલ | ૮૦૦ |
| શાખાના દેવાદારોએ પરત કરેલ માલ | ૪૮૦ |
| ઘાલખાધ | ૪૯૦ |
| દેવાદારોએ આપેલ વટાવ | ૩૦ |
| શાખાને પરચૂરણ ખર્ચ માટે મોકલાવ્યા | ૩૦૦ |
| શાખાના ફર્નિચર પર ૧૦% ના દરે ઘસારો ગણવામાં આવે છે. | |
| તા. ૩૧-૩-૧૯ ના રોજની બાકીઓ | |
| સ્ટોક | ૧૧,૨૦૦ |
| પેટા રોકડ | ૨૨૦ |

**જવાબઃ**

## ગુજરાત કંપનીના ચોપડે
## સુરત શાખા ખાતું

ઉ.                                              જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| શરૂઆતની બાકીઓ : | | | રોકડ/બેન્ક ખાતે : | | |
| સ્ટોક | ૧૨,૦૦૦ | | રોકડ વેચાણ | ૫૦,૦૦૦ | |
| દેવાદારો | ૯,૦૦૦ | | દેવાદારોની ઉઘરાણી | ૩૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| પેટા રોકડ | ૨૦૦ | | | | |
| ફર્નિચર | ૧,૨૦૦ | ૨૨,૪૦૦ | | | |
| શાખાને મોકલેલ માલ ખાતે | | ૬૪,૦૦૦ | શાખા માલ પરત ખાતે | | ૮૦૦ |

| | | | |
|---|---|---|---|
| રોકડ/બેન્ક ખાતે : | | આખરની બાકી : | |
| પગાર ૨,૪૦૦ | | સ્ટોક ૧૧,૨૦૦ | |
| ભાડું ૧,૨૦૦ | | દેવાદારો ૧૮,૦૦૦ | |
| સ્ટેશનરી ૩૦૦ | | ફર્નિચર ૧,૦૮૦ | |
| પેટા રોકડ ૩૦૦ | ૪,૨૦૦ | પેટા રોકડ ૨૨૦ | ૩૦,૫૦૦ |
| નફો - સામાન્ય ન.નુ. ખાતે | ૨૦,૭૦૦ | | |
| | ૧,૧૧,૩૦૦ | | ૧,૧૧,૩૦૦ |

## સુરત શાખાના દેવાદારોનું ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | ૯,૦૦૦ | રોકડ ખાતે | ૩૦,૦૦૦ |
| ઉધાર વેચાણ | ૪૦,૦૦૦ | વટાવ ખાતે | ૩૦ |
| | | વેચાણ માલ પરત ખાતે | ૪૮૦ |
| | | ઘાલખાધ | ૪૯૦ |
| | | આખરની બાકી | ૧૮,૦૦૦ |
| | ૪૯,૦૦૦ | | ૪૯,૦૦૦ |

## પેટા રોકડ ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી | ૨૦૦ | પેટા રોકડ ખર્ચા (પર. ખર્ચા) | ૨૮૦ |
| મુખ્ય ઓફિસ પાસેથી મળ્યા | ૩૦૦ | આખરની બાકી | ૨૨૦ |
| | ૫૦૦ | | ૫૦૦ |

## શાખાનું વેપાર ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | ૧૨,૦૦૦ | વેચાણ ખાતે : | |
| મુખ્ય ઓફિસથી મળેલ | | રોકડ વેચાણ ૫૦,૦૦૦ | |
| માલ ૬૪,૦૦૦ | | ઉધાર વેચાણ ૪૦,૦૦૦ | |
| બાદ : મુખ્ય ઓફિસને | | ૯૦,૦૦૦ | |
| પરત કરેલ માલ ૮૦૦ | ૬૩,૨૦૦ | બાદ - | ૮૯,૫૨૦ |
| | | વેચાણ માલ પરત ૪૮૦ | |
| કાચો નફો -ન.નુ. ખાતે લઈ ગયા | ૨૫,૫૨૦ | આખર સ્ટોક | ૧૧,૨૦૦ |
| | ૧,૦૦,૭૨૦ | | ૧,૦૦,૭૨૦ |

**૩૧-૩-૧૯ ના રોજ પૂરા થતા વર્ષનું**
**નફા-નુકશાન ખાતું**

ઉ.　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| પગાર ખાતે | ૨,૪૦૦ | કાચો નફો -વેપાર ખાતેથી લાવ્યા | ૨૫,૫૨૦ |
| ભાડા ખાતે | ૧,૨૦૦ | | |
| સ્ટેશનરી ખાતે | ૩૦૦ | | |
| પેટા રોકડ ખર્ચ ખાતે | ૨૮૦ | | |
| વટાવ ખાતે | ૩૦ | | |
| ઘાલખાધ | ૪૯૦ | | |
| ફર્નિચર પર ઘસારો | ૧૨૦ | | |
| ચોખ્ખો નફો (સામાન્ય ન.નુ. ખાતે લઈ ગયા) | ૨૦,૭૦૦ | | |
| | ૨૫,૫૨૦ | | ૨૫,૫૨૦ |

**ઉદાહરણ ૬.** ભારત ટ્રેડર્સની અમદાવાદ ખાતે શાખા છે. તા. ૩૧-૩-૧૯ ના રોજ પૂરા થતા વર્ષ માટે નીચેના વ્યવહારો થયા છે. મુખ્ય ઓફિસના ચોપડે શાખા ખાતું, શાખા વેપાર ખાતું તથા શાખા ન.નુ. ખાતું તૈયાર કરો.

| તા.૧-૪-૧૮ ના રોજની બાકીઓ | ₹ |
|---|---|
| સ્ટૉક | ૧૬,૦૦૦ |
| દેવાદારો | ૪,૦૦૦ |
| પેટા રોકડ | ૩૦૦ |
| અ.ચૂ. વીમા પ્રિમિયમ | ૧૫૦ |
| ભાડાના બાકી દેવાં | ૪૦૦ |

વર્ષ દરમ્યાનના વ્યવહારો

| | ₹ |
|---|---|
| મુખ્ય ઓફિસે શાખાને મોકલેલ માલ | ૮૪,૫૦૦ |

શાખાએ મળેલી રોકડમાંથી નીચે મુજબના ખર્ચા તથા ફર્નિચરની ખરીદીના ચૂકવ્યા બાદ ₹ ૪૦૦ પેટા રોકડ માટે હાથ પર રાખીને બાકીની રકમ ₹ ૧,૦૯,૫૦૦ મુજબ ઓફિસને મોકલ્યા છે.

| શાખાએ ચૂકવેલ ખર્ચા | ₹ |
|---|---|
| ભાડું | ૪,૪૦૦ |
| પગાર | ૬,૦૦૦ |
| વીમા પ્રિમિયમ | ૮૦૦ |
| પેટા રોકડ | ૪૫૦ |
| ફર્નિચરની ખરીદી (૧-૧૦-૧૮) | ૧૦,૦૦૦ |
| વર્ષ દરમ્યાન દેવાદારોએ પરત કરેલ માલ | ૨,૫૦૦ |
| ઉધાર વેચાણ | ૨૭,૦૦૦ |

| | |
|---|---|
| દેવાદારોને આપેલ વટાવ | ૫૦૦ |
| ઘાલખાધ | ૧,૦૦૦ |
| ૩૧-૩-૧૯ ના રોજની આખરની બાકીઓ | |
| સ્ટોક | ૧૦,૦૦૦ |
| દેવાદારો | ૫,૦૦૦ |

વીમા પ્રિમિયમ તા.૧-૭-૧૯ સુધી ચૂકવેલ છે.
ભાડાના રૂા.૮૦૦ ચૂકવવાના બાકી છે.
ફર્નિચર પર ૧૦% લેખે ઘસારાની જોગવાઈ કરવાની છે.

જવાબઃ

**અમદાવાદ શાખા ખાતું**

ઉ. જ.

| વિગત | | | ₹ | વિગત | | | ₹ |
|---|---|---|---|---|---|---|---|
| શરૂઆતની બાકીઓ : | | | | શરૂઆતની બાકી : | | | |
| | સ્ટોક | ૧૬,૦૦૦ | | | ચુ.બાકી ભાડું | | ૪૦૦ |
| | દેવાદારો | ૪,૦૦૦ | | રોકડ/બેન્ક ખાતે | | | ૧,૦૯,૫૦૦ |
| | પેટા રોકડ ૩૦૦ | | | આખરની બાકી : | | | |
| અ.ચૂ. વિમા પ્રિમિયમ | | ૧૫૦ | ૨૦,૪૫૦ | | સ્ટોક | ૧૦,૦૦૦ | |
| શાખાને મોકલેલ માલ ખાતે | | | ૮૪,૫૦૦ | | દેવાદારો | ૫,૦૦૦ | |
| આખરની બાકી : | | | | | પેટા રોકડ | ૪૦૦ | |
| | ચુ.બાકી ભાડું | | ૮૦૦ | અ.ચૂ. વીમા પ્રિમિયમ | | ૨૦૦ | |
| નફો - સામાન્ય ન.નુ. ખાતે | | | ૨૯,૨૫૦ | ફર્નિચર | | ૯,૫૦૦ | ૨૫,૧૦૦ |
| | | | ૧,૩૫,૦૦૦ | | | | ૧,૩૫,૦૦૦ |

નોંધ : શાખાને કુલ રોકડ નીચે મુજબ મળી હશે

| | | |
|---|---|---|
| મુખ્ય ઓફિસને મોકલેલ રોકડ | | ૧,૦૯,૫૦૦ |
| ઉમેરો : શાખાને ચૂકવેલ રોકડ | | |
| ભાડું | ૪,૪૦૦ | |
| પગાર | ૬,૦૦૦ | |
| વીમા પ્રિમિયમ | ૮૦૦ | |
| ફર્નિચરની ખરીદી | ૧૦,૦૦૦ | |
| પેટા રોકડ ખર્ચ | ૪૫૦ | ૨૧,૬૫૦ |
| | | ૧,૩૧,૧૫૦ |
| ઉમેરો : પેટા રોકડ સિલક (૩૧-૩-૧૯) | | ૪૦૦ |
| બાદ : પેટા રોકડની શરૂઆતની બાકી | | ૩૦૦ |
| શાખાને વર્ષ દરમિયાન મળેલી રોકડ | | ૧,૩૧,૨૫૦ વર્ષ દરમિયાન મળેલી રોકડ |

દેવાદારો પાસેથી મળેલી રોકડ શોધવા દેવાદારોનું ખાતું બનાવી શોધાય

### શાખાના દેવાદારોનું ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | ૪,૦૦૦ | વેચાણ માલ પરત | ૨,૫૦૦ |
| ઉધાર વેચાણ | ૨૭,૦૦૦ | આપેલ વટાવ | ૫૦૦ |
| | | ઘાલખાધ | ૧,૦૦૦ |
| | | મળેલી રોકડ | ૨૨,૦૦૦ |
| | | આખરની બાકી | ૫,૦૦૦ |
| | **૩૧,૦૦૦** | | **૩૧,૦૦૦** |

| | |
|---|---|
| કુલ મળેલ રોકડ | ૧,૩૧,૨૫૦ |
| બાદ : દેવાદારો પાસેથી મળેલ રોકડ | ૨૨,૦૦૦ |
| રોકડ વેચાણ | ૧,૦૯,૨૫૦ |

### અમદાવાદ શાખાનું વેપાર ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | ૧૬,૦૦૦ | વેચાણઃ | | |
| મુખ્ય ઓફિસથી મળેલ માલ | ૮૪,૫૦૦ | રોકડ | ૧,૦૯,૨૫ | |
| | | ઉધાર | ૨૭,૦૦૦ | |
| | | | ૧,૩૬,૨૫૦ | |
| કાચો નફો -ન.નુ. ખાતે લઈ ગયા | ૪૩,૨૫૦ | બાદ - વેચાણ માલ પરત | ૨,૫૦૦ | ૧,૩૩,૭૫૦ |
| | | આખર સ્ટોક | | ૧૦,૦૦૦ |
| | **૧,૪૩,૭૫૦** | | | **૧,૪૩,૭૫૦** |

### ૩૧-૩-૧૯ ના રોજ પૂરા થતા વર્ષનું
### નફા-નુકશાન ખાતું

ઉ. જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| ભાડું | ૪,૪૦૦ | | કાચો નફો -વેપાર ખાતેથી લાવ્યા | ૪૩,૨૫૦ |
| બાદ : ગયા વર્ષનું બાકી | ૪૦૦ | | | |
| | ૪,૦૦૦ | | | |
| ઉમેરો : બાકી દેવાં | ૮૦૦ | ૪,૮૦૦ | | |
| પગાર | | ૬,૦૦૦ | | |
| વિમા પ્રિમિયમ | ૮૦૦ | | | |
| ઉમેરો ગયા વર્ષે અ.ચૂકવેલ | ૧૫૦ | | | |
| | ૯૫૦ | | | |
| બાદ : ચાલુ વર્ષે અ.ચૂકવેલ | ૨૦૦ | ૭૫૦ | | |
| પેટા રોકડ ખર્ચ | | ૪૫૦ | | |

| | | | |
|---|---|---|---|
| ફર્નિચર પર ઘસારો | ૫૦૦ | | |
| વટાવ | ૫૦૦ | | |
| ઘાલખાધ | ૧,૦૦૦ | | |
| ચોખ્ખો નફો (સામાન્ય ન.નુ. ખાતે લઈ ગયા) | ૨૯,૨૫૦ | | |
| | ૪૩,૨૫૦ | | ૪૩,૨૫૦ |

**ઉદાહરણ ૭.** મુંબઈની મુખ્ય ઓફિસ પોતાની અમદાવાદ શાખાને મૂ. કિંમત ઉપર ૨૫% ચઢાવીને વેચવાની સૂચના સાથે મૂળ કિંમતે માલ મોકલે છે. પરચૂરણ ખર્ચ સિવાયના સઘળા ખર્ચા મુખ્ય ઓફિસમાંથી આપવામાં આવે છે. નીચેની વિગતો પરથી મુખ્ય ઓફિસના ચોપડામાં શાખા ખાતું, શાખાનું વેપાર ખાતું તથા નફા-નુકશાન ખાતું બનાવો.

| | ૧-૪-૧૯ | ૩૧-૩-૧૯ |
|---|---|---|
| દેવાદારો | ૬,૦૦૦ | ૯,૮૦૦ |
| સ્ટોક | ૨૪,૦૦૦ | -- |
| અ.ચૂકવેલો વીમો | ૨૨૫ | ૩૦૦ |
| પગારના બાકી દેવાં | ૨૫૦ | ૧૭૫ |
| પેટા રોકડ | ૫૦ | ૬૦ |

| | |
|---|---|
| શાખાને મુખ્ય ઓફિસે પર.ખર્ચા માટે મોકલેલ રોકડ | ૩૯૦ |
| મુખ્ય ઓફિસે શાખાને મોકલેલ માલ | ૬૯,૩૮૦ |
| શાખાએ મુખ્ય ઓફિસને પરત કરેલ માલ | ૧,૩૮૦ |
| શાખાને મુખ્ય ઓફિસે મોકલેલ ફર્નિચર (૧-૧૦-૧૮) | ૨,૦૦૦ |
| ગ્રાહકો પાસેથી માલ પરત | ૨,૩૦૦ |
| ઘાલખાધ | ૬૮૦ |
| ગ્રાહકોને વટાવ | ૫૨૦ |

| | | |
|---|---|---|
| મુખ્ય ઓફિસને શાખા તરફથી મળેલ રોકડ | | |
| રોકડ વેચાણ | ૧૬,૦૦૦ | |
| દેવાદારો પાસેથી ઉઘરાણી | ૬૯,૦૦૦ | ૮૫,૦૦૦ |
| મુખ્ય ઓફિસે ચૂકવેલ ખર્ચા | | |
| ભાડું | ૭૭૫ | |
| પગાર | ૧,૨૦૦ | |
| જાહેરાત | ૬૫૦ | |
| વીમો | ૬૭૫ | |
| મજૂરી | ૨,૧૫૦ | ૫,૪૫૦ |

ફર્નિચર પર ૧૦% ઘસારો ગણો.

જવાબઃ

## અમદાવાદ શાખા ખાતું

ઉ. | | | જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા : | | | બા. આ. લાવ્યા : | | |
| શરૂનો સ્ટોક | ૨૪,૦૦૦ | | ચુ.બાકી પગાર | | ૨૫૦ |
| શરૂના દેવાદારો | ૬,૦૦૦ | | શાખાએ પરત કરેલ માલ | | ૧,૩૮૦ |
| શરૂની પેટા રોકડ | ૫૦ | | રોકડ ખાતે : | | |
| અ.ચૂ. વિમો | ૨૨૫ | ૩૦,૨૭૫ | રોકડ વેચાણ | ૧૬,૦૦૦ | |
| શાખાને મોકલેલ માલ ખાતે | | ૬૯,૩૮૦ | દેવાદારો પાસેથી ઉઘરાણી | ૬૯,૦૦૦ | ૮૫,૦૦૦ |
| મોકલેલ પેટા રોકડ ખાતે | | ૩૯૦ | બા.આ. લઈ ગયા : | | |
| ફર્નિચર ખાતે (૧-૧૦-૧૮) | | ૨,૦૦૦ | આખર સ્ટોક | ૨૦,૦૦૦ | |
| રોકડ ખાતે : | | | દેવાદારો | ૯,૮૦૦ | |
| ભાડું | ૭૭૫ | | પેટા રોકડ | ૬૦ | |
| પગાર | ૧,૨૦૦ | | અ.ચૂકવેલ વીમો | ૩૦૦ | |
| જાહેરાત | ૬૫૦ | | ફર્નિચર | ૧,૯૦૦ | ૩૨,૦૬૦ |
| વીમો | ૬૭૫ | | | | |
| મજૂરી | ૨,૧૫૦ | ૫,૪૫૦ | | | |
| બાકી આ. બા. ગયા | | | | | |
| ચૂ. બાકી પગાર | | ૧૭૫ | | | |
| નફો - ન.નુ. ખાતે | | ૧૧,૦૨૦ | | | |
| | | ૧,૧૮,૬૯૦ | | | ૧,૧૮,૬૯૦ |

## પેટા રોકડ ખાતું

ઉ. | | | જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી | ૫૦ | પર. ખર્ચા ખાતે (?) | ૩૮૦ |
| મુખ્ય ઓફિસેથી મળેલ રોકડ | ૩૯૦ | આખરની બાકી | ૬૦ |
| | ૪૪૦ | | ૪૪૦ |

## દેવાદારોનું ખાતું

ઉ. | | | જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી | ૬,૦૦૦ | વેચાણ પરત | ૨,૩૦૦ |
| ઉધાર વેચાણ (?) | ૭૬,૩૦૦ | ઘાલખાધ | ૬૮૦ |
| | | આપેલ વટાવ | ૫૨૦ |
| | | રોકડ ખાતે | ૬૯,૦૦૦ |
| | | આખર બાકી | ૯,૮૦૦ |
| | ૮૨,૩૦૦ | | ૮૨,૩૦૦ |

આખર સ્ટૉક શોધવા માટે સ્ટૉક ખાતું બનાવવું પડશે.

**સ્ટૉક ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | ૨૪,૦૦૦ | વેચાણ : | |
| મુખ્ય ઓફિસથી મળેલ | | રોકડ ૧૬,૦૦૦ | |
| માલ ૬૯,૩૮૦ | | | |
| બાદ : પરત માલ ૧,૩૮૦ | ૬૮,૦૦૦ | ઉધાર ૭૬,૩૦૦ | |
| | | ૯૨,૩૦૦ | |
| કાચો નફો-(૯૦,૦૦૦× ૨૦%) | ૧૮,૦૦૦ | બાદ - વેચાણ પરત ૨,૩૦૦ | ૯૦,૦૦૦ |
| | | આખર સ્ટૉક | ૨૦,૦૦૦ |
| | ૧,૧૦,૦૦૦ | | ૧,૧૦,૦૦૦ |

કાચો નફો : મૂ. કિંમત પર ૨૫% તેથી વે. કિંમતના ૨૦% થાય.

**શાખા વેપાર ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | ૨૪,૦૦૦ | વેચાણ : | |
| મુખ્ય ઓફિસથી મળેલ માલ | | રોકડ ૧૬,૦૦૦ | |
| ૬૯,૩૮૦ | | | |
| બાદ : પરત માલ ૧,૩૮૦ | ૬૮,૦૦૦ | ઉધાર ૭૬,૩૦૦ | |
| મજૂરી | ૨,૧૫૦ | ૯૨,૩૦૦ | |
| કાચો નફો | ૧૫,૮૫૦ | બાદ - વેચાણ પરત ૨,૩૦૦ | ૯૦,૦૦૦ |
| | | આખર સ્ટૉક | ૨૦,૦૦૦ |
| | ૧,૧૦,૦૦૦ | | ૧,૧૦,૦૦૦ |

ઉ. **શાખાનું નફા-નુકશાન ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| ભાડું | ૭૭૫ | કાચો નફો - વેપાર ખાતેથી લાવ્યા | ૧૫,૮૫૦ |
| પગાર ૧,૨૦૦ | | | |
| બાદ : ગયા વર્ષની બાકી ૨૫૦ | | | |
| ૯૫૦ | | | |
| ઉમેરો : ચાલુ વર્ષની બાકી ૧૭૫ | ૧,૧૨૫ | | |
| જાહેરાત | ૬૫૦ | | |
| વિમા ૬૭૫ | | | |
| ઉમેરો ગયા વર્ષે અ.ચૂકવેલ ૨૨૫ | | | |
| બાદઃ ચાલુ વર્ષે અ.ચૂકવેલ ૯૦૦ | | | |
| ૩૦૦ | ૬૦૦ | | |
| ઘાલખાધ | ૬૮૦ | | |

| | | | |
|---|---|---|---|
| આપેલ વટાવ | ૫૨૦ | | |
| ફર્નિચરનો ઘસારો | ૧૦૦ | | |
| પેટા રોકડ ખર્ચા | ૩૮૦ | | |
| ચોખ્ખો નફો (સા. ન.નુ. ખાતે લઈ ગયા) | ૧૧,૦૨૦ | | |
| | **૧૫,૮૫૦** | | **૧૫,૮૫૦** |

નોંધ : શાખાએ કેવી રીતે વેચાણ કરવું તેવી સૂચના મુખ્ય ઓફિસે આપેલ છે. મુખ્ય ઓફિસે માલને મૂળ કિંમતે જ મોકલ્યો છે. જેથી આ દાખલો ભરતિયા કિંમતવાળો બનતો નથી.

**૫.૧૦ ભરતિયા કિંમતે માલ મેળવી રોકડેથી તેમજ ઉધાર વેચાણ કરતી શાખા**

કેટલીકવાર મુખ્ય ઓફિસ શાખાને મૂળ કિંમતે માલ મોકલવાને બદલે, મૂળ કિંમત પર અમુક ટકા નફો ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે. ભરતિયા કિંમત = મૂળ કિંમત + ચઢાવેલ નફો

મુખ્ય ઓફિસના ચોપડે શાખા ખાતામાં, મુખ્ય ઓફિસ અને શાખા વચ્ચે થયેલ માલના વ્યવહારો (૧) શરૂનો સ્ટોક (૨) મોકલેલ માલ (૩) શાખાએ પરત કરેલ માલ અને (૪) આખર સ્ટોકની નોંધ ભરતિયા કિંમતે જ કરવામાં આવે છે તેથી શાખાનો સાચો નફો શોધવા માટે માલને મૂળ કિંમતે દર્શાવવો જોઈએ. આથી તે માટે ચાર વિગતોની ભરતિયા કિંમત અને મૂળ કિંમતના તફાવત જેટલી રકમની ચાર હવાલા નોંધો કરવામાં આવે છે.

| વિગત | ભ.કિંમત | બાદ | ચઢાવેલ નફો (તફાવત) | બરાબર | મૂળ કિંમત |
|---|---|---|---|---|---|
| શરૂનો સ્ટોક | xxxx | – | xxxx | = | xxxx |
| શાખાને મોકલેલ માલ | xxxx | – | xxxx | = | xxxx |
| શાખાએ પરત કરેલ માલ | xxxx | – | xxxx | = | xxxx |
| આખર સ્ટોક | xxxx | – | xxxx | = | xxxx |

હવાલા નોંધો :

(૧) શાખાને મોકલેલ માલના તફાવતની હવાલા નોંધઃ

શાખાને મોકલેલ માલ ખાતે - ઉ (તફાવત)

તે, શાખા ખાતે

(૨) શાખાએ પરત કરેલ માલના તફાવતની હવાલા નોંધઃ

શાખા ખાતે ------ ઉ (તફાવત)

તે, શાખાએ પરત કરેલ માલ ખાતે (તફાવત)

(૩) શાખાના શરૂઆતના સ્ટોક માટેના તફાવતની હવાલા નોંધઃ

શાખાના સ્ટોક તફાવત ખાતે - ઉ (તફાવત)

તે, શાખા ખાતે

(૪) શાખાના આખર સ્ટોક માટેના તફાવતની હવાલા નોંધઃ

શાખા ખાતે --- ઉ ----

તે, શાખાના સ્ટોક તફાવત ખાતે

→ શાખા વેપાર ખાતમાં શરૂનો સ્ટોક, મુ. ઓફિસથી મળેલ માલ, પરત માલ અને આ. સ્ટોક મૂળ કિંમતે જ નોંધવામાં આવે છે.

**ઉદાહરણ ૮.** અમીધારા લિ.ને અમૃતસરમાં એક શાખા છે. શાખાને વેચવા માટેનો બધો જ માલ મુખ્ય ઓફિસેથી મૂળ કિંમત પર ૨૫% નફો ચઢાવીને ભરતીયું બનાવી મોકલવામાં આવે છે. શાખાએ વસૂલ કરેલ રોકડ તેણે

મુખ્ય ઓફિસના બેન્ક ખાતમાં તરત જ ભરાવી દેવાની છે અને શાખાના ખર્ચા મુજબ ઓફિસ ચેક દ્વારા ચૂકવે છે. પરચૂરણ ખર્ચ માટે પેટા રોકડ અનામતના ધોરણે આપવામાં આવે છે.
નીચે આપેલા વર્ષ ૨૦૧૮-૧૯ ના વ્યવહારો પરથી મુખ્ય ઓફિસને ચોપડે શાખા ખાતું , શાખાનું વેપાર ખાતું અને નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

| શાખાની બાકીઓ | ૧-૪-૧૮ | ૩૧-૩-૧૯ |
|---|---|---|
| | ₹ | ₹ |
| સ્ટોક (ભરતિયા કિંમતે) | ૩૦,૦૦૦ | ૨૭,૦૦૦ |
| દેવાદારો | (?) | ૧૮,૦૦૦ |
| પેટા રોકડ | (?) | ૨,૦૦૦ |
| ફર્નિચર | ૧૦,૦૦૦ | ૯,૦૦૦ |

૨૦૧૮-૧૯ ના વ્યવહારોની વિગત

| | ₹ | |
|---|---|---|
| શાખાને મોકલેલ માલ (ભ.કિં) | ૩,૭૫,૦૦૦ | |
| શાખાએ પરત કરેલ માલ (ભ.કિં) | ૧૫,૦૦૦ | |
| ગ્રાહકોએ પરત કરેલ માલ | ૧૫,૦૦૦ | |
| રોકડ વેચાણ | ૨,૦૦,૦૦૦ | |
| ઉધાર વેચાણ | ૪,૦૦,૦૦૦ | |
| વસૂલ કરેલ ઉઘરાણી | ૩,૯૦,૦૦૦ | |
| આપેલ વટાવ | ૩,૦૦૦ | |
| આપેલ કસર | ૧,૦૦૦ | |
| માંડી વાળેલ ઘાલખાધ | ૬,૦૦૦ | |
| ચૂકવેલ પરચૂરણ ખર્ચ | ૧૨,૦૦૦ | |
| મુખ્ય ઓફિસ તરફથી મળેલ ચેક | | |
| પગાર | ૧૮,૦૦૦ | |
| ભાડું | ૬,૦૦૦ | |
| જાહેરાત અને સ્ટેશનરી | ૬,૦૦૦ | |
| વીજળી બત્તી | ૨,૦૦૦ | |
| પેટા રોકડ | ૧૩,૦૦૦ | ૪૫,૦૦૦ |

ફર્નિચર પર વાર્ષિક ૧૦% લેખે ઘસારો ગણો.

જવાબઃ

**અમીધારા લિમીટિડના ચોપડે**

**અમૃતસર શાખા ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકીઓ : | | શાખાના હવાલા ખાતે | |
| સ્ટોક (ભ.કિં) | ૩૦,૦૦૦ | (શરૂના સ્ટોકમાં ચઢાવેલ નફો) | ૬,૦૦૦ |
| દેવાદારો | ૧૮,૦૦૦ | શાખાને મોકલેલ માલ ખાતે | |

| | | | | |
|---|---|---|---|---|
| ફર્નિચર | ૧૦,૦૦૦ | (ચઢાવેલ નફાનો હવાલો) | | ૭૫,૦૦૦ |
| પેટા રોકડ | ૧,૦૦૦ | શાખાએ પરત કરેલ માલ ખાતે | | ૧૫,૦૦૦ |
| શાખાને મોકલેલ માલ | ૩,૭૫,૦૦૦ | બેન્ક ખાતે : | | |
| શાખાએ પરત કરેલ માલ ખાતે | | રોકડ વેચાણ | ૨,૦૦,૦૦૦ | |
| (ચઢાવેલ નફો) | ૩,૦૦૦ | ઉઘરાણી | ૩,૯૦,૦૦૦ | ૫,૯૦,૦૦૦ |
| શાખાના હવાલા ખાતે | | આખરના બાકીઓ : | | |
| (આ સ્ટોકમાં ચઢવેલ નફો) | ૫,૪૦૦ | સ્ટોક (ભ.કિં) | | ૨૭,૦૦૦ |
| બેન્ક ખાતે : | | ફર્નિચર | | ૯,૦૦૦ |
| પગાર ૧૮,૦૦૦ | | દેવાદારો | | ૧૮,૦૦૦ |
| ભાડું ૬,૦૦૦ | | પેટા રોકડ | | ૨,૦૦૦ |
| જાહેરાત સ્ટેશનરી ૬,૦૦૦ | | | | |
| વીજળી બત્તી ૨,૦૦૦ | | | | |
| પેટા રોકડ ૧૩,૦૦૦ | ૪૫,૦૦૦ | | | |
| નફો -(સામાન્ય ન.નુ. ખાતે) | ૨,૫૪,૬૦૦ | | | |
| | ૭,૪૨,૦૦૦ | | | ૭,૪૨,૦૦૦ |

ધારો કે મૂ. કિંમત = ૧૦૦

\+ નફો = ૨૫

ભ.કિં. ૧૨૫

| વિગત | ભ.કિંમત | બાદ | ચડાવેલ નફો | બરાબર | મૂળ કિંમત |
|---|---|---|---|---|---|
| | (૧૨૫ | – | ૨૫ | = | ૧૦૦ ) |
| શરૂનો સ્ટોક | ૩૦,૦૦૦ | – | ૬,૦૦૦ | = | ૨૪,૦૦૦ |
| આખરનો સ્ટોક | ૨૭,૦૦૦ | – | ૫,૪૦૦ | = | ૨૧,૬૦૦ |
| શાખાએ મોકલેલ માલ | ૩,૭૫,૦૦૦ | – | ૭૫,૦૦૦ | = | ૩,૦૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | ૧૫,૦૦૦ | – | ૩,૦૦૦ | = | ૧૨,૦૦૦ |

### શાખાના દેવાદારોનું ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | ૧૮,૦૦૦ | રોકડ ખાતે | ૩,૯૦,૦૦૦ |
| ઉધાર વેચાણ | ૪,૦૦,૦૦૦ | વટાવ ખાતે | ૩,૦૦૦ |
| | | કસર ખાતે | ૧,૦૦૦ |
| | | ઘાલખાધ ખાતે | ૬,૦૦૦ |
| | | બા. આ. લઈ ગયા | ૧૮,૦૦૦ |
| | ૪,૧૮,૦૦૦ | | ૪,૧૮,૦૦૦ |

### પેટા રોકડનું ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બા.આ. લાવ્યા | ૧,૦૦૦ | પરચૂરણ ખર્ચ ખાતે | ૧૨,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| મુખ્ય ઓફિસ પાસેથી મળેલ રોકડ | ૧૩,૦૦૦ | બા. આ. લ.ગયા | ૨,૦૦૦ |
| | **૧૪,૦૦૦** | | **૧૪,૦૦૦** |

**વેપાર ખાતું**

ઉ. જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| શરૂનો સ્ટોક (મૂ.કિં.) | | ૨૪,૦૦૦ | વેચાણ ખાતે : | | |
| મુખ્ય ઓફિસથી મળેલ માલ | ૩,૦૦,૦૦૦ | | રોકડ વેચાણ | ૨,૦૦,૦૦૦ | |
| પરત માલ (ભ.કિં) | <u>૧૨,૦૦૦</u> | ૨,૮૮,૦૦૦ | ઉધાર વેચાણ | <u>૪,૦૦,૦૦૦</u> | ૬,૦૦,૦૦૦ |
| કાચો નફો -(ન.નુ. ખાતે) | | ૩,૦૯,૬૦૦ | આખર સ્ટોક | | ૨૧,૬૦૦ |
| | | **૬,૨૧,૬૦૦** | | | **૬,૨૧,૬૦૦** |

**નફા-નુકશાન ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| પગાર | ૧૮,૦૦૦ | કાચો નફો -વેપાર ખાતેથી લાવ્યા | ૩,૦૯,૬૦૦ |
| ભાડું | ૬,૦૦૦ | | |
| જાહેરાત-સ્ટેશનરી | ૬,૦૦૦ | | |
| વીજળી-બત્તી | ૨,૦૦૦ | | |
| પરચૂરણ ખર્ચા | ૧૨,૦૦૦ | | |
| આપેલ વટાવ | ૩,૦૦૦ | | |
| ફર્નિચરનો ઘસારો | ૧,૦૦૦ | | |
| કસર | ૧,૦૦૦ | | |
| ઘાલખાધ | ૬,૦૦૦ | | |
| ચોખ્ખો નફો | ૨,૫૪,૬૦૦ | | |
| | **૩,૦૯,૬૦૦** | | **૩,૦૯,૬૦૦** |

**ઉદાહરણ ૯.** ચપુર ટ્રેડર્સની જોધપુર ખાતે શાખા આવેલી છે. મુખ્ય ઓફિસ ભરતિયા કિંમત પર ૨૦% નફો મળે તે રીતે શાખાને ભ.કિંમતે માલ મોકલાવે છે. ૨૦૧૮-૧૯ ના વર્ષ દરમ્યાનના વ્યવહારો નીચે મુજબના છે.

મુખ્ય ઓફિસના ચોપડે શાખા ખાતું , શાખાનું વેપાર ખાતું અને શાખાનું નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

| શરૂઆતની બાકીઓ (૧-૪-૧૮) | ₹ |
|---|---|
| સ્ટોક (ભરતિયા કિંમતે) | ૧૫,૦૦૦ |
| દેવાદારો | ૯,૦૦૦ |
| પેટા રોકડ | ૪૦૦ |
| એફિસ ફર્નિચર | ૧,૨૦૦ |

વર્ષ દરમ્યાનના વ્યવહારો

| | |
|---|---|
| શાખાને મોકલેલ માલ (ભ.કિં) | ૮૦,૦૦૦ |

| | |
|---|---|
| શાખાએ પરત કરેલ માલ (ભ.કિં) | ૧,૦૦૦ |
| દેવાદારોએ પરત કરેલ માલ | ૪૮૦ |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | ૩૦,૦૦૦ |
| રોકડ વેચાણ | ૫૦,૦૦૦ |
| ઉધાર વેચાણ | ૩૦,૦૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | ૩૦ |
| મુખ્ય ઓફિસે ચૂકવેલ શાખાના ખર્ચા | |
| ભાડું | ૧,૨૦૦ |
| પગાર | ૨,૪૦૦ |
| સ્ટેશનરી ખર્ચ | ૩૦૦ |
| પરચૂરણ ખર્ચા | ૨૮૦ |

ફર્નિચર પર ૧૦% ના દરે ઘસારાની જોગવાઈ કરવામાં આવે છે.

આખરની બાકીઓ : (૩૧-૩-૧૯)

સ્ટોક (ભ.કિં.) ₹ ૧૪,૦૦૦

વર્ષ દરમ્યાન ₹ ૨૦૦૦ ની ભરતિયા કિંમતનો માલ ચોરાઈ ગયો હતો.

**જવાબઃ** સૌ પ્રથમ ભરતિયા કિંમતમાં ચઢાવેલ નફો અને મૂળ કિંમતની ગણતરી કરવી પડશે.

| વિગત | ભ.કિંમત | બાદ | ચડાવેલ નફો | બરાબર | મૂળ કિંમત |
|---|---|---|---|---|---|
| | (૧૦૦ | – | ૨૦ | = | ૮૦ ) |
| શરૂનો સ્ટોક | ૧૫,૦૦૦ | – | ૩,૦૦૦ | = | ૧૨,૦૦૦ |
| આખરનો સ્ટોક | ૧૪,૦૦૦ | – | ૨,૮૦૦ | = | ૧૧,૨૦૦ |
| શાખાને મોકલેલ માલ | ૮૦,૦૦૦ | – | ૧૬,૦૦૦ | = | ૬૪,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | ૧,૦૦૦ | – | ૨૦૦ | = | ૮૦૦ |
| ચોરાઈ ગયેલ માલ | ૧,૦૦૦ | – | ૨૦૦ | = | ૮૦૦ |

**જોધપુર શાખા ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી : | | શરૂઆતનો સ્ટોક ઉપલક ખાતે | |
| સ્ટોક (ભ.કિં) ૧૫,૦૦૦ | | (ચઢાવેલ નફો) | ૩,૦૦૦ |
| દેવાદારો ૯,૦૦૦ | | શાખાને મોકલેલ માલ ખાતે | |
| ઓફિસ ફર્નિચર ૧,૨૦૦ | | (ચઢાવેલ નફો) | ૧૬,૦૦૦ |
| પેટા રોકડ ૪૦૦ | ૨૫,૬૦૦ | શાખાએ પરત કરેલ માલ (ભ.કિં.) | ૧,૦૦૦ |
| શાખાને મોકલેલ માલ ખાતે (ભ.કિં.) | ૮૦,૦૦૦ | રોકડ ખાતે : | |
| શાખા માલ પરત ખાતે | | રોકડ વેચાણ ૫૦,૦૦૦ | |
| (ચઢાવેલ નફો) | ૨૦૦ | ઉઘરાણી ૩૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| રોકડ ખાતે : | | સામાન્ય ન.નુ. ખાતે | |
| ભાડું ૧,૨૦૦ | | ચોરીથી થયેલ નુકશાન (મૂ.કિંમત) | ૧,૬૦૦ |

| | | | |
|---|---|---|---|
| પગાર 2,400 | | આખરના બાકીઓ : | |
| સ્ટેશનરી 300 | ૩,૯૦૦ | સ્ટોક (ભ.કિં) | ૧૪,૦૦૦ |
| આખરના સ્ટોક ઉપલક ખાતે | | ફર્નિચર | ૧,૦૮૦ |
| (ચઢાવેલ નફો) | ૨,૮૦૦ | દેવાદારો | ૮,૪૯૦ |
| નફો -(સામાન્ય ન.નુ. ખાતે) | ૧૨,૭૯૦ | પેટા રોકડ | ૧૨૦ |
| | ૧,૨૫,૨૯૦ | | ૧,૨૫,૨૯૦ |

## શાખાના દેવાદારોનું ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂની બાકી | ૯,૦૦૦ | વટાવ ખાતે | ૩૦ |
| ઉધાર વેચાણ | ૩૦,૦૦૦ | રોકડ ખાતે | ૩૦,૦૦૦ |
| | | વેચાણ માલ પરત | ૪૮૦ |
| | | આખરની બાકી | ૮,૪૯૦ |
| | ૩,૯૦,૦૦૦ | | ૩,૯૦,૦૦૦ |

## જોધપુર શાખાનું વેપાર ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | ૧૨,૦૦૦ | વેચાણ : | |
| મુખ્ય ઓફિસથી મળેલ માલ ૬૪,૦૦૦ | | રોકડ વેચાણ ૫૦,૦૦૦ | |
| (−) પરત માલ ૮,૦૦૦ | ૬૩,૨૦૦ | ઉધાર વેચાણ ૩૦,૦૦૦ | |
| | | ૮૦,૦૦૦ | |
| કાચો નફો -(ન.નુ. ખાતે) | ૧૭,૧૨૦ | બાદ : માલ પરત ૪૮૦ | ૭૯,૫૨૦ |
| | | ચોરાઈ ગયેલ માલ ખાતે | ૧,૬૦૦ |
| | | આખર સ્ટોક | ૧૧,૨૦૦ |
| | ૯૨,૩૨૦ | | ૯૨,૩૨૦ |

## નફા-નુકશાન ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| ભાડું | ૧,૨૦૦ | કાચો નફો - (વેપાર ખાતેથી લાવ્યા) | ૧૭,૧૨૦ |
| પગાર | ૨,૪૦૦ | | |
| સ્ટેશનરી | ૩૦૦ | | |
| ફર્નિચર પર ઘસારો | ૧૨૦ | | |
| પેટા રોકડ | ૨૮૦ | | |
| વટાવ | ૩૦ | | |
| ચોખ્ખો નફો (સા.ન.નુ.ખાતે લઈ ગયા) | ૧૨,૭૯૦ | | |
| | ૧૭,૧૨૦ | | ૧૭,૧૨૦ |

**ઉદાહરણ ૧૦.** અમદાવાદના રમેશ બ્રધર્સની ગાંધીનગરમાં એક શાખા છે. મુખ્ય ઓફિસ શાખાને મૂળ કિંમત પર ૨૫% નફો ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે. શાખા રોકડ તેમજ ઉધાર વેચાણને મોકલી આપે છે શાખાના બધા જ ખર્ચા મુખ્ય ઓફિસથી ચૂકવાય છે, પરંતુ પરચૂરણ ચૂકવણી માટેની પેટા-રોકડ મુખ્ય ઓફિસ શાખાને મોકલે છે.

મુખ્ય ઓફિસના ચોપડામાંથી તા.૩૧-૩-૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષની ગાંધીનગર શાખાને લગતી વિગતો નીચે મુજબ છે.

| વિગત | ૧-૪-૨૦૧૮ | ૩૧-૩-૨૦૧૯ |
|---|---|---|
| | ₹ | ₹ |
| માલનો સ્ટોક (ભ.કિં.) | ૩૫,૦૦૦ | ૫૦,૦૦૦ |
| દેવાદારો | ૨૬,૦૦૦ | ૪૦,૦૦૦ |
| પેટા રોકડ | ૨૦૦ | ૪૦૦ |
| ફર્નિચર | ૧૦,૦૦૦ | (?) |

વર્ષ દરમ્યાનના વ્યવહારો

| | | | ₹ |
|---|---|---|---|
| ઉધાર વેચાણ | | | ૧,૦૦,૫૦૦ |
| રોકડ વેચાણ | | | ૪૦,૦૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | | | ૧,૦૦૦ |
| માંડી વાળેલ ઘાલખાધ | | | ૨,૦૦૦ |
| દેવાદારોએ પરત કરેલ માલ | | | ૪,૦૦૦ |
| દેવાદારો ખાતે ઉધારેલ વ્યાજ | | | ૫૦૦ |
| શાખાને મોકલેલ ફર્નિચર (૩૧-૧૨-૨૦૧૮) | | | ૬,૦૦૦ |
| શાખાને મોકલેલ માલ (ભ.કિં.) | | | ૧,૦૦,૦૦૦ |
| શાખા એ પરત કરેલ માલ (ભ.કિં.) | | | ૫,૦૦૦ |
| શાખાએ ચૂકવેલ પરચૂરણ ખર્ચા | | | ૧,૦૦૦ |
| શાખાને ખર્ચ માટે મોકલેલ રોકડઃ | | | |
| | ભાડુ અને વેરા | ૨,૪૦૦ | |
| | પગાર | ૩,૦૦૦ | |
| | જકાત | ૬૦૦ | ૬,૦૦૦ |

ફર્નિચર ઉપર વાર્ષિક ૧૦% ઘસારો ગણો.

ઉપરની વિગતો પરથી મુખ્ય ઓફિસના ચોપડે શાખા ખાતું, શાખાનું વેપાર, નફા-નુકશાન ખાતું, પેટા-રોકડ ખાતું અને શાખાના દેવાદારોનું ખાતું તૈયાર કરો.

**જવાબઃ**

ઉ. શાખાનું ખાતુ જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યાઃ | | શરૂના સ્ટોક તફાવત ખાતે | |
| સ્ટોક (ભ.કિં.) | ૩૫,૦૦૦ | (ચઢાવેલ નફો) | ૭,૦૦૦ |
| દેવાદાર | ૨૬,૦૦૦ | બેંક ખાતેઃ | |

| | | | | |
|---|---|---|---|---|
| પેટા રોકડ | ૨૦૦ | રોકડ વેચાણ | ૪૦,૦૦૦ | |
| ફર્નિચર | ૧૦,૦૦૦ | ઉઘરાણી | ૮૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ |
| શાખાને મોકલેલ માલ (ભ.કિં.) | ૧,૦૦,૦૦૦ | શાખાએ પરત કરેલ માલ (ભ.કિ.) | | ૫,૦૦૦ |
| શાખાને મોકલેલ ફર્નિચર (૩૧-૧૨-૧૮) | ૬,૦૦૦ | શાખાએ મોકલેલ માલ ખાતે | | |
| શાખાએ પરત કરેલ માલ ખાતે | ૧,૦૦૦ | (ચઢાવેલ નફો) | | ૨૦,૦૦૦ |
| (ચઢાવેલ નફો) | | બાકી આગળ લઇ ગયા: | | |
| રોકડ ખાતે : ખર્ચાઓ | | આખર સ્ટૉક (ભ.કિં.) | | ૫૦,૦૦૦ |
| ભાડુ-વેરો ૨,૪૦૦ | | દેવાદારો | | ૪૦,૦૦૦ |
| પગાર ૩,૦૦૦ | | પેટા રોકડ | | ૪૦૦ |
| જકાત ૬૦૦ | ૬,૦૦૦ | ફર્નિચર | | ૧૪,૮૫૦ |
| આખર સ્ટૉક તફાવત ખાતે | | (૧૦,૦૦૦+૬,૦૦૦–૧,૧૫૦) ઘસારો | | |
| (ચઢાવેલ નફો) | ૧૦,૦૦૦ | | | |
| મોકલેલ પેટા રોકડ | ૧,૨૦૦ | | | |
| ચોખ્ખો નફો | ૬૧,૮૫૦ | | | |
| | ૨,૫૭,૨૫૦ | | | ૨,૫૭,૨૫૦ |

| વિગત | ભરતિયા કિંમત – ચઢાવેલ નફો = મૂળ કિંમત<br>(૧૨૫ – ૨૫ = ૧૦૦) |
|---|---|
| શરૂનો સ્ટૉક | ૩૫,૦૦૦ – ૭,૦૦૦ = ૨૮,૦૦૦ |
| આખરનો સ્ટૉક | ૫૦,૦૦૦ – ૧૦,૦૦૦ = ૪૦,૦૦૦ |
| શાખાને મોકલેલ માલ | ૧,૦૦,૦૦૦ – ૨૦,૦૦૦ = ૮૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | ૫,૦૦૦ – ૧,૦૦૦ = ૪,૦૦૦ |

**ઉ.** **શાખાના દેવાદારોનું ખાતુ** **જ.**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી | ૨૬,૦૦૦ | રોકડ ખાતે - ઉઘરાણી | ૮૦,૦૦૦ |
| ગ્રાહકોને ઉધારેલ વ્યાજ | ૫૦૦ | આપેલ વટાવ | ૧,૦૦૦ |
| ઉધાર વેચાણ (?) | ૧,૦૦,૫૦૦ | ઘાલખાધ | ૨,૦૦૦ |
| | | વેચાણ પરત | ૪,૦૦૦ |
| | | આખરની બાકી | ૪૦,૦૦૦ |
| | ૧,૨૭,૦૦૦ | | ૧,૨૭,૦૦૦ |

**ઉ.** **પેટા રોકડનું ખાતુ** **જ.**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યો | ૨૦૦ | પરચૂરણ ખર્ચ ખાતે | ૧,૦૦૦ |
| મુખ્ય ઓફિસ પાસેથી મળેલ રોકડ (?) | ૧,૨૦૦ | બાકી આગળ લઇ ગયા | ૪૦૦ |
| | ૧,૪૦૦ | | ૧,૪૦૦ |

### ૩૧-૩-૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષનું ગાંધીનગર શાખાનું
### ઉ. વેપાર ખાતુ જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂનો સ્ટોક (મૂ.કિં.) | ૨૮,૦૦૦ | વેચાણઃ | |
| મુખ્ય ઓફિસ પાસેથી મળેલ | | રોકડ ૪૦,૦૦૦ | |
| માલ (મૂ.કિ.) ૮૦,૦૦૦ | | ઉ.વેચાણ ૧,૦૦,૫૦૦ | |
| – માલ પરત ૪,૦૦૦ | ૭૬,૦૦૦ | ૧,૪૦,૫૦૦ | |
| જકાત | ૬૦૦ | – વેચાણ પરત ૪,૦૦૦ | ૧,૩૬,૫૦૦ |
| કાચો નફો (ન.નુ. ખાતે) | ૭૧,૯૦૦ | આખર સ્ટોક (મૂ.કિ.) | ૪૦,૦૦૦ |
| | **૧,૭૬,૫૦૦** | | **૧,૭૬,૫૦૦** |

### ૩૧-૩-૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષનું ગાંધીનગર શાખાનું
### ઉ. નફા-નુકશાન ખાતું જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આપેલ વટાવ | ૧,૦૦૦ | કાચો નફો (વેપાર ખાતે થી લાવ્યા) | ૭૧,૯૦૦ |
| ઘાલખાધ | ૨,૦૦૦ | | |
| પરચૂરણ ખર્ચા | ૧,૦૦૦ | દેવાદારો પાસેથી વ્યાજ | ૫૦૦ |
| ભાડુ-વેરો | ૨,૪૦૦ | | |
| પગાર | ૩,૦૦૦ | | |
| ફર્નિચર પર ઘસારો | ૧,૧૫૦ | | |
| ચોખ્ખો નફો(?) | ૬૧,૮૫૦ | | |
| | **૭૨,૪૦૦** | | **૭૨,૪૦૦** |

**ઉદાહરણ ૧૧.** દિલ્હીના સેવકરામની ગાંધીનગરમાં એક શાખા છે. મુખ્ય ઓફિસ શાખાને ભરતિયા કિંમતના ૨૦% રકમ ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે. શાખા રોકડ તેમજ ઉધાર વેચાણ કરે છે અને મળેલી બધી જ રોકડ તે જ દિવસે બેંક ડ્રાફ્ટથી મુખ્ય ઓફિસને મોકલે છે. શાખાના બધા જ ખર્ચા મુખ્ય ઓફિસથી ચૂકવવામાં આવે છે પરંતુ પરચૂરણ ચૂકવણી કરવા માટે પેટા રોકડ મુખ્ય ઓફિસ શાખાને મોકલી આપે છે. મુખ્ય ઓફિસના ચોપડામાં તા.૩૧-૩-૧૮ ના રોજ પૂરા થતા વર્ષની ગાંધીનગર શાખાને લગતી નીચેની માહિતી મળે છે.

| વિગત | ૧-૪-૧૭ | ૩૧-૩-૧૮ |
|---|---|---|
| | ₹ | ₹ |
| માલનો સ્ટોક (ભ.કિં.) | ૨૨,૫૦૦ | ૬૫,૦૦૦ |
| દેવાદારો | ૧,૨૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ |
| પેટા રોકડ | ૧,૦૦૦ | ૨,૦૦૦ |
| ફર્નિચર | ૬૦,૦૦૦ | (?) |
| અગાઉથી ચૂકવેલ વીમો | ૮૦૦ | ૬૦૦ |
| ચૂકવવાનો બાકી પગાર | ૧,૨૦૦ | ૧,૬૦૦ |

| વર્ષ દરમિયાનના વ્યવહારો | ₹ |
|---|---|
| શાખાને મોકલેલ માલ (ભ.કિં.) | ૩,૭૫,૦૦૦ |

શાખાએ પરત કરેલ માલ (ભ.કિં.) ૩૭,૫૦૦
શાખાને મોકલેલ ફર્નિચર (૧-૧૦-૧૭) ૨૦,૦૦૦
દેવાદારોએ શાખાને પરત કરેલ માલ ૪,૦૦૦
દેવાદારો પાસેથી મળેલ રોકડ ૨,૦૨,૦૦૦
(અગાઉથી માંડી વાળેલ ઘાલખાધના ૨,૦૦૦ સહિત)
આપેલ વટાવ ૧,૬૦૦
રોકડ વેચાણ ૭૦,૦૦૦
શાખાને મોકલેલ પેટા રોકડ ૩,૦૦૦
મુખ્ય ઓફિસે ચૂકવેલ ખર્ચા :

| | | |
|---|---|---|
| મજૂરી | ૩,૦૦૦ | |
| પગાર | ૧૨,૦૦૦ | |
| વીમા પ્રીમીયમ | ૧૫,૦૦૦ | |
| જાહેરાત | ૯૦૦ | ૩૦,૯૦૦ |

ફર્નિચર પર વાર્ષિક ૧૦% ઘસારો ગણવાનો છે. મુખ્ય ઓફિસના ચોપડામાં શાખા ખાતું તેમજ શાખાનું વેપાર ખાતું અને ન.નુ. ખાતું તૈયાર કરો.

જવાબઃ

| વિગત | ભરતિયા કિંમત – ચઢાવેલ નફો = મૂળ કિંમત |
|---|---|
| | (૧૦૦ – ૨૦ = ૮૦) |
| શરૂનો સ્ટોક | ૨૨,૫૦૦ – ૪,૫૦૦ = ૧૮,૦૦૦ |
| આખરનો સ્ટોક | ૬૫,૦૦૦ – ૧૩,૦૦૦ = ૫૨,૦૦૦ |
| શાખાને મોકલેલ માલ | ૩,૭૫,૦૦૦ – ૭૫,૦૦૦ = ૩,૦૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | ૩૭,૫૦૦ – ૭,૫૦૦ = ૩૦,૦૦૦ |

**દિલ્હીની મુખ્ય ઓફિસના ચોપડેઃ**

**ઉ. ગાંધીનગર શાખાનું ખાતું જ.**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યાઃ | | બાકી આગળ લાવ્યાઃ | |
| શરૂનો સ્ટોક (ભ.કિં.) | ૨૨,૫૦૦ | ચૂકવવાનો બાકી પગાર | ૧,૨૦૦ |
| પેટા રોકડ | ૧,૦૦૦ | શાખાના સ્ટોક અનામત ખાતે | |
| દેવાદારો | ૧,૨૦,૦૦૦ | (શરૂના સ્ટોકનો ચઢાવેલ નફો) | ૪,૫૦૦ |
| ફર્નિચર | ૬૦,૦૦૦ | બેંક ખાતેઃ | |
| અગાઉથી ચૂકવેલ વીમો | ૮૦૦ | રોકડ વેચાણ ૭૦,૦૦ | |
| શાખાને મોકલેલ માલ (ભ.કિં.) | ૩,૭૫,૦૦૦ | ઉઘરાણી ૨,૦૦,૦૦૦ | |
| શાખાને મોકલેલ માલ પરત ખાતે | | ઘા. પરત ૨,૦૦૦ | ૨,૭૨,૦૦૦ |
| (ચઢાવેલ નફો) | ૭,૫૦૦ | શાખાને મોકલેલ માલ ખાતે | |
| ફર્નિચર ખાતે (૧-૧૦-૧૭) | ૨૦,૦૦૦ | (ચઢાવેલ નફો) | ૭૫,૦૦૦ |
| શાખાને મોકલેલ પેટા રોકડ | ૩,૦૦૦ | શાખાએ પરત કરેલ માલ ખાતે (ભ.કિં.) | ૩૭,૫૦૦ |
| રોકડ ખાતે (ખર્ચાઓ) | | બા.આ.લ.ગયાઃ | |
| મજૂરી ૩,૦૦૦ | | આખર સ્ટોક (ભ.કિં.) | ૬૫,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| પગાર ૧૨,૦૦૦<br>વીમા પ્રીમીયમ ૧૫,૦૦૦<br>જાહેરાત ખર્ચ ૯૦૦ | ૩૦,૯૦૦ | પેટા રોકડ | ૨,૦૦૦ |
| શાખાના સ્ટૉક અનામત ખાતે (આખર સ્ટૉકનો ચઢાવેલ નફો) | ૧૩,૦૦૦ | દેવાદારો | ૧,૬૦,૦૦૦ |
| બા. આ. લ. ગયા | | ફર્નિચર | ૭૩,૦૦૦ |
| ચુ. બાકી પગાર | ૧,૬૦૦ | અ.ચૂ. વીમો | ૬૦૦ |
| નફો (ન.નુ. ખાતે) | ૩૫,૫૦૦ | | |
| | ૬,૯૦,૮૦૦ | | ૬,૯૦,૮૦૦ |

ઉ. **પેટા રોકડનું ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી | ૧,૦૦૦ | પરચૂરણ ખર્ચા (?) | ૨,૦૦૦ |
| મુખ્ય ઓફિસ પાસેથી મળેલ રોકડ | ૩,૦૦૦ | આખરની બાકી | ૨,૦૦૦ |
| | **૪,૦૦૦** | | **૪,૦૦૦** |

ઉ. **શાખાના દેવાદારોનું ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી | ૧,૨૦,૦૦૦ | રોકડ ખાતે | ૨,૦૦,૦૦૦ |
| ઉધાર વેચાણ (?) | ૨,૪૫,૬૦૦ | વેચાણ પરત | ૪,૦૦૦ |
| | | આપેલ વટાવ | ૧,૬૦૦ |
| | | આખરની બાકી | ૧,૬૦,૦૦૦ |
| | **૩,૬૫,૬૦૦** | | **૩,૬૫,૬૦૦** |

ઉ. **શાખાનું વેપાર ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક (મૂ.કિં.) | ૧૮,૦૦૦ | વેચાણઃ | |
| મુખ્ય ઓફિસેથી મળેલ માલ (મૂ.કિં.) ૩,૦૦,૦૦૦ | | રોકડ વેચાણ ૭૦,૦૦૦<br>ઉ. વેચાણ ૨,૪૫,૬૦૦<br>૩,૧૫,૬૦૦ | |
| – પરત કરેલ માલ ૩૦,૦૦૦ | ૨,૭૦,૦૦૦ | | |
| મજૂરી | ૩,૦૦૦ | – વેચાણ પરત ૪,૦૦૦ | ૩,૧૧,૬૦૦ |
| કાચો નફો | ૭૨,૬૦૦ | આખરનો સ્ટૉક (મૂ.કિં.) | ૫૨,૦૦૦ |
| | **૩,૬૩,૬૦૦** | | **૩,૬૩,૬૦૦** |

ઉ. **શાખાનું નફા-નુકશાન ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| ચૂકવેલ પગાર ૧૨,૦૦૦<br>બાદઃ ગયા વર્ષનો ૧,૨૦૦<br>બાકી ૧૦,૮૦૦<br>ઉમેરોઃ ચાલુ વર્ષનો બાકી ૧,૬૦૦ | ૧૨,૪૦૦ | કાચો નફો<br>ઘાલખાધ પરત | ૭૨,૬૦૦<br>૨,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ચૂકવેલ વીમો ૧૫,૦૦૦ | | | |
| + ગયા વર્ષનો અ.ચૂ. ૮૦૦ | | | |
| ૧૫,૮૦૦ | | | |
| − ચાલુ વર્ષે અ. ચૂ. ૬૦૦ | ૧૫,૨૦૦ | | |
| જાહેરાત ખર્ચા | ૯૦૦ | | |
| ફર્નિચરનો ઘસારો | ૭,૦૦૦ | | |
| આપેલ વટાવ | ૧,૬૦૦ | | |
| પેટા રોકડ ખર્ચા | ૨,૦૦૦ | | |
| ચોખ્ખો નફો | ૩૫,૫૦૦ | | |
| | **૭૪,૬૦૦** | | **૭૪,૬૦૦** |

**ઉદાહરણ ૧૨.** દયારામની ધર્મનગરમાં એક શાખા છે. મુખ્ય ઓફિસ શાખાને મૂળકિંમત ઉપર ૨૦% નફો ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે. શાખા રોકડ તેમજ ઉધાર વેચાણ કરે છે અને મળેલી બધી જ રોકડ તે જ દિવસે બેંક ડ્રાફ્ટથી મુખ્ય ઓફિસને મોકલી આપે છે. શાખાના બધા જ ખર્ચા મુખ્ય ઓફિસેથી ચૂકવાય છે. પરચૂરણ ખર્ચ માટે શાખાને પેટા રોકડ મુખ્ય ઓફિસ મોકલી આપે છે.

મુખ્ય ઓફિસના ચોપડે તા.૩૧-૩-૧૮ના રોજ પૂરા થતા વર્ષનું શાખા ખાતું નીચે મુજબ તૈયાર કરેલ છે.

**ઉ.** **શાખા ખાતું** **જ.**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યાઃ | | બાકી આગળ લાવ્યાઃ | |
| માલનો સ્ટોક (ભ.કિં.) | ૨૪,૦૦૦ | ચુ. બાકી પગાર | ૨,૦૦૦ |
| ફર્નિચર | ૧૫,૦૦૦ | શરૂઆતનો સ્ટોક અનામત ખાતે | |
| દેવાદારો | ૨૦,૦૦૦ | (ચઢાવેલ નફો) | ૪,૦૦૦ |
| પેટા રોકડ | ૧,૦૦૦ | શાખાને મોકલેલ માલ ખાતે | |
| શાખાને મોકલેલ માલ (ભ.કિં.) | ૮૪,૦૦૦ | (ચઢાવેલ નફો) | ૧૪,૦૦૦ |
| શાખાને મોકલેલ પેટા રોકડ | ૩,૦૦૦ | શાખાએ પરત કરેલ માલ (ભ.કિં.) | ૬,૦૦૦ |
| બેંક ખાતે : ખર્ચાઓઃ | | | |
| ભાડુ | ૨,૦૦૦ | બેંક ખાતેઃ | |
| પગાર | ૧૧,૦૦૦ | રોકડ વેચાણ ૨૭,૦૦૦ | |
| મજૂરી | ૧,૦૦૦ | દેવાદારો પાસેથી | |
| શાખાએ પરત કરેલ માલ ખાતે | | ઉઘરાણી ૭૨,૦૦૦ | ૯૯,૦૦૦ |
| (ચઢાવેલ નફો) | ૧,૦૦૦ | બા. આ. લ. ગયાઃ | |
| બા. આ. લ. ગયાઃ | | આખર સ્ટોક (ભ.કિં.) | ૩૦,૦૦૦ |
| ચુ. બાકી પગાર | ૩,૦૦૦ | ફર્નિચર | ૧૩,૫૦૦ |
| આખર સ્ટોક અનામત ખાતે | ૫,૦૦૦ | દેવાદારો | ૩૨,૦૦૦ |
| નફો : સામાન્ય ન.નુ. ખાતે | ૩૨,૦૦૦ | પેટા રોકડ | ૧,૫૦૦ |
| | **૨,૦૨,૦૦૦** | | **૨,૦૨,૦૦૦** |

**અન્ય માહિતીઃ**

વર્ષ દરમિયાન શાખાના દેવાદારોએ ₹ ૪,૮૦૦નો માલ શાખાને પરત કર્યો હતો અને શાખાના દેવાદારોમાંથી ₹ ૧,૨૦૦ ઘાલખાધના માંડી વાળ્યા હતા. ઉપરની વિગતો પરથી નીચે મુજબ ઓફિસના ચોપડે તૈયાર કરોઃ

(૧) શાખાનું પેટા રોકડ ખાતું　　　(૨) શાખાના દેવાદારોનું ખાતું
(૩) શાખાનું વેપાર ખાતું　　　(૪) શાખાનું ન.નું. ખાતું.

જવાબઃ

| | |
|---|---|
| વિગત | ભરતિયા કિંમત – ચઢાવેલ નફો = મૂળ કિંમત |
| | (૧૨૦ – ૨૦ = ૧૦૦) |
| શરૂનો સ્ટોક | ૨૪,૦૦૦ – ૪,૦૦૦ = ૨૦,૦૦૦ |
| આખરનો સ્ટોક | ૩૦,૦૦૦ – ૫,૦૦૦ = ૨૫,૦૦૦ |
| શાખાને મોકલેલ માલ | ૮૪,૦૦૦ – ૧૪,૦૦૦ = ૭૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | ૬,૦૦૦ – ૧,૦૦૦ = ૫,૦૦૦ |

ઉ.　　　**શાખાનું પેટા રોકડનું ખાતું**　　　જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી | ૧,૦૦૦ | પરચૂરણ ખર્ચા | ૨,૫૦૦ |
| મુખ્ય ઓફિસ પાસેથી મળેલ રોકડ | ૩,૦૦૦ | આખરની બાકી | ૧,૫૦૦ |
| | **૪,૦૦૦** | | **૪,૦૦૦** |

ઉ.　　　**શાખાના દેવાદારોનું ખાતુ**　　　જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી | ૨૦,૦૦૦ | રોકડ ખાતે - મળેલ | ૭૨,૦૦૦ |
| ઉધાર વેચાણ (?) | ૯૦,૦૦૦ | વેચાણ પરત | ૪,૮૦૦ |
| | | ઘાલખાધ | ૧,૨૦૦ |
| | | આખરની બાકી | ૩૨,૦૦૦ |
| | **૧,૧૦,૦૦૦** | | **૧,૧૦,૦૦૦** |

ઉ.　　　**શાખાનું વેપાર ખાતુ**　　　જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક (મૂ.કિં.) | ૨૦,૦૦૦ | વેચાણઃ | |
| મુખ્ય ઓફિસેથી મળેલ | | રોકડ વેચાણ　૨૭,૦૦૦ | |
| માલ (મૂ.કિં.)　૭૦,૦૦૦ | | ઉ. વેચાણ　૯૦,૦૦૦ | |
| – પરત કરેલ માલ　૫,૦૦૦ | ૬૫,૦૦૦ | ૧,૧૭,૦૦૦ | |
| મજૂરી | ૧,૦૦૦ | – વેચાણ પરત　૪,૮૦૦ | ૧,૧૨,૨૦૦ |
| કાચો નફો (ન.નુ. ખાતે) | ૫૧,૨૦૦ | આખરનો સ્ટોક (મૂ.કિં.) | ૨૫,૦૦૦ |
| | **૧,૩૭,૨૦૦** | | **૧,૩૭,૨૦૦** |

ઉ.　　　**શાખાનું નફા-નુકશાન ખાતું**　　　જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| ભાડુ | ૨,૦૦૦ | કાચો નફો - વેપાર ખાતેથી લાવ્યા | ૫૧,૨૦૦ |
| પગાર　૧૧,૦૦૦ | | | |
| બાદઃ ગયા વર્ષનો ચુ. બાકી　૨,૦૦૦ | | | |

| | | | |
|---|---|---|---|
| ૯,૦૦૦ | | | |
| ઉમેરો: ચાલુ વર્ષનો ચુ. બાકી 3,000 | ૧૨,૦૦૦ | | |
| પેટા રોકડના ખર્ચા | ૨,૫૦૦ | | |
| ફર્નિચરનો ઘસારો: | | | |
| (૧૫,૦૦૦ – ૧૩,૫૦૦) | ૧,૫૦૦ | | |
| ઘાલખાધ | ૧,૨૦૦ | | |
| ચોખ્ખો નફો | ૩૨,૦૦૦ | | |
| | ૫૧,૨૦૦ | | ૫૧,૨૦૦ |

**શાખા અને મુખ્ય ઓફિસના પરસ્પર ખાતાની બાકીની મેળવણી:**

**૫.૧૧ માર્ગસ્થ માલ અને માર્ગસ્થ રોકડ**

મુખ્ય ઓફિસ પોતાના ચોપડે શાખા ખાતું તૈયાર કરે છે. શાખા પોતાના ચોપડે મુખ્ય ઓફિસ ખાતું તૈયાર કરે છે. જ્યારે મુખ્ય ઓફિસ શાખાને અવેજ આપે ત્યારે તે શાખા ખાતે ઉધાર બાજુએ નોંધે છે જ્યારે શાખા આ વ્યવહારની રકમ મુખ્ય ઓફિસના ચોપડે જમા બાજુએ નોંધે છે. આમ, મુખ્ય ઓફિસ અને શાખા પરસ્પરના વ્યવહારો અન્યોન્યના ખાતે વિરુદ્ધ બાજુએ નોંધે છે. આથી મુખ્ય ઓફિસના ચોપડે શાખા ખાતાની ઉધાર બાકીની રકમ શાખાના ચોપડે મુખ્ય ઓફિસની જમા બાકીની રકમ સાથે મળી રહેવી જોઈએ. પરંતુ કેટલીક વાર આ બાકીઓમાં તફાવત જોવા મળે છે આવા તફાવતનાં કારણો નીચે મુજબના છે

**(અ) માર્ગસ્થ માલ**

જ્યારે મુખ્ય ઓફિસ શાખાને માલ મોકલાવે ત્યારે શાખા ખાતે ઉધાર બાજુએ આ રકમ નોંધે છે જ્યારે શાખાને માલ મળે ત્યારે તે મુખ્ય ઓફિસના ખાતે આ રકમ જમા બાજુએ નોંધે છે પરંતુ વર્ષ આખરે જો મુખ્ય ઓફિસે શાખાને માલ મોકલ્યો હોય અને તેથી શાખા ખાતે આ રકમ ઉધાર બાજુએ નોંધી હોય પરંતુ શાખા પોતાના વાર્ષિક હિસાબો તૈયાર કરે ત્યાં સુધી જો આ માલ મળ્યો ના હોય તેણે મુખ્ય ઓફિસના ખાતે આ રકમ **જમા કરી નહિ હોય, આથી મુખ્ય ઓફિસના ચોપડે શાખા ખાતાની** ઉધાર બાકી શાખાના ચોપડે મુખ્ય **ઓફિસની જમા બાકી કરતાં વધુ રકમ દર્શાવશે, આ તફાવત દૂર કરવા મુખ્ય ઓફિસ પોતાના ચોપડે નીચે મુજબ આમનોંધ કરશે :**

માર્ગસ્થ માલ ખાતે -------ઉ

તે શાખા ખાતે

માર્ગસ્થ માલ એટલે મુખ્ય ઓફિસે મોકલાવેલ પરંતુ શાખાને નહિ મળેલ માલ.

**(બ) માર્ગસ્થ રોકડ**

જ્યારે શાખા મુખ્ય ઓફિસ ને રોકડ મોકલાવે ત્યારે મુખ્ય ઓફિસના ખાતે ઉધાર બાજુએ નોંધ કરે છે. મુખ્ય ઓફિસ પોતાના ચોપડે આ રકમ શાખા ખાતે જમા કરે છે. જો વર્ષની આખરે શાખાએ મુખ્ય ઓફિસને રોકડ મોકલાવી હોય પરંતુ મુખ્ય ઓફિસના વાર્ષિક હિસાબો તૈયાર થાય ત્યાં સુધી તેને રોકડ મળી ના હોય તો શાખાના ચોપડે મુખ્ય ઓફિસની જમા બાકી, મુખ્ય ઓફિસના ચોપડે શાખાની ઉધાર બાકી કરતાં ઓછી રકમ દર્શાવાશે. આ તફાવત દૂર કરવા શાખા પોતાના ચોપડામાં નીચે મુજબ નોંધ કરશે.

માર્ગસ્થ રોકડ ખાતે -------ઉ

તે મુખ્ય ઓફિસ ખાતે

માર્ગસ્થ રોકડ એટલે શાખાએ મોકલેલી પરંતુ મુખ્ય ઓફિસને નહિં મળેલી માર્ગમાં રહેલી રોકડ.

આમ, મુખ્ય ઓફિસ શાખાને માલ મોકલે છે પરંતુ જો આ માલ શાખાને પહોંચ્યો ના હોય તો માર્ગસ્થ માલ અંગે મુખ્ય ઓફિસ પોતાના ચોપડે નોંધ કરે છે. માર્ગસ્થ માલ ખાતાની ઉધાર બાકી મુખ્ય ઓફિસના પાકા સરવૈયામાં મિલ્કત બાજુએ દર્શાવાય.

શાખા મુખ્ય ઓફિસને રોકડ મોકલે છે, પરંતુ જો રોકડ મુખ્ય ઓફિસને પહોંચી ના હોય તો માર્ગસ્થ રોકડ અંગે શાખા પોતાના ચોપડે નોંધ કરે છે. માર્ગસ્થ રોકડની ઉધાર બાકી શાખાના પાકા સરવૈયામાં મિલ્કત બાજુએ દર્શાવાય.

## ૫.૧૨ સ્વાધ્યાય

**૧.** શાહ બ્રધર્સ નડિયાદની એેક શાખા અમદાવાદમાં છે. શાખાને મુખ્ય ઓફિસ મૂળકિંમતે માલ મોકલે છે, શાખા ફક્ત રોકડેથી વેચાણ કરે છે અને વેચાણની મળેલ રોકડ દરરોજ મુખ્ય ઓફિસના બેંક ખાતામાં જમા કરાવે છે. શાખાના ખર્ચા મુખ્ય ઓફિસ ચુકવે છે પરંતુ પરચૂરણ ખર્ચ માટે મુખ્ય ઓફિસ પેટા રોકડ મોલકલે છે.
૩૧-૦૩-૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષ અંગેના અમદાવાદ શાખાને લગતા વ્યવહારો ઉપરથી શાહ બ્રધર્સના ચોપડે શાખા ખાતું તૈયાર કરો. તેમજ શાખાનું વેપાર ખાતું અને નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

| | | ₹ |
|---|---|---|
| ૧-૪-૨૦૧૮ ના રોજનો સ્ટોક | | ૫,૦૦૦ |
| ૧-૪-૨૦૧૮ ના રોજની પેટા રોકડ | | ૧૦૦ |
| શાખાને વર્ષ દરમિયાન મોકલેલ માલ | | ૧,૨૦,૫૦૦ |
| શાખાએ વર્ષ દરમિયાન પરત કરેલ માલ | | ૨,૫૦૦ |
| શાખાએ વર્ષ દરમિયાન કરેલ વેચાણ | | ૧,૪૦,૦૦૦ |
| **શાખાને મોકલેલ રોકડઃ** | | |
| મજૂરી | ૩૦૦ | |
| પગાર | ૪,૪૦૦ | |
| ભાડું | ૮૦૦ | ૫,૫૦૦ |
| પરચૂરણ ખર્ચ | | ૬૦૦ |
| ૩૧-૦૩-૨૦૧૯ ના રોજ માલ-સ્ટોક | | ૧૬,૫૦૦ |
| ૩૧-૦૩-૨૦૧૯ ના રોજની પેટા-રોકડ | | ૨૦૦ |

જવાબઃ

(૧) શાખાનો ચોખ્ખો નફો ₹ ૨૭,૪૦૦

(૨) મુખ્ય ઓફિસે મોકલેલ પેટા-રોકડ ₹ ૭૦૦

(૩) શાખા ખાતાનો સરવાળો ₹ ૧,૫૯,૨૦૦.

**૨.** મધુરમ સ્ટોર્સ ગાંધીનગરની અમદાવાદમાં શાખા છે. મુખ્ય ઓફિસ શાખાને મૂળકિંમતે માલ મોકલે છે. શાખા રોકડેથી વેચાણ કરે છે અને તેમાંથી ખર્ચ ચૂકવે છે. જ્યારે બાકીની રકમ મુખ્ય ઓફિસને મોકલી આપે છે. વર્ષના અંતે શાખાના ચોપડે નીચે પ્રમાણે વિગતો દર્શાવે છે.

| | ₹ |
|---|---|
| સ્ટોક (૧-૧-૨૦૧૮) | ૧૨,૫૦૦ |
| સ્ટોક (૩૧-૩-૨૦૧૯) | ૧૫,૦૦૦ |
| મુખ્ય ઓફિસથી મળેલ માલ | ૨૫,૦૦૦ |
| મુખ્ય ઓફિસથી પરત માલ | ૨,૦૦૦ |
| ફર્નિચર (૧-૪-૨૦૧૯) | ૪,૦૦૦ |

| | |
|---|---|
| પેટા રોકડ (૧-૪-૨૦૧૮) | ૨૫૦ |
| પેટા રોકડ (૩૧-૩-૨૦૧૯) | ૨૦૦ |
| મુખ્ય ઓફિસ તરફથી મળેલ પેટા રોકડ | ૧૫૦ |
| મુખ્ય ઓફિસને મોકલેલ રોકડ | ૨૮,૫૦૦ |
| **ચૂકવેલ ખર્ચાઓ** | |
| પગાર ૯,૦૦૦ | |
| ભાડુ ૬,૦૦૦ | |
| નૂર ૨,૦૦૦ | ૧૭,૦૦૦ |

ફર્નિચર ઉપર ૧૦% ઘસારો કાપવામાં આવે છે. ઉપરની વિગતોને આધારે મુખ્ય ઓફિસના ચોપડે શાખા ખાતું, શાખાનું વેપાર ખાતું અને શાખાનું નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

**જવાબઃ** શાખા ખાતાનો નફો ₹ ૭,૪૦૦, શાખાનો વેપાર ખાતાનો કાચો નફો ₹ ૬,૦૦૦, નફા-નુકશાન ખાતે ચેખ્ખી ખોટ ₹ ૯,૬૦૦, પરચુરણ ખર્ચ ₹ ૨૦૦, ફર્નિચરનો ઘસારો ₹ ૪૦૦, પાકા સરવૈયાનો સરવાળો ₹ ૫૮,૯૦૦.

**૩.** ઠક્કર ટ્રેડર્સની એક શાખા સાબરમતીમાં છે. મુખ્ય ઓફિસ શાખાને મૂળકિંમતે માલ મોકલે છે. શાખા ફક્ત રોકડેથી જ વેચાણ કરે છે અને બધી જ રોકડ મુખ્ય ઓફિસને મોકલે છે. પરચૂરણ ખર્ચ સિવાયના ખર્ચા મુખ્ય ઓફિસેથી ચૂકવાય છે. તા. ૩૧-૩-૨૦૧૮ના રોડ પૂરા થતા વર્ષનું સાબરમતી શાખાનું ખાતું મુખ્ય ઓફિસના ચોપડે નીચે મુજબ હતુ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| શરૂઆતની બાકીઓઃ | | | શાખાએ પરત કરેલ માલ | | ૧,૬૦૦ |
| સ્ટોક | ૮,૦૦૦ | | બેંક ખાતે (વેચાણ) | | ૩૨,૦૦૦ |
| પેટા રોકડ | ૨૦૦ | | આખરની બાકીઓઃ | | |
| ફર્નિચર | ૧૦,૦૦૦ | ૧૮,૨૦૦ | સ્ટોક | ૧૦,૦૦૦ | |
| શાખાને મોકલેલ માલ ખાતે | | ૨૫,૦૦૦ | પેટા રોકડ | ૧૦૦ | |
| રોકડ ખાતેઃ (પેટા રોકડ) | | ૩૦૦ | ફર્નિચર | ૮,૫૦૦ | ૧૮,૬૦૦ |
| બેંક ખાતે : (ખર્ચા) | | | | | |
| પગાર | ૫૦૦ | | | | |
| મજૂરી | ૩૦૦ | | | | |
| ભાડુ | ૪૦૦ | ૧,૨૦૦ | | | |
| નફોઃ નફા-નુકશાન ખાતે | | ૭,૫૦૦ | | | |
| | | **૫૨,૨૦૦** | | | **૫૨,૨૦૦** |

ઉપરોક્ત શાખા ખાતા ઉપરથી શાખાનું વેપાર ખાતું અને શાખાનું નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

**જવાબઃ** કાચો નફો ₹ ૧૦,૩૦૦ અને ચોખ્ખો નફો ₹ ૭,૫૦૦.

સમજૂતીઃ પેટા રોકડના ખર્ચા ₹ ૪૦૦ અને ફર્નિચરનો ઘસારો ₹ ૧,૫૦૦.

**૪.** મેસર્સ મહેશ ટ્રેડર્સ, નડીયાદની શાખા સુરતમાં છે. મુખ્ય ઓફિસ શાખાને મૂળકિંમતે માલ મોકલે છે. શાખાને રોકડ તેમજ ઉધાર વેચાણ કરવાની સત્તા છે. શાખાએ મેળવેલ તમામ રોકડ મુખ્ય ઓફિસને મોકલી આપવામાં આવે છે. શાખાના બધા જ ખર્ચા ઓફિસેથી ચૂકવાય છે પરંતુ પરચૂરણ ચુકવણી કરવા માટેની પેટા રોકડ મુખ્ય ઓફિસ શાખાને મોકલે છે. તા. ૩૧-૩-૨૦૧૯ ના રોજ પૂરા થતાં વર્ષની શાખા અંગેની વિગતો નીચે મુજબ છે.

| વિગત | ૧-૪-૨૦૧૮ | ૩૧-૩-૨૦૧૯ |
|---|---|---|
| માલનો સ્ટોક | ૩૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| દેવાદારો | ૧૫,૦૦૦ | ૩૨,૦૦૦ |
| પેટા-રોકડ | ૨૫૦ | ૧૫૦ |
| ચૂકવવાનો બાકી પગાર | ૫૦૦ | ૭૦૦ |
| ફર્નિચર | ૧૨,૦૦૦ | ? |

| **વર્ષ દરમિયાનના વ્યવહારો** | | ₹ |
|---|---|---|
| રોકડ વેચાણ | | ૨૨,૦૦૦ |
| દેવાદારો પાસેથી વસૂલ આવેલ રોકડ | | ૧,૪૦,૦૦૦ |
| ઘાલખાધ માંડીવાળી | | ૨,૦૦૦ |
| દેવાદારોએ પરત કરેલ માલ | | ૪,૦૦૦ |
| **શાખાને ખર્ચ માટે મોકલેલ રોકડ** | | |
| પગાર | ૧૦,૨૦૦ | |
| ભાડુ | ૨,૪૦૦ | |
| વીમા પ્રીમીયમ | ૧,૪૦૦ | ૧૪,૦૦૦ |
| દેવાદારોને વટાવ આપ્યો | | ૧,૦૦૦ |
| શાખાને મોકલેલ માલ | | ૮૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | | ૩,૦૦૦ |
| શાખાને મોકલેલ પેટા-રોકડ | | ૧,૨૦૦ |

ફર્નિચર પર વાર્ષિક ૧૦ ટકા ઘસારો ગણો.

ઉપરની વિગતો પરથી મુખ્ય ઓફિસના ચોપડે તૈયાર કરોઃ

(૧) શાખા ખાતું

(૨) શાખાનું વેપાર અને નફા-નુકશાન ખાતું

(૩) શાખાની પેટા રોકડનું ખાતું

(૪) શાખાના દેવાદારોનું ખાતું.

**જવાબઃ** પરચૂરણ ખર્ચ ₹ ૧,૩૦૦; ઉધાર વેચાણ ₹ ૧,૬૪,૦૦૦; કાચો નફો ₹ ૯૫,૦૦૦; ચોખ્ખો નફો ₹ ૭૫,૩૦૦; શાખા ખાતાનો સરવાળો ₹ ૨,૨૮૪૫૦.

**૫.** અમદાવાદનાં દીપક ટ્રેડર્સની વેરાવળમાં એક શાખા છે. મુખ્ય ઓફિસ શાખાને મૂળકિંમત ઉપર ૨૫% નફો ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે. શાખા રોકડ તેમજ ઉધાર વેચાણ કરે છે અને મળેલી બધી જ રોકડ તે જ દિવસે બેંક ઓવરડ્રાફ્ટથી મુખ્ય ઓફિસને મોકલી આપે છે. શાખાના બધા જ ખર્ચા મુખ્ય ઓફિસેથી ચૂકવાય છે. પરંતુ પરચૂરણ ચુકવણી કરવા માટેની પેટા રોકડ મુખ્ય ઓફિસ શાખાને મોકલી આપે છે.
મુખ્ય ઓફિસના ચોપડે તા. ૩૧-૩-૨૦૧૯ ના રોજ પૂરા થતાં વર્ષનું સુરેન્દ્રનગર શાખાનું ખાતું નીચે મુજબ તૈયાર કરેલ છે.

ઉ. **વેરાવળ શાખાનું ખાતુ** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | | બાકી આગળ લાવ્યા | |
| માલનો સ્ટોક (ભ. કિંમતે) | ૨૫,૦૦૦ | સ્ટોક ખાતે (શરૂના સ્ટોકનો તફાવત) | ૫,૦૦૦ |
| ફર્નિચર | ૧૦,૦૦૦ | બેંક ખાતેઃ | |

| | | | |
|---|---|---|---|
| દેવાદારો | ૨૦,૦૦૦ | રોકડ વેચાણ | ૨૭,૦૦૦ |
| પેટા રોકડ | ૧,૦૦૦ | દેવદારો પાસેથી મળેલ રોકડ | ૭૫,૦૦૦ |
| શાખાને મોકલેલ માલ ખાતે | ૧,૦૦,૦૦૦ | ઘાલખાધ પરત | ૨,૦૦૦ |
| (ભરતિયા કિંમતે) | | શાખાને મોકલેલ માલ ખાતે | ૨૦,૦૦૦ |
| ભાડુ અને વેરા | ૨,૦૦૦ | (તફાવત) | |
| પગાર | ૬,૦૦૦ | શાખાને મોકલેલ માલ ખાતે પરત | |
| મજૂરી | ૧,૦૦૦ | (ભરતિયા કિંમત) | ૫,૦૦૦ |
| બેંક ખાતે (પેટા રોકડ) | ૩,૦૦૦ | બાકી આગળ લઈ ગયા : | |
| શાખાને મોકલેલ માલ ખાતે (તફાવત) | ૧,૦૦૦ | માલનો સ્ટોક (ભરતિયા કિંમત) | ૩૦,૦૦૦ |
| બાકી આગળ લઈ ગયા | ૬,૦૦૦ | ફર્નિચર | ૯,૦૦૦ |
| (આખર સ્ટોક તફાવત) | | દેવાદારો | ૪૦,૦૦૦ |
| સામાન્ય નફા-નુકશાન ખાતે (નફો) | ૪૦,૦૦૦ | પેટા રોકડ | ૨,૦૦૦ |
| | **૨,૧૫,૦૦૦** | | **૨,૧૫૦૦૦** |

**અન્ય માહિતીઃ**

(૧) વર્ષ દરમિયાન શાખાનાં દેવાદારોએ ₹ ૫,૦૦૦નો માલ શાખાને પરત કર્યો. (૨) વર્ષ દરમિયાન શાખાએ ₹ ૧,૦૦૦ ઘાલખાધ તરીકે માંડી વાળ્યા હતા અને તેનાં દેવાદારોને ₹ ૫૦૦ વટાવ આપ્યો હતો. (૩) વર્ષ દરમિયાન શાખાના દેવાદારો ખાતે ₹ ૧,૫૦૦ વ્યાજ ઉધારેલુ હતુ.

ઉપરની વિગતો પરથી મુખ્ય ઓફિસનાં ચોપડે તૈયાર કરો.

(૧) શાખાનું વેપાર ખાતું (૨) શાખાનું નફા-નુકશાન ખાતું

(૩) શાખાના દેવાદારોનું ખાતું (૪) શાખાની પેટા રોકડનું ખાતું

(ગુ.યુનિ., એફ.વાય., એપ્રિલ, ૧૯૯૫ પર આધારીત)

**જવાબઃ** પેટા રોકડ તૈયાર કરતાં પરચૂરણ ખર્ચ ₹ ૨,૦૦૦ આવશે, દેવાદારોનું ખાતું તૈયાર કરતા ઉધાર વેચાણ ₹ ૯૫,૦૦૦ આવશે. શાખાનો કાચો નફો ₹ ૪૯,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૪૦,૦૦૦.

**૬.** રીચ મિલ્ક ધારેવાડાની ખેરાલુમાં એક શાખા છે. મુખ્ય ઓફિસ શાખાને મૂળકિંમતે માલ મોકલે છે. શાખા રોકડ અને ઉધાર વેચાણ કરે છે અને મળેલી બધી રોકડ તે જ દિવસે બેંક ઓવરડ્રાફ્ટથી મુખ્ય ઓફિસને મોકલી આપે છે. શાખાના બધા જ ખર્ચાઓ મુખ્ય ઓફિસથી ચૂકવાય છે. પરંતુ પરચૂરણ ખર્ચની ચુકવણી કરવા માટે પેટા રોકડ મુખ્ય ઓફિસ તરફથી દરેક મહિનાની શરૂઆતમાં શાખાને ₹ ૧૫૦ મોકલાય છે.

| વિગત | ૧-૪-૨૦૧૮ | ૩૧-૩-૨૦૧૯ |
|---|---|---|
| માલનો સ્ટોક | ૧૨,૦૦૦ | ૩૮,૦૦૦ |
| દેવાદારો | ૪૦,૦૦૦ | ૬૦,૦૦૦ |
| પેટા-રોકડ | ૪૦૦ | ૨૭,૦૦૦ |
| ફર્નિચર | ? | ૩૦૦ |
| અગાઉથી ચૂકવેલ વીમો | ૪૦૦ | ૩૦૦ |
| ચૂકવવાની બાકી મજૂરી | ૨૦૦ | ૧૦૦ |

| **વર્ષ દરમિયાનના વ્યવહારો** | ₹ |
|---|---|
| શાખાએ પકત કરેલ માલ | ૧૨,૦૦૦ |
| શાખાએ મોકલેલ માલ | ૧,૮૦,૦૦૦ |

| | | |
|---|---|---|
| ગ્રાહકોએ પરત કરેલ માલ | | ૪,૫૦૦ |
| દેવાદારો પાસેથી મળેલી રોકડ | | |
| (જેમાં અગાઉની માંડીવાળેલ ઘાલખાધ ₹ ૧,૦૦૦નો સમાવેશ થાય છે.) | | ૧,૦૧,૦૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | | ૫૦૦ |
| માંડી વાળેલ ઘાલખાધ | | ૩૦૦ |
| રોકડ વેચાણ | | ૪૦,૯૦૦ |
| **શાખા વતી ચૂકવાયેલ ખર્ચા** | | |
| મજૂરી | ૧,૨૦૦ | |
| ભાડુ | ૨,૦૦૦ | |
| પગાર | ૬,૦૦૦ | |
| વીમો | ૩,૦૦૦ | |
| પેકિંગ ખર્ચ | ૨,૮૦૦ | ૧૫,૦૦૦ |

ફર્નિચર ઉપર ૧૦% ઘસારો કાપેલ છે. ઉપરની વિગતો પરથી મુખ્ય ઓફિસના ચોપડા તૈયાર કરો.

(૧) ખેરાલુ શાખા ખાતુ
(૨) શાખાનું વેપાર ખાતું અને નફા-નુકશાન ખાતું
(૩) શાખાના દેવાદારોનું ખાતું
(૪) શાખાનું પેટા રોકડ ખાતુ

(ઉ.ગુ.યુનિ. માર્ચ ૧૯૯૬ પર આધારીત)

**જવાબઃ** કાચો નફો ₹ ૧૮,૬૦૦; ચોખ્ખો નફો નફો/નુકશાન નથી; ઉધાર વેચાણ ₹ ૧,૨૫,૩૦૦; પરચૂરણ ખર્ચા ₹ ૧,૯૦૦, ઘાલખાધ પરત ₹ ૧,૦૦૦, દેવાદાર ખાતામાં આવશે નહીં. શાખા ખાતાનો સરવાળો ₹ ૨,૭૯,૨૦૦.

**૭.** મુખ્ય ઓફિસના ચોપડામાં તેની શાખાનું ખાતું નીચે મુજબ હતું. તે પરથી શાખાનું વેપાર ખાતું તથા નફા-નુકશાન ખાતું તૈયાર કરવાનું છે.

**તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું**

**ઉ. શાખાનું ખાતુ જ.**

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| શરૂઆતની બાકીઃ | | | શાખાએ પરત કરેલ માલ | | ૧,૦૦૦ |
| સ્ટોક | ૧૦,૦૦૦ | | શાખા પાસેથી મળેલ રોકડઃ | | |
| પેટા રોકડ | ૧૪૦ | | રોકડ વેચાણ | ૭૦,૦૦૦ | |
| દેવાદારો | ૧૪,૦૦૦ | ૨૪,૧૪૦ | દેવાદારો પાસેથી | | |
| શાખાને મોકલેલ માલ | | ૯૨,૨૦૦ | ઉઘરાણી | ૩૮,૦૦૦ | |
| બેંક ખાતે (ખર્ચા): | | | ઘાલખાધ પરત | ૪૦૦ | ૧,૦૮,૯૦૦ |
| ભાડુ | ૧,૭૦૦ | | છેવટની બાકીઓઃ | | |
| પગાર | ૪,૨૦૦ | | સ્ટોક | ૨૨,૦૦૦ | |
| કરવેરા | ૧,૦૦૦ | | દેવાદારો | ૧૩,૮૦૦ | |
| જાહેરાત ખર્ચ | ૧,૭૦૦ | | પેટા રોકડ | ૧૫૦ | ૩૫,૯૫૦ |
| મજૂરી | ૮૦૦ | ૯,૪૦૦ | | | |
| બેંક ખાતે (પેટા રોકડ) | | ૧૧૦ | | | |
| ચોખ્ખો નફો | | ૨૦,૦૦૦ | | | |
| | | ૧,૪૫,૮૫૦ | | | ૧,૪૫,૮૫૦ |

શાખાના દેવાદારોને આપેલ વટાવ ₹ ૧,૮૦૦; દેવાદારોએ શાખાને પરત કરેલ માલ ₹ ૧,૧૦૦. દેવાદારોને નામંજૂર વટાવ ₹ ૧૦૦.

**જવાબ:** કાચો નફો ₹ ૩૦,૦૦૦; ચોખ્ખો નફો ₹ ૨૦,૦૦૦; દેવાદારોનું ખાતું બનાવી ઉધાર વેચાણ શોધો ₹ ૪૦,૬૦૦; પેટા રોકડ ખાતું બનાવી પરચૂરણ ખર્ચ શોધો ₹ ૧૦૦.

૮. અમદાવાદની આશનાની દિલ્લીમાં એક શાખા છે જે મૂળકિંમત ઉપર ૨૫% નફો ચઢાવી માલ વેચાણની સૂચના સાથે મૂળ કિંમતે માલ મોકલાવે છે. પરચૂરણ ખર્ચ સિવાયના બધા ખર્ચા મુખ્ય ઓફિસ ચૂકવે છે અને શાખા પાસેથી બધી જ રોકડ દરરોજ મેળવે છે.

| વિગત | ૧-૪-૨૦૧૮ | ૩૧-૩-૨૦૧૯ |
|---|---|---|
| | ₹ | ₹ |
| સ્ટોક | ૧,૦૦,૦૦૦ | ? |
| દેવાદારો | ૧,૨૦,૦૦૦ | ૧,૪૫,૦૦૦ |
| પેટા રોકડ | ૧,૦૦૦ | ૪,૦૦૦ |
| અગાઉથી ચૂકવેલ વીમો | ૧,૦૦૦ | ? |
| ફર્નિચર (મૂળ કિંમત ₹ ૩૦,૦૦૦) | ૨૦,૦૦૦ | ? |
| **વર્ષ દરમિયાનના વ્યવહારો** | | |
| શાખાને મોકલેલ માલ | | ૫,૦૦,૦૦૦ |
| મુખ્ય ઓફિસને પરત કરેલ માલ | | ૫૦,૦૦૦ |
| શાખાને મોકલેલ ફર્નિચર (૧-૧૦-૨૦૧૮) | | ૧૦,૦૦૦ |
| શાખાનું કુલ વેચાણ (ચોખ્ખું) | | ૫,૦૦,૦૦૦ |
| દેવાદારોએ શાખાને પરત કરેલ માલ | | ૨૦,૦૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | | ૫,૦૦૦ |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ (ઘાલખાધ પરત ₹ ૫,૦૦૦ સહિત) | | ૩,૦૦,૦૦૦ |
| પેટા રોકડના ખર્ચા | | ૧૧,૦૦૦ |
| **મુખ્ય ઓફિસે ચૂકવેલ ખર્ચા** | | ₹ |
| પગાર | | ૧૮,૦૦૦ |
| મજૂરી | | ૧૦,૦૦૦ |
| ભાડુ | | ૧૦,૦૦૦ |
| વાર્ષિક વીમો (ચૂકવ્યા તા. ૧-૫-૨૦૧૯) | | ૧૨,૦૦૦ |

ફર્નિચર ઉપર સીધી લીટીની પધ્ધતિએ વાર્ષિક ૨૦% લેખે ઘસારો ગણવો.

ઉપરની માહિતી પરથી મુખ્ય ઓફિસના ચોપડે દિલ્હી શાખાનું ખાતું તથા તા. ૩૧-૩-૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષનું દિલ્હી શાખાનું વેપાર તથા નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

(ગુ.યુનિ. એફ. વાય. માર્ચ ૨૦૦૦ પર આધારીત)

**જવાબ:** શાખાનો નફો ₹ ૪૨,૦૦૦, કાચો નફો ₹ ૧,૦૦,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૪૨,૦૦૦, ઉધાર વેચાણ ₹ ૩,૪૫,૦૦૦, રોકડ વેચાણ ₹ ૧,૭૫,૦૦૦, મુખ્ય ઓફિસ તરફથી મળેલ પેટા રોકડ ₹ ૧૪,૦૦૦, આખર સ્ટોક ₹ ૧,૬૦,૦૦૦, ફર્નિચરની છેવટની બાકી ₹ ૨૩,૦૦૦, ફર્નિચર પર ઘસારો ₹ ૭,૦૦૦; અગાઉથી ચૂકવેલ વીમો ₹ ૧,૦૦૦, શાખા ખાતાનો સરવાળો ₹ ૮,૫૮,૦૦૦.

૯. ટીના ટોઇઝ લિમિટેડ, અમદાવાદની નડિયાદમાં એક શાખા છે જેને મૂળ કિંમતે માલ મોકલે છે. પરચૂરણ ખર્ચ સિવાયના બધા ખર્ચા મુખ્ય ઓફિસ ચૂકવે છે અને શાખા પાસેથી બધી રોકડ દરરોજ મેળવે છે.

નડીયાદ શાખાને લગતી તા. ૩૧-૩-૨૦૧૦ના રોજ પૂરા થતા વર્ષની માહિતી નીચે મુજબ હતી

| વિગત | | ૩૧-૩-૨૦૦૯ ₹ | ૩૧-૩-૨૦૧૦ ₹ |
|---|---|---|---|
| **ઢીંગલીઓનો સ્ટોક** | | | |
| 'ડોલી' ૧૦૦ દરેક ₹ ૫૦૦ | ૫૦,૦૦૦ | | |
| 'સ્વિટી' ૨૦૦ દરેક ₹ ૭૫૦ | ૧,૫૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ? |
| દેવાદારો | | ૬૦,૦૦૦ | ? |
| પેટા રોકડ | | ૫,૦૦૦ | ૭,૦૦૦ |
| ફર્નિચર (તા. ૧-૧૦-૨૦૦૮ના રોજ મોકલાવેલ) | | ૧૮,૦૦૦ | ? |
| **વર્ષ દરમિયાનના વ્યવહારો** | | | ₹ |
| શાખાને મોકલાવેલ માલ | | | |
| 'લવલી' ૪૦૦ દરેક ₹ ૧,૦૦૦ | | | ૪,૦૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ ('લવલી') | | | ૪૦,૦૦૦ |
| શાખાને મોકલાવેલ પેટા રોકડ | | | ૧૫,૦૦૦ |
| શાખાને મોલકાવેલ કમ્પ્યુટર (તા. ૧-૧૦-૨૦૦૯) | | | ૫૦,૦૦૦ |
| કુલ વેચાણ (જે પૈકી ૨૦% રોકડ વેચાણ) | | | |
| 'સ્વિટી' ૧૬૦ દરેક ₹ ૭૮૭.૫૦ | | ૧,૨૬,૦૦૦ | |
| 'લવલી' ૩૦૦ દરેક ₹૧,૬૮૦.૦૦ | | ૫,૦૪,૦૦૦ | ૬,૩૦,૦૦૦ |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | | | ૩,૫૦,૦૦૦ |
| માંડી વાળેલ ઘાલખાધ | | | ૨૦,૦૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | | | ૧૦,૦૦૦ |
| **મુખ્ય ઓફિસે ચુકવેલ ખર્ચા** | | | |
| પગાર (તા.૨૮-૨-૨૦૧૦ સુધી) | | | ૨૨,૦૦૦ |
| ભાડુ અને કરવેરા | | | ૧૨,૦૦૦ |
| વીમો (તા. ૩૧-૯-૨૦૧૦ના રોજ પૂરા થતા વર્ષ માટે) | | | ૧૦,૦૦૦ |

તા. ૧૦-૪-૨૦૦૯ના રોજ આગને કારણે બધી જ 'ડોલી' ઢીંગલીઓ નાશ પામી જેનો વીમો કંપનીએ ₹ ૪૦,૦૦૦નો દાવો મંજૂર કર્યો. ફર્નિચર અને કમ્પ્યુટર ઉપર અનુક્રમે વાર્ષિક ૨૦% અને ૪૦% લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણવામાં આવે છે. વર્ષને અંતે 'સ્વિટી' ઢીંગલીની દરેકની બજારકિંમત ₹ ૭૦૦ હતી જ્યારે 'લવલી' ઢીંગલીની બજારકિંમત તેની મૂળકિંમત કરતાં ૧૦% વધારે હતી. ઉપરની માહિતીના આધારે મુખ્ય ઓફિસના ચોપડે નડિયાદ શાખાનું ખાતું તથા તા.૩૧-૩-૨૦૦૯ના રોજ પૂરા થતા વર્ષનું શાખાનું વેપાર તથા નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

**જવાબઃ** શાખાનો નફો ₹ ૧,૦૦,૦૦૦, કાચો નફો ₹ ૨,૦૮,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૧,૦૦,૦૦૦, દેવાદારોની આખરની બાકી ₹ ૧,૮૪,૦૦૦; પરચૂરણ ખર્ચા ₹ ૧૩,૦૦૦, ઉધાર વેચાણ ₹ ૫,૦૪,૦૦૦, ફર્નિચરની મૂળ કિંમત ₹ ૨૦,૦૦૦, ઘસારોઃ ફર્નિચર ₹ ૪,૦૦૦ અને કમ્પ્યુટર ₹ ૧૦,૦૦૦, પગાર ચૂક. બાકી ₹ ૨,૦૦૦, અગાઉથી ચૂકવેલ વીમો ₹ ૫,૦૦૦, આગથી બળી ગયેલ માલ ₹ ૫૦,૦૦૦ અને આગથી નુકશાન ₹ ૧૦,૦૦૦, આખર સ્ટોક ₹ ૮૮,૦૦૦ (સ્વિટી ૨૦૦ – વેચાણ ૧૬૦ = ૪૦×૭૦૦ = ૨૮,૦૦૦+ લવલી

૪૦૦ – પરત ૪૦ – વેચાણ ૩૦૦ = ૬૦ ×૧૦૦ = ૬૦,૦૦૦ = ૮૮,૦૦૦), શાખા ખાતાનો સરવાળો ₹ ૮,૯૪,૦૦૦.

**૧૦.** અમદાવાદની મિનલ ટ્રેડર્સ તેની સુરત શાખાને, મૂળ કિંમત પર ૨૫% નફો ચઢાવીને વેચવાની સુચના સાથે, મૂળ કિંમતે માલ મોકલે છે. શાખા રોકડ અને ઉધાર વેચાણ કરે છે અને મેળવેલ તમામ રોકડ બેંક ઓવરડ્રાફ્ટ દ્વારા મુખ્ય ઓફિસને મોકલી આપે છે. શાખાના બધા જ ખર્ચા મુખ્ય ઓફિસ ચૂકવે છે, પરંતુ પરચૂરણ ચુકવણી માટે મુખ્ય ઓફિસ દર મહિનાની શરૂઆતમાં ₹ ૨૦૦ પેટા રોકડ શાખાને મોકલે છે.

શાખાને લગતી તા. ૩૧ માર્ચ, ૨૦૧૦ના રોજ પૂરા થતા વર્ષની નીચેની માહિતી પ્રાપ્ય છે.

| | |
|---|---|
| **તા. ૧-૪-૨૦૦૯ના રોજ બાકીઓ** | ₹ |
| ફર્નિચર (પડતર કિંમત ₹ ૨૫,૦૦૦) | ૧૫,૦૦૦ |
| માલનો સ્ટોક | ૩૦,૦૦૦ |
| દેવાદારો | ૨૦,૦૦૦ |
| પેટા રોકડ | ૬૦૦ |
| ચૂકવવાનું બાકી ભાડુ | ૩૦૦ |
| અગાઉથી ચૂકવેલ પગાર | ૧,૦૦૦ |
| **વર્ષ દરમિયાનના વ્યવહારો** | |
| શાખાને મોકલેલ માલ | ૧,૯૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | ૧૦,૦૦૦ |
| દેવાદારોએ શાખાને પરત કરેલ માલ | ૪,૦૦૦ |
| રોકડ વેચાણ | ૧,૭૦,૦૦૦ |
| ભાડુ અને વેરા | ૬,૦૦૦ |
| પગાર | ૧૬,૦૦૦ |
| પરચૂરણ ખર્ચા | ૨,૫૦૦ |
| વીમો (તા.૩૧-૭-૨૦૧૦ના રોજ પૂરા થતા વર્ષ માટે) | ૧,૫૦૦ |
| ઘાલખાધ | ૨,૦૦૦ |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ (ઘાલખાધ પરત ₹ ૧,૦૦૦ સહિત) | ૬૫,૦૦૦ |
| કુલ વેચાણ | ૨,૬૦,૦૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | ૬,૦૦૦ |
| શાખાને મોકલેલ ફર્નિચર (તા.૧-૧૦-૨૦૦૯ના રોજ) | ૧૫,૦૦૦ |

ફર્નિચર પર સીધી લીટીની પધ્ધતિએ વાર્ષિક ૧૦% લેખે ઘસારો માંડી વાળવાનો છે. જાહેરાત ખર્ચના ₹ ૧,૨૫૦ હજુ ચુકવવાના બાકી છે. શાખાએ મુખ્ય ઓફિસની સુચના પ્રમાણે જ માલનું વેચાણ કરેલ છે.

મુખ્ય ઓફિસના ચોપડે - (૧) શાખા ખાતું (૨) શાખાનું વેપાર અને નફા-નુકશાન ખાતું (૩) શાખાનું પેટા રોકડ ખાતું અને (૪) શાખાના દેવાદારોનું ખાતું તૈયાર કરો.

(ગુ.યુનિ. એફ.વાય, એપ્રિલ, ૨૦૦૩ પર આધારીત)

**જવાબ:** શાખાનો નફો ₹ ૧૩,૫૦૦, કાચો નફો ₹ ૫૧,૨૦૦, ચોખ્ખો નફો ₹ ૧૩,૫૦૦, છેવટના દેવાદારો ₹ ૩૪,૦૦૦, છેવટની પેટા રોકડ ₹ ૫૦૦, છેવટનો સ્ટોક ₹ ૫,૨૦૦, ફર્નિચર પર ઘસારો ₹ ૩,૨૫૦ (૨,૫૦૦+૭૫૦)

**૧૧.** બેંગ્લોરના શ્રી પર્લ સુરતમાં તેઓની એક શાખા ધરાવે છે. મુખ્ય ઓફિસ શાખાને પડતરના ભાવે માલ મોકલે છે. શાખા પોતાને મળતી તમામ રોકડ મુખ્ય ઓફિસને મોકલી આપે છે. શાખાના બધા જ ખર્ચા બેંગ્લોર

સ્થિત મુખ્ય ઓફિસ ચૂકવે છે. મુખ્ય ઓફિસ શાખાને પડતર ઉપર ૫૦% નફો ચઢાવીને માલ વેચવાની સૂચના આપે છે. શાખા આ સૂચનાનું સંપૂર્ણપણે પાલન કરવા બંધાયેલી છે. નીચેની વિગતો પરથી તા. ૩૧-૩-૨૦૧૦ના રોજ પૂરા થતા વર્ષનું શાખા ખાતું, શાખાનું વેપાર ખાતું તથા શાખાનું નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

| **વિગત** | **૩૧-૩-૨૦૦૯** | **૩૧-૩-૨૦૧૦** |
|---|---|---|
| | ₹ | ₹ |
| દેવાદારો | (?) | ૪૮,૦૦૦ |
| સ્ટોક | ૩૫,૦૦૦ | (?) |
| અગાઉથી ચૂકવેલ વીમો | ૫૦૦ | ૪૦૦ |
| પગાર ચૂકવવાનો બાકી | ૮૦૦ | ૧,૦૦૦ |
| ફર્નિચર | ૨,૫૦૦ | ૨,૨૫૦ |
| **અન્ય વ્યવહારો** | | ₹ |
| વર્ષ દરમિયાન શાખાને મોકલેલ માલ | | ૫,૬૪,૩૨૦ |
| શાખાએ મુખ્ય ઓફિસને પરત કરેલ માલ | | ૫,૦૦૦ |
| રોકડ વેચાણ | | ૩,૧૫,૬૦૫ |
| ભાડુ-વેરો અને વીમો | | ૩૫,૦૦૦ |
| જાહેરાત ખર્ચા | | ૬,૫૦૦ |
| પગાર | | ૧૨,૩૦૦ |
| ગ્રાહકોએ શાખાને પરત કરેલો માલ | | ૬,૩૨૦ |
| ઘાલખાધ | | ૪,૫૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | | ૭,૦૦૦ |
| દેવાદારો પાસેથી શાખાને મળેલ રોકડ | | ૫,૬૫,૭૦૫ |
| શાખાના દેવાદારોએ મુખ્ય ઓફિસને બારોબાર ચૂકવેલ રોકડ | | ૯૦,૦૦૦ |
| અન્ય ખર્ચા | | ૫,૩૮૦ |
| કુલ વેચાણ | | ૮,૨૦,૫૮૦ |

(દ.ગુ. યુનિ. એફ. વાય., એપ્રિલ, ૨૦૦૩પર આધારીત)

**જવાબઃ** શાખાનો નફો ₹ ૨,૦૦,૧૯૦, કાચો નફો ₹ ૨,૭૧,૪૨૦, ચોખ્ખો નફો ₹ ૨,૦૦,૧૯૦, શરૂઆતના દેવાદારો ₹ ૨,૧૬,૫૫૦, છેવટનો સ્ટોક ₹ ૫૧,૪૮૦, શાખા ખાતાનો સરવાળો ₹ ૧૦,૭૯,૨૪૦

**૧૨.** કીર્મિ ટ્રેડર્સ લિમિટેડ તેની જુદી જુદી શાખાઓને મૂળકિંમતે માલ મોકલે છે અને શાખાઓ ઉધાર તેમજ રોકડેથી વેચાણ કરે છે. તેની સુરત શાખાને લગતી નીચે આપેલ વિગતો પરથી મુખ્ય ઓફિસના ચોપડામાં સુરત શાખા ખાતું, શાખાના દેવાદારોનું ખાતું તથા શાખાનું વેપાર અને નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

| **૧લી એપ્રિલ, ૨૦૦૯** | ₹ | **૩૧મી માર્ચ, ૨૦૧૦** | ₹ |
|---|---|---|---|
| દેવાદારો | ૭૮,૬૦૦ | દેવાદારો | ૯૯,૩૦૦ |
| સ્ટોક | ૪૫,૦૦૦ | સ્ટોક | ૪૧,૭૦૦ |
| મુખ્ય ઓફિસથી મળેલ માલ | | | ૧,૫૨,૪૦૦ |
| મુખ્ય ઓફિસને પરત કરેલ માલ | | | ૨,૧૦૦ |
| કુલ વેચાણ | | | ૨,૮૦,૫૦૦ |
| ગ્રાહકોને કસર | | | ૯૬૦ |

| | |
|---|---|
| ગ્રાહકો પાસેથી પરત આવેલ માલ | ૧,૭૪૦ |
| ગ્રાહકોને આપેલો વટાવ | ૭,૨૦૦ |
| ઘાલખાધ | ૧,૮૦૦ |
| ગ્રાહક પાસેથી મળેલ રોકડ | ૧,૪૭,૬૦૦ |
| ભાડુ, કર વગેરે | ૫,૪૦૦ |
| મજૂરી | ૧૮,૦૦૦ |
| વેપાર ના સામાન્ય ખર્ચાઓ | ૩,૯૦૦ |

(ઉ.ગુ.યુનિ. એફ. વાય. એપ્રિલ, ૨૦૦૩ પર આધારીત)

**૧૩.** આશાના સ્ટોર્સ અમદાવાદની મુંબઈમાં એક શાખા છે. જે મૂળ કિંમત પર ૨૫% નફો ચઢાવી માલ વેચવાની સૂચના સાથે મૂળકિંમતે માલ મોકલે છે. પરચૂરણ ખર્ચ સિવાયના બધા જ ખર્ચા મુખ્ય ઓફિસ ચૂકવે છે અને શાખા પાસેથી બધી જ રોકડ દરરોજ મેળવે છે.

શાખાને લગતી તા. ૩૧-૩-૯૭ના રોજ પૂરા થતા વર્ષની માહિતી નીચે મુજબ હતી.

| વિગત | ૩૧-૩-૧૯૯૬ ₹ | ૩૧-૩-૧૯૯૭ ₹ |
|---|---|---|
| સ્ટોક | ૫૦,૦૦૦ | ? |
| દેવાદારો | ૧૦,૦૦૦ | ૨૬,૦૦૦ |
| ફર્નિચર | ૫,૦૦૦ | ? |
| પેટા રોકડ | ૧,૦૦૦ | ૫૦૦ |
| પગાર ચૂકવવાનો બાકી | ૨,૦૦૦ | -- |
| **વર્ષ દરમિયાનના વ્યવહારો** | | |
| શાખાને મોકલાવેલ માલ | -- | ૧,૫૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | -- | ૨૦,૦૦૦ |
| પરચૂરણ ખર્ચ માટે મોકલાવેલ પેટા રોકડ | -- | ૧,૫૦૦ |
| દેવાદારોએ શાખને પરત કરેલ માલ | -- | ૧૦,૦૦૦ |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ (ઘાલખાધ પરતના ₹ ૧૦,૦૦૦ સહિત) | -- | ૧,૬૦,૦૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | -- | ૪,૦૦૦ |
| શાખાનું કુલ વેચાણ | -- | ૨,૧૦,૦૦૦ |
| **મુખ્ય ઓફિસે ચૂકવેલ ખર્ચા** | | |
| પગાર | -- | ૧૩,૦૦૦ |
| ભાડુ | -- | ૬,૦૦૦ |
| વીમા પ્રીમિયમ (તા. ૩૦-૬-૯૭ના રોજે પૂરા થતા વર્ષ માટે) | -- | ૩,૨૦૦ |

ફર્નિચર પર ૨૦ ટકા લેખે ઘસારાની જોગવાઈ કરવી.

મુખ્ય ઓફિસના ચોપડે શાખાનું ખાતું તથા તા. ૩૧-૩-૯૭ ના રોજ પૂરા થતા વર્ષનું શાખાનું વેપાર ખાતું તથા નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

(ગુ. યુ. એપ્રિલ, ૧૯૯૮ પર આધારીત)

**જવાબઃ** કાચો નફો ₹ ૪૦,૦૦૦; ચોખ્ખો નફો ₹ ૨૩,૬૦૦; શાખા ખાતાનો સરવાળો ₹ ૨,૬૩,૩૦૦; પગાર ₹ ૧૧,૦૦૦; વીમો ₹ ૨,૪૦૦; ફર્નિચરની આખર બાકી ₹ ૪,૦૦૦ અને ઘસારો ₹ ૧,૦૦૦

**૧૪.** અમીશા સ્ટોર્સ અમદાવાદની દિલ્હીમાં એક શાખા છે જે મૂળ કિંમત ઉપર ૨૫% નફો ચઢાવી માલ વેચવાની સૂચના સાથે મૂળ કિંમતે માલ મોકલે છે. પરચૂરણ ખર્ચ સિવાયના બધા ખર્ચા મુખ્ય ઓફિસ ચૂકવે છે અને શાખા પાસેથી બધી જ રોકડ દરરોજ મેળવે છે.

શાખાને લગતી તા. ૩૧-૩-૯૭ના રોજ પૂરા થતા વર્ષની માહિતી નીચે મુજબ હતી.

| **વિગત** | **૧-૪-૯૬** | **૩૧-૩-૯૭** |
|---|---|---|
| | ₹ | ₹ |
| સ્ટોક | ૫૦,૦૦૦ | ? |
| દેવાદારો | ? | ૮૦,૦૦૦ |
| પેટા રોકડ | ૫,૦૦૦ | ? |
| **વર્ષ દરમિયાનના વ્યવહારો** | | |
| શાખાને મોકલાવેલ માલ | | ૩,૦૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | | ૩૦,૦૦૦ |
| પરચૂરણ ખર્ચ માટે મોકલાવેલ પેટા-રોકડ | | ૫,૦૦૦ |
| શાખાને મોલકાવેલ ફર્નિચર (૧-૧૦-૯૬) | | ૧૦,૦૦૦ |
| રોકડ વેચાણ જે કુલ વેચાણના ૨૫% છે. | | ૧,૦૦,૦૦૦ |
| દેવાદારોએ શાખાને પરત કરેલ માલ | | ૨૦,૦૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | | ૧૦,૦૦૦ |
| પેટા રોકડ ખર્ચા | | ૬,૦૦૦ |
| શાખાએ જાહેરાત તરીકે આપેલ માલ | | ૫,૦૦૦ |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | | ૨,૫૦,૦૦૦ |
| **મુખ્ય ઓફિસે ચૂકવેલ ખર્ચા** | | |
| પગાર | | ૧૨,૦૦૦ |
| ભાડુ (તા.૧-૭-૯૬ના રોજ એક વર્ષ માટે ચૂકવેલ) | | ૮,૦૦૦ |
| વીમો | | ૬,૦૦૦ |

ફર્નિચર પર ૨૦% લેખે ઘસારો ગણવો.

મુખ્ય ઓફિસના ચોપડે દિલ્હી શાખાનું ખાતું તથા તા.૩૧-૩-૯૭ના રોજ પુરા થતા વર્ષનું શાખાનું વેપાર તથા નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

(ગુ.યુ. ઓકટોબર, ૧૯૯૮ પર આધારીત)

**જવાબ:** કાચો નફો ₹ ૭૬,૦૦૦; ચોખ્ખો નફો ₹ ૩૦,૦૦૦; શાખા ખાતાનો સરવાળો ₹ ૪,૮૬,૦૦૦; ફર્નિચરની આખર બાકી ₹ ૯,૦૦૦; ઘસારો ₹ ૧,૦૦૦.

**૧૫.** સુમુલ બ્રધર્સના ચોપડે તા. ૩૧-૩-૧૯૯૫ના રોજ પૂરા થતાં વર્ષનું તેની દેવમાલી શાખાનું ખાતું નીચે મુજબ હતુ. તે ઉપરથી શાખાનું વેપાર ખાતું, શાખાનું નફા-નુકશાન ખાતું અને શાખાનું પેટા રોકડ ખાતું બનાવો.

**ઉ.** **શાખાનું ખાતું** **જ.**

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા (તા. ૧-૪-૯૪) | | | શાખાએ પરત કરેલ માલ | | ૩૦,૦૦૦ |
| સ્ટોક | ૬૧,૨૦૦ | | રોકડ ખાતે: | | |
| રોકડ | ૩,૦૦૦ | | વેચાણ | ૪,૧૧,૦૦૦ | |
| પેટા રોકડ | ૧૨૦ | | અન્ય આવક | ૨,૭૦૦ | ૪,૧૩,૭૦૦ |
| ફર્નિચર | ૯,૦૦૦ | ૭૩,૩૨૦ | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| શાખાને મોકલેલ માલ | | ૩,૬૦,૦૦૦ | બાકી આગળ લઇ ગયા | | |
| રોકડ ખાતે (પેટા રોકડ) | | ૨૧૦ | (તા. ૩૧-૩-૯૫) | | |
| રોકડ ખાતે (ખર્ચા): | | | સ્ટોક | ૪૮,૦૦૦ | |
| મજૂરી | ૬૦૦ | | રોકડ | ૩,૦૦૦ | |
| પગાર | ૯,૦૦૦ | | પેટા રોકડ | ૬૦ | |
| ભાડુ | ૪,૫૦૦ | | ફર્નિચર | ૮,૨૫૦ | ૫૯,૩૧૦ |
| જાહેરાત | ૧,૨૦૦ | ૧૫,૩૦૦ | | | |
| સા. ન. નુ. ખાતે : નફો | | ૫૪,૧૮૦ | | | |
| | | ૫,૦૩,૦૧૦ | | | ૫,૦૩,૦૧૦ |

(ગુ.યુ. ઓકટોબર, ૧૯૯૫પર આધારીત)

**જવાબઃ** શાખાનો કાચો નફો ₹ ૬૭,૨૦૦; ચોખ્ખો નફો ₹ ૫૪,૧૮૦; પેટા રોકડ ખાતાનો સરવાળો ₹ ૩૩૦; નફા-નુકશાન ખાતાનો સરવાળો ₹ ૬૯,૯૦૦.

**૧૬.** અમદાવાદની આશનાની દિલ્હીમાં એક શાખા છે, જે મૂળ કિંમત ઉપર ૨૫% નફો ચઢાવી માલ વેચવાની સૂચના સાથે મૂળ કિંમતે માલ મોકલાવે છે. પરચૂરણ ખર્ચ સિવાયના બધા ખર્ચા મુખ્ય ઓફિસ ચૂકવે છે અને શાખા પાસેથી બધી જ રોકડ દરરોજ મેળવે છે.

શાખાને લગતી તા. ૩૧-૩-૯૯ના રોજ પૂરા થતાં વર્ષની માહિતી નીચે મુજબ હતી

| **વિગત** | **૧-૪-૧૯૯૮** | **૩૧-૩-૧૯૯૯** |
|---|---|---|
| | ₹ | ₹ |
| સ્ટોક | ૧,૦૦,૦૦૦ | ? |
| દેવાદારો | ૧,૨૦,૦૦૦ | ૧,૪૫,૦૦૦ |
| પેટા રોકડ | ૧,૦૦૦ | ૪,૦૦૦ |
| અગાઉથી ચૂકવેલ વીમો | ૧,૦૦૦ | ? |
| ફર્નિચર (મૂળ કિંમત ₹ ૩૦,૦૦૦) | ૨૦,૦૦૦ | ? |

| **વર્ષ દરમિયાનના વ્યવહારો** | ₹ |
|---|---|
| શાખાને મોકલાવેલ માલ | ૫,૦૦,૦૦૦ |
| મુખ્ય ઓફિસને પરત કરેલ માલ | ૫૦,૦૦૦ |
| શાખાને મોકલાવેલ ફર્નિચર (૦૧-૧૦-૯૮) | ૧૦,૦૦૦ |
| શાખાનું કુલ વેચાણ (ચોખ્ખું) | ૫,૦૦,૦૦૦ |
| દેવાદારોએ શાખાને પરત કરેલ માલ | ૨૦,૦૦૦ |
| દેવાદારોને આપેલ વટાવ | ૫,૦૦૦ |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ (ઘાલખાધ પરત ₹ ૫,૦૦૦ સહિત) | ૩,૦૦,૦૦૦ |
| પેટા રોકડ ના ખર્ચા | ૧૧,૦૦૦ |
| **મુખ્ય ઓફિસે ચૂકવેલ ખર્ચા** | |
| પગાર | ૧૮,૦૦૦ |
| મજૂરી | ૧૦,૦૦૦ |
| ભાડુ | ૧૦,૦૦૦ |
| વાર્ષિક વીમો (ચૂકવ્યા તા. ૧-૫-૯૯) | ૧૨,૦૦૦ |

ફર્નિચર ઉપર સીધી લીટીની પદ્ધતિએ વાર્ષિક ૨૦% લેખે ઘસારો ગણવો.

ઉપરની માહિતી પરથી મુખ્ય ઓફિસના ચોપડે દિલ્હી શાખાનું ખાતું તથા તા. ૩૧-૩-૯૯ના રોજ પૂરા થતા વર્ષનું દિલ્હી શાખાનું વેપાર તથા નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

(ગુ.યુ. એપ્રિલ, ૨૦૦૦ પર આધારીત)

**જવાબ:** દિલ્હી શાખા ખાતાનો નફો ₹ ૪૨,૦૦૦, શાખા વેપાર ખાતાનો કાચો નફો ₹ ૧,૦૦,૦૦૦, આખર સ્ટોક ₹ ૧,૬૦,૦૦૦, શાખાના દેવાદારોના ખાતાનો સરવાળો ₹ ૪,૬૫,૦૦૦, શાખાની પેટા રોકડ ખાતાનો સરવાળો ₹ ૧૫,૦૦૦, ફર્નિચર પર ઘસારો ₹ ૭,૦૦૦, ઉધાર વેચાણ ₹ ૩,૪૫,૦૦૦.

**૧૭.** અમદાવાદની સ્વીટીની મુંબઇમાં એક શાખા છે. જેને મૂળ કિંમત ઉપર ૨૫% નફો ચઢાવી માલ મોકલવામાં આવે છે. પરચૂરણ ખર્ચ સિવાયના બધા ખર્ચા મુખ્ય ઓફિસ ચૂકવે છે અને શાખા પાસેથી બધી જ રોકડ દરરોજ મેળવે છે.

શાખાને લગતી તા. ૩૧-૩-૧૯૯૯ ના રોજ પૂરા થતા વર્ષની માહિતી નીચે મુજબ હતી

| **વિગત** | **૧-૪-૧૯૯૮** | **૩૧-૩-૧૯૯૯** |
|---|---|---|
| | ₹ | ₹ |
| સ્ટોક (ભરતિયા કિંમતે) | ૫૦,૦૦૦ | ૬૦,૦૦૦ |
| દેવાદારો | ૮૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| પેટા રોકડ | ૧૦,૦૦૦ | ૮,૦૦૦ |
| ફર્નિચર | ૩૦,૦૦૦ | ? |
| **વર્ષ દરમિયાનના વ્યવહારો** | | ₹ |
| શાખાને મોકલાવેલ માલ (મૂળ કિંમતે) | | ૧,૦૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ (ભરતિયા કિંમતે) | | ૧૨,૫૦૦ |
| મોકલાવેલ પેટા રોકડ | | ૧૫,૦૦૦ |
| રોકડ વેચાણ | | ૧,૦૦,૦૦૦ |
| ઘાલખાધની વસૂલાત | | ૧૦,૦૦૦ |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | | ૧,૫૦,૦૦૦ |
| શાખાને મોકલાવેલ ફર્નિચર (૧-૧૦-૧૯૯૮) | | ૨૦,૦૦૦ |
| મુખ્ય ઓફિસે ચૂકવેલ ખર્ચાઃ | | |
| પગાર (તા. ૨૮-૦૨-૯૯ સુધી) | | ૨૨,૦૦૦ |
| મજૂરી | | ૧૦,૦૦૦ |
| વાર્ષિક વીમો (ચૂકવ્યા તા. ૧-૧૦-૧૯૯૮) | | ૧૦,૦૦૦ |

ફર્નિચર ઉપર વાર્ષિક ૨૦% લેખે ઘસારો ગણવો.

ઉપરોક્ત માહિતી ઉપરથી મુખ્ય ઓફિસના ચોપડે મુંબઇ શાખાનું ખાતું તથા તા. ૩૧-૩-૯૯ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર તથા નફા-નુકશાન ખાતુ તૈયાર કરો.

(ગુ.યુ. ઓકટોબર ૨૦૦૦ પર આધારીત)

**જવાબઃ** કાચો નફો ₹ ૧,૭૮,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૧,૩૪,૦૦૦, દેવાદારોના ખાતાનો સરવાળો ₹ ૨,૫૦,૦૦૦, પેટા રોકડ ખાતાનો સરવાળો ₹ ૨૫,૦૦૦, આખર સ્ટોક ₹ ૪૮,૦૦૦, ઘસારો ₹ ૮,૦૦૦, શાખા ખાતાનો સરવાળો ₹ ૫,૨૨,૫૦૦.

૧૮. અમદાવાદની આશના એન્ડ કંપનીની મુંબઇમાં એક સ્વતંત્ર શાખા છે. શાખાનું તા. ૩૧-૦૩-૨૦૦૧નું કાચુ સરવૈયુ નીચે મુજબ છે.

| વિગત | ઉધાર બાકી ₹ | જમા બાકી ₹ |
|---|---|---|
| માલનો શરૂઆતનો સ્ટોક | ૫૦,૦૦૦ | -- |
| મુખ્ય ઓફિસેથી મળેલ માલ | ૧,૫૦,૦૦૦ | -- |
| મુખ્ય ઓફિસને પરત કરેલ માલ | -- | ૨૦,૦૦૦ |
| મુખ્ય ઓફિસનું ખાતું | -- | ૧,૫૦,૦૦૦ |
| માલની ખરીદી અને વેચાણ | ૧,૫૦,૦૦૦ | ૩,૬૦,૦૦૦ |
| માલ પરત | ૨૦,૦૦૦ | ૧૦,૦૦૦ |
| નૂર-જકાત | ૧૦,૦૦૦ | -- |
| પગાર (તા.૨૮-૦૨-૨૦૦૧ સુધી) | ૨૨,૦૦૦ | -- |
| મજૂરી | ૮,૦૦૦ | -- |
| ઘાલખાધ અને ઘાલખાધ પરત | ૨,૦૦૦ | ૫,૦૦૦ |
| દેવાદારો અને લેણદારો | ૮૮,૦૦૦ | ૪૦,૦૦૦ |
| રોકડ અને બેંક | ૫,૦૦૦ | ૧૫,૦૦૦ |
| ૧૦% ની સરકારી જામીનગીરીઓ (દાર્શનિક કિંમત ₹ ૧,૦૦,૦૦૦ ખરીદ્યા તા. ૧-૧૦-૨૦૦૦) | ૯૫,૦૦૦ | -- |
| | **૬,૦૦,૦૦૦** | **૬,૦૦,૦૦૦** |

**વધારાની માહિતીઃ** (૧) આખરમાલના સ્ટોકની કિંમત ₹ ૬૦,૦૦૦. (૨) તા. ૨૫-૩-૨૦૦૧ના રોજ મુખ્ય ઓફિસ દ્વારા ₹ ૧૦,૦૦૦ નો માલ મોકલાવેલ જે શાખાને તા.૨-૪-૨૦૦૧ ના રોજ મળેલ છે. (૩) તા. ૨૯-૩-૨૦૦૧ના રોજ શાખાએ મુખ્ય ઓફિસને મોકલાવેલ રોકડ ₹ ૨૦,૦૦૦ મુખ્ય ઓફિસને તા.૩૧-૩-૨૦૦૧ સુધી મળેલ નથી. (૪) તા. ૧-૧૦-૨૦૦૦ ના રોજ મુખ્ય ઓફિસ દ્વારા ₹ ૬૦,૦૦૦ ની કિંમતનું ફર્નિચર મોકલવામાં આવેલ છે. ફર્નિચરનું ખાતું મુખ્ય ઓફિસના ચોપડે રાખવામાં આવે છે. ફર્નિચર ઉપર ૧૦% લેખે ઘસારો ગણવામાં આવે છે.

ઉપરોક્ત માહિતીના આધારે શાખાના વાર્ષિક હિસાબો તથા મુખ્ય ઓફિસનું ખાતું તૈયાર કરો.

(ગુ.યુ. એપ્રિલ ૨૦૦૧ પર આધારીત)

**જવાબઃ** કાચો નફો ₹ ૬૨,૦૦૦; ચોખ્ખો નફો ₹ ૪૩,૦૦૦, પાકા સરવૈયાનો સરવાળો ₹ ૨,૭૩,૦૦૦; માર્ગસ્થ રોકડ ₹ ૨૦,૦૦૦; ઘસારો ₹ ૩,૦૦૦; સરકારી જામીનગીરી પરનું વ્યાજ ₹ ૫,૦૦૦.

૧૯. રત્ન ટ્રેડર્સની સુરતમાં એક શાખા છે. મુખ્ય ઓફિસ શાખાને માત્ર રોકડેથી જ વેચાણ કરવાની શરતે મૂળકિંમતે જ માલ મોકલે છે. શાખાને મળતી રોકડ દરરોજ મુખ્ય ઓફિસને મોકલી આપવામાં આવે છે. મુખ્ય ઓફિસ પરચૂરણ ખર્ચ માટે શાખાને રોકડ મોકલે છે. પરચૂરણ ખર્ચ સિવાયના બધા જ ખર્ચા મુખ્ય ઓફિસ ચૂકવે છે.

તા. ૩૧-૩-૨૦૦૧ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાનના શાખા સાથેના વ્યવહારો નીચે મુજબ છે.

| **તા.૧-૪-૨૦૦૦ની બાકીઓ** | ₹ |
|---|---|
| સ્ટોક | ૫૦,૦૦૦ |
| પેટા રોકડ | ૧,૦૦૦ |
| ફર્નિચર | ૨૦,૦૦૦ |

| | |
|---|---|
| અગાઉથી ચૂકવેલ વીમો | ૧,૦૦૦ |
| પગાર ચૂકવવાનો બાકી | ૨,૦૦૦ |
| **વર્ષ દરમિયાનના વ્યવહારો** | ₹ |
| શાખાને મોકલાવેલ માલ | ૧,૫૦,૦૦૦ |
| શાખાને મોકલાવેલ પેટા રોકડ | ૨,૦૦૦ |
| મુખ્ય ઓફિસને પરત કરેલ માલ | ૨૦,૦૦૦ |
| રોકડ વેચાણ | ૨,૦૦,૦૦૦ |
| ચૂકવેલ મજૂરી (તા. ૩૧-૬-૨૦૦૧ના રોજ પૂરા થતા વર્ષ માટે) | ૫,૦૦૦ |
| પગાર ચૂકવ્યો દર મહિને ₹ ૨,૦૦૦ લેખે | ૨૪,૦૦૦ |
| કાચા નફાનો દર | 30% |
| તા. ૩૧-૩-૨૦૦૧ના રોજ પેટા રોકડ | ૧,૫૦૦ |

ફર્નિચર ઉપર વાર્ષિક ૧૦% લેખે ઘસારો ગણવો.

મુખ્ય ઓફિસના ચોપડે શાખાનું વેપાર, નફા-નુકશાન ખાતું તથા સુરત શાખાનું ખાતું તૈયાર કરો.

(ગુ.યુ. ઓક્ટોબર-૨૦૦૧ પર આધારીત)

**જવાબઃ** કાચો નફો ₹ ૬૦,૦૦૦; નફા-નુકશાન ખાતાનો ચોખ્ખો નફો ₹ ૩,૫૦૦; શાખા ખાતાનો સરવાળો ₹ ૨,૮૬,૫૦૦; પેટા રોકડના ખર્ચા ₹ ૧,૫૦૦; ફર્નિચરનો ઘસારો ₹ ૨,૦૦૦.

**૨૦.** વડોદરાના વિશાલ ટ્રેડર્સની નડિયાદમાં એક સ્વતંત્ર શાખા છે. આ શાખાનું તા. ૩૧-૩-૨૦૦૨ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે

| **વિગત** | **ઉધાર બાકી ₹** | **જમા બાકી ₹** |
|---|---|---|
| મુખ્ય ઓફિસનું ખાતું | -- | ૩૮,૦૦૦ |
| માલનો સ્ટોક (તા.૧-૪-૨૦૦૧) | 30,000 | -- |
| મુખ્ય ઓફિસથી મળેલ માલ | ૬૦,૦૦૦ | -- |
| મુખ્ય ઓફિસને પરત માલ | -- | ૫,૦૦૦ |
| માલની ખરીદી અને વેચાણ | ૧,૨૫,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| ખરીદ પરત અને વેચાણ પરત | ૫,૦૦૦ | ૧૦,૦૦૦ |
| દેવાદારો અને લેણદારો | ૩૫,૦૦૦ | 30,000 |
| રોકડ અને બેંક બાકી | ૧૬,૦૦૦ | ૧૫,૦૦૦ |
| ૧૨%ના રોકાણો (તા.૧-૧-૨૦૦૨) | ૧૦,૦૦૦ | -- |
| ઘાલખાધ અને ઘાલખાધ પરત | ૧,૦૦૦ | ૬૦૦ |
| વટાવ | ૨,૦૦૦ | ૧,૪૦૦ |
| નૂર અને ગાડા ભાડુ | ૧,૫૦૦ | --- |
| મજૂરી | ૨,૫૦૦ | -- |
| પગાર | ૧૨,૦૦૦ | -- |
| | **3,00,000** | **3,00,000** |

**વધારાની માહિતીઃ**

(૧) તા. ૩૧-૩-૨૦૦૨ના રોજ માલના સ્ટોકની કિંમત ₹ ૪૦,૦૦૦ આંકવામાં આવી હતી.

(૨) તા. ૩૧-૩-૨૦૦૨ના રોજ ₹ ૧,૦૦૦ મજૂરીના ચૂકવવાના બાકી હતા.

(૩) તા. ૨૯-૩-૨૦૦૨ના રોજ મુખ્ય ઓફિસે શાખાને મોકલેલ ₹ ૫,૦૦૦નો માલ શાખાને તા.૩-૪-૨૦૦૨ના રોજ મળ્યો હતો.

(૪) તા. ૩૦-૩-૨૦૦૨ના રોજ શાખાએ મુખ્ય ઓફિસને મોકલેલ ₹ ૧૫,૦૦૦ની રોકડ મુખ્ય ઓફિસને તા. ૩૧-૩-૨૦૦૨ સુધી મળી ન હતી.

(૫) મુખ્ય ઓફિસના ચોપડે શાખાના ફર્નિચરની બાકી ₹ ૧૦,૦૦૦ ની હતી. જેના પર વાર્ષિક ૧૦% લેખે ઘસારો માંડી વાળવાનો છે.

**ઉપરની માહિતી પરથી તૈયાર કરોઃ**

(અ) નડિયાદ શાખાના ચોપડેઃ (૧) વેપાર ખાતું (૨) નફા-નુકશાન ખાતું (૩) મુખ્ય ઓફિસનું ખાતું

(૪) તા. ૩૧-૩-૨૦૦૨ના રોજનું પાકુ સરવૈયુ તેમજ

(બ) વડોદરા મુખ્ય ઓફિસના ચોપડે-નડિયાદ શાખાનું ખાતું

(ગુ.યુ. ઓકટો. ૨૦૦૨ પર આધારીત)

**જવાબઃ** કાચો નફો ₹ ૩૦,૦૦૦; ચોખ્ખો નફો ₹ ૧૬,૦૦૦; પાકા સરવૈયાનો સરવાળો ₹ ૧,૧૬,૦૦૦; માર્ગસ્થ માલ ₹ ૫,૦૦૦, ઘસારો ₹ ૧,૦૦૦.

**૨૧.** અમદાવાદની મિનલ ટ્રેડર્સ તેની સુરત શાખાને, મૂળ કિંમત પર ૨૫% નફો ચઢાવીને વેચવાની સૂચના સાથે, મૂળકિંમતે માલ મોકલે છે. શાખા રોકડ અને ઉધાર વેચાણ કરે છે અને મેળવેલ તમામ રોકડ બેંક ઓવરડ્રાફ્ટ દ્વારા મુખ્ય ઓફિસને મોકલી આપે છે. શાખાના બધા જ ખર્ચા મુખ્ય ઓફિસ ચૂકવે છે. પરંતુ પરચૂરણ ચૂકવણી માટે મુખ્ય ઓફિસ દર મહિનાની શરૂઆતમાં ₹ ૨૦૦ પેટા રોકડ શાખાને મોકલે છે.

શાખાને લગતી ૩૧ માર્ચ, ૨૦૦૨ ના રોજ પૂરા થતા વર્ષની નીચેની માહિતી પ્રાપ્ય છે.

| | |
|---|---|
| **તા. ૧-૪-૨૦૦૧ના રોજ બાકીઓ** | ₹ |
| ફર્નિચર (પડતર કિંમત ₹ ૨૫,૦૦૦) | ૧૫,૦૦૦ |
| માલનો સ્ટોક | ૩૦,૦૦૦ |
| દેવાદારો | ૨૦,૦૦૦ |
| પેટા રોકડ | ૬૦૦ |
| ચૂકવવાનું બાકી ભાડુ | ૩૦૦ |
| અગાઉથી ચૂકવેલ પગાર | ૧,૦૦૦ |
| **વર્ષ દરમિયાનના વ્યવહારો** | |
| શાખાને મોકલેલ માલ | ૧,૯૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | ૧૦,૦૦૦ |
| દેવાદારોએ શાખાને પરત કરેલ માલ | ૪,૦૦૦ |
| રોકડ વેચાણ | ૧,૭૦,૦૦૦ |
| ભાડુ અને વેરા | ૬,૦૦૦ |
| પગાર | ૧૬,૦૦૦ |
| પરચૂરણ ખર્ચા | ૨,૫૦૦ |
| વીમો (તા.૩૧-૭-૨૦૦૨ના રોજ પૂરા થતા વર્ષ માટે) | ૧,૫૦૦ |
| ઘાલખાધ | ૨,૦૦૦ |
| દેવાદારો પાસેથી મળેલ રકમ (ઘાલખાધ પરત ₹ ૧,૦૦૦ સહિત) | ૬૫,૦૦૦ |
| કુલ વેચાણ | ૨,૬૦,૦૦૦ |

| | |
|---|---|
| દેવાદારોને આપેલ વટાવ | ૬,૦૦૦ |
| શાખાને મોકલેલ ફર્નિચર (તા. ૧-૧૦-૨૦૦૧ના રોજ) | ૧૫,૦૦૦ |

ફર્નિચર પર સીધી લીટીની પદ્ધતિએ વાર્ષિક ૧૦% લેખે ઘસારો માંડીવાળવાનો છે. જાહેરાત ખર્ચના ₹ ૧,૨૫૦ હજુ ચુકવવાના બાકી છે. શાખાએ મુખ્ય ઓફિસની સૂચના પ્રમાણે જ માલનું વેચાણ કરેલ છે.

મુખ્ય ઓફિસના ચોપડે (૧) શાખા ખાતું (૨) શાખાનું વેપાર અને નફા-નુકશાન ખાતું (૩) શાખાનું પેટા રોકડ ખાતું અને (૪) શાખાના દેવાદારોનું ખાતું તૈયાર કરો.

(ગુજ.યુનિ. એપ્રિલ, ૨૦૦૩ પર આધારીત)

**જવાબઃ** શાખાનો નફો ₹ ૧૩,૫૦૦, કાચો નફો ₹ ૫૧,૨૦૦, ચોખ્ખો નફો ₹ ૧૩,૫૦૦, છેવટના દેવાદારો ₹ ૩૪,૦૦૦, આખરની પેટા રોકડ ₹ ૫૦૦, આખરનો સ્ટોક ₹ ૫,૨૦૦, ફર્નિચરનો ઘસારો ₹ ૩,૨૫૦ (₹ ૨,૫૦૦+ ₹ ૭૫૦)

**૨૨.** સેલ્સ ઈન્ડિયા, અમદાવાદની એક શાખા બરોડામાં છે. મુખ્ય ઓફિસ શાખાને મૂળકિંમત પર $33\frac{1}{3}\%$ નફો ચઢાવી માલ મોકલે છે. શાખા રોકડ તેમજ ઉધાર વેચાણ કરે છે, અને બધી જ રોકડ મુખ્ય ઓફિસને બેંક ઓવરડ્રાફ્ટથી મોકલી આપે છે. પરચૂરણ ખર્ચ માટે મુખ્ય ઓફિસ પેટા રોકડ મોકલે છે. મુખ્ય ઓફિસના ચોપડામાંથી ૩૧-૩-૦૩ના રોજ પૂરા થતા વર્ષની નાચેની માહિતી મળેલી છે.

| વિગત | તા.૧-૪-૨૦૦૨ | તા.૩૧-૩-૨૦૦૩ |
|---|---|---|
| | ₹ | ₹ |
| સ્ટોક ભરતિયા કિંમતે | ૨૪,૦૦૦ | ૭૨,૦૦૦ |
| દેવાદારો | ૧,૨૦,૦૦૦ | ? |
| પેટા રોકડ | ૧,૦૦૦ | ? |
| ફર્નિચર | ૬૦,૦૦૦ | ? |
| અગાઉથી ચૂકવેલ વીમો | ૮૦૦ | ૬૦૦ |
| બાકી પગાર | ૧,૨૦૦ | ૧,૬૦૦ |

| **વર્ષ દરમિયાનના વ્યવહારો** | ₹ |
|---|---|
| શાખાને મોકલેલ માલ | ૪,૦૦,૦૦૦ |
| શાખાએ પરત કરેલ માલ | ૪૦,૦૦૦ |
| શાખાને મોકલેલ ફર્નિચર (૧-૧૦-૨૦૦૨) | ૨૦,૦૦૦ |
| ગ્રાહકોએ પરત કરેલ માલ | ૪,૦૦૦ |
| દેવાદારો તરફથી મળેલ રોકડ | ૨,૦૨,૦૦૦ |
| (₹ ૨,૦૦૦ ઘાલખાધ પરત સાથે) | |
| આપેલ વટાવ | ૧,૦૦૦ |
| ઘાલખાધ | ૬૦૦ |
| રોકડ વેચાણ | ૭૦,૦૦૦ |
| ઉધાર વેચાણ | ૨,૪૫,૬૦૦ |
| મોકલેલ પેટા રોકડ | ૩,૦૦૦ |
| પગાર | ૧૫,૦૦૦ |
| વીમા પ્રીમીયમ | ૧૮,૦૦૦ |
| પરચૂરણ ખર્ચા | ૨,૦૦૦ |

ફર્નિચર પર વાર્ષિક ૧૦% ઘસારો ગણવાનો છે. ઉપરની માહિતી પરથી દેવાદારોનું ખાતું, પેટા રોકડ ખાતું અને શાખા ખાતું - મુખ્ય ઓફિસના ચોપડે તૈયાર કરો.

(ગુ.યુ., એપ્રિલ, ૨૦૦૪ પર આધારીત)

**જવાબઃ** શાખા ખાતાનો નફો ₹ ૩૫,૪૦૦, શાખા ખાતાનો સરવાળો ₹ ૭,૨૬,૮૦૦, દેવાદારોની બાકી ₹ ૧,૬૦,૦૦૦, પેટા રોકડની બાકી ₹ ૨૦,૦૦૦.

**૨૩.** મુખ્ય ઓફિસ, શાખાને ભરતિયા કિંમતે માલ મોકલે છે. જે પડતર કિંમત પર ૨૦% ચઢાવીને નક્કી કરેલ છે. મુખ્ય ઓફિસના ચોપડામાં તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૫ ના રોજ પૂરા થતાં વર્ષનું શાખા ખાતું નીચે મુજબ છે.

ઉ. **શાખા ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બાકી આગલ લાવ્યાઃ | | શાખાના સ્ટોક અનામત ખાતે | |
| સ્ટોક ૧,૨૦,૦૦૦ | | (તફાવત) | ૨૦,૦૦૦ |
| પેટા રોકડ ૨,૦૦૦ | | શાખાને મોકલેલ માલ ખાતે | |
| દેવાદારો ૧,૩૦,૦૦૦ | | (તફાવત) | ૧,૮૦,૦૦૦ |
| કમ્પ્યુટર ૫૦,૦૦૦ | ૩,૦૨,૦૦૦ | શાખાને મોકલેલ માલ (પરત) ખાતે | ૧૨,૦૦૦ |
| શાખાને મોકલેલ માલ ખાતે | ૧૦,૮૦,૦૦૦ | રોકડ અને બેંક ખાતેઃ | |
| બેંક ખાતેઃ | | રોકડ વેચાણ ૭,૦૮,૦૦૦ | |
| મજૂરી અને પગાર ૬૦,૦૦૦ | | ઉઘરાણી ૪,૮૦,૦૦૦ | |
| ભાડુ અને વેરા ૩૦,૦૦૦ | | ઘાલખાધ પરત ૫,૦૦૦ | ૧૧,૯૩,૦૦૦ |
| જાહેરાત ૧૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | બાકી આગળ લઈ ગયાઃ | |
| શાખાને મોકલેલ માલ પરત ખાતે | | સ્ટોક ૨,૪૦,૦૦૦ | |
| (તફાવત) | ૨,૦૦૦ | પેટા રોકડ ૧,૦૦૦ | |
| રોકડ ખાતેઃ | | દેવાદારો ૨,૦૦,૦૦૦ | |
| શાખાને મોકલેલ પેટા રોકડ | ૩,૦૦૦ | કમ્પ્યુટર : બાદ ઘસારો ૪૭,૫૦૦ | ૪,૮૮,૫૦૦ |
| શાખાના સ્ટોક અનામત ખાતે | ૪,૦૦૦ | | |
| (તફાવત) | | | |
| ચોખ્ખો નફો (ન.નુ. ખાતે) | ૩,૬૬,૫૦૦ | | |
| | ૧૮,૯૩,૫૦૦ | | ૧૮,૯૩,૫૦૦ |

**વધારાની માહિતીઃ**

(૧) શાખાના દેવાદારોને ₹ ૧૦,૦૦૦નો માલ પરત કર્યો છે. (૨) શાખાના દેવાદારો પૈકી ₹ ૫,૦૦૦ ઘાલખાધ તરીકે માડી વાળેલ છે અને ₹ ૩,૦૦૦ વટાવના કાપી આપ્યા છે. (૩) શાખાના દેવાદારો ખાતે ₹ ૧૦,૦૦૦ વ્યાજના ચઢાવેલ છે. મુખ્ય ઓફિસના ચોપડે શાખાનું વેપાર ખાતુ તથા નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

(ગુ.યુ. એપ્રિલ, ૨૦૦૬ પર આધારીત)

**જવાબઃ** શાખાના વેપાર ખાતાનો કાચો નફો ₹ ૪,૦૬,૦૦૦, વેપાર ખાતાનો સરવાળો ₹ ૧૪,૫૬,૦૦૦, શાખાના નફા-નુકશાન ખાતાનો ચોખ્ખો નફો ₹ ૩,૬૬,૫૦૦, નફા-નુકશાન ખાતાનો સરવાળો ₹ ૪,૨૧,૦૦૦, ઉધાર વેચાણ ₹ ૫,૫૮,૦૦૦, પરચૂરણ ખર્ચા ₹ ૪,૦૦૦, આખર સ્ટોક ₹ ૨,૦૦,૦૦૦, કમ્પ્યુચરનો ઘસારો ₹ ૨,૫૦૦.

**૨૪.** અમદાવાદની મુખ્ય ઓફિસને નડિયાદમાં એક શાખા છે, જેને વેચાણ કિંમત (ભરતિયા કિંમત) પર ૨૫% નફો ચઢાવીને માલ મોકલે છે. પરચૂરણ ખર્ચ સિવાયના સઘળા ખર્ચા મુખ્ય ઓફિસ ચૂકવે છે. શાખા અનામત પેટા રોકડ પધ્ધતિએ રોકડ રાખે છે અને શાખા પાસેથી બધી જ રોકડ રોજ-રોજ મેળવે છે.

નડિયાદ શાખાને લગતી તા.૩૧મી માર્ચ ૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષની માહિતી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| (૧) વિગત (બાકીઓ) | તા.૧-૪-૨૦૧૮ | તા.૩૧-૩-૨૦૧૯ |
| | ₹ | ₹ |
| શાખા પાસે સ્ટોક (વેચાણ કિંમતે) | ૧૬,૦૦૦ | ૧૨,૦૦૦ |
| પેટા રોકડ | ૫૦૦ | ? |
| દેવાદારો | ૧૦,૦૦૦ | ૧૪,૦૦૦ |
| ફર્નિચર | ? | ૮,૫૦૦ |
| અગાઉથી ચૂકવેલ ભાડુ | ૪૫૦ | ? |
| ચૂકવવાના બાકી ખર્ચા | ૩૫૦ | -- |
| (૨) વર્ષ દરમિયાનના વ્યવહારો | | ₹ |
| શાખાને મોકલાવેલ માલ | | ૧,૨૦,૦૦૦ |
| શાખાને મોકલેલ પેટા રોકડ | | ૩૫૦ |
| શાખાએ પરત કરેલ માલ | | ૬,૦૦૦ |
| ગ્રાહકોએ પરત કરેલ માલ | | ૩,૦૦૦ |
| ગ્રાહકો પાસેથી મળેલ રોકડ (જેમાં ગયા વર્ષે માંડી વાળેલ ઘાલખાધના ₹ ૧,૦૦૦ સમાયેલા છે.) | | ૫૦,૦૦૦ |
| માંડી વાળેલી ઘાલખાધ | | ૪,૦૦૦ |
| ગ્રાહકોને મંજૂર વટાવ | | ૪૫૦ |
| ગ્રાહકોને નામંજૂર વટાવ | | ૧૦૦ |
| કુલ વેચાણ | | ૧,૫૮,૦૦૦ |
| (૩) મુખ્ય ઓફિસે ચૂકવેલ ખર્ચા | | |
| એક વર્ષનું ભાડુ (૧-૭-૨૦૧૮ એ ચૂકવ્યુ) | | ૨,૭૦૦ |
| પગાર (૨૮-૨-૨૦૧૯ સુધીનો ચૂકવ્યો) | | ૩,૩૦૦ |
| વીમો (૩૦-૬-૨૦૧૯ સુધીનો) | | ૫૪૦ |
| મજૂરી | | ૧૫૦ |
| અન્ય ખર્ચા માટે | | ૩૫૦ |
| (૪) શાખાએ ચૂકવેલ ખર્ચા | | |
| પરચૂરણ ખર્ચા | | ૨૭૦ |

(૫) ફર્નિચર પર ૧૫% લેખે ઘસારો સીધી લીટીની રીતે ગણાય છે.

ઉપરની માહિતી પરથી મુખ્ય ઓફિસના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરો.

(ગુ.યુનિ., એફ.વાય., માર્ચ,૨૦૦૭ પર આધારીત)

**જવાબઃ** શાખાનો નફો ₹ ૫૪,૭૫૦; કાચો નફો ₹ ૬૬,૩૫૦; ચોખ્ખો નફો ₹ ૫૪,૭૫૦; ફર્નિચરની શરૂઆતની બાકી ₹ ૧૦,૦૦૦; ઉધાર વેચાણ ₹ ૬૦,૩૫૦; આખરની પેટા રોકડ ₹ ૫૮૦; ફર્નિચરનો ઘસારો ₹ ૧,૫૦૦; ભાડુ ₹ ૨,૪૭૫ (૨,૭૦૦ + ૪૫૦ – ૬૭૫); અગાઉથી ચૂકવેલ ભાડું ₹ ૬૭૫ (૨,૭૦૦ × ૩/૧૨); પગાર ₹ ૩,૬૦૦ (૩,૩૦૦ + ડિસેમ્બરના ચૂકવવાનો બાકી ૩૦૦); વીમો ₹ ૪૦૫ (૫૪૦ –

અગાઉથી ચૂકવેલ ૧૩૫); અગાઉથી ચૂકવેલ વીમો ₹ ૧૩૫ (૫૪૦ × ૩/૧૨); રોકડ વેચાણ ₹ ૯૭,૬૫૦, શાખા ખાતાનો સરવાળો ₹ ૨,૨૩,૮૯૦.

**૨૫.** "પારસ ટ્રેડર્સ" અમદાવાદની રાજકોટમાં એક શાખા છે. મુખ્ય ઓફિસ શાખાને મૂળકિંમત પર ૨૫% ચઢાવીને વેચવાની સૂચના સાથે મૂળકિંમતે માલ મોકલે છે. શાખા રોકડ તેમજ ઉધાર વેચાણ કરે છે. શાખાના પરચૂરણ ખર્ચા સિવાયના તમામ ખર્ચા મુખ્ય ઓફિસ ચૂકવે છે. પરચૂરણ ખર્ચા માટે મુખ્ય ઓફિસ શાખાને પેટા-રોકડ મોકલે છે. શાખાએ બધી જ રોકડ મુખ્ય ઓફિસને મોકલી આપવાની છે.

રાજકોટ શાખાની તા.૩૧-૩-૨૦૧૦ના રોજ પૂરા થતા વર્ષની માહિતી નીચે મુજબ છે.

(૧) તા. ૧-૪-૨૦૦૯ની બાકીઓ

| | |
|---|---|
| દેવાદારો | ₹ ૨૦,૦૦૦ |
| ફર્નિચર | ₹ ૧૫,૦૦૦ |
| પેટા-રોકડ | ₹ ૧,૦૦૦ |

| (૨) ૨૦૦૯—૧૦ ના વર્ષ દરમિયાનના વ્યવહારો | | ₹ |
|---|---|---|
| મુખ્ય ઓફિસે શાખાને મોકલેલ માલ | | ૫,૫૦,૦૦૦ |
| શાખાએ મુખ્ય ઓફિસને પરત કરેલ માલ | | ૨૫,૦૦૦ |
| શાખાએ કરેલ રોકડ વેચાણ | | ૨,૦૦,૦૦૦ |
| દેવાદારોએ શાખાને પરત કરેલ માલ | | ૨૫,૦૦૦ |
| શાખાના ખર્ચાઃ | | |
| ભાડુ અને વેરા | ₹ ૧૦,૦૦૦ | |
| ઓફિસ ખર્ચા | ₹ ૧૫,૦૦૦ | |
| પગાર | ₹ ૩૦,૦૦૦ | ૫૫,૦૦૦ |
| દેવાદારો પાસેથી મળેલી રોકડ | | ૩,૭૫,૦૦૦ |
| ઘાલખાધ | | ૧૫,૦૦૦ |
| મુખ્ય ઓફિસે શાખાને આપેલ પેટા રોકડ | | ૪,૦૦૦ |
| મુખ્ય ઓફિસે શાખાને મોકલેલ ફર્નિચર (૧-૧૦-૨૦૦૯) | | ૩૦,૦૦૦ |
| કુલ વેચાણ | | ૬,૫૦,૦૦૦ |

(૩) તા. ૩૧-૩-૨૦૧૦ ની બાકીઓ

| | |
|---|---|
| પેટા રોકડ | ₹ ૫૦૦ |
| સ્ટોક | ₹ ૭૫,૦૦૦ |

(૪) ફર્નિચર પર વાર્ષિક ૧૦% લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ ઘસારો ગણવાનો છે. શાખાએ મુખ્ય ઓફિસની સૂચના પ્રમાણે માલનું વેચાણ કરેલ છે.

ઉપરની માહિતી પરથી મુખ્ય ઓફિસના ચોપડામાં તૈયાર કરોઃ

(અ) રાજકોટ શાખાનું ખાતું (૨) રાજકોટ શાખાનું વેપાર તથા નફા-નુકશાન ખાતું

(જરૂરી બધી ગણતરી જવાબના ભાગરૂપે જ દર્શાવવાની છે.)

(ગુ.યુનિ. એફ.વાય., માર્ચ ૨૦૦૮ પર આધારીત)

**જવાબઃ** શાખાનો નફો ₹ ૪૭,૫૦૦, કાચો નફો ₹ ૧,૨૫,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૪૭,૫૦૦, શરૂઆતનો સ્ટોક ₹ ૫૦,૦૦૦, દેવાદારોની આખરની બાકી ₹ ૫૫,૦૦૦, પરચૂરણ ખર્ચા ₹ ૪,૫૦૦, ફર્નિચર પર ઘસારો ₹ ૩,૦૦૦, શાખા ખાતાનો સરવાળો ₹ ૭,૭૨,૫૦૦.

**૨૬.** અમદાવાદના આશિષની વડોદરામાં એક શાખા છે. મુખ્ય ઓફિસ શાખાને મૂળકિંમત પર ૨૫% નફો ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે. શાખા રોકડ તેમજ ઉધાર વેચાણ કરે છે. શાખાના તમામ ખર્ચાઓ મુખ્ય ઓફિસેથી ચૂકવાય છે. પરચૂરણ ખર્ચા માટે મુખ્ય ઓફિસ શાખાને પેટા રોકડ મોકલી આપે છે. શાખા મળેલ રોકડ મુખ્ય ઓફિસના બેંક ખાતામાં જમા કરાવી દે છે.

| (૧) વિગત | તા.૧-૪-૨૦૧૮ ₹ | તા.૩૧-૩-૨૦૧૯ ₹ |
|---|---|---|
| માલનો સ્ટૉક (ભ. કિં.) | ૨,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| દેવાદારો | ૧,૦૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| લેણી હૂંડી | -- | ૩૦,૦૦૦ |
| પેટા રોકડ | ૧,૦૦૦ | ૪૦૦ |
| ફર્નિચર | ૬૦,૦૦૦ | ? |
| અગાઉથી ચૂકવેલ વીમો | ૧,૦૦૦ | ૧,૪૦૦ |
| બાકી પગાર | ૨,૦૦૦ | ૨,૦૦૦ |

| (૨) વર્ષ દરમિયાનના વ્યવહારો | ₹ |
|---|---|
| (૧) શાખાને મોકલેલ માલ (ભરતિયા કિંમતે) | ૪,૦૦,૦૦૦ |
| (૨) શાખાને મોકલેલ ફર્નિચર (૧-૧૦-૨૦૧૮) | ૨૦,૦૦૦ |
| (૩) શાખાને મોકલેલ પેટા રોકડ | ૧,૪૦૦ |
| (૪) શાખાએ પરત કરેલ માલ (ભ.કિં.) | ૨૦,૦૦૦ |
| (૫) રોકડ વેચાણ | ૨,૬૦,૦૦૦ |
| (૬) કુલ વેચાણ | ૬,૦૦,૦૦૦ |
| (૭) દેવાદારોને આપેલ વટાવ | ૮,૦૦૦ |
| (૮) ઘાલખાધ | ૨,૦૦૦ |
| (૯) દેવાદારોએ પરત કરેલ માલ | ૬,૦૦૦ |
| (૧૦) દેવાદારોને નામંજૂર કરેલ વટાવ | ૨,૦૦૦ |
| (૧૧) ઘાલખાધ પરત | ૩,૦૦૦ |
| (૧૨) દેવાદારો પાસેથી મળેલી લેણી હૂંડી | ૫૦,૦૦૦ |
| (૧૩) આગથી નાશ પામેલ માલ (ભ.કિં.) | ૧૦,૦૦૦ |
| (વીમા કંપની એ ૫૦% દાવો સ્વીકાર્યો) | |

| (૧૪) | ખર્ચાઓ | મુ. ઓ. થી મળેલ રોકડ ₹ | શાખાએ ચૂકવેલ રોકડ ₹ |
|---|---|---|---|
| | ગાડી ભાડું, મજૂરી | ૧૦,૦૦૦ | ૭,૦૦૦ |
| | પગાર | ૨૪,૦૦૦ | ૨૦,૦૦૦ |
| | ભાડું-વેરો | ૧૨,૦૦૦ | ૧૦,૦૦૦ |
| | વીમો | ૨,૪૦૦ | ૨,૪૦૦ |

નીચે દર્શાવેલી માહિતી પરથી મુખ્ય ઓફિસના ચોપડામાં તા. ૩૧-૩-૨૦૧૯ના રોજ પૂરા થતા વર્ષ માટે શાખા ખાતું, શાખાનું વેપાર ખાતું અને નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

ફર્નિચર પર વાર્ષિક ૧૦% ઘસારો ગણવાનો છે.

**જવાબ:** શાખાનો નફો ₹ ૧,૬૧,૦૦૦, કાચો નફો ₹ ૨,૧૧,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૧,૬૧,૦૦૦, દેવાદારો પાસેથી મળેલ રોકડ ₹ ૨,૯૬,૦૦૦, લેણીહૂંડી ના મળ્યા ૨૦,૦૦૦ (લેણી હૂંડીઓ મળી ૫૦,૦૦૦–આખરની બાકી ૩૦,૦૦૦), ફર્નિચર પર ઘસારો ₹ ૮,૦૦૦ ૭,૦૦૦ (૬,૦૦૦+૧,૦૦૦) આગથી નાશ પામેલ માલ તેની મૂ.કિં. દર્શાવાય, મૂળ કિંમત પૈકી ૫૦% = ₹ ૪,૦૦૦ વીમા કંપની પાસે લેણાં શાખા ખાતાની જમા બાજુએ દર્શાવાશે, નુકશાન ₹ ૪,૦૦૦ નફા-નુકશાન ખાતે ઉધારાશે અને નાશ પામેલ માલની મૂ.કિં. ₹ ૮,૦૦૦ વેપાર ખાતે જમા બાજુએ દર્શાવાશે. શાખા ખાતાનો સરવાળો ₹ ૧૦,૧૮,૮૦૦.

**૨૭.** ગણેશ ટ્રેડિંગ કંપનીની એક શાખા ભાવનગર ખાતે છે. મુખ્ય ઓફિસ શાખાને પડતર વત્તા ૨૫% લેખે માલ મોકલે છે. શાખાના બધા જ ખર્ચા મુખ્ય ઓફિસેથી ચૂકવાય છે. સિવાય કે પરચૂરણ ખર્ચ કે જે માટે પેટા રોકડ સિલક ₹ ૨૦૦ લેખે કાયમ માટે જાળવી રાખવામાં આવે છે તેમાંથી ચૂકવાય છે.

| | ₹ |
|---|---|
| સ્ટોક તા. ૧-૪-૨૦૧૮ ના રોજ | ૫,૦૦૦ |
| દેવાદારો તા.૧-૪-૨૦૧૮ ના રોજ | ૩,૦૦૦ |
| પેટા રોકડ તા.૧-૪-૨૦૧૮ ના રોજ | ૨૦૦ |
| ફર્નિચર તા. ૧-૪-૨૦૧૮ ના રોજ | ૬,૦૦૦ |
| શાખાને ભરતિયા કિંમતે મોકલેલ માલ | ૨૦,૦૦૦ |
| દેવાદારોએ પરત કરેલ માલ | ૧,૦૦૦ |
| ગ્રાહકોને આપેલ વટાવ | ૧૦૦ |
| લખી વાળેલા ઘાલખાધ | ૫૦ |
| રોકડ વેચાણ | ૩,૦૦૦ |
| ઉધાર વેચાણ | ૧૫,૦૦૦ |
| શાખાના ખર્ચા | |
| પગાર | ૧,૨૦૦ |
| ભાડું (નવ માસ માટે) | ૯૦૦ |
| શાખા મેનેજરે ચૂકવેલ પરચૂરણ ખર્ચા | ૧૭૫ |
| શાખા મેનેજરે ખરીદેલ ફર્નિચર (તા.૧-૧-૨૦૧૯) | ૩,૦૦૦ |
| મુખ્ય ઓફિસને ચૂકવેલ રોકડ | ૧૬,૦૦૦ |
| સ્ટોક તા.૩૧-૩-૨૦૧૯ના રોજ | ૩,૦૦૦ |
| દેવાદારો પાસેથી વસૂલ કરેલ રોકડ | ૧૬,૦૦૦ |

ફર્નિચર પર ૧૦% ઘસારો માંડી વાળો.

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષ માટે મુખ્ય ઓફિસના ચોપડે ભાવનગર શાખા ખાતું, શાખાનું વેપાર ખાતું અને શાખાનું નફા-નુકશાન ખાતું તૈયાર કરો.

(ગુ.યુ., એફ.વાય., માર્ચ, ૨૦૧૦ પર આધારીત)

**જવાબ:** શાખાની ખોટ ₹ ૪,૦૦૦, કાચી ખોટ ₹ ૬૦૦, ચોખ્ખી ખોટ ₹ ૪,૦૦૦, ફર્નિચર પર ઘસારો ₹ ૬૭૫ (૬૦૦+૭૫), છેવટના દેવાદારો ₹ ૮૫૦, મુખ્ય ઓફિસેથી મળેલ પેટા રોકડ ₹ ૧૭૫.

**૨૮.** અમદાવાદના તિરૂપતિ ટ્રેડર્સની ભાવનગરમાં એક સ્વતંત્ર શાખા છે. આ શાખાનું તા.૩૧-૩-૨૦૧૧ના રોજનું કાચું સરવૈયું નીચે પ્રમાણે છેઃ

| ઉધાર બાકી | ₹ | જમા બાકી | ₹ |
|---|---|---|---|
| દેવાદારો | ૧૫,૦૦૦ | મુખ્ય ઓફિસનું ખાતું | ૨૦,૦૦૦ |
| સ્ટોક (તા.૧-૪-૨૦૧૦) | ૮,૦૦૦ | લેણદારો | ૧૪,૦૦૦ |
| ખરીદી | ૪૦,૦૦૦ | વેચાણ | ૬૪,૦૦૦ |
| ભાડું | ૬,૦૦૦ | | |
| પગાર | ૭,૦૦૦ | | |
| ઓફિસ ખર્ચ | ૪,૦૦૦ | | |
| બેંક સિલક | ૩,૦૦૦ | | |
| સ્થિર મિલકતો | ૧૫,૦૦૦ | | |
| | ૯૮,૦૦૦ | | ૯૮,૦૦૦ |

**વધારાની માહિતીઃ**

(૧) તા.૩૧-૩-૨૦૧૧ના રોજ માલનો સ્ટોક ₹ ૬,૦૦૦ની કિંમતે આંકવામાં આવ્યો.

(૨) શાખા ના ફર્નિચરનું ખાતું મુખ્ય ઓફિસના ચોપડે રાખવામાં આવે છે. શાખાના ફર્નિચરના ઘસારા તરીકે ₹ ૧,૦૦૦ માંડી વાળવાના છે.

(૩) અમદાવાદની મુખ્ય ઓફિસે ₹ ૧૦,૦૦૦ ની કિંમતનો માલ ભાવનગર શાખાને મોકલેલ છે જે શાખાને તા.૩૧-૩-૨૦૧૧ સુધી મળેલ નથી.

(૪) તા.૨૫-૩-૨૦૧૧ના રોજ ભાવનગર શાખાએ ₹ ૫,૦૦૦ની રોકડ મુખ્ય ઓફિસને મોકલેલ છે જે મુખ્ય ઓફિસને તા.૨-૪-૨૦૧૧ના રોજ મળેલ છે.

તા.૩૧-૩-૨૦૧૧ના રોજ પૂરા થતા વર્ષ માટે ભાવનગર શાખાનું વેપાર ખાતું અને નફા-નુકશાન ખાતું તૈયાર કરો અને તે તારીખનું પાકુ સરવૈયું તેમજ ભાવનગર શાખાના ચોપડે અમદાવાદ મુખ્ય ઓફિસનું ખાતું અને અમદાવાદ મુખ્ય ઓફિસના ચોપડે ભાવનગર શાખાનું ખાતું તૈયાર કરો.

(ગુ.યુ., એફ.વાય., માર્ચ ૨૦૧૧ પર આધારીત)

**જવાબઃ** કાચો નફો ₹ ૨૨,૦૦૦, ચોખ્ખો નફો ₹ ૪,૦૦૦, મુ.ઓ. ખાતાની બાકી ₹ ૩૦,૦૦૦, પાકા સરવૈયાનો સરવાળો ₹ ૪૪,૦૦૦, માર્ગસ્થ રોકડ ₹ ૫,૦૦૦, ફર્નિચર પર ઘસારો ₹ ૧,૦૦૦ શાખાના ન.નુ. ખાતાની ઉધાર બાજુ અને મુ.ઓ. ખાતાની જમા બાજુ દર્શાવો.

**૨૯.** અમદાવાદના વેપારી માનવ ટ્રેડર્સની જામનગરમાં એક શાખા છે. શાખા ઉધાર તેમજ રોકડ વેચાણ કરે છે. અને મળેલી બધી જ રોકડ તે જ દિવસે બેંક ડ્રાફ્ટથી મુખ્ય ઓફિસને મોકલી આપે છે. શાખાના બધા જ ખર્ચાઓ મુખ્ય ઓફિસથી ચૂકવાય છે. પરંતુ પરચૂરણ ખર્ચની ચૂકવણી કરવા માટેની પેટા રોકડ, મુખ્ય ઓફિસ શાખાને મોકલે છે.

મુખ્ય ઓફિસના ચોપડે જામનગર શાખાનું તા.૩૧-૩-૨૦૧૧ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર ખાતું અને નફા-નુકશાન ખાતું નીચે મુજબ છે.

ઉ. **જામનગર શાખાનું વેપાર ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|
| શરૂનો સ્ટોક | ૫૦,૦૦૦ | રોકડ વેચાણ | ૬૭,૫૦૦ | |
| મુખ્ય ઓફિસેથી મળેલ માલ | ૧,૯૦,૦૦૦ | + ઉધાર વેચાણ | ૨,૫૦,૦૦૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| મજૂરી | ૨,૫૦૦ | | ૩,૧૭,૫૦૦ | |
| કાચો નફો | ૧,૨૨,૫૦૦ | – વેચાણ પરત | ૧૨,૫૦૦ | ૩,૦૫,૦૦૦ |
| | | આખર સ્ટોક | | ૬૦,૦૦૦ |
| | **૩,૬૫,૦૦૦** | | | **૩,૬૫,૦૦૦** |

ઉ. **જામનગર શાખાનું નફા-નુકશાન ખાતું** જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| ભાડું-વેરા | ૫,૦૦૦ | કાચો નફો | ૧,૨૨,૫૦૦ |
| પગાર | ૧૫,૦૦૦ | દેવાદારો ખાતે ઉધારેલ વ્યાજ | ૩,૭૫૦ |
| ઘાલખાધ | ૨,૫૦૦ | | |
| આપેલ વટાવ | ૧,૨૫૦ | | |
| પરચૂરણ ખર્ચ (પેટા રોકડ ખર્ચ) | ૫,૦૦૦ | | |
| ફર્નિચરનો ઘસારો | ૨,૫૦૦ | | |
| ચોખ્ખો નફો | ૯૫,૦૦૦ | | |
| | **૧,૨૬,૨૫૦** | | **૧,૨૬,૨૫૦** |

શાખાની તા.૧-૪-૨૦૧૧ અને તા.૩૧-૩-૨૦૧૧ની કેટલીક બાકીઓ નીચે મુજબ છે.

| વિગત | તા.૧-૪-૧૦ની બાકીઓ ₹ | તા.૩૧-૩-૧૧ની બાકીઓ ₹ |
|---|---|---|
| ફર્નિચર | ૨૫,૦૦૦ | (?) |
| દેવાદારો | ૫૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| પેટા રોકડ | ૨,૫૦૦ | (?) |

વર્ષ દરમિયાન મુખ્ય ઓફિસે શાખાને ₹ ૭,૫૦૦ પેટા રોકડ મોકલી હતી. જ્યારે શાખાએ દેવાદારો પાસેથી ઉઘરાણીના ₹ ૧,૮૭,૫૦૦ મુખ્ય ઓફિસને મોકલી આપ્યા હતા.

ઉપરની માહિતી પરથી મુખ્ય ઓફિસના ચોપડે પેટા રોકડ ખાતું અને જામનગર શાખાનું ખાતું તૈયાર કરો.

(ગુ.યુનિ., એફ.વાય., નવે.,૨૦૧૧ પર આધારીત)

**જવાબઃ** શાખાનો નફો ₹ ૯૫,૦૦૦, છેવટેની પેટા રોકડ ₹ ૫,૦૦૦, છેવટનું ફર્નિચર ₹ ૨૨,૫૦૦

# પ્રકરણ ૬
# કૃષિના હિસાબો

૬.૧ પ્રાસ્તાવિક
૬.૨ કૃષિ હિસાબોનું મહત્વ / કૃષિ હિસાબોના ફાયદા
૬.૩ કૃષિ ખાતું / કૃષિ નફા-નુકશાન ખાતું
૬.૪ કૃષિના વાર્ષિક હિસાબો
૬.૫ સ્વાધ્યાય

# પ્રકરણ ૬
# કૃષિના હિસાબો

## ૬.૧ પ્રાસ્તાવિક

ભારત એ એક ખેતીપ્રધાન દેશ છે, છતાં પણ ભારતીય ખેડૂતો ખેતીનાં હિસાબો રાખતા નથી. ભારતમાં ખેતીની જમીનનાં નાના-નાના ટુકડાઓમાં થાય છે. ખેડૂતોને પધ્ધતિસરનાં હિસાબો જરૂરી જણાતા ન હોવાથી તેઓ હિસાબો રાખતા નથી. ભારતમાં વારસા પ્રથાને લીધે જમીનનું નાના ટુકડાઓમાં વિભાજન થતું જ રહ્યુ છે. જેથી મોટા પાયા પર ઉત્પાદન થતું નથી. પરંતુ, હવે ખેડૂતો ખેતીનું મહત્વ સમજતાં થયા હોવાથી તેઓ ખેતીના હિસાબો રાખે છે. પ્રાચીન સમયમાં, ખેતીને ધંધા તરીકે નહીં પણ એક જીવન વ્યવહાર ગણતાં હતા. પરંતુ હવે ખેતીમાં રાસાયણિક ખાતરનો, સિંચાઇનો ઉપયોગ વધ્યો છે. ઉપરાંત હવે ખેડૂતો મશીનરી દ્વારા ખેતી કરે છે. જેથી ભારતમાં ખેતીના હિસાબોનું મહત્વ વધ્યુ છે.

## ૬.૨ કૃષિ હિસાબોનું મહત્વ / કૃષિ હિસાબોના ફાયદા

વ્યવસ્થિત કૃષિ હિસાબોનું મહત્વ નીચે પ્રમાણે છે.

(૧) દરેક પાક દીઠ નફો કે નુકશાન, કૃષિ હિસાબો પરથી જાણી શકાય છે.

(૨) જો જુદા-જુદા ખેતરો હોય તો દરેક ખેતરદીઠ એક જુદુ 'કૃષિ ખાતું' ખોલવામાં આવે છે, તેથી કયું ખેતર નફાકારક છે તેમ જ કયુ ખેતર નુકશાનકારક છે, તેનો નિર્ણય લઇ શકાય છે.

(૩) કૃષિને લગતા ખર્ચાઓની સંપૂર્ણ માહિતી મળે છે, જેનાં આધારે બિનજરૂરી ખર્ચાઓ પર અંકુશ રાખી ભવિષ્યમાં ખર્ચમાં ઘટાડો કરી શકાય છે.

(૪) અન્ય ખેડૂતનાં હિસાબો સાથે પોતાનાં કૃષિ હિસાબોની સરખામણી કરી, આપણાં ધંધાનો નફો કે નુકશાન અથવા આર્થિક પરિસ્થિતી જાણી શકાય છે.

(૫) ઉત્પાદન પડતર જાણવાં માટે કૃષિ હિસાબો જરૂરી છે.

(૬) આવક વેરો ભરવા માટે કૃષિ હિસાબો ઉપયોગી છે.

(૭) સ્થાનિક રાજ્ય કે કેન્દ્ર સરકાર પાસેથી લોન કે સબસીડી મેળવવા, કૃષિ હિસાબો ઉપયોગી છે.

(૮) ઉપ પેદાશ (By Product) ના ભાવ નક્કી કરવા, કૃષિ હિસાબો મહત્વનાં છે.
* ઉપ પેદાશ = મુખ્ય ઉત્પાદન કતી વખતે ગૌણ (બીજુ) ઉત્પાદન થઇ જવુ.
દા.ત.: અનાજ માટેનું ગૌણ ઉત્પાદન ઘાસ છે.

(૯) ખેત પેદાશની વેચાણ કિંમત નક્કી કરવા માટે કૃષિ હિસાબો ઉપયોગી છે.

(૧૦) ખેત-પેદાશનો વીમો ઉતરાવવાં માટે કૃષિ હિસાબો જરૂરી છે.

## ૬.૩ કૃષિ ખાતું / કૃષિ નફા-નુકશાન ખાતાનો નમૂનો

--------- ના રોજ પૂરા થતા વર્ષનું કૃષિ / કૃષિ નફા-નુકશાન ખાતું

ઉ. જ.

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| શરુઆતની બાકી / સ્ટોક | | | વેચાણ | | |
| બિયારણ | ------ | | બિયારણ | ------ | |
| ખાતર | ------ | | ખાતર | ------ | |
| ઉગેલ પાક | ------ | ------ | અનાજ | ------ | |
| ખરીદી | | | દૂધ | ------ | |
| બિયરણ | ------ | | દૂધની બનાવટો | ------ | |

| | | | |
|---|---|---|---|
| ખાતર ------ | ------ | શાકભાજી ------ | ------ |
| ખર્ચા ------ | | | |
| + ચૂકવવાના બાકી ------ | ------ | મજૂરીના બદલામાં આપેલ અનાજ | ------ |
| મજૂરી | | અંગત ઉપયોગમાં લીધેલ અનાજ | ------ |
| હંગામી મજૂરોને ------ | | ઢોર-ઢાંખરમાં વધારો | ------ |
| કાયમી મજૂરોને ------ | | આખરની બાકી / સ્ટોક | |
| ઘરનાં સભ્યોને ------ | ------ | બિયારણ ------ | |
| વીજળી ખર્ચ | ------ | ખાતર ------ | |
| પાણી ખર્ચ | ------ | અનાજ ------ | |
| સિંચાઇનો ખર્ચ | ------ | જંતુનાશક દવાઓ ------ | ------ |
| ઢોર-ઢાંખરને ખવડાવવાનો ખર્ચ | ------ | | |
| ઘસારો | | | |
| ખેતીના ઓજારો પર ------ | | | |
| ટ્રેક્ટર પર ------ | | | |
| કાયમી મિલકતો પર ------ | ------ | | |
| ઢોર-ઢાંખર પર ઘસારો | ------ | | |
| માંડી વાળેલ વાડ કરવાનો ખર્ચ | ------ | | |
| જમીન મહેસૂલ | ------ | | |
| ચોખ્ખો નફો | ------ | ચોખ્ખી ખોટ | ------ |
| | ------ | | ------ |

## ૬.૪ કૃષિ હિસાબોના દાખલા

**ઉદાહરણ ૧.** શ્રી રમણભાઇ પાસે એક ખેતર છે. તેમણે ઉનાળુ બાજરીનો પાક લીધેલ છે. નીચે આપેલ વિગતો પરથી, તેમનું કૃષિ ખાતું બનાવો.

| વિગત | ₹ |
|---|---|
| શરૂઆતનો સ્ટોક | |
| ખાતર | ૩,૦૦૦ |
| બિયારણ | ૫,૦૦૦ |
| ખરીદી | |
| ખાતર | ૬,૦૦૦ |
| બિયારણ | ૪,૦૦૦ |
| દૂધનું વેચાણ | ૮,૦૦૦ |
| બાજરીનું વેચાણ | ૫૦,૦૦૦ |
| ખેતીના ખર્ચા | ૩,૦૦૦ |
| જંતુનાશક દવાનો ખર્ચ | ૪,૦૦૦ |
| મજૂરી | ૬,૦૦૦ |
| જમીન મહેસૂલ | ૫૦૦ |
| સિંચાઇનાં ખર્ચા | ૩,૫૦૦ |

| | |
|---|---|
| ઢોર-ઢાંખરના ખર્ચા | ૨,૦૦૦ |
| ઘાસનું વેચાણ | ૯,૦૦૦ |

**વધારાની માહિતીઃ**

(૧) આખરનો સ્ટોકઃ ખાતર ₹ ૨,૦૦૦
બિયારણ ₹ ૪,૦૦૦

(૨) તેમણે ₹ ૧,૦૦૦ ની બાજરી, મજૂરોને મજૂરીના બદલામાં આપી છે, જેની ચોપડે નોંધ થયેલ નથી.

(૩) ₹ ૨,૦૦૦નાં ઘાસનો ઉપયોગ, તેમનાં ઢોર-ઢાંખરને ખવડાવવા માટે થયો છે, જે ચોપડે નોંધાયેલ નથી.

**(સરદાર પટેલ યુનિવર્સિટી-૨૦૦૪ પર આધારીત)**

**ઉનાળુ બાજરીનું શ્રી રમણભાઇનું કૃષિ ખાતું**

ઉ. જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | | | વેચાણ | |
| ખાતર | | ૩,૦૦૦ | દૂધ | ૮,૦૦૦ |
| બિયારણ | | ૫,૦૦૦ | બાજરી | ૫૦,૦૦૦ |
| ખરીદી | | | મજૂરીના બદલામાં આપેલ બાજરી | ૧,૦૦૦ |
| ખાતર | | ૬,૦૦૦ | ઘાસનું વેચાણ | ૯,૦૦૦ |
| બિયારણ | | ૪,૦૦૦ | ઢોર-ઢાંખર માટે વપરાયેલ ઘાસ | ૨,૦૦૦ |
| ખેતીના ખર્ચા | | ૩,૦૦૦ | | |
| જંતુનાશક દવાનો ખર્ચ | | ૪,૦૦૦ | આખર સ્ટોક | |
| મજૂરી | ૬,૦૦૦ | | ખાતર | ૨,૦૦૦ |
| + બાજરીના બદલે ચૂકવેલ | ૧,૦૦૦ | ૭,૦૦૦ | બિયારણ | ૪,૦૦૦ |
| જમીન મહેસૂલ | | ૫૦૦ | | |
| સિંચાઇનો ખર્ચ | | ૩,૫૦૦ | | |
| ઢોર-ઢાંખરનો ખર્ચ | | ૨,૦૦૦ | | |
| ઢોર-ઢાંખર માટે વપરાયેલ ઘાસ | | ૨,૦૦૦ | | |
| ચોખ્ખો નફો | | ૩૬,૦૦૦ | | |
| | | **૭૬,૦૦૦** | | **૭૬,૦૦૦** |

**ઉદાહરણ ૨.** શ્રી ઘનશ્યામભાઇનાં નીચે આપેલા કાચા સરવૈયા પરથી વર્ષ ૨૦૧૭ના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**કાચું સરવૈયું**

| ઉધાર બાકી | ₹ | જમા બાકી | ₹ |
|---|---|---|---|
| સ્ટોક | | વેચાણ | |
| બિયારણ | ૨૮,૦૦૦ | અનાજ | ૧,૨૪,૦૦૦ |
| ખાતર | ૩૫,૦૦૦ | દૂધની બનાવટો | ૨૮,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| અનાજ | ૩૫,૦૦૦ | ઢોર-ઢાંખર | ૧૬,૦૦૦ |
| ઢોર-ઢાંખર | ૭૦,૦૦૦ | લેણદારો | ૭૮,૦૦૦ |
| ખરીદી | | ૬% ની લોન | ૮૦,૦૦૦ |
| બિયારણ | ૧૫,૦૦૦ | મૂડી | ૧,૪૦,૦૦૦ |
| ખાતર | ૧૩,૦૦૦ | સરકારી સબસીડી | ૪૪,૦૦૦ |
| ઢોર-ઢાંખર | ૨૦,૦૦૦ | | |
| દેવાદારો | ૫૦,૦૦૦ | | |
| મજૂરી | | | |
| હંગામી મજૂરોને | ૨૪,૦૦૦ | | |
| કાયમી મજૂરોને | ૧૮,૦૦૦ | | |
| ઉપાડ | ૧૬,૦૦૦ | | |
| રોકડ સિલક | ૧૪,૦૦૦ | | |
| ફાર્મ મશીનરી | ૩૦,૦૦૦ | | |
| જમીન અને મકાન | ૮૦,૦૦૦ | | |
| વાડ કરવાનો ખર્ચ | ૨૨,૦૦૦ | | |
| કો-ઓપરેટીવ સોસાટીનાં અનાજ | | | |
| વેચાણના બાકી લેણા | ૩૦,૦૦૦ | | |
| જમીન મહેસૂલ | ૧૦,૦૦૦ | | |
| | **૫,૧૦,૦૦૦** | | **૫,૧૦,૦૦૦** |

**વધારાની માહિતીઃ**

(૧) આખર સ્ટોક

| | |
|---|---|
| બિયારણ | ₹ ૫,૦૦૦ |
| ઢોર-ઢાંખર | ₹ ૬૦,૦૦૦ |
| ખાતર | ₹ ૧૨,૦૦૦ |
| અનાજ | ₹ ૧૩,૦૦૦ |

(૨) ફાર્મ મશીનરી અને જમીન અને મકાન પર ૧૦% લેખે ઘસારો ગણો.

(૩) વાડ બનાવવાનો ખર્ચ ૨ વર્ષ માટે માંડી વાળો.

(૪) ઘાસનું વેચાણ ₹ ૨૧,૦૦૦ જેમાથી ૫૦% ઉધાર વેચાણ છે. ઉધાર વેચાણના ૫૦% ઘાલખાધ તરીકે માંડી વાળવા.

**આ દાખલામાં વાર્ષિક હિસાબો તૈયાર કરવાનાં હોવાથી કૃષિ ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરીશુ.**

**શ્રી ઘનશ્યામભાઈનું કૃષિ ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | | વેચાણ | |
| બિયારણ | ૨૮,૦૦૦ | અનાજ | ૧,૨૪,૦૦૦ |
| ખાતર | ૩૫,૦૦૦ | દૂધની બનાવટો | ૨૮,૦૦૦ |
| અનાજ | ૩૫,૦૦૦ | સરકારી સબસીડી | ૪૪,૦૦૦ |
| ખરીદી | | ઘાસનુ વેચાણ | ૧૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| બિયારણ | ૧૫,૦૦૦ | | |
| ખાતર | ૧૩,૦૦૦ | આખર સ્ટોક | |
| મજૂરી | | બિયારણ | ૫,૦૦૦ |
| કાયમી મજૂરોને | ૧૮,૦૦૦ | ખાતર | ૧૨,૦૦૦ |
| હંગામી મજૂરોને | ૨૪,૦૦૦ | અનાજ | ૧૩,૦૦૦ |
| ફાર્મ મશીનરી પર ઘસારો | ૩,૦૦૦ | | |
| જમીન-મકાન પર ઘસારો | ૮,૦૦૦ | | |
| માંડી વાળેલ વાડ કરવાનો ખર્ચ | ૧૧,૦૦૦ | | |
| જમીન-મહેસૂલ | ૧૦,૦૦૦ | | |
| લોન પર ચૂકવવાનું બાકી વ્યાજ | ૪,૮૦૦ | | |
| ઢોર-ઢાંખર પર ઘસારો | ૧૪,૦૦૦ | | |
| ઘાસના ઉધાર વેચાણ પર ઘાલખાધ | ૨,૫૦૦ | | |
| ચોખ્ખો નફો | ૧૪,૭૦૦ | | |
| | ૨,૩૬,૦૦૦ | | ૨,૩૬,૦૦૦ |

## પાકું સરવૈયું

| જવાબદારીઓ | | ₹ | મિલકતો | | ₹ |
|---|---|---|---|---|---|
| મૂડી | ૧,૪૦,૦૦૦ | | ઢોર-ઢાંખરઃ | | |
| + ચોખ્ખો નફો | ૧૪,૭૦૦ | | શરૂઆતનો સ્ટોક | ૭૦,૦૦૦ | |
| | ૧,૫૪,૭૦૦ | | + ખરીદી | ૨૦,૦૦૦ | |
| - ઉપાડ | ૧૬,૦૦૦ | ૧,૩૮,૭૦૦ | | ૯૦,૦૦૦ | |
| | | | - વેચાણ | ૧૬,૦૦૦ | |
| લેણદારો | | ૭૮,૦૦૦ | | ૭૪,૦૦૦ | |
| ૬% ની લોન | ૮૦,૦૦૦ | | - ઘસારો | ૧૪,૦૦૦ | ૬૦,૦૦૦ |
| +ચૂકવવાનું બાકી વ્યાજ | ૪,૮૦૦ | ૮૪,૮૦૦ | | | |
| | | | દેવાદારો | | ૫૦,૦૦૦ |
| | | | રોકડ સિલક | | ૧૪,૦૦૦ |
| | | | ફાર્મ મશીનરી | ૩૦,૦૦૦ | |
| | | | - ૧૦% ઘસારો | ૩,૦૦૦ | ૨૭,૦૦૦ |
| | | | જમીન મકાન | ૮૦,૦૦૦ | |
| | | | - ૧૦% ઘસારા | ૮,૦૦૦ | ૭૨,૦૦૦ |
| | | | વાડ કરવાનો ખર્ચ | ૨૨,૦૦૦ | |
| | | | - માંડી વાળેલ | ૧૧,૦૦૦ | ૧૧,૦૦૦ |
| | | | (૨૨,૦૦૦/૨ વર્ષ) | | |
| | | | કો. ઓપરેટીવ સોસાયટીના | | |
| | | | અનાજ | | |
| | | | વેચાણના બાકી લેણા | | ૩૦,૦૦૦ |
| | | | ઘાસના વેચાણ પર મળેલ રકમ | | ૫,૦૦૦ |
| | | | ઘાસનું ઉધાર વેચાણ | ૫,૦૦૦ | |
| | | | - ૫૦% ઘાલખાધ | ૨,૫૦૦ | ૨,૫૦૦ |
| | | | આખર સ્ટોકઃ | | |

| | | | |
|---|---|---|---|
| | | બિયારણ<br>ખાતર<br>અનાજ | ૫,૦૦૦<br>૨,૦૦૦<br>૧૩,૦૦૦ |
| | **૩,૦૧,૫૦૦** | | **૩,૦૧,૫૦૦** |

**નોંધ ૧.** વાડ કરવાનો ખર્ચ

વાડ કરવાનો ખર્ચ અવાસ્તવિક મિલકત હોવાથી પારા સરવૈયામાં મિલકત-લેણા બાજુ લખાશે.

**નોંધ ૨.** વધારાની માહિતી નં-૪

ઘાસનું વેચાણ ₹ ૧૦,૦૦૦ (અસર ૧)

(અસર ૨)૫૦% રોકડ વેચાણ ₹ ૫,૦૦૦

૫૦% ઉધાર વેચાણ
₹ ૫,૦૦૦ -૫૦% ઘાલખાધ
₹ ૨,૫૦૦ (અસર ૪)
₹ ૨,૫૦૦ (અસર ૩)

આ વ્યવહારની (૪) અસરો આવશે.

(૧) અસર-૧ : કુલ વેચાણ ₹ ૧૦,૦૦૦ - કૃષિ ખાતાની જમા બાજુ.

(૨) અસર-૨ : રોકડ વેચાણ ₹ ૫,૦૦૦ - પાકા સરવૈયમાં મિલકત-લેણા બાજુ.

(૩) અસર-૩ : ₹ ૫,૦૦૦ ઉધાર વેચાણના ૫૦% ઘાલખાધ બાદ કરતા બાકીના ₹ ૨,૫૦૦ પાકા સરવૈયાની મિલકત-લેણા બાજુ.

(૪) ₹ ૨,૫૦૦ ઘાલખાધ નુકશાન તરીકે કૃષિ ખાતાની ઉધાર બાજુ

**નોંધ ૩.** ૬% ની લોન

૬% એ વ્યાજનો દર છે. આ છુપો હવાલો છે. વ્યાજની રકમ ₹ ૮૦,૦૦૦ ના ૬% લેખે ₹ ૪,૮૦૦ કુલ લોનની રકમમાં ઉમેરાશે. બીજી અસર ખર્ચ તરીકે કૃષિ ખાતામાં ઉધાર બાજુ લખાશે.

**ઉદાહરણ ૩.** નીચેની માહિતી શ્રી કચરાભાઇ ખેડૂતના ચોપડામાંથી મેળવવામાં આવી છે. તા. ૩૧-૧૨-૨૦૦૨ના રોજ પૂરા થતા વર્ષ માટેના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

| વિગત | ₹ |
|---|---|
| શરૂઆતનો સ્ટોક | |
| બિયારણ | ૧૦,૦૦૦ |
| અનાજ | ૩૯,૦૦૦ |
| ઢોર-ઢાંખર | ૩૫,૦૦૦ |
| ખરીદી | |
| બિયારણ | ૧૪,૦૦૦ |
| ઢોર-ઢાંખર | ૧૦,૦૦૦ |

| | |
|---|---|
| વેચાણ | |
| અનાજ | ૬૦,૦૦૦ |
| દૂધની બનાવટો | ૧૬,૦૦૦ |
| ઢોર-ઢાંખર | ૮,૦૦૦ |
| દેવાદારો | ૩૦,૦૦૦ |
| લેણદારો | ૪૪,૦૦૦ |
| ૬% ની લોન | ૪૦,૦૦૦ |
| મજૂરી | ૨૧,૦૦૦ |
| ઉપાડ | ૮,૦૦૦ |
| રોકડ | ૭,૦૦૦ |
| મજૂરીના બદલે આપેલ અનાજ | ૨,૦૦૦ |
| ફાર્મ મશીનરી | ૧૫,૦૦૦ |
| જમીન-મકાન | ૪૦,૦૦૦ |
| સરકારી સબસીડી | ૨૦,૦૦૦ |
| મૂડી | ૭૦,૦૦૦ |
| વાડ કરવાનો ખર્ચ | ૧૧,૦૦૦ |
| કો-ઓપરેટીવ સોસાયટીના અનાજ-વેચાણના બાકી લેણા | ૧૫,૦૦૦ |
| જમીન મહેસૂલ | ૫,૦૦૦ |

**વધારાની માહિતીઃ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૨નો આખર સ્ટોકઃ

ઢોર- ઢાંખર ₹ ૩૦,૦૦૦

બિયારણ ₹ ૮,૦૦૦

અનાજ ₹ ૭,૦૦૦

(૨) ફાર્મ મશીનરી અને જમીન-મકાન પર ૧૦% ઘસારો ગણો.

(૩) વાડ કરવાનો ખર્ચ ૨ વર્ષ માટે માંડી વાળો.

(૪) ઘાસનું વેચાણ ₹ ૫,૦૦૦ જેમાંથી ૫૦% ઉધાર વેચાણ છે. ઉધાર વેચાણના ૫૦% ઘાલખાધ તરીકે માંડી વાળો.

**(સરદાર પટેલ યુનિવર્સિટી ૨૦૦૩ પર આધારીત)**

**તા. ૩૧-૧૨-૨૦૦૨ના રોજ પૂરા થતા વર્ષ માટે શ્રી કચરાભાઇનું કૃષિ ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરુઆતનો સ્ટોક | | વેચાણ | |
| બિયારણ | ૧૦,૦૦૦ | અનાજ | ૬૦,૦૦૦ |
| અનાજ | ૩૯,૦૦૦ | દૂધની બનાવટો | ૧૬,૦૦૦ |
| ખરીદી | | મજૂરીના બદલામાં આપેલ અનાજ | ૨,૦૦૦ |
| બિયારણ | ૧૪,૦૦૦ | સરકારી સબસીડી | ૨૦,૦૦૦ |
| લોન પર ચૂકવવાનું બાકી વ્યાજ | ૨,૪૦૦ | ઘાસનું વેચાણ | ૫,૦૦૦ |
| મજૂરી | ૨૧,૦૦૦ | આખર સ્ટોક | |

| | | | |
|---|---|---|---|
| ફાર્મ મશીનરી પર ઘસારો | ૧,૫૦૦ | બિયારણ | ૮,૦૦૦ |
| જમીન-મકાન પર ઘસારો | ૪,૦૦૦ | અનાજ | ૭,૦૦૦ |
| માંડી વાળેલ વાડ કરવાનો ખર્ચ | ૫,૫૦૦ | | |
| જમીન મહેસૂલ | ૫,૦૦૦ | | |
| ઢોર-ઢાંખર પર ઘસારો | ૭,૦૦૦ | | |
| ઘાસના ઉધાર વેચાણ પર ઘાલખાધ | ૧,૨૫૦ | | |
| ચોખ્ખો નફો | ૭,૩૫૦ | | |
| | ૧,૧૮,૦૦૦ | | ૧,૧૮,૦૦૦ |

### ૩૧-૧૨-૨૦૦૨ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | | ₹ | મિલકતો | | ₹ |
|---|---|---|---|---|---|
| મૂડી | ૭૦,૦૦૦ | | ઢોર-ઢાંખર | | |
| + ચોખ્ખો નફો | ૭,૩૫૦ | | શરૂઆતનો સ્ટોક | ૩૫,૦૦૦ | |
| | ૭૭,૩૫૦ | | + ખરીદી | ૧૦,૦૦૦ | |
| - ઉપાડ | ૮,૦૦૦ | ૬૯,૩૫૦ | | ૪૫,૦૦૦ | |
| | | | - વેચાણ | ૮,૦૦૦ | |
| લેણદારો | | ૪૪,૦૦૦ | | ૩૭,૦૦૦ | |
| ૬% ની લોન | ૪૦,૦૦૦ | | - ઘસારો | ૭,૦૦૦ | ૩૦,૦૦૦ |
| +ચૂ. બાકી વ્યાજ | ૨,૪૦૦ | ૪૨,૪૦૦ | દેવાદારો | | ૩૦,૦૦૦ |
| | | | રોકડ સિલક | | ૭,૦૦૦ |
| | | | ફાર્મ મશીનરી | ૧૫,૦૦૦ | |
| | | | - ૧૦% ઘસારો | ૧,૫૦૦ | ૧૩,૫૦૦ |
| | | | જમીન મકાન | ૪૦,૦૦૦ | |
| | | | - ૧૦% ઘસારા | ૪,૦૦૦ | ૩૬,૦૦૦ |
| | | | વાડ કરવાનો ખર્ચ | ૧૧,૦૦૦ | |
| | | | - માંડી વાળેલ | ૫,૫૦૦ | ૫,૫૦૦ |
| | | | (૧૧,૦૦૦/૨ વર્ષ) | | |
| | | | કો. ઓપરેટીવ સોસાયટીના | | |
| | | | અનાજ | | |
| | | | વેચાણના બાકી લેણા | | ૧૫,૦૦૦ |
| | | | ઘાસના વેચાણ પર મળેલ રકમ | | ૨,૫૦૦ |
| | | | ઘાસનું ઉધાર વેચાણ | ૨,૫૦૦ | |
| | | | - ૫૦% ઘાલખાધ | ૧,૨૫૦ | ૧,૨૫૦ |
| | | | આખર સ્ટોક | | |
| | | | બિયારણ | | ૮,૦૦૦ |
| | | | અનાજ | | ૭,૦૦૦ |
| | | ૧,૫૫,૭૫૦ | | | ૧,૫૫,૭૫૦ |

**ઉદાહરણ ૪.** ખેડૂત શ્રી મગનભાઇનાં ૩૧-૨-૨૦૦૪ના રોજના હિસાબો પરથી નીચેની બાકીઓ મળેલ છે. તમારે તા. ૩૧-૧૨-૨૦૦૪ના રોજ પૂરા થતા વર્ષનું કૃષિ ખાતું અને તે તારીખનું પાકું સરવૈયું તૈયાર કરવાનું છે.

| વિગત | ₹ |
| --- | --- |
| શરૂઆતની બાકી | |
| બિયારણ | ૬૯,૭૫૦ |
| ખાતર | ૩,૦૦૦ |
| ઢોર-ઢાંખર | ૬૦,૦૦૦ |
| વેચાણ | |
| દૂધ | ૫૦,૭૦૦ |
| અનાજ | ૧,૪૬,૦૦૦ |
| ઢોર-ઢાંખર | ૩૦,૦૦૦ |
| જમીન મહેસૂલ | ૯,૦૦૦ |
| ખરીદી | |
| બિયારણ | ૨,૭૭૫ |
| ખાતર | ૪૧,૮૫૦ |
| ઢોર-ઢાંખર | ૩૨,૦૦૦ |
| કો-ઓપરેટીવ સોસાયટીની ૬% ની લોન | ૨૫,૦૦૦ |
| જંતુનાશક દવાનો ખર્ચ | ૪,૧૨૫ |
| મૂડી | ૧,૦૯,૦૦૦ |
| હાથ પર રોકડ | ૨,૦૦૦ |
| ટ્રેક્ટરની ચૂકવણીની બાકી રકમ | ૩૦,૦૦૦ |
| સિંચાઇનો ખર્ચ | ૨,૯૨૫ |
| મજૂરી | |
| કાયમી મજૂરોને | ૫૦,૦૦૦ |
| હંગામી મજૂરોને | ૪,૦૦૦ |
| સરકારી સબસીડી | ૪,૦૦૦ |
| ખેતરના ઓજારો | ૧૫,૦૦૦ |
| વીમા પ્રીમીયમ | ૧,૫૦૦ |
| ટ્રેક્ટર | ૮૦,૦૦૦ |
| કો-ઓપરેટીવ સોસાયટીના અનાજ વેચાણના બાકી લેણા | ૧૩,૫૦૦ |
| વાડ કરવાનો ખર્ચ | ૨,૫૦૦ |
| મજૂરીના બદલામાં આપેલ ઘંઉ | ૪૦,૪૫૦ |
| અનાજનો અંગત ઉપયોગ | ૪૦,૦૦૦ |
| બેંકમાં ડીપોઝીટ | ૨૭,૦૦૦ |
| ઉપાડ | ૨૩,૦૦૦ |
| પશુ-દાણ ખર્ચ | ૭,૦૦૦ |
| ટ્રેક્ટરનો ખર્ચ | ૨૪,૨૨૫ |

**વધારાની માહિતી:**

(૧) પૂરાનું વેચાણ ₹ ૪,૦૦૦ જેમાંથી ₹ ૨,૫૦૦ હજુ મળવાના બાકી છે.

(૨) વાડ કરવાનો ખર્ચ ૫ વર્ષમાં માંડી વાળવો.

(૩) આખરની બાકી

બિયારણ ₹ ૭,૧૫૦

ખાતર ₹ ૨,૩૫૦

ઢોર-ઢાંખર ₹ ૫૫,૦૦૦

(૪) બાબરભાઇને ₹ ૨,૫૦૦નાં શાકભાજી વેચ્યા, પરંતુ તેના નાણાં મળવાના બાકી છે.

**(સરદાર પટેલ યુનિવર્સિટી ૨૦૦૪ પર આધારીત)**

**તા. ૩૧-૧૨-૨૦૦૪નાં રોજ પૂરા થતા વર્ષનું શ્રી મગનભાઇનું કૃષિ ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | | વેચાણ | |
| બિયારણ | ૬૯,૭૫૦ | દૂધ | ૫૦,૭૦૦ |
| ખાતર | ૩,૦૦૦ | અનાજ | ૧,૪૬,૦૦૦ |
| ખરીદી | | સરકારી સબસીડી | ૪,૦૦૦ |
| બિયારણ | ૨,૭૭૫ | મજૂરીના બદલે આપેલ ઘંઉ | ૪૦,૪૫૦ |
| ખાતર | ૪૧,૮૫૦ | અનાજનો અંગત ઉપયોગ | ૪૦,૦૦૦ |
| જમીન મહેસૂલ | ૯,૦૦૦ | પૂરા નું વેચાણ | ૪,૦૦૦ |
| કો-ઓપરેટીવ સોસાયટીની લોન પર | | શાકભાજીનું વેચાણ | ૨,૫૦૦ |
| ચૂકવવાનું બાકી વ્યાજ | ૧,૫૦૦ | | |
| જંતુનાશક દવાનો ખર્ચ | ૪,૧૨૫ | આખર નો સ્ટોક | |
| સિંચાઇનો ખર્ચ | ૨,૯૨૫ | બિયારણ | ૭,૧૫૦ |
| મજૂરી | | ખાતર | ૨,૩૫૦ |
| કાયમી મજૂરોને | ૫૦,૦૦૦ | | |
| હંગામી મજૂરોને | ૪,૦૦૦ | | |
| વીમા પ્રીમીયમ | ૧,૫૦૦ | | |
| માંડી વાળેલ વાડ કરવાનો ખર્ચ | ૫૦૦ | | |
| પશુ-દાણ ખર્ચ | ૭,૦૦૦ | | |
| ટ્રેક્ટરનો ખર્ચ | ૨૪,૨૨૫ | | |
| ઢોર-ઢાંખર પર ઘસારો | ૭,૦૦૦ | | |
| ચોખ્ખો નફો | ૬૮,૦૦૦ | | |
| | **૨,૯૭,૧૫૦** | | **૨,૯૭,૧૫૦** |

### તા. ૩૧-૨-૨૦૦૪નાં રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | | ₹ | મિલકતો | | ₹ |
|---|---|---|---|---|---|
| મૂડી | ૧,૦૯,૦૦૦ | | ઢોર-ઢાંખર | | |
| + ચોખ્ખો નફો | ૬૮,૦૦૦ | | શરૂઆતનો સ્ટોક | ૬૦,૦૦૦ | |
| | ૧,૭૭,૦૦૦ | | + ખરીદી | ૩૨,૦૦૦ | |
| - ઉપાડ | ૨૩,૦૦૦ | ૧,૫૪,૦૦૦ | | ૯૨,૦૦૦ | |
| | | | - વેચાણ | ૩૦,૦૦૦ | |
| | | | | ૬૨,૦૦૦ | |
| કો.ઓપરેટીવ સોસાયટીની | | | - ઘસારો | ૭,૦૦૦ | ૫૫,૦૦૦ |
| ૬% ની લોન | ૨૫,૦૦૦ | | | | |
| +ચૂકવવાનું બાકી વ્યાજ | ૧,૫૦૦ | ૨૬,૫૦૦ | હાથ પર રોકડ | | ૨,૦૦૦ |
| | | | ખેતીના ઓજારો | | ૧૫,૦૦૦ |
| ટ્રેકટરની ચૂકવવાની બાકી રકમ | | ૩૦,૦૦૦ | ટ્રેકટર | | ૮૦,૦૦૦ |
| | | | કો.ઓપરેટીવ સોસાયટીના અનાજ વેચાણના બાકી લેણા | | ૧૩,૫૦૦ |
| | | | વાડ કરવાનો ખર્ચ | ૨,૫૦૦ | |
| | | | - માંડી વાળેલ | ૫૦૦ | ૨,૦૦૦ |
| | | | (૨,૫૦૦/૫ વર્ષ) | | |
| | | | બેંકમાં ડીપોઝીટ | | ૨૭,૦૦૦ |
| | | | પૂરા ના વેચાણ પર લેણી રકમ | | ૨,૫૦૦ |
| | | | પૂરા ના વેચાણ પર મળેલ રકમ | | |
| | | | (₹ ૪,૦૦૦ - ₹ ૨,૫૦૦) | | ૧,૫૦૦ |
| | | | શાકભાજીના વેચાણ પર લેણી રક | | ૨,૫૦૦ |
| | | | આખર સ્ટોક | | |
| | | | બિયારણ | | ૭,૧૫૦ |
| | | | ખાતર | | ૨,૩૫૦ |
| | | **૨,૧૦,૫૦૦** | | | **૨,૧૦,૫૦૦** |

**ઉદાહરણ ૫.** તા.૩-૧૨-૧૯૯૯ના રોજ પૂરા થતા વર્ષ માટે ખેડૂત શ્રી વલ્લભરાય પાસેથી નીચેની માહિતી મળેલ છે. તેમના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

| વિગત | ₹ |
|---|---|
| સરકારી સબસીડી | ૮,૦૦૦ |
| લોનનું વ્યાજ | ૧,૫૦૦ |
| પરચૂરણ લેણદારો | ૮,૦૦૦ |
| મૂડી | ૧૨,૦૦૦ |
| ખરીદી | |
| ખાતર | ૮,૬૦૦ |
| ઢોર-ઢાંખર | ૧૦,૦૦૦ |
| મજૂરી | ૫,૫૦૦ |
| કો.ઓપરેટીવ સોસાયટીની ૬% ની લોન | ૪૬,૦૦૦ |
| હોથ પર રોકડ | ૪,૨૦૦ |

| | |
|---|---|
| જમીન | ૬૪,૦૦૦ |
| ફાર્મના સાધનો | ૩૦,૦૦૦ |
| બેંકમાં ડીપોઝીટ | ૭,૯૦૦ |
| વાડ કરવાનો ખર્ચ | ૧૯,૫૦૦ |
| વીમા પ્રીમીયમ | ૨,૦૦૦ |
| ટ્રેક્ટરના ખર્ચા | ૫,૦૦૦ |
| ટ્રેક્ટર | ૭૦,૦૦૦ |
| વેચાણ | |
| અનાજ | ૧,૦૯,૦૦૦ |
| શાકભાજી | ૪૮,૦૦૦ |
| દૂધ | ૮,૦૦૦ |
| ઢોર-ઢાંખર | ૯,૫૦૦ |
| શરૂઆતની બાકી | |
| ઉભો પાક | ૪,૦૦૦ |
| જંતુનાશક દવાઓ | ૨,૧૦૦ |
| ઢોર-ઢાંખર | ૪૦,૦૦૦ |
| ઢોર-ઢાંખરનો ખોરાક | ૧,૫૦૦ |
| દેવાદારો | ૮,૦૦૦ |
| જમીન મહેસૂલ | ૧,૬૦૦ |
| અંગત વપરાશ માટે લીધેલ અનાજ | ૬,૯૦૦ |

**વધારાની માહિતીઃ**

(૧) મજૂરોને મજૂરીને બદલે ₹ ૮૫૦ નું અનાજ આપ્યુ.

(૨) વાડ બનાવવાનો ખર્ચ દોઢ વર્ષ માટે માંડી વાળો.

(૩) આખરની બાકી

ઢોર-ઢાંખર ₹ ૩૫,૬૦૦

જંતુનાશક દવા ₹ ૨,૦૦૦

અનાજ ₹ ૬,૩૦૦

(૪) ₹ ૧૮,૦૦૦ નું પૂરા નું વેચાણ કર્યુ. જેમાંથી ૩૦% રોકડ વેચાણ છે. ઉધાર વેચાણના ૫૦% ઘાલખાધ તરીકે માંડી વાળો.

**(સરદાર પટેલ યુનિવર્સિટી ૨૦૦૧ પર આધારીત)**

**તા. ૩૧-૧૨-૧૯૯૯ ના રોજ પૂરા થતા વર્ષનું શ્રી વલ્લભરાયનું કૃષિ ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી | | વેચાણ | |
| ઉભો પાક | ૪,૦૦૦ | અનાજ | ૧,૦૯,૦૦૦ |
| જંતુનાશક દવા | ૨,૧૦૦ | શાકભાજી | ૪૮,૦૦૦ |
| ખરીદી | | દૂધ | ૮,૦૦૦ |
| ખાતર | ૮,૬૦૦ | સરકારી સબસીડી | ૮,૦૦૦ |
| લોન પર વ્યાજ ૧,૫૦૦ | | મજૂરીના બદલે આપેલ અનાજ | ૮૫૦ |

| | | | |
|---|---|---|---|
| +ચૂકવવાનું બાકી 1,૨૬૦ | ૨,૭૬૦ | પૂરા નું વેચાણ | ૧૮,૦૦૦ |
| મજૂરી ૫,૫૦૦ | | અંગત વપરાશ માટે લીધેલ અનાજ | ૬,૯૦૦ |
| + મજૂરીને બદલે | | | |
| આપેલ અનાજ ૮૫૦ | ૬,૩૫૦ | આખરની બાકી | |
| માંડી વાળેલ વાડ કરવાનો ખર્ચ | ૧૩,૦૦૦ | જંતુનાશક દવા | ૨,૦૦૦ |
| વીમા પ્રીમીયમ | ૨,૦૦૦ | અનાજ | ૬,૩૦૦ |
| ટ્રેકટરના ખર્ચા | ૫,૦૦૦ | | |
| ઢોર-ઢાંખરનો ખોરાક | ૧,૫૦૦ | | |
| જમીન મહેસૂલ | ૧,૬૦૦ | | |
| ઢોર-ઢાંખર પર ઘસારો | ૪,૯૦૦ | | |
| ઘાલખાધ | ૬,૩૦૦ | | |
| ચોખ્ખો નફો | ૧,૪૮,૯૪૦ | | |
| | **૨,૦૭,૦૫૦** | | **૨,૦૭,૦૫૦** |

## ૩૧-૧૨-૧૯૯૯ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | | ₹ | મિલકતો | | ₹ |
|---|---|---|---|---|---|
| મૂડી | ૪૨,૦૦૦ | | ઢોર-ઢાંખર | | |
| + ચોખ્ખો નફો | ૧,૪૮,૯૪૦ | | શરૂઆતનો સ્ટોક | ૪૦,૦૦૦ | |
| | ૧,૯૦,૯૪૦ | | + ખરીદી | ૧૦,૦૦૦ | |
| - ઉપાડ | ------- | ૧,૯૦,૯૪૦ | | ૫૦,૦૦૦ | |
| | | | - વેચાણ | ૯,૫૦૦ | |
| ૬% ની લોન | ૪૬,૦૦૦ | | | ૪૦,૫૦૦ | |
| +ચૂકવવાનું બાકી વ્યાજ | ૧,૨૬૦ | ૪૭,૨૬૦ | - ઘસારો | ૪,૯૦૦ | ૩૫,૬૦૦ |
| પરચૂરણ લેણદારો | | ૮,૦૦૦ | હાથ પર રોકડ | | ૪,૨૦૦ |
| | | | જમીન | | ૬૪,૦૦૦ |
| | | | ફાર્મના સાધનો | | ૩૦,૦૦૦ |
| | | | વાડ કરવાનો ખર્ચ | ૧૯,૫૦૦ | |
| | | | - માંડી વાળેલ | ૧૩,૦૦૦ | ૬,૫૦૦ |
| | | | (₹ ૧૯,૫૦૦ /૧.૫ વર્ષ) | | |
| | | | દેવાદારો | | ૮,૦૦૦ |
| | | | પૂરા નું રોકડ વેચાણ | | ૫,૪૦૦ |
| | | | (₹ ૧૮,૦૦૦ ના ૩૦%) | | |
| | | | પૂરા નાં વેચાણની | | |
| | | | લેણી રકમ (૧૮,૦૦૦-૫૪૦૦) | | |
| | | | | ૧૨,૬૦૦ | |
| | | | - ૫૦% ઘાલખાધ | ૬,૩૦૦ | ૬,૩૦૦ |
| | | | આખરની બાકી | | |
| | | | જંતુનાશક દવાઓ | | ૨,૦૦૦ |
| | | | અનાજ | | ૬,૩૦૦ |
| | | | ટ્રેક્ટર | | ૭૦,૦૦૦ |
| | | **૨,૪૬,૨૦૦** | | | **૨,૪૬,૨૦૦** |

ઉદાહરણ ૬. ખેડૂતશ્રી ગોવિંદભાઇ પટેલનાં ચોપડામાંથી મેળવવામાં આવેલ નીચેની માહિતી પરથી તેમા ૩૧-૧૨-૨૦૦૬ ના રોજ પૂરા થતા વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

| વિગત | | ₹ |
|---|---|---|
| સરકારી સબસીડી | | ૩૦,૦૦૦ |
| પાકનું વીમા પ્રીમીયમ | | ૯,૦૦૦ |
| દેવાદારો | | ૨૫,૦૦૦ |
| કો.ઓપરેટીવ સોસાયટીની ૧૨% ની લોન | | ૧,૨૬,૦૦૦ |
| વેચાણ | | |
| અનાજ | ૪,૮૦,૦૦૦ | |
| ઢોર-ઢાંખણ | ૩,૦૦,૦૦૦ | |
| શાકભાજી | ૯૦,૦૦૦ | |
| દૂધની બનાવટો | ૫૪,૦૦૦ | ૯,૨૪,૦૦૦ |
| શરૂઆતની બાકી | | |
| ઢોર-ઢાંખર | ૭,૫૦,૦૦૦ | |
| શાકભાજી | ૧,૭૧,૦૦૦ | |
| અનાજ | ૩,૬૦,૦૦૦ | ૧૨,૮૧,૦૦૦ |
| વેપારીઓના બાકી દેવાં | | ૬૦,૦૦૦ |
| સિંચાઇના ખર્ચા | | ૪૨,૦૦૦ |
| મજૂરી | | ૨૭,૦૦૦ |
| ખરીદી | | |
| ઢોર-ઢાંખર | ૯૦,૦૦૦ | |
| બિયારણ | ૪૨,૦૦૦ | |
| ખાતર | ૪૫,૦૦૦ | ૧,૭૭,૦૦૦ |
| ઢોર-ઢાંખરનો ખોરાકનો ખર્ચ | | ૧૦,૦૦૦ |
| માર્કેટીંગ યાર્ડના બાકી લેણાં | | ૧,૫૦,૦૦૦ |
| મૂડી | | ૭,૫૦,૦૦૦ |
| હાથ પર રોકડ | | ૧૨,૦૦૦ |
| જમીન મહેસૂલ | | ૨૧,૦૦૦ |
| જંતુનાશક દવાઓનો ખર્ચ | | ૧૫,૦૦૦ |
| વાડ કરવાનો ખર્ચ | | ૨૧,૦૦૦ |
| કાયમી મિલકતો | | ૧,૦૦,૦૦૦ |

**વધારાની માહિતીઃ**

(૧) આખરની બાકીઓ

| | |
|---|---|
| ઢોર-ઢાંખર | ₹ ૬,૦૦,૦૦૦ |
| અનાજ | ₹ ૩,૦૦,૦૦૦ |
| શાકભાજી | ₹ ૯૦,૦૦૦ |

(૨) મજૂરોને મજૂરીનાં બદલે આપેલ અનાજ ₹ ૪,૫૦૦.

(૩) શાકભાજીનો અંગત વપરાશ ₹ ૩૬,૦૦૦.

(૪) કો-ઓપરેટીવ સોસાયટીની લોનનું વ્યાજ હજી ચૂકવવાનું બાકી છે.
(૫) વાડ બનાવવાનો ખર્ચ ૨૮ મહિના સુધી માંડી વાળવો.
(૬) પૂરા નું વેચાણ ₹ ૨૫,૦૦૦ જેમાંથી૮૦ % રોકડ વેચાણ છે. ઉધાર વેચાણના ૩૦% ઘાલખાધ તરીકે માંડી વાળવાના છે.

(સરદાર પટેલ યુનિવર્સિટી- ૨૦૦૭ પર આધારીત)

**૩૧-૧૨-૨૦૦૬ના રોજ પૂરા થતા વર્ષનું શ્રી ગોવિંદભાઇ પટેલનું કૃષિ ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી | | વેચાણ | |
| શાકભાજી | ૧,૭૧,૦૦૦ | અનાજ | ૪,૮૦,૦૦૦ |
| અનાજ | ૩,૬૦,૦૦૦ | શાકભાજી | ૯૦,૦૦૦ |
| ખરીદી | | દૂધની બનાવટે | ૫૪,૦૦૦ |
| બિયારણ | ૪૨,૦૦૦ | સરકારી સબસીડી | ૩૦,૦૦૦ |
| ખાતર | ૪૫,૦૦૦ | અનાજના બદલે ચૂકવેલ મજૂરી | ૪,૫૦૦ |
| પાકનું વીમા પ્રીમીયમ | ૯,૦૦૦ | અંગત વપરાશમાં લીધેલ શાકભાજી | ૩૬,૦૦૦ |
| સિંચાઇના ખર્ચા | ૪૨,૦૦૦ | પૂરા નું વેચાણ | ૨૫,૦૦૦ |
| મજૂરી ૨૭,૦૦૦ | | ઢોર-ઢાંખરમાં વધારો | ૬૦,૦૦૦ |
| + મજૂરીની બદલામાં | | | |
| આપેલ અનાજ ૪,૫૦૦ | ૩૧,૫૦૦ | આખરની બાકી | |
| ઢોર-ઢાંખરનો ખવડાવાનો ખર્ચ | ૧૦,૦૦૦ | અનાજ | ૩,૦૦,૦૦૦ |
| જંતુનાશક દવાનો ખર્ચ | ૧૫,૦૦૦ | શાકભાજી | ૯૦,૦૦૦ |
| જમીન મહેસૂલ | ૨૧,૦૦૦ | | |
| માંડી વાળેલ વાડ કરવાનો ખર્ચ | ૯,૦૦૦ | | |
| ઘાલખાધ | ૧,૫૦૦ | | |
| કો-ઓપરેટીવ સોસાયટીની | | | |
| લોનનું ચૂકવવાનું બાકી વ્યાજ | ૧૫,૧૨૦ | | |
| ચોખ્ખો નફો | ૩,૯૭,૩૮૦ | | |
| | **૧૧,૬૯,૫૦૦** | | **૧૧,૬૯,૫૦૦** |

**૩૧-૧૨-૨૦૦૬નું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| મૂડી ૭,૫૦,૦૦૦ | | ઢોર-ઢાંખર | |
| + ચોખ્ખો નફો ૩,૯૭,૩૮૦ | | શરૂઆતનો સ્ટોક ૭,૫૦,૦૦૦ | |
| ૧૧,૪૭,૩૮૦ | | + ખરીદી ૯૦,૦૦૦ | |
| - ઉપાડ ૩૬,૦૦૦ | ૧૧,૧૧,૩૮૦ | ૮,૪૦,૦૦૦ | |
| કો.ઓપરેટીવ સોસાયટીની | | - વેચાણ ૩,૦૦,૦૦૦ | |
| ૧૨% ની લોન ૧,૨૬,૦૦૦ | | ૫,૪૦,૦૦૦ | |
| +ચૂકવવાનું બાકી વ્યાજ ૧૫,૧૨૦ | ૧,૪૧,૧૨૦ | + વધારો ૬૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ |
| વેપારીના બાકી દેવા | ૬૦,૦૦૦ | દેવાદારો | ૨૫,૦૦૦ |
| | | માર્કેટીંગ યાર્ડના બાકી લેણા | ૧,૫૦,૦૦૦ |
| | | હાથ પર રોકડ | ૧૨,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| | | વાડ કરવાનો ખર્ચ ૨૧,૦૦૦<br>- માંડી વાળેલ ૯,૦૦૦<br>(₹ ૨૧,૫૦૦ x ૧૨/૨૯) | ૧૨,૦૦૦ |
| | | કાયમી મિલકતો | ૧,૦૦,૦૦૦ |
| | | પૂરા નું રોકડ વેચાણ<br>(₹ ૨૫,૦૦૦ ના ૮૦%) | ૨૦,૦૦૦ |
| | | પૂરા ના વેચાણની લેણી રકમ<br>(૨૫,૦૦૦ - ૨૦,૦૦૦)<br>૫,૦૦૦<br>- ૩૦% ઘાલખાધ ૧,૫૦૦ | ૩,૫૦૦ |
| | | આખરની બાકી: | |
| | | અનાજ | ૩,૦૦,૦૦૦ |
| | | શાકભાજી | ૯૦,૦૦૦ |
| | **૧૩,૧૨,૫૦૦** | | **૧૩,૧૨,૫૦૦** |

**ઉદાહરણ ૭.** શ્રી અશ્વિનકુમાર ખેડૂતની નીચે આપેલ માહિતી પરથી વર્ષ ૧૯૯૮ના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**કાચું સરવૈયું**

| ઉધાર બાકી | ₹ | જમા બાકી | ₹ |
|---|---|---|---|
| શરૂનો સ્ટોક | | વેચાણ | |
| ઢોર-ઢાંખર | ૩૫,૦૦૦ | ઢોર-ઢાંખર | ૧૬,૦૦૦ |
| અનાજ | ૭,૦૦૦ | અનાજ | ૧૦,૦૦૦ |
| શાકભાજી | ૭૦૦ | શાકભાજી | ૩,૦૦૦ |
| ખરીદી | | દૂધની બનાવટો | ૧,૮૦૦ |
| ઢોર-ઢાંખર | ૩,૦૦૦ | લેણદારો | ૨,૦૦૦ |
| બિયારણ અને ખાતર | ૧,૪૦૦ | ૧૦% ની લોન | ૨૦,૦૦૦ |
| ઢોર-ઢાંખરનો ખોરાક | ૧,૦૦૦ | મૂડી | ૪૮,૦૦૦ |
| દેવાદારો | ૩,૫૦૦ | સરકારી સબસીડી | ૧૦૦ |
| મજૂરી | ૭૦૦ | | |
| ભાડુ અને વીમો | ૫૦૦ | | |
| રીપેર અને મેઇન્ટેન્સ | ૧,૪૦૦ | | |
| પાણી ખર્ચ | ૪૦૦ | | |
| ઉપાડ | ૯૦૦ | | |
| બેંકમાં રોકડ | ૪૦૦ | | |
| ફાર્મ મશીનરી | ૧૦,૦૦૦ | | |
| જમીન-મકાન | ૩૨,૦૦૦ | | |
| વાડ કરવાનો ખર્ચ | ૩,૦૦૦ | | |
| | **૧,૦૦,૯૦૦** | | **૧,૦૦,૯૦૦** |

**વધારાની માહિતીઃ**

(૧) આખરનો સ્ટૉક

| | |
|---|---|
| ઢોર-ઢાંખર | ₹ ૧૨,૦૦૦ |
| અનાજ | ₹ ૧૦,૦૦૦ |
| દૂધની બનાવટો | ₹ ૨,૦૦૦ |
| શાકભાજી | ₹ ૩,૦૦૦ |

(૨) ફાર્મ મશીનરી પર ૧૦% લેખે ઘસારો ગણો.

(૩) ₹ ૨,૦૦૦ ના શાકભાજી ખેડૂત દ્વારા વપરાય છે.

(૪) મજૂરી ₹ ૪૦૦ અને પાણી ખર્ચ ₹ ૨૦૦ ચૂકવવાના બાકી છે.

(૫) ₹ ૧,૦૦૦ નાં પૂરાનું ઉધાર વેચાણ થયું છે.

(૬) વાડ કરવાનો ખર્ચ ૩ વર્ષ માટે માંડી વાળવાનો છે.

(૭) ₹ ૨૫૦ નાં પૂરા ઢોર-ઢાંખરના ખોરાક માટે ઉપયોગમાં લીધેલ છે.

**(સરદાર પટેલ યુનિવર્સિટી ૨૦૦૨ અને ૨૦૦૮ પર આધારીત)**

**શ્રી અશ્વિનકુમારનું કૃષિ ખાતું**

ઉ. જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| શરૂઆતની બાકી | | | વેચાણ | |
| અનાજ | | ૭,૦૦૦ | અનાજ | ૧૦,૦૦૦ |
| શાકભાજી | | ૭૦૦ | શાકભાજી | ૩,૦૦૦ |
| ખરીદી | | | દૂધની બનાવટો | ૧,૮૦૦ |
| બિયારણ અને અનાજ | | ૧,૪૦૦ | સરકારી સબસીડી | ૧૦૦ |
| ઢોર-ઢાંખરનો ખોરાક | | ૧,૦૦૦ | ખેડૂત દ્વારા વપરાયેલ શાકભાજી | ૨,૦૦૦ |
| મજૂર | ૭૦૦ | | પૂરાનું ઉધાર વેચાણ | ૧,૦૦૦ |
| + ચૂકવવાની બાકી | ૪૦૦ | ૧,૧૦૦ | ઢોર-ઢાંખર માટે લીધેલા પૂરા | ૨૫૦ |
| ભાડુ અને વીમો | | ૫૦૦ | | |
| રીપેર અને મેઇન્ટેનન્સ | | ૧,૪૦૦ | આખર સ્ટૉક | |
| પાણી ખર્ચ | ૪૦૦ | | અનાજ | ૧૦,૦૦૦ |
| + ચૂકવવાનો બાકી | ૨૦૦ | ૬૦૦ | દૂધની બનાવટો | ૨,૦૦૦ |
| ફાર્મ મશીનરી પર ઘસારો | | ૧,૦૦૦ | શાકભાજી | ૩,૦૦૦ |
| માંડી વાળેલ વાડ કરવાનો ખર્ચ | | ૧,૦૦૦ | | |
| લોન પર ચૂકવવાનું બાકી વ્યાજ | | ૨,૦૦૦ | | |
| ઢોર-ઢાંખર પર ઘસારો | | ૧૦,૦૦૦ | | |
| ઢોર-ઢાંખરના ખોરાક માટે લીધેલ પૂરા | | ૨૫૦ | | |
| ચોખ્ખો નફો | | ૫,૨૦૦ | | |
| | | **૩૩,૧૫૦** | | **૩૩,૧૫૦** |

### પાકું સરવૈયું

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| મૂડી ૪૮,૦૦૦ | | ઢોર-ઢાંખર | |
| + ચોખ્ખો નફો ૫,૨૦૦ | | શરૂઆતનો સ્ટોક ૩૫,૦૦૦ | |
| ૫૩,૨૦૦ | | + ખરીદી ૩,૦૦૦ | |
| - ઉપાડ ૨,૯૦૦ | ૫૦,૩૦૦ | ૩૮,૦૦૦ | |
| (૯૦૦+૨,૦૦૦) | | - વેચાણ ૧૬,૦૦૦ | |
| ચૂકવવાની બાકી મજૂરી | ૪૦૦ | ૨૨,૦૦૦ | |
| ચૂકવવાનો બાકી પાણી ખર્ચ | ૨૦૦ | + વધારો ૧૦,૦૦૦ | ૨,૦૦૦ |
| લેણદારો | ૨,૦૦૦ | દેવાદારો | ૩,૫૦૦ |
| ૧૦% ની લોન ૨૦,૦૦૦ | | બેંકમાં રોકડ | ૪૦૦ |
| +ચૂકવવાનું બાકી વ્યાજ ૨,૦૦૦ | ૨૨,૦૦૦ | ફાર્મ મશીનરી ૧૦,૦૦૦ | |
| | | - ૧૦% ઘસારો ૧,૦૦૦ | ૯,૦૦૦ |
| | | જમીન-મકાન | ૩૨,૦૦૦ |
| | | વાડ કરવાનો ખર્ચ ૩,૦૦૦ | |
| | | - માંડી વાળેલ ૧,૦૦૦ | |
| | | (₹ ૩,૦૦૦/૩ વર્ષ) | |
| | | પૂરાનું ઉધાર વેચાણ | ૧,૦૦૦ |
| | | આખર સ્ટૉક | |
| | | અનાજ | ૧૦,૦૦૦ |
| | | દૂધની બનાવટો | ૨,૦૦૦ |
| | | શાકભાજી | ૩,૦૦૦ |
| | **૭૪,૯૦૦** | | **૭૪,૯૦૦** |

**ઉદાહરણ ૮.** ખેડૂત શ્રી માધવલાલના ચોપડામાંથી મેળવવામાં આવેલ કાચા-સરવૈયા પરથી તા. ૩૧-૧૨-૨૦૦૫ના રોજ પૂરા થતા વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

| ઉધાર બાકી | ₹ | જમા બાકી | ₹ |
|---|---|---|---|
| શરૂનો સ્ટૉક | | વેચાણ | |
| ઢોર-ઢાંખર | ૧,૪૦,૦૦૦ | ઢોર-ઢાંખર | ૬૪,૦૦૦ |
| અનાજ | ૨૮,૦૦૦ | અનાજ | ૪૦,૦૦૦ |
| શાકભાજી | ૨,૮૦૦ | શાકભાજી | ૧૨,૦૦૦ |
| ખરીદી | | દૂધની બનાવટો | ૭,૨૦૦ |
| ઢોર-ઢાંખર | ૧૨,૦૦૦ | લેણદારો | ૮,૦૦૦ |
| બિયારણ અને ખાતર | ૫,૬૦૦ | ૧૦% ની લોન | ૮૦,૦૦૦ |
| પશુ-દાણ | ૪,૦૦૦ | મૂડી | ૧,૯૨,૦૦૦ |
| દેવાદારો | ૧૪,૦૦૦ | સરકારી સબસીડી | ૪૦૦ |
| મજૂરી | ૨,૮૦૦ | | |
| ભાડુ અને વીમો | ૨,૦૦૦ | | |
| સમારકામ ખર્ચ | ૫,૬૦૦ | | |
| પાણી ખર્ચ | ૧,૬૦૦ | | |

| | | | |
|---|---|---|---|
| ઉપાડ | ૩,૬૦૦ | | |
| બેંકમાં રોકડ | ૧,૬૦૦ | | |
| ફાર્મ મશીનરી | ૪૦,૦૦૦ | | |
| જમીન મકાન | ૧,૨૮,૦૦૦ | | |
| વાડ કરવાનો ખર્ચ | ૧૨,૦૦૦ | | |
| | ૪,૦૩,૬૦૦ | | ૪,૦૩,૬૦૦ |

**વધારાની માહિતી:**

(૧) આખર સ્ટોક

| | |
|---|---|
| ઢોર-ઢાંખર | ₹ ૪૮,૦૦૦ |
| અનાજ | ₹ ૪૦,૦૦૦ |
| દૂધની બનાવટો | ₹ ૮,૦૦૦ |
| શાકભાજી | ₹ ૧૨,૦૦૦ |

(૨) ફાર્મ મશીનરી પર ૧૦% ઘસારો ગણો.

(૩) ₹ ૮૦૦ના શાકભાજીનો અંગત વપરાશ કરેલ છે.

(૪) ₹ ૧,૬૦૦ મજૂરી અને ₹ ૮૦૦ પાણી ખર્ચ ચૂકવવાના બાકી છે.

(૫) ₹ ૪,૦૦૦ ના પૂરા નું ઉધાર વેચાણ કરેલ છે.

(૬) વાડ કરવાનો ખર્ચ ૩ વર્ષ માટે માંડી વાળો.

(૭) ₹ ૧,૦૦૦નું ઘાસ ઢોર-ઢાંખર માટે ઉગાડ્યુ.

**(સરદાર પટેલ યુનિવર્સિટી ૨૦૦૯ પર આધારીત)**

**શ્રી માધવલાલનુ કૃષિ ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની બાકી | | વેચાણ | |
| બેંક સિલક (અસીલો) | ૧,૫૦,૦૦૦ | | |
| દેવાદારો (ખર્ચ) | ૧,૨૦,૦૦૦ | અસીલોના ખાતાવહીની બાકી | ૧,૩૮,૦૦૦ |
| દેવાદારો (અસીલો) | ૧,૫૦,૦૦૦ | ડિરેક્ટરોની ફી | |
| અસીલોની ખાતાવહીની બાકી | ૧,૩૨,૦૦૦ | એ | ૧૨,૦૦૦ |
| પગાર | ૯૦,૦૦૦ | બી | ૨૪,૦૦૦ |
| ઓફિસ ખર્ચ | ૩૬,૦૦૦ | સી | ૨૧,૦૦૦ |
| ફર્નિચર તથા ફિટીંગ્સ | ૧૮,૦૦૦ | | |
| | | વીમાનું કમીશન | ૩૦,૦૦૦ |
| | | લેણદારો | ૧૫,૦૦૦ |
| | | ફી અંગે અનામત (૦૧-૦૪-૨૦૧૬) | ૧,૨૦,૦૦૦ |
| | | અસીલોનો ખર્ચ (૨૦૧૬-૧૭ માટે) | ૨,૧૦,૦૦૦ |
| | **૭,૫૦,૦૦૦** | | **૭,૫૦,૦૦૦** |

**વધારાની માહિતીઃ**

(૧) બી ને ₹ ૨૭,૦૬૦ પગાર મળવાપાત્ર છે.

(૨) મૂડી પર ૧૦% વ્યાજ ગણો.

(૩) દરેક ભાગીદાર પોતાની કમાણીમાંથી ૧/૨ ભાગ ડિરેક્ટરોની ફી તરીકે લેશે. બાકીની રકમ સામાન્ય નફા-નુકશાન ખાતામાં જશે.

(૪) ફર્નિચર તથા ફિટીંગ્સ ₹ ૧૨,૦૦૦ નું થશે.

**જવાબઃ**
ચોખ્ખો નફો ₹ ૯૧,૪૪૦, પાકા સરવૈયાનો સરવાળો ₹ ૫,૨૮,૦૦૦, નફા-નુકશાનનું પ્રમાણ ૧:૨:૩

# પ્રકરણ ૮
# બિન વેપારી સંસ્થાઓના હિસાબો

૮.૧ પ્રાસ્તાવિક
૮.૨ બિન વેપારી સંસ્થાઓનો અર્થ
૮.૩ બિન વેપારી સંસ્થાઓના લક્ષણો
૮.૪ બિન વેપારી સંસ્થાઓના હિસાબો
૮.૫ બિન વેપારી સંસ્થાઓના વાર્ષિક હિસાબો
૮.૬ વેપારી સંસ્થા અને બિન વેપારી સંસ્થા વચ્ચેનો તફાવત
૮.૭ આવકોનું વર્ગીકરણ
૮.૮ મૂડી આવક અને મહેસૂલી આવક વચ્ચેનો તફાવત
૮.૯ ખર્ચાઓનું વર્ગીકરણ
૮.૧૦ મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચ વચ્ચેનો તફાવત
૮.૧૧ બિન વેપારી સંસ્થા સાથે સંકળાયેલી કેટલીક ખાસ બાબતો
૮.૧૨ મૂડી આવક અને મહેસૂલી આવકની યાદી
૮.૧૩ મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચની યાદી
૮.૧૪ આવક-જાવક ખાતું
૮.૧૫ ઉપજ-ખર્ચ ખાતું
૮.૧૬ આવક-જાવક અને ઉપજ-ખર્ચ ખાતા વચ્ચેનો તફાવત
૮.૧૭ પાકું સરવૈયું
૮.૧૮ સ્વાધ્યાય

# પ્રકરણ ૮
# બિન વેપારી સંસ્થાઓના હિસાબો

## ૮.૧ પ્રાસ્તાવિક

ધંધો સ્થાપવાનો મુખ્ય ઉદ્દેશ નફો કરવાનો હોય છે. પરંતુ ઘણી પેઢી કે સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ નફો કરવાનો નહી પરતુ તેના સભ્યો તથા સામાન્ય પ્રજા એટલે કે સમાજને વિવિધ સેવાઓ પૂરી પાડવાનો હોય છે. આમ, આવા સમાજ સેવાના કાર્યમાં જોડાયેલી સંસ્થાઓમાં શાળા, ધાર્મિક સંસ્થાઓ, સાંસ્કૃતિક અને કલાના વિકાસને લગતી સંસ્થાઓ, રમત ગમત ક્લબ, મજૂર સંગઠનો, મેડિકલ એસોસિયેશનો, જાહેર હોસ્પીટલ, પુસ્તકાલય, શૈક્ષણિક સંસ્થા વગેરેનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓનું કાર્ય જેમ ઉપર જણાવ્યું તેમ તેમના સભ્યો તથા સમાજના ઉત્કર્ષની વિવિધ પ્રવૃતિએ જેવી કે શિક્ષણનો પ્રચાર, રમતગમતનો વિકાસ, સાંસ્કૃતિક અને કલાનુ જતન, સામાજિક સગવડો પૂરી પાડવી વગેરે હોય છે. આવી પ્રવૃતિ સાથે જોડાયેલી સંસ્થા જેનો ઉદ્દેશ નફો કરવાનો નથી તેવી સંસ્થાઓને બિન-વેપારી સંસ્થા કહેવામાં આવે છે.

આમ, આ સંસ્થાઓ પોતાના દ્વારા ચલાવવામાં આવતી પ્રવૃતિમાંથી આવક મેળવે છે અને તેનો ઉપયોગ સમાજ સેવા અથવા તો સમાજ ઊપયોગી કાર્યો માટે કરવામાં આવે છે. જેવી રીતે વેપારી સંસ્થા વર્ષના અંતે હિસાબો તૈયાર કરે છે તેમ બિન-વેપારી સંસ્થા પણ વર્ષના અંતે પોતાના હિસાબો તૈયાર કરે છે. પરંતુ, બંનેના હિસાબો તૈયાર કરવામાં તફાવત છે. વેપારી સંસ્થા વેપારખાતું, નફા-નુકશાન ખાતું અને પાકુ સરવૈયું બનાવે છે. પણ બિન-વેપારી સંસ્થા આવક-જાવક ખાતું, ઊપજ ખર્ચ ખાતું અને પાકુ સરવૈયુ બનાવે છે.

## ૮.૨ બિન વેપારી સંસ્થાઓનો અર્થ

જે સંસ્થાની સ્થાપના તેના સભ્યોને સગવડો પૂરી પાડવા અને સમાજની સેવા કરવા માટે કરવામાં આવી હોય તથા જેનો ઉદ્દેશ નફો કરવાનો ન હોય તેવી સંસ્થાને બિન-વેપારી સંસ્થા કહેવામાં આવે છે.
સામાન્ય રીતે કહેવામાં આવે તો જે સંસ્થા સામાજિક કલ્યાણની પ્રવૃતિ માટે સ્થપાયેલી હોય તેને બિન-વેપારી સંસ્થા કહેવામાં આવે છે.
સામાજિક કલ્યાણની પ્રવૃતિમાં રમત ગમતની પ્રવૃતિ શિક્ષણના પ્રચાર-પ્રસારની પ્રવૃતિ, દાકતરી સેવાઓ, પુસ્તકાલયની સેવા વગેરે ગણાવી શકાય. આવી પ્રવૃતિ કરતી સંસ્થામાં (૧) જાહેર પુસ્તકાલય (૨) જાહેર ધર્માદા સંસ્થા (૩) રમત ગમત ક્લબ (૪) મજૂર મહાજન (૫) રેડક્રોસ સોસાયટી (૬) શાળા કોલેજો જેવી બિન વેપારી સંસ્થા (૭) જાહેર દવાખાના (હોસ્પિટલ) (૮) અનાથ આશ્રમ (૯) સાંસ્કૃતિક પ્રવૃતિ માટેના એશોશિયેશન, જુનિયર ચેમ્બર, રોટરી ક્લબ, લાયન્સ ક્લબ વગેરે.
દા.ત- સરદાર પટેલ વિશ્વ વિદ્યાલય, જાહેર પુસ્તકાલય, જીવરાજ મહેતા હોસ્પિટલ.

## ૮.૩ બિન-વેપારી સંસ્થાઓના લક્ષણો

બિન વેપારી સંસ્થાના લક્ષણો નીચે મુજબ છેઃ

(૧) **સેવાનો હેતુઃ** બિન વેપારી સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ સમાજ તથા તેમના સભ્યોને કોઈપણ જાતના જાતિ જ્ઞાતિ, રંગના ભેદભાવ વિના સેવા પૂરી પાડવાનો છે. તેની સ્થાપના જ સેવાકીય પ્રવૃતિ માટે કરવામાં આવે છે નહિ કે નફો કરવાના ઉદ્દેશથી.

(૨) **સભ્યઃ** જાહેર ધર્માદા સંસ્થા, મજૂર સંગઠન, ક્લ્બ (રમતગમત વગેરે)નો સમાવેશ બિન વેપારી સંસ્થામાં થાય છે. તેમાં સભ્ય થયા તો નોંધણી સભ્ય બની શકાય છે. અને સંસ્થા સાથે સમાજ ઉપયોગી કાર્ય કરી શકાય છે.

(૩) **સંચાલકઃ** બિન વેપારી સંસ્થાના હિસાબો તેમજ કાર્યનું સંચાલન તેના સંચાલકો દ્વારા કરવામાં આવે છે.

(૪) **આવકઃ** સંસ્થાની મુખ્ય આવકના સાધનો જેવા કે સભ્યોનું લવાજમ, દાન, સરકારી મદદ, રોકાણોમાંથી મળેલ આવક વગેરે મુખ્ય છે.

(૫) **વેપારખાતુંઃ** સામાન્ય રીતે આ સંસ્થાનો હેતુ વેપાર કરવાનો નથી માટે તેઓ વેપારખાતું તૈયાર કરતા નથી આમ છતાં ઘણા કલબ કે અન્ય સંસ્થાઓ પોતાના સભ્યોને કેટલીક સગવડ પૂરી પાડવા માટે અમુક વસ્તુઓનું ખરીદ-વેચાણ કરતી હોય છે.

(૬) **ઊપજ-ખર્ચ ખાતુંઃ** બિન વેપારી સંસ્થાનો ઉદ્દેશ નફો કરવાનો ન હોવાથી તેઓ નફા-નુકશાન ખાતું બનાવતા નથી પણ ઊપજ-ખર્ચની સ્થિતિ જાણવા માટે ઊપજ-ખર્ચ ખાતું તૈયાર કરવામાં આવે છે.

(૭) **આવક-જાવક ખાતુંઃ** આવા પ્રકારની સંસ્થાના મોટાભાગના બધા જ વ્યવહારો રોકડેથી થતા હોય છે. તો આવા વ્યવહારો નોંધવા માટે આવક જાવક ખાતું તૈયાર કરે છે. અને વેપારી સંસ્થાની જેમ રોકડમેળ બનાવવામાં આવતો નથી.

(૮) **પાકું સરવૈયુંઃ** સંસ્થાની સાચી આર્થિક પરિસ્થિતિ જાણવા માટે સંસ્થાનું પાકું સરવૈયું તૈયાર કરવામાં આવે છે.

(૯) **મૂડી ભંડોળઃ** બિન વેપારી સંસ્થાની મૂડી ને મૂડી ફંડ, મૂડી ભંડોળ કે કાયમી ફંડ તરીકે ઓળખવામાં આવે છે.

### ૮.૪ બિન વેપારી સંસ્થાઓના હિસાબો

બિન વેપારી સંસ્થાના હિસાબો રાખવા માટે મુખ્ય બે પધ્ધતિઓ છે.

#### (૧) વેપારી પધ્ધતિ

બિન વેપારી સંસ્થાના ઊપજ-ખર્ચના ઉધાર અને રોકડ એમ બંન્ને પ્રકારના વ્યવહારો નોંધી વર્ષના અંતે હિસાબો તૈયાર કરવામાં આવે છે. તેને વેપારી પધ્ધતિ કહેવામાં આવે છે. જેમાં ચૂકવેલ અને ચૂકવવાના બાકી ખર્ચ તથા મળેલ અને મળવાની બાકી ઊપજ બંન્નેનો સમાવેશ થાય છે.

#### (૨) રોકડ પધ્ધતિ

આ પધ્ધતિમાં વર્ષ દરમિયાન થયેલ ફક્ત રોકડેથી ચૂકવેલ ખર્ચ અને રોકડેથી મળેલ આવકનો સમાવેશ થાય છે. ઉધાર વ્યવહારોને કોઇ સ્થાન નથી.

### ૮.૫ બિન વેપારી સંસ્થાઓના વાર્ષિક હિસાબો

#### (૧) આવક-જાવક ખાતું

આ ખાતાનુ સ્વરૂપ રોકડ મેળ જેવું જ છે. જેમાં રોકડ અને બેંકને લગતા તમામ વ્યવહારો નોંધવામાં આવે છે. આવક-જાવકનું ખાતું બનાવેલુ હોય તો તેના પરથી ઊપજ-ખર્ચ ખાતું બનાવવાની સરળતા રહે છે. તદ્ઉપરાંત બિન વેપારી સંસ્થાઓ કાયદા પ્રમાણે ઊપજ-ખર્ચ ખાતું અને પાકું સરવૈયું જ્યારે નોધણી આફીસમાં જમા કરાવે ત્યારે આવક-જાવક ખાતું બનાવી જમા કરાવવું ફરજિયાત છે. વધુમાં, આવક-જાવક ખાતું ભૂતકાળની, ચાલુ વર્ષની અને આગમી વર્ષની તમામ મૂડી અને મહેસૂલી આવકો દર્શાવે છે.

#### (૨) ઊપજ-ખર્ચ ખાતું

અગાઉ જણાવ્યુ તે મુજબ, બિન વેપારી સંસ્થાનો ઉદ્દેશ નફો કરવાનો હોતો નથી તેથી તેઓ નફા-નુકશાન ખાતું બનાવતા નથી પરંતુ સંસ્થાની પ્રવૃતિ ચલાવવા માટે પૂરતી ઊપજ છે કે નહિ જાણવા માટે ઊપજ-ખર્ચ ખાતું બનાવવામાં આવે છે. ઊપજ-ખર્ચ ખાતું એ નફા-નુકશાન ખાતાં જેવું જ છે. આ ખાતાની ઉધાર બાજુ સંસ્થાને લગતા ફક્ત ચાલુ વર્ષના મહેસૂલી ખર્ચ નોધવામાં આવે છે. જ્યારે જમા બાજુ ફક્ત ચાલુ વર્ષની મહેસુલી આવકો નોંધવામાં આવે છે. વર્ષના અંતે ઊપજો ખર્ચ કરતા વધુ હોય તો "ઉપજનો ખર્ચ કરતા વધારો" અને જો ખર્ચ ઉપજ કરતા વધુ હોય તો "ખર્ચનો ઉપજો કરતા વધારો" તેમ નોંધવામાં આવે છે.

### (૩) પાકું સરવૈયું

વેપારી સંસ્થા જેમ ધંધાની આર્થિક પરિસ્થિતિ જાણવા માટે પાકું સરવૈયું બનાવે છે તેવી રીતે બિન વેપારી સંસ્થા, સંસ્થાની આર્થિક પરીસ્થિતિ જાણવા પાકું સરવૈયું તૈયાર કરે છે. જેમાં જવાબદારીઓ બાજુ મૂડી ભંડોળ (મૂડી ફંડ, કાયમી ફંડ) માં ઉપજોનો ખર્ચ કરતા વધારો ઉમેરવામાં આવે છે અને ખર્ચ કરતાં ઉપજોનો વધારો બાદ કરવામાં આવે છે.

### ૮.૬ વેપારી સંસ્થા અને બિન વેપારી સંસ્થા વચ્ચેનો તફાવત

| ક્રમ | તફાવત નો મુદ્દો | વેપારી સંસ્થા | બિન વેપારી સંસ્થા |
|---|---|---|---|
| ૧ | મુખ્ય ઉદ્દેશ-અર્થ | જે સંસ્થાનો ઉદ્દેશ માલ ખરીદ-વેચાણ તથા અન્ય આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા નફો કરવાનો હોય તેને વેપારી સંસ્થા કહે છે. | જે સંસ્થાનો ઉદ્દેશ સમાજ સેવાનો તથા તેના સભ્યોને જુદી જુદી સેવાઓ પૂરી પાડવાનો છે અને નફો કરવાના ઉદેશ નથી તેને બિન-વેપારી સંસ્થા કહે છે. |
| ૨ | વેપાર ખાતું | વેપારી સંસ્થા વર્ષના અંતે કાચો નફો કે કાચી ખોટ જાણવા માટે વેપાર ખાતું બનાવે છે. | બિન વેપારી સંસ્થાનો હેતુ નફાનો હોતો નથી માટે વેપાર ખાતું બનાવવામાં આવતુ નથી. |
| ૩ | ધંધાનું પરિણામનું માધ્યમ | વેપારી સંસ્થા ધંધાનું પરિણામ જાણવા નફા-નુકશાન ખાતું બનાવે છે. | બિન વેપારી સંસ્થા ઊપજ-ખર્ચ ખાતું બનાવી ધંધાનું પરિણામ શોધે છે. |
| ૪ | આવકનો મુખ્ય સ્ત્રોત | આ પ્રકારની સંસ્થાની મુખ્ય આવક માલ અને સેવાનું વેચાણ છે. | બિન વેપારી સંસ્થામાં મુખ્યત્વે સભ્યોનુ લવાજમ, દાન, પ્રવેશ ફી, સરકારી મદદ વગેરે છે. |
| ૫ | પરિણામની ઓળખ | વેપારી સંસ્થાનુ પરિણામ ચોખ્ખો નફો કે ચોખ્ખી ખોટ છે. | જ્યારે બિન વેપારી સંસ્થાનું પરીણામ ઊપજનો ખર્ચ કરતાં વધારો કે ખર્ચનો ઉપજ કરતાં વધારો છે. |
| ૬ | રોકડના વ્યવહારો | રોકડના વ્યવહારો નોંધવા માટે રોકડ મેળ તૈયાર કરવામાં આવે છે. | રોકડની લેવડ-દેવડના વ્યવહારો નોંધવા આવક-જાવક ખાતું તૈયાર કરવામાં આવે છે. |
| ૭ | મૂડી ભંડોળ | મિલકતો નો દેવાં કરતા જે વધારો મળે તેને વેપારી સંસ્થામાં મૂડી કહેવાય છે. (માલિકોનું રોકાણ) | મિલકતોમાંથી દેવાં બાદ કરતા જે વધારો મળે તે બિન વેપારી સંસ્થામાં મૂડી ભંડોળ/ મૂડી ફંડ/કાયમી ફંડ તરીકે ઓળખવામાં આવે છે. |
| ૮ | વાર્ષિક હિસાબો | વેપારી સંસ્થા વાર્ષિક હિસાબો માં ૧.વેપાર ખાતું ૨.નફા-નકશાન ખાતું, અને ૩.પાકું સરવૈયું તૈયાર કરે છે. | આ પ્રકારની સંસ્થા ઉપજ-ખર્ચ તથા પાકું સરવૈયું તૈયાર કરે છે અને રોકડની બાકી જાણવા આવક-જાવક ખાતું તૈયાર કરે છે. |
| ૯ | હિસાબી પધ્ધતિ | વેપારી સંસ્થાના હિસાબો વેપારી પધ્ધતિ મુજબ લખવામાં આવે છે. | બિન વેપારી સંસ્થાના હિસાબો રોકડના ધોરણે રાખવામાં આવે છે. અમુક સંસ્થા વેપારી પધ્ધતિ નો ઉપયોગ કરે છે. |

## ૮.૭ આવકોનું વર્ગીકરણ

આવકોનું વર્ગીકરણ ઊપજ-ખર્ચ ખાતું બનાવવા માટે ખૂબ જ અગત્યનું છે કેમકે ઊપજ-ખર્ચ ખાતામાં ફક્ત મહેસૂલી આવકો નોંધવામાં આવે છે. આમ, આવકોના બે પ્રકાર છે.

૧. મૂડી આવક ૨. મહેસૂલી આવક

### (૧) મૂડી આવક

બિન વેપારી સંસ્થામાં જે આવક વારંવાર કે નિયમિત રીતે મળતી ન હોય અને તેનો લાભ લાંબા સમય સુધી સંસ્થાને મળવાનો હોય તે આવકને મૂડી આવક કહેવામાં આવે છે. મૂડી આવકમાં ખાસ હેતુ માટે મળેલ દાન, મળેલ વારસો, મકાન બાંધકામ માટે મળેલ દાન, ઈનામો માટે મળેલ ખાસ દાન, આજીવન લવાજમ, સખાવત લીધેલ લોનની આવક વગેરે નો સમાવેશ કરવામાં આવે છે. વર્ષના અંતે દાન, વારસો વગેરે જેની મૂડી આવક મૂડીકૃત કરવામાં આવે છે એટલે કે મૂડી ભંડોળ માં ઉમેરવામાં આવે છે.

**નોંધ** ૧. લીધેલ લોન મૂડીકૃત કરવામાં આવતી નથી. ૨. બાંધકામ ફંડ, ઇનામ ફંડ પાકા સરવૈયામાં આલગથી જવાબદારીઓ બાજુએ મૂડી ભંડોળથી અલગ દર્શાવવામાં આવે છે.

### (૨)મહેસૂલી આવક

સંસ્થાની પ્રવૃત્તિમાંથી ઉદભવેલી અને નિયમીત રીતે મળતી આવકને મહેસૂલી આવક કહે છે. દા.ત. વેચાણની આવક, કમિશન વટાવ, રોકાણો પરનું વ્યાજ, સભ્યોનું વાર્ષિક લવાજમ કે પસ્તીનું વેચાણ, ભાડાની આવક, સરકાર પાસેથી મળેલ ગ્રાન્ટ, સહાય, સભ્યો પાસેથી ફી વસુલ કરી પૂરી પાડવામાં આવતી સગવડો, સંસ્થાકીય પ્રવૃત્તિમાંથી થતી ઉપજ (દા.ત. રમત-ગમત ના મેદાનનું ભાડું) વગેરે મહેસૂલી આવક ગણાય. આવા પ્રકારની આવકો નોંધવા માટે બિન વેપારી સંસ્થા ઊપજ-ખર્ચ ખાતું તૈયાર કરે છે.

## ૮.૮ મૂડી આવક અને મહેસૂલી આવક વચ્ચેનો તફાવત

| તફાવતનો મુદ્દો | મૂડી આવક | મહેસૂલી આવક |
|---|---|---|
| અર્થ | જે આવક સંસ્થાને વારંવાર મળતી ન હોય અને જેનો લાભ સંસ્થાને લાંબા સમય સુધી મળવાનો હોય તે આવકને મૂડી આવક કહે છે. | જે આવક સંસ્થાને નિયમીત રીતે મળતી હોય અને સંસ્થાકીય પ્રવૃત્તિમાંથી મળતી હોય તે આવકને મહેસૂલી આવક કહેવામાં આવે છે. |
| ઉદ્દેશ | મૂડી આવકનો ઉદ્દેશ લાંબા ગાળાનું ભંડોળ એકત્ર કરવાનો છે. | મહેસૂલી આવક નો ઉદ્દેશ નિયમિત આવક મેળવવાનો છે. |
| હિસાબોમાં નોંધ | મૂડી આવક પાકા સરવૈયામાં જવાબદારીઓ બાજુ દર્શાવવામાં આવે છે. | મહેસૂલી આવક ઊપજ-ખર્ચ ખાતામાં જમા બાજુ દર્શાવવામાં આવે છે. |
| બાકી | મૂડી ખાતાની બાકી દર વર્ષે આગળ લઇ જવામાં આવે છે. | જ્યારે મહેસૂલી ખાતાની બાકી ઊપજ-ખર્ચ ખાતે લઇ જવામાં આવે છે. |
| ઉદાહરણો | મૂડી આવકમાં કાયમી મિલકતના વેચાણની રકમ, મૂડીકૃત વારસો, સખાવત, ચોક્કસ હેતુ માટે મળેલ દાન વગેરેનો સમાવેશ થાય છે. | મહેસૂલી આવકમાં વેચાણની આવક, કમિશન, ભાડું, વ્યાજ, પસ્તીનું વેચાણ વગેરેનો સમાવેશ થાય છે. |
| આવકનું પુનરાવર્તન | મૂડી આવકનું પુનરાવર્તન વારંવાર થતુ નથી. | મહેસૂલી આવક નિયમિત મળે છે તેથી તે આવક પુનરાવર્તિત આવક છે. |

## ૮.૯ ખર્ચાઓનું વર્ગીકરણ

આવકની જેમ ખર્ચાઓનું વર્ગીકરણ નીચે મુજબ છેઃ

૧. મૂડી ખર્ચ    ૨. મહેસૂલી ખર્ચ    ૩. પ્રસારિત મહેસૂલી ખર્ચ

**૧. મૂડી ખર્ચ**

જે ખર્ચ સંસ્થામાં વારંવાર (નિયમિત રીતે) કરવામાં આવતો ન હોય અને જેનો લાભ સંસ્થાને લાંબા સમય સુધી મળે છે (સામન્ય રીતે એક વર્ષ કરતા વધુ) તેને મૂડી ખર્ચ કહેવામાં આવે છે.

દા.ત. મિલકતોની ખરીદી જેમ કે મકાન, યંત્રો, ફર્નિચર, રોકાણો, લાઇબ્રેરીમાં પુસ્તકોની ખરીદી, રમત-ગમતના સાધનો વગેરે.

જ્યારે મિલકત ખરીદ્વામાં આવે છે ત્યારે તેનો ગોઠવણી ખર્ચ, કાનુની ખર્ચ, મજુરી, દસ્તાવેજનો ખર્ચ, સ્ટેમ્પ ડ્યુટી વગેરે મિલકતની કિંમતમાં ઉમેરવામાં આવે છે અને તે મૂડી ખર્ચ કહેવાય છે.

મૂડી ખર્ચ પાકા સરવૈયામાં મિલકતો બાજુ દર્શાવવામાં આવે છે.

**૨. મહેસૂલી ખર્ચ**

સંસ્થાની રોજ બરોજની પ્રવૃત્તિ ચલાવવા માટે જે ખર્ચ નિયમિતપણે કરવામાં આવે છે અને જેનો લાભ ચાલુ વર્ષ પૂરતો જ મળવાનો હોય તેવા ખર્ચ ને મહેસૂલી ખર્ચ કહેવામાં આવે છે.

દા.ત. વહીવટી ખર્ચ જેવા કે પગાર, ભાડું, વેરા, મકાન કે યંત્રનું સમારકામ, તાર-ટપાલ, ટેલીફોન, સ્ટેશનરી છપામણી, મનોરંજન કાર્યક્રમ ખર્ચ, વર્તમાન પત્રોનું લવાજમ, સામયિકોનું લવાજમ, મેદાન નિભાવ ખર્ચ વગેરે.

મહેસૂલી ખર્ચ ઊપજ-ખર્ચ ખાતાની ઉધાર બાજુ દર્શાવવામાં આવે છે.

**૮.૧૦ મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચ વચ્ચેનો તફાવત**

| તફાવતનો મુદ્દો | મૂડી ખર્ચ | મહેસૂલી ખર્ચ |
|---|---|---|
| ૧ અર્થ | જે ખર્ચ વારંવાર કરવામાં આવતો ન હોય અને જેનો લાભ સંસ્થાને એક કરતા વધુ વર્ષ માટે એટલે કે લાંબા સમય માટે મળવાનો હોય તેવા ખર્ચને મૂડી ખર્ચ કહે છે. | જે ખર્ચ સંસ્થાની રોજ બરોજની પ્રવૃત્તિ ચલાવવા નિયમિત રીતે કરવામાં આવતો હોય અને જેનો લાભ ચાલુ વર્ષ પૂરતો જ મળવાનો હોય તેવા ખર્ચ ને મહેસૂલી ખર્ચ કહે છે. |
| ૨ ઉદ્દેશ | મૂડી ખર્ચનો ઉદ્દેશ ધંધામાં મિલકતો વસાવી આવક ઊભી કરવાનો હોય છે. | મહેસૂલી ખર્ચનો ઉદ્દેશ સંસ્થાકીય પ્રવૃત્તિ ચલાવવાનો હોય છે. |
| ૩ હિસાબોમાં નોંધ | મૂડી ખર્ચ પાકા સરવૈયામાં મિલકતો બાજુ દર્શાવવામાં આવે છે | મહેસૂલી ખર્ચ ઊપજ-ખર્ચ ખાતાની ઉધાર બાજુ નોધવામાં આવે છે |
| ૪ બાકી | મૂડી ખર્ચની બાકી દર વર્ષે આગળ લઇ જવામાં આવે છે. | મહેસૂલી ખર્ચ ઉપજ-ખર્ચ ખાતે લઇ જવામાં આવે છે. |
| ૫ ઉદાહરણો | કાયમી મિલકતોની ખરીદી જેમકે મકાન, જમીન, યંત્રો, પુસ્તકો વગેરે અને મિલકતનો ગોઠવણી ખર્ચ, તથા ખરીદી અંગેનો ખર્ચ | રોજબરોજના વહીવટી ખર્ચ અને નાણાંકીય ખર્ચાઓ જેવા કે પગાર, ભાડુ, તાર-ટપાલ, સ્ટેશનરી છપામણી, સમારકામ વગેરે |
| ૬ ખર્ચનું પુનરાવર્તન | મૂડી ખર્ચનું પુનરાવર્તન વારંવાર થતુ નથી | મહેસૂલી ખર્ચ નિયમિતપણે કરવો પડે છે અને પુનરાવર્તન વારંવાર થાય છે. |

**મહેસૂલી ખર્ચના અપવાદ**

ઘણાં મહેસૂલી ખર્ચ અમુક સંજોગોમાં મહેસૂલી ખર્ચ અને કેટલીક પરિસ્થિતિમાં મૂડી ખર્ચ ગણાવે છે.

દા.ત.

૧. સમારકામ ખર્ચઃ સામાન્ય રીતે સમારકામ ખર્ચ મહેસૂલી ખર્ચ છે પરંતુ મિલકત ખરીદી હોય અને તેને ચાલુ હાલતમાં લાવવા માટે (એટલે કે ઉપયોગી બનાવવા માટે) સમારકામ કરવામાં આવે તો તેને મૂડી ખર્ચ કહેવામાં આવે છે.
૨. કાનૂની ખર્ચઃ કાનૂની ખર્ચ મહેસૂલી ખર્ચ છે પરંતુ મિલકત ખરીદતા થયેલ વકીલની ફી, સ્ટેમ્પ ડ્યુટી, દસ્તાવેજ તૈયાર કરવાનો ખર્ચ વગેરે મૂડી ખર્ચ ગણવામાં આવે છે અને મિલકતની કિંમતમાં ઉમેરાય છે.
૩. મજુરીઃ મજુરી એ રોજ બરોજ થતો ખર્ચ છે. તેથી તે મહેસૂલી ખર્ચ છે પરંતુ જ્યારે યંત્રો ગોઠવવાની મજૂરી ખર્ચ થાય છે ત્યારે તેને મૂડી ખર્ચ ગણી મિલકતની કિંમતમાં ઉમેરવામાં આવે છે.

**૩. પ્રસારિત મહેસૂલી ખર્ચ કે મુલતવી રાખેલ મહેસૂલી ખર્ચ**

મહેસૂલી ખર્ચનો લાભ સામાન્ય રીતે એક વર્ષ સુધી જ મળે છે પરંતુ ઘણા મહેસૂલી ખર્ચ એવા છે જે એક વખત ખર્ચ કરવામાં આવે છે અને લાભ એક કરતા વધુ વર્ષ સુધી મળે છે. આવા ખર્ચને પ્રસારિત મહેસૂલી ખર્ચ કહેવાય છે. આમ પ્રસારિત મહેસૂલી ખર્ચનો લાભ જેટલા સમય માટે મળવાનો હોય તેટલા સમયમાં તેને માંડી વાળવામાં આવે છે.

દા.ત. પ્રાથમિક ખર્ચ ₹ ૧૦,૦૦૦ થયો જે પાંચ વર્ષમાં માંડી વાળવાનો છે તે પહેલા વર્ષ ૨૦૦૦ ₹ ઊપજ-ખર્ચ ખાતાની ઉધાર બાજુ દર્શાવવામાં આવશે અને બાકીની કરમ પાકા સરવૈયામાં મિલકતો બાજુ દર્શાવવામાં આવશે.

પ્રસારિત મહેસૂલી ખર્ચમાં મકાન રંગ રોગાન ખર્ચ, પ્રાથમિક ખર્ચ, મેદાનના લેવલીંગ ખર્ચ, મોટા પાયા પર કરેલો સમારકામ ખર્ચ વગેરે નો સમાવેશ થશે. પ્રસારિત મહેસૂલી ખર્ચની માંડી વાળેલ રકમ ઊપજ-ખર્ચ ખાતાની ઉધાર બાજુ અને જે ભાગ માંડી વાળવામાં આવ્યો ન હોય તે રકમ પાકા સરવૈયામાં મિલકતો બાજુ દર્શાવવામાં આવશે.

**૮.૧૧ બિન વેપારી સંસ્થા સાથે સંકળાયેલી કેટલીક ખાસ બાબતો**

**(૧) મૂડી ભંડોળ કે મૂડી ફંડ/કાયમી ફંડઃ** સંસ્થાને ખાસ હેતુ માટે ફંડ મળેલ હોય તો તે મૂડીકૃત કરવામાં આવતું નથી બાકી મળેલ ફંડ મૂડીકૃત કરવામાં આવે છે. ઊપજ-ખર્ચ ખાતાનું પરિણામ એટલે ઊપજનો ખર્ચ કરવા વધારો કાં તો ખર્ચનો ઉપજ કરતા વધારે. જો ઊપજનો ખર્ચ કરતાં વધારો હોય તો મૂડી ફંડમાં ઉમેરવામાં આવશે અને ખર્ચનો ઉપજ કરતા વધારો હોય તો તે મૂડી ફંડમાંથી બાદ કરવામાં આવશે. કેટલીકવાર ઉપજોનો ખર્ચ કરતા વધારો મૂડીફંડમાં ઉમેરવા અને ખર્ચનો ઉપજો કરતા વધારો મૂડી ફંડમાંથી બાદ કરવાને બદલે ઊપજ-ખર્ચ ખાતે આવતો વધારો એકત્રિત ધોરણે પાકા સરવૈયામાં જવાબદારીઓ બાજુ નોંધવામાં આવે છે. ઉપજનો વધારો ઉમેરવામાં આવે છે અને ખર્ચનો વધારો બાદ કરવામાં આવે છે.

**(૨) લવાજમ કે સભાસદ ફીઃ** દર વર્ષે સભ્યપદ ચાલુ રાખવા માટે નિયત રીતે નિયત કરેલ લવાજમ કે સભાસદ ફી ભરે છે. આમ આ ફી મહેસૂલી આવક ગણવામાં આવશે.

**(૩) દાખલ ફી/પ્રવેશ ફીઃ** સભ્યોની દાખલ ફી કે પ્રવેશ ફી સંસ્થાના બંધારણ મુજબ મૂડી આવક કે મહેસૂલી આવક ગણાશે પરંતુ ક્યારેક સૂચના મુજબ પ્રવેશ ફી નો અમુક ભાગ મૂડી આવક અને બાકી નો ભાગ મહેસૂલી આવક તરીકે દર્શાવવો. જો કોઇપણ સૂચના ન હોય તો તેને મહેસૂલી આવક ગણવી.

**(૪) આજીવન ફીઃ** આજીવન ફી સંસ્થાના નક્કી કરેલ નિયમ પ્રમાણે ભરી આજીવન સભ્ય બની શકાય છે. આ આજીવન ભરેલી ફી મૂડી આવક ગણવામાં આવે છે અને મૂડી ભંડોળમાં ઉમેરવામાં આવે છે.

**(૫) દાન કે સખાવતઃ** સામાન્ય રીતે દાનની આવક મૂડી આવક ગણવામાં આવે છે પરંતુ દાન નિયમિત રીતે મળતુ હોય તો તે મહેસૂલી આવક ગણવામાં આવે છે. કોઇપણ પ્રકારની સૂચના આપવામાં આવી ન હોય તો દાન ની આવક મૂડી આવક ગણવી.

**(૬) ખાસ હેતુ માટે મળેલ દાનઃ** ખાસ હેતુ માટે મળેલ દાન કે સખાવત નો ઉપયોગ જે તે હેતુ માટે જ કરવામાં આવે છે. આ પ્રકારના દાન કે સખાવતની રકમ પાકા સરવૈયામાં જવાબદારીઓ બાજુ મૂડી ફંડમાં ન ઉમેરતા અલગ રીતે ચોક્કસ ફંડ ખાતે દર્શાવવામાં આવે છે.

દા.ત.: ઇનામ ફંડ, મકાન ફંડ, પ્રમુખ સન્માન ફંડ વગેરે. ખાસ હેતુ માટે મળેલ ફંડમાંથી ખર્ચ કરેલ રકમ ઊપજ-ખર્ચ ખાતે નહિ નોંધાય પરંતુ જે-તે ફંડમાંથી પાકા સરવૈયામાં જવાબદારીઓ બાજુથી બાદ થશે. અને જો આ ફંડનું જામીનગીરી માં રોકાણ કરવામાં આવે તો મળેલ વ્યાજ ફંડમાં ઉમેરવામાં આવશે. પરંતુ કરેલ ખર્ચ ફંડની આવક કરતા વધારે હશે તો તફાવતની રકમ મહેસૂલી ખર્ચ ગણી ઉપજ-ખર્ચ ખાતે ઉધારવામાં આવશે.

**(૭) વારસો:** કેટલીક વ્યક્તિઓ વીલ(વસીયતનામા) દ્વારા પોતાની મિલકતો સંસ્થાના નામે તબદીલ કરે છે ત્યારે આ વારસાની રકમ મૂડી ભંડોળમાં ઉમેરવામાં આવે છે.

**(૮) લોકરનું ભાડું:** લોકરનું ભાડું સંસ્થા માટે મહેસૂલી ઉપજ ગણાય. સંસ્થા પોતાના સભ્યોને રમત-ગમતના સાધનો, કપડા તથા અન્ય સામાન વ્યવસ્થિત રાખવા માટે લોકરની સુવિધા પૂરી પાડે છે. જેના પર નિયત કરેલ ભાડું વસુલ કરે છે જે સંસ્થાની મહેસૂલી આવક ગણાય છે.

## ૮.૧૨ મૂડી આવક અને મહેસૂલી આવકની યાદી

| મૂડી આવક | મહેસૂલી આવક |
|---|---|
| - દાન કે સખાવત | - દાખલ ફી (સૂચના મુજબ) |
| - વારસો | - સભ્યનું લવાજમ |
| - કોઇ ખાસ હેતુ માટે મળેલ દાન દા.ત. પ્રમુખ સન્માન ફંડ | - રોકાણો પરનું વ્યાજ<br>- ખાનાનું ભાડું |
| - મિલકતોના વેચાણથી ઉપજેલ રકમ દા.ત. ફર્નિચરનું વેચાણ | - પસ્તીનું વેચાણ<br>- કેન્ટીનની આવક |
| - મૂડી ભંડોળ કે કાયમી ફંડ | - મનોરંજન કાર્યક્રમની આવક |
| - આજીવન સભ્ય ફી (લવાજમ) | - ભાષણોની આવક |
| - લીધેલ લોન | - હોલનું ભાડું |
| - પ્રવેશ ફી (સૂચના મુજબ) | - ખાસ પ્રવૃત્તિની આવક (દા.ત. બિલિયર્ડની આવક) |
| | - સરકારી મદદ કે ગ્રાંટ |
| | - બેન્ક વ્યાજ |
| | - નાટકોની ટીકીટોનું વેચાણ |
| | - રમત-ગમતના જુના સાધનોનું વેચાણ |
| | - મેદાનનું ભાડું |

## ૮.૧૩ મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચની યાદી

| મૂડી ખર્ચ | મહેસૂલી ખર્ચ |
|---|---|
| - મિલકત ખરીદીનો ખર્ચ | - સ્ટાફનો પગાર |
| - (જમીન, મકાન, યંત્રો, ફર્નિચર, રમત-ગમત ના સાધનો, પુસ્તકો વગેરે) | - લાઇટ બિલ |
| - રોકાણોની ખરીદી | - ટેલીફોન બીલ |
| - વિજળી જોડાણ ખર્ચ | - તાર-ટપાલ |
| - નવા મકાન નો રંગ રોગાન ખર્ચ | - સ્ટેશનરી છપામણી |
| - ખાસ હેતુ માટે મળેલ ફંડમાંથી કરેલ ખર્ચ | - મરામત ખર્ચ |
| - એક્સ-રે મશીનની ખરીદી | - મેદાન નિભાવ ખર્ચ |
| - મિલકતની કાર્યક્ષમતા વધારવા માટે કરેલ ખર્ચ | - વહીવટી ખર્ચ |

| | |
|---|---|
| | - જાહેરાત ખર્ચ |
| | - મનોરંજન કાર્યક્રમ ખર્ચ |
| | - ઘસારો |
| | - કેન્ટીન ખર્ચ |
| | - વર્તમાન પત્રોનું લવાજમ |
| | - સામાયિકોનું લવાજમ |
| | - મિલકત વેચાણની ખોટ |
| | - મકાનનું સમારકામ ખર્ચ |

**પ્રસારિત મહેસૂલી ખર્ચના ઉદાહરણો**

- રંગરોગાન ખર્ચ, મેદાન લેવલીંગ ખર્ચ, પ્રાથમિક ખર્ચા વગેરે

**૮.૧૪ આવક -જાવક ખાતું**

મોટાભાગના બિન વેપારી સંસ્થાના વ્યવહારો રોકડેથી થતાં હોય છે. આમ વર્ષ દરમિયાન થયેલ રોકડ ની આવક અને જાવક માટે ખાતું તૈયાર કરે છે તેને આવક-જાવક ખાતું કહે છે. આવક-જાવક ખાતાની ઉધાર બાજુ રોકડ આવકો અને જમા બાજુ રોકડ જાવકો નોંધવામાં આવે છે. આ ખાતામાં રોકડ ઉપરાંત બેંકને લગતા વ્યવહારોની પણ નોંધ કરવામાં આવે છે.

આવક-જાવક ખાતામાં આવતી આવક અને જાવક નીચે મુજબ છે.

| આવક | જાવક |
|---|---|
| - દાન : સામાન્ય, કોઇ હેતુ માટે હોય તે પણ | - સ્થિર મિલકતોની ખરીદી |
| - પ્રવેશ ફી | - રમત-ગમતના સાધનોની ખરીદી |
| - વારસો | - જામીનગીરીઓમાં રોકાણ |
| - રોકાણો નું વેચાણ | - સ્ટેશનરી અને છપામણી ખર્ચ |
| - સ્થિર મિલકતોનું વેચાણ | - તાર-ટપાલ ખર્ચ |
| - સભ્યો પાસે મળેલ લવાજમ | - જાહેરાત ખર્ચ |
| - આજીવન સભ્ય ફી | - મજુરી અને પગાર |
| - પસ્તીનું વેચાણ | - ટેલીફોન ખર્ચ |
| - રમત-ગમતના જુના સાધનોનું વેચાણ | - વિજળી અને પાણી ખર્ચ |
| - બાંધી મુદ્દતની થાપણોનું વ્યાજ | - મેદાન નિભાવ ખર્ચ |
| - રોકાણોમાંથી મળેલ વ્યાજ અને ડિવિડન્ડ | - સામાયિકોનું લવાજમ |
| - મનોરંજન કાર્યક્રમની આવક | - મ્યુનિસિપાલીટી વેરો |
| - ભંગારનું વેચાણ | - વિમો |
| - સરકારી સહાય | - મનોરંજન ખર્ચ |
| - અન્ય પરચૂરણ આવકો | - સમાચાર પત્રોનું લવાજમ |
| | - અન્ય જાવકો |

**આવક-જાવક ખાતું બનાવતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા**

(૧) જો રોકડ અને બેંક સીલક હોય તો આવક-જાવક ખાતાની ઉધાર બાજુ અને બેંક ઓવરડ્રાફ્ટ હોય તો આવક-જાવક ખાતાની જમા બાજુ બાકી આગળ લાવ્યા તરીકે નોંધવામાં આવે છે.

(૨) આ ખાતાની ઉધાર બાજુ વર્ષ દરમિયાન રોકડેથી કે ચેકથી મળેલ આવકો અને જમા બાજુ રોકડેથી કે ચેકથી ચુકવેલ જાવકો નોંધવામાં આવે છે.

(૩) આ ખાતામાં મૂડી આવક અને મહેસૂલી આવક ઉધાર બાજુ અને મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચ જમા બાજુ દર્શાવવામાં આવે છે.

(૪) આવક અને જાવકને લગતી ગમે તે વર્ષની વિગત હોય પરંતુ જો ચાલુ વર્ષે ચુકવેલ કે ચાલુ વર્ષે મળેલ હોય તો તે દર્શાવવામાં આવે છે. દા.ત. વર્ષ ૨૦૧૭-૧૮ નો પગાર ચાલુ વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૮-૧૯ માં ચુકવેલ છે તો તે વર્ષ ૨૦૧૮-૧૯ ની જાવક ગણાશે.

(૫) આ ખાતામાં બિન રોકડ વ્યવહારો જેવાકે ઘસારો, ઘાલખાધ, નહિ ચૂકવેલ ખર્ચ, મળવાની બાકી આવકો તથા શાખના વ્યવહારો નોંધાતા નથી.

(૬) વર્ષને અંતે ખાતાની બાકી શોધવામાં આવે છે. જો ઉધાર બાજુનો સરવાળો જમણીબાજુના સરવાળા કરતા વધુ હોય તો તેને ઉધાર બાકી કહેવામાં આવે છે અને તફાવતની રકમને બેંક સિલક/ રોકડ સિલક કહેવાય છે. પરંતુ કોઇક વાર જમા બાજુનો સરવાળો ઉધાર બાજુના સરવાળા કરતા વધુ હોય છે તો તેને જમા બાકી કહેવાય છે. અને તફાવતની રકમ "બેંક ઓવરડ્રાફ્ટ" કહેવાય છે.

**આવક-જાવક ખાતાનો નમૂનો**

**તારીખ ____________ ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું**

ઉ. જ.

| આવક | ₹ | જાવક | ₹ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા: | | બાકી આગળ લાવ્યા | |
| રોકડ સિલક ______ | | (બેંક ઓવરડ્રાફ્ટ) | ______ |
| બેંક સિલક ______ | ______ | ગયા વર્ષની, ચાલુ વર્ષની અને | |
| ગયાવર્ષની, ચાલુવર્ષની કે આવનાર | | આવનાર વર્ષની મહેસૂલી ખર્ચા | ______ |
| વર્ષની મળેલ મૂડી કે મહેસૂલી આવકો | ______ | | |
| | | બેંકમાં ભરેલ રકમ | ______ |
| બેંકમાંથી ઉપાડેલ રકમ | ______ | | |
| | | બાકી આગળ લઇ ગયા: | |
| બાકી આગળ લઇ ગયા | ______ | રોકડ સિલક ______ | |
| (બેંક ઓવરડ્રાફ્ટ) | | બેંક સિલક ______ | ______ |
| | ______ | | ______ |

**નોંધ** આવક-જાવક ખાતાની બાકી બેંકસિલક અથવા તો બેંક ઓવરડ્રાફ્ટ બેમાંથી એક હશે.

**ઉદાહરણ ૧.** ધી જય જલારામ ક્લબની નીચેની માહિતી પરથી તેનું ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું તૈયાર કરો.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| રોકડ સિલક (૦૧-૦૧-૨૦૧૭) | ૪૫,૦૦૦ | પેવેલિયન માટે દાન | ૬૦,૦૦૦ |
| બેંક સિલક (૦૧-૦૪-૨૦૧૭) | ૬૦,૦૦૦ | મનોરંજન કાર્યક્રમનો ફાળો | ૨૫,૦૫૦ |
| લવાજમ મળ્યુ | ૨૨,૦૦૦ | પસ્તીનું વેચાણ | ૨,૧૦૦ |
| પ્રવેશ ફી | ૨૨,૫૦૦ | મનોરંજન કાર્યક્રમ ખર્ચ | ૩૯,૯૦૦ |
| સભ્ય ફી: | | પગાર ચુકવ્યો | ૩૫,૮૫૦ |
| ૨૦૧૭-૧૮ : ૫૨,૫૦૦ | | જૂના ફર્નિચરનુ વેચાણ | ૬,૬૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૧૮-૧૮ : ૬,૦૦૦ | ૫૮,૫૦૦ | વીજળી બીલ | ૧૧,૪૦૦ |
| ફર્નિચરની ઉધાર ખરીદી | ૧૩,૫૦૦ | પેવેલિયન બાંધકામ ખર્ચ | ૪૨,૦૦૦ |
| પુસ્તકોની ખરીદી | ૧૨,૦૦૦ | ૧૨%ની લીધેલ લોન | ૫,૦૦૦ |
| વર્તમાનપત્રોનું લવાજમ | ૩,૭૫૦ | ભાડુ ચુકવ્યું | ૬,૦૦૦ |
| દાન મળ્યુ | ૩૧,૫૦૦ | રોકાણોની ખરીદી | ૧૦,૦૦૦ |
| ભાણનોની આવક | ૨,૭૦૦ | રોકડ સિલક | ૯૫,૦૦૦ |
| આજીવન સભ્ય ફી | ૧૬,૫૦૦ | | |

વધારાની માહિતીઃ

(૧) ફર્નિચર પર ઘસારો ₹ ૧,૦૦૦ લખી વાળો.

(૨) ચાલુ વર્ષના પગારના ચૂકવવાના ₹ ૨,૦૦૦ બાકી છે.

**ધી જલારામ ક્લબનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું**

ઉ. જ.

| આવક | ₹ | જાવક | ₹ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યાઃ | | પુસ્તકોની ખરીદી | ૧૨,૦૦૦ |
| રોકડ સિલકઃ ૪૫,૦૦૦ | | વર્તમાનપત્રોનું લવાજમ | ૩,૭૫૦ |
| બેંક સિલકઃ ૬૦,૦૦૦ | ૧,૦૫,૦૦૦ | મનોરંજન કાર્યક્રમ ખર્ચ | ૩૯,૯૦૦ |
| મળેલ લવાજમ | ૨૨,૦૦૦ | પગાર ચુકવ્યો | ૩૫,૮૫૦ |
| પ્રવેશ ફી | ૨૨,૫૦૦ | વિજળી બીલ | ૧૧,૪૦૦ |
| સભ્ય ફીઃ | | પેવેલિયન બાંધકામ ખર્ચ | ૪૨,૦૦૦ |
| ૨૦૧૭-૧૮ઃ ૫૨,૫૦૦ | | ભાડુ ચુકવ્યુ | ૬,૦૦૦ |
| ૨૦૧૮-૧૮ઃ ૬,૦૦૦ | ૫૮,૫૦૦ | રોકાણોની ખરીદી | ૧૦,૦૦૦ |
| મળેલ ફી | ૩૧,૫૦૦ | | |
| ભાષણોની આવક | ૨,૭૦૦ | બાકી આગળ લઇ ગયાઃ | |
| આજીવન સભ્ય ફી | ૧૬,૫૦૦ | (૩૧-૦૩-૨૦૧૮) | |
| પેવેલિયન માટે દાન | ૬૦,૦૦૦ | રોકડ સિલકઃ ૯૫,૦૦૦ | |
| મનોરંજન કાર્યક્રમનો ફાળો | ૨૫,૦૫૦ | બેંક સિલકઃ ૧,૦૧,૫૫૦ | ૧,૯૬,૫૫૦ |
| પસ્તીનું વેચાણ | ૨,૧૦૦ | | |
| ફર્નિચરનું વેચાણ | ૬,૬૦૦ | | |
| ૧૨%ની લીધેલ લોન | ૫,૦૦૦ | | |
| | ૩,૫૭,૪૫૦ | | ૩,૫૭,૪૫૦ |

## ૮.૧૫ ઉપજ-ખર્ચ ખાતું

બિનવેપારી સંસ્થા વર્ષના અંતે સંસ્થાની આવકો અને ખર્ચનો હિસાબ જાણવા (સામાન્ય શબ્દોમાં કહીએતો પરિણામ જાણવા) ઉપજ ખર્ચ ખાતું તૈયાર કરે છે. ઉપજ-ખર્ચ ખાતાનું સ્વરૂપ નફા-નુકશાન ખાતા જેવું જ હોય છે. તેમાં ઉધાર બાજુ બધા જ મહેસૂલી ખર્ચ નોંધવામાં આવે છે. અને જમા બાજુ બધી જ મહેસૂલી આવક દર્શાવવામાં આવે છે.

ખાસ આ ખાતામાં ફક્ત ચાલુ વર્ષની જ મહેસૂલી આવક અને ખર્ચ નોંધવામાં આવે છે. તેમાં ખર્ચની ચૂકવણી કે ચૂકવવાપાત્ર હોય તેમજ આવકો મળેલી કે મળવાપાત્ર હોય તો પણ નોંધવામાં આવે. ઉપજ-ખર્ચ ખાતાની મદદથી સંસ્થા રોજીંદા ખર્ચને પહોંચી વળવા પૂરતા પ્રમાણમાં ઉપજ છે કે નહિ તે જાણી શકાય છે.

**ઉપજ-ખર્ચ ખાતું તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા**

(૧) આ ખાતાની શરૂઆતની બાકી હોતી નથી.

(૨) નફા-નુકશાન ખાતાની જેમ આ ખાતાની ઉધાર બાજુ ચાલુ વર્ષના મહેસૂલી ખર્ચ નોંધવામાં આવે છે. અને જમા બાજુ મહેસૂલી આવકો નોંધવામાં આવે છે. મૂડી ખર્ચ અને મૂડી આવકો આ ખાતામાં નોંધવામાં આવતી નથી.

(૩) આ ખાતું વેપારી ધોરણ મુજબ તૈયાર કરવામાં આવે છે. એટલે કે ચાલુ વર્ષના ચુકવેલ અને ચુકવવા પાત્ર મહેસૂલી ખર્ચ તથા ચાલુ વર્ષની મળેલ અને મળવાપાત્ર મહેસૂલી આવકો જ ફક્ત નોંધવામાં આવે છે.

(૪) ઘસારો, જોગવાઇઓ વગેરે પ્રકારના હવાલાનો સમાવેશ આ ખાતામાં કરવામાં આવે છે.

(૫) જો ખર્ચા કરતા ઉપજનો સરવાળો વધુ હોય તો છેવટની બાકીઓ "ઉપજનો ખર્ચ કરતાં વધારો" કહેવાય અને જે વેપારી સંસ્થાના નફા જેવો જ છે. અને તેને પાકા સરવૈયામાં જવાબદારીઓ બાજુ મૂડી ભંડોળમાં ઉમેરવામાં આવે છે. અને જો ઉપજ કરતા ખર્ચ નો સરવાળો વધુ હોય તો છેવટની બાકી " ખર્ચ કરતાં ઉપજનો વધારો" કહેવાય છે. અને વેપારી સંસ્થાની ખોટ જેવી જ છે. આ બાકીને પાકા સરવૈયામાં જવાબદારીઓ બાજુ મૂડી ભંડોળમાંથી બાદ કરવામાં આવે છે.

**ઉપજ-ખર્ચ ખાતાનો નમૂનો**

**તારીખ ___________ ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું**

ઉ. જ.

| ખર્ચ | ₹ | ઉપજ | ₹ |
|---|---|---|---|
| ચાલુ વર્ષના મહેસૂલી ખર્ચાઃ | | ચાલુ વર્ષે મળેલ મહેસૂલી આવકોઃ | |
| ચાલુ વર્ષે ચુકવેલ ખર્ચ ______ | | ચાલુ વર્ષએ મળેલ રોકડ ______ | |
| + ચા.વર્ષે ચુ. બાકી ખર્ચ ______ | | + ચા. વ. મ. બાકી આવક ______ | |
| + ગયા વર્ષે અ.ચુ. ખર્ચ ______ | | + ગયા વ. મ. આવક. ______ | |
| ______ | | ______ | |
| - ગયા વર્ષે ચુ.બાકીમ.ખર્ચ ______ | | - ગયા વ. મ.બા.ચા.મ.આ. ______ | |
| - આવતા વર્ષના અ.ચુ.મ.ખ.______ | ______ | - આવતા વ.ની અ.મ.આ. ______ | ______ |
| ઘસારો | ______ | મિલકત વેચાણનો નફો | ______ |
| મિલકત વેચાણની ખોટ | ______ | | |
| ઉપજનો ખર્ચ કરતાં વધારો | ______ | ખર્ચનો ઉપજ કરતાં વધારો | ______ |
| | ______ | | ______ |

**નોંધઃ** ઉપજ-ખર્ચ ખાતાની આખરની બાકી ઉપજનો ખર્ચ કરતાં વધારો અથવા ખર્ચનો ઉપજ કરતાં વધારો બેમાંથી એક જ હોઇ શકે છે.

## ૮.૧૬ આવક -જાવક અને ઉપજ-ખર્ચ ખાતા વચ્ચેનો તફાવત

| તફાવત નો મુદ્દો | આવક-જાવક ખાતું | ઉપજ-ખર્ચ ખાતું |
|---|---|---|
| સ્વરૂપ | આવક-જાવક ખાતાનું સ્વરૂપ રોકડ ખાતા (રોકડ મેળ) જેવું છે. | ઉપજ-ખર્ચ ખાતાનું સ્વરૂપ નફા-નુકશાન ખાતા જેવું છે. |
| ખર્ચ-આવકની નોંધ | આવક-જાવક ખાતામાં મૂડી ખર્ચ અને મૂડી આવક તેમજ મહેસૂલી ખર્ચ અને મહેસૂલી આવક દર્શાવવામાં આવે છે. | ફક્ત મહેસૂલી ખર્ચ અને મહેસૂલી આવક જ નોંધવામાં આવે છે. |
| શરૂઆતની બાકી | આ ખાતાની શરૂની બાકી રોકડ સિલક, બેંક સિલક કે બેંક ઓવરડ્રાફ્ટ હોય છે. | આ ખાતાની શરૂઆતની બાકી હોતી નથી. |
| આખરની બાકી | આખરની બાકી રોકડ સિલક અને બેંક સિલક કે બેંક ઓવરડ્રાફ્ટ હોય છે. | આ ખાતાની આખરની બાકી ખર્ચનો ઉપજ કરતાં વધારો અથવા ઉપજનો ખર્ચ કરતાં વધારો હોય છે. |
| સમય ગાળો | આવક-જાવક ખાતામાં પાછલા વર્ષ, ચાલુ વર્ષ, અને આગળના વર્ષ એમ તમામ વર્ષના રોકડ ખર્ચ કે આવકની નોંધ કરવામાં આવે છે. | ઉપજ-ખર્ચ ખાતામાં ફક્ત ચાલુ વર્ષના મહેસૂલી ખર્ચ અને મહેસૂલી આવકની નોંધ થાય છે. |
| ઉધાર બાજુ | આવક-જાવક ખાતાની ઉધાર બાજુ આવકો નોંધવામાં આવે છે. | ઉપજ-ખર્ચ ખાતાની ઉધાર બાજુ ખર્ચ નોંધવામાં આવે છે. |
| જમા બાજુ | આ ખાતાની જમા બાજુ રોકડ જાવક નોંધવામાં આવે છે. | આ ખાતાની જમા બાજુ મહેસૂલી આવક નોંધવામાં આવે છે. |
| ઘસારો | આવક-જાવક ખાતામાં ઘસારો નોંધવામાં આવતો નથી. | ઉપજ-ખર્ચ ખાતામાં ઘસારો નોંધવામાં આવે છે. |

**ઉદાહરણ ૨.** ધી જમનાદાસ સ્પોર્ટસ ક્લબની નીચે આપેલી વિગતો પરથી તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું બનાવો.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| મળેલ લવાજમ | ૨૫,૦૦૦ | ચેરીટી શોની આવક | ૩૫,૦૦૦ |
| પસ્તીનું વેચાણ | ૩,૦૦૦ | મેદાન-નિભાવ ખર્ચ | ૬,૫૦૦ |
| સરકારી જામીનગીરીમાં રોકાણ | ૨૭,૦૦૦ | લાઇબ્રેરીના પુસ્તકોની ખરીદી | ૩૩,૨૫૦ |
| ફર્નિચર ખરીદી | ૧૮,૨૫૦ | સામાન્ય ખર્ચા | ૮,૫૦૦ |
| મનોરંજન કાર્યક્રમની આવક | ૨૪,૧૨૫ | આજીવન સભાસદ ફી | ૧૧,૨૫૦ |
| ક્લબ બાંધકામનો ખર્ચ | ૯૫,૦૦૦ | સમારકામ ખર્ચ | ૪,૩૭૫ |
| મળેલ વારસો | ૫૪,૨૫૦ | પ્રવેશ ફી (૪૦% મૂડી કૃત) | ૧૫,૦૦૦ |
| સેક્રેટરીને માનદ વેતન | ૧૦,૨૫૦ | જુના ફર્નિચરનું વેચાણ | ૧૪,૫૦૦ |
| પોસ્ટેજ | ૪,૦૦૦ | (ચોપડે કિંમત રૂ ૧૭,૫૦૦) | |
| આખરની રોકડ સિલક અને બેંક સિલક | ૩૯,૭૫૦ | ચેરીટી શો નો ખર્ચ | ૧૫,૦૦૦ |
| બેંક ખર્ચ | ૧,૫૦૦ | સખાવત | ૩૭,૫૦૦ |
| મનોરંજન કાર્યક્રમ ખર્ચ | ૧૫,૨૫૦ | હોલનું મળેલ ભાડુ | ૯,૨૫૦ |
| સરકારી ગ્રાન્ટ | ૩૪,૫૦૦ | લોકર ભાડુ | ૩,૫૦૦ |

| | | | |
|---|---|---|---|
| પ્રિન્ટીંગ અને સ્ટેશનરી ખર્ચ | ૫,૦૦૦ | ક્લબના મકાન માટે મળેલ દાન | ૧,૧૨,૫૦૦ |
| વર્તમાનપત્રોનું લવાજમ | ૭,૦૦૦ | ટુર્નામેન્ટ ખર્ચ | ૮,૨૫૦ |
| રોકાણોનું વ્યાજ | ૩,૫૦૦ | શરૂઆતની રોકડ અને બેંક સિલક | ૪,૧૨૫ |
| રમત-ગમતના સાધનોની ખરીદી | ૩૦,૦૦૦ | કેન્ટીન ખર્ચ | ૭,૦૦૦ |
| રમત-ગમતના સાધનોના વેચાણમાંથી આવક | ૧,૭૫૦ | વાર્ષિક સમારંભ ખર્ચ | ૬,૭૫૦ |

વધારાની માહિતીઃ

(૧) લવાજમ ₹ ૨૫,૦૦૦ મળવાના બાકી છે.

(૨) સક્રેટેરીનું કુલ માનદ વેતન ₹ ૨,૨૫૦ ચૂકવવાપાત્ર છે.

**જવાબઃ**

**ધી જમનાદાસ સ્પોર્ટસ ક્લબનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું**

**ઉ.** **જ.**

| ખર્ચ | | ₹ | ઉપજ | | ₹ |
|---|---|---|---|---|---|
| સેક્રેટરીને માનદ વેતન | ૧૦,૨૫૦ | | લવાજમ | ૨૫,૦૦૦ | |
| + ચુ. બાકી | ૨૫,૦૦૦ | ૩૫,૨૫૦ | + મ. બાકી | ૨૫,૦૦૦ | ૫૦,૦૦૦ |
| પોસ્ટેજ | | ૪,૦૦૦ | પસ્તીનું વેચાણ | | ૩,૦૦૦ |
| બેંક ખર્ચ | | ૧,૫૦૦ | મનોરંજન કાર્યક્રમની આવક | | ૨૪,૧૨૫ |
| મેદાન નિભાવ ખર્ચ | | ૬,૫૦૦ | ચેરીટી શો ની આવક | | ૩૫,૦૦૦ |
| સામાન્ય ખર્ચા | | ૮,૫૦૦ | પ્રવેશ ફી (૪૦% મૂડી કૃત) | | ૯,૦૦૦ |
| સમારકામ ખર્ચા | | ૪,૩૭૫ | હોલનું મળેલ ભાડુ | | ૯,૨૫૦ |
| જુના ફર્નિચર વેચાણનું નુકશાનઃ | | | રોકાણોનું વ્યાજ | | ૩,૫૦૦ |
| (૧૭,૫૦૦ - ૧૪,૫૦૦) | | ૩,૦૦૦ | સરકારી ગ્રાંટ | | ૩૪,૫૦૦ |
| ચેરીટી શો નો ખર્ચ | | ૧૫,૦૦૦ | રમત-ગમતના સાધનો વેચાણની આવક | | ૧,૭૫૦ |
| મનોરંજન કાર્યક્રમ ખર્ચ | | ૧૫,૨૫૦ | લોકર ભાડું | | ૩,૫૦૦ |
| પ્રિન્ટીંગ સ્ટેશનરી | | ૫,૦૦૦ | | | |
| વર્તમાનપત્રોનું લવાજમ | | ૭,૦૦૦ | | | |
| ટુર્નામેન્ટ ખર્ચ | | ૮,૨૫૦ | | | |
| કેન્ટીન ખર્ચ | | ૭,૦૦૦ | | | |
| વાર્ષિક સમારંભ ખર્ચ | | ૬,૭૫૦ | | | |
| ઉપજનો ખર્ચ કરતા વધારો | | ૪૬,૨૫૦ | | | |
| | | **૧,૭૩,૬૨૫** | | | **૧,૭૩,૬૨૫** |

**ઉદાહરણ ૩.** શ્રી આનંદ સ્પોર્ટસ ક્લબની નીચે આપેલી વિગતો પરથી તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું બનાવો.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| મળેલ પ્રવેશ ફી | ૪,૦૦૦ | વાર્ષિક કાર્યક્રમની આવક | ૪૮,૦૦૦ |
| લવાજમ મળ્યુ | ૬૦,૦૦૦ | ક્રિકેટ ટુર્નામેન્ટ નો ખર્ચ | ૧૬,૦૦૦ |
| વ્યાજ મળ્યુ | ૧૦,૦૦૦ | વર્તમાનપત્રોનું લવાજમ | ૪,૮૦૦ |
| પગાર | ૪૦,૦૦૦ | પસ્તીનું વેચાણ | ૮૦૦ |
| પ્રિન્ટીંગ અને સ્ટેશનરી | ૪૮,૦૦૦ | આખર રોકડ સિલક | ૨,૪૦૦ |
| સામાન્ય ખર્ચ | ૧,૬૦૦ | સરકારી જામીનગીરીમાં રોકાણ | ૮૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| શરૂની રોકડ સિલક | ૩,૨૦૦ | લોકર ભાડુ | ૩,૨૦૦ |
| ક્રિકેટ ટુર્નામેન્ટ માટે મળેલ ખાસ દાન | ૪૦,૦૦૦ | રમત-ગમતના સાધનોની ખરીદી | ૪૮,૦૦૦ |
| મળેલ વારસો | ૮૦,૦૦૦ | સમારકામ ખર્ચ | ૬,૪૦૦ |
| વાર્ષિક કાર્યક્રમ ખર્ચ | ૩૨,૦૦૦ | ફર્નિચરનો ઘસારો | ૮૦૦ |
| સખાવત (દાન) | ૨૪,૦૦૦ | રમતના સાધનોનું વેચાણ | ૪,૮૦૦ |
| આખરનો બેંક ઓવરડ્રાફ્ટ | ૧૦,૦૦૦ | (ચોપડે કિંમત - ₹ ૫,૬૦૦) | |
| ફર્નિચરની ખરીદી | ૨૦,૦૦૦ | આજીવન સભ્ય ફી | ૧૨,૮૦૦ |

વધારાની માહિતીઃ

(૧) પ્રવેશ ફી પૈકી ૫૦% રકમ મૂડીકૃત કરવાની છે. (૨) લવાજમ ₹ ૨૦,૦૦૦ ચાલુ વર્ષે મળવાના બાકી છે.
(૩) સેક્રેટરીને માનદ વેતન ₹ ૧૨,૦૦૦ ચુકવવાનું બાકી છે.

**જવાબઃ**

**શ્રી આનંદ સ્પોર્ટસ ક્લબનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતાં વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું**

**ઉ.** **જ.**

| ખર્ચ | ₹ | ઉપજ | | ₹ |
|---|---|---|---|---|
| પગાર | ૪૦,૦૦૦ | લવાજમ | ૬૦,૦૦૦ | |
| સેક્રેટરીને ચુ. બાકી માનદ વેતન | ૧૨,૦૦૦ | + મ. બાકી | ૨૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| પ્રિન્ટીંગ અને સ્ટેશનરી | ૪,૮૦૦ | પ્રવેશ ફી (૫૦%) | | ૨,૦૦૦ |
| સામાન્ય ખર્ચ | ૧,૬૦૦ | વ્યાજ | | ૧૦,૦૦૦ |
| વાર્ષિક કાર્યક્રમનો ખર્ચ | ૩૨,૦૦૦ | વાર્ષિક કાર્યક્રમની આવક | | ૪૮,૦૦૦ |
| વર્તમાનપત્રોનુ લવાજમ | ૪,૮૦૦ | પસ્તીનું વેચાણ | | ૮૦૦ |
| સમારકામ ખર્ચ | ૬,૪૦૦ | લોકરનુ ભાડુ | | ૩,૨૦૦ |
| ફર્નિચર પરનો ઘસારો | ૮૦૦ | | | |
| રમતગમતના સાધનો વેચાણની ખોટ | ૮૦૦ | | | |
| ઉપજનો ખર્ચ કરતા વધારો | ૪૦,૮૦૦ | | | |
| | **૧,૪૪,૦૦૦** | | | **૧,૪૪,૦૦૦** |

**ઉદાહરણ ૪.** વિદ્યાનગર મેડીકલ એસોસિએશન દ્વારા ચલાવાતી વિદ્યાનગર હોસ્પિટલને લગતા તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષના વ્યવહારો નીચે મુજબ છે. તેના આધારે તા. ૩૧-૦૩-૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ અને આવક-જાવક ખાતું તૈયાર કરો.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| ડોકટરને માનદ વેતન | ૬૦,૦૦૦ | દવાની ખરીદી | ૯૦,૦૦૦ |
| અન્ય સ્ટાફને પગાર | ૩૬,૦૦૦ | મળેલ દાન | ૧,૫૦,૦૦૦ |
| શરૂઆતની રોકડ સિલક | ૪,૫૦૦ | બેંક ઓવરડ્રાફ્ટ - શરૂનો | ૧૩,૫૦૦ |
| એક્ષ-રે મશીન ખરીદવા માટે ખાસ | | ચેરીટી શોનો ખર્ચ | ૩૬,૬૦૦ |
| મળેલ દાન | ૧,૫૦,૦૦૦ | સમારકામ ખર્ચ | ૧૫,૬૦૦ |
| ચેરીટી શો ની આવક | ૭૯,૫૦૦ | ૧૦% સરકારી જમીનગીરમાં રોકાણ | ૧,૨૦,૦૦૦ |
| ટેલિફોન ખર્ચ | ૧૦,૨૦૦ | મેડીકલ એસોસિએશનમાં ફાળો | ૭,૨૦૦ |
| સભ્યો પાસેથી લવાજમ | ૧,૧૦,૪૦૦ | રોકાણો પરનું વ્યાજ | ૫,૪૦૦ |
| સાધનોની ખરીદી | ૧,૦૩,૦૫૦ | વર્તમાન પત્રોનું લવાજમ | ૫,૮૫૦ |
| કરવેરા અને વીમો | ૮,૫૫૦ | લેબોરેટરી ખર્ચ | ૨૧,૬૦૦ |

| | | | |
|---|---|---|---|
| મળેલ પ્રવેશ ફી (૬૦% મૂડીકૃત) | ૯,૦૦૦ | હોલનું ભાડુ | ૧૬,૮૦૦ |
| લેબોરેટરીની આવક | ૩૦,૦૦૦ | આખર બેંક સિલક | ૧,૧૧,૪૫૦ |
| દવાઓનો શરૂનો સ્ટોક | ૬,૦૦૦ | દર્દી પાસેથી મળેલ ફી | ૯૦,૦૦૦ |
| આખરની રોકડ સિલક | ૬,૦૦૦ | | |

વધારાની માહિતીઃ

(૧) દવાઓનો આખર સ્ટોક ₹ ૯,૬૦૦ નો હતો.

(૨) સભ્યો પાસેથી લવાજમના મળવાના બાકી ₹ ૬,૬૦૦.

(૩) હોલનું ભાડુ ₹ ૪,૮૦૦ મળવાનું બાકી.

(૪) પગારના ₹ ૨,૪૦૦ ચુકવવાના બાકી છે.

જવાબઃ

**વિદ્યાનગર હોસ્પિટલનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું**

ઉ. જ.

| આવક | ₹ | જાવક | ₹ |
|---|---|---|---|
| રોકડ સિલક (શરૂની) | ૪,૫૦૦ | બેંક ઓવરડ્રાફ્ટ (શરૂનો) | ૧૩,૫૦૦ |
| મળેલ દાન | ૧,૫૦,૦૦૦ | ડોકટરને માનદ વેતન | ૬૦,૦૦૦ |
| મળેલ ફી | ૯૦,૦૦૦ | અન્ય સ્ટાફનો પગાર | ૩૬,૦૦૦ |
| એક્ષ-રે માટે દાન | ૧,૫૦,૦૦૦ | દવાની ખરીદી | ૯૦,૦૦૦ |
| ચેરીટી શોની આવક | ૭૯,૫૦૦ | ટેલિફોન ખર્ચ | ૧૦,૨૦૦ |
| સભ્યો પાસેથી લવાજમ | ૧,૧૦,૪૦૦ | સાધનોની ખરીદી | ૧,૦૩,૦૫૦ |
| મળેલ પ્રવેશ ફી | ૯,૦૦૦ | કરવેરા અને વીમો | ૮,૫૫૦ |
| લેબોરેટરી ની આવક | ૩૦,૦૦૦ | ચેરીટીશોનો ખર્ચ | ૩૬,૬૦૦ |
| રોકાણ પર વ્યાજ | ૫,૪૦૦ | સમારકામ ખર્ચ | ૧૫,૬૦૦ |
| હોલ નું ભાડુ | ૧૬,૮૦૦ | ૧૦% સરકારી જમીનગીરમાં રોકાણ | ૧,૨૦,૦૦૦ |
| | | મેડીકલ એસોસિએશનમાં ફાળો | ૭,૨૦૦ |
| | | વર્તમાનપત્રોનું લવાજમ | ૫,૮૫૦ |
| | | લેબોરેટરી ખર્ચ | ૨૧,૬૦૦ |
| | | આખર સિલક (રોકડ) | ૬,૦૦૦ |
| | | આખર બેંક સિલક | ૧,૧૪,૫૦૦ |
| | **૬,૪૫,૬૦૦** | | **૬,૪૫,૬૦૦** |

**વિદ્યાનગર હોસ્પિટલનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું**

ઉ. જ.

| ખર્ચા | ₹ | ઉપજ | ₹ |
|---|---|---|---|
| ડોકટરનું માનદ વેતન | ૬૦,૦૦૦ | દર્દીઓ પાસેથી મળેલ ફી | ૯૦,૦૦૦ |
| અન્ય સ્ટાફનો પગાર ૩૬,૦૦૦ | | સભ્યોનું વાર્ષિક લવાજમ ૧,૧૦,૪૦૦ | |
| + ચુ. બાકી પગાર ૨,૪૦૦ | ૩૮,૪૦૦ | + મળવાનુ બાકી ૬,૬૦૦ | ૧,૧૭,૦૦૦ |
| દવાનો વપરાશઃ | | ચેરીટી શો ની આવક | ૭૯,૫૦૦ |
| શરૂનો સ્ટોક ૬,૦૦૦ | | પ્રવેશ ફી (૫૦% મૂડીકૃત) | ૩,૬૦૦ |
| + ખરીદી ૯૦,૦૦૦ | | લેબોરેટરીની આવક | ૩૦,૦૦૦ |
| ૯૬,૦૦૦ | | રોકાણો પરનું વ્યાજ | ૫,૪૦૦ |

| | | | |
|---|---|---|---|
| - આખરનો સ્ટોક ૯,૬૦૦ | ૮૬,૪૦૦ | હોલનું ભાડુ ૧૬,૮૦૦ | |
| ટેલિફોન ખર્ચ | ૧૦,૨૦૦ | + મળવાનુ બાકી ૪,૮૦૦ | ૨૧,૬૦૦ |
| કરવેરા અને વીમો | ૮,૫૫૦ | | |
| લેબોરેટરી ખર્ચ | ૨૧,૬૦૦ | | |
| ચેરીટી શો નો ખર્ચ | ૩૬,૬૦૦ | | |
| સમારકામ ખર્ચ | ૧૫,૬૦૦ | | |
| મેડીકલ એસોસિએશન માં ફાળો | ૭,૨૦૦ | | |
| વર્તમાનપત્રોનું લવાજમ | ૫,૮૫૦ | | |
| ઉપજનો ખર્ચ કરતા વધારો | ૫૬,૭૦૦ | | |
| | ૩,૪૭,૧૦૦ | | ૩,૪૭,૧૦૦ |

## ૮.૧૭ પાકું સરવૈયું

જેમ વેપારી સંસ્થા પાકું સરવૈયું તૈયાર કરે છે તેમ બિન વેપારી સંસ્થા પણ પોતાની આર્થિક પરિસ્થિતિ જાણવા માટે પાકું સરવૈયું તૈયાર કરે છે. આ પાકું સરવૈયું વેપારી સંસ્થાના પાકા સરવૈયા જેવુ જ હોય છે. તેમાં ડાબી બાજુ જવાબદારીઓ (મૂડી-દેવા) અને જમણી બાજુ મિલકતો (મિલ્કત-લેણાં) દર્શાવવામાં આવે છે. જવાબદારીઓ બાજુ મૂડી ફંડ કે મૂડીભંડોળમાં ઉપજનો વધારો ઉમેરવામાં આવે છે અને ખર્ચનો વધારો બાદ કરવામાં આવે છે. સામાન્ય રીતે એવી પ્રચલિત પધ્ધતિ પ્રમાણે વારસો, પ્રવેશ ફી (સુચના મુજબ), આજીવન સભ્ય ફી વગેરે મૂડીકૃત કરવામાં આવે છે. મૂડીકૃત ઉપરાંત અન્ય ખાસ ફંડ કોઇ ચોક્કસ હેતુ માટે ઉભુ કરવામાં આવે છે. અને તેને અલગ દર્શાવવામાં આવે છે. દા.ત. મકાન બાંધકામ ફંડ, રમત-ગમત ફંડ વગેરે. ઘણીવાર પાકું સરવૈયું વર્ષની શરૂઆતમાં બનાવવુ જરૂરી બની જાય છે કેમકે મૂડીફંડ કે મૂડીભંડોળની રકમ આપેલ હોતી નથી.

**પાકા સરવૈયાનો નમૂનો**

**------------ નું તા. ---------- નો રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| મૂડી ભંડોળઃ | | રોકડ સિલક | .......... |
| શરૂની બાકી .......... | | બેંક સિલક | .......... |
| + ઉપજનો વધારો .......... | | અગાઉથી ચુકવેલ ખર્ચ | .......... |
| અથવા | | મળવાની બાકી આવકો | .......... |
| - ખર્ચનો વધારો .......... | | | |
| + મૂડીકૃત કરેલ આવકઃ | | સ્ટોકઃ | |
| વારસો .......... | | શરૂની બાકી .......... | |
| આજીવન સભ્યફી .......... | | + વર્ષ દરમિયાન ખરીદી .......... | |
| પ્રવેશ ફી .......... | .......... | .......... | |
| ખાસ દાનઃ | | - વર્ષ દરમિયાન વપરાશ .......... | |
| શરૂની બાકી .......... | | - વર્ષ દરમિયાન વેચાણ .......... | .......... |
| + વર્ષ દરમિયાન મળેલ.......... | | | |
| + આ. દાનની રકમ પર | | અન્ય મિલકતો | .......... |
| મળેલ વ્યાજ .......... | | | |
| - ખર્ચ કરેલ રકમ .......... | .......... | | |
| લેણદારો | .......... | | |
| બેંક ઓવરડ્રાફ્ટ | .......... | | |

| | | | |
|---|---|---|---|
| ચુકવવાના બાકી ખર્ચ<br>અગાઉથી મળેલ આવકો | ..........<br>.......... | | |
| | .......... | | .......... |

**ઉદાહરણ ૫.** નીચે દર્શાવેલ માહિતી ને તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષ ના ઉપજ-ખર્ચ ખાતામાં અને તે દિવસના પાકા સરવૈયામાં દર્શાવો. ૨૦૧૭-૧૮ના વર્ષનું મળેલું લવાજમ ₹ ૭,૫૦,૦૦૦.

| વિગત | તા. ૦૧-૦૪-૨૦૧૭ (₹) | તા. ૩૧-૦૩-૨૦૧૮ (₹) |
|---|---|---|
| લવાજમ મળવાનું બાકી | ૮૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| અગાઉથી મળેલ લવાજમ | ૭૫,૦૦૦ | ૫૦,૦૦૦ |

**જવાબઃ**

**તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું (આંશિક) ઉપજ-ખર્ચ ખાતું**

**ઉ.** **જ.**

| ખર્ચા | ₹ | ઉપજ | ₹ |
|---|---|---|---|
| | | મળેલ લવાજમ ૭,૫૦,૦૦૦<br>+ મ. બાકી (૨૦૧૮) ૪૦,૦૦૦<br>+ અ. મળેલ (૨૦૧૭) ૪૫,૦૦૦<br>૮,૩૫,૦૦૦<br>- અ. મળેલ (૨૦૧૮) ૫૦,૦૦૦<br>- મ. બાકી (૨૦૧૭) ૮૦,૦૦૦ | ૭,૦૫,૦૦૦ |

**તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું (આંશિક) પાકું સરવૈયું**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| અગાઉથી મળેલ લવાજમ | ૫૦,૦૦૦ | મળવાનુ બાકી લવાજમ | ૪૦,૦૦૦ |

**ઉદાહરણ ૬.** નીચે જણાવેલ વિગતો તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા ઉપજ-ખર્ચ ખાતામાં દર્શાવો.

તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું

**ઉ.** **જ.**

| આવક | ₹ | જાવક | ₹ |
|---|---|---|---|
| લવાજમઃ<br>૨૦૬-૧૭ઃ ૧,૪૦૦<br>૨૦૧૭-૧૮ઃ ૧,૨૦,૦૦૦<br>૨૦૮-૧૯ઃ ૧,૭૦૦ | ૧,૨૩,૧૦૦ | કરવેરા અને વીમો<br>પગાર<br>સ્ટેશનરી ખર્ચ | ૯,૬૦૦<br>૫૦,૬૦૦<br>૩,૫૦૦ |

**નોંધ** (૧) પગાર બાકીઃ

૨૦૧૬-૧૭ઃ ₹ ૧૧,૬૦૦

૨૦૧૭-૧૮ઃ ₹ ૮,૪૦૦

(૨) સ્ટેશનરીનો શરૂનો સ્ટોક ₹ ૧,૧૨૦ અને આખરનો સ્ટોક ₹૧,૪૮૦.

જવાબઃ

તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું આંશિક ઉપજ-ખર્ચ ખાતું

ઉ. જ.

| ખર્ચ | | ₹ | ઉપજ | ₹ |
|---|---|---|---|---|
| પગાર | ૫૦,૬૦૦ | | લવાજમ | ૧,૨૦,૦૦૦ |
| + ચૂ. બાકી | ૮,૪૦૦ | | | |
| | ૫૯,૦૦૦ | | | |
| - અ. ચૂકવેલ | ૧૧,૬૦૦ | ૪૭,૪૦૦ | | |
| સ્ટેશનરી વપરાશઃ | | | | |
| શરૂઆતનો સ્ટોક | ૧,૧૨૦ | | | |
| + ખરીદી | ૩,૫૦૦ | | | |
| | ૪,૬૨૦ | | | |
| - આખરનો સ્ટોક | ૧,૪૮૦ | ૩,૧૪૦ | | |
| કરવેરા અને વીમો | | ૯,૬૦૦ | | |

**ઉદાહરણ ૭.** તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજની નીચેની બાકીઓ બરોડા ક્રિકેટ ક્લબના પાકા સરવૈયામાં દર્શાવો.

| ખાતાની બાકીઓ | ₹ | ખાતાની બાકીઓ | ₹ |
|---|---|---|---|
| મેચ ફંડ | ૨૦,૦૦૦ | મેચ ફંડના રોકાણો પરનું વ્યાજ | ૨,૪૨૫ |
| મેચ ફંડના રોકાણો | ૨૫,૦૦૦ | મેચ ફંડ માટે મળેલ દાન | ૧૦,૫૦૦ |
| મેચ વિજેતાઓને ઇનામની વહેંચણી | ૩,૩૫૦ | કાયમી ફંડ | ૬૨,૫૦૦ |
| મેચ અંગે ખર્ચ | ૪,૫૭૫ | કાયમી ફંડના રોકાણો | ૬૨,૫૦૦ |

જવાબઃ

બરોડા ક્રિકેટ ક્લબનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજનું (આંશિક) પાકું સરવૈયું

| જવાબદારીઓ | | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|---|
| કાયમી ફંડઃ | | ૬૨,૫૦૦ | કાયમી ફંડના રોકાણો | ૬૨,૫૦૦ |
| મેચ ફંડ | ૨૦,૦૦૦ | | મેચ ફંડના રોકાણો | ૨૫,૦૦૦ |
| + મેચ ફંડના રોકાણો | | | | |
| ના વ્યાજની આવક | ૨,૪૨૫ | | | |
| + મેચ ફંડ માટે મળેલ દાન | ૧૦,૫૦૦ | | | |
| | ૩૨,૯૨૫ | | | |
| - મેચ વિજેતાને | | | | |
| ઇનામ વહેંચણી | ૩,૩૫૦ | | | |
| - મેચ અંગે ખર્ચ | ૪,૫૭૫ | ૨૫,૦૦૦ | | |

**ઉદાહરણ ૮.** કાનપુર જીમખાના ક્લબના ૧,૫૦૦ સભ્યો છે. જે વાર્ષિક ₹ ૪,૦૦૦ લવાજમ ભરે છે. વર્ષ ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ૨૦૦ સભ્યોએ વર્ષ ૨૦૧૭-૧૮ ના વર્ષનું લવાજમ ભરેલ. વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષનું મળવાનું બાકી લવાજમ ₹ ૧,૨૦,૦૦૦ હતું. ચાલુ વર્ષના ₹ ૪,૫૦,૦૦૦ મળ્યા હતા. તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું તૈયાર કરો.

જવાબ:

તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું કાનપુર જીમખાનાનું (આંશિક) ઉપજ-ખર્ચ ખાતું

ઉ. જ.

| ખર્ચ | ₹ | ઉપજ | ₹ |
|---|---|---|---|
| | | લવાજમ (૨૦૧૭-૧૮) ૪,૫૦,૦૦૦<br>+ ગયા વર્ષે ચાલુ વર્ષનું મળેલ<br>(૨૦૦ × ૪૦૦૦) ૮૦,૦૦૦<br>+ ચા. વ. મ. બાકી ૭૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ |

**ઉદાહરણ ૯.** નીચે આપેલ રાજકોટ ક્રિકેટ ક્લબના આવક-જાવક ખાતાની મદદથી ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું અને ૩૧-૦૩-૨૦૧૮ના રોજનું પાકુ સરવૈયુ તૈયાર કરો.

રાજકોટ ક્રિકેટ ક્લબનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું

ઉ. જ.

| આવક | ₹ | જાવક | ₹ |
|---|---|---|---|
| શરૂઆતની રોકડ સિલક | ૧૮,૦૦૦ | શરૂની બાકી - બેંક ઓવરડ્રાફ્ટ | ૧૬,૦૦૦ |
| સભ્યોનું લવાજમ | ૨,૫૦,૦૦૦ | ગ્રાઉન્ડ અને પેવેલીયનના મરામત ખર્ચ | ૧,૧૫,૦૦૦ |
| પ્રવેશ ફી | ૧૫,૦૦૦ | | |
| રમત-ગમતના સાધનોનું વેચાણ | ૨,૫૦૦ | ટુર્નામેન્ટ ખર્ચ | ૪૦,૦૦૦ |
| ગ્રાઉન્ડનું ભાડુ | ૨૮,૦૦૦ | ભાડુ અને વીમો | ૧૦,૦૦૦ |
| ટુર્નામેન્ટનું લવાજમ | ૬૦,૦૦૦ | ટેલિફોન ખર્ચ | ૩,૫૦૦ |
| આજીવન સભ્ય ફી | ૨૦,૦૦૦ | તાર-ટપાલ ખર્ચ | ૪,૦૦૦ |
| સખાવત (દાન) | ૬,૦૦,૦૦૦ | અન્ય પરચૂરણ ખર્ચ | ૪,૪૦૦ |
| | | સ્ટેશનરી અને છપામણી | ૨૬,૦૦૦ |
| | | મંત્રીને માનદ વેતન | ૩૨,૬૦૦ |
| | | રોકાણો | ૬,૦૦,૦૦૦ |
| | | રમત-ગમતના સાધનોની ખરીદી | ૬૮,૦૦૦ |
| | | આખરની રોકડ સિલક | ૭૪,૦૦૦ |
| | ૯,૯૩,૫૦૦ | | ૯,૯૩,૫૦૦ |

વર્ષની શરૂઆતમાં મિલકતોની બાકી નીચે મુજબ હતી

(૧) મેદાન - ₹ ૫,૦૦,૦૦૦ (૨) હાથ પર રોકડ - ₹ ૧૮,૦૦૦

(૩) રમત-ગમતના સાધનો - ₹ ૮૫,૦૦૦ (૪) સ્ટેશનરી અને છપામણી - ₹ ૧૧,૦૦૦

(૫) મળેલ લવાજમ - ₹ ૨૮,૦૦૦

દાન અને ઉપજો ટુર્નામેન્ટની હોય તો તે પેવેલીયન માટે અનામત રાખવી. મળવાપાત્ર લવાજમ તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું ₹ ૨,૦૦૦. ૫૦% રમત-ગમતના સાધનો અને ૩૦% સ્ટેશનરી અને છપામણી માંડી વાળો.

જવાબઃ

**રાજકોટ ક્રિકેટ ક્લબનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતી વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું**

ઉ. જ.

| ખર્ચા | | ₹ | ઉપજ | | ₹ |
|---|---|---|---|---|---|
| મકાન અને પેવેલિયનના મરામતનો ખર્ચ | | ૧,૧૫,૦૦૦ | લવાજમ | ૨,૫૦,૦૦૦ | |
| ભાડુ અને વીમો | | ૧૦,૦૦૦ | + મ. બાકી | ૪૨,૦૦૦ | |
| ટેલિફોન ખર્ચ | | ૩,૫૦૦ | | ૨,૯૨,૦૦૦ | |
| તાર-ટપાલ ખર્ચ | | ૪,૦૦૦ | - અ. મળેલ | ૨૮,૦૦૦ | ૨,૬૪,૦૦૦ |
| અન્ય પરચૂરણ ખર્ચ | | ૪,૪૦૦ | પ્રવેશ ફી | | ૧,૫૦૦ |
| સ્ટેશનરી અને છપામણીનો વપરાશઃ | | | રમત-ગમતના સાધનોનું વેચાણ | | ૨,૫૦૦ |
| શરૂઆતી બાકી | ૧૧,૦૦૦ | | હોલનું ભાડુ | | ૨૮,૦૦૦ |
| + વર્ષ દરમિયાન ખરીદી | ૨૬,૦૦૦ | | | | |
| | ૩૭,૦૦૦ | | | | |
| - ૭૦% આખર સ્ટોક | ૨૫,૯૦૦ | ૧૧,૧૦૦ | | | |
| મંત્રીનુ માનદ વેતન | | ૩૨,૬૦૦ | | | |
| રમત-ગમતના સાધનોનો વપરાશઃ | | | | | |
| શરૂઆતની બાકી | ૮૫,૦૦૦ | | | | |
| + ખરીદી | ૬૮,૦૦૦ | | | | |
| | ૧,૫૩,૦૦૦ | | | | |
| - આખરની બાકી | ૭૬,૫૦૦ | ૭૬,૫૦૦ | | | |
| ઉપજનો ખર્ચ કરતાં વધારો | | ૫૨,૪૦૦ | | | |
| | | **૩,૦૯,૫૦૦** | | | **૩,૦૯,૫૦૦** |

**નોંધઃ** મૂડી ભંડોળની શરૂઆતની બાકી આપેલ નથી તો તે શરૂઆતનું પાકું સરવૈયું બનાવી શોધી શકાશે.

**રાજકોટ ક્રિકેટ ક્લબનું તા. ૩૧-૦૩-૨૦૧૭ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| બેંક ઓવર ડ્રાફ્ટ | ૧૬,૦૦૦ | રોકડ સિલક | ૧૮,૦૦૦ |
| | | મ. બાકી લવાજમ | ૨૮,૦૦૦ |
| | | રમત-ગમતના સાધનો નો સ્ટોક | ૮૫,૦૦૦ |
| મૂડી ભંડોળ/ મૂડી ફંડ (?) | ૬,૨૬,૦૦૦ | સ્ટેશનરી અને છપામણી ખર્ચ | ૧૧,૦૦૦ |
| | | રમતગમતનું મેદાન | ૫,૦૦,૦૦૦ |
| | **૬,૪૨,૦૦૦** | | **૬,૪૨,૦૦૦** |

**રાજકોટ ક્રિકેટ ક્લબનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|---|
| મૂડી ભંડોળ | ૬,૨૬,૦૦૦ | | હાથ પર રોકડ | ૭૪,૦૦૦ |
| + ઉપજનો વધારો | ૫૨,૪૦૦ | | મળવાનુ બાકી લવાજમ | ૪૨,૦૦૦ |
| | ૬,૭૮,૪૦૦ | | રમત-ગમતના સાધનોનો આ. સ્ટોક | ૭૬,૫૦૦ |
| + આ. સભ્ય ફી | ૨૦,૦૦૦ | ૬,૯૮,૪૦૦ | સ્ટેશનરી અને છપામણીનો | ૨૫,૯૦૦ |
| | | | આ. સ્ટોક | |

| | | | |
|---|---|---|---|
| પેવેલિયન ફંડઃ<br>ટુર્નામેન્ટનો આવકનો<br>વધારો ૨૦,૦૦૦<br>+ દાન ૬,૦૦,૦૦૦ | ૬,૨૦,૦૦૦ | રોકાણો<br>રમત-ગમતનું મેદાન | ૬,૦૦,૦૦૦<br>૫,૦૦,૦૦૦ |
| | ૧૩,૧૮,૪૦૦ | | ૧૩,૧૮,૪૦૦ |

**ઉદાહરણ ૧૦.** તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષના એક મંડળના આવક-જાવક ખાતા અને અન્ય માહિતી પરથી મંડળનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું તથા તે દિવસનું પાકુ સરવૈયુ તૈયાર કરો.

**એક મંડળનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું**

**ઉ.** **જ.**

| આવક | ₹ | જાવક | ₹ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યાઃ | | પગાર | ૨૯,૪૦૦ |
| રોકડ સિલક | ૭,૦૦૦ | સ્ટેશનરી-પ્રિન્ટીંગ | ૪,૯૦૦ |
| બેંક સિલક | ૧૪,૦૦૦ | વીમો-કરવેરા | ૨,૮૦૦ |
| મળેલ લવાજમ | ૪૯,૦૦૦ | વર્તમાનપત્રોનું લવાજમ | ૪,૨૦૦ |
| હોલનું ભાડુ | ૧૪,૦૦૦ | મરામત ખર્ચ | ૩,૫૦૦ |
| મળેલ વ્યાજ | ૧૦,૫૦૦ | રોકાણોની ખરીદી | ૧૯,૬૦૦ |
| પસ્તીનું વેચાણ | ૧,૪૦૦ | પુસ્તકોની ખરીદી | ૩૫,૦૦૦ |
| મળેલ દાન | ૩,૫૦૦ | બાકી અગળ લઇ ગયાઃ | |
| જુના ફર્નિચરનું વેચાણ | ૫,૬૦૦ | રોકડ સિલક | ૧૩,૩૦૦ |
| (ચો. કિ. ૭,૦૦૦) | | બેંક સિલક | ૨૩,૮૦૦ |
| | ૧,૩૬,૫૦૦ | | ૧,૩૬,૫૦૦ |

અન્ય માહિતીઃ

(૧) તા. ૦૧-૦૪-૨૦૧૭ના રોજ બાકીઓ:
મકાન - ₹ ૨,૧૦,૦૦૦ ફર્નિચર - ₹ ૨૮,૦૦૦
પુસ્તકો - ₹ ૭૦,૦૦૦ રોકાણો - ₹ ૨,૮૦,૦૦૦
લવાજમ મળવાનુ બાકી - ₹ ૭,૦૦૦ કાયમી ફંડ - ₹ ૬,૧૬,૦૦૦

(૨) લવાજમમાં વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ માટે મળેલ લવાજમ ₹ ૩,૫૦૦ નો સમાવેશ થાય છે.

(૩) ૨૦૧૭-૧૮ના વર્ષ માટે મળવાનું બાકી લવાજમ ₹ ૪,૯૦૦ છે.

(૪) રોકાણો પર મળવાનું બાકી વ્યાજ ₹ ૩,૫૦૦.

(૫) પગાર ચુકવવાનો બાકી ₹ ૪,૨૦૦.

(૬) તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ સ્ટેશનરી સ્ટોક ₹ ૭ ૦૦.

(૭) મકાન, ફર્નિચર તથા પુસ્તકોની આખરની બાકી પર ૧૦% લેખે ઘસારો ગણો.

જવાબઃ

## એક મંડળનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું

ઉ. ‌‌‌‌ જ.

| ખર્ચ | | ₹ | ઉપજ | | ₹ |
|---|---|---|---|---|---|
| પગાર | ૨૯,૪૦૦ | | લવાજમ | ૪૯,૦૦૦ | |
| + ચૂ. બાકી | ૪,૨૦૦ | ૩૩,૬૦૦ | + ચા. મ. બાકી | ૪,૯૦૦ | |
| સ્ટેશનરી-પ્રિન્ટીંગ | ૪,૯૦૦ | | | ૫૩,૯૦૦ | |
| - સ્ટેશનરી સ્ટોક | ૭૦૦ | ૪,૨૦૦ | - ગયા વર્ષનુ મળેલ | ૭,૦૦૦ | |
| વીમો-કરવેરા | | ૨,૮૦૦ | - અગાઉથી મળેલ | ૩,૫૦૦ | ૪૩,૪૦૦ |
| વર્તમાનપત્રોનું લવાજમ | | ૪,૨૦૦ | હોલનું ભાડુ | | ૧૪,૦૦૦ |
| મરામત ખર્ચ | | ૩,૫૦૦ | મળેલ વ્યાજ | ૧૦,૫૦૦ | |
| ફર્નિચર વેચાણની ખોટ | | ૧,૪૦૦ | + મ. બાકી | ૩,૫૦૦ | ૧૪,૦૦૦ |
| ઘસારોઃ | | | પસ્તીનું વેચાણ | | ૧૪૦૦ |
| મકાન | ૨૧,૦૦૦ | | | | |
| ફર્નિચર | ૨,૧૦૦ | | ખર્ચનો ઉપજ કરતા વધારો | | ૧૦,૫૦૦ |
| પુસ્તકો | ૧૦,૫૦૦ | ૩૩,૬૦૦ | | | |
| | | ૮૩,૩૦૦ | | | ૮૩,૩૦૦ |

## એક મંડળનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | | ₹ | મિલકતો | | ₹ |
|---|---|---|---|---|---|
| કાયમી ફંડ | ૬,૧૬,૦૦૦ | | મકાન | ૨,૧૦,૦૦૦ | |
| + મળેલ દાન | ૩૫,૦૦૦ | | - ઘસારો | ૨૧,૦૦૦ | ૧,૮૯,૦૦૦ |
| | ૬,૫૧,૦૦૦ | | ફર્નિચર | ૨૮,૦૦૦ | |
| + ખર્ચનો વધારો | ૧૦,૫૦૦ | ૬,૪૦,૫૦૦ | - વેચાણ | ૭,૦૦૦ | |
| | | | | ૨૧,૦૦૦ | |
| અગાઉથી મળેલ લવાજમ | | ૩,૫૦૦ | - ઘસારો | ૨,૧૦૦ | ૧૮,૯૦૦ |
| ચૂકવવાનો બાકી પગાર | | ૪,૨૦૦ | પુસ્તકો | ૭૦,૦૦૦ | |
| | | | + ખરીદી | ૩૫,૦૦૦ | |
| | | | | ૧,૦૫,૦૦૦ | |
| | | | - ઘસારો | ૧૦,૫૦૦ | ૯૪,૫૦૦ |
| | | | રોકાણો | ૨,૮૦,૦૦૦ | |
| | | | + ખરીદી | ૧૦,૫૦૦ | ૨,૯૯,૬૦૦ |
| | | | મળવાનું બાકી લવાજમ | | ૪,૯૦૦ |
| | | | મળવાનુ બાકી વ્યાજ | | ૩,૫૦૦ |
| | | | સ્ટેશનરી સ્ટોક | | ૭૦૦ |
| | | | રોકડ સિલક | | ૧૩,૩૦૦ |
| | | | બેંક સિલક | | ૨૩,૮૦૦ |
| | | ૬,૪૮,૨૦૦ | | | ૬,૪૮,૨૦૦ |

**ઉદાહરણ ૧૧.** વિનોદ સ્પોર્ટસ ક્લબની નીચેની માહિતી પરથી તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું અને તે તારીખનું પાકુ સરવૈયુ બનાવો.

**તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું**

**ઉ.** **જ.**

| આવક | | ₹ | જાવક | ₹ |
|---|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | | | પગાર | ૬૫,૦૦૦ |
| બેંક સિલક | | ૩૫,૦૦૦ | ભાડુ - કરવેરા | ૯,૦૦૦ |
| લવાજમઃ | | | સ્ટેશનરીની ખરીદી | ૪,૫૦૦ |
| ૨૦૧૬-૧૭ | ૯૦૦ | | રમત-ગમતના સાધનોની ખરીદી | |
| ૨૦૧૭-૧૮ | ૮૭,૦૦૦ | | (૦૧-૦૧-૨૦૧૮) | ૩૦,૦૦૦ |
| ૨૦૧૮-૧૯ | ૬,૦૦૦ | ૮૮,૫૨૦ | પરચૂરણ ખર્ચ | ૧૨,૦૦૦ |
| મનોરંજન કાર્યક્રમની આવક | | ૨૦,૦૦૦ | ૧૨%ની બેંક ડીપોઝીટ | |
| ૧૨%ના રોકાણો પર વ્યાજ | | | (૦૧-૦૧-૨૦૧૮) | ૨૫,૦૦૦ |
| (આખા વર્ષનું) | | ૬,૦૦૦ | મનોરંજન કાર્યક્રમનો ખર્ચ | ૧૦,૬૦૦ |
| દાન | | ૧૦,૦૦૦ | બા. આ. લઈ ગયા - બેંક સિલક | ૬,૦૦૦ |
| પ્રવેશ ફી | | ૨,૦૦૦ | | |
| પસ્તીનું વેચાણ | | ૬,૦૦૦ | | |
| | | **૧,૬૨,૧૦૦** | | **૧,૬૨,૧૦૦** |

વધારાની માહિતીઃ

(૧) ક્લબના કુલ ૩૦૦ સભ્યો છે. જે દરેક વાર્ષિક ₹ ૩૦૦ લવાજમ આપે છે.

(૨) શરૂઆતનું મૂડી ભંડોળ ₹ ૧,૩૧,૪૦૦.

(૩) ચુકવવાનો બાકી પગાર : તા. ૩૧-૦૩-૨૦૧૭ના રોજ ₹ ૫,૦૦૦
તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ ₹ ૭,૫૦૦

(૪) સ્ટેશનરીનો શરૂઆતનો સ્ટોક ₹ ૫૦૦ હતો જ્યારે આખરનો સ્ટોક ₹ ૭૫૦ હતો.

(૫) તા. ૦૧-૦૪-૨૦૧૭ના રોજ રમત-ગમતના સાધનો ₹ ૫૦,૦૦૦ ના હતા. જ્યારે તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ તેની કિંમત ₹ ૭૦,૦૦૦ હતી.

જવાબઃ

**નોંધઃ**

(૧) રમત-ગમતના સાધનોનો ઘસારોઃ

| | | |
|---|---|---|
| સાધનોની શરૂઆતની બાકી | - | ₹૫૦,૦૦૦ |
| + ખરીદી | - | ₹30,000 |
| | | ₹૮૦,૦૦૦ |
| - આખરની બાકી | - | ₹૭૦,૦૦૦ |
| ઘસારો | - | ₹૧૦,૦૦૦ |

**નોંધઃ**

(૨) રોકાણોનું વ્યાજઃ

₹ ૨૫,૦૦૦ × ૩/૧૨ × ૧૨/૧૦૦
= ₹ ૭૫૦ બાકી

**વિનોદ સ્પોર્ટસ ક્લબનું તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું**

**ઉ.** **જ.**

| ખર્ચા | | ₹ | ઉપજ | | ₹ |
|---|---|---|---|---|---|
| પગાર | ૬૫,૦૦૦ | | લવાજમ | ૮૭,૦૦૦ | |
| - ગ. વર્ષનો ચુ. બાકી | ૫,૦૦૦ | | + મળવાનું બાકી | ૩,૦૦૦ | ૯૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
